गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૮૮૫૩ वर्गांक

पुस्तकनुं नाम સૌંદર્ય વિજ્ઞા

विषय ૯૧૧૧:૨

સૌન્દર્ય વિજય

અથવા

સતરમી સદીનું ઈંગ્લંડ.

ભાગ ૪-૫ મો.

(જ્યોર્જ વિલિયમ રેનોલ્ડ્સ વિરચિત
The Rye House Plot પરથી:)

લેખક:

સાકરલાલ મગનલાલ કાપડિયા. (મધુકર)

૩૧ અનન્તવાડી,

મુંબઈ—નં—૨.

પ્રકાશક:

ગોવિંદરાવ મહાદેવ જાગુષ્ટે,

ત્રણ દરવાજા અમદાવાદ.

સોલ એજંટ:

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા:—અમદાવાદ.

કિમ્મત ૪-૮-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

સર્વ હક્ક પ્રકાશકે સ્વાધીન રાખ્યા છે.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

રા. મધુકર વિરચિત નવલકથાઓ.

૧	કમનસિબ લીલા ભા. ૧. (સામાજિક)	રૂ. ૧-૧૨
૨	કમનસિબ લીલા ભા. ૨ (સામાજિક)	રૂ. ૨-૦
૩	મધુર મિલન (પ્રેમકથા)	રૂ. ૧-૧૨
૪	કલંકિત કાઉન્ટેસ. (ડિટેક્ટીવ)	રૂ. ૨-૮
૫	સૌન્દર્ય વિજય ભા. ૧.	રૂ. ૨-૦
૬	સૌન્દર્ય વિજય ભા. ૨.	રૂ. ૨-૦
૭	સૌન્દર્ય વિજય ભા. ૩.	રૂ. ૨-૦
૮	સૌન્દર્ય વિજય ભા. ૪.	રૂ. ૪-૮
૯	આનન્દઝરણાં (કથાગુચ્છ)	રૂ. ૨-૪
૧૦	રત્નમન્દિર (પ્રેમકથા)	છપાય છે.
૧૧	ગોરા (ટાગોર)	છપાય છે.
૧૨	બુલબુલ (ઐતિહાસિક)	છપાય છે.

મળવાનાં ઠેકાણાં:—

એસ. એમ. કાપડિયા.
૩૧ અનંતવાડી મુંબઇ-૨.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.
સલાપોસરોડ—અમદાવાદ.



શ્રીયુત્ જયાશંકર મુળશંકર જોશી

લક્ષ્મી આર્ટ, મુંબઈ

અર્પણ પત્રિકા.

ભાઇ જયાશંકર મૂળશંકર જોશી:

પંચાયતનવાડી, મુંબઇ, નં. ૨.

તમે આપબલે ગરિબીને લાત મારી સાધન સંપન્ન
થયા છો, પ્રારંભથીજ સ્વાત્માભિમાની અને સાહિત્ય
વિલાસી છો, મ્હારા પ્રત્યે અસીમ સ્નેહભરી
લાગણી ચાલુ રાખતા આવ્યા છો અને
રાખો છો તેથી આપણી મૈત્રીના અમર
સ્મરણ રૂપે આ નવલકથા—"સૌંદર્ય
વિજય અથવા સત્તરમી સદીનું
ઈંગ્લંડ—" તમને સસ્નેહ
અર્પણ કરૂં છું.

મધુકર.

નિવેદન.

જગત્ પ્રસિદ્ધ આંગ્લ નવલકથાકાર સ્વર્ગસ્થ જ્યોર્જ ડબલ્યુ. એમ. રેનોલ્ડસ વિરચીત નવલકથાઓ એટલી બધી ચિત્તાકર્ષક, રસપૂર્ણ તથા બોધક છે કે જે જો ગુજરાતી ભાષામાં અનુવાદિત થાય તો ગુર્જર સાહિત્ય સમૃદ્ધ થાય એવી મ્હારી માન્યતા હોવાથી એ અદ્વિતીય નવલકથાકારનાં એકેએક પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરાવી તે પ્રકટ કરવાનું મ્હેં ગુજરાતી આલમને પૂર્વે જણાવેલું હતું અને અત્યાર સુધીમાં ગુજરાતના સુવિખ્યાત લેખકો પાસે કેટલાંક પુસ્તકો લખાવી મ્હેં પ્રકટ કરી દીધાં છે તે સાહિત્યની દુનિયાથી અજ્ઞાત નહિ હોય.

ગુજરાતના સમર્થ લેખક શ્રીયુત્ નારાયણ વિસનજી ચતુર્ભુજે ભયંકર ભદ્ર અથવા કેવળ ચોવીસ વર્ષના ક્ષણભંગુર દેહ માટે નામક કથા રેનોલ્ડસના Faust પરથી લખી છે: અને તેના બે ભાગ પ્રસિદ્ધ થઇ ચુકયા છે. Bronze statue મી. ચુનીલાલ વર્ધમાન શાહની પુખ્ત કલમથી 'પિશાચ મંદિર' નામે બે ભાગમાં પ્રકટ થયું છે.

વળી કિશોરસિંહ કિંવા દુઃખનો પ્હાડ સ્વ. ત્ર્યંબકલાલ જીવરાજ જોશીએ કેનેથ ઉપરથી ત્રણ ભાગમાં પૂરી કરી છે.

તેમજ ગયા ડિસેમ્બર માસથી ગુજરાતના ઉગતા નવલકથાકાર રા. મધુકરને Rye House Plot નું ભાષાન્તર કરવાનું કામ મ્હેં સ્વાધિન કર્યું હતું. અને "સૌન્દર્ય વિજય અથવા સત્તરમી સદીનું ઇંગ્લંડ" એ શિર્ષક નીચે ચાર ભાગમાં એ બૃહત નવલકથા બહાર પડી ગઇ છે. મૂલ લેખક મા. રેનોલ્ડસની અદ્ભૂત વર્ણનશક્તિ ગુજરાતીમાં ઉતારવાનું કામ અતિ કઠીન છે. છતાં લેખકે એ કથાને રસમય બનાવવાને સંતોષકારક પ્રયત્ન કર્યો છે એમ મ્હને લાગે છે.

માસએકર ઑફ ગ્લેનશો, રૉબર્ટ મૅકકૅઅર, સીમસ્ટ્રેસ, પોપ જોન, મેરીસ્ટુઅર્ટ વિગેરે નવલકથાઓના ગુજરાતી અનુવાદ કરવાનું કામ પણ કેટલાક સમર્થ લેખકોને અત્યારપૂર્વે મ્હેં સોંપી દીધું છે અને અલ્પ સમયમાં તે પુસ્તકો પ્રકાશિત થશે એવી હું ગુજરાતી પ્રજાને ખાત્રી આપું છું.

વળી રોઝા લૅમ્બરટ, પ્લેઝર્સ એન્ડ બ્યુટી, મેરી પ્રાઇસ, તથા અન્ય બૃહત નવલકથાઓ પણ મ્હારા તરફથી પ્રકટ કરવાનું મ્હેં જણાવેલું છે અને ક્રમશઃ તે પણ બહાર પડતી રહેશે.

ત્રણ દરવાજા—અમદાવાદ,
તા. ૧—૬—૨૦.

પ્રકાશક.

બે બોલ.

પ્રભુકૃપાએ સૌન્દર્ય વિજયનો ચતુર્થ ભાગ આજે પૂર્ણ થાય છે. આ પુસ્તકમાં મૂલ લેખક સ્વર્ગસ્થ જ્યોર્જ વિલિયમ રેનોલ્ડસની લેખિનીનું અજબ માધુર્ય કેટલે અંશે હું સાચવી શક્યો છું તેનો નિર્ણય કરવાનું કામ ગુજરાતના નિષ્પક્ષપાત ટીકાકારો તથા સહૃદય વાંચકોનું છે. મ્હારી શક્તિ પ્રમાણે આ નવલકથાને સુન્દર, રસિક તથા આકર્ષક બનાવવાનો શક્ય પ્રયાસ કર્યો છે; અને મ્હારાં વ્હાલાં વાંચકોને તે જરાપ આનન્દ આપી શકશે તો હું મ્હારો શ્રમ સફલ થયલો માનીશ.

પ્રુફ સંશોધન સમયે મ્હારી પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી જોડણીની કેટલીક ભૂલો રહી જવા પામી છે તે વાંચકો સુધારીને વાંચી લેશે એવી આશા રાખું છું. આ ચાર ભાગો સંબંધી કોઇ પણ વાંચનારને કંઇ સૂચના કરવાની હોય તો તે મ્હારાપર લખી મોકલવાની કૃપા કરવાથી તે જો યોગ્ય હશે તો તે બીજી આવૃત્તિ વખતે ધ્યાનમાં લઇ, તદનુસાર સુધારો કરી સૂચના કરનારનો આભાર માનવામાં આવશે.

અંતમાં સુપ્રસિદ્ધ નવલકથાકાર મી. રેનોલ્ડસનાં સઘળાં પુસ્તકો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવાનું સાહસ ઉપાડનાર ગુજરાતના સુપ્રસિદ્ધ પ્રકાશક શ્રીયુત્ ગોવિંદરાવ એમ. જાગુષ્ટેનો આ પુસ્તક જલદી પૂરૂં કરવા માટે મને પ્રોત્સાહન આપવા માટે તથા તેમની મ્હારા પ્રત્યેની સ્નેહભીની લાગણી માટે આભાર માની વિરમું છું.

૩૧, અનન્તવાડી,
મુંબાઇ:
તા. ૧–૭–૧૯૨૦.

સાહિત્યસેવક,

સાકરલાલ મ. કાપડીયા.

અનુક્રમણિકા.

સૌન્દર્ય-વિજય

અથવા

સત્તરમી સદીનું ઇંગ્લંડ.

ભાગ ચોથો.

પ્રકરણ ૧ લું.

ક્લૉડીઆ.

જે સમયે સેબીના મેજર લૅમ્બટન સાથે વાત કરતી હતી તેજ સમયે ક્લૉડીઆ કારાગ્રહમાંના એક બીજા ઓરડામાં એક બીજા કેદી સાથે વાત કરવામાં ગુંથાઇ હતી.

આ કેદીનો ઓરડો અને તેની વ્યવસ્થા મેજર લૅમ્બટન તથા લૅારેન્સ લીના ઓરડા જેવીજ હતી; પણ તેમાં પૂરેલા કેદીનો દેખાવ મેજર લૅમ્બટન તથા લૅારેન્સ લીના દેખાવ કરતાં જૂદોજ હતો. લૅારેન્સ ક્રોધિત થયો હતો—ફુલીઆને ધિક્કારથી ધુતકારી કાઢી હતી. મેજર લૅમ્બટને સેબીના સાથે એવાજ આવેશથી કામ લીધું હતું. એ બન્ને કેદીઓના વદનપર નિરાશા, ક્રોધ, ચિંતા અને તિરસ્કારની છાયા વાંચનારે જોઇ હતી: પણ આ કેદી વિચિત્ર જાતનો હતો. તેને આ કેદખાનાની ભયંકર દીવાલો ડરાવી શકતી ન્હોતી. તે શાન્ત બેદરકાર ઢબે જાણે પોતાના ઘરમાંજ બેઠો હોય તેમ તે લોહજડિત પીંજરામાં બેઠો હતો.

જ્યારે ક્લૉડીઆ તેની ઓરડીનું મુખ્ય દ્વાર ઉઘાડી અંદર આવી ત્યારે તેના હાથમાંના લૅમ્પના પ્રકાશમાં તેણે પોતાના કેદીને એક ખુરશીપર બેસી નિરાંતે દારૂ પીતો જોયો. તેના મુખપર ચિંતા કે માંદગીનાં કંઇ પણ ચિન્હો ન્હોતાં. તેનો દેખાવ શાન્ત-બેદરકાર હતો. ગમે તેવી વસ્તુ તેને મળે તેનાથી તે ચલાવી લેતો. ભવિષ્યમાં

જે થવાનું હોય તેને માટે હંમેશાં તૈયાર રહેતો. કશાયની.તેને પરવા હોય એમ જણાતું નહિ; છતાં તેના વદનપર એક જાતની ભયંકર દઢતા હમ્મેશાં જણાતી.

"હું એનું બધું અભિમાન ગાળી નાખીશ—" કલૉડીઆ પોતાના હાથમાંનો લૅમ્પ એક ગોખમાં મૂકી કેદીના ઓરડાની જાળી અને મુખ્ય દ્વારની વચ્ચેની જગ્યામાં પડેલી એક ખુરશીપર બેસતી મનમાં બોલી.

કેદીએ ધીમેથી બેદરકાર ઢબે પોતાની સુન્દર-કાળી આંખો કલૉડીઆ તરફ ફેરવી. એ આંખોમાં અગ્નિ વસતો હતો અને કલૉડીઆની આંખો તરફ જોઇ એ આંખો ડરી જાય એવી ન્હોતી. છતાં તેમાં કોઇ પણ જાતની ખાસ લાગણી કલૉડીઆ જોઇ શકતી ન્હોતી. જાહેર રસ્તાપર કલૉડીઆને તેણે પહેલવહેલી જોઇ હોત તો પણ તે તેના તરફ હમણાં કરતાં વધુ બેદરકારી વ્યક્ત કરી શકત કે કેમ તે શંકાસ્પદ છે. હાથમાંનું દારૂનું પ્યાલું ખાલી કરી, તે ટેબલપર મૂકી દઇ તે ભવ્ય પુરૂષ બેદરકારીથી પોતાની આકર્ષક મુછ સાથે રમત કરવા લાગ્યો. તેનો એકંદર દેખાવ એક હિમ્મતવાન સૈનિક જેવો ભવ્ય લાગતો હતો.

"તમને આ જગ્યા સગવડભરી જણાય છે—" કલૉડીઆએ કહ્યું. તેણે પોતાના કેદીની આવી બેદરકારી ઘણીવાર જોઇ હતી તેથી તે હમણાં તેનાપર ગુસ્સે થઇ નહિ કે તેની બેદરકારીથી તેને આશ્ચર્ય પણ ઉપજ્યું નહિ. છતાં જ્યારે તેણીએ તેના સુદઢ અને આકર્ષક શરીર પર નજર નાખી ત્યારે તેના મનમાં તેની પ્રશંસા કર્યા વિના તેને ચાલ્યું નહિ. આવા ભયંકર સ્થળમાં, ભયંકર સ્થિતિમાં જે શાન્તિ અને ભવ્યતા કેદી જાળવી રહ્યો હતો તે ખરેખર, પ્રશંસાપાત્ર હતી.

"મારે મારી સગવડ માટે કંઇ ફરિયાદ કરવા જેવું હોય એવું મને લાગતું નથી—" તે આમતેમ જોઇ નિશ્ચીત સ્વરે બોલ્યો.

"કારણકે જે ઝેરી સાપ અને અન્ય જનાવરોથી ભરેલી જમીન પર સૂતો હોય તેને તો આ કેદખાનામાંનું બીછાનું છત્રપલંગ જેવું જ જણાય. વળી જેણે નદિના કિનારાપર બેસી, ભયંકર જલચરોનો ભય હોવા છતાં તેમાંનું પાણી પી પોતાની તૃષા મટાડી હોય તેને તમારો આ દારૂ શું ઓછો સ્વાદ આપે એવો છે ? મને અહિં સહેજ

સાજ હવા મળે છે—બપોરના સૂર્યનો કંઇક પ્રકાશ પણ આ જાળી દ્વારા આવે છે—પછી મને શું વધુ જોઇએ? જીવનમાં ચડતી પડતી આવે છેજ. અને જેમ બીજાં દુઃખો મનુષ્ય સહી શકે તેમ રશન કૅસલના કેદખાનામાં પણ રહી શકે એ સમજી શકાય એવું છે—"

"હવે એવો વખત આવી પહોંચ્યો છે કે જ્યારે હું તમારો અંતિમ નિશ્ચય જાણવા માગું છું—" કલૉડીઆ બોલી.

"મારો નિશ્ચય?—" હજુ પણ તેવીજ બેદરકારીથી કેદી બોલ્યો. કલૉડીઆના કરતાં કંઇક નબલા હૃદયની સ્ત્રી જો તેની સાથે વાત કરતી હોત તો તેની બેદરકારી જોઈ અત્યંત ગુસ્સે થાત. પણ કલૉડીઆમાં રાક્ષસી હૃદય હતું.

"કઇ બાબતમાં તમે મારો અંતિમ જવાબ માગો છો?—હં—હં—મને હવે યાદ આવ્યું.—તમે મને પરણવા માગો છો—એટલે કે મારૂં ઘર માંડવા માગો છો. હું કસમથી કહું છું કે તમારી આ માગણી ઘણીજ મહેરબાની ભરી છેઃ—પણ ફક્ત એકજ મુશ્કેલી એમાં નડે છે અને તે એ છે કે તમને પરણવાની કોણ જાણે શા કારણથી મને જરા પણ ઇચ્છા થતી નથી—"

"ત્યારે તમે મરી જવાનો નિશ્ચય કર્યો છે?—" કલૉડીઆનો સુન્દર ચહેરો વિકરાળ થયો અને તેની આંખોમાંથી ગોખમાંના પ્રકાશિત લૅમ્પના તેજ જેવી ક્રોધની જ્વાલા બહાર નીકળી.

"હું હમેશાં મૃત્યુને આલિંગવા તૈયાર હોઉં છું—અને જો તમે એક ક્રિશ્ચિયન હો—કે જે માટે મને જરાક શંકા છે—છતાં ધારો કે તમે ક્રિશ્ચીઅન હો તો તમારે પણ હંમેશાં મોત માટે તૈયાર રહેવું જોઇએ—" કેદીએ જવાબ આપ્યો.

"તમારી મરજી હોય તો ભલે એક બેદરકાર વાચાળ મનુષ્યનો ભાગ ભજવો—પણ નાહક દાંભિક ધર્મગુરૂ હોવાનો ડોળ ન કરો—" કલૉડીઆ બોલી.

"તમારી સાથે દલીલ કરવામાં જો કંઇ સાર હોત તો હું તમારી સહેલાઇથી ખાત્રી કરી આપત કે દાંભિકતાનો મારામાં અંશ પણ નથી. તે છતાં ધર્મ શું છે તે વિષે હું યોગ્ય જ્ઞાન ધરાવું છું—" કેદીનો સ્વર હવે ગંભીર થયો.

"અને એ ધાર્મિક આસ્થાને લીધે તમે તમારી મૃત્યુ શય્યાપર

હશો તે સમયે તમારૂં અંતઃકરણ જેટલું શાન્ત ન હોય તે કરતાં વધુ શાન્ત હૃદયે હું ફાંસીના લાકડાપર ચઢી જઈશ—"

"ઠીક છે. આપ નામદારની બહાદુરીની અલ્પ સમયમાં પરિક્ષાં થશે—" ક્લૉડીઆ.

"પણ એ પરિક્ષા તમને વધસ્તંભપર ચઢાવીને હું કરવા માગતી નથી. અત્યાર સુધી મેં ઘણા પ્રયાસ કરી જોયા–મેં ઘણી ધીરજ રાખી—"

"ખરેખર, તમારી સહન શક્તિ માટે હું તમને પ્રશંસાપત્ર લખી આપવા તૈયાર છું, લેડી ક્લૉડીઆ !—" કેદીએ જવાબ આપ્યો. તેના સ્વરમાં હવે પ્રખરતા આવી.

"જે રાત્રે મને પહેલ વહેલો અત્રે લાવવામાં આવ્યો ત્યારે જો મારા હાથપગ બાંધ્યા ન હોત તો આ સ્થિતિમાં આવવા પહેલાં મેં કેટલીક જીંદગીનો ભોગ લીધો હોત—"

"એ મિથ્યાવાદ છે—" તાણો મારતી ક્લૉડીઆ બોલી.

"નહિ. હું કદિપણ મિથ્યાવાદ કરતો નથી. જે રાત્રે મને અહિં લાવવામાં આવ્યો તે સમયે તમે એક કુલીન સ્ત્રી પેઠે બહાદૂરીથી તમે મને તમારા પતિની પદવીપર નિયુક્ત કરવા માગો છો એ વાત જણાવી; એ વાતને બે મહિના થઈ ગયા. ત્યાર પછી તમે પ્રત્યેક અઠવાડીયે મને મળવા આવતાં અને દરેક વેળા એની એ વાત કરતાં. આ પરથી હું કહી શકું છું કે તમારામાં સહનશક્તિ ઘણી છે—"

"હશે. પણ હવે તે ખૂટી ગઇ છે." ડયુક ઑફ એથલની પુત્રી બોલી.

"બનવા જોગ છે—તમે અને તમારી બહેનો અહિંયાં તમારો જ કક્કો ખરો કરાવવા મથો છો—ખરેખર, તમે ત્રણે બહેનો વિચિત્ર પૂતળીઓ છો—"

"તમારી આ બધી લવરી જ્યારે હું સખત થઈશ ત્યારે બંધ થઈ જશે, અત્યાર સુધી તમને પૂરતું ભોજન આપવામાં આવ્યું હતું—"

"આહ ! ભોજન ઘણુંજ સ્વાદિષ્ટ હતું—"

"આવતી કાલે તમને અરધો ખોરાક આપવામાં આવશે—"

"કંઇ ફીકર નહિ. જેણે પૂર્વે અનેક કડાકા કર્યા છે તેને અરધો ખોરાક મળે એ તો મહદ્‌ભાગ્યની વાત છે—" મશ્કરી કરતો કેદી બોલ્યો.

" પરમ દિવસે તેથી પણ ઓછો ખોરાક તમને મળશે અને ચોથે દિને તદ્દન ખોરાક બંધ કરવામાં આવશે—" કલૅાડીઆના વદન-પર ભયંકર નિર્દયતા આવી.

" ત્યારે—જ્યારે ભૂખથી તમારા પેટમાં ક્રુર કુરિયાં બોલશે અને તરસથી તમારૂં ગળું સૂકાવા લાગશે ત્યારે કદાચ તમે આ લોખંડી સળિયા આગળ ઘુંટણીએ પડી મારી દયા યાચવા તૈયાર થશો—"

" તમે હમણાંજ મિથ્યાવાદ કરવાની મને ના પાડી છે એટલે હું તમને જે જવાબ આપવા માગું છું તે આપી શકતો નથી—"

" તમે શું કહેવા માગો છો તે હું સારી પેઠે સમજું છું પણ વીરોનું વીરત્વ ભૂખમરાથી :હીચકારાપણામાં ફેરવાઇ જાય છે. છતાં હું તમને આજે છોડી જાઉં તે પહેલાં તમને સંપૂર્ણ સમજણ પાડવાની જરૂર જોઉં છું. હું તમને શું આપવા માગું છું તે તમે જાણોછો ? તમે મારો સ્વીકાર કરવાથી એવી સ્થિતિએ પહોંચશો કે મનુષ્યની લોભી આંખો તેથી વધુ જાહોજલાલી જોઈ શકતી નથીઃ કૅસલ ટાઉ-નના એક ઉમરાવ થવું—"

" એટલે એક જેલરની સ્થિતિ પ્રાપ્ત કરવી—" ધિક્કારથી પણ શાંતસ્વરે કેદી વચ્ચે બોલ્યો.

" વીર સૈનિકોની ટૂકડીના સેનાની બનવું—"

" કે જે સેના બદમાસો અને ગુનેહગારોની બનેલી છે—" કેદી વચ્ચે બોલ્યો.

" અનર્ગળ સંપતિના માલીક થવું—"

" તમારા ભાઇની સંપત્તિ લુટીને !—"

" ચૂપ રહો......અને સાંભળો. હું છેલ્લીવાર તમારી સાથે બોલું છું. મારામાં એવું શું છે કે જેથી તમને હું અપ્રિય લાગું છું ? પુરૂષો સૌન્દર્યની કદર કરી શકે છે અને મારા મુખપર નજર કરતાં તમે—"

" ખુબસુરત છો તે હું જોઇ શકું છું. પણ મારી નજરમાં એક નાગણ જેના દાંતમાં ઝેર ન હોય તે એક સૌન્દર્યજડિત લલના કે જેના ઓષ્ઠ પર ઝેર વસેલું છે તેના કરતાં વધુ મોહક જણાય છે—"

" તમે મને ગુસ્સે કરવામાં વિજયી થવાના નથી—" કેદીના કઠોર શબ્દ પ્રહારથી જરા પણ ગુસ્સે ન થતાં કલૅાડીઆ શાંતિથી બોલી.

"અને તમને ખીજવવા માટે ટીકા કરવાની મારી ઇચ્છા પણ નથી. પણ જો તમે તમારાં વચનોથી એવી ટીકા કરવાની મને ફરજ પાડશો તો મારે તે કરવી પડશે—"

"તમારા જેવા અસામાન્ય હિમ્મતવાળા બહાદુર સૈનિકને હું જે સ્થિતિમાં મૂકવા માગું છું તે સ્થિતિ એવી છે કે જે પર તમારે લક્ષ આપવું જોઇએ—"

"નહિ. લૂંટ અને અન્યાયના કામમાં હું કદિ પણ મારાં શસ્ત્રોનો ઉપયોગ કરતો નથી—"

"શક્તિ આગળ સત્ય ઝાંખું પડે છે—" કલૉડીઆ પોતાની સુંન્દર દંતપંક્તિ જણાય એવી રીતે હાસ્ય કરી બોલી.

"નહિ. અન્યાયથી શક્તિના બલે પારકા લક્ષ લુંટાય છે ખરા-પણ તે વધુવાર ટકતા નથી–"

"તમને સમજાવવા એ બહુ મુશ્કેલ કામ છે. છતાં તમે ધીમે ધીમે–લાંબા સમયે પણ–જરૂર મારે શરણે થશોઃ તમારૂં અંતઃકરણ કબૂલ નહિ કરશે તે છતાં તમે મારી મરજીને વશ થશો એટલું જ નહિ પણ તમે મને ચાહતાં શીખશો અને જ્યારે તમારૂં માથું મારી છાતીપર—"

"એક વેળા એક વૃક્ષપર ગુંછળું વળી બેઠેલા સાપપર મેં માથું ટેકવ્યું હતું. પુનઃ તેજ જગ્યાએ મારૂં માથું ટેકવવાનું હું પસંદ કરીશ પણ તમારી છાતી પર તો હું કદિ મારૂં માથું મૂકી સકુશ નહિ—"

"શું તમારા વીર હૃદયમાં પ્રેમનું અસ્તિત્વજ નથી ?—"

"છે—મેં પ્રેમનો સ્વાદ ચાખ્યો છે–બે વખત મેં પ્રેમરસ પીધો હતો—મારી જીંદગીમાં બે વખત......પણ તેને ઘણાં ઘણાં વરસ થઈ ગયાં—" કેદીના મુખપર ગંભીર શોક ફરી વળ્યો.

"ત્યારે તો તમે ન્હાના છોકરા જેવા હશો–પણ તમે પ્રેમરસ પીધો છે એ કબૂલ કરો છો તે માટે હું તમારો આભાર માનું છું. કારણકે જેણે બે વખત પ્રેમનો પ્યાલો પીધો છે તે ત્રીજી પ્યાલી ભરવાની ઈચ્છા પણ કરી શકશે. આથી મારૂં સૌન્દર્ય વ્યર્થ નથી જવાનું એવી મારી ખાત્રી થાય છે—"

"લજ્જા વિનાનું સૌન્દર્ય નકામું છે." કેદીએ પુનઃ પોતાની બેદરકાર ઢબે જવાબ આપ્યો.

"અને જ્યારે એક સુન્દર સ્ત્રી એક રાક્ષસી જેવી બની કામ લેવા માગે છે ત્યારે તેનું સૌન્દર્ય તેના પ્રેક્ષકને આનંદ આપવાને બદલે

શોક ઉત્પન્ન કરે છે. આખી દુનિયામાં આપણે બેજ જીવતાં હોઇએ અને તે સમગે મને એક સખીની જરૂર હોય તે છતાં, તમારૂં હૃદય કેટલું નીચ અને કાળું છે તે જાણ્યા પછી, હું કદિપણ તમને મારી પત્નિની પદવી આપું નહિ. એક બાજુ પુષ્પો ખીલ્યાં હોય અને બાજુમાં ભઠ્ઠી સળગતી હોય તો તે પુષ્પો શું કામનાં ? એક બાજુથી તમે તમારી સુન્દરતા માટે મગરૂર થાઓ છો અને બીજીજ પલે તમારા હૃદયમાં સળગતી ભયંકર અગ્નિની જ્વાલા બહાર પાડો છો. લેડી કલૉડીઆ ! તમારી સઘળી આશા વ્યર્થ છે. અને બોલો, હવે તમને લાગે છે કે, હું તમારી ઇચ્છાને વશ થઇશ ? તમને એમ લાગે છે કે હું કદિપણ તમને મારી પત્નિ બનાવીશ ?—"

કલૉડીઆએ હોઠ કરડ્યા. કેદીના શાન્ત સ્વરે બોલાયલા કટુ વાક્યોએ તેનો ક્રોધાગ્નિ ભયંકર બનાવ્યો.

" આપણે તે જોઈ લઇશું—" તે બોલી.

" હમણાં હું તમારી સાથે વધુ દલીલમાં ઉતરવા માગતી નથી. હું અહિં પાછી આવું તે પહેલાં થોડાક દિવસ વહી જશે. પણ યાદ રાખો કે જ્યારે હું આવીશ ત્યારે ભૂખ અને તરસથી તમારો નિશ્ચય તુટી ગયલો હશે અને તમે મારી દયા યાચવા આતુર બની બેઠા હશો—"

કેદીએ કંઈ જવાબ આપ્યો નહિ.

કલૉડીઆ મુખ્યદ્વારમાંથી બહાર નીકળી, તે બંધ કરી ચાલી ગઈ અને કેદી એકલો પડ્યો.

એજ સમયે ટુલીઆ અને લૉરેન્સ વચ્ચે શું બન્યું તેની વિગત આપવાની જરૂર નથી. તેમની વચ્ચે આગલી રાત્રીના જેવીજ ગરમા ગરમ તકરાર થઇ. ટુલીઆએ ભય બતાવવામાં કચાસ રાખી નહિ. પણ વીર લૉરેન્સ મૃત્યુના ભયથી ડરે તેવો બીકણ ન્હોતો. તેણે ટુલીઆની નીચ પ્રેમયાચના ધિક્કારી કાઢી અને રૂથ સિવાય અન્ય કોઇ પણ સ્ત્રી સાથે સ્નેહ ગોષ્ટિ કરવી એ ભયંકરમાં ભયંકર પાપ છે એમ કહી ટુલીઆને નિરાશ કરી.

રાત્રી વીતી ગઈ અને સ્હવારે લગભગ નવેક વાગ્યે પુનઃ પેલી ખુરશી ભોંયરામાં ઉતારવામાં આવી. આ સમયે ખુરશીપર કોઇએ બેઠું ન્હોતું પણ તે પર ખોરાક અને દારૂ તથા પાણીની બાટલીઓ મૂકી હતી. ખુરશી પરનું દોરડું પકડી રોથવેલ ભોંયરામાં ન્હોતો

ઉતર્યો પણ તેને બદલે એક બીજા સૈનિકને આજે આ ફરજ સોંપવામાં આવી હતી. કારણકે રૉથવેલને બીજું અગત્યનું કામ હતું. તળિયે આવ્યા પછી તે સૈનિક ખુરશીપરની વસ્તુઓમાંથી એક રકાબી, એક રોટલી અને એક દારૂની તથા બીજી પાણીની બાટલી લઇ પહેલ વહેલો લૉરેન્સ લીને જે ઓરડીમાં પૂરવામાં આવ્યો હતો ત્યાં ગયો. લૉરેન્સને ખોરાક આદિ આપી આવ્યા પછી તે પુનઃ ખુરશી પાસે આવ્યો અને બીજી રકાબી, રોટલી તથા દારૂ લઇ મેજર લેમ્બટનની ઓરડીમાં ગયો અને તેને સર્વ વસ્તુઓ જાળીમાંથી આપી પાછો ફર્યો. હવે તે મી૦ લૅમ્બટન બૅરિસ્ટર—મેજર લૅમ્બટનના ભાઇની ઓરડીમાં ગયો. અને જેવો તે તેની ઓરડીમાં દાખલ થયો તેવોજ લૅમ્પના પ્રકાશથી તેને ઓળખી તે યુવાન બેરિસ્ટર ગુસ્સાથી બરાડ્યોઃ—

"બદમાશ! તેં મને દગો દીધો—મારો વિશ્વાસઘાત કર્યો—"

"સાહસિક અભિપ્રાય ન આપો, સાહેબ!—"

"શું? તેં મને ફસાવ્યો નથી? ત્યારે શું હેન્રી બીટન—"

"આહ! તમે શું બકો છો? તમને ખબર છે કે, આ જડ દીવાલોને પણ અહિં કાન હોય છે...." તે સોલ્જર ધીમા સ્વરે વચ્ચે બોલી ઉઠ્યો.

"મેં કે હેન્રી બીટને તમને ફસાવ્યા નથી; પણ એથલ આર્મ્સના માલીકે તમને દગો દીધો છે—"

"આહ! બદમાસ! શયતાન!—મારા પૈસા ખાવા છતાં તેણે બદમાસી કરી—" લૅમ્બટન બબડ્યો.

"તેણે એ કામ રાજીખુશીથી કર્યું હોય એમ હું માનતો નથી." પેલા સોલ્જરે જવાબ આપ્યો.

"પણ તે દારૂની લહેરમાં જરા બકી ગયો અને તેથી તમારા પર આફત આવી પડી. ગઇ કાલે રૉથવેલ તેના પીઠામાં દારૂ પીવા ગયો હતો અને તે વેળા એ બબ્બાના બહારમાં પીઠાંવાળાએ મ્હાકોણુ વાળી નાખી એટલે તમને કેદ કરવામાં આવ્યા—"

"અને હેન્રી બીટનનું શું થયું?—" ચિંતાતુર સ્વરે લૅમ્બટને પૂછ્યું.

"તે તદ્દન ભયમુક્ત છે. પીઠાંવાળો તમારી અને હેન્રી બીટનની ખાનગી મુલાકાતથી તદ્દન અજ્ઞાત છે. મેં હેન્રીને તમે કેદ પકડાવાની વાત જણાવી છે—"

"અને સ્ટેન્ટન ! હજુ પણ તું અમારા પક્ષમાં રહેશે ? તેં જે વચન મને આપ્યું છે તે તું વફાદારીથી પાળશે ?..." ભાવીમાં શું થશે તેનો વિચાર આવતાંજ દુઃખી થતો લૅમ્બટન બોલ્યો. તેને બચાવવા માટે તેના ભાઇએ કેવો ભોગ આપવાની તત્પરતા બતાવી હતી તે એ જાણતો ન્હોતો.

"હું અહિંયા તમને ફરીથી ખાત્રી આપવા આવ્યો છું કે હું તમારી વફાદારીથી સેવા બજાવીશ. હું તમારી સાથે વાત કરવાનો પ્રસંગ મેળવી શકું તે માટે રૅાથવેલની ગેરહાજરીમાં કેદીઓને ભોજન આપવાનું કામ મારા હાથમાં આવે એવી વ્યવસ્થા મેં કરી છે. હું તમને દગો દઈશ એવો ભય રાખશો નહિ. તમે મને જે બદલો આપવાનું વચન આપ્યું છે અને અત્યાર પહેલાં જે પૈસા તમે મને આપ્યા છે તેથી મને પૂરતો સંતોષ થયો છે અને હું તમને છેવટ સુધી વફાદાર રહીશ—"

"આહ ! તું મારા હૃદયમાં કેટલો બધો આનન્દ ઉપજાવે છે ?—" એમ કહી લૅમ્બટને જાળીમાંથી હાથ બહાર કાઢી તે સોલ્જર સાથે શેકહેંડ કરી.

"હમણાં મારાથી તમારી સાથ વધુ વાત થાય એમ નથી. ભોંયરામાં વધુ વાર રોકાવાની મારી હિમ્મત ચાલતી નથી. દરેક માણસ આ કિલ્લામાં એક બીજા પર જાસુસી કરે છે. ખરેખર, આ ભયંકર કિલ્લાથી હું કંટાળી ગયો છું—"

"પણ મહેરબાની કરી મારા ભાઇને એક આશાભર્યો બોલ કહી આવીશ ? ફક્ત એકજ બોલ કહી ચાલ્યો જજે કારણ કે તેના મોત જેવા ફીક્કા વદનની સ્મૃતિ થતાં મારૂં લોહી ઠરી જાય છે—" અત્યંત વિનીત સ્વરે લૅમ્બટન બોલ્યો.

"હું તેમને આશાનો સંદેશ પહોંચાડીશ—" સ્ટેન્ટન બોલ્યો અને તે પછી તે ત્યાંથી ચાલ્યો ગયો.

હજુ એક કેદીને ભોજન આપવાનું બાકી હતું, અને તે કલૉડીઆનો કેદી હતો; કે જેણે નિર્દય કલૉડીઆ તરફ અત્યંત બેદરકારી બતાવી તેની ધમકીઓની લેશ માત્ર પરવા કરી નહોતી. કલૉડીઆએ ધમકી આપ્યા પ્રમાણે હમ્મેશના ખોરાક કરતાં આજે તેને અરધો ખોરાક આપવામાં આવ્યો. દારૂ અને પાણીની બાટલી પણ અરધીજ હતી પણ આટલો ઓછો ખોરાક જોઇ તેણે જરાપણ ચિંતા બતાવી નહિ. તેણે સ્ટેન્ટન

સાથે વાત કરવા માંડી અને એ વાતનો જ્યારે અંત આવ્યો ત્યારે તો તેના વદન પર ઉલટી વધુ બેદરકારી જણાઇ. એ વાતચીત શું હતી તે અત્યારે અત્રે જણાવવાની જરૂર નથી. આગળ જતાં બન્ને એ શું મસલત કરી હશે તે વાંચનાર પોતાની મેળેજ સમજી જશે. આ પ્રકરણ અમે પૂર્ણ કરીએ તે પહેલાં એટલું કહેવાની જરૂર છે કે, સ્ટેન્ટન ખુરશી પર બેસી ભોંયરામાંથી બહાર નીકળ્યો તે પહેલાં તેણે મેજર લૅમ્બટનની મુલાકાત લીધી એટલુંજ નહિ પણ તેના ભાઇ મી૦ લૅમ્બટન અને હુલીઆના કેદી લૉરેન્સ લીની ઓરડીમાં જઇ તેમની સાથે પણ થોડીક વાત કરી. ત્યાર પછી તે ભોંયરામાંથી બહાર નીકળી ગયો.

પ્રકરણ ૨ જું.

પ્રવેશક શબ્દ.

ગત પ્રકરણમાં વર્ણવેલો બનાવ બન્યા પછી કેટલાક દિવસ વહી ગયા પછી એક દિવસે બપોરે પાંચેક વાગ્યાને સુમારે ડ્યુક ઑફ એથલના શયનગૃહમાં તેની ત્રણ બહેનો બેઠી હતી. ડ્યુકના શયન-ગૃહની દીવાલોપર રંગબેરંગી પરદા ટાંગેલા હતા અને તે પર એક સ્કૉટીશ ટોળી સાથેની મૅનટાપુના નીવાસીઓની પૂર્વે થયલી લડાઇનું ચિત્ર ચીતરેલું હતું. ઓરડામાંનું ફરનીચર મજબૂત અને સુશોભિત હતું. ટેબલપર એક લૅમ્પ બળતો હતો અને તેના પ્રકાશથી શયન-ગૃહમાં બેઠેલી ત્રણ સુન્દર બહેનોની કાન્તિ ઝગહળી રહી હતી. ત્રણે બહેનો ધીમે સ્વરે એક બીજી સાથે વાત કરતી હતી. ડ્યુકના પલંગની બાજુમાં ડૉક્ટર વિચારગ્રસ્ત સ્થિતિમાં બેઠો હતો. ડૉક્ટરનો દરદી—ડ્યુક ઉંઘતો હતો અને તેના વદનપર ડૉક્ટર ધારી ધારીને જોતો હતો. વૈદકી જ્ઞાનને આધારે તેનો નિદ્રસ્થ દરદી જગતમાં કેટલા કલાક વધુ રહી શકશે તે ખાત્રીપૂર્વક જાણવા માગતો હોય તેમ ઉંઘનારાના વદનપરની પ્રત્યેક નિશાની તે લક્ષપૂર્વક જોતો હતો.

ક્લૉડીઆ—ડ્યુકની મોટી પુત્રી અમારી નવલકથાની રંગભૂમિ પર તે આવે છે ત્યારે ત્રીસ વર્ષની હતી. સેબીના અઠ્ઠાવીસ અને હુલીઆ છવીસ વસન્ત ઋતુ પસાર કરી આવી હતી. ત્રીસ વર્ષની

થવા છતાં કલૅાડીઆએ યુવાની જાળવી રાખી હતી. સૅબીના અને ટુલીઆનું યોવન તથા સૌન્દર્ય પણ સુરક્ષિત જણાતાં હતાં. બાલ્યાવસ્થાથી મદનરાજ સાથે ગાઢ મૈત્રી હોવા છતાં ત્રણે બહેનો હમણા યોવનના બહારમાં જણાતી હતી. પ્રૌઢાનું એક પણ ચિન્હ તેમનાં વદનપર ન્હોતું. યોવનમસ્ત—મદમસ્ત યુવતી જેવી ત્રણે લાગતી. યુવાનીની પ્રારંભની ભભક ચાલી ગઇ હતી. પણ તેથી ત્રણે બહેનો મુગ્ધા મટી આકર્ષક યુવતીઓ બની હતી. તેમની વિશાલ—કાળી—વિકારી—ચપલ આંખો, તેમની ભરાઉ—આકર્ષક—મદમસ્ત છાતી, તેમનાં લાંબા—સુન્દર વાળોની લટો—તેમનાં મોહક ગૌર વદન—એ સર્વ જોનારાને આંજી નાખે એવાં હતાં અને જો તેમના હૃદયમાં સ્ત્રી—હૃદયોની કોમળતા અને સ્નેહાળતા હોત તો તેમના સૌન્દર્ય જડિત જીવનોએ કોઈ ભાગ્યશાલીના હૃદયમંદિરમાં તેજસ્વી જ્યોતી પ્રકટાવી હોત. ત્રણે બ્હેનોનો બાહ્ય દેખાવ ઘણોખરો મળતોજ હતો. ત્રણેનાં વદન મળતાં આવતાં. ત્રણે એક સરખો પોષાક પહેરતી—સમાન અલંકારો ધારણ કરતી. હમણાં તેમણે કાળી મખમલનો પોષાક પહેર્યો હતો. તેમના લાંબા વાળોની લટો પીઠપરથી નિતંબ સુધી અને ખભા પરથી છાતી પર લટકતી હતી, અને તેથી તેમની સુન્દરતા બેવડાઇ જતી. વાત કરતી વખતે ઘણા મન્દ સ્વરે બહુ થોડા શબ્દો તેઓ બોલતી પણ તેમને વધુ બોલવાની જરૂર પણ ન્હોતી કારણ કે પોતાનો મનોભાવ શબ્દો કરતાં નેત્રોદ્વારા વ્યક્ત કરવાની કલા તેમનામાં ખાસ વિકાસ પામી હતી. પ્રત્યેક પલે તેમની આંખો એક બીજીની આંખો સાથે મળતી અને દરેકના હૃદયમાં સરખાજ વિચાર ચાલે છે એમ જાહેર કરતી.

તરતજ તેઓ ડયુકના પલંગ પાસે મન્દ મન્દ પગલે આવી અને એક પલ તેમણે પોતાની દૃષ્ટિ પોતાના મરવા સુતેલા પિતાના રોગગ્રસ્ત—ફીક્કા વદન પર સ્થિર કરી. બીજી પલે તેમણે પાસે બેઠેલા ડૅાક્ટર પર નજર કરી અને તેમનો પિતા જગતમાં કેટલા વખતનો અતિથિ છે તે તેના મુખપરથી જાણવાનો પ્રયાસ કરવા લાગી.

“મારા પિતાજી ગાઢ નિદ્રામાં છે—” ડયુકને જોયા પછી, ડૅાક્ટર તરફ વાંકી વળી કલૅાડીઆ મન્દ સ્વરે બોલી.

“હા. એઓ નિદ્રસ્થ છે; પણ સહેલાઇથી દમ લઇ શકતા નથી—” ડૅાક્ટરે જવાબ આપ્યો.

"તમે એમ ધારો છો કે અમારા પિતાજીનો અંત નજીક આવી પહોંચ્યો છે?" સેબીનાએ પૂછ્યું.

"મેં તમને અત્યાર પૂર્વે કહી દીધું છે, લેડીઝ! કે ડ્યુક સાહેબ હવે થોડા કલાકના પરોણા છે—"

"પણ તમારા વૈદકી જ્ઞાનને આધારે મારા પિતા કેટલો સમય જીવશે તે તમે બરાબર કહી શકશો ખરા?—" ટુલીઆ બોલી.

"વર્ત્તમાન ચિન્હોપરથી તમારા પિતા બાર કલાકથી વધુ ટકી શકે એમ મને લાગતું નથી.—" ડૉક્ટરે પ્રત્યુત્તર આપ્યો.

ત્રણ બહેનોએ ત્વરિત વેગે એક બીજા તરફ જોયું. ત્રણેના હૃદયોએ નેત્રદ્વારા ડૉક્ટરના શબ્દ પ્રતિધ્વનિત કર્યા.

"બાર કલાક—"

તેઓ ડ્યુકના શયનગૃહમાંથી બહાર નીકળી તેજ પલે મૅરના જે ડ્યુકની નર્સનું કામ કરતી હતી તે અંદર આવી. ત્રણે બહેનો પોતાના દિવાનખાનામાં ગઇ અને ગંભીર મસલત કરવા લાગી.

"ડૉક્ટર આપણા ભાઇ રેનાલ્ડને બોલાવી લાવવા માટે એક ખાસ કાસદ મોકલવાનું કહે છે—" પોતાના ઓરડામાં આવ્યા પછી ક્લૉડીઆ બોલી.

"પણ એ ભલા માણસને થોડી ખબર છે કે આ સમયે આપણા ભાઇને આપણે બોલાવવા મોકલીએ તે બનવા જોગ નથી."

"ખરી વાત. રેનાલ્ડ હમણાં હાજર હોય એવું આપણે ઇચ્છીએ એ અશક્ય છે—" ટુલીઆ બોલી.

"હવે આપણા હાથમાં ફક્ત બાર કલાક છે." ક્લૉડીઆએ પોતાનું ભાષણ આગળ ચલાવ્યું.

"અને એટલા વખતમાં આપણે આપણી બાજી પુરી કરવી જોઇએ. નિરર્થક આશાપર આધાર રાખવાનો વખત હવે વહી ગયો છે, આપણી સ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ રાખી આપણે બાર કલાકમાં જે તે નીકાલ કરી નાખવો જોઇએ."

"ખચિત. ક્લૉડીઆ! તને પરાજ્ય મળે એવું લાગે છે કે? હું તો ક્યારની વિજય પ્રાપ્ત કરી ચૂકી છું. કારણ કે મેજર લૅમ્બટને મને વચન આપ્યા પછી દરેક રાત્રીએ તેણે પોતાનું વચન પાળવાની ઉત્કંઠા બતાવી છે. મારી ખાત્રી છે કે મેજર લૅમ્બટન હવે મારો થઈ ચૂકયો છે."

"અને મારો કેદી ભૂખ અને તરસની અસહ્ય વેદનાથી જલદી શરણે થશે એમ માનવાને તથા તે મારો જમણો હાથ લગ્નમાં સ્વીકારશે એવી આશા રાખવાને મને ઘણાં કારણ છે."

"આજે તેને કંઇજ ખોરાક આપ્યો નથી. ખરૂં કની?–" ટુલીઆ બોલી.

"હા. ખરી વાત છે અને આજે રાત્રે જ્યારે હું તેની પાસે જઇશ ત્યારે તો ભૂખ અને તરસથી તે વ્યાકુળ થઈ ગયો હશે. તેનું હૃદય સખત છે–પણ એ સખ્તાઇ હવે ટકી શકશે નહિ."

"તારી ખાત્રી છે કે તે તને શરણ થશે ?" સેબીના અને ટુલીઆ નેત્ર સમશ્યા કરતી, સાથેજ બોલી ઉઠી. બન્નેનાં હૃદયો અત્યંત આતુરતાથી ધડકતાં હતાં.

"હા. હું ધારૂં છું કે તે શરણ થશે. ગઇ રાત્રે તે પ્રથમ કરતાં વધુ શાન્ત અને નમ્ર થયો હતો. તેની બેદરકારી ગઇ રાત્રે અદૃષ્ય થઈ હતી. મજાક મશ્કરી પણ તે કાલે ભૂલી ગયો હતો. તેના મ્હોંપર ગંભીર શોકની છાયા હતી–કાલે તે એક પણ શબ્દ ધિક્કાર કે ઠપકાનો બોલ્યો ન્હોતો. પણ ટુલીયા! તું શું ધારે છે ? તારો કેદી તારા ગળામાં હાથ નાખવા તૈયાર છે કે ?–"

"હા. ગઇ રાતે તે મારો થશે એવી મારી ખાત્રી થઇ ચૂકી છે. કલૉડીઆ! તારા કરતાં મારા વિજય માટે હું વધુ ખાત્રીથી બોલી શકું એમ છું. લૉરેન્સ લી મારો છે. હું કસમથી કહું છું કે તે મારોજ થશે અને આજે રાત્રે જ્યારે હું તેની પાસે જઇશ ત્યારે તે મારા જીવન મિત્ર થવાનું આનન્દસહ કબુલ કરશે એવી મારી ખાત્રી છે. કલૉડીઆ! તારા કેદીને અત્યાર પહેલાં જો ભૂખ અને તરસનો સ્વાદ ચખાડ્યો હોતની તો તે વહેલો ઠેકાણે આવી જાત–"

"મેં ધાર્યુંતું કે હજુ ઘણો વખત છે." કલૉડીઆએ જવાબ આપ્યો.

"અને ટુલીઆ! તારા હાથમાં લૉરેન્સ લી આવવાને હજુ નવ દસ દિવસ જ થયા છે. આપણા ત્રણેના પંઝામાં એક એક કેદી સપડાયા વિના નકામી કોઇ તરફ સખ્તાઇ બતાવવી એ ઠીક ન્હોતું. તારા હાથમાં લૉરેન્સ આવ્યો ત્યાર પછી મેં મારા કેદીને ઠેકાણે લાવવાના દરેક રસ્તા જલદીથી લેવા માંડયા અને હું કહું છું કે તેને માટે હવે ભય રાખવાનું કારણ નથી–"

"મારો લૅમ્બટન તો જાણે તૈયાર છે. તમે બન્ને ખાત્રીથી વાત કરોછો એટલે એ બે જણની કબુલાત પણ મળી ગઇ છે એમ માની લઇને આપણે આપણી સ્થિતિનો વિચાર કરીએ. આજે રાત્રે આપણાં ત્રણેના લગ્ન થવાંજ જોઇએ. આપણા પિતાનું વીલ "હાઉસ ઑફ્ કીઝ" ના પ્રેસીડંટના કબજામાં છે."

"અને એ કાઉન્સીલનો એકે એક સભાસદ આપણા પક્ષમાં છે. મૅન ટાપુમાં બીજો સૂર્ય ઉગે તે પહેલાં આપણા પિતા ઘણું કરીને આ જગત્‌માંથી ચાલ્યા જશે–" હાઉસ ઑફ્ કીઝ"ના સર્વ પ્રતિનિધીઓ ભેગા થશે અને ડયુક ઑફ્ એથલના વીલ પ્રમાણે આપણે તથા આપણા પતિઓ આ ટાપુના કાયદાસર વારસો છીએ એવું જાહેર કરવામાં આવશે."

"ગરિબ બિચારો રૅાથવેલ !" કલૅાડીઆ હાસ્ય કરતી બોલી.

"એ બિચારો એમ ધારતો'તો કે આપણે જો લગ્ન કરીશું તો આપણી સત્તા આપણા પતિઓના હાથમાં ચાલી જશેઃ પણ એને ક્યાં ખબર છે કે આપણે આપણા પતિના હાથ નીચે રહીએ એવી નથી. હું પરણું છું ખરી પણ મારા પતિને મારા માલીક જેવો ગણવાની નથી."

"હું પણ નહિ."

"ત્યારે હું શું એવી દિવાની છું કે મારા પતિના હુકમ નીચે રહું ! નહિઃ કદિ પણ નહિ. હું તો એને મારી ઇચ્છાનુસાર નચાવીશ, સમજી ?"

ત્રણે બહેનોની આંખો મળી. ત્રણે હસી. જાણે પોતાના પતિ તરફ્ ધિક્કાર વ્યક્ત કરતી હોયની તેમ ! તેઓ સ્વાર્થે માટે પરણવા તૈયાર થઇ હતી ! પતિ એટલે દેવ–પતિ એટલે માલીક એ વ્યાખ્યા તેમના મગજમાં ઉતરી શકે એ અશક્ય હતું.

"ત્યારે—" કલૅાડીઆ આગળ બોલવા લાગી.

"આપણા પિતાનું મૃત્યુ થયા પછી અને આપણે મૅન દ્વીપની વારસો છીએ એ વાત જાહેર થયા પછી તરતજ રૅાથવેલ અને આપણા વફાદાર સૈનિકોને આપણે જે ટૂકડીની રાહ જોઇએ છીએ તેની સાથે, દરેક રસ્તાપર ગોઠવી દઇશું અને ટાપુના રહીશો આ અચાનક ખબરથી ઉપજતા ગભરાટ તથા મુઝવણથી જો કંઇ ધાંધલ કરવા જશે તો તેમને તેમની ઉદ્ધતાઇ માટે આપણા બહાદૂર સૈનિકો પોતાનાં શસ્ત્રોનો સ્વાદ ચખાડશે–કિલ્લાપરની તોપોનો ગડગડાટ પણ ચાલુ થઇ જશે–"

"હા–પણ તે પહેલાં લોકોને આપણા પક્ષમાં લેવાનો જે પ્લાન આપણે ઘડયો છે તે અમલમાં મૂકાવો જોઇએ–" સેબીના બોલી.

"હા. નાહક પ્રથમથીજ ખૂનરેજી ચલાવવાની જરૂર નથી. દરેક પીઠાંવાળાને આગળથી દ્રવ્ય આપી કોઇપણ દારૂ પીવા આવે તો તેને મફત પાવાની વ્યવસ્થા કરી શકાશે. મેંઢા અને બકરાંઓનાં માંસની બધાને મીજબાની અપાશે અને આપણા પિતાના મૃત્યુનો શોક ભૂલી જઇ પ્રજા પોતાની નવી રાણીઓના રાજ્યાભિષેકનો મહોત્સવ ઉજવશે. પીઠામાં દારૂ ઢીંચી તથા પેટપૂર ભોજન ખાઇ આપણા ટાપુના બદમાસો–જુગારીઓ અને વિકારી મનુષ્યો–બધાય આપણા પક્ષમાં આવીજશે–" ટુલીઆએ કહ્યું.

"અને ત્યાર પછી ભલે રેનાલ્ડ આવીને તેનાથી થાય તે કરી લે–" અભિમાનથી જાણે વિજય મળીજ ગયો હોય એમ માનીને કલૉડીઆ બોલી.

"તેનું અહિં ગરમા ગરમ સ્વાગત થશે." સેબીના પોતાના ભાઇ તરફનો ધિક્કાર વ્યકત કરતી બોલી.

"હા. એ પોતાની મદદે સ્કૉટીશ સેના લઈ આવશે–પણ કંઇ ફીકર નહિ. આપણી સત્તા તે તોડી શકવાનો નથી." ટુલીઆએ આનન્દી સ્વરે કહ્યું.

"જે સૈનિકો આપણી સહાયે આવવાના છે તેમને એકઠા કરવા માટે રાથવેલે ઘણી દક્ષતા અને સાવધાનીથી કામ કીધું છે. એ ટૂકડી આજે રાત્રે આવી પહોંચશે. આપણા ઇચ્છિત પતિઓ કંઈ જેવા તેવા યોદ્ધાઓ નથી. મારો પતિ–હું હવે આ પલથી તેને મારો માનીને જ વાત કરૂં છું–તો ચાલુ જમાનાનો એક વીરશ્રેષ્ઠ યોદ્ધો છે–" કલૉડીઆએ અભિમાનથી કહ્યું.

"અને મારા પતિએ પણ માનવંત લશ્કરી પદવી મેળવી છે." સેબીનાએ પોતાના ભાવી પતિની પ્રશંસા કરી.

"અને લૉરેન્સ લીએ–મારા વીર પ્રિયતમે, તેને કેદ કર્યો તે દિને તેનામાં કેવી અસામાન્ય વીરતા છે તે આપણને નજર સમક્ષ બતાવ્યું છે. એકવાર એ ત્રણ જણ આપણા પક્ષમાં જોડાયા પછી તેઓ દગો દે એવા વિશ્વાસઘાતક નથી. તેમને પોતાના ભાવીને શરણ થવું જ પડશે." ટુલીઆ બોલતી હતી એટલામાં કલૉડીઆ વચ્ચે બોલી.

" અને જો તેઓ દગો દેશે તો આપણા વીર સિપાઇઓ તેમની વિશ્વાસઘાતકતા માટે તેમને ભયંકર સજા કરવા શક્તિવાન છે. "

તે ભયંકર બહેનોએ પોતાના પ્લાન વિષે થોડીકવાર વધુ વિચાર કર્યો. તેમનો પ્લાન શું હતો તે વાંચકથી સમજી શકાય તેટલી વાતચીત અમે આ સ્થલે આપી છે એટલે હવે તેમની વાતચીતનો વધુ ભાગ અત્રે આપવાની આવશ્યક્તા જણાતી નથી. એ ભયંકર ત્રિપુટી વિચાર કરી રહ્યા પછી પુનઃ ડયુકના ઓરડામાં ગઇ. ડયુક હજુ નિદ્રસ્થ હતો. ડૉકટર પણ હજુ પલંગની બાજુમાં બેસી રહ્યો હતો.

" તમે તમારા ભાઇને બોલાવવા માટે માણસ મોકલ્યો, લેડીઝ ?" જેવી તે ત્રણ બહેનો ઓરડામાં આવી કે તરતજ ડૉકટરે પુછ્યું.

" હાજી. " કલૉડીઆએ જરાપણ અચકયા વિના જવાબ આપ્યો.

પોતાનો મનોભાવ ગુપ્ત રાખવામાં ત્રણે બહેનો ઉસ્તાદ હતી. જો કે રેનાલ્ડને બોલાવવા માટે કોઇપણ જાતની વ્યવસ્થા તેમણે કરી ન્હોતી, તેમ તેને બોલાવવાની તેમની લેશ માત્ર ઇચ્છા ન્હોતી; છતાં કલૉડીઆએ ડૉકટરને લેશ માત્ર શંકા ન જાય એવી શાંતિથી જવાબ આપ્યો. સેબીના અને ટુલીઆ પણ તદ્દન શાન્ત રહી.

સેબીના, ટુલીઆ અને કલૉડીઆને તેમના પિતાની મૃત્યુશય્યા પાસે મૂકી અમે એક બીજા બનાવથી વાંચનારને પરિચિત કરવા માટે તેને તે ઓરડામાંથી બહાર લઇ જવા માગીએ છીએ.

કારાગ્રહમાં ખાસ કર્તવ્ય બજાવતા બાર સૈનિકો અને તેમને કૅપટન રૅાથવેલ કારાગ્રહમાંના ઓરડામાંજ રહેતા હતા. રૅાથવેલ સિવાય અન્ય સૈનિકો કારાગ્રહમાંથી રજા સિવાય બહાર જઇ શકતા નહિ. રૅાથવેલ કારાગ્રહમાંના એક ઓરડામાં દારૂની પ્યાલી ખાલી કરતે મનને આનંદ આપતો બેઠો હતો. શરાબનો તે ખાસ ભક્ત હતો તેની ત્રણ યુવાન સ્વામિનિઓ તેની શરાબ પ્રત્યેની ભક્તિ જાણતી હતી અને તેથી તેને જોઇએ તેટલો દારૂ પૂરો પાડવામાં કોઇ જાતની આનાકાની કરતી નહિ દારૂ પીતો પીતો તે કંઈ ભેદ ભર્યા વિચાર કરતે હતો. કારગ્રહના ભેદી ભોંયરામાં જે કાળાં કામો થતાં હતાં તે બધ રૅાથવેલ સારી રીતે જાણતો હતો. દારૂની પ્યાલી ખાલી કરવાનું તથ વિચાર કરવાનું રૅાથવેલનું કામ ચાલુજ હતું. એટલામાં દ્વાર ઉઘાડી સ્ટેન્ટન અંદર આવ્યો.

"હું તારીજ વાટ જોતો હતો—" રૅાથવેલ જરા સખત સ્વરે બોલ્યો.

"તમારી શી આજ્ઞા છે, કૅપ્ટન ?–" તે સોલ્જરે પૂછ્યું. તે એક પલ ભયથી ધ્રુજ્યો. તેને એવી શંકા આવી કે કેટલાક દિવસથી તે જે ગુપ્ત કામ કરતો હતો તેને લગતી કંઇ વાત તેના સરદારને કાને આવેલી હોવી જોઇએ; અને જો તેમ થયું હોય તો હવે તેનું આવી બન્યુંજ સમજવું કારણ કે તે સારી પેઠે જાણતો હતો કે તેનું કામ પ્રકાશમાં આવે તો તેને મૃત્યુ કરતાં ઓછી સજા થાય એમ "કૅસલ રશન"ના ન્યાયશાસ્ત્રમાં લખ્યું ન્હોતું !

"તારે ભય પામવાની જરૂર નથી–" રૅાથવેલ, સ્ટેન્ટનના મુખ પરની ભયની સ્પષ્ટ છાયાનો ઉંધો અર્થ કરી બોલ્યો.

"એક માણસને પોતાના માતપિતાને પ્રસંગોપાત મળવા જવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છેઃ પણ સ્ટેન્ટન ! તું જાણે છે કે, આપણા કિલ્લાનો કાયદો તેની વિરૂદ્ધ છે. મેં તને થોડાક દિવસપર એ વિષે કહ્યું હતું અને તેં મને સંતોષકારક વચન આપ્યું હતુંઃ પણ મેં હમણાં સાંભળ્યું છે કે ગઇ કાલે તું રજા વિના બહાર ગયો હતો અને બે ત્રણ કલાક પછી પાછો આવ્યો હતો—"

"હું અતિ નમ્રતાપૂર્વક તમારી માફી માગું છું, કૅપ્ટન !–" સ્ટેન્ટન પોતાનો ભય ખોટો છે એવી ખાત્રી થતાંજ, પોતાની બાજી સંભાળી લેવા સાવધ થઇ, બોલ્યો.

"મારા પિતા, તમે જાણો છો કે ઘણા વૃદ્ધ છે–તેમની તબિયત હમણાં સારી નથી—"

"ઠીક–ઠીક–" કૅપ્ટન વચ્ચે બોલ્યો.

"હું તારી સાથે સખત થવા માગતો નથી. હું કબૂલ કરૂં છું કે માતાપિતાને મળવાની દરેક માણસને ઇચ્છા થાય છે અને તે સ્વાભાવિકજ છે. પણ જો સ્ટેન્ટન ! હમણાં એવાં સંજોગો ઉપસ્થિત થવાનો સંભવ છે કે જ્યારે એક બોલમાં મારા બધા બહાદૂર માણસો એ પોતાની ફરજ બજાવવા તત્પર થઇ જવું પડશે અને તેથી રજા લીધાં સિવાય હવે તું કદિ પણ બહાર ન જતો. આ સંબંધમાં એટલીજ સૂચના તને મારે આપવાની છે. કારણ કે હું જાણું છું કે તું લાયક માણસ છે–અને તારે માટે મારે કાને એ સિવાય બીજી કોઇ પણ જાતની ફરિયાદ આવી નથી–"

"તમારા બારે મારેના સારા અભિપ્રાય માટે હું તમારો આભાર માનું છું. કૅપ્ટન! અને ખાત્રી રાખજો કે ગમે તેવા સંજોગો ઉપસ્થિત થશે તે સમયે આ સેવક તમારી સેવામાંજ હશે—" સ્ટેન્ટને જવાબ આપ્યો.

"છેલ્લા કેટલાક દિવસથી હું તારાપર અસામાન્ય વિશ્વાસ મૂકું છું. કેટલાંક ગુપ્ત કારણોને લીધે મને કિલ્લાની બહાર અગત્યના કામ માટે જવું પડે છે—હું કદિ પણ કિલ્લામાંથી હમણાં જાઉં છું તેટલીવાર બહાર ગયો ન્હોતો અને મારી ગેરહાજરીમાં કેદીઓપર ધ્યાન આપવાનું મેં તને સોંપ્યું છે—"

"મેં તમારી સૂચના અનુસાર મારી ફરજ વફાદારીથી બજાવી છે, કૅપ્ટન!"

"હું તે માનું છું—મારી ખાત્રી છે; છતાં કોઇ પણ જાતની નજર ચૂક ન થાય તેની સંભાળ રાખજે. બોલ આજે તેં કેવી રીતે—"

"તમે કોની વાત જાણવા માગો છો તે હું સમજી ગયો. આજે સ્હવારે જ્યારે હું ભોંયરામાં ગયો ત્યારે હું તેની ઓરડીના દ્વાર આગળથી પસાર થઇ ગયો અને તેને અન્ન કે પાણી કંઈ પણ આપ્યું ન્હોતું—"

"બરાબર! એવીજ સૂચના મને મળી હતી. પણ કાલે જ્યારે તું તેને અરધો રોટલો અને અરધું ગ્લાસ પાણી આપી આવ્યો ત્યારે તે કેવો દેખાતો હતો? તેનું અભિમાન તૂટયું હતું કે?—"

"હા. કૅપ્ટન! તેના અભિમાની હૃદયને હવે ઠેકાણે આવતાં વાર લાગે એમ મને લાગતું નથી—"

"ખરી વાત છે, સ્ટેન્ટન!—" રૅાથવેલ ખડખડ હસીને બોલ્યો.

"જોની, આપણે પણ અહિં પેટ પૂરતું ખાવાનું ને દારૂની પ્યાલીપર પ્યાલી ઉડાવવાની મળતી હોય ત્યારેજ આપણું કામ બરાબર કરી શકીએ છીએ ને! ખાધાપીધા વિના જીવાય ખરૂં?...પણ હવે એ વાત જવા દે. સ્ટેન્ટન! તું મારો વિશ્વાસુ માણસ છે—તું બધા સૈનિકોને ઓળખે છે—તું એમ ધારે છે કે તે બધા હું જેમ કહું તેમ કરવા તૈયાર થશે?—"

"મને તે વિષે જરાપણ શંકા નથી..." સ્ટેન્ટન રૅાથવેલને સહેજ પણ શંકા ન જાય એવા સ્વરે બોલ્યો:

"અમે બધા, કૅપ્ટન! તમને માન આપીએ છીએ; અને અમારી શેઠાણીઓ માટે, તમે જાણો છો કે, અમે મરવાને પણ એક પગે તૈયાર છીએ—"

"શાહબાશ! આવીજ ખાત્રીની મેં આશા રાખી હતી—તારા શબ્દોથી મને પૂરતો સંતોષ થયો છે. ઠીક, સ્ટેન્ટન! હવે વખત નજીક આવે છે કે જ્યારે તારી અને તારા સાથીઓના શૌર્યની પરિક્ષા થશે. અને તેથી તમને તદ્દન અજાણ્યા રાખવાનું હું પસંદ કરતો નથી. હમણાં હું ફક્ત તને એટલુંજ કહું છું કે આપણે અલ્પ સમયમાં લડાઇ કરવી પડશે—બસ, એ સિવાય વધુ હું તને કહી શકતો નથી. પણ આ વાત વાતમાં ને વાતમાં તારા સાથીઓને પણ જણાવી રાખજે કે જેથી તેઓ તૈયાર થઇ રહે. વૃદ્ધ ડ્યુક મરણને કિનારે છે—"

"અમે તે જાણીએ છીએ સાહેબ! અને તે માટે ખરેખર દિલગીર છીએ—" સ્ટેન્ટને જવાબ આપ્યો.

"શા માટે તું દિલગીર થાય છે સ્ટેન્ટન?—"

"ડ્યુકના અંતિમ કાલ માટે, કૅપ્ટન!—કારણ કે ડ્યુક સાહેબના મૃત્યુથી અમારી વ્હાલી શેઠાણીઓની સત્તા નષ્ટ થશે—" હજુ પણ સ્ટેન્ટન જાણે કૅપ્ટનનો વફાદાર નોકરજ હોયની તેવી રીતે બોલ્યો. તે ફુટ્યો હતો—કારાગૃહમાંના કેદીઓનો સહાયક થયો હતો એવી ઝાંખી કલ્પના પણ હજુ સુધી કોઇને આવી ન હતી.

"અને આપણી શેઠાણીઓની સત્તા તથા જાહોજલાલી જાળવી રાખવાની તારી ઇચ્છા છે?—"

"આહ! સાહેબ! મને તેમ થાય એવો કોઇ પણ રસ્તો બતાવો—અને હું તમારી ખાત્રી કરી આપીશ કે એમ કરવા માટે હું મારા પ્રાણની પણ પરવા કરતો નથી. મારી વ્હાલી શેઠાણીઓની સત્તા ન તૂટે એજ મારી આંતરિક ઇચ્છા છે—"

"હું અત્યારે તને વધુ ખુલાસો કરી શકતો નથી...." થોડીક પલ વિચાર કરી રૅાથવેલ બોલ્યો.

"પણ તારે માટે એટલુંજ જાણવું પુરતું છે કે આપણી સ્વામીનીઓની સત્તા નષ્ટ થશે નહિ...તે સત્તા જાળવવા માટે તેમનાં શત્રુ સાથે લડવાનો દુર્લભ પ્રસંગ પણ કદાચ તને મળશે—આ વાતનો ઇસારો તારા સાથીઓ સમક્ષ પણ કરજે—"

"હું જરૂર તેમને ચેતાવી રાખીશ, કૅપ્ટન ?—તમારે બીજી કંઇ આજ્ઞા કરવાની છે ?—"

"હા—" થોડીકવાર વિચાર કરી રૅાથવેલે જવાબ આપ્યો.

"આજે રાત્રે તારે એક કામ કરવાનું છે. તને ખબર છે કે છેલ્લા કેટલાક દિવસથી હું મારા નિયમ કરતાં વધુવાર કિલ્લાની બહાર જાઉં છું. મારો હેતુ બહારથી આપણી ગૅરીસન માટે કેટલાક માણસો મેળવવાનો હતો અને તે હેતુ પાર પડ્યો છે. મેં એક ન્હાની ટુકડી મેળવી છે. તે આજે આપણી ગૅરીસનને આવી મળશે. માસ્ટર સ્ટેન્ટન ! તું હવે સમજી શક્યો હશે કે હું જે કામ કરૂં છું તે ઘણી સાવધાની અને દક્ષતાથી કરૂં છું. હું શું કામ બહાર જતો હતો તે કાળા ચલિયાને પણ ખબર નથી. પણ હું નકામો આમતેમ રખડવા જતો ન્હોતો. ગામના લોકોને સાચાં જૂઠાં ગપ્પાં મારવાનો બહુ શોખ હોય છે તેથી તેમને સહેજ પણ શંકા ન આવે એવી રીતે મેં ગુપચુપ મારૂં કામ પાર પાડ્યું છે..."

"તમે જે પણ કામ હાથમાં લો છો તે સમ્પુર્ણ દક્ષતાથી વિજય સહિત પાર પાડો છો, કૅપ્ટન !—" રૅાથવેલ દારૂના બહારમાં જોઇએ તે કરતાં વધુ બકે છે એમ માની, તેની પ્રશંસા કરતો સ્ટેન્ટન બોલ્યો.

"તું જાણે છે એમ ! આહ ! લુચ્ચો !—" પોતાની પ્રશંસાથી મલકાઇ ગૅરીસનનો કૅપ્ટન બોલ્યો.

"લે—આ દારૂ પી—ઉડાવ દોસ્ત ! તું ખરેખર, મારી ટુકડીમાં એક ચાલાક માણસ છે—ચાલ, લે આ પ્યાલી—પી જા !—......અને હવે સાંભળ, માસ્ટર સ્ટેન્ટન ! હવે પછી આખા દિવસમાં દારૂનું એક પણ ટીપું ન પીતો કારણ કે તારે આજે રાત્રે ઘણી જોખમ ભરી અને ગંભીર ફરજ બજાવવાની છે, ચાળીસ સશક્ત સૈનિકોની ટુકડી જે મેં ભેગી કરી છે તે આજે સાંજે—અથવા આજે રાત્રે—એક નક્કી કરેલા સ્થળે ભેગી મળવાની છે. રાત્રે અગિયાર વાગે ખાઇના કિનારાપર એ ટૂકડી આવી પહોંચશે અને તેમના સરદારના નેતૃત્વ નીચે કિલ્લાના મુખ્ય દ્વાર પાસે આવશે. તે ટૂકડીનો સરદાર "પાસ—વર્ડ" (પ્રવેશ થવાનો શબ્દ) જાણે છે અને તેને લીધે તે તથા તેના ચાળીશ સૈનિકો કિલ્લામાં દાખલ થઈ શકશે. આથી તું અગિયારમાં દસ બાર મીનીટ કમી હોય એટલે કિલ્લાના મુખ્ય દ્વાર આગળ

હાજર રહેજે અને તારા કાનમાં પ્રવેશક શબ્દ ટુકડીનો સરદાર કહે કે તરત તેને અંદર દાખલ કરજે—"

"તમારે એ વિષે હવે સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. સાહેબ! હું મારી ફરજ બરાબર બજાવું તેમાં દારૂની કેફને લીધે ખલલ ન આવે તે માટે જ્યાંસુધી એ ટુકડી કિલ્લામાં સહીસલામત આવી ન પહોંચે ત્યાં સુધી શરાબનું એક પણ ટીપું ન પીવાના હું કસમ ખાઉં છું—"

"મેં તારા જેવા વફાદાર અને વીર સૈનિકના મ્હોમાંથી એવા જ શબ્દોની આશા રાખી હતી......" રોથવેલ અમલદારી સ્વરે બોલ્યો.

"સાંભળ, તે ગુપ્ત પ્રવેશક શબ્દ "ત્રણ બહેનો" છે—જોજે—ભૂલતો ના—વળી કોઇને પણ એ શબ્દો કહેતો ના—મેં તને અત્યાર અગાઉનું કહી દીધું છે કે આપણે કટોકટ સ્થિતિમાંથી પસાર થઇએ છીએ અને તેથી આપણે જે કામ કરીએ છીએ તે અત્યંત સાવચેતી અને ડહાપણથી કરવાની ખાસ જરૂર છે."

"હું કોઇપણ જાતની ભૂલ કરીશ નહિ. કૅપટન! આજે રાત્રે ભોંયરામાં જવાની મારે જરૂર છે ખરી ?—"

"નહિ. જ્યારે શેઠાણીઓ ત્યાં જાય ત્યારે તારે જવાની જરૂર નથી કારણ કે એ સમયે તો તારે મેં કહી તે અગત્યની ફરજ બજાવવાની હશે તે છતાં તારે એક બીજું કામ કરવાનું છે. લગભગ નવ સાડા નવ વાગે ત્રણ દારૂની બાટલી લઇ ભોંયરામાં જજે—એક મેજર લેમ્બટનને અને બીજી લૉરેન્સ લીને આપજે—તેમને શરાબ પીવાથી આનન્દ મળશે—ત્રીજી બાટલી મી૦ લૅમ્બટનને આપજે. જો કે એ માણસ આપણને ઉપયોગી નથી છતાં હવે એક બાટલી દારૂ પાવામાં "રશન કૅસલ" નો ભંડાર ખાલી થવાનો નથી......"

"તમારાં હુકમો હું બરાબર બજાવીશ. પેલા કેદીને તો કંઇજ આપવાનું નથી, ખરૂં કની ?—"

"નહિં. એક રોટલીનો ટુકડો પણ નહિ ને પાણીનું ટીપું પણ નહિ...બસ, હવે જા, મારે તને બીજું કહેવાનું નથી." રોથવેલે કહ્યું.

સ્ટેન્ટન કૅપટનની વાત પૂર્ણ થયા પછી તે ઓરડામાંથી બહાર

નીકળ્યો; અને બારણું બંધ થતાજ તેના વદનપર કેપ્ટનની સાથે વાત કરતી વેળા જે નમ્રતા અને તાબેદારી જણાતી હતી તે ઉડી ગઇ અને તેની જગ્યા કોઇ વિચિત્ર લાગણીએ લીધી.

પ્રકરણ ૩ જું.

"રશન કૅસલ"માં હેન્રી બીટન.

આ બનાવ બનતા હતા ત્યારે જાન્યુઆરી મહિનો ચાલતો હતો એ વાંચનારે લક્ષમાં રાખવાનું છે. શિયાળાને લીધે સૂર્યાસ્ત વહેલો થતો અને ટાપુમાં તેથી વહેલું અંધારૂં પડતું. જ્યારે રોથવેલ અને સ્ટેન્ટન વાત કરતા હતા ત્યારે પણ અંધારૂં થઇ ગયું હતું.

કેપ્ટનના ઓરડામાંથી સ્ટેન્ટન બહાર નીકળ્યો. તે એક મજબૂત દોરડાનું ગુંછળું હાથમાં લઇ, કિલ્લાની દિવાલ પર ગયો કે જ્યાંથી સ્હામા કિનારાપર જોઇ શકાતું. દિવાલપર જઇ તેણે અંધકારમાં આંખો ફાડી ફાડીને સ્હામે કિનારે જોયું. અંધારામાં કોઇ વ્યક્તિ પાળપર ફરતી હોય એમ તેને લાગ્યું. તેણે વિચિત્ર ઢબે ધીમેથી સીસોટી ફોડી. સ્હામી પાળપરની વ્યક્તિએ તે સાંભળી કે કેમ તે તો કોણ જાણે; સ્ટેન્ટન એક મિનિટ તદન મૌન રહ્યો. સર્વત્ર અંધારૂં હતું. ઘોર શાન્તિ ચારે તરફ પથરાયલી હતી. સ્ટેન્ટને બીજી વાર સ્હામે જોયું અને ત્યાં કોઇ વ્યક્તિ છે એ વિષે તેને લેશ પણ શંકા રહી નહિ. તે વ્યક્તિ ખાઇના કિનારાપર આવી શકાય તેટલી નજીક આવી. સ્ટેન્ટને તેને જોયા પછી તરતજ એક ન્હાની તોપ સાથે પેલું દોરડું બાંધ્યું અને ત્યાર પછી પોતાની સઘળી શક્તિ એકઠી કરી દોરડાનું ગુંછળું સ્હામી પાળ પર ફેંક્યું. હવામાં તે દોરડું છુટું થવાનો અવાજ થયો; પણ એ અવાજ સાંભળી શકે એવો કોઇપણ પ્રહરી નજીકમાં ન્હોતો. સ્હામા કિનારાપરની વ્યક્તિએ દોરડાનો છેડો પકડી લીધો અને તરતજ તે નજીકમાંની એક મજબૂત વસ્તુ સાથે બાંધી. ખાઇ પસાર કરી કિલ્લાપર જવાનો દાદર બનાવી દીધો ! આ માણસ કોઇજ નહિ પણ હેન્રી બીટન હતો. તરતજ તે દોરડાપર ચઢવા લાગ્યો અને ત્વરિત વેગે, અત્યંત સાવચેતીથી તે કિલ્લાની દિવાલ પર જઈ પહોંચ્યો.

"મેં ધાર્યુંતું તેમજ બન્યું છે. મારાથી આજે કિલ્લાની બહાર જવાય એમ નથી–" સ્ટેન્ટને તે ઉપર આવતાંજ અત્યંત ધીમા સ્વરે કહ્યું.

"ત્યારે તો તમે આવી રીતે મારી સાથે વાત કરવાની યુક્તિ શોધી કાઢી તે સારૂં કર્યું. કંઇ નવાજૂની બની છે ?–" હેન્રીએ પૂછ્યું.

"હા, આજે રાત્રે બનશે. રૅાથવેલે મને સંપૂર્ણ વાત કહી છે. હવે, માસ્ટર બીટન ! હું પૂછું તેનો જવાબ આપો. એ ત્રણ કલાકમાં જે માણસોને તમે તમારી ટુકડીમાં દાખલ કીધા છે તેમને– તમે ભેગા કરી શકો એમ છો !—"

"હા. પચાસ સશક્ત અને હિમ્મતવાળા માણસો મારી સેવામાં તૈયાર છે–"

"ઠીક ત્યારે......." તે સોલ્જરે જવાબ આપ્યો.

"રૅાથવેલ આજે રાત્રે એક ટુકડીની રાહ જુએ છે–તે કિલ્લાના મુખ્ય દ્વારપર અગિયાર વાગે આવી પહોંચશે—માટે તમારે ટુકડી સાથે તે પહેલાં આવવું જોઇશે...વીસ મીનીટ પહેલાં—અથવા અરધો કલાક પહેલા,–અંદર દાખલ થવાનો ગુપ્ત શબ્દ "ત્રણ બહેનો" છે. એ શબ્દ બોલતાંજ તમે દાખલ થઇ શકશો; અને જ્યારે તમે દરવાજામાં દાખલ થાઓ કે તરતજ કિલ્લાના રક્ષકોને નિઃશસ્ત્ર કરી ચાવી હાથ કરી લેજો. તે પછી શું કરવું તે હું તમને જણાવીશ. હું પણ ત્યાં હાજર રહીશ. બસ, હવે ચાલ્યા જાઓ. પણ જોજો–સંભાળથી કામ કરજો–"

"ગભરાઓ ના. હું એક પણ ખોટું પગલું નહિ ભરીશ." આટલું કહી તે યુવાન દોરડા પરથી ઉતરી ગયો અને જે જગ્યાએ તેણે તે બાંધ્યું હતું ત્યાંથી તે છોડી નાંખ્યું.

સ્ટેન્ટને તે દોરડું ઉતાવળથી ખેંચી લીધું–તોપ પરથી છોડી નાંખ્યું અને તે લઇ ત્વરિત વેગે કોટ પરથી નીચે ઉતરી ગયો.

પણ હજુ તો દોરડું છોડીને પાળપરથી હેન્રી બીટન નીચે ઉતરવા જતો હતો તેવામાં એક ઉંચો સખ્સ તેની સામે આવી ઉભો. તેણે પોતાનું શરીર એક મોટા ઝભ્ભાથી ઢાંક્યું હતું. હેન્રીની પાસે આવી તે બોલ્યો.

"મેં તમારી બધી હીલચાલ જોઇ છે...." તે માણસ કંઇક ઉદ્ધતાઇથી બોલ્યો ખરો છતાં તેનો સ્વર તદન અવિનયી અને જંગલી નહોતો.

"એમ ? ..." હેન્રી બીટન હવે શું કરવું તે સૂઝ ન પડવાથી મૂઝાઇને તથા પોતાની બધી બાજી ધુળમાં મળી એથી નિરાશ થઇને બોલ્યો.

"હા. જ્યારે કોઇ માણસ જાસુસી કરવાનેજ બહાર પડે છે ત્યારે તેની આંખો અતિ તિક્ષણ બને છે. મારી આંખો અંધારૂં હોવા છતાં તમારૂં કામ જોઇ શકી છે. તમે દોરડા પરથી કિલ્લાની દિવાલ પર ગયા અને ત્યાં કોઇની સાથે વાત કરી—"

"જરા આ બાજુ આવો એટલે આપણે જરા વધુ છૂટથી વાત કરીએ કારણકે કિલ્લાની નજીકમાં આમ ગુપચુપ વાત કરવી એ ધાસ્તી ભર્યું કામ છે." હેન્રી બીટન બોલ્યો.

"ધાસ્તી ભર્યું ! આહ !—શું તમે ખરૂં કહો છો ?—" હેન્રી બીટનનો નવો—અજાણ્યો સાથી આ શબ્દો એટલી બધી અજાયબીની લાગણીથી બોલ્યો કે હેન્રી તે સાંભળીને તેનો શું અર્થ કરવો તે સમજી શક્યો નહિ. જો કે તેણે આ નવા માણસ સાથે કેમ કામ લેવું તેનો વિચાર તો કરી લીધો હતો !

તેઓ ખાઈની પાળપરથી નીચે ઉતર્યા અને ગુપચુપ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં હેન્રીએ પોતાના નવા સાથીને અંધકારમાં જેટલો જોઇ શકાય તેટલો જોઈ લીધો. તે અજાણ્યા સખસે એક મોટો ઝબ્બો પહેર્યો હતો અને તેના માથાપરની હેટ એવી રીતે મૂકી હતી કે અંધકારમાં તેનું મ્હોં બરાબર જોઇ શકાય એમ ન્હોતું તે છતાં બીટનની તિક્ષણ આંખો તેનું નિરિક્ષણ કરી શકી. તેનું વય ત્રીસથી ચાલીસની અંદર હશે એવી તેણે કલ્પના કરી. તેનું શરીર પાતળું હતું—તેના વાળ લાંબા ને કાળા હતા—તથા તેની આંખો વિકારી હતી. તેની ભાષાપરથી તે કોઇ શ્રીમંત કુલનો હશેજ એ તો તે ક્યારનો જાણી ગયો હતો. તે ગમે તે હોય—પણ મોજમઝા અને અયશરામનો ગુલામ હશે એવી તો હેન્રીની ખાત્રી થઇ ગઇ.

"અને હવે મહેરબાની કરી તમે કહેશો કે તમે શા માટે મારી હીલચાલ જોવા મારી પાછળ આવ્યા હતા ?..." કિલ્લાથી થોડેક દૂર ગયા પછી હેન્રીએ પેલા અજાણ્યા સખસને પૂછ્યું.

"વળી મારી પાછળ જાસુસી કરવામાં તમારો કોઇ નીંચ હેતુ નથી એવી પણ તમારે મને ખાત્રી કરી આપવી પડશે; નહિ તો આપણે આપણાં શસ્ત્રો મ્યાનમાંથી ખેંચવા પડશે અને આ જગ્યાએથી ખસી

શકીએ તે પહેલા એક જણે આ જગતની મુસાફરી પૂરી કરવી પડશે—"

" દ્વંદ્વ યુદ્ધનું આવાહન ન સ્વીકારૂં એવો હું હીચકારો નથીઃ પણ હું કલ્પના કરૂં છું કે મારે તમારી સાથે હમણાં લડવાની જરૂર નથી—"

" કારણ ?—"

" કારણ કે તમે મારા શત્રુ નહિ પણ મિત્ર થઈ શકશો એમ મને લાગે છે. મને લાગે છે કે તમારી અને મારી સ્થિતિ સરખી છે. "

" તમે શું કલ્પના કરી છે તે જણાવશો ?—"

" તમે કિલ્લાની બાજુમાં ગુપચુપ વાત કરવી એ સલામતી ભર્યું નથી એમ હમણાંજ બોલ્યા છો તે પરથી તથા કિલ્લાની દિવાલ પર કોઇ સાથે તમે ગુપચુપ વાતચીત કરી તે પરથી કિલ્લામાં જેમની સત્તા ચાલે છે તેમની સાથેનો તમારો સંબંધ મિત્રતાભર્યો નથી એવી કલ્પના મેં કરી છે અને તે ખોટી નથી એવી મારી ખાત્રી છે. હવે, હું સરલ હૃદયે તમને જણાવી દઉં છું કે મારી સ્થિતિ પણ એવીજ છે. હું કિલ્લામાંના માણસોનો મિત્ર નથી—"

" મને તેની સાબીતી આપો. તમે સત્ય બોલો છો તથા મારી સાથે કોઈ પણ જાતનો દગો કરવા માગતા નથી તેની મને સાબીતી આપો. તમે કિલ્લામાં નથી રહેતા એ હું શી રીતે માની શકું ?—" હેન્રીએ પૂછ્યું.

" અને હું મારૂં ખરૂં નામ તમને કહું તો તમે મને તમારો મિત્ર ગણશો એમ હું શી રીતે ધારી શકું ?—" તે અજાણ્યા સખસે પૂછ્યું.

" ખરી વાત. આપણામાં પરસ્પર અવિશ્વાસ છે.—અને તે કુદરતી છે. પણ જેઓ કિલ્લામાં સત્તાશીલ છે તેમની સાથે મારો સંબંધ મિત્રતાભર્યો નથી એમ તમે ધારો છોઃ તો તમે હવે મારા શત્રુ થવા નથી માગતા તેની સાબીતી તો આપી શકશો. કારણ કે તમારા કહેવા પ્રમાણે તમે પણ મારા જેવાજ છો—"

" હા. હું મારી અકપટતાની ખાત્રી આપી શકીશ. જેઓ હમણાં કિલ્લામાં સત્તાશીલ છે તેઓ મારી વિરૂદ્ધ કાવત્રાં રચે છે અને તે

વિષે ખાત્રી કરવા માટેજ હું ગુપચુપ આ ટાપુમાં આવ્યો છું તથા કિલ્લાની નજીક પણ હું રાત્રીને સમયે ગુપ્ત વેષમાં ચર્યા જોવા આવ્યો હતો—"

"છૂપા વેષમાં? ત્યારે તમે ખરેખર કોણ છો?—" હેન્રી-બીટને પૂછ્યું.

તે અજાણ્યા ગૃહસ્થે જરા વાર આનાકાની કરી અને પછી ખુલ્લા દીલથી ધીમા સ્વરે કહ્યું:—

"હું માર્કિવસ ઑફ ટુલીબારડીન છું—"

"આહ! તમે—તમે—ડ્યુક ઑફ એથલના પુત્ર!—"

"હા. હું ડ્યુકનો પુત્ર છું..." તે ઉમરાવજાદાએ જવાબ દીધો.

"અને દુર્ભાગ્યવશાત્..." માર્કિવસ દુઃખદ સ્વરે શોકગ્રસ્ત થઈ બોલ્યો.

"અને દુર્ભાગ્યવશાત્ મારી બહેનો એવી છે કે જો કે આ સમયે મારા પિતાજી મૃત્યુશય્યા પર છેલ્લા શ્વાસ લે છે તે છતાં હું તેમને મળવા કિલ્લામાં જઇ શકતો નથી. નહિ—હું મારૂં શરીર મારી બહેનોની સરહદમાં સુરક્ષિત રહે એમ માનતો નથી—"

"મારા લૉર્ડ! તમે મુક્ત હૃદયે વાત કરો છો તેથી હું તમારો આભાર માનું છું. હવે આપણે એક બીજાને બરાબર સમજી શકીશું તમે મને આમ અચાનક મળ્યા છો તે સદ્ભાગ્યની નિશાની છે. આહ! આ ભયંકર દિવાલથી ઘેરાયલા કમ્પાઉંડમાં જે કાળાં કામો થાય છે તે તમે જાણો છો? તમને તે વિષે કંઈ શંકા પણ છે ખરી?..."

"તમે ખાસ કરીને ક્યાં કૃત્યો વિષે ઇસારો કરો છો તે હું જાણુતો નથી." માર્કિવસ ઑફ ટુલીબારડીને જવાબ આપ્યો.

"પણ એટલું તો હું ખાત્રીપૂર્વક જાણું છું કે, મારી નીચ અને દુષ્ટ બહેનો ગમે તેવાં નીચ—દુષ્ટ—પાપી અને રાક્ષસી કૃત્યો કરતાં અચકે એવી નથી—"

"મારા લૉર્ડ! કિલ્લામાં તમારી બહેને કેટલાક નિર્દોષ ગૃહસ્થોને કેદ કર્યા છે—આહ! તેમણે તેમને એક ભયંકર ભોંયરાને તળિયે પૂર્યા છે—"

"હા—પોતાના કેદીઓ કદિ પણ છટકી જઇ ન શકે તે માટે

એ કિલ્લો બંધાવનારા જંગલીઓએ જે ભયંકર કારાગ્રહ બંધાવ્યું છે તે મેં જોયું છે. પણ સાહેબ! તમે કોણ છો તે હજુ સુધી તમે મને કહ્યું નથી. મેં તમારા પર વિશ્વાસ રાખી મારૂં ખરૂં નામ તમને કહી દીધું છે. હવે હું જાણવા માગું છું કે તમે કોણ છો?–"

"હું તો એક ગરિબ નોકર છું અને મારા શેઠને તથા બીજા કેદીઓને તે ભયંકર કારાગ્રહમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કરૂં છું–"

"અને હું તમને મદદ કરીશ–હું તમારો સહાયક થઇશ–" રોનાલ્ડ મોટેથી બોલ્યો.

"શાન્ત થાવ, મારા લૉર્ડ! આપણે મોટે સ્વરે બોલવું ન જોઇએ તેમ અહિં વધુ વાર રોકાવું પણ ન જોઇએ. વળી મારે હજુ ઘણું કામ કરવાનું છે. મારી સાથે શહેરમાં ચાલો અને તમને દરેક વાતથી હું રસ્તામાં માહિતગાર કરીશ. ખરેખર, તમારી બહેનો તમારી સામે એક ભયંકર કાવત્રું રચી રહી છે. તમારી બહેનો તેમના ત્રણ કેદીઓને જોર જૂલમથી પોતાની સાથે પરણવાનું કબૂલાવી તમારા પવિત્ર હક્કો લૂંટી લઇ, તમારા પિતાની વડીલોપાર્જીત મીલકત પચાવી જવા માગે છે—"

"આહ! મને એવા રિવાજની હવે યાદ આવે છે–" અચાનક તેના મગજમાં કંઇ સ્મૃતિ થતાં તે બોલ્યો.

"ત્રણ બહેનો એક દિવસે એકજ સમયે પરણે તો તેઓ આ ટાપુની વારસ થઇ શકે–પણ મારા કમનસિબ પિતાએ એવા અન્યાયી દસ્તાવેજ પર સહી કરી હોય એ શું સમ્ભવિત છે?—"

"હા. મારા લૉર્ડ! તમારા પિતાએ તમારી બહેનોના કહેવા પ્રમાણે એવા દસ્તાવેજ પર ક્યારની સહી કરી છે–" હેન્રી બીટને જવાબ આપ્યો:

"પણ આ બધી વાતો તમે શી રીતે જાણવા પામ્યા?—" રોનાલ્ડે પૂછ્યું.

"કિલ્લામાંની ગૅરીસનના એક સોલ્જરને લાંચ આપી મેં મારા પક્ષમાં લીધો છે અને આજે દિવાલ પર જેની સાથે મને વાત કરતો તમે જોયો તે તેજ હતો. તે કેદીઓ સાથે વાતચીત કરવા શક્તિવાન થયો હતો! અને મારા શેઠ દ્વારા તમારી બહેનો શું કરવા

માગે છે તે જાણી શક્યો હતો. તમારી બ્હેનોનો એ હેતુ હજુ સુધી ગૅરીસનના બીજા સોલ્જરો પણ જાણતા નથી—"

"અરે રામ! સ્ત્રીના આકારમાં આવી રાક્ષસી બ્હેનો હોય એના કરતાં બ્હેનજ ન હોય એ કેવું સારૂ!—" રોનાલ્ડ આવી દુષ્ટ બ્હેનો મળવાથી શોક પામી બબડ્યો.

તે થોડીક વાર વિચારમાં પડ્યો. થોડીક પલો પછી તે બોલ્યોઃ

"પણ હવે તમારી યુક્તિ શું છે? તમે શાના પર આધાર રાખો છો? તમે શું કરવા માગો છો? હું તમને શી રીતે મદદ કરૂં?—"

"સાંભળો! પીળી ધાતુના પ્રતાપે હું પચાસ સશક્ત માણુસો મેળવી શક્યો છું કે જેઓ પૈસાને માટે પોતાનો આત્મા શયતાનને વેચતાં પણ અચકે એવા નથી. આવા બદમાસ મનુષ્યોની સહાયથી કામ કરવાની મને ફરજ પડી છે—"

"કંઈ ફીકર નહિ. તેઓ દગાબાજ ન નીવડે તો પછી તેઓ કોણ છે ને કેવા છે તે જાણવાની આપણને પરવા નથીઃ પણ તમે તેમના પર વિશ્વાસ મૂકી શકો છો?—"

"હા. હું તેમના પર વિશ્વાસ રાખી શકું છું કારણ કે મેં પહેલાંથીજ તેમને ઉદારતાથી પૈસા આપ્યા છે અને તે પરથી ભવિષ્યમાં તેમની સેવાનો બદલો અત્યંત ઉદારતાથી વાળવામાં આવશે એવી તેમની ખાત્રી થઇ ગઇ છે; પણ તમે—મારા લૉર્ડ! તમે તમારી સાથે કોઇને લાવ્યા નથી? તમે એકલાજ અહિં આવ્યા છો?—"

"મારી સાથે મારા બે નીમકહલાલ નોકરો છે અને તેઓ શહેરથી લગભગ બે માઇલના છેટા પરની એક ન્હાની ઝુંપડીમાં છે. અલ્પ સમય પૂર્વે અચાનક મારા પિતા આ જગત્ તજી બીજા જગતમાં જવાની તૈયારી કરે છે એ વાત મારા જાણવામાં આવી અને મારી બ્હેનો તરફથી મારા પિતાની સખત માંદગી સંબંધી કંઇ પણ ખબર મને ન મળવાથી તેઓ કંઈ કપટબાજી ખેલે છે એવી શંકા મારા હૃદયમાં જન્મી. તેમના ભૂતજીવનની કેટલીક વાતો મને ખબર હોવાથી એવી શંકા મારા મનમાં જન્મે એમાં કંઇ શક ન્હોતો. હું તરતજ ટાપુમાં આવવા તૈયાર થયો અને કોઇ પણ જાતનું જાહેર પગલું લઉં તે પહેલાં ખાનગી તપાસ કરવાનું મને ડહાપણ ભર્યું લાગ્યુ

તેથી હું ચુપચુપ ટાપુમાં આવ્યો અને છૂપા વેષમાં તમને ખાઇ નજીક મળ્યો—"

"હવે, મારા લૉર્ડ! જે બાદૂતી સૈન્ય મેં એકઠું કર્યું છે તેની મુલાકાત લેવા હું જાઉં છું. કિલ્લામાં દાખલ થવાનો ગુપ્ત શબ્દ હું જાણું છું. દસથી અગિયાર વાગ્યાની વચ્ચે હું મારી ન્હાની ટુકડી સાથે કિલ્લામાં દાખલ થઇશ. તમે એ સેનાના સેનાપતિ થશો?—"

"બહાદૂર યુવાન!..." માર્કિવસ હેન્રીનો હાથ પકડી વ્હાલથી બોલ્યો:

"જે ટૂકડીના નેતા થવાનો તમને હક છે તે હક હું ખૂંચવી લઇશ નહિ: પણ હું તમારી સાથે આવીશ—"

"નહિ, મારા લૉર્ડ! તમે એ સેનાના સેનાની થાવ અને એ ફક્ત તમારી હાજરીથીજ કિલ્લામાંનું લશ્કર તમને શરણે થઇ તમારી બહેનોનો પક્ષ છોડી દેશે એમ મને લાગે છે...."

"તે ગમે તેમ થાય...પણ હું એ ટૂકડીની સરદારી તો લઇશ નહિજ. તમેજ તેના સરદાર થાઓ અને હું તમારી સાથે આવીશ. તમારી સલાહ મને ઉપયોગી થઈ પડશે. આહ! આજે પ્રભુએજ આપણને મેળવ્યા છે....પણ હજી તમે મને તમારૂં યા તમારા શેઠનું નામ તો કહ્યુંજ નથી—"

"હું તો એક ગરિબ નોકર છું, મારા લૉર્ડ! મારૂં નામ હેન્રી બીટન...પણ મારા શેઠ એક જગત્‌વિખ્યાત યોદ્ધા છે...અને વર્તમાન કાલમાં શ્રેષ્ઠ સેનાની ગણાય છે. એમનું નામ જનરલ ઑલીફન્ટ—"

"શું! જનરલ ઑલિફન્ટ! અને તે વીર યોદ્ધો આ કિલ્લામાંના કારાગ્રહનો એક કેદી! આહ! જ્યાં તેનું માન અને પ્રેમપૂર્વક અતિથ્ય થવું જોઇએ ત્યાં તેના તરફ આવી શરમભરી વર્તણુક! ચાલો, હેન્રી બીટન! ચાલો, જલદી તમારા માણસોને એકઠા કરો કે જેથી આપણે મારી બહેનોની નીચ યુક્તિ ધૂળમાં મેળવી નિર્દોષ કેદીઓને મુક્ત કરીએ–" રોનાલ્ડ ગુસ્સાથી બોલ્યો.

"તમે મારી સાથે શહેરમાં આવો એ યોગ્ય નથી. માર્કિવસ ઑાફ ટુલીબારડીન શહેરમાં છે એવી ગપ પણ જો કોઈ ઉરાડે તો તે કિલ્લામાં પહોંચતાં વાર લાગશે નહિ. તેથી મને એકલાનેજ હમણાં જવા દો—" હેન્રીએ કહ્યું.

"હું મારા માણસોને અમુક વખતે અમુક સ્થળે આવવાની આ કરૂં છું. જુઓ, સાડા દસ વાગે—કિનારાપરના ખડક પાસે અમે ભે થઇશું—"

"હું એ જગ્યા જાણું છું. સાડાદસ વાગે હું તમને ત્યાં મળી પ્રભુ તમને વિજય આપો..."

તેઓ છૂટા પડયા અને હેન્રી બીટન શહેરમાં ગયો. તે શહેર એકેએક પીઠાંમાં ફરી વળ્યો. એકેએક નીચ—દુષ્ટ વિલાસગૃહોમાં ‌ આવ્યો. તેણે જે માણસોને પોતાના પક્ષમાં લીધા હતા તે બધા દ ડીયા અને કામી હતા. તેમના પૈસા દારૂ અને વેશ્યા પાછળજ ખલ થતાં. આવા માણસોને શોધવા માટે બિચારા હેન્રીને કૅસલ ટા નની ઘણીખરી વિલાસી સ્ત્રીઓના ઘરની અને ઘણાંખરા પીઠાંઓ હવા ખાવી પડી. તેના માણસોને અમુક સંકેત ચિન્હથી તે ઓળ લેતો. બેચાર શબ્દો કહી તેમને પોતાનો હેતુ સમજાવી દેતો ચ પછી બીજાની શોધમાં જતો. તેને તેના બધા માણસો મળ્યા. બ દારૂના બહારમાં હતા—વિલાસ મંદિરોમાં મસ્ત થઇ પડયા હતા. ૧ તેઓ તદ્દન ટૂં થઇ ગયા ન્હોતા. હેન્રી બીટને તેમની આજકાલ જરૂર પડશે એવી સૂચના તેમને આપેલી હોવાથી તેના માણ હેન્રી તરફથી ભવિષ્યમાં મળવાના ઉદાર બદલાની આશામાં ધા લેટના બહારમાં ગટર માપતા થઇ ગયા ન્હોતા. હેન્રીએ અગાઉ તેમને ઉદારતાથી પૈસા આપી રાજી કર્યા હતા અને તેથી તેઓ આ ઉદાર માણસનું કામ કરવા શક્તિવાન થઇ શકે તે માટે અલ્પ સ માટે તેમણે પોતાના જીવનની વ્હાલામાં વ્હાલી બે વસ્તુઓ—શરા અને સુન્દરી—સાથે આજે ગાઢ સંબંધ રાખ્યો ન્હોતો! દરેક મા સને મળતાં હેન્રીના બે એક કલાક પસાર થઇ ગયા. તે પછી "એથલ આર્મ્સ"માં ગયો અને થોડોક દારૂ પી આરામ લેવા લાગ્યે

દસને વીસ મીનીટે હેન્રી બીટન તે પીઠાંમાંથી બહાર નીક નિયત સ્થાન તરફ ચાલ્યો. ખુલ્લી જગ્યામાં આવતાંજ તેણે ભયં કિલ્લા તરફ નજર કરી. આહ! કિલ્લાના ટાવરપર જે પ્રકાશથી એક વેળા ધ્રુજતો હતો તેજ પ્રકાશ હમણાં પણ તેની નજરે પડયે તે ભયંકર પ્રકાશ જોઇ તે બબડયો.

"પ્રભુ કરશે તો આ પ્રકાશ હવેથી કદિપણ દેખાશે નહિ—

ઉતાવળા વેગે તે આગળ ચાલ્યો.

કિનારાની નજીક આવતાં પેલા પ્રકાશ તરફ જોઇ વિચારગ્રસ્ત થયલો માર્કિવસ ઑફ ટુલીબારડીન તેને મળ્યો.

" તમે આ ભયંકર પ્રકાશનો :અર્થ જાણો છો, મારા લૉર્ડ !... પણ પ્રભુ કરશે તો તે હવે પછી કદિપણ કોઈની નજરે પડશે નહિ—"

માર્કિવસે તે પછી પોતાના સાથીને કહ્યું કે અનેક માણસો અંધકારમાંથી ખડક તરફ જતા તેણે જોયા છે. કિલ્લામાં પ્રવેશ થતાં સુધી માર્કિવસ કોણ છે તે જાહેર કરવું નહિ એવો બન્નેએ વિચાર કર્યો કે જેથી જો તેમને વિજય ન મળે તો રોનાલ્ડ તેમની સાથે હતો એ વાત ગુપ્તજ રહે. જ્યાં હેન્રીના સૈનિકો—મૅનદ્વીપના બદમાસો ભેગા થયા હતા ત્યાં તેઓ ગયા. હેન્રીએ બધાને ગણી જોયા. બધામળી પચાસ સૈનિકો હતા. એક પણ ઓછો ન્હોતો. કોઇએ પણ હેન્રીની આજ્ઞા તોડી ન્હોતી.

રાત્રીના ભયંકર અંધારામાં તે ટૂકડી કિલ્લા તરફ કુચ કરી ગઈ. હેન્રી બીટન ટૂકડીને મોખરે હતો. માર્કિવસ ઑફ ટુલીબારડીન છેક પાછળ હતો કે જેથી આખી ટૂકડી કિલ્લામાં દાખલ થાય ત્યાં સુધી તેને કોઇ ઓળખી શકે નહિ. એક પણ શબ્દ કોઈ બોલતું ન્હોતું—રસ્તામાં કોઈ પણ ભટકતો માણસ તેમને મળ્યો નહિ. થોડીક મિનિટમાં તેઓ કિલ્લા પાસે આવી પહોંચ્યા. હેન્રી બીટન હિમ્મતથી મુખ્ય દરવાજા પાસે ગયો અને તે ઠોકયો. એક ચોરસ—ન્હાનું ગુપ્ત દ્વાર ઉઘાડી અંદરથી પ્રહરીએ પૂછ્યું.

" કોણ છે ?—"

" મિત્રો—" હેન્રીબીટન દૃઢ સ્વરે બોલ્યો.

" પાસ-વર્ડ ?—" પ્રહરીએ પૂછ્યું.

" ત્રણ બહેનો !—" હેન્રીએ જવાબ આપ્યો.

તરતજ દરવાજો ઉઘાડવામાં આવ્યો અને હેન્રી બીટન પહેલવહેલો " રશન કૅસલ " માં દાખલ થયો. તે સૌથી આગળ હતો. તેની પાછળ તેના બધા માણસો દરવાજામાં આવી ગયા. ત્યાં એક પ્રકાશિત લૅમ્પ બળતો હતો. માર્કિવસ સૌથી છેલ્લો દાખલ થયો. અને અંદર આવતાંજ તેણે અચાનક ત્વરિત વેગે દ્વાર બંધ કરી, તાળામાંનો ચાવીનો ઝુમખો પોતાના કબજામાં લઇ લીધો.

એજ પલે હેન્રીના દરેક સૈનિકની તલવાર મ્યાનમાંથી બહાર નીકળી પડી. બે પ્રહરીઓ જેઓ આ વેળા પહેરાપર હતા તેમને

એકદમ પકડી લઇ તેમનાં હથિયાર છીનવી લેવામાં આવ્યા કે જેમને અચાનક હલ્લાનો સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો. તરતજ હેન્રીના માણસોએ "રક્ષાગૃહ" પર હૂમલો કર્યો અને ત્યાં જે દસ–બાર સોલ્જરો ગપ્પાં મારતા હતા તેમને એકદમ કેદ કર્યા.

આટલું થઇ ગયા પછી માર્કિવસ ઑફ કુલીબારડીને પોતાના માથાપરથી હૅટ ઉતારી. કિલ્લાના સૈનિકો તેને જોઇ એકદમ ભયભીત થયા કારણ કે તેનો દેખાવ એક વૈર લેવા આવેલા યુવાન જેવો હતો.

પ્રકરણ ૪ થું.

ખૂન.

રોનાલ્ડ હેન્રી બીટન અને તેના બાહુતી સૈનિકો સાથે "રશન કૅસલ" માં, ગુપ્ત સંકેતશબ્દની સહાયથી દાખલ થયો તે સમયે અગિયારમાં વીસ મીનીટ ઓછી હતી. પણ એ પહેલાં, એટલે એજ રાત્રે નવ વાગે જે બનાવ કિલ્લામાંના ડ્યુકના નિવાસસ્થળમાં બન્યો તે જાણવાની પણ જરૂર છે.

રૉથવેલે સ્ટેન્ટનને આજ્ઞા કરી હતી તે પ્રમાણે સ્ટેન્ટન બરાબર નવ વાગે કિલ્લામાંની સામગ્રી રાખવાની કોટડીમાં ગયો અને અભરાઈ પર દારૂની ત્રણ બાટલીઓ પડેલી તેણે જોઇ. આજુબાજુ કોઇ અન્ય નોકર ન હોવાથી તેણે એક પેટી ઉઘાડી અને તેમાંથી ઉતાવળમાં જે ખોરાક હાથમાં આવ્યો તે બહાર કાઢી તે એક દુવાલમાં બાંધી લઈ પોતાનાં કપડાંમાં સંતાડી દીધો. તે પછી પેલી ત્રણ બાટલીઓ લઇ તે કારાગ્રહના છાપરાપર ગયો. અહિં તેના બે સાથીઓ તેને મળ્યા. એકના હાથમાં લૅમ્પ હતો. ખુરશીપર બેઠા પછી સ્ટેન્ટને પોતાના હાથમાં લૅમ્પ લીધો અને પેલા બે સૈનિકોએ યંત્ર ચલાવતાં ખુરશી તે અંધારા કૂવામાં જવા લાગી. તળીયે જવા પછી તરતજ તે કલૅાડીઆના કેદીની કોટડીમાં ગયો. કલૅાડીઆનો કેદી કોઈજ નહિ પણ વીર શ્રેષ્ઠ જનરલ ઑલિફન્ટજ હતો.

"આવો, મારા ભલા મિત્ર !—" સ્ટેન્ટન, જનરલ ઑલીફન્ટની કોટડીની જાળીના સળીયા પાસે આવતાં જનરલ બોલ્યો.

"કેમ ચાલે છે ?—"

" આજે જે તે પરિણામ આવી જશે, જનરલ—" તે સોલ્જરે જવાબ આપ્યો.

" પણ આપણે ચિંતા કરવાનું કારણ નથી. બધું આપણી ઇચ્છા પ્રમાણેજ થયા કરે છે. આપ નામદારના બહાદૂર નોકર બીટનને મળ્યો હતો. ભાગ્યદેવી આપણાપર પ્રસન્ન જણાય છે. આજે રાત્રે બીટન અને તેની ટૂકડીને કિલ્લામાં દાખલ થવા માટે મારામારી કરવાની જરૂર પડશે નહિ, કારણકે કિલ્લામાં દાખલ થયાનો ગુપ્ત શબ્દ મેં તેને ગુપચુપ જણાવી દીધો છે—"

"ઠીક—" જનરલ ઑલિફન્ટ બેદરકારીથી આમતેમ જોતો બોલ્યો. પણ તે તેની તિક્ષણ આંખો સ્ટેન્ટન મિત્રના સાલ્લામાં શત્રુનું કામ તો નથી કરતો તેની ખાત્રી કરવા માટે બારીકીથી તે સૈનિકના મુખપર ફેંકતો હતો. જાણે તે એ આંખોની મદદથી સ્ટેન્ટનનું હૃદય વાંચવા માગતો હોયની તેમ!

" જનરલ ઑલિફન્ટ! આજે સ્હવારે હું તમને જેમ તેમ કરી થોડુંકજ ભોજન આપી શકયો હતો પણ હમણાં હું તમારે માટે પૂરતો ખોરાક લાવવા ભાગ્યશાળી થયો છું—અને વળી હું હમણાં તમારે માટે મઝાનો શરાબ પણ લઇ આવ્યો છું—" સ્ટેન્ટન બોલ્યો. ઑલિફન્ટ તેનું હૃદય વાંચવાનો પ્રયાસ કરે છે એવી લેશ માત્ર શંકા તેને આવી નહિ.

" તમારી મારે માટેની લાગણી માટે તમારો આભાર—માસ્ટર સ્ટેન્ટન!—" ઑલિફન્ટે જવાબ આપ્યો. સ્ટેન્ટન અકપટ હૃદયે તેની સાથે વર્તે છે એવી તેની હવે ખાત્રી થઇ ગઈ.

" મારા કૅપટને આપ નામદારને એક રોટલીનો ટૂકડો કે પાણીનું એક પણ ટીપું આપવાની સખ્ત મના કરી છે; અને મેં તેને ખાત્રી આપી છે કે આજે સ્હવારે હું તમારી ઓરડી આગળથી પસાર થઇ ગયો હતો પણ મેં તમને કાંઇપણ ખોરાક આપ્યો ન્હોતો. પણ મારા નામદાર! તે બિચારાને થોડીજ ખબર છે કે, બીજા ત્રણ કેદીઓના ભોજનમાંથી થોડું થોડું કાઢી મેં તમને ખોરાક પૂરો પાડયો હતો—હું જ્યારે એ વાત યાદ કરૂં છું ત્યારે મને હસવું આવે છે—" સ્ટેન્ટને કહ્યું.

" તમે મારા તરફ ઘણી લાગણી બતાવી છે, માસ્ટર સ્ટેન્ટન! છતાં હું અલ્પ સમયમાં મુક્ત થવાનો છું એ આશામાં કદાચ મને ભૂખ્યા રહેવું પડત તો તેય હું સહન કરત—અને હું હવે તમને

એમ પૂછવા માગું છું કે લેડી કલૉડીઆ આ જાળીની ચાવી પોતાની પાસેજ રાખે છે એવી તમારી ખાત્રી છે ?—"

"હા. નામદાર! મને તે વિષે ખાત્રી છે. આ કારાગ્રહમાંની દરેક કોટડીની જાળીનું તાળું એ ચાવીથી ઉઘડે છે. અને લેડી કલૉડીઆ મોટી બહેન હોવાથી હમ્મેશાં એ ચાવી પોતાની પાસેજ રાખે છે. જ્યારે કેદીને અહિં લાવવામાં આવતા ત્યારે એ ચાવી રૉથવેલને આપવામાં આવતી. રૉથવેલ કેદીને અહિં લાવી—આ જાળીની અંદર પૂરી, તાળું દઇ તરતજ ચાવી લેડી કલૉડીઆને આપી દેતો. તમને જાળીવાળા ઓરડામાં ધકેલી દઈ રૉથવેલે ઉતાવળથી દ્વાર બંધ કરી તાળું દીધું હતું એ વાત તમે જાણતા હશો..."

"ઠીક. હું એટલુંજ જાણવા માગું છું કારણકે તે પરજ આપણા આખા પ્લાનનો આધાર છે. હવે મેજર લૅમ્બટન અને મી૦ લીને જઈ ચેતાવી ધો કે આપણી બાજી આપણે આજે રાત્રે ચાલાકીથી ખેલવાની છે—" જનરલ ઑલીફન્ટે સ્ટેન્ટનની સૂચના કરી.

સ્ટેન્ટન જનરલ ઑલિફન્ટને લોખંડી સળીયામાંથી દારૂની બાટલી તથા ભોજન આપી, તે કોટડીનું મુખ્ય દ્વાર બંધ કરી મેજર લૅમ્બટન પાસે ગયો અને તેને આવશ્યક સૂચના આપી, દારૂ આપ્યો. ત્યાર પછી તે લૉરેન્સ લીની ઓરડીમાં ગયો અને તેને પણ શરાબની બાટલી આપી જનરલની સૂચનાથી વાકેફ કર્યો. તે મી૦ લૅમ્બટનને મળવાનું પણ ભૂલી ગયો નહિ: પણ તેને તેણે શરાબની બાટલી આપી નહિ; કારણકે તેની બાટલી તેણે જનરલને આપી દીધી હતી. આ બધાં કામો પૂરાં થયા પછી તે ખુરશી પાસે ગયો અને તે પર બેસતાંજ ઉપરના માણસોએ તેને યંત્રની સહાયથી ઉપર ખેંચી લીધો.

એ સમય દરમિયાન પેલી ત્રણ બહેનો પોતાના દિવાનખાનામાં મીઠા શરાબની લહજ્જત ચાખતી તથા મજાક મસ્કરી કરતી સૂકો મેવો ખાતી બેઠી હતી. તેમનો પોષાક કાળી મખમલનોજ હતો કે જે પોષાકમાં આપણે તેમને થોડાક કલાક પહેલાં તેમના પિતાના શયનગૃહમાં જોઇ હતી. તેમના ગાલપર હમણાં રાતી સુરખી આવી હતી. શરાબની કેફને લીધે તથા ભાવી વિજયની આશાથી આનંદ થવાથી એ મોહક લાલી તેમના ગાલપર નાચી રહી હતી.

હમણાં લગભગ સાડાનવ વાગ્યા હતા. મોર્ના—એ ત્રણ બહેનોની વિશ્વાસપાત્ર દાસી અચાનક તે દિવાનખાનામાં દાખલ થઈ. તેના

શાન્ત વદન પર હમણાં ઉશ્કેરાટની લાગણી સ્પષ્ટ જણાતી હતી.

"શું છે?—" ત્રણે બહેનો મોર્નાને ગભરાયલી સ્થિતિમાં જોઇ એકદમ બોલી ઉઠી.

"નામદાર ડયુક સાહેબ—તમારા પિતાજીની માંદગી એકદમ વધી ગઈ છે અને ડૅાકટરે મને તમને બોલાવવા મોકલી છે—"

"આહ !—" ત્રણે બહેનો એકી વેળા બોલી ઉઠી તેમની આંખો એ તેમનો પિતા મરણને કિનારે આવી પહોંચ્યો છે એમ વ્યક્ત કર્યું.

તેઓ ડયુક ઑાફ એથલના ઓરડામાં જઇ પહોંચી અને ત્યાં પહોંચતાંજ તેમનો પિતા છેલ્લો શ્વાસ લે છે એવી તેમની ખાત્રી થઇ ગઇ. ડૅાકટરની ગણત્રી પ્રમાણે ડયુક બારેક કલાક જીવશે એવી તેમણે આશા રાખી હતી; પણ તે ગણત્રી ખોટી નીવડી અને ડયુક ડૅાકટરની કલ્પના કરતાં પ્રભુના દરબારમાં જવા વહેલો તૈયાર થયો હતો. તેની ત્રણ પુત્રીઓ તેને જોવા માટે તેના ઓરડામાં આવી તેજ વેળા તેણે એક ધીમી—દુઃખદ ચીસ નાખી અને બીજી પલે તેનું શરીર અચેતન થઇ ગયું.

કલૅાડીઆ, સેબીના અને ટુલીઆએ ત્વરીત વેગે નેત્રસમસ્યા કરી અને આ વેળા તેમની આંખોએ, તેમના પિતાના શબનું હવે શું કરવું તે સંબંધી તેમનો મત રજુ કર્યો. તેમની એવી ધારણા હતી કે એક દોઢ કલાકમાં તો તેઓ તેમના ત્રણ કેદીઓ સાથે લગ્નની ગાંઠથી બંધાઈ જશે. પણ તેમનાં લગ્ન તેમના પિતાના મૃત્યુ પછી તરતજ થાય એ વાત લોકો જાણે તો તેમને તેમના ધિક્કારના ભોગ થવું પડે એમ હોવાથી તેમને તેથી વાકેફ કરવાનું તેમને પસંદ ન્હોતું. વળી ડયુક જે વીલ કરી ગયો હતો તેમાંની સરત પ્રમાણે ત્રણ બહેનોનાં લગ્ન એકજ દિવસે અને એકજ વખતે તેના મરણ પહેલાં થવા જોઇએ; અને તેમ થાય તોજ તેમને મૅન દ્વીપની જાગીર મળે. ડયુકનું મરણ થયું છતાં હજુ તેમનાં લગ્ન થયાં ન્હોતાં એટલે કાયદા પ્રમાણે તો તેમનો ભાઇ રેનાલ્ડ મૅનનો ઉમરાવ થઇજ ગયો: પણ એ ત્રણ બહેનોને ગમે તે ભોગે મૅનનું રાજ્યતંત્ર મેળવવું હતું એટલે તેમણે તેમના પિતાનું મૃત્યુ તેમનાં લગ્ન થયા પછી થયું હતું એવું લોકોને જણાવવાનો પોતાનો નિશ્ચય નેત્રો દ્વારા વ્યક્ત કર્યો. ત્રણે બહેનો એક રીતે ડયુકના મૃત્યુથી નિરાશ થઇ હતી. પણ એવી

નિરાશાને એકાએક વશ થઇને તેઓ પોતાની રાક્ષસી મહત્વાકાંક્ષા તજી દે એવી ન્હોતી. ગમે તે ભોગે તેમણે પોતાના કેદીઓ સાથે એકી વખતે પરણી રેનાલ્ડનો ખરો હક્ક ખૂંચવી લેવાનો નિશ્ચય કરી રાખ્યો હતો અને એ નિશ્ચય તોડાવવાની શક્તિ કોઇનામાં નથી એવી તેમની દૃઢ માન્યતા હતી.

"સાહેબ !—" ડૉક્ટર તરફ જોઇ લેડી ક્લૉડીઆ બોલી.

"અમે તમારી સાથે થોડીક વાતચીત કરવા માગીએ છીએ: કૃપા કરી અમારી સાથે બીજા ઓરડામાં ચાલો—"

ડૉક્ટર ક્લૉડીઆની વિનંતી પ્રમાણે ક્લૉડીઆ સાથે બીજા ઓરડામાં જવા લાગ્યો. સેબીના મૉર્ની પાસે જઇ અત્યંત ધીમા સ્વરે બોલી:

"અમારા પિતા મરણ પામ્યા છે એ વાત કોઇને પણ કહેતી નહિ—"

જે ઓરડામાં ડયુકનું શબ પડ્યું હતું તે ઓરડામાંથી ત્રણે બહેનો ડૉક્ટર સાથે બહાર નીકળી અને જે ઓરડામાં ટેબલ પર દારૂ અને સુકો મેવો આદિ મૂકેલાં હતાં તે ઓરડામાં આવી ખુરશી પર બેઠી તથા ડૉક્ટરને બેસવાની વિનંતી કરી. પિતાના મૃત્યુથી પુત્રીને જેવું દુ:ખ થાય તેવું આ બહેનોને થતું હોય એમ ડૉક્ટરને લાગ્યું નહિ અને તેથી તે મનમાં જરા આશ્ચર્ય પામ્યો: તેમના મનમાં કોઇ નીચ ધારણા હશે એવી શંકા તો તેને નજ આવી. છતાં એટલી તો તેની ખાત્રી થઇ ગઇ કે તેઓ સાધારણ સ્ત્રીઓ નથી, તેમનાં હૃદયો પુરૂષ હૃદયો કરતાં પણ વધુ કઠણ હોવાં જોઇએ પોતાના સ્વાર્થ માટે એ ત્રણ બહેનો કશાની પરવા કરે એવી ન્હોતી.

ડૉક્ટર એક સત્યપ્રિય માનવંત ગૃહસ્થ હતો. જો કે તેનું હૃદય જરા બ્હીકણ અને નિર્બળ હતું. તે એ ત્રણ બહેનોનું વર્તન પસંદ કરતો ન્હોતો છતાં તે ડયુકને દવા આપવાનો અસ્વીકાર કરી શક્યો ન્હોતો. તેનું દીલ દયાળુ હતું અને તેથી લાચાર દરદી ડયુકને જો બની શકે તો આરામ આપવાની પોતાની ફરજ છે એમ માનીને તેણે તેનો કેસ હાથમાં લીધો હતો. જ્યારે જ્યારે ડયુકની પુત્રીઓ તેને જોવા માટે તેના ઓરડામાં આવતી ત્યારે તેઓ તેનાપરના વિશુદ્ધ પ્રેમ અને લાગણીને લીધે તેની ખબર કાઢવા આવે છે એમ તે માનતો ન્હોતો. પણ તેમાં તેમનો કંઇ સ્વાર્થ છે એમ તે કલ્પી

શકતો. ડ્યુકનું જીવન લંબાય એવું જોવાને ત્રણે બહેનો ઘણી આતુર હતી અને એ આતુરતા તેમની નીપુણતા છતાં તેઓ છૂપાવી શકી ન્હોતી. આથી જો ડ્યુક મૃત્યુ પામે તો તેમના હાથમાંની સત્તા જતી રહે એવો ત્રણે બહેનોને ભય છે અને તે કારણેજ તેઓ પોતાના પિતાનું જીવન લંબાયલું જોવા ઇચ્છે છે એમ ડૉકટર સમજ્યો હતો; પરંતુ એ ત્રણ સુન્દર સ્ત્રીઓના હૃદયમાં કોઇ નીચ—સ્વાર્થી હેતુ સમાયલો છે એવી તેને ઝાંખી શંકા પણ આવી ન્હોતી. આથી જ્યારે કલૉડીઆએ તેને બાજા ઓરડામાં આવવાની વિનંતી કરી ત્યારે તે શું કહેવા માગે છે તે તે સમજી શક્યો નહિ.

"તમે એકાદ પ્યાલી દારૂ પીશો ?" કલૉડીઆએ નમ્ર અવાજે કહ્યું. એ અવાજમાં તેણે પોતાના પિતાના મરણ માટે જાણે તેને ઘણી લાગણી થાય છે એવું વ્યક્ત કરવા માટે જરા શોકની છાયા પણ આણી. જો કે તે દિલગીર હોવાનો જૂઠો આડંબર કરતી હતી તે ડૉકટર બરાબર જાણી ગયો હતો.

"તમે એકાદ પ્યાલી દારૂ પીશો ? ડૉકટર ! તમે મારા સ્વર્ગસ્થ પિતાજીના બીછાના પાસે કલાકોથી બેસી રહ્યા હતા અને તમે હજુ સુધી કંઈ ભોજન પણ લીધું નથી—"

"હું ખરેખર ઘણોજ થાકી ગયો છું..." ડૉકટરે જવાબ આપ્યો. તેના શરીરનો બાંધો જરાક નાજુક હતો.

"હું જરા શરાબ લઇશ—"

સેબીનાએ એક ગ્લાસમાં દારૂ નાખ્યો અને ટુલીઆએ તે પોતાના નાજુક હાથે ડૉકટરને આપ્યો. ડૉકટરે અરધું ગ્લાસ ખાલી કર્યું:

"હવે, સાહેબ!—" ડૉકટરના મુખ પર પોતાની વિશાળ કાળી આંખો સ્થિર કરી કલૉડીઆ બોલી.

"અમે તમારી પાસે એક મહેરબાની માગી લઇએ છીએ અને તે એ છે કે અમારા પિતાનું મૃત્યુ નવ અને દસ વાગાની વચ્ચે થયું છે એમ જાહેરમાં કહેવાને બદલે અમારા પિતા મધરાત પછી મરણ પામ્યા હતા એમ કહેજો..."

"લેડી!..." આશ્ચર્ય ચકિત થઇ કલૉડીઆ તરફ જોઇ સહેજ ગુસ્સાભર્યા સ્વરે ડૉકટર બોલ્યો.

"હું એક સત્યપ્રિય માણસ છું—"

" હશે–તેમ હશે: પણ સત્ય હમ્મેશાંજ બોલાવું જોઇએ એવો ખાસ નિયમ નથી–" સેબીના વચ્ચે બોલી.

" વારંવાર સત્ય ઘણી અગવડો ઉભી કરે છે–" ટુલીઆએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

ત્રણે બહેનોએ ઝડપથી કંઇ નેત્ર સમસ્યા કરી.

" પણ એવી ઠગાઇ કરવા માટે તમારો કંઇ ખાસ હેતુ હોય એવું હું જાણતો નથી..." કંઇક ઠપકાભર્યા સ્વરે તે બોલ્યો.

" વળી તમે ભૂલી જાઓ છો કે મારે " હાઉસ ઑફ કીઝ " સમક્ષ મૅન દ્વીપના ઉમરાવ સાહેબના મૃત્યુનું પ્રતિજ્ઞાપત્ર રજુ કરવું પડશે અને તેમાં મારે મૃત્યુની તારિખ તથા સમય લખવાં પડશે."

" અમે તે બધું જાણીએ છીએ–" વદન પર તથા સ્વરમાં દૃઢતા લાવી કલૉડીઆ બોલી.

" અને હવે અમારા પિતાના મૃત્યુનું પ્રતિજ્ઞા પત્ર લખી આપવાની તમને અરજ કરીએ છીએ કે જે આવતી કાલે અમે કાઉન્સીલ સમક્ષ રજુ કરીશું..."

" લેડી ! સરટીફીકેટ લખી આપવાને હું તૈયાર છું પણ જે સમયે તમારા પિતાજીનું દુઃખદાયક મૃત્યું થયું છે તે સમય હું ખોટો લખી શકીશ નહિ..."

" તમે તમારે સરટીફીકેટ ચીતરી નાખો અને વખત લખવાની જગ્યા કોરી રાખો..." સેબીનાએ માર્ગ બતાવ્યો.

" હા. હા. એ ઠીક છે. એ સામે કંઇ વાંધા જેવું નથી." ટુલીઆ બોલી.

" લેડીઝ–" ડૉકટર તે ત્રણ બહેનોના નિશ્ચિત સ્વરથી અંતરમાં ભય પામી બોલ્યો, ત્રણે બહેનોની આંખો પણ તેને હવે ભય ઉપજાવવા લાગી.

" લેડીઝ !–" તે પુનઃ બોલ્યો:

" તમારી મરજી પ્રમાણે ચાલવા જતાં હું મારી ફરજથી વેગળો ગયલો કહેવાઇશ: અને જો મારી ખાત્રી થાય કે તમારો હેતુ—"

" વધુ સવાલ જવાબ ન કરો–" કલૉડીઆ આજ્ઞાદર્શક સ્વરે વચમાં બોલી.

" અમારી આજ્ઞાનો અમલ કરો."

"અહિં લખવાનાં સાધનો છે—ચાલો, સાહેબ! જલદી લખી કાઢો—" સેબીના બોલી.

"વખત નકામો વહી જાય છે—" ડુલીઆ પોતાની બહેનો જેવાજ નિશ્ચીત સ્વરે, "ટાઇમપીસ" માં લગભગ દસ વાગવા આવેલા જોઇ બોલી.

"જો તમે કહો છો તેવું સરટીફીકેટ લખી આપી હું તેમાં ડ્યુકના મૃત્યુના વખતની જગ્યા કોરી રાખું તો તે જગ્યાએ તમે ખોટો સમય લખી લેશોઃ એટલે એક રીતે હું એ અન્યાયી કામનો સહાયકજ ગણાઉં—" મનમાં ભય ઉત્પન્ન થવા છતાં સત્યને વળગી રહી તે ડૉક્ટર બોલ્યો.

"તમને કોણ પુછવાનું છે?" કલૉડીઆ બોલી. તેના વદન પર ભયંકર ધિક્કાર પ્રકટયો.

"તમારૂં સરટીફીકેટ અમે પોતે કાઉન્સીલ સમક્ષ રજુ કરીશું અને તે સંબંધી ભવિષ્યમાં કોઇ પણ જાતની આફત તમારા પર આવશે નહિ—"

"જુઓ સાહેબ! તમે નકામી આનાકાની ન કરો. અમે તમને ખોટો વખત લખવાનું કહીએ છીએ તેનું ખરૂં કારણ હું તમને કહી દઉં. વાત એમ છે કે અમારા ભાઇને અમારા પિતાની માંદગીની ખબર પહોંચાડવા માટે કાસદ મોકલવામાં અમે જરા ઢીલ કરી હતી" સેબીનાએ યુક્તિ લડાવી.

"અને જ્યારે અમે કાસદ મોકલ્યો ત્યારે અમારા પિતા મૃત્યુને કિનારે હતા એ વાત જો અમારો ભાઇ જાણે તો તે ગુસ્સે થશેઃ" ડુલીઆએ સેબીનાનું અપૂર્ણ વાક્ય પૂરૂં કર્યું.

"અને સાહેબ! હવે તમે અમારો હેતુ સમજી ગયા છો. તમે સમજી શકશો કે અમારા ભાઇને અમારા પિતાની ગંભીર માંદગી વેળાએજ કાસદ મોકલવામાં આવ્યો એ વાત જાણી સંતાપ થશે અને હવે હું નથી ધારતી કે તમે અમારી લાગણીને માન આપવાની આનાકાની કરો—"

"જો તમારો એજ હેતુ હોય તો પ્રતિજ્ઞાપત્ર લખી આપી તેમાં કોરી જગ્યા રાખવામાં મને કંઇ વાંધો નથી—" તે ભોળો ડૉક્ટર તે ત્રણ બહેનોની વાત ખરી માની બોલ્યો.

"એમજ છે. સાહેબ! લો, આ ખડીયો કલમ-જલદી સરટીફીકેટ લખી નાખો અને વખત વાળી જગ્યા કોરી રહેવા દો-"

"હું તેમ કરીશ; પણ મને પ્રથમથીજ કહી દેવા દો કે જો ભવિષ્યમાં કંઈ એવા સંજોગો ઉભા થાય કે જેથી મને ડયુકના મરણનો ચોકસ વખત જણાવવા માટે "હાઉસ ઑફ લૉર્ડ્ઝ" આજ્ઞા કરે અને મારે કસમ પર ડયુકના મરણની ખરી હકીકત જણાવવી પડે તો તે વખતે હું સત્ય હકિકત કહેવામાં જરા પણ આનાકાની કરીશ નહિ-"

"વારૂ, એ સરત સામે અમારો કંઇ વાંધો નથી-" કલૉડીઆએ કહ્યું.

"તમને એ વિષે કોઇ કંઈ પૂછશેજ નહિ-" સેબીના બોલી.

"ખાસ કરી તમને એ વિષે કોઈ કંઇ પૂછવાનું નથી." ટુલીઆ બોલી અને જો તેણે આ પલે તેના તરફ જોયું હોત તો કદાચ જે ભય તેના મનમાં પ્રથમ ઉત્પન્ન થયો હતો તેને ટુલીઆની વિકારી-ભયંકર આંખો જોઇ ટેકો મળત.

તેણે ટુલીઆની કાળી-કામી-ભયંકર આંખો જોઇ નહિ કારણ કે તે હાથમાં કલમ લઇ સરટીફીકેટ લખવામાં ગુંથાઇ ગયો હતો. તેનો હાથ ધ્રુજ્યો. જો કે ફક્ત એક ભાઇની લાગણીનો વિચાર કરીને તે ત્રણ બહેનો તેને સમયવાળી જગ્યા કોરી રાખવાનું કહે છે અને એ સિવાય કોઇ બીજું કારણ નથી એ વાત માની તે એ કામ કરવા તૈયાર થયો હતો છતાં તે સત્યથી વેગળો જાય છેજ એવું તેના મનને લાગ્યું અને તેથી તેના મનને પૂરતી શાંતિ વળી નહિ. છતાં તેણે સરટીફીકેટ લખીને પૂરૂં કર્યું: અને ડયુક ઑફ એથલ કયારે મરણ પામ્યો તે ન લખતાં તેટલી જગ્યા કોરી રાખી. તે જ્યારે લખતો હતો ત્યારે કલૉડીઆ પોતાની ખુરશી પરથી ઉઠી અને એક ડેસ્ક ઉઘાડી તેમાંથી કંઇ ચીજ કાઢી. તેણે જે વસ્તુ કાઢી હતી તે અત્યંત બારીક હતી. સહેલાઇથી તેણે તે પોતાના હાથમાં સંતાડી દીધી. ડેસ્ક પાસેથી ખસી જતી વેળા તેણે પોતાની બહેનો સાથે વિદ્યુત્ વેગે નેત્ર સમસ્યા કરી. ત્રણે બહેનોની આંખો આ સમયે ભયંકર બની ગઇ. પોતાની ખુરસી પર કલૉડીઆ પાછી બેઠી અને જે ચીજ તે લાવી હતી તે ધીમે રહી સેબીનાને આપી અને સેબીનાએ તે ગુપચુપ ટુલીઆને આપી દીધી, ટુલીઆ ડૉકટરની બાજુમાં બેઠી હતી.

"તમે તમારૂં સરટીફીકેટ પૂરૂં કરવાની અણી પર છો, સાહેબ! પણ તેને જેમ બને તેમ સ્પષ્ટ કરવાની હું તમને અરજ કરૂં છું કે જેથી તે વિષે કોઇને કંઇ પણ શંકા જાય નહિ–" પોતાની ખુરશી પરથી ઉઠી, ડૉક્ટર જે કાગળ લખતો હતો તે પર વાંકી વળી, નજર નાખતી ટુલીઆ બોલી.

ડૉક્ટરે આ સૂચના ધ્યાનમાં લઇ સરટીફીકેટ પર વધુ લક્ષ આપી લખવા માંડયું. ટુલીઆ એવી રીતે ઉભી હતી કે તેના હાથની હીલચાલ ડૉક્ટર જોઇ શકયો નહિ. ઘણીજ ચાલાકીથી પોતાના હાથમાંની નાની શીશીમાંથી બે ચાર ટીપાં ટુલીઆએ ડૉક્ટરના ગ્લાસમાં નાખ્યાં કે જે શીશી કલૉડીઆએ ડેસ્કમાંથી કાઢી હતી.

"લો, લેડીઝ! આ સરટીફીકેટ–" પ્રતિજ્ઞાપત્ર પૂરૂં લખી રહ્યા પછી કલમ બાજુએ મુકી ડૉક્ટર બોલ્યો. તેના વદન પર જાણે તેણે કંઇ ખોટું કામ કર્યું હોય તેવી દિલગીરીની લાગણી જણાઇ.

"તમે અમારી વિનંતીને માન આપ્યું તે માટે અમે તમારો ઘણોજ આભાર માનીએ છીએ, ડૉક્ટર!–" કલૉડીઆ બોલી.

"હજુ પણ તમે કંટાળેલા જણાવ છો–તમારૂં ગ્લાસ ખાલી કરી જાવ–અને જરા આ મેવો ખાશો તો તમને ઠીક લાગશે—"

આટલું કહી કલૉડીઆ ખુરશીપરથી ઉભી થઇ અને જાણે ડૉક્ટરનું અકપટ હૃદયે આતિથ્ય કરતી હોય તેમ તેણીએ તેના ગ્લાસમાં બીજો દારૂ નાખ્યો. ડૉક્ટર–તે કમનસિબ ડૉક્ટર–જે ખરેખર થાકી ગયો હતો અને જેને તેની સામે ઉભેલી ત્રણ ડાકણોપર જરા પણ શંકા ઉપજી ન્હોતી તેણે દારૂનું ગ્લાસ હાથમાં લીધું અને જરાવારમાં તેમાંનો શરાબ તેના પેટમાં જઇ પડયો.

"આહ! અરે પ્રભુ! આ મને શું થાય છે–" દારૂ પીતાંજ કંઇ જલદ લાગણી થવાથી તેના હાથમાંની પ્યાલી પડી ગઇ.

"આહ! મને અસહ્ય દુઃખ થાય છે–આહ–આહ–હું મરી જઇશ. બદમાસ બલાઓ! તમે મને ઝેર આપ્યું છે–આહ! તમે મને અત્યંત ઘાતકી રીતે દગો દીધો છે પણ...તમે મારૂં ખૂન કરી કંઇ નફો મેળવવા પામશો નહિ—"

આટલું કહી તે કમનસિબ ડૉક્ટરે ટેબલ પર પડેલું સરટીફીકેટ ઝુંટવી લેવાનો એક જુસ્સાભર્યો પ્રયાસ કર્યો: પણ તેજ પલે ટુલીઆએ તે કાગળ લઇ લઇ તેને જોસથી ધક્કો માર્યો. તેણે ભયંકર

ભૂત જેવી નજરે તે ત્રણ બહેનો તરફ જોઇ તેમને મનમાં ને મનમાં કંઇ શાપ દીધો. ત્યારપછી તેનું માથું તેની છાતી પર લચી પડ્યું અને ધીમી–મંદ દુઃખદ ચીસ સહ તે મૃત્યુને શરણ થયો.

"હવે એની જીભ કદિપણ સત્ય કહી શકશે નહિ–" ક્લૉડીઆ પોતાના ખૂની કૃત્યથી રાજી થઇ બોલી.

"કદિપણ નહિ–" સેબીના બોલી.

"મેં છેલ્લી ઘડીએ એને તે સમજાવી દીધું—" ટુલીઆ હસીને બોલી.

તે દુષ્ટ બહેનોએ થોડીકવાર વિચાર કર્યો. તેમણે તરતજ શું કરવું તેનો નિશ્ચય કરી નાખ્યો અને તે હતભાગી ડૉક્ટરનું શબ ઉપાડી ત્રણે બહેનો તેને પોતાના પિતાનું શબ જે ઓરડામાં પડ્યું હતું ત્યાં લઇ આવી. મૅાર્ના જે ડ્યુકના શબ વાળા ઓરડામાં હતી તે ડૉક્ટરનું શબ જોઇ એક પલ ચમકી.

"ડૉક્ટર અચાનક આંકડી આવવાથી પડી ગયા અને તરતજ મરણ પામ્યા છે." ક્લૉડીઆએ મૅાર્ના તરફ જોઈ કહ્યું.

મૅાર્નાએ આ વાત માની કે કેમ તે તેના લાગણીહીન મ્હોપરથી જાણી શકાય તેમ ન્હોતું. તે તો જાણે તેની દુષ્ટ શેઠાણીઓની આજ્ઞા પાળવાજ સરજાઈ હોય તેમ તેમના તરફ જોઇ ગુપચુપ ઉભી રહી.

ત્રણે બહેનોએ ડૉક્ટરના શબને ડ્યુકના કોચની બાજુમાંની એક ખુરશીપર મૂક્યું. પછી ક્લૉડીઆ બોલીઃ

"ડૉક્ટર પોતાના દરદીના મરણથી ઉશ્કેરાઇ અચાનક આંકડી આવવાથી મરણ પામ્યા એમ જાહેર કરવું ઠીક થઇ પડશે. મૅાર્ના! હમણાં આ શબને અડકતી નહિ–એને અહિંજ રહેવા દે—"

"પિતાજી મરણ પામ્યા છે એ વાત જાહેર કરવાને થોડાક કલાકની વાર છે–" સેબીના બોલી.

"થોડાક કલાક પછી ડ્યુક ઑફ એથલ મરણ પામ્યા છે અને તેમના મરણ પછી અચાનક આંકડી આવવાથી ડૉક્ટર પણ મૃત્યુનો ભોગ થઇ પડ્યા છે એ વાત સર્વને જાહેર કરવામાં આવશે. પણ તેટલીવાર મૅાર્ના! તું અહિંજ રહેજે–બારણાને તાળું માર–અને સંભાળ રાખજે કે કોઈ અંદર આવે નહિ—" ક્લૉડીઆએ કહ્યું.

"અમે થોડીવારમાં આવી પહોંચીએ છીએ–" કહી ટુલીઆ પોતાની બે બહેનોની પાછળ તે ઓરડામાંથી બહાર ચાલી ગઇ.

પ્રકરણ ૫ મું.

પ્રેમનો વિચિત્ર નાટક.

હેન્રી બીટન એથલ આર્મ્સમાંથી પોતાના બાહુતી સૈનિકોને તથા માર્કિવસ ઑફ ટુલી બારડીનને મળવા માટે નિયત સ્થલે જતો હતો. કારાગ્રહના ટાવર પર પેલી ભયંકર લાઇટ તેણે જોઇ હતી અને એ પ્રકાશ જોતો માર્કિવસ પણ કિનારાની નજીક તેને મળ્યો હતો. એ પ્રકાશ જ્યારે જ્યારે જણાતો ત્યારે કૅસલ ટાઉનના નિવાસીઓ ભયથી ધ્રુજતા અને કંઇ કંઇ ભયંકર કલ્પના કરતા; પણ ભયને લીધે તે વિષે મુક્તકંઠે વાત કરી શકતા નહિ. દસ વાગ્યા પછી થોડીક મિનિટ પછી હેન્રીએ તથા માર્કિવસે એ પ્રકાશ જોયો. આ વખતે, ડૉક્ટરનું ખૂન કરી તે રાક્ષસી હૃદયની બહેનો પોતાના કેદીઓની મુલાકાત લેવા ભોંયરામાં ઉતરતી હતી. આજે છેલ્લો દિવસ હતો; અને તેમને તેમના વિજય માટે—પોતાની મહત્વાકાંક્ષાના ફલિતાર્થ માટે નવ્વાણું ટકા ખાત્રી હતી.

હેન્રીબીટન અને તેની ટૂકડી કિલ્લામાં આવી પહોંચી તે પહેલાં—એટલે લગભગ દસ વાગે કૅસલટાઉનનો ધર્મગુરૂ પેલી ત્રણ બહેનોના નિમંત્રણને માન આપી "રશન કૅસલ"માં આવી પહોંચ્યો હતો. તેનું વય યુવાની અને વૃદ્ધાવસ્થાની વચ્ચે ઝોલા ખાતું હતું. તે એક નીચ અને પાપી હૃદયનો સ્વામી હતો. દારૂ તથા વિલાસમાં હમ્મેશાં મસ્ત રહેતો અને પોતાના સ્વાર્થ માટે ગમે તેવાં કૃત્ય કરી શકે એવો હતો. દામ્ભિકતા તેને રૂંવેરૂંવે પચી ગઇ હતી અને બહારથી ધર્મગુરૂની પદવી ધરાવતા આ મહાશય અંદરખાનેથી એક નીચ બદમાસ જેવા હતા. જ્યારે એને સુવર્ણ મહોરો દેખાડવામા આવે ત્યારે તે મેળવવા માટે પોતાના કર્ત્તવ્યથી વિમુખ થવું પડે તેની તેને બહુ ઓછી દરકાર હતી. આવા માણસને પોતાનું હથિયાર બનાવવાનો તે ત્રણ બહેનોએ વિચાર કર્યો હતો અને તેથી તેને કિલ્લામાં બોલાવ્યો હતો. ડૉકટરનું શબ ડ્યુકના ઓરડામાં મૂકી ત્યાં મૅર્નાની ચોકી રાખી, ત્રણે બહેનો પોતાના ઓરડામાં આવી આ ધર્મગુરૂ મહાશયની રાહ જોવા લાગી. તેમને વધુ ખોટી થવું પડયું નહિ. તે આવ્યો અને પોતાની સામે ઉભેલી ત્રણ પરીઓને જોઇ તેમની ગમે તે આજ્ઞા બજાવવાની

મરજી બતાવી. લેડી કલૉડીઆએ તેને ટૂંકામાં સમજાવી દીધું કે તેને ત્રણ લગ્નક્રિયા કરવાની છે અને તે માટે તેને કિલ્લાના કારાગ્રહમાંના ભોંયરામાં આવવું પડશે. જે ભેદભર્યાં સંજોગોમાં આ લગ્નો કરવામાં આવનાર હતાં તે વિષે ભવિષ્યમાં મૌન ધારણ કરવાની ચેતવણી આપવાની એ ત્રણ બહેનોએ જરૂર જોઇ નહિ કારણકે તે ભયંકર ભોંયરૂં—તેમાં દાખલ થવાની વિચિત્ર ખુરશી—વિગેરે જોઈ તે ભય પામી, તેમની સત્તાના ડરને લીધે કોઇ પાસે એ વિચિત્ર લગ્નો વિષે એક શબ્દ પણ બોલશે નહિ એવી તેમની ખાત્રી હતી. વળી તેને પૂરતા પૈસા આપી પોતાના પક્ષમાં લેવાનો તેમનો નિશ્ચય હતો અને એ માણસ પૈસા માટે અંતઃકરણ વેચે એવો છે એ તેઓ જાણતી હતી.

ખુરશીપર બેસી કલૉડીઆ પ્રથમ ભોંયરામાં ઉતરી. રૅાથવેલ ખુરશીની પાછળ હાથમાં પ્રકાશિત લૅમ્પ લઇ તેની સાથે ગયો. નીચે આવ્યા પછી કલૉડીઆ લૅમ્પ લઇ જનરલ ઑાલિફન્ટની ઓરડી તરફ આશાભર ચાલી ગઇ. સૅબીના બીજી ઉતરી. આ વખતે પણ રૅાથવેલ એક બીજો લૅમ્પ લઇ સેબીનાની પાછળ ઉભો હતો. ભોંયરાને તળીયે ગયા પછી સેબીના પોતાના હાથમાં લૅમ્પ લઇ મદભર ચાલે ચાલતી આનન્દથી ઉછળતા હૃદયે મેજર લૅમ્બટનના ઓરડામાં ગઈ. હવે રૅાથવેલ લેડી ડુલીઆને લેવા ઉપર ગયો. ડુલીઆ ખુરશીપર બેઠી અને રૅાથવેલે ત્રીજો લૅમ્પ લીધો. ભોંયરાને તળિયે ગયા પછી ડુલીઆએ ધડકતી છાતીએ રૅાથવેલના હાથમાંથી લૅમ્પ લીધો. ડુલીઆના ગાલ પર ઉશ્કેરાટની લાલી છવાઇ; તે આશા નિરાશા વચ્ચે ઝોલા ખાતા હૃદય સહિત લૅારેન્સ લીને મળવા ગઈ. પુનઃ ખુરશી ઉપર ગઇ. ધર્મગુરૂ અંદર બેઠો પણ આ વેળા રૅાથવેલે લૅમ્પ લીધો નહિ. તળિયે ગયા પછી તણે ધર્મગુરૂને જ્યાં સુધી તેને બોલાવવામાં આવે નહિ ત્યાં સુધી ત્યાંજ બેસી રહેવાનું કહ્યું અને ધર્મગુરૂ મહાશય તે ભયંકર બહેનોની લગ્ન ક્રિયા કરવા માટે તેને ક્યારે બોલાવવામાં આવે તેની રાહ જોતાં અંધકારમાં બેસી રહ્યા.

હવે તે ત્રણ બહેનો તથા તેમના કેદીઓ વચ્ચે શું થયું તે, વાંચનાર! ત્હારે જાણવું છે ?

પ્રથમ લૅારેન્સ લીની ઓરડી તરફ વાંચનારે અમારી સાથે આવવાનું છે. ડુલીઆ મુખ્ય દ્વાર ઉઘાડી લૅારેન્સના કેદખાનામાં દાખલ

થઇ અને બારણું બંધ કરી, પોતાના હાથમાંનો તેજસ્વી લૅમ્પ એક ગોખલામાં મૂકી મખમલની ગાદીવાળી ખુરશી જે ત્યાં પડી હતી તે પર બેઠી અને જાળીમાંથી લૉરેન્સ લીપર દૃષ્ટિ ફેંકી. તે અત્યંત દીલગીર થયો હોય તેમ બેઠો હતો. તેનું મ્હો ફીક્કું હતું અને તે પર ચિંતાની લાગણી હતી; છતાં તેના પર દૃષ્ટિ સ્થિર કર્યા પછી ડુલીઆને લાગ્યું કે અમુક પગલું ભરવાનો નિશ્ચય કરી તે બેઠો હતો "એ મારો છે-મારો થશે–" એ વિચાર મનમાં આવતાં ડુલીઆનું હૃદય આનન્દથી ઉછળવા લાગ્યું.

"લૉરેન્સ !—" ડુલીઆ જેટલી નમ્રતા અને સ્નેહાળતા પોતાના કંઠમાં તથા દેખાવમાં લાવી શકાય તેટલી લાવી લૉરેન્સ તરફ કરૂણ નજરે જોઇ બોલી.

"હું તમારો અંતિમ નિશ્ચય જાણવા આવી છું કે જે કદાચ મને દુનિયાની સૌથી સુખી અથવા સૌથી હતભાગી અને કંગાળ સ્ત્રી બનાવી મૂકશે—"

"ત્યારે શું તમે મને ખરેખર ચાહો છો ?–" તેણે પૂછ્યું. અને તે તેના વદન તરફ ટીકીટીકીને જોવા લાગ્યો.

"હા. હું તમને ચાહું છું...હું શી રીતે તમને ભૂલી શકું ? લૉરેન્સ ! તમે એટલા બહાદૂર બુદ્ધિવાન અને ખુબસુરત યુવાન છો કે તમને ચાહ્યા વિના મારાથી રહેવાતું નથી–" ડુલીઆએ જવાબ આપ્યો.

"અને એટલા પ્રેમથી ચાહવા છતાં તમે જો હું તમારી સાથે લગ્ન કરવાની ના પાડું તો મને મોતનો ભય પણ તમે બતાવી શકો છો ?–" લૉરેન્સ જાળીના સળીયા પાસે આવી ધીમા–દીલગીરી ભર્યા અવાજે બોલ્યો.

"હું પોતે એ વિષયમાં સ્વતંત્ર નથી......" બહારથી અત્યંત દિલગીર હોવાનો ડોળ કરી ડુલીઆ બોલી.

"મારા પર ક્રૂર ભાવીની પ્રબળ સત્તા રાજ્ય કરે છે. તમને બચાવવાની મારામાં શક્તિ નથી–જો કે મારી તેવી ઇચ્છા છે એ ફક્ત ઇશ્વરજ જાણે છે–પણ જે કલાક પસાર થાય છે તેમાં જો તમે મારી સાથે લગ્ન કરવાની ના પાડો તો મારી બહેનો તમારો જીવ લીધા વિના છોડશે નહિ–પણ તમે ના નજ પાડો !–લૉરેન્સ ! ઓહ !

બોલો–બોલો–કે તમે ના નહિ પાડો–હું તમને આલિંગન દેવા અધીરી થઇ રહી છું—"

" લેડી !–તમારી આશ્ચર્યજનક સુન્દરતાં જોઇ જો હું તમારા પ્રતિ બેદરકાર રહું તો કાંતો હું દેવ હોવો જોઇએ અથવા તો મારામાં સૌન્દર્યની કદર કરવાની ખામી હોવી જોઇએ...મને લાગે છે કે હું દેવ પણ નથી તેમ સૌન્દર્યની કદર કરવાની ખામી પણ મારામાં નથી. ટુલીઆ! મને લાગે છે કે હું એક સ્ત્રીને બેવફા નીવડું છું–પણ–તારી માફક મારાપર પણ નસિબની સત્તા રાજ્ય કરે છે–અને મને લાગે છે–મને લાગે છે કે હું તને ચાહું છું—"

"આહ! જો આ સત્ય હોય–" આનન્દ અને વિકારના આવેશમાં ખુરશી પરથી ઉભી થઇ ટુલીઆ બોલી.

"એ ખરૂં છે–એ સત્ય છે–" લૅારેન્સ બબડયો.

"અને મારા ભાવીને શરણ થતાં હું ભૂતકાલ ભૂલી જવાને પ્રયાસ કરીશ. હું જાણતો નથી કે તેં મને મોહિની લગાડી છે–જાદુ કર્યું છે કે કોઈ વિજળીક શક્તિનો ઉપયોગ કર્યો છે; પણ તારા સૌન્દર્યમાં ખરેખર, અજેય સત્તા ભરી છે–તારૂં લાવણ્ય જોતાં બુદ્ધિ બહેર મારી જાય છે, આંખો મદભર બને છે અને મગજ ચકરાઇ જાય છે. ટુલીઆ! હું તને ચાહુ છું–સાંભળી લે, મારો આ છેલ્લો નિશ્ચય! હું તારો થઈશ—"

એક અંધ પ્રેમી જેવા વદને તથા પ્રેમપૂર્ણ સ્વરે આ શબ્દો બોલી લૅારેન્સ જાળી આગળ ઘુંટણીએ પડયો અને હર્ષથી દિવાની બનેલી ટુલીઆએ પોતાનો જમણો હાથ સળીયામાંથી અંદર નાખ્યો કે જે હાથ પર લૅારેન્સ ચુમ્બન કરી શકે. લૅારેન્સે તેનો સુન્દર હાથ પકડયો. પણ ટુલીઆની ધારણા પ્રમાણે તેપર ચુમ્બન કરવાને બદલે તેણે વિદ્યુત્ વેગે દોરીથી તેનો હાથ બાંધી તે જોસથી ડાબા હાથમાં પકડી રાખી તેણે જમણા હાથે પોતાના બદનમાંથી એક કટારી બહાર ખેંચી કાઢી. ટુલીઆને જાળી પાસે ખેંચી તે ભયંકર અવાજે બાલ્યો.

"એક પણ ચીસ પાડશે તો આ કટારી તારી છાતીમાં ભોંકાઇ જશે—"

લૅારેન્સે કટાર ભોંકી દેવાનો ભય બતાવ્યા છતાં ટુલીઆએ ચીસ પાડવા માટે હોઠ હલાવ્યા. પણ તે વેળાએ તેની છાતી સામે

કટાર પકડી લૉરેન્સે તે ભોંકી દેવાનો નિશ્ચયજ કર્યો હોય તેવો ભયંકર દેખાવ કર્યો. ડુલીઆ મૃત્યુથી કમ્પી ઉઠી. અને સળીયા પાસે લાચાર થઇ બેઠી. જાળીમાંથી તેનો હાથ જોસથી લૉરેન્સે પકડી રાખ્યો હતો. ડુલીઆ જાળી પાસે ધુંટણીએ પડતાંજ લૉરેન્સ તેને ડરાવવા માટે તેની છાતીથી ફક્ત ઇંચ દૂર કટાર રાખી ઉભો રહ્યો. ભય અને ત્રાસથી ડુલીઆની છાતી અત્યંત વેગથી ધડકવા લાગી !

× × × ×

હવે આપણે સેબીના અને મેજર લૅમ્બટનની ખબર લઇશું. સેબીના લેમ્પ સહિત મેજર લૅમ્બટનના કારાગૃહનું મુખ્ય લોખંડી દ્વાર ઉઘાડી અંદર ગઈ અને લૅમ્પ એક જગ્યાએ મુકી લૅમ્બટનના પીંજરાની જાળી આગળ મૂકેલી ખુરશીપર બેઠી. ત્યાર પછી તેણે કૃત્રિમ સ્નેહાળ લાગણી પોતના વદન પર આણવાનો પ્રયત્ન કર્યો. મોહક પ્રેમમય સ્વરે તે બોલી.

"હજુ તમે તમારા વચન પ્રમાણે વર્તવા તૈયાર છો? તમે જે વચન આપ્યું છે તે માટે તમે દિલગીર થાઓ છો યા પસ્તાવ છો ખરા?—"

"નહિ. હું પસ્તાતો નથી તેમ શોક પણ પામતો નથી." મેજરે જવાબ આપ્યો.

"વિચાર કરીને જે કહેવું હોય તે કહી દો; હજુ હું તમને બીજીવાર પૂછું છું કે તમે તમારૂં વચન વફાદારીથી પાળવા તૈયાર છો?... આજે રાત્રેજ તમારા વચન પ્રમાણે તમે મારા પતિ થશો—"

"હું મારૂં વચન પાળવા તૈયાર છું...જો તમે તમારાં વચનો પાળવાની આનાકાની ન કરો તોજ—"

"અડધા કલાકમાં તમે સ્વતંત્ર થશો એટલુંજ નહિ પણ તમારા ભાઇને પણ કારાગૃહમાંથી મુક્ત કરવામાં આવશે. તમે આપણાં લગ્ન થઇ ગયાં પછી ભૂતકાલના સઘળા બનાવ ભૂલી જવાનું તથા તે સંબંધી તમારા ભાઇને પણ મૌન રાખવાનું મને વચન આપ્યું છે અને મને ખાત્રી છે કે રશન કૅસલમાં તમે તથા તેણે જે કંઇ જોયું હોય તે જગત્ કદિપણ જાણી શકશે નહિ—"

"નહિ—કદિપણ જાણી શકશે નહિ. લગ્ન થયા પછી તું મારી પત્નિ થશે અને ત્હારી બહેનો મારી સાળી થશે. તેમ થયા પછી તને તથા તારી બહેનોને સજા થાય એવી વાત હું જાહેરમાં લાવું

એ માની શકાય એવુંજ નથી. મારા ભાઈની ચિંતા રાખવાની જરૂર નથી. તેનો સ્વભાવ ઘણો સારો છે અને તે મને ચાહતો હોવાથી હું કહીશ તે પ્રમાણે વર્તશે–" મેજર લૅમ્બટને કહ્યું.

"ત્યારે તો હવે મારે કંઇ કહેવાનું રહ્યું નથી–" સેબીના લૉરેન્સ લીએ ડુલીઆના પ્રેમનો સ્વીકાર કરવાથી જેવી રીતે તે હર્ષ ઘેલી બની હતી તેવીજ આ સમયે તેની મહત્વકાંક્ષાનો ફલિતાર્થ નજીક જોઈ આનંદમાં મસ્ત થઈ જઇ બોલી.

"પણ મને વચન આપ–તું કસમ ખા–કે આપણા લગ્નની ધાર્મિક ક્રિયા પૂર્ણ થતાં વારજ મને અને મારા વ્હાલા ભાઇને આ ભયંકર કારાગ્રહમાંથી મુક્ત કરવામાં આવશે. લગ્ન થઇ ગયા પછી તું મને તારી સાથે જીવન ગાળવાની ફરજ પાડશે નહિ, તું મને મને જોરજુલમથી રોકશે નહિ એવું તેં મને વચન આપ્યું છે. પુનઃ મને કસમ ખાઇ કહે કે તું તારૂં વચન પાળશે—"

"ઓહ! તે માટે હું ગભરાતી નથી. હું કસમ ખાઉં છું કે હું તમને જોરજૂલમથી રોકીશ નહિ–હું કસમ ખાઉં છું કે મેં જે વચનો આપ્યાં છે તે બધાંય હું વફાદારીથી પાળીશ." સેબીના બોલી.

"તું પવિત્ર હૃદયે વાત કરે છે?–લેડી સેબીના! મારા સ્વમાનને ભોગે મારી સ્વતંત્રતા ખરીદવા કરતાં હું મારૂં તથા મારા ભાઇનું મોત વધુ પસંદ કરૂં છું. માટે હું તને કહું છું કે કૃપા કરી મને ઘાતકી રીતે છેતરતી નહિ. બોલ, સાચું બોલ–" લૅમ્બટન આતુર સ્વરે બોલ્યો અને તે જાળીના સળીયાની છેક પાસે આવી ઉભો.

"હું પુનઃ કસમ ખાઉં છું. બસ, હવે તમને સંતોષ થયો?–"

"હા......હા......અને હવે મને લાગે છે, અય ખુબસુરત નાઝનીન! કે હું તને ચાહી શકીશ......"

તેણે જાણે જો વચમાં જાળી ન હોત તો તે સેબીનાની ગરદનની આસપાસ પોતાના હાથો વીંટાળી તેને વ્હાલભર્યું આલિંગન દેવા માગતો હોય તેમ જાળીમાંથી પોતાના બન્ને હાથ લાંબા કર્યા અને ડુલીયા જે આનંદના મદથી દિવાની થઇ હતી તેવાજ વિકારથી દિવાની થઈ સેબીનાએ લૅમ્બટનને બાથ ભીડવા માટે પોતાના બન્ને હાથો જાળીમાં નાખ્યા. એક આંખના પલકારામાં મેજર લૅમ્બટને લૉરેન્સે ડુલીઆની કેવી સ્થિતી કરી હતી તેવી સેબીનાની દશા કરી નાખી. સેબીના ડુલીઆ કરતાં વધુ સારી રીતે

લૅમ્બટનના પંઝામાં સપડાઇ કારણ કે ટુલીઆનો એકજ હાથ લૉરેન્સે બાંધ્યો હતો જ્યારે સેબીનાના બન્ને હાથો મેજર લૅમ્બટને–તેના ઇચ્છિત પતિએ દોરીથી જકડીને બાંધ્યા હતા. બાળી પાસે તે ભયપૂર્ણ મુદ્રાએ લૅમ્બટન તરફ જોઇ હાંફવા લાગી. મેજરે તેને બાંધીને તરતજ પોતાના કોટમાંથી કાતિલ કટારી ખેંચી કાઢી જો સેબીના બૂમ પાડશે તો તે તેની છાતીમાં ભોંકી દેવાની ભયંકર ધમકી આપી હતી. આ ભયંકર મોતનો ભયંકર આકાર સેબીનાની નજરે એટલો બધો ભયપ્રદ જણાયો કે તે ચુંકે ચાં કરવાની હિમ્મત કરી શકી નહિ. મોત! ભયંકર મોત! જેની તેણે મેજર લૅમ્બટનને ધમકી આપી હતી તેજ-કારમું મોત તેની સ્હામે આવી ઉભેલું તેને જણાયું.

× × × ×

વાંચનાર, હવે આપણે લેડી ક્લૉડીઆની પ્રેમચેષ્ટા જોવા જઇએ. તે જનરલ ઑાલીફન્ટ પર આશક પડી છે અને જનરલ સાહેબ એ પ્રેમઘેલી પૂતળીને દાદ આપવાની જરૂર જોતા નથી. કેવી દિલગીરી ભરી બીના? ક્લૉડીઆ જેવી યૌવનમસ્ત સુન્દરી, પ્રેમની નીશાથી મસ્ત બની પોતાનાં વ્હાલા આશકની ગોદમાં દબાવા ચાહે અને ઑલિફન્ટ તેના પ્રતિ બેદરકારી બતાવે એ કેવી અરસિકતા? સૌન્દર્ય પ્રતિ કેટલી બધી બેદરકારી?...ક્લૉડીઆને ઘણીવાર એમ લાગતું કે જનરલ ઑલિફન્ટ પ્રેમ એટલે શું તે જાણતો નહિ હશે. બનવા જોગ છે કે તેણે ક્લૉડીઆ જેવી ઝેરી નાગણના પ્રેમનો મધુર સ્વાદ ન પણ ચાખ્યો હોય!

જ્યારે ક્લૉડીઆ ઑાલીફન્ટની કોટડીનું મુખ્ય દ્વાર ઉઘાડી પ્રકાશિત લૅમ્પ સહિત અંદર આવી ત્યારે જનરલ અદબ વાળી નીચું જોઇ, સહેજ નરમ થઇ, બેઠો હતો. ક્લૉડીઆના આગમન પ્રતિ પ્રથમ તેણે લક્ષ આપ્યું નહિ. ક્લૉડીઆ ગોખલામાં લૅમ્પ મુકી પોતાની ખુરશીપર બેઠી અને ગંભીર–નિશ્ચિત સ્વરે બોલી:

"હું શા માટે અહિં આવી છું તે તમે જાણો છો? આ કલાક પસાર થાય તે પહેલાં કાંતો તમારે મારી સાથે લગ્ન કરવાં પડશે અથવા તમારૂં જીવન ખતમ કરવું પડશે—"

"આહ! અંતે વાત એટલે સુધી આવી પહોંચી છે, ખરૂં?..." ઑલિફન્ટે જાણે જેમ તેમ પોતાનું અભિમાન ટકાવી રાખવાનો પ્રયાસ કરતો હોય એવો દેખાવ કર્યો. પછી તેનો સ્વર જરા નરમ થયો.

" કદાચ તમે મને કેવી રીતે મારી નાખવામાં આવશે તે જણાવવાની કૃપા કરશો. કારણકે મારૂં જીવન તમે કેવી રીતે નષ્ટ કરવા માગો છો તે પર મારા અંતિમ જવાબનો આધાર છે—"

" સાંભળો. આ સળિયામાંથીજ મારો એક સોલ્જર તમારાપર ગોળી છોડશે અને તમને પીંજરામાં પૂરેલા એક જંગલી પ્રાણીની માફક મારી નાખવામાં આવશે...."

" તમે મારૂં મોત થોડાક દિવસ મુલતવી રાખી શકશો ખરાં?—"

" નહિ—એક કલાક પણ નહિ—"

" જેના પેટમાં ભૂખને લીધે બિલાડાં બોલતાં હોય અને તૃષાથી ગળું સૂકાઇ જતું હોય તેની સાથે આટલી બધી સખ્તાઇ બતાવવી એ યોગ્ય ન ગણાય..." જનરલ ઑલિફન્ટ નમ્ર સ્વરે બોલ્યો. જો કે તે સ્ટેન્ટનની કૃપાથી કયારનું પેટ ભરી બેઠો હતો અને તેના બિછાનામાં હજુ પણ દારૂની બાટલી સંતાડેલી હતી.

" ખાસ કરીને તમારા જેવી કોમલાંગીએ આટલી નિર્દયતા વાપરવી ઠીક ન ગણાય...જો કોઇ વૃદ્ધ નખરાંબાજ નાઝનીન પાઉડરના લેપડાથી ખુબસુરત દેખાવના વલખાં મારતી, મારા હાથની માગણી કરવા આવી હોત તો હું પીસ્તોલની ગોળીથી મરી જવા કરતાં હું ભૂખમરાથી રામશરણ થવાનું વધુ પસંદ કરતઃ પણ આહ! મારી સામે વૃદ્ધ—પાઉડરવાળી બાયડી નથી, પણ યૌવન વસંતકાલમાં મહાલતી એક સૌન્દર્યજડિત લલના ઉભી છે અને જો કે તે જરા જોર જુલમથી કામ લેવા માગે છે તોપણ તેને જોઇ મારા મગજને સ્થિર રાખવાનું મને જરા કઠિન લાગે છે—"

" હવે જનરલ ઑલિફન્ટ!—" મનમાં વિજયી થવાની ખાત્રી થઇ જવાથી કલૉડીઆ બોલી.

" તમારો નિશ્ચય શું છે? વખત વહી જાય છે—ધર્મ ગુરૂ ખોટી થાય છે—હવે જરાપણ ઢીલ થવી ન જોઇએ—"

" લેડી!" તે ધીમે પગલે જાળી પાસે જઇ બોલ્યો. તે એવી રીતે ઉભો રહ્યો કે જેથી જાળીની બહાર ખુરશીપર બેઠેલી કલૉડીઆ પર તે નજર નાખી શકે.

" લેડી!..." તે જાળી પાસે જઇ બોલ્યો.

" એક લશ્કર જે કદિપણ ન કરી શકે તે તમે કરી બતાવ્યું છે—તમે મારાપર વિજય મેળવ્યો છે—પણ હવે મને જરા ખુલાસો

કરવા દો–કારણકે હું એક ખુલ્લા દીલનો માણસ છું અને એક મગની એ ફાડ કરવાનું પસંદ કરૂં છું. જો હું તમને પરણવાનું કબૂલ કરૂં અને તમે આ કેદખાનામાં મારા તરફ જેવું જુલમી વર્તન ચલાવ્યું છે તે બધું ભુલી જવાનું વચન આપું તો તમે મને એક પ્રેમાલ–વફાદાર પતિનું સુખ ચખાડશો ખરાં ?—"

"હા. જરૂર–" કલૉડીઆએ એકદમ જવાબ આપ્યો. તેની ખાત્રી થઇ ગઇ કે જનરલ તેના સૌન્દર્યના પ્રતાપે તેનો થઇજ ગયો !

"પણ પછી મારા મિત્ર મેજર લૅમ્બટનનું શું થશે ?"

"મેં તમને ક્યારનું કહ્યું છે કે તેનો જવાબ આવી ગયો છેઃ અને આપણાં લગ્ન થઇ ગયાં પછી ધર્મગુરૂ મેજર લૅમ્બટન અને સેબીનાને લગ્ન ગ્રંથિથી બંધાયલાં જાહેર કરશે. મારી બહેન ટુલીઆ પણ આ કલાકમાંજ એક પતિની પત્નિ બની જશે—"

"અને પછી લગ્નની ખુશાલીમાં પ્રીતિ ભોજન થશે ખરૂં કે ? જુઓ લેડી કલૉડીઆ ! તમે કંઇ ખોટું લગાડતાં ના–પણ આ વેળાએ હું જેટલો પ્રેમનો વિચાર કરૂં છું તેટલોજ ખોરાકનો પણ વિચાર કરૂં છુંઃ અને હું તમને ખાત્રી આપું છું ;કે જ્યારે મારૂં પેટ બરાબર ભરાશે ત્યારે હું તમને મારા પ્રેમનો લ્હાવો વધુ સારી રીતે ચખાડી શકીશ—"

"આપણાં લગ્ન થયાં પછી એક મોટી મીજબાની થશે–" કલૉડીઆએ જવાબ આપ્યો અને આટલી આટલી મહેનત અને મુશીબતો પછી પોતાની કપટબાજીમાં વિજય મળવાથી તેના મગજમાં હર્ષની ઘેન આવવા લાગી.

આ પલે તે તદ્દન અસાવધતાથી ખુરશી પર બેઠી હતી. જાળીની છેક નજીક તેની ખુરશી હતી. પીંજરામાં પૂરેલો સિંહ જેવી રીતે કોઇ અસાવધ પ્રેક્ષકને પોતાના પંઝામાં પકડી લે તેવીજ રીતે અત્યંત ઝડપથી જનરલ ઑલિફન્ટે કલૉડીઆની કાંડી પકડી અને ઑલિફન્ટના વજ્ર બાહુએ તેનો હાથ જાળીમાંથી ખેંચી લીધો.

"ચું કે ચાં પણ ના કરતી–નહિ તો બીજીજ પલે તારા શરીરમાંનો જીવ ઉડી જશે,–" તેજ પલે એક કટારી ખેંચી કાઢી કલૉડીઆની છાતી સ્હામે ધરી તે બોલ્યો.

"મારા હાથમાંથી છટકવાના વ્યર્થ ફાંફાં મારતી ના–નહિ તો

જે થવાનું હશે તે થશે; પણ આ કટારી તે પહેલાં તારૂં લોહી પી શાન્ત થશે—"

દુઃખની ધીમી ચીસ કલૉડીઆથી પડાઇ ગઇ. ઍાલીફન્ટે તેનો હાથ પકડી તેને જાળી તરફ ખેંચી—તે ઍાલિફન્ટના પંઝામાં આબાદ સપડાઇ ગઇ. તરતજ તેણે પેલી તિક્ષણ કટારી પોતાના દાંતમાં પકડી અને કલૉડીઆની કાંડી દોરડાથી બાંધી. પુનઃ તેની છાતી સ્હામે કટારી ધરી તેણે તેને ધમકાવી. પુનઃ તેણે કટારી દાંતમાં પકડી અને બીજી પલે કલૉડીઆના હાથને એક સળીયા સાથે જોસથી બાંધ્યો. તે પછી તે બોલ્યો.

"હવે લેડી કલૉડીઆ!—" પુનઃ તેની છાતી સ્હામે કટાર ધરી જનરલ બોલ્યો.

"ચુપ ચુપ તમારી પાસે જે ચાવી છે તે આપી દો—"

"ચાવી ?..." કલૉડીઆના વદન પર અવર્ણિય ભયંકરતા આવી.

જે કપટબાજીમાં સંપૂર્ણ વિજય મળેલો તે માનતી હતી તે આંખના પલકારામાં ફેરવાઈ ગઈ અને પોતાના કેદીના પંઝામાં તે સપડાઇ ગઇ. વૈર, ક્રોધ, નિરાશાની ભયંકર લાગણી તેના મુખ પર ફરી વળવાથી તેનું સુન્દર વદન વિકરાળ થઇ ગયું.

"ચાવી ?—" તે પુનઃ બરાડી.

"હા. ચાવી. જલદી જલદી મને કુંચી આપી દો; નહિ તો હું કસમથી કહું છું કે તમારી છાતીમાં આ તિક્ષણ કટાર ભોંકી દઇ તમારાં વસ્ત્રોમાંથી મારે ચાવી ગોતવી પડશે—"

"તમે મારો જીવ બચાવશો ?—" ધીમા સ્વરે કલૉડીઆ બોલી.

"તમારી જીંદગી ! તમારી જીંદગીની મને શું કિમ્મત છે ?... હા. હું તને જીવતી રાખીશ. જીવતી રાખવાથીજ તને તારાં પાપોની પૂરતી સજા મળશે...પણ ચાલ હવે, ઉતાવળ કર, ચાવી આપ—"

કલૉડીઆએ જે હાથ છૂટો હતો તે પોતાનાં એક ગજવામાં નાખ્યો અને એક ચાવી કાઢી તે ઍાલિફન્ટને આપી. ઍાલિફન્ટે તેનો બીજો હાથ સળીયા સાથે બરાબર જકડાયલો છે કે નહિ તેની ખાત્રી કરી સળીયામાંથી બહાર હાથ નાખી તાળામાં ચાવી ફેરવી. તાળું ઉઘડયું—તેની જાળીનું દ્વાર પણ ઉઘડયું અને તે બહાદુર યોદ્ધો પોતાના પીંજરાની બહાર આવી ઉભો ! આહા ! કેવો આનન્દ ? કેવી ખુશાલી ? સ્વતંત્રતા ! મુક્તતા ! તું કોને પ્રિય નથી ? ગરિબ—

રંક—લાચાર કંગાળને પણ સ્વતંત્રતા પ્રિય હોય છે તો પછી જનરલ ઑલિફન્ટ જેવા સ્વતંત્રતા દેવીના પરમ ભક્તને બબ્બે મહિનાની ભયંકર પરતંત્રતા સહન કરવા પછી અચાનક મુક્તતા મળે તો કેવો અસામાન્ય આનન્દ થાય તે વાંચનાર સ્હમજી શકશે.

લોહ જડિત પીંજરામાંથી મુકત થયા પછી તે નર કેસરીને બીજા કેદીઓને છૂટા કરવાનો વિચાર આવ્યો. પણ બીજીજ પલે તેને એવો વિચાર આવ્યો કે કદાચ મેજર લૅમ્બટન અને લૉરેન્સ લી પોતાની ભયંકર પ્રણયીનીઓ સાથેનો વિચિત્ર પ્રેમ—નાટક ભજવી રહ્યા હશે નહિ. ટુલીઆ અને સેબીના સપડાઈ ન હોય તો તેમની બૂમથી કદાચ તેમના બદમાસ સૈનિકો તેમની સહાયે આવી પહોંચે અથવા તો પેલી ખુરશી ઉપર ખેંચી લેવામાં આવે તો તેમની અત્યાર સૂધીની સઘળી મહેનત પાણીમાં જાય અને મહા મહેનતે પ્રાપ્ત કરેલ સ્વાતંત્ર્ય રૂપી અણમોલ રત્ન હાથમાંથી ચાલી જાય આવો વિચાર આવવાથી તેણે કલૉડીઆને જો તે એક પણ બૂમ પાડશે તો તરત પાછા ફરી પેલી કટારથી ગમે તેનો ભય રાખ્યા વિના તેનો એકદમ પ્રાણ લેવાની ભયંકર ધમકી આપી. તે પોતાની કાતિલ કટાર હાથમાં લઇ ધીમે પગલે જે જગ્યાએ ખુરશી ઉતરતી હતી તે તરફ જવા લાગ્યો. ત્યાં જવા પહેલાં તેણે પોતાની કોટડીનું મુખ્ય દ્વાર બંધ કરી તેને આગળથી સાંકળ લગાવી કે જેથી જો કલૉડીઆ જાળીના સળિયા સાથે બાંધેલો તેનો એક હાથ છોડી નાખવાને શકિતવાન થાય તો પણ તે કોટડીમાંથી બહાર આવી શકે નહિ. ધીમે પગલે તે 'કોરી ડોર' માંથી ખુરશી વાળી જગ્યા તરફ ગયો અને થોડેક છેટે આવ્યા પછી બે જણ અંધારામાં બેસી ધીમે સ્વરે વાત કરતા તેને માલમ પડયા. તેમના મંદ અવાજપરથી જો કે ત્યાં ઘોર અંધકાર હતો છતાં તેઓ કઇ જગ્યાએ હતા તે જનરલ ઑલિફન્ટ જાણી શકયો. તે જરા વધુ આગળ ગયો અને પછી એકદમ એક જણપર કૂદી પડયો. પહેલો રૅાથવેલ તેના પંઝામાં સપડાયો; અને તેણે પોતાના પ્રચંડ બાહુથી તેને જમીનપર ગબડાવી દીધો. બીજીજ પલે તેની વજ્ર જેવી મુક્કી રૅાથવેલના સાથીપર પડી અને તેને પ્રતાપે ધર્મ ગુરૂ મહાશય ભોંયરામાં જમીનપર તૂટી પડયા.

પણ રૅાથવેલ બીજીજ પલે જમીનપરથી ઉભો થયો અને ખુરશી પાસે જઇ પોતાનાથી પાડી શકાય એવી મોટી બૂમ પાડી બરાડયો:—

" મદદ–મદદ–કેદીઓ છટકી જાય છે–કોઈ આવો–આવો—"

આટલી ધમાલ થઈ. રૅાથવેલે પ્રચંડ સ્વરે બૂમ પાડી પણ બીજીજ પલે ઑલીફ્રન્ટનો લોખંડી હાથ તેના પર પડ્યો અને પુનઃ તેને જમીનપર પછાડ્યો. આ વખતે રૅાથવેલ એવા જોસથી નીચે પછડાયો કે તેનું માથું ફૂટ્યું અને દુઃખને લીધે પુનઃ ઉભો થવાની તેનામાં શક્તિ રહી નહિ. તે સમયે એક કોટડીનું દ્વાર ઑલિફ્રન્ટના હાથને લાગ્યું. આંખના પલકારામાં તેણે તે ઉઘાડ્યું અને રૅાથવેલ તથા પેલા વિકારી ધર્મગુરૂને તેમાં પૂરી દ્વાર બંધ કરી સાંકળ ચઢાવી દીધી. તે પછી તે ખુરશીવાળી જગ્યાએ ગયો તો ખુરશી ઉપર જતી તેને જણાઈ. તે ભયંકર કૂવાની ઉપર કેટલીક મશાલો સળગતી હતી તથા કેટલાક માણસો નીચા વળીને અંદર જોતા હતા. રૅાથવેલે બૂમ પાડવા પછી ખુરશી ઉંચકાઈ જશે એવી જનરલે તેજ પલે કલ્પના કરી હતી; અને તેમાં તેનું કંઈ ચાલે એમ પણ ન્હોતું. હવે શું થશે તેનો જરાપણ વિચાર કર્યા વિના તે પોતાની કોટડીમાં પાછો ગયો કે જ્યાં હજુ કલૉડીઆ સળિયા સાથે વાત કરતી પડી હતી ! ત્યાંથી લૅમ્પ લઈ તે પુનઃ બહાર નીકળ્યો અને ત્રણે કોટડીઓ ઉઘાડી, જાળીમાં પૂરેલા ત્રણ કેદીઓને તેણે બહાર કાઢ્યા.

પ્રકરણ ૬ ઠું.

ડ્યુકનો ખરો વારસ.

હવે અમે હેન્રી બીટન તથા માર્કિવસ ઑફ ટુલીબારડીન જેમણે કિલ્લામાં પોતાના ભાડૂતી સૈનિકો સહ પ્રવેશ કર્યો હતો તેમની ખબર લઈશું. કિલ્લાનો રક્ષક તથા તેના બાર માણસો તેમના હાથમાં કેદ પકડાયા હતા. માર્કિવસને ડ્યુક ઑફ એથલ–તેનો પિતા મરણ પામ્યો છે અને તેથી તે પોતે હવે ડ્યુક થઈ ચૂક્યો છે એ વાતની ખબર ન્હોતી. તેણે કેદ પકડાયલા સૈનિકો સમક્ષ પોતે કોણ છે તે જાહેર કર્યું. હેન્રી બીટનને આપેલાં વચન પ્રમાણે સ્ટેન્ટન ત્યાંજ હાજર હતો અને હવે શું કરવું તેની સૂચના આપવા હવે તે આગળ આવ્યો. તેણે હેન્રી બીટનની ટૂકડીને "બૅરાક"માંની ગૅરીસનપર હૂમલો કરવાની સલાહ આપી. રશન કૅસલની ગૅરિસનમાં પચાસ સૈનિકો હતા. કારા-

ગ્રહમાં ખાસ ફરજ બજાવનારા બાર સૈનિકો લશ્કરી 'બરાક'માં રહેતા ન્હોતા. હવે એ પચાસ સૈનિકોમાંથી બાર તો અત્યાર પહેલાં કેદ થઈ ગયા હતા. અને તેથી બરાકમાં હવે ફક્ત ચાળીસજ રહ્યા હતા. વળી સ્ટેન્ટને જો માર્કિવસ સૈનિકો સમક્ષ હાજર થશે તો તરતજ તેઓ તેના પક્ષમાં આવી જશે અથવા પોતાનાં શસ્ત્રો છોડી તેને શરણે થઈ જશે એવી પોતાની માન્યતા છે એમ પણ કહ્યું.

કિલ્લાના દરવાજા આગળનું કામ એટલું ઝડપથી થઈ ગયું તથા તે વખતે એટલો બધો ઓછો અવાજ થયો હતો કે જેથી 'બરાક'-માંના સોલ્જરોને કાને સહેજ પણ અવાજ ગયો નહિ. કિલ્લાના મુખ્ય દ્વારથી 'બરાક' ઘણી દૂર હતી તેથી કોઈને લેશમાત્ર શંકા ઉપજી નહિ. મુખ્ય દરવાજા પરના રક્ષકોનાં હથિયાર લઈલઈ તેમને હેન્રી-બીટને પોતાના છ માણસોના તાબામાં સોંપ્યાં કેમકે જો બાકીના ચાલીસ સૈનિકો તેમની સ્હામા થાય તો કદાચ આ કેદીઓ પણ તેમના પક્ષમાં મળી જાય એ હાલના સંજોગો જોતાં સમ્ભવિત લાગતું હતું અને તેથી તેમના પર હમણાં વિશ્વાસ મૂકવાનું કામ જોખમ ભર્યું હતું.

માર્કિવસ અને હેન્રી બીટન સ્ટેન્ટન સાથે પોતાના માણસો સાથે 'બરાક' તરફ કુચ કરી ગયા. કેટલાક સૈનિકો દારૂ પીતા હતા કેટલાક ગપ્પાં મારતા હતા અને કેટલાકો પોતાના ઓરડામાં સુઇ ગયા હતા. સ્ટેન્ટનની સલાહથી હેન્રી બીટને પોતાની ટૂકડીને બે ભાગમાં વહેંચી નાખી. એક ટૂકડી દારૂ પીનારાઓની ખબર લેવા ગઇ અને બીજી ટૂકડી માર્કિવસની સરદારી નીચે બરાકમાં ઘુસી ગઈ. દારૂ પીનારા સૈનિકોએ જ્યારે તેને જોયો ત્યારે તેઓ એકદમ શરણ થઈ ગયા—તેમણે સ્હામા થવાનો જરાય પ્રયાસ કર્યો નહિ—તેમનાં હથિયાર તેમણે આપી દીધાં—હેન્રી બીટને બાકીના સૈનિકોને ખુદ માર્કિવસ આવી પહોંચ્યા છે એ વાત જણાવી શરણ થવાની આજ્ઞા કરી જો તેઓ ચુપચુપ શરણે થશે તો તેમને જીવતદાન આપવામાં આવશે; નહિ તો તેમને મૃત્યુને શરણ થવું પડશે એમ પણ હેન્રીએ કહ્યું. કોઈપણ સૈનિકે મૃત્યુને આમંત્રણ કરવાની જરૂર જોઈ નહિ અને આવી રીતે એક પણ રક્તબિન્દુ જમીનપર પડ્યા વિના આખી ગૅરીસન માર્કિવસને શરણ થઇ.

"હવે મારા લૉર્ડ!—" સ્ટેન્ટન માર્કિવસને સંબોધી બોલ્યો.

" અને તમે પણ બહાદૂર જવાન !—" તે હેન્રી તરફ ફર્યો.

" મારી સાથે કારાગ્રહના છાપરાપર ચાલો—આપણે કેદીઓને મુક્ત કરીએ. જો કે મારી ખાત્રી છે કે તેઓ અત્યાર પહેલાં મુક્ત થઇ ગયા હશે. આપણી સાથે બાર માણસો હશે તો બસ છે—"

" મારી બહેનો કયાં છે ? " માર્કિવસે પૂછ્યું.

" મારા લૉર્ડ ! મારી ધારણા પ્રમાણે તો જે કોટડીઓમાં તેમણે નિર્દોષ પુરૂષોને કેદ કર્યા હતા તેમાં તેઓ પોતેજ હમણાં હવા ખાતી હશે—"

" અહા ! મારા વ્હાલા શેઠને હવે હું મુક્ત કરી શકીશ. ચાલો, ચાલો, મારા લોર્ડ ! હવે વખત ન લગાડો"

હેન્રી બીટન આનંદના આવેશમાં બોલ્યો.

બાર માણસો સાથ માર્કિવસ, હેન્રી બીટન અને સ્ટેન્ટન કારાગ્રહ તરફ ગયા. તેઓ ગોળ દાદર ચઢી કારાગ્રહના છાપરા પર ગયા અને જે પલે તેઓ ત્યાં ગયા તેજ પલે તેમણે કારાગ્રહના કેટલાક સોલ્જરોને અત્યંત ત્વરાથી ખુરશી ઉપર ખેંચી લેતાં જોયા. બીજા સોલ્જરો હાથમાં મશાલ લઇ ઉશ્કેરાયલા સ્વરે કંઇ કંઇ બકતા હતા. આજ સમયે રૅાથવેલે ભોંયરામાંથી મદદ માટે બૂમ પાડી હતી; અને તેથીજ કારાગ્રહના છાપરા પરના તેના માણસો આ અણધારી આફતથી ઉશ્કેરાયલા જણાતા હતા.

" એકદમ શરણે થાઓ; નહિ તો હમણાં યમરાજાને ઘેર પહોંચી જશો—" તેમની પાસે જઇ માર્કિવસ સત્તાશીલ સ્વરે બોલ્યો.

મુખ્ય દરવાજાપર, બરાકમાં તેમજ દારૂ પીતા સોલ્જરોમાં માર્કિવસને જોઇ જેવો ગભરાટ અને આશ્ચર્યની લાગણી ઉત્પન્ન થઇ હતી તેવીજ લાગણી આ સૈનિકોને પણ થઇ. તેમણે હથિયાર મૂકી દીધાં. તેમને હેન્રીના કેટલાક માણસો કારાગ્રહમાંના એક ઓરડામાં પૂરવા માટે લઇ ગયા. હવે હેન્રીએ પહેલવહેલી વાર પેલો ભયંકર કૂવો જોયો કે જેમાં પેલી ભયંકર ખુરશી ઉતરતી હતી ! જે જગ્યાએ તેણે અનેક વાર પેલી ભયંકર લાઇટ જોઇ હતી તે જગ્યાએ તે પહેલવહેલીવાર ઉભો રહ્યો !

" ગભરાવ ના—ઉપર મિત્રો છે—" ખીણમાં જોઇ સ્ટેન્ટને બૂમ પાડી.

" નીચે બધું બરાબર છે—" ઑલિફન્ટનો પકાડી સ્વર ભોયરામાંથી સંભળાયો.

"પ્રભુનો આભાર!—" હર્ષભરિત હૃદયે હેન્રી બબડ્યો. તેણે ખુરશી નીચે ઉતારવામાં સ્ટેન્ટનને મદદ કરી.

હવે જેઓ તે ભયંકર કારાગ્રહમાં કેદી હતા તેમને ઉપર લાવવાનું કામ શરૂ થયું. જનરલ ઑલીફન્ટે પોતાના વીરોચિત સ્વભાવ પ્રમાણે પ્રથમ પોતાના મિત્રોને ઉપર જવાનો આગ્રહ કર્યો. પ્રથમ લૅમ્બટન ઉપર ગયો- પછી લૉરેન્સ લી, અને મી. લૅમ્બટન ઉપર આવ્યા. જનરલ ઑલિફન્ટ સૌથી છેલ્લો ઉપર આવ્યો. હવે શું થયું? એકમેકને શાબાશી અને અભિનંદનો અપાયાં. માર્કિવસ ઑફ ડુલીબારડીને જગપ્રસિદ્ધ યોદ્ધા ઑલિફન્ટની કીર્તિ સાંભળી હતી પણ તેને નજરોનજર કદિપણ ન્હોતો જોયો. આજે એ અમૂલ્ય પ્રસંગ મળવાથી તે ઘણો ખુશી થયો અને તેણે જનરલ સાથે વ્હાલથી શેકહૅંડ કરી તેના પ્રત્યેનું માન વ્યક્ત કર્યું.

હેન્રી બીટન! તેના આનંદનો પારજ ન્હોતો. તેને બધા શાબાશી પર શાબાશી આપવા લાગ્યા. જનરલ ઑલિફન્ટ હવે તેને તેના ન્હાના ભાઇ યા પુત્ર તરિકે ચાહશે એમ કહ્યું ત્યારે તો હેન્રીના આનંદનો પારજ રહ્યો નહિ.

હવે સ્ટેન્ટન તરફ આંગળી કરી જનરલ ઑલિફન્ટ માર્કિવસને સંબોધી ખુલાસો કરવા લાગ્યો.

"આ સખસ પર કૃપા દૃષ્ટિ રાખવાની હું તમને ખાસ ભલામણ કરૂં છું. બહાદૂર વીર હેન્રી બીટનના પ્રશંસાપાત્ર કાર્યનો બદલો વાળવાનું કામ મારૂં છે અને તે કામ આ સ્થળેજ તમારી સર્વની હાજરીમાંજ હું કરવા માગું છું. પણ સ્ટેન્ટન, મારા લૉર્ડ! અમને એટલો બધો ઉપયોગી થઇ પડ્યો છે કે જેના વિના અમારાથી કંઇ પણ થઇ શકત નહિ. તેણે વફાદારીથી અમારી સેવા કરી છે અને સ્વતંત્રતા પુનઃ મેળવવા માટે અમે તેના ઋણી છીએ. તમારી બહેનોને ગભરાવવા માટેનાં હથિયારો તથા તેમના હાથ બાંધવાની દોરડીઓ એણેજ અમને પૂરી પાડી હતી. વળી એ અમારા કાસદનું કામ પણ કરતો હતો એટલુંજ નહિ પણ કારાગ્રહમાંથી મારો સંદેશો કિલ્લાની બહાર હેન્રી બીટનને પહોંચાડતો હતો. અમે જે યુક્તિ અમલમાં મૂકવા માગતા હતા તે મારા સાથીઓને એની મારફતેજ જણાવવામાં આવી હતી—"

"અને આપ નામદારની લેડી ડુલીયાની નીચ વાસનાને શરણુ થવાનો બાહ્ય આડંબર કરી તેની જાળમાં તેનેજ ફસાવવાની સૂચના પણ મને એમ્નેજ જણાવી હતી—" લૉરન્સ લીએ ઑલિફન્ટ તરફ જોઇ કહ્યું.

"હમણાં મારી બહેનો કયાં છે ?—" માર્કિવસે પૂછ્યું.

"તેઓ નીચે ભોંયરામાંની જુદી જુદી કોટડીઓમાં છે-પણ તેમના હાથ બાંધેલા નથી. તેમને મુક્ત કરવાનું કામ તમારૂં છે... વળી એક કોટડીમાં રૅાથવેલ પણ છે—"

"અને ધર્મગુરૂ પણ નીચેજ છે—" સ્ટેન્ટન બોલ્યો.

"રૅાથવેલ–મારી બહેનોના દુષ્ટ કાર્યોમાં સહાય કરનાર તે નીચ બદમાસ આ કારાગ્રહમાં સડયા કરશે અને થોડાક સમય પછી તેનાં નીચ કૃત્યો માટે હું તેને દેહાંત દંડની સજા કરીશ. પણ મારી બહેનો હવે તદ્દન લાચાર થઇ ગઇ છે, તેમની આશાઓ નષ્ટ થઇ છે અને તેમની સઘળી સત્તા પાણીમાં ગઇ છે તેથી આપ નામદાર તથા તમારા મિત્રો હું તેમના પ્રત્યે દયા બતાવું તો નારાજ તો નહિજ થાવ—"

"નહિ, કદિપણ નહિ, અમે સ્ત્રીઓ સામે વેર લેવા માગતા નથી. જો કે તેમનામાં સ્ત્રીઓનાં હૃદયનો અંશપણ નથી–કોમળતા, દયા કે મનુષ્યત્વનું નામનિશાન નથી અને જો અમે તેમની નીચ ઇચ્છાઓને શરણ ન થાત તથા અમને બહારથી કંઇ મદદ ન મળત તો તેમણે અમારૂં ખૂન પણ કર્યું હોત ! નિર્દયતાનો તેમણે ઇજારોજ રાખેલો હતો. છતાં તેમને માફ કરો. મારા લૉર્ડ ! અમે તેમને માફ કરી શકીએ છીએ. તેમના શરમભર્યાં અને ધિક્કારપાત્ર કપટો જાહેરમાં આવ્યા પછી તેમને જીવતી રહેવા દેવી એજ તેમને માટે યોગ્ય સજા છે—"

ઑલિફન્ટના આ ઉદાર વિચારોને લૉરેન્સ લી અને મેજર લૅમ્બટન તથા તેના ભાઇએ ટેકો આપ્યો. માર્કિવસ ઑફ ડુલીબારડીને તેમના ઉમદા વિચારો માટે તેમની પ્રશંસા કરી. તેમની સાથે વ્હાલથી હસ્તધૂનન કર્યું. સ્ટેન્ટન હવે એક સૈનિકને લઇ ભોંયરામાં ઉતર્યો અને પ્રથમ ધર્મગુરૂને ઉપર મોકલવામાં આવ્યો. ધર્મગુરૂ માર્કિવસને જોતાંજ તેને ચરણે પડી દયા માગવા લાગ્યો. માર્કિવસે તેને ધિક્કાર પૂર્ણ સ્વરે કહ્યું.

"મારી પાપી બહેનોના નીચ કૃત્યમાં સહાય કરનાર બદમાસ ! જે પવિત્ર ઝભ્ભાને તેં કલંકિત કર્યો છે તે ઉતારી નાખ—તારી ધર્મગુરૂની પદવી છોડી દે—જા ચંડાલ ! હું તને દેશનિકાલની સજા કરૂં છું. અહિંથી એકદમ તારૂં કાળું કર અને જે પહેલું વહાણ મળે તેમાં બ્રિટિશ અથવા આઇરિશ કિનારા તરફ ચાલતો થા—મૅન દ્વીપમાં હું તારૂં કાળું મ્હોં વધુવાર જોવા માગતો નથી—"

તે બદમાસ ધર્મગુરૂ કાળે મ્હોડે ત્યાંથી ગુપચુપ ચાલી ગયો. માર્કિવસે હવે પોતાની ત્રણ બહેનોને કારાગ્રહમાંથી ઉપર લાવી તેમના ઓરડામાં આજની રાત રાખી આવતી કાલે સ્કૉટલંડ મોકલી દેવાની આજ્ઞા કરી. સ્કૉટલંડમાં એક એકાંત સ્થળે તે ત્રણ બલાઓને રાખવાની તેની ઇચ્છા હતી.

"અને હવે જનરલ ઑલિફન્ટ! હું મારા પૂજ્ય પિતાશ્રીને મળવા જાઉં છુ. જો તમે તમારા મિત્રો તથા ભાઇ હેન્રી બીટન પણ મારી સાથે આવશો તો મારા પિતાજી સાથે તમારો પરિચય કરાવવામાં મને માન અને મગરૂરી ઉપજશે. તમે જે નિર્દયતાના ભોગ થઇ પડયા હતા તેનો હેવાલ મારા પિતાજીને કહેજો. અફસોસ ! મારા અશક્ત પિતાજીએ જો માનસિક તથા શારિરીક નિર્બલતાને લીધે પોતાની ત્રણ પુત્રીઓની ઇચ્છાનુસાર દસ્તાવેજ કરી આપ્યો હોય તો તે માટે હું તેમને દોષિત ગણતો નથી; કારણ કે માંદગીને લીધે સારાસારનો વિચાર કરવાની તેમની શક્તિ મંદ થઇ ગઇ હશે—"

"જરા વાર સબુર કરો મારા લૉર્ડ ! તે પછી અમે તમારા વૃદ્ધ પિતાજીની ખબર લેવા આવીશું, કે જેમ કરવાની અમારી પવિત્ર ફરજજ છે. મેં તમને કહ્યું છે કે જેના અસામાન્ય આભાર નીચે અમે દબાયલા છીએ અને જેના અનહદ ઉપકારનો બદલો કશાથી પણ વળી શકે તેમ નથી તેની સેવાની અલ્પ કદર તમારી સર્વેની હાજરીમાંજ કરવાની મારી ઇચ્છા છે. હેન્રી બીટન ! નીચા વળો—"

તે યુવાન નોકર હમ્મેશાં પોતાના વ્હાલા શેઠને તાબે થવા ટેવાયલો હતો. તે તેના શેઠની શું ઇચ્છા છે તે લેશમાત્ર જાણવા વિના, જનરલની આજ્ઞા પ્રમાણે જનરલને ચરણે પડયો. ત્યારપછી એક બાહુતી સિપાઇના હાથમાંની તલવાર જનરલે પોતાના હાથમાં લીધી. બધા અજાયબીની લાગણીથી તેના તરફ જોઇ રહ્યા. મથા-

લોના પ્રકાશમાં ઑલિફન્ટની તલવાર ચકચક થઇ રહી. તે ગંભીર સ્વરે બોલ્યોઃ

"હેન્રીબીટન, નામદાર મહારાજાએ ગ્રેટબ્રિટન અને આયર્લૅંડની બહાર કોઇપણ જગ્યાએ સર્વ સત્તા સહિત અને અમેરિકન સંસ્થાનોના ગવર્નર જનરલની પદવીપર નિયુક્ત કર્યો છે. એ સત્તાને આધારે અત્રે હાજર રહેલા ગૃહસ્થો જેઓ તમારી વફાદારી તથા બહાદૂરીથી પરિચિત છે તેમની હાજરીમાં હું તમારા વીરોચિત કૃત્યોના અલ્પ બદલા તરિકે તમને 'નાઇટહુડ'નો ખિતાબ અર્પણ કરૂં છું. ઉભા થાઓ, સર હેન્રી બીટન !"

તે બહાદૂર યુવાન ઉભો થયો. તેના જગપ્રસિદ્ધ શેઠે તેનો હાથ વ્હાલથી પકડ્યો. ત્યાર પછી તેને જનરલના મિત્રોએ તેને મળેલા આ અપૂર્વ માન માટે અભિનંદન આપ્યું. હેન્રી બીટન અચાનક મળેલા આ ખિતાબથી એટલો બધો આશ્ચર્યચક્તિ થઇ ગયો હતો તથા તેના હૃદયમાં આનંદની એવી ભરતી આવતી હતી કે થોડીકવાર સુધી તો તે તદ્દન અવાક્ જેવોજ થઇ ગયો. તે પછી તેણે જનરલ ઑલિફન્ટનો આવું મોટું માન પોતાને આપવા માટે આભાર માન્યો.

ત્રણચાર સિપાઇઓના કબજામાં રૂપેલી ત્રણ બહેનોને સોંપી તેમને તેમના ઓરડામાં લઇ જવાની આજ્ઞા કરી જનરલ ઑલિફન્ટ લૉરેન્સ લી, સર હેન્રીબીટન, મેજર લૅમ્બટન અને તેનો ભાઇ, એ સર્વને સાથે લઇ માર્કિવસ ઑફ ટુલી બારડીન કારાગ્રહના છાપરાપરથી નીચે ઉતર્યો અને જે કોરીડોરમાંથી ડ્યુકના નિવાસસ્થાનમાં જવાતું હતું તેમાં દાખલ થયો. રેનાલ્ડ તેના પિતાનો ઓરડો ક્યાં આવેલો હતો તે જાણતો હતો. તે પોતાના સાથીઓ સાથે ત્યાં ગયો. તેણે બારણું ઠોક્યુ—હડસેલ્યું—પણ તે અંદરથી બંધ કરેલું હોવાથી ઉઘડ્યું નહિ. તેણે તે પુનઃ ઠોક્યું. અંદરથી મૅાર્નાનો અવાજ સંભળાયો.

"કોણ છો ?—"

"હું છું. માર્કિવસ ઑફ ટુલીબારડીન—"

"ધીમે, મારા લૉર્ડ ! ધીમે બોલો નામદાર ડ્યુક ઉંઘે છે—" ઓરડામાંથી મૅાર્ના બોલી. તેને તેની ત્રણ શેઠાણીઓએ ઓરડાને અંદરથી તાળું દઇ અંદર બેસી રહેવાની તથા કોઇને પણ અંદર દાખલ ન કરવાની સખ્ત આજ્ઞા કરી હતી.

"કંઇ ફીકર નહિ. હું તને બારણું ઉઘાડવાની આજ્ઞા કરૂં છું.

હું મારા પિતાજીની ઉંઘમાં ખલલ નાખીશ નહિ. ફક્ત તેમની સારવાર બરાબર થઇ છે કે નહિ તેનીજ હું ખાત્રી કરવા માગું છું-"

"પણ મારા લૉર્ડ ! હું બારણું ઉઘાડી શકતી નથી. હું નામદાર ડ્યુકની સેવામાં છું. મારી શેઠાણીઓએ મને સખત આજ્ઞા કરી છે–" તે બદમાસ બહેનોની શી દશા થઇ છે તે વિષે મૅાર્ના તદ્દન અજ્ઞાત હતી.

"મારી ખાત્રી થાય છે કે આમાં કંઇ ઘોટાળો છે–" તે પોતાના સાથીઓ તરફ જોઇ અશાન્ત મને બોલ્યો.

તે પછી તેનો સ્વર કરડો થયો. તે સત્તાશીલ સ્વરે ખરાડ્યો.

"એકદમ બારણું ઉઘાડ–હું તને આજ્ઞા કરૂં છું–તારી શેઠાણીઓની આ જગ્યાએ સત્તા ચાલતી નથી અને પૂર્વે કદિ તેમને સત્તા ચલાવવાનો હક્ક પણ ન્હોતો—"

મૅાર્ના આ ખબરથી ગભરાઇ. તેની વધુ વાર સ્હામા થવાની હિમ્મત ચાલી નહિ. તેણે દ્વાર ઉઘાડ્યું. માર્કિવસ પોતાના મિત્રો સાથે અંદર દાખલ થયો. એક ઝાંખો લૅમ્પ ટેબલ પર બળતો હતોઃ એ ઝાંખા દિવાના પ્રકાશમાં તેમણે જે ભયંકર દેખાવ જોયો તેથી તેઓ એકદમ ભય પામી પાછા હઠી ગયા. જનરલ ઑલિફન્ટ જો તેની સામે તેણે તે ઓરડામાં ભૂખ્યા સિંહને જોયો હોત તો પણ ન ચમકતઃ છતાં તે આ સમયે ડૅાક્ટરનું તથા ડ્યુકનું શબ જોઇ ચમક્યોઃ જો સશસ્ત્ર સૈનિકો તે ઓરડો ઉઘડતાં તેના પર ધસી આવત તોય તે ન ચમકતઃ પણ ખુરશી પર ડૅાક્ટરનું ભયંકર શબ જોઇ તે બે ડગલાં પાછો હઠી ગયો. રૅાનાલ્ડે કોચ પર પોતાના પિતાનું શબ જોયું. તે ભયંકર દેખાવ જોઇ તે પણ ચમક્યોઃ પણ તેજ પલે તે હવે ડ્યુક ઑાફ એથલ થયો છે એવી તેની ખાત્રી થઇ ગઇ.

નવા ડ્યુકને પ્રથમ આ બધી ભયંકરતાનું કારણ શું છે તે જાણુવા માટે મૅાર્નાને ધમકાવવાની ઇચ્છા થઇ પણ બીજી પલે તે વિચાર તેણે મનમાંથી કાઢી નાખ્યો. તે પોતાના સ્વર્ગસ્થ પિતાના પલંગ પાસે ઘુંટણીએ પડ્યો અને પોતાના બન્ને હાથોએ પોતાનું મ્હોં ઢાંકી દઇ પ્રથમ રડી પડ્યો. તે પછી તેણે પોતાના પિતાને શાન્તિ આપવાની પરમાત્માને પ્રાર્થના કરી. જનરલ ઑલિફન્ટ અને

તેના સાથીઓ આ ગંભીર દેખાવ જોતા ચુપચુપ બારણા પાસે ઉભા રહ્યા.

ડ્યુક—હવે અમે માર્કિવસને ડ્યુક ઑફ એથલજ કહીશું—પ્રાર્થના પૂર્ણ થયા પછી ઉભો થયો અને મૉર્ના તરફ ગુસ્સા ભરી તથા તિરસ્કારયુક્ત આંખોએ જોઇ સખત પણ ધીમા અવાજે બોલ્યોઃ

"બોલ. હવે જે ભયંકર દેખાવ અમે અમારી સ્હામે જોઇએ છે તે વિષે ખુલાસો કર—તારા ગુનેહગાર મ્હો પરથી મને લાગે છે કે તું આ બધાનું કારણ જાણે છે. બોલ, ઓ પિશાચીની! મારા પિતા ક્યારે મરણ પામ્યા? આ પૂજ્ય ડૉકટર અહિં શી રીતે મૃત્યુ વશ થયા? તે આ જગ્યાએ શી રીતે આવ્યા? આવી રીતે શબની નિર્દય મનુષ્યત્વહીન મશ્કરી કરવાનું કોને સુઝ્યું છે? બોલ, જલદી બોલ, અને આ ભેદી તથા ભયંકર દેખાવનો વિગત વાર ખુલાસો કર—"

મૉર્ના ગભરાઇ—મુઝાઇ ગઈ. ત્રણે બહેનોની સઘળી સત્તા ચૂર્ણ થઈ ગઈ છે એ હવે તે જાણી ગઇ. હવે શું ખુલાસો કરવો તેની તેને સમજ પડી નહિ. તે મૌનજ રહી.

"બોલ, જલદી બોલ, હું તને હૂકમ કરૂં છું. તું મારી બહેનોના હાથમાં નીચ હથિયાર થઇ પડી છે. હું તારા પર વેર લઈશ નહિ. જો તું સાચું બોલી મારી માફી માગશે તો હું તને માફ કરીશઃ પણ હું જે પુછું તેના ખરા જવાબો આપ. મારા પિતા ક્યારે મરણ પામ્યા?—"

"આજે રાત્રે નવથી દસ વાગ્યાની વચ્ચે, મારા લૉર્ડ!—" માર્કિવસના શબ્દોથી જરા હિમ્મત આવવાથી મૉર્ના બોલી.

"હમણાં મધરાત થવા આવી છે...વારૂ, પણ ડૉકટર ક્યારે અને શી રીતે મરણ પામ્યા? યાદ રાખજે કે જુઠું બોલીશ તો ગુનેહગાર ઠરીશ—"

મૉર્ના રેનાલ્ડને ચરણે પડી અને તેણે બધી વાતનો એકરાર કરી દીધો. ડ્યુકના મરણ પછી તે ત્રણ બહેનો ડૉકટરને પોતાના ઓરડામાં લઈ ગઇ હતી—તે પછી તેનું શબ લઇ ત્રણે બહેનો પાછી ફરી—કલૉડીઆએ તે એકાએક આંકડી આવવાથી મરણ પામ્યો છે એમ મૉર્નાને કહ્યું અને ડ્યુકનું મરણ થવાથી અચાનક ગભરાઈ જઇ તે મરણ પામ્યો છે એવું બહાર કહેવાની ઇચ્છા વ્યક્ત કરી—એ બધી

વાત મોર્નાએ વિગતવાર કહી દીધી. આ ભયંકર નિર્દયતાની વાત સાંભળી રેનાલ્ડના વદન પર ભય અને તિરસ્કારની લાગણી સ્પષ્ટ છવાઇ. જનરલ ઑલિફન્ટ અને તેના સાથીઓ પણ કમકમી ગયા.

" એક ડૉક્ટર વારંવાર માણસોને પોતાની નજર સમક્ષ મૃત્યુ પામતા જુએ છે અને એવા દેખાવ જોવાની તેને ટેવ પડેલી હોય છે. " ડ્યુક ઑફ એથલ લાગણીભર્યા—ધીમા અવાજે બોલ્યો.

" અને તેથી આ ડૉક્ટર મારા પિતાનું શબ જોઇ અચાનક ભય પામી મરણ પામ્યા હોય એ હું માનતો નથી. મેં મારી બહેનો તરફ દયા બતાવવાનું વચન આપ્યું છે પણ હવે હું તે પાળી શકીશ કે કેમ તે મને સમજાતું નથી...દાસી ! આ શબને બીજા ઓરડામાં લઇ જા અને બન્ને શબની અંતિમ ક્રિયા કરવાની ગોઠવણ કરો—"

આ છેલ્લી આજ્ઞા તેણે મૉર્નાને કરી.

તે પછી તે જનરલ ઑલિફન્ટ તથા બીજાઓ સાથે તે ઓરડામાંથી બહાર નીકળી જે દિવાનખાનું ત્રણ બહેનો વાપરતી હતી તેમાં આવ્યો. તેમાં હજુ પણ પ્રકાશિત બત્તી બળતી હતી અને ટેબલ પર દારૂ, ફળો તથા મીઠાઇ પડી હતી.

" મિત્રો !—" ત્યાં આવ્યા પછી અત્યંત લાગણીથી ડ્યુક બોલ્યો.

" આપણી કલ્પનામાં આવે તે કરતાં અતિ નીચ અને પાપી ગુન્હો થયેલો આપણે આપણી નજરે જોયો છે. હું હવે તેનો હેતુ સમજી શકું છું. મારા હતભાગી પિતા મારી દુષ્ટ બહેનો પોતાનાં લગ્ન કરી પોતાની મહત્વાકાંક્ષા પાર પાડી શકે તે પહેલાં મૃત્યુવશ થયા હતા અને કમનસિબ ડૉક્ટરની જાણમાં એ વાત આવવાથી એ ભેદ અંધારામાં રાખવા માટેજ મારી બહેનોએ એ નિર્દોષ માણસનું ખૂન કરી, મારા પિતાના મરણનો ખરો વખત છૂપાવવાનો પ્રયત્ન કર્યો હતો તે વિષે મને જરા પણ શંકા નથી. હવે મિત્રો ! એ વિષયમાં તમે મને શું સલાહ આપો છો ? મારે શું કરવું ?—"

" એક ભાઇને પોતાની સગી બહેનોને ફાંસીએ લટકાવવાનું કહેવું એ યોગ્ય નથી—" જનરલ ઑલિફન્ટ બોલ્યો.

" જો હું એવી સ્થિતિમાં મૂકાયો હોઉં તો તે સમયે હું મનુષ્યોના કાયદાનો ઉપયોગ કરૂં નહિઃ પણ પ્રભુને પોતાનું કાર્ય કરવાની વિનંતી કરૂં. મારા લૉર્ડ ! તમારી દુષ્ટ બહેનોને તેમનાં પાપી કૃત્યોની સજા ઇશ્વરજ કરશે. ખાત્રી રાખો કે તે કદિ પણ ગુનેહગારોને છટકી

જવા દેતો નથી. વહેલી યા મોડી તમારી બહેનોને કુદરતજ સજા કરશે—"

હાજર રહેલા સર્વેએ જનરલના મતને અનુમોદન આપ્યું.

ડયુક ઑફ એથલ બોલ્યોઃ

"હું તેમને જીવતદાન દઈશઃ પણ આ કલાકમાંજ તેમને એક વહાણમાં બેસાડી હું સ્કૉટિશ કિનારા પર મોકલી દઈશ કે જ્યાં મારા પિતાની માલીકીના એક કિલ્લામાં તેમને રહેવાની સગવડ કરી શકાશે—"

ડયુકની ઇચ્છાનુસાર તરતજ આજ્ઞા કરવામાં આવી. સ્ટેન્ટનને તે ત્રણ બહેનોને વહાણમાં બેસાડી આવવાનું કામ સોંપવામાં આવ્યું. તે પછી ડયુક ઑફ એથલના અતિથીઓ પોત પોતાને માટે તૈયાર થયલા ઓરડામાં આરામ લેવા ગયાઃ પણ જનરલ ઑલિફન્ટ અને લૉરેન્સ લીએ સુઇ જવા પહેલાં કર્નલ રમ્બોલ્ડની સ્થિતિ પર લાંબો વખત સુધી વાતચીત કર્યોઃ અને તે પછી તેઓ નિદ્રા દેવીને શરણે ગયા.

પ્રકરણ ૭ મું.

બળવો.

તેને તેજ રાત્રે કલૉડીઆ સેબીના અને દુલીઆને એક વહાણમાં બેસાડી મૅન દ્વીપમાંથી રજા આપવામાં આવી. પ્રાતઃકાલ થતાંજ કિલ્લા પર કાળો વાવટો ફરકતો મૅન દ્વીપના નિવાસીઓની નજરે પડયો અને તેથી તેમણે જાણ્યું કે મૅનનો વૃદ્ધ ઉમરાવ–ડયુક ઑફ એથલ આ ફાની જગતનો ત્યાગ કરી કોઇ અદૃશ્ય પ્રદેશ, જ્યાં જઇ કોઇ પણ મનુષ્ય હજુ સુધી પાછો ફર્યો નથી, ત્યાં ચાલી ગયો છે. લોકોમાં ત્વરિત વેગે એવી વાત ફેલાવા લાગી કે ગઇ રાત્રે નવો ડયુક પોતાના કેટલાક મિત્રો સાથે રશન કૅસલમાં આવી પહોંચ્યો છે. જગ પ્રસિદ્ધ વીર જનરલ ઑલિફન્ટ પણ તેની સાથે આવ્યો છે એવી વાત પણ લોકોમાં પવન વેગે ફેલાવા લાગી. રેનાલ્ડને તેની ત્રણ બહેનોની દુષ્ટ પ્રપંચજાળને લીધે જનરલ તથા તેના સાથીઓ કારાગૃહમાં કેદ પકડાયા હતા અને તેની બહેનોનો પાપનો ઘડો ફૂટી જવાથી તેઓ મુક્ત થઈ શકયા હતા એ વાત લોકોની જાણમાં આવે

એ પસંદ ન્હોતું તેથી જાણે તે તેમને લઇનેજ મૅન ટાપુમાં આવી પહોંચ્યો હોય એવી વાત તેણે ફેલાવવાનું યોગ્ય ધાર્યું. વળી લોકોમાં એવી પણ વાત થતી હતી કે કલૉડીઆ સેબીના અને ટુલીઆ ટાપુ છોડી રાતોરાત ચાલી ગઇ છે તથા ડયુકના મરણ પછી તેનું શબ જોઇ અચાનક મૂર્છિત થવાથી ડૉકટર પણ મૃત્યુ વશ થયો છે.

સ્હવારે આઠેક વાગે 'હાઉસ ઑફ્ કીઝ' ની સભા મળી. રેનાલ્ડે એક દૂત દ્વારા વૃદ્ધ ડયુકના મૃત્યુની સત્તાવાર ખબર કાઉન્સીલ પર મોકલાવી હતી અને કાઉન્સીલે તે સાંભળી નવા ડયુકને મૅન દ્વીપના નવા રાજકર્ત્તાને તેને મળેલી પદવી માટે અભિનંદન આપવા તથા તેના પિતાના શોકજનક મૃત્યુને માટે શોક બતાવવાનો ઠરાવ કર્યો. થોડાક કલાક પહેલાં એજ કાઉન્સીલ જો તે ત્રણ બહેનોની નીચ બાજી વિજયી થઇ હોત તો તેમની સત્તાનો સ્વીકાર કરી તેમને તથા તેમના પતિઓનો અભિનંદન આપવા તૈયાર હતી. હવે બાજી બદલાઇ. રેનાલ્ડ સત્તાશીલ થયો એટલે આ ઉગતા સૂર્યને નમનારી કાઉન્સીલે તેને વધાવી લીધો.

ડયુક અને ડૉકટરના શબની અંતિમ ક્રિયા માટેની યોગ્ય વ્યવસ્થા ઝડપથી કરવામાં આવીઃ કાઉન્સીલનો ડયુકના મરણ માટે શોક પ્રદર્શિત કરનારો તથા નવા ડયુકને અભિનંદન આપનારો લેખિત ઠરાવ મળતાં રેનાલ્ડે તેનો વિનયથી જવાબ આપતાં જણાવ્યું કે તે પોતે તેના સ્વર્ગસ્થ પિતાની અંતિમ ક્રિયા પૂર્ણ થયા પછી કાઉન્સીલમાં હાજર થશે અને મૅન ટાપુના કાયદાઓમાં યોગ્ય ફેરફાર કરશે. તેણે પોતાના ટાપુમાં બદમાસો અને ગુનેહગારોને આશરો મળે છે તે ધિક્કાર પાત્ર છે અને ટાપુના કાયદાઓમાં ફેરફાર કરવાની જરૂર છે એ વાત કાઉન્સીલના માનપત્રનો જવાબ આપતાં ભાર મૂકીને જણાવી દીધી.

ડૉકટરનું ખુન તે ત્રણ દુષ્ટ બહેનોએજ કર્યું હતું તેનો ખાત્રી પૂર્વક પૂરાવો પણ રેનાલ્ડને તપાસ કરતાં મળી આવ્યો. તે ત્રણ બહેનોના દિવાનખાનામાંની એક ડેસ્કમાંથી એક ન્હાની બાટલી મળી આવી અને તેમાંની પ્રવાહી દવા એક કૂતરાને પાવામાં આવતાં તુરતાતુરત તે બિચારાના જીવનનો અંત આવ્યો. આ બાટલીમાંનું કાતિલ ઝેર મળી આવ્યા પછી ડૉકટરનું ખૂનજ થયું હતું તે વિષે ડયુક ઑફ્ એથલને જરા પણ શંકા રહી નહિ. આવી દુષ્ટ બહેનો સ્ત્રીઓના આકારમાં

છૂપાયલી ચૂડેલો–નો તે સગો ભાઇ છે એ વિચારથી તે થરથર્યો!

રશન કૅસલના કારાગ્રહમાંના કેદીઓ જે રાત્રિએ સ્વતંત્ર થયા તે પછી ત્રણચાર કલાક વહી જવા બાદ એટલે પ્રાતઃકાલ થતાં તરત જ લૉરેન્સ લીએ પોતાની વ્હાલી પત્નિ રૂથ પર કેટલાક પત્રો લખી તે એક કાસદ સાથે લંડન મોકલી આપ્યા. મૅન ટાપુના યુવાન ઉમરાવના અત્યાગ્રહથી જનરલ ઑલિફન્ટ, મેજર લૅમ્બટન, મી૦ લૅમ્બટન અને સર હેન્રીબીટન સાથે ત્યાં થોડાક દિવસ રહેવાનું તેણે કબૂલ કર્યું હતું. રેનાલ્ડની બહેનોએ આ વીરપુરૂષોને કારાગ્રહમાં નાંખી જે દુઃખ દીધું હતું તે ભૂલાવવા માટે તેમને પોતાના અતિથિઓ તરિકે રહેવાની ડ્યુકે વિનંતી કરી હતી. લૉરેન્સ લી અને મેજર લૅમ્બટન પર કારાગ્રહના એકાંતવાસથી ખરાબ અસર થઇ હતી. અસહ્ય ચિન્તાને લીધે તેમની શારિરીક શક્તિ કંઇક અંશે ક્ષીણ થઇ હતી. જનરલ ઑલિફન્ટના શરીરપર લેશમાત્ર અસર થઇ ન્હોતી પણ પોતાના મિત્રોને આરામ લેવાનો પ્રસંગ મળે તે માટે તેણે પણ પોતાને થોડાક દિવસ આરામ લેવાની જરૂર છે એવો ઢોંગ કર્યો. જનરલની આજ્ઞા પ્રમાણે લૉરેન્સ લીએ કર્નલ રમ્બોલ્ડના કેસ સંબંધી એવા પત્રો રૂથ પર લખી મોકલ્યા હતા કે જે વાંચી પોતાના પિતા માટેની અસહ્ય દુઃખી લાગણીઓમાંથી રૂથ ઘણે અંશે મુક્ત થઇ જશે એવી લૉરેન્સની સંપૂર્ણ ખાત્રી હતી. ખરેખર, લૉરેન્સના હૃદયમાં જનરલના અનેક ઉપકારોને લીધે તેને માટે અત્યંત માનની લાગણી ઉભરાઈ જતી. જનરલે કર્નલ રમ્બોલ્ડ જરૂર નિર્દોષ પૂરવાર થઇ છૂટી જશે એમ ભાર મૂકીને જણાવ્યું અને તે લૉરેન્સે સાચું માન્યું.

"તમારી અને આપણા અન્ય મિત્રોની તબિયત જરા લથડેલી હોવાથી તથા મને પણ આરામની જરૂર હોવાથી આપણને અહિં થોડા દિવસ રહેવાની જરૂર છે કે જેથી આપણી બધાની તબિયત સુધરવા પામે પણ ફક્ત એટલાજ કારણસર આપણે અહિં રોકાતા નથી. મૅન ટાપુના નવા ડ્યુક તેમની બહેનોએ આપણા તરફ જે દુષ્ટ વર્તન ચલાવ્યું છે તેથી દિલગીર થયા છે અને તે પોતાની બહેનના પાપનું પ્રાયશ્ચિત કરવા આપણું ગરમાગરમ આતિથ્ય કરી આપણને રાજી રાખવાની ઇચ્છા રાખે છે. તેણે જે વિનંતી કરી છે તે પછી જો આપણે તેની માગણીનો અસ્વીકાર કરીએ તો તે વિનયશીલતા ન ગણાય. સ્વર્ગસ્થ ડ્યુકની અંતિમ ક્રિયા પૂર્ણ થઇ જાય ત્યાં સુધી

આપણે અહિં રહીશું. અને ત્યાર પછી લંડન જઇશું. કર્નલ રમ્બોલ્ડ સંબંધી તમારે જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તેનો વાંકો વાળ પણ થવાનો નથી. તે નિર્દોષ છે અને નિર્દોષ પૂરવાર થશેજ. હું કસમ લઉં છું કે તમારા વૃદ્ધ શ્વસુર તેમના પરના દુષ્ટ આરોપમાંથી મુક્ત થઇ શકશે. તમને કે તમારી પત્નિ રૂથને કર્નલ માટે દુઃખી થવું પડશે નહિજ. તમે જાણો છો કે હું જે વચન આપું છું તે સંપૂર્ણપણે પાળવાની મારામાં શક્તિ હોય તોજ આપું છું તો પછી જે વૃદ્ધ સૈનિકના ઉન્નત ચારિત્ર્ય માટે મારા હૃદય-માં માન છે અને તેના નિકટના સ્નેહીઓ જેમને હું અત્યંત ચાહું છું તેમને લેશ માત્ર દુઃખ થાય એવું હું કદિ પણ કરૂં નહિ એ તો તમે માની શકશોજ—"

સ્વર્ગસ્થ ડ્યુકની દફન ક્રિયા તેના મરણ પછી ચોથે દિવસે રાજવંશી દબદબાથી કરવામાં આવી. રેનાલ્ડ, તેના વીર મિત્રો, હાઉસ ઑફ કિઝના સર્વ સભાસદો, કૅસલ રશનની ગૅરિસન અને કૅસલ ટાઉનના અનેક નાગરિકો વૃદ્ધ ડ્યુકની દફન ક્રિયા વેળા તેને અન્તિમ માન આપવા માટે કબ્રસ્તાન સુધી ગયા. ડૉક્ટરની પાયદસ્ત પણ એજ દિને નીકળી પણ તેના શબની પાછળ તેના સગાંસંબંધીઓજ કબ્રસ્તાન સુધી ગયાં હતાં.

બીજે દિને સ્હવારે મૅનદ્વીપના નવા ઉમરાવે ટાપુના જૂના કાયદામાં સૂચવેલા ફેરફારો પર વિચાર કરવા માટે "હાઉસ ઑફ કિઝ"ના સભાસદો સભા ભવનમાં ભેગા મળ્યા. નવો ડ્યુક પોતાની સત્તા નીચેના ટાપુમાં ગુનેહગાર બદમાસોને શરણુ આપવા માગતો ન્હોતો અને મૅન દ્વીપના જૂના કાયદાઓ એવા બદમાસોને શરણુ આપતા હતા. આથી તેમાં યોગ્ય ફેરફાર કરવાની નવા ડ્યુકની ખાસ ઇચ્છા હતી. તેની ઇચ્છા પર જ્યારે પ્રતિનિધિઓ વિચાર કરતા હતા ત્યારે તે પોતે કિલ્લામાંના પોતાના નિવાસ સ્થાનમાં પોતાના મિત્રો સહિત બેસી રૅાથવેલ—રશન કૅસલની ગૅરીસનના કૅપટન—ને શું સજા કરવી તે વિષે વિચાર કરતો હતો. રેનાલ્ડ તેને દેહાંત દંડની સજા કરવા માગતો હતોઃ પણ જનરલ ઑલિફન્ટે પુખ્ત વિચાર કર્યા પછી તે સ્હામે પોતાની વિરૂદ્ધતા જાહેર કરી કહ્યું.

"રૅાથવેલ બદમાસ છે. પાપી છે, ગુનેહગાર છે અને તેનામાં મનુષ્યત્વનું નામ નથી એનો હું સ્વીકાર કરૂં છું. તે સજાને પાત્ર છે

એ વાત પણ ખરીઃ પણ મારા લૉર્ડ! મારે તમને જણાવવું જોઇએ કે એ તમારી દુષ્ટ બહેનોના હાથમાં તેમના હથિયાર જેવો હતો! એણે જે નીચ કૃત્યો કર્યાં છે તે કરાવનાર તમારી બહેનો હતી. હવે તમે જ્યારે તમારી બહેનોને ક્ષમા આપી છે ત્યારે રૅાથવેલને સજા કરવી એ ન્યાયયુક્ત છે એમ મને લાગતું નથી. વળી જેઓ સઘળા ભેદી બનાવોથી પરિચિત છે તેઓ રૅાથવેલને ફાંસીની સજા થયલી જોઇ અન્યાય થયલો માનશે એટલુંજ નહિ પણ તમારી બહેનોનાં કૃત્યો માટે તેમના હથિયાર જેવા રૅાથવેલ પર વેર લેવાયું એમ ગણશે. જાહેર પ્રજા હજુ કારાગ્રહમાંના કાળાં કૃત્યો સંબંધી કંઇ જાણતી નથી પણ જો રૅાથવેલને વધસ્તંભપર લટકાવવામાં આવશે તો જે વાત જાહેર કરવામાં આવી છે તે બધી સાચી નથી પણ માંહે કંઇ ઊંડો ભેદ છે એવી શંકા પ્રજામાં ઉત્પન્ન થશે. આથી રૅાથવેલને ફાંસીની સજા કરવાની હું સલાહ આપી શકતો નથી—"

રેનાલ્ડ—ડયુક ઑફ એથલે જનરલ ઑલિફન્ટની દલીલોનો સ્વીકાર કર્યો અને રૅાથવેલને દેશનિકાલની સજા કરવાનો હૂકમ કર્યો. બદમાસ રૅાથવેલને જો તે ત્રણ દિવસમાં મૅન દ્વીપની બહાર નીકળી જશે નહિ તો તેને ઠાર કરવામાં આવશે એવો હૂકમ પહોંચાડવામાં આવ્યો. આ હૂકમ મળતાંજ રૅાથવેલ મૅનમાંથી ન્હાસી ગયો.

તેજ દિવસે રશન કૅસલમાં એક ચોંકાવનારી ખબર મળી. એ ખબર એવી મતલબની હતી કે રેનાલ્ડની બહેનો ક્લૉડીઆ, સૅબીના અને ટુલીઆએ ગમે તે પ્રકારે જે વહાણપર તેમને ચઢાવવામાં આવી હતી તેના કૅપટનને પોતાના પક્ષમાં લીધો હતો અને જે વહાણ તેમને સ્કૅાટીશ કિનારાપર લઇ જવાનું હતું તે ત્યાં જવાને બદલે મૅન ટાપુના ઉત્તર ભાગના કિનારાપર તેમને લઇ ગયું હતું. ત્યાં જઈ ત્રણે બહેનોએ ત્વરિત વેગે પોતાના ભાઇના હાથમાંથી મૅનનું રાજ્યતંત્ર છીનવી લેવાના હેતુથી એક મોટું લશ્કર એકઠું કરવા માંડયું હતું. જનરલ ઑલીફન્ટ અને તેના મિત્રોએ બીજે દિવસે લંડન ઉપડી જવાનો નિશ્ચય કર્યો હતો; પણ આ નવી આફતમાં પોતાને સહાય કરવાની ડયુકે તેમને વિનંતી કરી અને એ વિનંતીને માન આપી ત્યાં વધુ વખત રહેવાનું તેમણે કબૂલ કીધું.

બીજા બે દિવસ વહી ગયા અને એટલા સમયમાં પેલી ત્રણ બહેનોની લડાયક તૈયારીઓની બીજી નવી ખબરો કિલ્લામાં આવી

પહોંચીઃ તેમણે ઢંઢેરાઓ બહાર પાડી તેમના ભાઇ રેનાલ્ડ પર અનેક આરોપ મૂકયા હતા. તેમણે રેનાલ્ડ પર તેમના પિતાના ખૂનનો નીચ આરોપ મૂકયો હતો અને પોતાનું પાપ ઢાંકવા માટે તેણે ડૅાકટરનું પણ ઝેર આપી ખૂન કર્યું છે એવી જૂઠી વાત પણ ઢંઢેરામાં જાહેર કરી હતી. વળી એક બીજા ઢંઢેરામાં જણાવવામાં આવ્યું હતું, કે "મૅનનું ઉમરાવપદ ધૂતી લેનાર નવા ઉમરાવે ટાપુના જૂના કાયદાઓ અને રિવાજોપર પાણી ફેરવી મૅનની સ્વતંત્રતાની દરકાર કર્યા વિના અંગ્રેજ સરકારને ટાપુ વેચી નાખવાનું કબૂલ કીધું છે અને તેથી જે ટાપુમાં અત્યારસૂધી ગ્રેટબ્રિટન અને આયર્લેંડના ગુનેહગારો નિરાંતે સુખી જીવન ગાળતા હતા તેમને બ્રિટિશ કાયદાના પંઝામાં પુનઃ સપડાવું પડશે. આથી જેઓ એ જૂલમમાંથી બચવા માગતા હોય અને હજુ પણ મૅન દ્વીપમાં બીન ગુનેહગાર નાગરિકો પેઠે મોજ કરવા ચાહતા હોય તેમણે અમારા વાવટા નીચે ભેગા થઇ અમારા દગાબાજ ભાઇ રેનાલ્ડની સામેના યુદ્ધમાં મદદ કરી મૅનદ્વીપના પુરાણા કાયદા કાનુનો, રીત રિવાજો અને સ્વતંત્રતાનું રક્ષણ કરવાના અમારા પ્રયાસમાં અમને મદદ કરી પોતાની સહી સલામતી મેળવવી." આ ઢંઢેરાની પ્રજાપર ઘણી ફલદાયક અસર થઇ અને તે બહેનોના વાવટા નીચે અનેક માણસો ભેગા થઈ રેનાલ્ડ સામે લડવા તૈયાર થઇ ગયા. અજ્ઞાન–અભણ ખેડૂતો ગ્રેટબ્રિટનના રાજાના સૈનિકો તેમને પકડી જશે એવા ભયથી ક્રુજી કોદાળી પાવડા ફેંકી દઇ ડયુકની પુત્રીઓના લશ્કરમાં જોડાયા. ટાપુના ઉતર ભાગના ગામડાંઓ તથા શહેરોના બધા માણસોને આ ત્રણ બહેનોએ પોતાના પક્ષમાં લીધા. ઢંઢેરાપર ઢંઢેરા બહાર પડવા–લાગ્યા—વચનપર વચન અપાયાં—દરેક મનુષ્યને કશાને ખાતર નહિ તો પોતાના લાભ અને સહીસલામતીને ખાતર લશ્કરમાં જોડાવાની વિનંતી થઇ–પીલ કૅસલ અને અન્ય મજબૂત કિલ્લાઓમાંની ટૂકડીઓ રેનાલ્ડની બહેનોની મદદે આવી. ટૂંકામાં આ બળવાખોર પક્ષ એક અઠવાડિયામાં ઘણો જોરાવર થઇ પડયો.

દરરોજ નવી નવી ખબરો આવવા લાગી. કલાકે કલાકે કંઇ કંઇ ખબર મળવા લાગી. રશન દુર્ગમાં અશાંતિ વધતી ચાલી. ડગલાસ નગર અને ત્યાંનું લશ્કર બળવાખોરોના પક્ષમાં ગયાં–બળવો વધુ ને વધુ જોસથી ફેલાવા લાગ્યો–અને ડયુકના રાજ્યનો એ ત્રતિ-ચાંસ ભાગ પેલી બહેનોના દુષ્ટ પક્ષમાં ભળી ગયો. નવા ડયુકે બદ-

માસો અને ગુનેહગારોને લગતા કાયદામાં ફેરફાર કરવાની જે સૂચના કાઉન્સીલ સમક્ષ રજુ કરી હતી તે સૂચનાએ તે ત્રણ બહેનોને અમૂલ્ય મદદ કરી. તેમના ઢંઢેરામાં એ વાત જણાવવામાં આવી હતી અને જાહેર રીતે એ બીના કાઉન્સીલમાં ચર્ચાઇ એટલે અત્યાર સુધી વિદેશમાંથી મૅન દ્વીપમાં ન્હાસી આવેલા દુષ્ટ મનુષ્યોની ખાત્રી થઇ ગઇ કે નવો ડ્યુક હવે તેમને આશરો આપવાનો નથી. આ એક વાત સાચી હોવાથી ટાપુની પ્રજાએ ઢંઢેરાઓમાંની બીજી હડહડતી જૂઠી વાતો પણ સત્ય માની. રેનાલ્ડેજ ડ્યુકનું ખૂન કર્યું—ડૉક્ટરને ઝેર આપ્યું એવી વાતો થવા લાગી. ગુનેહગારો, બદમાસો, ખૂનીઓ, લૂંટારાઓ હાથમાં હથિયાર લઇ પોતાના આ જાલિમ શત્રુનો નાશ કરવાના ઇરાદાથી ડ્યુકની બહેનોના લશ્કરમાં જોડાયા. દિન પર દિન તેમનું લશ્કર વધતું ગયું અને એક મહિનામાં તો લગભગ પાંચ હજાર માણસોનું લશ્કર ભેગું થઇ ગયું. એક અગત્યની વાત અત્રે નોંધવાની જરૂર છે અને તે એ છે કે રૉથવેલ તેને દેશ નિકાલની સજા થઈ છે તેથી તેણે ટાપુમાંથી ચાલ્યા જવું એ હુકમ મળ્યા પછી પોતાની સ્વામિનિઓના મુખ્ય લશ્કરી સ્થળે ગયો હતો અને તે ત્રીએ બહેનોએ પોતાના આ વફાદાર નોકરને લશ્કરનો નાયક નીમ્યો હતો.

પણ એ સમય દરમિયાન ડ્યુક અને તેના મિત્રો શાન્ત બેઠા ન્હોતા. જનરલ અને તેના સાથીઓએ ટાપુમાંથી લંડન જવાનો વિચાર હમણાં મુલતવી રાખ્યો કારણ કે નવા ડ્યુકને આવી આફતમાં મૂકી ત્યાંથી ચાલી જવાનું વીર ઑલિફન્ટને યોગ્ય લાગ્યું નહિ તેમજ તેના વીરત્વપૂર્ણ હૃદયે રણાંગણમાં ઝુઝવાનો પ્રસંગ ગૂમાવવાની તેને સલાહ આપી નહિ. રેનાલ્ડ સારો માણસ હતો: પણ દૃઢહૃદયી ન્હોતો. જુવાનીના આરંભમાં તે વિલાસનો ગુલામ બન્યો હતો—હજુ પણ લલનાઓની મોહક આંખો જોઇ તે અસ્થિર બની જતો હતો—અને જો કે એ એક વર્ષથી તેના વર્તનમાં સારો સુધારો થયો હતો તો પણ હજુ વિલાસપ્રિયતા અને અનિયમિતાને લીધે આવેલી માનસિક નિર્બળતા હજુ તેનામાંથી દૂર થઇ ન્હોતી. તેનામાં હિમ્મતનો કે શૂરાતનનો અભાવ ન્હોતો: પણ આફત સ્હામે થવાની દૃઢતા, સમયસૂચકતા અને વજ્ર સમી છાતીનો અભાવ હતો. એ વીરોચિત ગુણોનો સંપૂર્ણ વિકાસ તો જનરલ ઑલિફન્ટમાં થયો હતો.

આથી ડયુકની સઘળી આશાઓનું કેન્દ્રસ્થાન જનરલ ઍાલિફન્ટમાં હતું. તે વીર યોદ્ધો હવે લડાયક કામમાં રોકાયો—શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. લડાઇ થશેજ એ વિષે હવે કોઇને શંકા ન્હોતીઃ એટલે પ્રથમ જરૂર તો લશ્કર વધારવાનીજ હતી. હેન્રીની પચાસ માણસોની ટૂકડીએ ડયુકની સેવા સ્વીકારી. કિલ્લામાંની ગૅરિસન પણ પૈસાની લાલચ આપતાં ડયુકના પક્ષમાં આવી તેના લશ્કરમાં જોડાવા તૈયાર થઇ. ઍાલિફન્ટે પેલી બહેનોના ઢંઢેરાઓનો જવાબ આપવા નવા ઢંઢેરાઓ બહાર પાડયા—તે પોતે શહેરમાં અને આજુ બાજુનાં ગામડાંઓમાં સિપાઇઓ મેળવવા ગયો—તે અથાગ પરિશ્રમ કરવા લાગ્યો—હમણાં અહિં તો બીજી પલે ત્યાં—એમ તે સર્વવ્યાપક હોયની તેમ આમથી તેમ ઘૂમી રહ્યો. નવા સૈનિકોને તાલિમ આપવી, ઢંઢેરાઓ બહાર પાડવા, સૈનિકો મેળવવાનો પ્રયાસ કરવા રખડવું, ત્રણ બહેનોના ઢંઢેરાઓ શાંતિથી વાંચી તેપર વિચાર કરી તેમનો જવાબ લખવો, એ બધાં કામો તે અસામાન્ય દક્ષતાથી કરવા લાગ્યો. તે એક પલ પણ આરામ લેતો નહિ, તેણે જેટલા મળી શક્યાં તેટલાં વહાણો મેળવી એક ન્હાનો કાફલો પણ તૈયાર કર્યો. અને એ રીતે બચાવની દરેક તૈયારી કરી. લડાઇ, લડાઈ ને લડાઇના કામમાંજ તે મચી રહેતો અને આટલું આટલું કામ કરવા છતાં કદિપણ તેના મુખપર આવેશ કે અશાન્તિ જણાતી નહિ. હમ્મેશાં તે સ્થિર વજ્રહૃદયી યોધ્ધો શાન્ત અને દૃઢ જણાતો. તેના વદનપર અડગ નિશ્ચીતતા હમ્મેશાં જણાતી.

ડયુકની દફન ક્રિયા થઇ ગયા પછી આવાં કામોમાં એક મહિનો વહી ગયો. એ અરસામાં લૉરેન્સે પુનઃ રૂથને અને તેના પિતાને પત્ર લખ્યો હતો. તેણે જનરલ ઍાલિફન્ટ પોતાનું વચન ગમે તે ભોગે પાળશેજ, તે વિષે ચિંતા કરવાની જરૂર નથી એમ પત્રમાં લખ્યુ હતું. હાલના સંજોગોમાં જો તે મૅન દ્વીપ છોડી જાય તો તે હીચકારાપણું કહેવાય તેટલા માટેજ તે તેની વ્હાલી પત્નિ રૂથ પાસે આવી શકતો નથી એમ જણાવી તેણે તે માટે પોતે રૂથ તરફ બેદરકાર થયો છે અથવા તેના પ્રતિનો પ્રેમ સહેજ પણ કમી થયો છે એવું ન માનવાની વિનંતી પણ તે પત્રમાં કરી હતી. રૂથ વીરાંગના હતી. હમ્મેશાં તે પોતાનો પતિ યુદ્ધભૂમિમાં સુકીર્તિ મેળવી, બહાદૂરીના ચાંદ મેળવે એમ ઇચ્છતી. આથી જો કે તેનો વિરહ અસહ્ય લાગે છે તે છતાં તે તેને યુદ્ધ ભૂમિ તજી આવવાની સલાહ આપી શકતી નથી એમ રૂથે લૉરેન્સના પત્રના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું.

આ એક મહિનામાં બન્ને પક્ષોની સ્થિતિ કેવી હતી ?

પેલી ત્રણ બહેનોનું લશ્કર પાંચ હજાર માણસોનું થઇ ગયું હતું એ અમે અગાઉ જણાવી ગયા છીએ. તેઓ હવે જીવ પર આવી હતી. રશન કૅસલમાંથી જ્યારે તેઓ સ્કૉટિશ કિનારા પર જવા નીકળી ત્યારે તેમના શરીર પર અમૂલ્ય રત્નજડિત અલંકારો હતાં. એ અલંકારો વેચી નાખી તેમણે પૈસા મેળવ્યા અને એ પૈસામાંથી તેમણે લશ્કર ભેગું કર્યું. સ્કૉટીશ અને આઇરીશ ટાપુઓએ પણ તેમને દ્રવ્ય લઇ સહાય કરી. પીલ અને ડગલાસના કિલ્લાઓમાંથી તથા અન્ય સ્થલેથી દરેક જાતનાં હથિયારો, તોપો તથા બીજો લડાયક સરંજામ મળ્યો. ટાપુના બદમાસો તો તેમને મદદ કરવાને ગમે તે કરવાને તૈયાર હતા જ. આ રીતે તે બહેનોનો પક્ષ ઘણો સબલ થઇ ગયો હતો જ્યારે બીજી બાજુએ ડયુક ઑફ એથલનું લશ્કર ફક્ત આઠસો માણસોનું જ થયું હતું. જનરલ ઑલિફન્ટના જગપ્રસિદ્ધ વીરત્વથી આ ટાપુના બદમાસ ગુનેહગારો આકર્ષી શકાય તેમ ન્હોતું; કારણ કે તે બધા મનુષ્યત્વહીન હતા. એ ભાડૂતી બદમાસો જનરલના શૂરાતનથી આકર્ષાઇ તેના સેનાનીપદ નીચે લડવા ભેગા થાય એવા સમ્ભવ બહુ ઓછા હતા. આટલા થોડા લશ્કરને જોઈ યુવાન ડયુક ઘણો ચિંતાતુર થતો અને તે વારંવાર નિરાશ થઇ જનરલ ઑલિફન્ટને પૂછતોઃ

"આપણને વિજય મળવાના કંઇપણ સંભવ છે ખરા ?–"

"આપણે શક્ય પ્રયાસ કરીશું—મારા લૉર્ડ ! મનુષ્યથી થતા દરેક પ્રયાસો હું કરીશ. હવે વધુ શું કહું ?–" જનરલ હમ્મેશાં આવો જવાબ શાન્તિથી આપતો.

અન્તે બળવાખોરોનું લશ્કર કૅસલ ટાઉન તરફ કુચ કરતું આવે છે એવી ખબર આવી. ડયુક કિલ્લાના દરવાજા બંધ કરાવી ઘેરા સામે બચાવ કરવાના ઉપાય લેવાની આજ્ઞા કરવા જતો હતોઃ પણ તેને તેમ કરતો અટકાવી જનરલ ઑલિફન્ટ બોલ્યો.

"નહિં. મારા લૉર્ડ ! તમે મને તમારી સેનાનો સેનાની નીમ્યો છે. મારો વિચાર શત્રુનો સામનો કરવાનો છે..."

આટલું કહી, ડયુકના જવાબની રાહ જોયા વિના તેણે લશ્કરને બહાર નીકળવાનો હુકમ કર્યો. ત્યારપછી લૉરેન્સ લી સાથે થોડીક મિનિટ ખાનગી વાતચીત કરવા માટે તેણે લૉરેન્સને પોતાની સાથે પોતાના ઓરડામાં આવવાની આજ્ઞા કીધી.

પ્રકરણ ૮ મું.

લડાઈની તૈયારી.

જ્યારે જનરલ ઑલિફન્ટ અને લૉરેન્સ લી દિવાનખાનામાં એકલા મળ્યા ત્યારે જનરલે લૉરેન્સને બેસી જવાની આજ્ઞા કરી. લૉરેન્સ એક ખુરશી પર બેઠો. જનરલે પોતાની ખુરશી તેની છેક નજીક ખેંચી કહ્યું.

"મારા વ્હાલા મિત્ર! તમે જાણો છો કે તમારા તથા તમારી સાથે ગાઢ સંબંધ ધરાવતાં સર્વના કલ્યાણ માટે હું હમ્મેશા કાળજી રાખું છું. તમને એક ન્હાના ભાઈ ગણી હું તમારી પત્નિને મારી બ્હેન જેવી માનું છું. જો હું જરાક વધુ મોટો હોત તો તમારા પ્રતિનો મ્હારો પ્રેમ એક પિતાના જેવો છે. એમ પણ હું કહી શકત. તમારા સસરા એક માનવંત વૃદ્ધ સૈનિક છે અને તેમને માટે મારા હૃદયમાં માન તથા પૂજ્ય ભાવ છે. વળી નમ્ર, વિનયી અને દયાળુ મિસીસ રમ્બોલ્ડ તથા કમનસિબ હેન્રીએટા એ બન્ને સ્ત્રીઓને માટે પણ મને ઘણુંજ લાગે છે......"

"તમારી અમારા તરફની કૃપા હું સારી પેઠે જાણું છું, મારા વ્હાલા જનરલ! ખરેખર, અમે સર્વ તમારા ઘણાંજ આભારી છીએ. તમે અમારા પરની તમારી મહેરબાની અમને અનેક વેળા સહાય કરી પુરવાર કરી આપી છે–" લૉરેન્સે જવાબ આપ્યો.

"આ ટાપુમાં હું જોઇએ તે કરતાં વધુ રોકાયો છું–" જનરલ પોતાની ટેવ કરતાં વિશેષ ગંભીરતા ધારણ કરી બોલ્યો.

"અને તમને બધાને પણ મેં અહિં રોકી રાખ્યા છે તેનું કારણ તમે સારી પેઠે જાણો છો. અહિંયાં આપણી જરૂર છે. જ્યાં એક માન ભર્યા કામ માટે આપણી જરૂર હોય ત્યાં આપણે આપણી સેવા અર્પણ કરવીજ જોઇએ. અહિં અલ્પ સમયમાં યુદ્ધ થશે. તેમાં વીરત્વ ઝળકાવવાનો તમને અને મને પ્રસંગ મળશે. એક વીર યોદ્ધા માટે આથી વધુ યશસ્વી પ્રસંગ બીજો કયો હોઈ શકે? તે છતાં જો કર્નલ રમ્બોલ્ડ સહી સલામત નિર્દોષ ઠરી મુક્ત થઇ જશે એવી મારી ખાત્રી ન હોત તો આ યુદ્ધ તજીને, મારી લશ્કરી ફરજ છોડી દઈને પણ હું અહિંથી કર્નલને બચાવવા ચાલ્યો જાત—"

જનરલ ઑલિફન્ટ થોડીક પલ મૌન રહ્યો: અને ત્યાર પછી ટેબલના ખાનામાંથી એક સીલ કરેલું પાકીટ કાઢી પુનઃ બોલવા લાગ્યો:

“ આપણે ભયંકર રણુ ભૂમિમાં લડાઈ કરવા જવાના છીએ અને તેમાં આપણે બન્ને કદાચ ખપી જઇએ એ સમ્ભવિત છે. આપણા મિત્રો સર હેન્રી બીટન અને મેજર લૅમ્બટન લડાઇમાં આપણી સાથે આવશે અને ભયંકર યુદ્ધ દેવી તેમના શરીરોનો ભોગ લઈ દુનિયાના જીવંત મનુષ્યોની ટીપમાંથી તેમનાં નામ છેકી નખાવે એ પણ બનવાજોગ છે. શું થશે તે કોઇ નિશ્ચીતપણે જાણતું નથી. આપણે ભયંકરતાના મુખમાં પ્રવેશ કરવા જઇએ છીએ, આપણે મૃત્યુને આંગણે પોકાર મારવા જવાના છીએ તેથી આ પાકીટ યોગ્ય સ્થલે પહોંચાડવા માટે કોઇ વિશ્વાસુ ગૃહસ્થને તે સોંપવાનું મને આવશ્યક જણાય છે. એમાં કર્નલ રમ્બોલ્ડની મુક્તાની જાદુઇ ચાવી છે. મેં એક વિશ્વાસુ ગૃહસ્થ શોધી કાઢયા છે—તેમની સાથે એ વિષે વાત પણ કરી છે, તેણે મારૂં કામ વફાદારીથી કરવાનું સ્વીકાર્યું છે અને તે આજે એક વહાણમાં લંડન જવા ઉપડી જશે. તે માણસ કોઈજ નહિ પણ મી૦ લૅમ્બટન છે—”

“મેં ધાર્યું'તું કે ડયુક ઑફ એથલની સહાયે તે રણભૂમિમાં તલવાર ઝઝૂમાવવા આવવાના છે—”

“ તે બહાદૂર પુરૂષની એવીજ ઇચ્છા હતી. પણ આજે મેં તેની એ ઇચ્છા પર વિજય મેળવ્યો છે. આ પાકીટમાં શું લખ્યું છે તે તેને જણાવ્યા વિના મેં તેને એટલું સમજાવી દીધું છે કે આ પાકીટ સહી સલામત તે પર લખેલા ઠેકાણે જાય તે પર તમારા સસરાના જીવનનો આધાર છે: અને એ સાંભળતાંજ તેણે ઘણી ખુશીથી એ કામ કરવાનું માથે લીધું છે. એના પરિણામ વિષે તમારે જરા પણ ચિન્તા કરવાની જરૂર નથી; કારણ કે મેં તમને વારંવાર ખાત્રી પૂર્વક જણાવ્યું છે તેમ કર્નલ રમ્બોલ્ડ નિઃસંદેહ કેદખાનામાંથી છૂટી જશે—”

લૉરેન્સ જનરલનો હાથ વ્હાલથી પકડી તેનો કૃતજ્ઞ હૃદયે આભાર માનવા લાગ્યો. તેજ પલે દ્વાર પર કોઇએ ઠોકા માર્યા અને અંદર આવવાની રજા મળતાં મુસાફરી માટે તૈયાર થઇ આવેલો મી૦ લૅમ્બટન અંદર આવ્યો.

“ ડયુક ઑફ એથલના લશ્કરમાં જોડાઇ, આવતા યુદ્ધમાં

તમારૂં શૂરાતન પ્રકટ કરવાની અમૂલ્ય તકનો ભોગ આપી તમે મારૂં કામ કરવાની ઉદારતાથી હા પાડી છે એ વાત હું મારા મિત્ર મી૦ લીને કહેતો હતો..."

"બીજી કોઇ પણ વાત જાણ્યા વિના ફક્ત તમારી એ કામ પાર પાડવાની ઇચ્છા છે એવું જાણતાંજ મેં એ કામ હાથમાં લીધું હોત—" મી૦ લૅમ્બટન બોલ્યો.

"મને યુદ્ધમાં સમશેર લડાવવાની ઘણી હોંસ છે અને જો કે અત્યાર સુધી મેં કાયદાપોથીઓમાંજ જીવન ગાળ્યું છે છતાં મેં આ પ્રસંગે મારી કલમ બાજુએ મૂકી હથિયાર ધારણ કીધાં હોત! પણ જનરલ! જેમ બીજાઓને તેમ મને પણ તમારો શબ્દ કાયદા જેવો ગણવામાં આનંદ ઉપજે છે તેથી તથા એક નિર્દોષ વીર પુરૂષના જીવનનો આધાર તમારી ઇચ્છા પ્રમાણે એક કાગળ હું અમુક સ્થલે પહોંચાડી આવું તે પર હોવાથી તે કામ હાથમાં લેવાની હું મારી ફરજ સમજું છું."

લૉરેન્સ લીએ મી૦ લૅમ્બટનનો આભાર માન્યો. તે પછી જનરલ ઑલીફન્ટ મી૦ લૅમ્બટનને આવશ્યક સૂચનાઓ આપવા લાગ્યો.

"મારા વ્હાલા મિત્ર! જેમ બને તેમ જલદી તમારે લંડન જવાનું છે. અને ત્યાં જઈ લેડી આર્ડેનને આ પાકીટ હાથો હાથ આપવાનું છે. તે પર સીલ કરેલું છે. લેડી આર્ડેનને તમે એ આપો તે પછી એક અઠવાડિયા સુધી તે ન ઉઘાડવાની આજ્ઞા કરજોઃ પણ એક અઠવાડિયું પૂર્ણ થયા પછી જો તેને મારા તરફથી કંઇ ખબર ન મળે અથવા હું પોતે ત્યાં જઇ ન પહોંચું તોજ આ સીલ તોડી અંદરના કાગળો કાઢી તે વાંચવાનું તથા તેમાં કરેલી સૂચનાઓ પ્રમાણે વર્તવાનું કહેજો—"

"તમારી સૂચનાઓ પ્રમાણે હું વફાદારીથી આ કામ બજાવીશ. બીજી કંઈ આજ્ઞા તમે કરવા માગો છો?—" લૅમ્બટન બોલ્યો.

"હા.—" થોડીક પલ વિચાર કરી જનરલ બોલ્યો.

"આ મોત જીવતની બાબત છે અને તેથી એ કામ દરેક જાતની કાળજી તથા સાવધાનીથી કરવાનું છે. સાંભળો, મી૦ લૅમ્બટન! જો લેડી આર્ડેન લંડનમાં ન હોય, તે માંદી હોય અગર મરણ પામી

હોય અથવા કોઇ અણુધાર્યા સંજોગોને લીધે તમારાથી તેની મુલાકાત ન લઇ શકાય તો તમે પોતે આ કામ બજાવજો. મારી સૂચના પ્રમાણે એક આખું અઠવાડિયું મારા આગમનની રાહ જોયા પછી આ સીલબંધ પાકીટ તમે પોતે ખોલજો અને એમાં કરેલી સૂચના પ્રમાણે વર્તજો—"

મી૦ લૅમ્બટને વીર જનરલ ઑલિફન્ટની સૂચના મુજબ વર્તવાનું પુનઃ વચન આપ્યું અને તરતજ તેણે રજા લીધી.

આ અગત્યના કામનો નિકાલ કર્યા પછી જનરલ ઑલિફન્ટ અને લૉરેન્સ લી આવતી લડાઇની તૈયારી કરવા માટે જૂદા પડયા.

આજે ૧૬૮૪ ના માર્ચની પહેલી તારીખ છે. મધ્યાન્હ થતાંજ આઠસો માણસોનું ન્હાનું લશ્કર "કૅસલ ટાઉન" થી થોડે દૂર એક મેદાનમાં ગોઠવાઇ ગયું. તેના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતા. એક મુખ્ય વિભાગ, બીજી જમણી પાંખ અને ત્રીજી ડાબી પાંખ! મુખ્ય વિભાગમાં ચારસો સશસ્ત્ર સૈનિકો હતા. તેમાં ત્રણસો પાયદળ અને એક સો હયદળનો સમાવેશ થયો હતો; અને મેજર લૅમ્બટન એ સેનાનો સેનાની હતો. જમણી પાંખ પર દોઢસો પાયદળ અને પચાસ ઘોડેસ્વારો હતા અને લૉરેન્સ લીના હાથમાં તેની સરદારી હતી. ડાબી પાંખમાં જમણી પાંખ જેટલાજ સૈનિકો તથા સવારો હતા અને સર હેન્રી બીટન તેનો નેતા હતોઃ જનરલ ઑલિફન્ટ સમગ્ર સેનાનો પ્રધાન સેનાની હતો. લડાઇનો વ્યુહ તેજ રચતો હતો.

કૅસલ ટાઉનના લોકો કદાચ બળવો કરે તો તેમને દાબી દેવાને ચાળીસ પચાસ માણસો સાથે ડયુક ઑફ એથલ રશન દુર્ગમાંજ રહ્યો હતો; કારણકે તેની દુષ્ટ બહેનોના છૂપાં કાવત્રાં કેટલાં ઊંડાં અને કાળાં હશે તથા તેને લીધે પ્રજામાં કેટલો અસંતોષ વ્યાપ્યો હશે તેની ગણત્રી કરવી મુશ્કેલ હતી. વળી એટલું તો નક્કી હતું કે ઑલિફન્ટની સેના જો પરાજિત થાય અને પેલી બહેનોનું લશ્કર વિજયી ડંકા બજાવતું શહેરમાં દાખલ થાય તો કૅસલટાઉનની પ્રજા પણ કલૉડીઆ, સેબીના અને દુલીઆના પક્ષમાં મળી જતાં અચકાય નહિ.

ઑલિફન્ટનું લશ્કર ન્હાનું હતું, પણ તેને સારી તાલિમ મળી

હતી. વળી એ સેનામાં જનરલના વીરત્વ માટે અભિમાન હતું. એ વીરશ્રેષ્ઠ યોદ્ધા માટે પ્રશંસા અને માનની લાગણી હતી. પ્રતિ પક્ષમાં પેલી ત્રણ બ્હેનો માટે ગમે તેવી લાગણી હોય પણ ઑલિફન્ટનું સૈન્ય તો આવા વીર સેનાનીના નેતૃત્વ નીચે લડવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી મગરૂરી અને આનંદની લાગણી અનુભવતું હતું. રણાંગણમાં વીરત્વ બતાવી પોતાના જગત્ વિખ્યાત નાયકની શાહબાશી મેળવવા માટે એકેએક સૈનિક આતુર બન્યો હતો. દરેક જણ પોતાનો પક્ષ પ્રતિપક્ષ સાથે સરખાવતાં ઘણો નબળો છે એ વાત જાણતો હતો—સામા પક્ષમાં પાંચ હજાર માણસો છે એ વાતની પણ દરેકને ખબર હતી. છતાં તેઓ તેથી જરાપણ ડર્યા નહિ—તેમની હિમ્મત તૂટી નહિ—તેમની દઢતા ડગી નહિ. યુદ્ધના પરિણામ માટે તેમને જરા શંકા પણ આવી નહિ; કારણકે જ્યારે તેઓ પોતાના સેનાનીના ભવ્ય વદનપર શાન્તિ અને નિર્ભયતાના દર્શન કરતા ત્યારે તેની યુદ્ધ નીપુણતા અને તેની અસામાન્ય વીરતા શત્રુના ગમે તેવા મ્હોટા દળને મહાત કરવા સશક્ત છે એવી તેમની ખાત્રી થઇ જતી. દરેકની નાડી શૂરાતનના આવેશથી ધડકતી હતી. દરેકની આંખો લાલ બની હતી.

તેમની પાસે લડાયક સરંજામની પણ ખામી ન્હોતી. બસો ઘોડેસ્વારોએ બખ્તર તથા લશ્કરી ટોપ ધારણ કરેલાં હતાં. દરેક જણ પાસે બંદુકની એક જોડી હતી અને દરેકની કમ્મરે તેજસ્વી અસિ લટકતી હતી. પ્રસંગ આવે એ સમશેરો શત્રુના રક્તનું પાન કરતાં જરાપણ દયા બતાવવાની નથી એવી ઑલિફન્ટની ખાત્રી હતી. પાયદળનો બોતૃત્યાંસ ભાગ પણ બખ્તરથી સજ્જ થયો હતો અને દરેક સૈનિક પાસે શત્રુ દળપર ધસી જઈ હૂમલો કરવાની બંદુકો અને તલવારો હતી. બાકીના સૈનિકો પાસે ભાલા અને બંદુકો હતી અને તેઓ લશ્કરને મોખરે ચાલતા હતા. તેમની પાસે તોપો પણ હતી. સશક્ત અશ્વો જોડેલા તોપના ગાડાંપર આ તોપો રાખવામાં આવી હતી. એક હથિયારબંધ ટૂકડી તેનું રક્ષણ કરતી હતી. તોપચીઓએ છેલ્લાં ત્રણ અઠવાડિયામાં જનરલ ઑલિફન્ટના હાથ નીચે તાલીમ લીધી હતી. તોપખાનાની સરદારી સ્થાનદુર્ગના લેફ્ટનંટને આપવામાં આવી હતી. એ લેફ્ટનંટ પેલી બ્હેનોના અમલ દરમિયાન કૅપ્ટન રૅાથવેલથીજ ઉતરતી પદ્દીપર હતો!

જનરલ ઑાલિફન્ટ ભુરા રંગના એક પાણીદાર અશ્વપર સવાર થયો હતો અને તેની તહેનાતમાં ત્રણ *એ-ડી-કાં હતા. તે લશ્કર આગળથી સૈનિકોની લશ્કરી સલામ ઝીલતો પસાર થઈ ગયો, તે સમયનો દેખાવ ખરેખર આકર્ષક હતો !

રણશિંગડાંનો ઘોર અવાજ વાતાવરણ ભેદી સૈનિકોનાં રક્ત ઉકાળી રહ્યો હતો. ઑાલિફન્ટે પીછાંવાળો ટાપ તેજસ્વી બખ્તર અને લશ્કરી બુટ પહેરેલાં હતાં. તેના વદનપર શાન્તિ નિર્ભયતા અને અચલ દૃઢતા હતી. તેની તેજસ્વી કાળી આંખો અને ગર્વપૂર્ણ ઓષ્ઠમાં આત્મશ્રદ્ધા અને અતૂટ નિશ્ચિતતા સ્પષ્ટ જણાતી હતી. તેની ભવ્ય કાન્તિ તેની પદ્વીને શોભાવે એવી લાગતી. સેનાપતિના પદ માટે તે સમ્પૂર્ણ યોગ્ય હતો. તે પોતાની ન્હાની પણ શૂરવીર સેના પાસેથી પસાર થયો-લશ્કરી સલામ થઇ રહી. તે ઉભો રહ્યો અને પોતાનું ભાષણ શાન્તિથી લક્ષપૂર્વક સાંભળવાને પોતાનો હાથ ઉંચો કરી સૂચના કરી.

ભાષણ કરતી વેળા તેના વદનપરની શાન્તિ-બેદરકારી ઉડી ગઈ. તે પર લશ્કરી જુસ્સો છવાયો. તેના વીરત્વ પૂર્ણ શબ્દોએ પ્રત્યેક સૈનિકને પાનો ચઢાવ્યો. તે જે શબ્દો બોલતો તે આંતરિક લાગણીથી બોલતો તેથી તેની અસર બેવડાતી. તેની આંખોમાં પ્રખરતા આવી અગ્નિ ખરવા લાગ્યો. તેની ભ્રકુટિ વક્ર થઇ-તેની પાંપણો ઉંચી ચઢી પગથી માથા સુધી જાણે વીરત્વ પ્રસરી ગયું હોય એવો તે દેખાવા લાગ્યો. રણાંગણમાં શત્રુને મળવા-શત્રુનો સામનો કરવા તે આતુર થઇ ગયો. તેના મુખપર અડગ હિમ્મત અને અસામાન્ય વીરતાના ભાવ હતાઃ પણ નિર્દય વિકરાળતા ન્હોતી !

તેનું ભાષણ ટૂંકું પણ જુસ્સાદાર અને અસરકારક હતું. તેના એકએક શબ્દો સૈનિકોને પ્રોત્સાહિત કરતા હતા. તેનાં વાક્યો ટૂંકા પણ સચોટ હતાં. તેના શબ્દો સૈનિકોના વદનપર શૂરવીરતા લાવતા. તેમની આંખોમાં તેમના સેનાનીનો જુસ્સો પ્રતિબિમ્બિત થયો અને તેઓ રણાંગણમાં જઇ શત્રુનું રક્ત પી મારવાને યા મરવાને તલસી રહ્યા! મૃત્યુ એ તેમને મન રમકડું હોય એવું લાગ્યું! તેઓ મૃત્યુને આંગણે જતા હતા. તેમનો સેનાની મૃત્યુને ઘોળીને પી ગયો હતો!

* એ-ડી-કાં=અંગરક્ષક.

ઍાલિફ્ન્ટનું ભાષણ પૂર્ણ થતાં સૈનિકોએ પ્રચંડ જયઘોષ કરી મૂક્યો. એ ગગનભેદી જયઘોષથી વાતાવરણ ખળભળી ગયું. આઘેથી સંભળાતાં જાણે દસહજાર સૈનિકોએ ગર્જના કરી હોય એવી પ્રચંડ એ ગર્જના હતી !

શત્રુ દળની ખબર મેળવવા માટે હવે છ ઘોડેસ્વારોને જૂદી જૂદી દિશાએ મોકલવામાં આવ્યા અને લશ્કર ધીમે ધીમે કુચ કરતું આગળ વધવા લાગ્યું. જનરલ ઍાલિફ્ન્ટે લડાઇની સર્વ તૈયારી કરી રાખેલી હોવાથી કોઇપણ જગ્યાએ શત્રુને મળવા તે તૈયાર હતો તેથી નાહક પોતાના સૈન્યને થાક ન લાગે તે માટે તેણે ધીમે ધીમે કુચ કરવાની આજ્ઞા કરી હતી.

હવે આપણે જરાવાર બીજી બાજુના લશ્કરની મુલાકાત લઇએ. તેમાં પાંચ હજાર માણસો હતા અને તેમને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. પહેલા ભાગમાં પંદરસો માણસો હતા. એ ટૂકડી મોખરે ચાલતી હતી અને તેના સરદારની બાજુમાં સૅબીના એક ઘોડાપર સ્વાર થઈ ઉભી હતી. મધ્ય ભાગમાં બે હજાર સિપાઈ હતા અને તેનો સેનાની જનરલ રૅાથવેલ હતો. તેની બાજુમાં મ્હોટી બહેન કલૅાડીઆ ઘોડાપર બેઠેલી હતી. ત્રીજી ટૂકડી "રીઝર્વ" તરિકે રાખવામાં આવી હતી. તેના ઉપરીની બાજુમાં સૌથી ન્હાની બહેન ટુલીઆ હતી. પાંચ હજાર સૈનિકોના લશ્કરમાં ચાર હજાર પાયદળ અને એક હજાર ઘોડેસ્વાર હતા. પીલ અને ડગલાસના દુર્ગો સિવાય અન્ય કિલ્લાઓમાંથી આ બળવાખોરોને પુષ્કળ લશ્કરી સરંજામ મળ્યો હતો. તેમની પાસે ત્રીસ તોપો હતી. તેને અશ્વો જોડેલા હતા અને તે યુદ્ધ વિશારદ અમલદારના હવાલામાં સોંપવામાં આવી હતી. લશ્કરના મધ્ય ભાગમાં એક રક્તવર્ણો વાવટો ફરકતો હતો. આ વાવટાનો લોહીયાળો રંગ પોતાના પિતાના ભાઇએ કરેલા ખુનનું તે બહેનો ભયંકર વેર લેશે એવી ભયાનક સૂચના કરતો હતો.

આ સમયે ત્રણે બહેનો લશ્કરી પોષાકમાં સજ્જ થઇ હતી. દરેકના દમામદાર મસ્તક પર પીંછાવાળો ટોપ હતો. તેમણે બખ્તર પણ પહેર્યું હતું અને તેમની જમણી બાજુએ તેજસ્વી સમશેર લટકતી હતી. તેમના અશ્વો કાળા હતા. અશ્વોપર દમામથી તેઓ સ્વાર થઈ હતી. તેમનો દેખાવ આ સમયે ઘણો ભવ્ય લાગતો હતો. તેમના દેખાવપરથી તેઓ આ લશ્કરની સરદારી લેવા માટે લાયક છે એવું

ભાન થતું. કિલ્લામાં તેમની એકસરખી રીતભાત, દેખાવ અને પોષાક તેમના સમાન હેતુની ઐક્યતા બતાવતા હતા. તેજ પ્રમાણે હમણાં પણ તેઓ એકસરખા પોષાકમાંજ સજ્જ થઈ હતી. તેમનાં ટોપ ઉપર ફરકતાં પીછાં તથા બખ્તરનો છાતી પરનો ભાગ પણ રક્તવર્ણી હતાં અને તેથી લાલ વાવટાના ભયંકર અર્થમાં વધારો થતો હતો. તેમના શ્યામ ચળકતા વાળ તેમણે ટોપની અંદર એવી રીતે છૂપાવી દીધા હતા કે એક પણ લટ બહાર દેખાતી ન્હોતી તેથી તેઓ સ્ત્રીઓ હશે એવું અનુમાન કરવું પણ મુસ્કેલ હતું. તેમની અગ્નિ વરસાવતી આંખો, તેમનાં નિશ્ચયાત્મક વદન અને તેમની અડગ હિમ્મત જોઇ જોનારને તેમનામાં સ્ત્રી જાતિના કોઇપણ કોમળ ગુણો હશે એવું લાગતું નહિ.

રણશિંગાના પ્રોત્સાહક શબ્દ સાંભળી વીરાંગનાઓના મુખપર રાતી સુરખી ચઢી આવતી. જાણે રણભૂમિમાં ઝંપલાવવાને તલસતા તેમનાં હૃદયોમાંથી ઉષ્ણ શોણિત તેમના વદનપર દોડી આવતું હોયની તેમ! આ વેળા તેમનો હાથ તેમની ઇચ્છા વિનાજ તલવારની મૂઠ-પર જઈ પડતો. પોતાના લશ્કરપર નજર નાખતી વેળા તેમની આંખોમાંથી અંગારા નીકળતા.

તેમની અશ્વોપર સ્વાર થવાની ઢબ પણ પ્રશંસાપાત્ર હતી. ઘડી-કમાં ઘોડાના વેગને ધીમો કરવાને લગામ ખેંચતી, ઘડીકમાં અશ્વની ચાલ મંદ પડી જતાં બુટની એડીથી તેમને દોડાવતી, કોઇકવાર રણ-શિંગડાનો અવાજ સાંભળીને ચમકતા અશ્વોને લગામથી કાબુમાં રાખી તેમની ગરદન પસવારી તેમને શાન્ત કરતી! તેમના અશ્વો પણ પોતાનાં ખુબસુરત સવારની સેવા કરવાની મળવાથી કંઈક આનંદથી, કંઈક મગરૂરીથી હણહણાટ કરી પોતાની ગરદન કમાનદાર બનાવી ચાળ હવામાં ફરકાવતા. આ ત્રણ સુંદર વીરાંગનાઓ વિલાસમન્દિ-રમાં મહાલવાનું તજી દઇ લશ્કરી પોષાકમાં સજ્જ થઈ ઘોડાપર બેસી લશ્કરને મોખરે ચાલતી હતી તે જોઇને દરેક સૈનિકને ઉત્સાહ આ-વતો. પાંચ હજાર મરણિયા સૈનિકો તેમના ખરીદાયલા ગુલામ હતા. તેમના ખીસામાં એ ત્રણ બહેનોની સોનામહોરો પડી હતી અને વધુ ઇનામ મેળવવાની લાલચથી તેઓ મરણપર્યંત લડવાને તૈયાર હતા. આમ દ્રવ્યની લાલચથી—કંઇક તે વીર બહેનોની હાજરીથી પ્રોત્સાહિત થઇ આ લશ્કર આગળ વધતું હતું.

ત્રણે બહેનોને તથા તેમના લશ્કરને આવકાર આપવાને રશન-દુર્ગમાં તૈયારી થતી હતી એવી ખબર તેમને મળી હતી. જનરલ ઑલિફન્ટ ડયુક ઑફ એથલને સહાય કરવા પોતાના મિત્રો સાથે રોકાયો છે એની પણ તેમને ખબર હતી. વળી તેઓ જાણતાં હતાં કે જનરલ ઑલિફન્ટે અમેરિકામાં મોટા લશ્કરની સરદારી લીધી હતી અને ત્યાં તેણે અતુલ પરાક્રમ બતાવ્યું હતું. તે પોતાના ન્હાના લશ્કરને વિજય અપાવવાને આભ અવનિ એક કરી નાખશે–મરણિયો થઈ સમરભૂમિમાં આવશે એવી તેના દુસ્મનોની ખાત્રી હતી. પણ આ બહેનો તથા તેના સેનાનીઓ એમ ન્હોતાં ધારતાં કે તે પોતાના ન્હાના લશ્કર સાથે ખુલ્લા મેદાનમાં લડવા આવશે. આથી તેમનું લશ્કર ઘેરો ઘાલવાના ઇરાદાથી આગળ વધતું હતું. રશન કૅસલ પર કેવી રીતે છાપો મારવો તે તેમણે પ્રથમથી નક્કી કરી નાખ્યું હતું. પોતાનું લશ્કર શત્રુના લશ્કર કરતાં ઘણું મ્હોટું હોવાથી વિજય માટે તો તેમને જરાપણ શંકા હતીજ નહિ. આથી લશ્કરને મોખરે ચાલતી ત્રણે બહેનો વેર લેવાના ખ્યાલથી મનમાં ખુશી થતી હતી. કિલ્લાપર ફાંસીનો માંચડો ઉભો કરી પોતાના ભાઇ રેનાલ્ડને તથા તેના સહાયકો ઑલિફન્ટ, લૉરેન્સ, લૅમ્બટન અને બીટન જો તેઓ લડાઇમાં જીવવા પામે તો તેમને ફાંસીએ લટકાવવાનો ખ્યાલ કરતી મલકાતી મલકાતી આગળ વધવા લાગી; પણ જ્યારે શત્રુનું લશ્કર મેદાનમાં આવી ઉભું છે એવી તેમને ખબર મળી ત્યારે તેમની અજાયબીનો પાર રહ્યો નહિ. તેઓએ તરતજ ઘટતી તૈયારી કરી લશ્કરને ઝડપથી કુચ કરવાની આજ્ઞા કરી અને પોતાના શત્રુઓપર વૈર વાળવાનો પ્રસંગ નિકટ આવી પહોંચવાથી મનમાં આનંદ પામવા લાગી.

જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે માર્ચની ૧ લી તારીખ હતી. સંધ્યા સમયે બન્ને લશ્કરો એકમેકની ઘણા નજીક આવી પહોંચ્યા છે એવી બન્નેને ખબર પડી. તેમની વચ્ચે ભાગ્યે અડધા-એક માઇલનું છેટું હશે. રાત્રી પડવા આવી હતી એટલે બન્ને લશ્કરને છાવણી નાખી રાત્રી પસાર કરવાનું ઠીક લાગ્યું. બીજે દિવસે પ્રાતઃકાલ થતાં યુદ્ધ શરૂ કરવું એવો બન્નેએ નિશ્ચય કર્યો.

આ બન્ને લશ્કરમાંના સૈનિકોના હૃદયમાં તોફાન કરતી ખૂની વૃત્તિને શાન્ત કરવા માટે પવનદેવ મધુર હલકે ગીત ગાતો હોયની

તેમ ફૂંકાવા લાગ્યો. રાત્રિનો અંધકાર ગાઢ થતાં પવનનું જોસ વધી ગયું અને છાવણીની આજુબાજુ વંટોળીયાની પેઠે તે ફરી વળ્યો. પવનનો સપાટો જોઈ આવતી કાલે સ્હવારે થનારી માંસ અને રક્તની ભયંકર મીજબાનીમાં ભાગ લેવા માટે સાક્ષાત્ યમદૂતો આકાશમાંથી ઉતરતા હોયની એવો કેટલાકોને ભાસ થયો. પ્રહરીઓને કડકડતી ઠંડીમાંથી બચાવવાને તથા અંધકારનો લાભ લઇ શત્રુ અચાનક છાપો ન મારે તે માટે બન્ને છાવણીમાં તાપણી સળગાવવામાં આવી હતી. ઑલિફન્ટની ઇચ્છા દિવસે યુદ્ધ કરવાની હતી. પેલી ત્રણ બહેનો પણ રાત્રીના અંધકારનો લાભ લઇ પોતાનો શત્રુ પરાજિત થતાં ન્હાસી ન જાય તે માટે દિવસેજ લડવા માગતી હતી.

ઉષઃકાલ થતાં બન્ને છાવણીમાંની તાપણી મંદ પડી અને ધીમે ધીમે દેવતા તદ્દન ઓલવાઇ ગયો. આખી રાત્રી જોરથી ફૂંકાતો પવન પણ એ વખતે શાન્ત થઇ ગયો. પૂર્વ દિશામાં અરૂણના દર્શન થતાં હવા તદ્દન નિર્મલ અને શાન્ત થઇ ગઇ. સૈનિકો જાગ્રત થયા અને શસ્ત્રો સજી લડાઇમાં જવાની તૈયારી કરવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

ભયંકર લડાઈ.

૧૬૮૪ ના માર્ચની બીજી તારિખે પ્રાચી દિશામાં અરૂણોદય થતાંજ સૂર્ય કિરણો સૈનિકોનાં શસ્ત્રોમાં પ્રતિબિમ્બિત થવા લાગ્યાં. યુદ્ધનો આરંભ સૂચવતાં ગગનભેદી બ્યુગલો વાગવા લાગ્યાં. બન્ને સેનાઓ હિમ્મતથી એકમેક પર તૂટી પડી.

સ્હામેથી આવતા તોપના ગોળાઓને જવાબ આપવાને ઑલિફન્ટની સેનાનો મુખ્ય ભાગ તૈયાર હતો. જમણી અને ડાબી બાજુની ટૂકડીઓએ શત્રુ પર પ્રચંડ આક્રમણો કરી સૅબીનાની ટૂકડીને આગળ આવતી અટકાવી. દુશ્મનનું લશ્કર ન્હાનું હતું તે એ બહેનોને ખબર હતી પણ તે આટલું બધું ન્હાનું હશે તે તો તેમને હમણાંજ માલૂમ પડ્યું. ઑલિફન્ટનો દારૂ ગોળો અને તોપ તેમની પ્રચંડ તોપો આગળ શું હિસાબમાં? પોતાની ન્હાની સેનાના બચાવ માટે ઑલિફન્ટ પૂરતી તોપો વિના બહાર પડે એ કેમ બને? છતાં જે મોટી જગ્યા

તેનાં લશ્કરે રોકી હતી તે તરફ નજર કરતાં એક પણ તોપ દેખાતી ન્હોતી: તેમના લશ્કરે તો દરેક મિનિટે તોપના ગોળા છોડવા માંડ્યા અને બંદુક તથા તોપની ગર્જના હથિયારોના ખડખડાટ અને જખમી સિપાઇઓની ચીસ તથા શૂરવીરોની વીર હાકથી વાતાવરણ ખળ-ભળી રહ્યું.

લૅારેન્સ લીની સરદારી નીચેની ટૂકડીએ સેબીનાવાળા વિભાગની ડાબી પાંખ પર એવો સખત હૂકમ કર્યો કે તેને પાછા હઠવાની ફરજ પડી. સેબીનાના લશ્કરની બીજી બાજુએ સર હેન્રી બીટન પણ પ્રચંડ હૂમલા કરી રહ્યો હતો. આમ સૅબીનાની સેના ડાબી અને જમણી પાંખ પર માર ખાતી હતી. તે વીરાંગના ઉઘાડી તલવાર સાથ આમથી તેમ ઘૂમતી—ઘડીમાં સૈનિકોને પ્રોત્સાહન આપતી, ઘડીકમાં આજ્ઞા કરતી તો ઘડીકમાં ધમકાવતી, આમથી તેમ જતી હતી. કલૅાડીઆ મુખ્ય વિભાગ સાથે સૅબીનાની મદદે આવતાં તેમનામાં નવચેતન આવ્યું: પણ એજ પલે જમણી બાજુ પરની એક ન્હાની ટેકરી પરથી તેમના લશ્કર પર તોપનો પ્રચંડ મારો શરૂ થયો. આ ગુપ્ત તોપખાનાની ઘણી કાતિલ અસર થઇ અને ઑલિફન્ટની સેનામાં તોપખાનું કેમ ન્હોતું તેની હવેજ તેમને સમજ પડી. રાત્રિએ જ્યારે બન્ને ફોજ ઉંઘતી હતી ત્યારે જનરલ ઑલિફન્ટે ઘણી ચાલાકી તથા સાવધતાથી તોપોને તે ટેકરી પર ગોઠવાવી હતી અને હમણાં એ તોપો તેના દુશ્મનોનો કચ્ચરઘાણ વાળતી હતી!

લડાઇ એક કલાકથી શરૂ થઇ હતી. અચાનક તોપનો મારો ચાલતાંજ કલૅાડીઆની સેનામાં ન્હાસ ભાગ થઇ રહી. ઑલિફન્ટની સેનાનો મુખ્ય વિભાગ અત્યાર સુધી આગળ વધ્યા કે પાછળ હઠ્યા સિવાય પર્વત પેઠે એક જગ્યાએ સ્થિર ઉભો હતો. એ ટૂકડીએ સ્હામા પક્ષના તોપખાનાનો બહાદૂરીથી જવાબ વાળ્યો હતો. મોતને મુઠ્ઠીમાં રાખી દરેક સૈનિક એ અભેદ્ય હારમાં ઉભો હતો. જનરલ ઑલિફન્ટ તલવાર મ્યાનમાંજ રહેવા દઇ, હાથ વડે લગામ ખેંચી ઘોડાના વેગને અટકાવતો થોડેક દૂર સ્થિર ઉભો ઉભો બારીકીથી લડાઇ જોતો હતો. તેના ત્રણ અંગરક્ષકો પણ તેની પાસે સ્થિર ઉભા હતા. તેના તોપખાનાનો મારો શરૂ થયા પછી થોડા વખતમાંજ ધારેલી અસર થયલી જોઇ ઑલિફન્ટને વિજય મળશે એવી ખાત્રી થઇ. તરતજ તેના શરીરમાં અદ્દભૂત ચેતન આવ્યું. આખાં

મેદાન પર તેની તિક્ષણ આંખો ફરી વળી અને શું કરવું તેનો તેણે વિચાર કરી લીધો. તરતજ તેણે ઘટતા હુકમો આપી દીધા. દસ મિનિટ પહેલાં તેના અંગરક્ષકો પૂતળા પેઠે સ્થિર ઉભા હતા તેઓ હવે તેમની નજર સ્હામે ભયંકર બૉમ્બ ફૂટયો હોય તેમ ત્યાંથી એકદમ ખસી ગયા. એક એ-ડી-કાં જમણી પાંખના સરદાર લૉરેન્સ લી પાસે દોડયો. બીજો ડાબી બાજુની ટૂકડીના સેનાની સર હેન્રી-બીટન પાસે પહોંચી ગયો અને ત્રીજો જે ટેકરી પર તોપખાનું હતું તે તરફ પૂર વેગે ધસી ગયો.

આ બધું આંખના પલકારામાં બની ગયું. પોતાના ત્રણ એ-ડી-કાં તેની આજ્ઞાનો અમલ કરવા દોડી ગયા તેજ વખતે ઑલિફન્ટે પોતાની સમશેર મ્યાનમાંથી ખેંચી કાઢી ઘોડો મારી મૂકયો. તેના પાણીદાર અશ્વને એડી મારવાની પણ જરૂર ન્હોતી. તે ઑલિફન્ટની ઇચ્છા સમજી તરતજ વિદ્યુત્ વેગે દોડયોઃ મૅજર લૅમ્બટનની સરદારી નીચેની મુખ્ય ટૂકડી પાસે આવી તે વીર યોદ્ધો પ્રચંડ સ્વરે બોલ્યો.

"આગળ ધસો-પેલા લાલ વાવટા તરફ ધસો ને તેને તોડી પાડો—"

જનરલના આ શબ્દો સાંભળી તેની સેનાએ ઘોર ગર્જના કરી. ચારસો બહાદૂર યોદ્ધાઓ એ વીર યોદ્ધાની આજ્ઞાને માન આપી એકદમ આગળ ધસ્યા. મારો-કાપો-ના ભયંકર શબ્દોથી વાતાવરણ કમ્પી ગયું. સૅબીનાના લશ્કરે તેમના પર તોપનો પ્રચંડ મારો ચલાવ્યો. ઑલીફન્ટ પર તો ગોળાનો વરસાદજ વરસવા લાગ્યોઃ પણ સદ્ભાગ્યે એ ગોળાઓની વધુ અસર થઇ નહિ. બંદુકની ગોળીઓ એના માથા પરથી એને સહેજ પણ ઇજા કર્યા વિના પસાર થઇ જતી; અને કોઇક વાર એના બખ્તર તથા ટોપ સાથે અફળાઇ નકામી થતી. ઑલિફન્ટને જાણે અમરત્વ પ્રાપ્ત થયેલું હોય તેમ પ્રાણહારક ગોળીઓ તેનો પ્રાણ લઇ શકી નહિ. તે આગળ અને આગળ ધસી ગયો. તેણે પોતાના વીર સૈનિકોની સહાયથી સૅબીનાની ટૂકડીમાં વચ્ચેથી ધસારો કરી ભંગાણ પાડયું. સૅબીના ચંડિકા જેવી બની તલવાર લઇ તેની પાસે આવી અને તેને યુદ્ધ કરવાનું આવાહન કર્યું.

"હું સ્ત્રી સાથે લડતો નથી—" તે બોલ્યો.

"સ્ત્રીઓને જરાપણ ઇજા કરશો નહિ—અને તો તેમને જીવતી પકડજો પણ તેમનો પ્રાણ લેશો નહિ—" તે વીર યોદ્ધાએ પ્રચંડ સ્વરે પોતાની સેનાને આજ્ઞા કરી.

બીજીજ પલે શત્રુના દળમાં તે વિકરાળ સિંહ પેઠે ઘૂસ્યો. તેની તલવાર વિદ્યુત્ વેગે ઘુમતી જે વચમાં આવતો તેનો પ્રાણ લેતી. ઍાલિફન્ટ જાણે ઘાસ કાપતો હોય તેમ સૈનિકોનાં ધડ શરીરથી છૂટાં કરતો દુશ્મન સેનાની મધ્યમાં જઇ ઉભો. ચોતરફ તેની વીરત્વપૂર્ણ તેજસ્વી આંખો ફરતી રહેતી. શત્રુના ઘા તે ચાલાકીથી ઝીલતો—હિમ્મતથી શત્રુને ફટકો મારતો તે તલવાર ઘૂમાવતો આગળ વધ્યો. તેનાપર જે ઘા કરવા આવતો તે બીજી પલે શબવત્ થઈ ભૂમિપર પડતો. સૅબીનાનું લશ્કર તે છતાં ઘણી હિમ્મતથી સ્હામે થયું. વારંવાર તેણે ઍાલિફન્ટપર હૂમલા કરી તેને ઘેરી લેવાના પ્રયત્નો કર્યા: પણ આ બાજુ વીરશ્રેષ્ઠ ઍાલીફન્ટ હતો. તેના વીરત્વ આગળ સેબીનાની પ્રચંડ સેના પાણી ભરતી હતી! તેણે પોતાના દુશ્મનોના બધા પ્રયત્નો નિષ્ફળ કર્યા. તે એક અડગ ખડક પેઠે શત્રુ સેનાની મધ્યમાં ઉભો રહ્યો અને દરિયાના પ્રચંડ મોજાં જેમ ખડકપર અથડાઇ પાછાં વળે તેમ સેબીનાના સૈનિકો હૂમલા કરવા આવતા ને અન્તે પાછા હઠી જતા; કારણ કે ઍાલિફન્ટના અતુલ બલ, વીજળી જેવી ચપલતા અને અચુક નિશાન આગળ ટકી રહેવાની તેમનામાં શક્તિ ન્હોતી. જનરલ ઍાલિફન્ટની સેના જયઘોષ કરતી આગળ વધી. શત્રુ સેનામાં ભંગાણ પડ્યું. શત્રુને તેમણે બે બાજુ હઠાવ્યા. ઍાલિફન્ટે પોતાની ટૂકડી બે ભાગમાં વહેંચી બન્ને બાજુએ શત્રુની પૂંઠ પકડી.

આ સમય દરમિયાન ઍાલિફન્ટે પોતાના અંગરક્ષકો મારફતે મોકલેલી સૂચનાઓનો બરાબર અમલ થયો હતો. એક બાજુ લૉરેન્સ લી અને બીજી બાજુ સર હેન્રી બીટને પાછળ હઠવાનો દેખાવ કર્યો તેથી સેબીનાની ટૂકડીના જમણી અને ડાબી બાજુના માણસો તેમની પાછળ પડયા. પછી લૉરેન્સ લી અને હેન્રી બીટને પોતપોતાની ટૂકડી જોડી દીધી અને શત્રુના લશ્કર પર પ્રચંડ ધસારો કર્યો. આ ઓચિંતા હલ્લાથી શત્રુ સેનામાં ગભરાટ ફેલાયો.—સેનામાં ભંગાણ પડ્યું. આ જ વેળા ફ્લૉડીઆની સરદારી નીચેના લશ્કર પર તોપનો મારો શરૂ થયો અને એ તોપોએ જબરો ઘાણ કાઢી નાખ્યો. પોતાની સેનામાં

ભંગાણ પડેલું જોઇ તથા ઑલિફન્ટને પોતાના સૈનિકોને ઘાસની પેઠે કાપી નાખતો જોઇ સેબીના જ્યાં લડાઇ પૂર જોસથી ચાલતી હતી ત્યાં જઇ પહોંચી અને એક વીર પુરૂષને હિંમ કરી નાખે એવી બહાદુરીથી લડવા લાગી. ઑલિફન્ટની આજ્ઞા પ્રમાણે તેના લશ્કરે તેને જીવતી પકડવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ મરણની દરકાર કર્યા વિના ભયંકર ચંડીસ્વરૂપ ધારણ કરી શત્રુઓ સંહારતી ઑલીફન્ટ-ની પાસે જઇ પહોંચી. તેનું આખું શરીર લોહીથી ખરડાઇ લાલ લાલ થઇ ગયું હતું. તેની આંખોમાંથી પ્રખર અગ્નિ ખરતો હતો. તેણે પોતાના શ્યામ અશ્વને મારી મૂકયો અને પોતાના સૈનિકોના શબના ઢગલા ઓળંગી તે ઑલિફન્ટની પાસે જઇ ઘોર સ્વરે બોલીઃ

"ત્હારે સ્ત્રી સાથે લડવુંજ પડશે.—"

સેબીનાના સ્વરમાં ધિક્કાર અને ક્રોધની ભયાનક લાગણી હતી. બીજીજ પલે તેણે રાક્ષસી બળથી ઑલીફન્ટપર એક પ્રહાર કર્યોઃ પણ ઑલીફન્ટે જાણે ન્હાના છોકરાં સાથે રમત કરતો હોય તેમ તે ઘા પાછો વાળ્યો. બીજીજ પલે તેણે સેબીનાને કેદ કરી દીધી હોતઃ પણ સેબીનાનો અશ્વ ઠોકર ખાઇ નીચે પડયો અને તેની નીચે સે-બીના કચરાઇ ગઇ. ઑલિફન્ટના પચાસેક સૈનિકો તે જગ્યાએ દોડી ગયા; પણ તે પહેલાં તો સેબીના યમસદનમાં પહોંચી ગઇ હતી. આ બધું એક પલકારામાં બની ગયું. ઑલિફન્ટ તે અટકાવી શકે એમ ન્હોતું. સવારો પસાર થઇ ગયા. સેબીનાનું છૂંદાયલું શરીર ઑલિફન્ટે જોયું. એક સ્ત્રી આવી રીતે મરણશરણ થઇ તેથી તેને દુઃખ થયું પણ બીજીજ પલે આજુબાજુ ચાલતી ઝપાઝપીમાં તે લીન થઇ ગયો.

હવે જનરલ ઑલિફન્ટ કલૉડીઆ અને રૉથવેલની સરદારી નીચેની સેનાની સ્હામે થયો. લડાઇ શરૂ થયાને બે કલાક કરતાં પણ વધુ વખત થઇ ગયો હતો અને ડયુક ઑફ એથલના શત્રુઓના લશ્કરમાં ઘણા માણસો માર્યા ગયા હતા; જ્યારે ઑલિફન્ટની સેનાની ખુવારી ઘણી ઓછી હતી. ઑલિફન્ટને જોતાંજ રૉથવેલ તેની સ્હામે આવ્યો.

"આહ ! તું મ્હારે હાથે મરવા માગે છે—" ઑલિફન્ટે કહ્યું.

"નહિ. તુંજ અલ્પ સમયમાં ધૂળ ચાટતો થઇ જશે." રૉથ-વેલે ગર્જના કરી.

"તું ફાંસીને લાકડે લટકતો બચ્યો એ સારૂંજ થયું. હવે હું તને મારે હાથે તારા પાપોની સજા કરીશ."

બન્ને યોદ્ધા મરણિયા થઇ દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા. રૅાથવેલ ઘણો બળવાન અને સિંહ જેવો હિમ્મતવાન હતો પણ ઍાલિફન્ટની શાન્તિ તેનામાં ન્હોતી. બન્નેનાં હથિયાર સ્હામ સ્હામા ઘા ઝીલવા લાગ્યા. રૅાથવેલના મુખપર ક્રોધ, ધિક્કાર અને વિકરાળતા સ્પષ્ટ દેખાતાં હતાં જ્યારે ઍાલિફન્ટ અજબ શાન્તિ જાળવી લડતો હતો. આ દ્વંદ્વ યુદ્ધ સમયે બન્ને બાજુની સેનાએ લડાઇ બંધ કરી. કલૅાડીઆ ઍાલિફન્ટ પરાજિત થવાની આશા રાખતી બાજુમાં ઊભી રહી, પણ તેની આશા ફળી નહિ. અલ્પ સમયમાં દ્વંદ્વ યુદ્ધ ખલાસ થયું અને લડાઈ પાછી શરૂ થઇ.

"કારાગ્રહમાં પેલું ભયંકર દોરડું પકડનારા તારા ડાબા હાથને આ ફટકો તારા શરીરથી છૂટો કરશે." ઍાલિફન્ટ બોલ્યો, તેજ પલે રૅાથવેલનો ડાબો હાથ કપાઇને જમીનપર પડ્યો.

"આ ઘા તને સ્વધામ પહોંચાડી દેશે." બદમાસ રૅાથવેલે ગર્જના કરી અને તેણે ઍાલિફન્ટનું માથું ચીરી નાખે એવી રીતે નિશાન તાકી એક પ્રચંડ ફટકો માર્યો.

"તારી ભૂલ છે—" ઍાલિફન્ટે તે પ્રચંડ ઘા ઝીલી કહ્યું.

"હવે જો. આ ફટકો કમનસિબ કેદીઓને પકડી કેદખાનામાં લઇ જનારા તારા જમણા હાથની કેવી દશા કરે છે તે!—"

રૅાથવેલનો જમણો હાથ ઍાલિફન્ટની સમશેરે ચીરી નાખ્યો.

"અને હવે એ શયતાન! તારા પાપી આત્માની મુક્તિ કરનારો આ ફટકો—સંભાળ—"

બીજીજ પલે તે વીર યોદ્ધાએ બદમાસ રૅાથવેલનું મસ્તક કાપી નાખ્યું. તે પાપી યોદ્ધાનું શબ અશ્વપરથી નીચે પડ્યું. ઍાલિફન્ટ એક પલ પણ આરામ લેવા વિના કલૅાડીઆની સેનાના મધ્ય ભાગ તરફ ધસ્યો. શત્રુ સેના પોતાનો સરદાર પડવાથી હેબતાઇ જઇ ના હિમ્મત થઇ ગઇ હતી. ઍાલિફન્ટની સેનાએ પોતાના દુશ્મનોને જરા પાછા હઠાવ્યા—પણ કલૅાડીઆએ પોતાની સેનાને પ્રોત્સાહન આપી પાછી ચેતનવંતી બનાવી. બધા ઍાલિફન્ટની આસપાસ ફરી વળ્યા

અને તેનાપર બંદુકનો ભયંકર મારો ચલાવ્યો પણ કોણ જાણે કેમ હજુ તેને કંઇ પણ ઇજા થઇ ન્હોતી.

કર્લોડીઆ હવે મરણનો ભય રાખ્યા વિના લડવા લાગી. તેણે ઑલિફન્ટની નજીક જવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેમાં તે વિજયી થઇ નહિ. ઑલીફન્ટને તેના લશ્કરે ઘેરી લીધો હતો અને તે તેમને ઘાસની પેઠે કાપી રહ્યો હતો. ત્યાં જવું કર્લોડીઆ માટે ઘણું મુસ્કેલ હતું. ઑલિફન્ટ કૅસલટાઉન અને તેની આજુબાજુથી ખરીદેલા ભાડુતી પણ ઝનુની બદમાસો સાથે લડી રહ્યો હતો. તેઓ "મારવું કે મરવું" એવો નિશ્ચય કરી લડવા લાગ્યા. જો તેમની ફતેહ થાય તોજ તેમને બક્ષીસ મળવાની હતી. હાર થતાં તેમને બધું ગુમાવવાનું હતું. તેથી તેઓ મરણિયા થઇ લડવા લાગ્યા. કિનારાપર અથડાઇ પાછાં જતાં મોજાંની પેઠે તેઓ પાછા હઠાવ્યા છતાં વારંવાર હૂમલા કરતા હતા. તેઓએ ઑલિફન્ટને ઘેરી દરેક બાજુએથી તેનાપર મારો ચલાવી મૂક્યોઃ પણ નહિ. ઑલિફન્ટનો સીતારો હજુ ઝાંખો થયો ન્હોતો. તેનું લશ્કર પૂર જુસ્સાથી તેની મદદે ધસી આવ્યું અને શત્રુના લશ્કરને ઑલિફન્ટની પાસેથી દૂર હઠાવી દીધું. ઑલિફન્ટ તલવાર ઘૂમાવતો, શત્રુઓની કતલ કર્યેજ જતો હતો. તે વીર યોદ્ધાના બાહુમાં અથાગ બલ હતું–તેના હૃદયમાં અસામાન્ય વીરત્વ હતું. તેની બન્ને બાજુએ શબના ઢગલા થયા હતા. તેનું આખું શરીર લોહીથી ખરડાઇ જવા છતાં તે આંખોમાંથી અગ્નિ વરસાવતો તથા તલવાર ઘૂમાવતો શત્રુસેનાનો ભોગ લેતો હતો. કર્લોડીઆ શબના ઢગલા દૂર કરાવી તેની સાથે લડવા તેના તરફ આવી; પણ તેજ પલે એક ગોળી તેના માથાને વીંધી નાખી આરપાર ચાલી ગઇ અને એક શબ્દ પણ બોલ્યા વિના તે અશ્વપરથી શબના ઢગલામાં જઇ પડી. બીજીજ પલે ઑલીફન્ટ એક નાની ટેકરીપરના શત્રુના રક્તવર્ણો વાવટા પાસે જઇ પહોંચ્યો અને તેને ઉતારીને તેના ચીથરેચીથરાં કરી નાખ્યા. તેની સેનાએ આ સમયે અસામાન્ય આનંદની ગર્જનાથી તેને વધાવી લઇ આકાશ ગજાવી મૂક્યું !

રણભૂમિના આ ભાગમાં જરાકવાર લડાઈ બંધ રહી. જે વાંસપરથી રક્તવર્ણો વાવટો ચીરી નાખવામાં આવ્યો તે પરજ ઑલિફન્ટનો વાવટો ફરફરવા લાગ્યો. ઑલિફન્ટે આજુબાજુ નજર ફેંકી. તેનું તોપખાનું ટુલીઆની ટૂકડીપર સખ્ત મારો ચલાવી રહ્યું હતું.

કલોડીઆ અને સેબીનાની ટૂકડીઓ તો થોડી ઘણી વીખરાઇ ગઇ હતી—તેમાંના સૈનિકો આમ તેમ ન્હાસભાગ કરી રહ્યા હતા. લૅારેન્સ લી અને સર હેન્રી બીટન તેમને જો તેઓ હૂમલો કરવા આવતા તો પાછા હાંકી કાઢતા હતા. ઑલિફન્ટની અજબ વ્યુહરચના તથા યુદ્ધચાતુર્યથી દુશ્મનનું તોપખાનું તદ્દન નકામું થઇ પડયું હતું કારણ કે ઑાલફન્ટના લશ્કરપર ગોળા છોડવા જતાં તેમના પોતાનાજ માણસોનો ઘાણ નીકળી જાય એવી સ્થિતિ થઇ ગઇ હતી, ઑાલીફન્ટના ટેકરીપરના તોપખાનાને નુકસાન કરવાની તેમની આશા પણ સફલ થઇ નહિ; કારણકે ગઇ રાત્રે ઑલિફન્ટે તેની આગળ એક પુસ્તો ચણાવી દીધો હતો અને તેને લીધે તેનું તોપખાનું સુરક્ષિત રહ્યું હતું.

પણ હજુ સમ્પૂર્ણ વિજય પ્રાપ્ત થયો ન્હોતો. સેંકડો માણસો લડાઇમાં માર્યા ગયા હતા અને સેંકડો સૈનિકો પ્રાણ બચાવવા ન્હાસી જતા હતા. પણ હજુ ઘણા માણસો બચ્યા હતા અને તેઓ ટુલીઆની ટુકડીમાં જઇ મળતા હતા. ટુલીઆની ટૂકડીએ હજુ સુધી લડાઇમાં ભાગ લીધો ન હતો. વાવટાવાળી ન્હાની ટેકરી પરથી ઑલિફન્ટે રણભૂમિપર નજર ફેરવી. પોતાના કપાળપરથી પ્રસ્વેદ બિન્દુ લૂંછી નાખી જરા દારૂ પીધો અને પુનઃ મેદાન તરફ નજર ફેરવી. તરતજ શું કરવું તેનો તેણે નિશ્ચય કરી નાખ્યો. તેના એક એ—ડી—કાંને તેણે લૅારેન્સ લી પાસે મોકલ્યો. બીજો હેન્રી બીટન પાસે ગયો અને ત્રીજો મુખ્ય વિભાગના સેનાની પાસે ઘોડો દોડાવી ગયો. દરેકને ઑલિફન્ટની આજ્ઞા મળતાં આખું લશ્કર એક જગ્યાએ ભેગું થઇ ગયું. પોતાના ન્હાના લશ્કરને તોપના મારામાંથી બચાવવા જનરલે તરતજ હુમલો કરવાની જરૂર જોઇ. ઑલિફન્ટે પોતાના લશ્કરને થોડાક પ્રોત્સાહક શબ્દો કહી શાબાશી આપી.

પુનઃ લડાઇ શરૂ થઇ.

ટુલીઆને તેની બે બહેનોના મરણની ખબર મળી ચૂકી હતી. પોતાના વાવટાનાં ચીથરાં થયલાં તેણે પોતાની આંખોએ જોયાં હતાં તેના વદન પર ભયંકર દૃઢતા છવાઇ. તેની આંખોમાંથી અવર્ણનીય અગ્નિ ખરવા લાગ્યો. તે ખોયલી લડાઇ જીતવાને, પોતાની બહેનોના મરણનું વેર લેવાને અને પોતાના રક્તવર્ણી વાવટાની જગ્યાએ ઉડતા ઑાલિફન્ટના વાવટાને તોડી પાડવાને પોતાના લશ્કરને હૂકમ કરવા લાગી. આ વખતે પણ ટુલીઆની સેનાની જમણી પાંખપર ઑાલી-

ફ્રન્ટની તોપો મારો ચલાવી રહી હતી અને તેથી અનેક મનુષ્યો આ જગતની યાત્રા ખતમ કરી જતા હતા. તોપના પ્રચંડ મારામાંથી બચવા માટે શત્રુ સાથે હાથોહાથની ઝપાઝપી કરવા તૈયાર થયા સિવાય બીજો કોઇ રસ્તો ન્હોતો.

બન્ને સેનાઓ ઘોર ગર્જના કરતી એકમેક પર તૂટી પડી; તોપખાના બંધ થયા–હાથો હાથની મારામારી શરૂ થઇ–ભાલા ને તલવારના ઘા પર ઘા થવા લાગ્યા.–ઑલીફન્ટ કશાની દરકાર કર્યા વિના જાણે તે અમર વીર હોય તેમ આગળ વધ્યો–તેનું લશ્કર પણ તેની પાછળ હર્ષની ગર્જના કરતું આવ્યું–હૂમલો થતાંજ ટૂલીઆનું લશ્કર પાછું હઠવા લાગ્યું. ઑલિફન્ટ વચમાંથી દુશ્મન લશ્કરમાં ઘૂસ્યો અને તેના સહાયકોએ બીજી બે બાજુએથી શત્રુઓને પાછળ હઠાવ્યા. મેજર લૅમ્બટન ઑલિફન્ટની છેક પાછળ જ હતો. ટુલીઆનું પાયદળ હયદળ તરફ હઠી ગયું. ઑલિફન્ટે આ તકનો લાભ લીધો.

તેને મન લડાઇ તો બાળકના ખેલ જેવી હતી. તેને થાક તો બીલકુલ લાગતોજ નહિ. અનેક દિવસો સુધી થાકયા વિના રણાંગણમાં તલવાર ઘૂમાવવાની તેનામાં શક્તિ હતી. બન્ને હાથે તલવાર ઘૂમાવતો સૈનિકોને કાપતો તે નીડરતાથી આગળ વધતો ત્યારે યમદૂત જેવો શત્રુઓને લાગતો. બંદુક ને તોપના ગોળાની, તલવાર ને ભાલાના પ્રચંડ ઘાની તેને જરાય દરકાર ન્હોતી. મૃત્યુને તો તે વરવા માગતો હતો! તે એક વીર કેસરી પેઠે લડતો હતો. +સીઝર અને +પોમ્પી પણ તેનું અદ્વિતીય યુદ્ધ કૌશલ્ય જોઇ સ્વર્ગમાં આનંદ પામ્યા હશે! ખરેખર, ઑલીફન્ટ! તને ધન્ય છે! તને જરૂર વિજય મળશે! તું ખરેખર મહા પરાક્રમી વીર છે. વિજયદેવી તને વરમાલા પહેરાવવા દોડતી આવશે!

એક પછી એક સૈનિકને પ્રભુશરણ કરતો તે આગળ ચાલ્યો. શબના ઢગલે ઢગલા થઇ ગયા. શું યમરાજા પોતેજ મનુષ્યોનો ભોગ લેવા આવ્યા છે? આ ભયંકર રણભૂમિમાં ઑલિફન્ટને જરા પણ ઇજા થતી નથી તેનું કારણ શું? શું કોઇ દેવદૂત તેના શરીરનું રક્ષણ કરે છે? એ વીર પુરૂષમાં કંઇક એવી શક્તિ છે જેને પ્રતાપે તેને વિજયદેવી વરવા આવે છે. એની દઢતા, એની ચપલતા અજબ

+ સુપ્રસિદ્ધ રોમન યોદ્ધા.

છે, હૂમલો કરવા આવતા શત્રુનો ઘા નિષ્ફળ કરવાની એની યુક્તિ પ્રશંસાપાત્ર છે. સ્થિર ખડક પેઠે તે યુદ્ધભૂમિમાં ઉભો રહી શત્રુને આવકાર આપે છે ! ખરેખર, ઑલિફન્ટ ! તું અજીત છે ! તું અદ્વિતીય વીર છે !

ઑલિફન્ટ કદિ ઉશ્કેરાતો નથી. થાકનું કારણ મનની ઉશ્કેરાયલી સ્થિતિ છે તે એ જાણતો. આથી તે હમ્મેશાં શાન્ત રહેતો. ભયંકર મોતના મ્હોંમાં જતી વેળા પણ એ શાન્ત રહેતો. એના અદ્દભૂત ગુણો રણાંગણમાંજ પ્રકાશમાં આવતા. એવી જ વેળાએ વીરયોદ્ધાનું વીરત્વ સમ્પૂર્ણ પ્રકાશી નીકળે છે. યુદ્ધભૂમિમાં તેણે અસામાન્ય હિમ્મત બતાવી હતી. તેની સમયસૂચકતા, તેની રણપંડિતતા અને તેની વ્યુહરચના પણ આશ્ચર્યજનક હતી. લડાઇના આરંભમાં જ્યારે તેને લાગ્યું કે વિજયનો આધાર તેની કાર્યદક્ષતા પર છે ત્યારે તે ગુપચુપ મ્યાનમાં તલવાર રાખી શાન્ત થઇને ઉભો હતો. આથી તે લડાઈથી અલગ રહેશે એવી તેના શત્રુઓને ભ્રાન્તિ થઇ; પણ જ્યારે તેના સહાયકો તેની આજ્ઞાનો સમ્પૂર્ણ અમલ કરે છે એવી તેને ખાત્રી થઇ ત્યારે તે એક વીર યોદ્ધાની પેઠે રણભૂમિમાં ઘૂમવા લાગ્યો. આવા નરવીર સ્હામે કોણ ટકી શકે ? તેને વિજયદેવી વરવાને ઘેલી ઘેલી થઈ જાય એમાં નવાઈ શું ? પાંચહજાર માણસોની પ્રચંડ સેના સ્હામે બાથ ભીડવાને તેની પાસે ફક્ત આઠસો માણસો હતા પણ તેથી શું ? તેની અસામાન્ય વીરતા અને મેરૂ તુલ્ય દૃઢતા તેના શત્રુને પરાજિત કરવાને પૂરતી શક્તિવંત હતી.

અફસોસ ! ડુલીઆ, હવે વિચિત્ર સ્થિતિમાં મૂકાઇ. ઘોર ચંડિકા બની તે સંગ્રામમાં ઘૂમી. પણ વ્યર્થ ! તેણે અનેક યોદ્ધાના પ્રાણ લીધા પણ તેના અસામાન્ય શૂરાતનની કંઇ અસર થઇ નહિ. તેણે પોતાના શરણે થતા લશ્કરને એકત્રિત કરવાના અનેક પછાડા માર્યા; પણ ફોકટ ! હવે તેનું લશ્કર તેની આજ્ઞા માનતું નહોતું. પોતાના જખમી સાથીઓની હૃદય ચીરી નાખનારી ચીસ સાંભળી, શબના ઢગલા જોઇ તથા સ્હામા પક્ષની વિજયીગર્જના સાંભળી તેઓ હવે હતાશ થઇ ગયા હતા. જે શસ્ત્રો થોડા સમય પહેલાં શત્રુનો ધ્વંસ કરવા માટે વિદ્યુત્ વેગે આમ તેમ ફરતાં હતાં તે હવે તેમના હાથમાંથી પડી જવા લાગ્યાં.—કેટલાકો જખમી થઇ ચીસ પાડતા જમીનપર પડયા. કેટલાકો અચેતન થઇ મૃત્યુને તાબે થયા.

હવે ચારે તરફ ગભરાટ વ્યાપી ગયો અને ટુલીઆને તેના
ા હઠતા સૈનિકો એક બાજુ ઘસડી ગયા. પણ હજુ પણ તે
ી વચ્ચેથી છટકી શત્રુ સ્હામે જવાને પછાડા મારવા લાગી. તેની
ી આશાનો લોપ થઇ ગયો હતો. હવે તેની આશાનો ફલિતાર્થ
ન્હોતો. તેની બ્હેનોનું તથા તેના મૃત સૈનિકોનું વેર તે હવે
શકે એમ ન્હોતું. તેના મગજમાં ભયંકર અશાન્તિ વ્યાપી ગઇ.
એવી ભયાનક સ્થિતિમાં તેના અશ્વની એડી નીચે તેના પોતા-
સૈનિકોને તે છૂંદવા લાગી. એક સૈનિક ઘોડાના પગ નીચે આવ-
તેનો પગ ભાંગી ગયો અને તેણે વેરના આવેશમાં ટુલીઆના
ના પેટમાં એક કટાર ભોંકી દીધી. તે અશ્વ કટારનો ઘા લાગતાંજ
પી દીવાનો થઇ સૈનિકોનાં ટોળામાંથી એકદમ ન્હાસવા લાગ્યો
લડાઇના મેદાનમાંથી ખેતરો તરફ ધસી ગયો. તે કટારના ઘાથી
દુઃખથી ગમે તેમ કૂદતો ન્હાસતો હતો—ટુલીઆ તેની પીઠપર
ાથી બેસી રહી. લડાઇના મેદાનમાંથી આ ન્હાસતી એમેઝોનને
ા સૈનિકો જોઇ રહ્યા !

અચાનક તે અશ્વ અને તેના પરની વીરાંગના જાણે પૃથ્વી જ
ી ગળી ગઇ હોય તેમ સૈનિકોની દૃષ્ટિથી અદૃશ્ય થઇ ગયાં !

એક ન્હાની ટેકરીની નીચે તે અશ્વ એક ખાડામાં તૂટી પડ્યો
થોડીક મિનિટ પછી જ્યારે ઑલીફન્ટનો એક એ-ડી-કાં તે
ાએ જઇ પહોંચ્યો ત્યારે તેણે ટુલીઆ તથા તેના અશ્વનાં શબ
પડેલાં જોયાં !

વાંચનાર ! આવી રીતે તે મહત્વાકાંક્ષી બ્હેનોનો અન્ત આવ્યો.
ા લશ્કરનો પરાજય થયો અને તેમનાં શરીર રણભૂમિમાં બીજાં
કોનાં શબમાં અટવાઇ ગયાં !

આ ઐતિહાસિક દિવસે બપોરે ત્રણ વાગે આ ભયંકર લડાઇનો
ત આવ્યો. ઑલિફન્ટનો વિજય થયો. વિજેતા ઑલીફન્ટ પો-
ા બહાદૂર અશ્વપર બેસી ભયંકર રણાંગણપર કંઇક આનંદ,
ક મગરૂરી અને કંઇક શોકની લાગણીથી નજર ફેરવવા લાગ્યો.

યુદ્ધ પૂર્ણ થયું. તે વીરયોદ્ધાનો સમ્પૂર્ણ વિજય થયો !

પ્રકરણ ૧૦ મું.

આર્ડન હાઉસ.

માર્ચ મહિનાનું પ્રથમ અઠવાડિયું પૂર્ણ થયું હતું. દિવસ પૂરો થઇ ગયો હતો અને સન્ધ્યાની લાલી રાત્રીના અંધકારને શરણ થતી હતી એ વેળા ત્રણ ઘોડેસ્વારો ધીમે ધીમે સેન્ટ જેમ્સ સ્કવેરમાં દાખલ થયા. પ્રથમ સવાર અર્લ આર્ડન હતો અને બીજા બે તેના નોકરો હતા. તેમનાં વસ્ત્રો તથા તેમના અશ્વોની સ્થિતિ પરથી તેઓ મોજ કરવાને આમતેમ ફરી આવ્યા હોય એવું નહિ પણ તેઓ લાંબી મુસાફરીએથી આવતા હોય એવું અનુમાન થતું હતું. તેઓ આર્ડન હાઉસ નામના ભવ્ય મૅનશનના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ આવી પહોંચ્યા. દરવાજાપર હમણાંજ લાઇટ સળગાવવામાં આવી હતી. દરવાજામાં એક ન્હાની બારી ઉઘાડી હતી. અને ત્રણ ચાર નોકરો દરવાજાથી થોડેક દૂર ગપ્પાં મારતાં હતાં. અર્લની તહેનાતમાંના એક નોકરે તેમને અર્લના આગમનની ખબર આપતાંજ તેઓ દરવાજો ઉઘાડવા ધસી આવ્યા. અર્લ અશ્વપરથી નીચે ઉતર્યો અને ભોંયતળિયેના એક ઓરડામાં જઇ મુસાફરીથી થાકેલો હોવાથી એક સોફાપર પડ્યો. તેણે એક નોકરને શરાબની પ્યાલી લાવવાની આજ્ઞા કરી. આ આજ્ઞાનો તરતજ અમલ થયો અને તે વૃદ્ધ ઉમરાવે દારૂની પ્યાલી ખાલી કરી.

"હું આશા રાખું છું કે આપ નામદારને વિદેશની મુસાફરી આનન્દજનક થઇ પડી હશે—" અર્લનો કારભારી આ સમયે આવી પહોંચ્યો અને પ્રથમ અર્લની તબિયતના સમાચાર પૂછ્યા પછી બોલ્યો.

"હા. મારી મુસાફરી આનન્દજનક થઇ પડી હતી. ઑસ્ટેસ! મને ગયાને કેટલોક વખત થયો હશે?—" અર્લ બોલ્યો.

"લગભગ બે મહિના, મારા નામદાર!—" કારભારી બોલ્યો.

"આહ! ખરેખર, બે મહિના!—" અર્લ જરા હસીને બોલ્યો. હમ્ફ્રી ક્લીન્ટને ભૂલથી ચાર્લ્સને બદલે વીલોબીનો પ્રાણ લીધા પછી લગભગ બે મહિના થઇ ગયા છે એવો તેને વિચાર આવ્યો.

"ઑસ્ટેસ! બે મહિનામાં માણસને ઘણું જોવાનું મળે છે—"

"આપ નામદાર ફ્રેન્ચ પાટનગરમાં ગયા હતા?–" અર્લની દારૂની પ્યાલી પુનઃ ભરી આપી તેનો કારભારી બોલ્યો.

"નહિ. હું નીધરલૅન્ડઝ ગયો હતો અને ત્યારપછી જર્મની ગયો હતો. આવતી વેળા પૅરિસ જવાનો મારો વિચાર હતો. પણ ઘણો વખત થવાથી–વિદેશમાં પૂરતી મઝા કરી રહ્યા પછી–મને ઘર તરફ વળવાનું ઠીક લાગ્યું."

બાર્બરા વીલીઅર્સનું કાળું કાવત્રું નિષ્ફળ જવા પછી અર્લ ઑફ આર્ડન જો એ નીચ પ્રપંચબાજી જાહેરમાં આવે તો તેનું જે ભયંકર પરિણામ આવે તેમાંથી બચી જવાને માટે ઈંગ્લંડની હદ છોડી વિદેશમાં મુસાફરી કરવાને બહાને ચાલ્યો ગયો હતો એ બીના વાંચનારના લક્ષમાં હશેજ. વિદેશમાં તેને ઇંગ્લંડની બહુ ઓછી ખબર મળી હતી છતાં એ મહિના પછી ઈંગ્લંડ જવામાં કંઇ ભય નથી એવું તેને લાગવાથી તે પાછો ફર્યો હતો.

"હવે કંઈ નવાજૂની હોય તે સંભળાવશો?–" બીજી પ્યાલી ખાલી કરી અર્લે પૂછ્યું.

"નવાજૂનીમાં કંઇ ખાસ અગત્યનું નથી, મારા લૉર્ડ! આપનામદારની મીલકતની વ્યવસ્થા કરનારા અધિકારીએ પોત પોતાના હિસાબો બરાબર મોકલી આપ્યા હતા અને પૈસા પણ નિયમિત રીતે ચૂકવવામાં આવ્યા હતા–" કારભારીએ જવાબ આપ્યો.

"દરબારની કંઇ નવાજૂની છે ખરી? હજુ પણ ડચેસ ઑફ પોર્ટસ્મથજ સત્તાશીલ છે કે? હજુ ડચેસ ઑફ કલીવલૅન્ડનો સીતારો જે એક વેળા અત્યંત ચમકતો હતો તે ઝાંખોજ પડેલો છે કે?—"

"મારા લૉર્ડ! હું જે જાણું છું તે પ્રમાણે સ્થિતિ તો એવીજ છે—લોકો કહે છે કે ડચેસ ઓફ પોર્ટસ્મથની નામદાર મહારાજા પરની સત્તા હમણાં પ્રથમ કરતાં ઘણીજ વધી ગઈ છે—"

"અને ડચેસ ઑફ કલીવલૅન્ડ!–હજુ પણ તેણી બર્કશાયર હાઉસમાંજ રહે છે કે?–"

"હા જી. શ્રીમતી એકલાં ત્યાંજ રહે છે—કોઇને ઝાઝાં મળતાં પણ નથી—"

"અલબત્ત નજ મળે. જ્યારે એક દરબારી સ્ત્રી પડતી જુએ

છે ત્યારે શ્રીમંત અને ફૅશનેબલ લોકો તેણીને વધુ મળવાની જરૂર જોતા નથી....હં...પણ પેલા બદમાશ રમ્બોલ્ડનું શું થયું? તે ફાંસીના લાકડાપર મુઓ કે ટાવર હીલપર તેનું માથું ધડથી જૂદું પાડવામાં આવ્યું હતું?—"

"નહિ. મારા લૉર્ડ! હજુ તેની તપાસ ન્યાયમંદિરમાં શરૂ થઇ નથી." કારભારી બોલ્યો.

"તપાસ શરૂ નથી થઇ? તપાસ શરૂ થઇ છે એવી ખબર મને મળી ન્હોતી, પણ હું તો ધારતોતો કે તેની તપાસ પૂરી થઇ ગઇ હશે. તેની તપાસ ક્યારે શરૂ થવાની છે?"

"આવતા અઠવાડિયામાં શરૂ થશે એવી લોકવાયકા સંભળાય છે, મારા લૉર્ડ! આટલી બધી ઢીલ કરાવવા માટે બચાવપક્ષના ધારાશાસ્ત્રી મી૦ મૅાબ્રેએ આકાશ પાતાળ એક કરી નાખ્યા હતા અને હજુ સૂધી તે વિજયી થયો છે; પણ આજે સ્હવારે મને ખબર મળી છે કે એકદમ ઉતાવળથી તેની તપાસ હાથમાં લેવાનો પ્રધાનોએ હુકમ બહાર પાડયો છે—"

"જાહેર પ્રજાનો એ વિષે શું મત છે?—" બેદરકારીથી અર્લે પૂછ્યું.

"મી૦ રમ્બોલ્ડની વિરૂદ્ધ એવા મજબૂત પૂરાવા પડેલા છે અને સંજોગો તેનાથી એટલા બધા વિરૂદ્ધ છે કે તેના રાજ્યદ્વારી વિચારોને અંધતાથી માનનારા સિવાય પ્રથમથી તેને ગુનેહગાર ન માની જ્યુરીમાં વિરાજનારા ભાગ્યેજ બાર માણસો આખા દેશમાંથી મેળવી શકાશે...."

"ખરી વાત છે. એમાં મને જરા પણ શક નથી. તે વખતે મારો પણ એવોજ મત હતો—"

"હા, હવે મને યાદ આવે છે. એ બનાવ આપ નામદાર મુસાફરીએ ગયા તેની બે દિવસ પહેલાં બન્યો હતો. પહેલાં હું ધારતો હતો કે આપ નામદાર એ ખૂની બનાવ બન્યો તે પહેલાં પ્રવાસે ઉપડી ગયા હતા—"

"નહિ. હું તે વખતે લંડનમાં હતો......"

તેણે પ્યાલીમાંનો થોડોક દારૂ ગળે ઉતારી દીધા પછી કહ્યું.

"અને હવે તારી શેઠાણી કેમ છે? તેણે મારી ગેરહાજરીમાં કેવી રીતે વખત ગાળ્યો હતો?—"

"મારી શેઠાણી પોતાની હમ્મેશની ટેવ પ્રમાણે ઘણે ભાગે પોતાના ઓરડામાં જ રહ્યાં હતાં. તેમણે ઘણા થોડા માણસની મુલાકાત લીધી હતી...અને આ પલે પણ તેઓ કોઇની સાથે વાત કરે છે..."

"એમ?—કોણ છે તે? પુરૂષ કે સ્ત્રી?—તેનું નામ શું?—"

"હું તે જાણતો નથી, મારા લૉર્ડ! મુલાકાત લેવા આવનારે પોતાનું નામ જણાવ્યું ન્હોતું..."

"નામ ન્હોતું જણાવ્યું?...ગમે તેમ હો પણ એક કાઉન્ટેસને—મારી પત્નિને મળવા આવવાની આ વિચિત્ર રીત લાગે છે—તેણે શું કહ્યું હતું?—" અર્લે પૂછપરછ કરવા માંડી.

"તે આવ્યો ત્યારે હું હૉલમાં હતો, મારા લૉર્ડ!—" કારભારીએ જવાબ આપ્યો.

"આપ નામદારે આપના દર્શનથી અમને આનંદિત કર્યા તેની થોડીક મીનીટ પહેલાં તે આવ્યો હતો. તેણે તે કાઉન્ટેસ ઑાફ્ આર્ડનને મળી શકશે કે કેમ એવો પ્રશ્ન પૂછ્યો અને જ્યારે મેં તેનું નામ પૂછ્યું ત્યારે તરત સીધો જવાબ આપવાને બદલે આપ નામદાર ઘરમાં હાજર છો કે નહિ તેની તપાસ કરવા લાગ્યો."

"ઘણું જ વિચિત્ર અને શંકાસ્પદ?—વારૂ—પછી?—" અર્લને લાગ્યું કે આ મુલાકાતમાં કંઇ વિચિત્ર ભેદ હોવો જોઇએ.

"હું તેની પાસે ગયો અને મેં તેને જણાવ્યું કે આપ નામદાર બે મહિનાથી પરદેશ ગયા છો. એ સાંભળી તેના મ્હોપર સંતોષની લાગણી છવાઇ. ત્યારપછી મેં વિનયપૂર્વક તેનું નામ મને જણાવવાની અરજ કરી—તદ્દન અજાણ્યા સખસને મૅનશનમાં આવવા દેવાનો રિવાજ નથી એ વાત પણ મેં તેણે જણાવી—મારી વાત સાંભળી તેણે કહ્યું કે, લેડી આર્ડને તેને અત્યાર સુધી જોયેલો ન હોવાથી તે જો પોતાનું નામ કહેશે તો તેણી તેને ઓળખી શકે એમ નથી માટે તે પોતે જ તેણી સાથે વાત કરતી વેળા પોતાનું નામ તેને કહેશે."

"તે માણસનો દેખાવ કેવો હતો?" અર્લે પૂછ્યું.

"ઉંચો કંઇક શ્યામ, અને સારા દેખાવનો તે હતો. મારા લૉર્ડ! તેની ઉમ્મર ૩૦ ની અંદર હશે. તે દૂરથી મુસાફરી કરી

આવેલો હોય એવો લાગતો હતો, મારા લૉર્ડ! તે ઘોડાપર સવાર થઇ અહિં આવ્યો હતો—"

"આ વિચિત્ર અને ભેદભર્યું લાગે છે...." અર્લ બબડયો. તે પછી થોડીકવાર વિચાર કરી તેણે બીજો પ્રશ્ન પૂછયો.

"તે અજાણ્યા માણસનો સંદેશો કાઉન્ટેસને પહોંચાડવામાં આવ્યો હતો કે ?—"

"હા, નામદાર! હું તેનો સંદેશો કાઉન્ટેસને કહેવા ગયો અને શ્રીમતીએ તે માણસને ડ્રોઇંગરૂમમાં બેસાડવાની આજ્ઞા કરી કે જ્યાં તેમણે તે અજાણ્યા સખસની મુલાકાત લીધી."

અર્લ ખુરશી પરથી ઉભો થયો અને બારણા તરફ ગયો, પણ તે ઓરડામાંથી બહાર ગયો તે પહેલાં તેણે પૂછયું.

"તમે મારા આગમનની વાત કાઉન્ટેસને જણાવી છે કે ?—"

"નહિ. મારા લૉર્ડ! કારણકે મેં ધાર્યું કે—"

"હુંજ પોતે પ્રથમ કાઉન્ટેસ પાસે જઇશ. ખરી વાત છે. હુંજ તેને મળવા જઇશ—" એમ કહી અર્લ ઑફ આર્ડન તે ઓરડામાંથી બહાર નીકળ્યો.

ત્વરિત વેગે દાદર ઉતરી અર્લ એક ન્હાના દિવાનખાનામાં ગયો કે જેમાંથી ડ્રોઇંગરૂમમાં જવાતું હતું. આ બે દિવાનખાના વચ્ચેનું બારણું હમણાં બંધ હતું. અર્લ જો આ ન્હાના દિવાનખાનામાં વચમાંના બારણા આગળ ઉભો રહે તો કાઉન્ટેસની પેલા અજાણ્યા ગૃહસ્થ સાથેની વાતચીત તેનાથી સહેલાઇથી સાંભળી શકાય તેમ હતું. તે ગુપચુપ દ્વાર આગળ જઈ ઉભો રહ્યો.

"અને જનરલની એવી સૂચના છે, મી૦ લૅમ્બટન! કે આ પાકીટ મારે એક અઠવાડિયા સુધી સીલબંધ સાચવી રાખવું અને તે પછીજ તે ઉઘાડવું—" બાજુના દિવાનખાનામાંથી કાઉન્ટેસનો અવાજ સંભળાયો.

"હાજી, નામદાર ગવર્નર જનરલની એવીજ સૂચના છે, લેડી!" મી૦ લૅમ્બટને જવાબ આપ્યો.

"અને હવે મારે તમને જે કહેવાનું હતું તે પૂરૂં થયું છે એટલે હું તમારી રજા લઇશ......"

"મહેરબાની કરી જરા ભોજન લેશો? તમે ઘણી લાંબી મુસા-

ફરીએથી આવ્યા છો એટલે ઘણા થાકી ગયા હશો. તમે બધી વાત કરી જવા તૈયાર થયા ત્યાં સુધી મેં તમને ભોજન લેવાનું આમંત્રણ ન કર્યું તે માટે મને માફ કરજો—તમે મને ઘણી વાત કહી છે—પેલા ભયંકર કિલ્લાની ભયંકર વાતે મને મારા મનને એટલું અશાન્ત બનાવ્યું હતું કે હું તમારૂં સ્વાગત કરવાનું પણ ભૂલી ગયો—"

"હું તમારી લાગણી માટે તમારો આભાર માનું છું. પણ હું મારે ઘેર જવાને ઘણો આતુર થઇ ગયો છું. મેં નામદાર ગવર્નર જનરલને લંડનમાં આવ્યા પછી પહેલ વહેલા "આર્ડન હાઉસ" માં જવાનું વચન આપ્યું હતું અને મેં તે પાળ્યું છે. મેં તમને કહી દીધું છે આ પાકીટમાંના પત્રોપર કોઇના મોત જીવતનો આધાર છે અને તેથી તે તમને પહોંચાડવાને હું ઘણોજ આતુર હતો. હવે તમે એ ઉઘાડવાનો સમય આવે ત્યાં સુધી તેને કોઇ સલામત જગ્યાએ મૂકી દો. કદાચ એટલા વખતમાં જનરલ પોતે પણ અહિં આવી પહોંચશે—"

મી૦ લૅમ્બટન તે પછી વિદાય થયો અને અર્લ ઓફ આર્ડન જે ઓરડામાં ઉભો ઉભો વાત સાંભળતો હતો તે હવે જે વાત સાંભળવામાં આવી તે પર ગંભીર વિચાર કરવા એક બેઠક પર બેઠો. તેની ખાત્રી થઇ ગઇ હતી કે પેલું પાકીટ મોકલનાર જનરલ ઑલીફન્ટજ હતો; પણ જ્યારે તેણે એ પાકીટ મી૦ લૅમ્બટનને આપ્યું ત્યારે તે ક્યાં હતો?—હમણાં તે ક્યાં હશે?—તે અલ્પ સમયમાં લંડન પાછો શા માટે આવવા માગે છે?—આ બધી બાબતોનો તે વૃદ્ધ ઉમરાવ વિચાર કરવા લાગ્યો; પણ તેની કલ્પનાશક્તિએ તેને આ સમયે વધુ સહાય કરી નહિ. વિચાર કરતાં કરતાં અત્યંત ભેદભરેલું કામ થાય છે અથવા થવાનું છે એટલું તો તેને સમજાયું. "મોત જીવત" નો આધાર છે એ શબ્દ કર્નલ રમ્બોલ્ડ સિવાય કોને લાગુ પડે એમ છે? કર્નલનાજ મોત જીવતનો પેલા કાગળોપર આધાર હોવો જોઇએ અને જનરલ ઑલિફન્ટ કર્નલનો મિત્ર હતો એટલે તેણે તેને બચાવવા માટે પોતાની જાદુઇ શક્તિનો ઉપયોગ કરેલો હોવો જોઇએ એવી તેણે કલ્પના કરી. આ કલ્પના કરતાંજ ભયનું ઠંડું લખલખું તે વૃદ્ધ ઉમરાવના શરીરમાંથી પસાર થઇ ગયું. જગત્ પરની કોઇ પણ વ્યક્તિ કરતાં તે ઑલિફન્ટથી વધુ ડરતો હતો. કોઇપણ કામ હાથમાં લે તો જનરલ સમ્પૂર્ણ દક્ષતાથી તે પાર પાડ્યા વિના જંપતો નથી એ વાત લૉર્ડ આર્ડન બધા કરતાં વધુ

સારી રીતે સમજી શકતો. હવે હમણાં જો કર્નલ રમ્બોલ્ડને મુક્ત કરવાનું કામ તેણે હાથમાં લીધું હોય તો તે તેની નિર્દોષિતા પૂરવાર કર્યા સિવાય શી રીતે પાર પડી શકશે? હમ્ફ્રી ક્લીન્ટનની કટારથી રાજાને બદલે વીલોબી માર્યો ગયો—હમ્ફ્રીને રાજાનું ખુન કરવા માટે ઉશ્કેરવામાં આવ્યો હતો—એ કાળાં કાવત્રાંની વાત શું ઑલિફન્ટને કાને ગઈ હશે? જેમ જેમ અર્લ આ બાબતપર વિચાર કરવા લાગ્યો તેમ તેમ તેનો ભય વધવા લાગ્યો ઇંગ્લંડમાં બે મહિના પછી તે પાછો આવ્યો હતો અને હવે તે સહીસલામત છે એમ તે માનતો હતોઃ પણ પોતાના ઘરના આંગણામાં આવતાંજ ભય અને આફતના ભયંકર દર્શન તેને થયા. તે ડર્યો. તે કમ્પ્યો.

અર્લ ઑફ આર્ડનને જનરલ ઑલિફન્ટે આઇલીંગટનના દેવળમાં જુલિયા મરટનને આજ રીતે પરણવાની ફરજ પાડી હતી તે વાત વાંચનારની સ્મૃતિમાંથી લુપ્ત તો નહિ થઇ હોય. વળી લગ્ન ક્રિયા થઇ રહ્યા પછી જુલિયા મરટન લેડી આર્ડન બની ત્યારે જનરલ ઑલિફન્ટ જૉન મર્ટન—જુલિયાના પતિનો ગાઢ મિત્ર હતો તેથી હવે તેના મરણ પછી તેની પત્નિપર દેખરેખ રાખશે અને લૉર્ડ આર્ડન જો જુલીયા પર દુઃખ પાડશે, તેનું અપમાન કરશે યા કોઇપણ રીતે તેને હેરાન કરશે તો તેનો બદલો લીધા વિના તે છોડશે નહિ એવી ધમકી પણ જનરલે અર્લને આપી હતી તે પણ વાંચનાર આ સ્થલે યાદ કરી શકશે. જુલીયા અને આર્ડન વચ્ચે હવે કોઇ જાતની પ્રેમ—લાગણી તો હતીજ નહિ—અને હવે જન્મે એવો સંભવ પણ ન્હોતો. જનરલ ઑલિફન્ટ જ્યાં સુધી લંડનમાં હતો ત્યાં સુધી અર્લ આર્ડને જુલિયા પર જૂલમ ગુજારવાની હિમ્મત કરી ન્હોતી. તે જુલિયાના માર્ગમાં વધુ જતો નહિ તેમ તેનું અપમાન કરવાની હિમ્મત પણ કરી શકતો નહિ. પણ જનરલ અમેરિકન સંસ્થાનોના ગવર્નર જનરલની માનવંત પદ્વીપર નિયુક્ત થઇ ઇંગ્લંડ છોડી જવા પછી અર્લ આર્ડન કંઇક ભયમુક્ત થયો અને તે જુલિયા પરનો પોતાનો ગુપ્ત ધિક્કાર હવે ધીમે ધીમે પ્રકટ કરવા લાગ્યો. ક્રૂર શબ્દ પ્રહાર—પ્રકટ ધિક્કાર દર્શન અને ચાલુ અપમાનોથી તે જુલિયાને સતાવવા લાગ્યો. ઘણીવાર તે અસભ્ય શબ્દો બોલતો—ઘણીવાર ધિક્કારથી જુલિયાનું અપમાન કરતો—તેને મહેણાં મારતો—નોકરોપર જુલિયાની જેવી સત્તા હોવી જોઇએ તે તેના હાથમાંથી ખૂંચવી લઇ તેને હલકી પાડવાનો

નીચ પ્રયાસ કરવાને પણ તે ચૂકતો નહિ. લેડી આર્ડેને ઠંડે કલેજે–ધિરજથી આ સર્વ જૂલમો સહ્યા. છતાં અનેક વાર એવી રીતે અપમાન થતાં તેની કાળી આંખોમાં ક્રોધાગ્નિ ભડભડતો. તે આંખો ધિક્કારથી તેના પતિ તરફ જોતી–તેના વદનપર ક્રોધની લાગણીને લીધે રતાશ ધાઈ આવતી, પણ તેણે પોતાની લાગણી ખુલ્લા શબ્દોમાં કદિપણ વ્યક્ત કરી ન્હોતી. અર્લની મરજી જુલિયાને ગમે તેવાં અપમાનો કરી લડાઇ કરવાની હતી; પણ એવી લડાઇ કરવાનો તેનો હેતુ જુલિયા સમજી ગઇ હતી અને તેને માટે તેને અંતરમાં વધુ ધિક્કારતી હતી. બે મહિના પહેલાં અર્લે અચાનક મુસાફરીએ જવાનો વિચાર જુલિયાને જણાવ્યો ત્યારે તેણીએ તેની સાથે જવાની ઇચ્છા બતાવી નહિ તથા અર્લના વિયોગ માટે તેણે પોતાને દુઃખ થશે એમ પણ કહ્યું નહિ. તેના સ્વાત્માભિમાની હૃદયને જો તે અર્લ સાથે જવાની વાત કરે અને તે ના પાડે તો નકામું અપમાન સહન કરવું પડે એ રૂચ્યું નહિ. વળી મુસાફરી દરમિયાન અર્લના સાથી થવાની તેની ઇચ્છા પણ ન્હોતી; ઉલટું અર્લની ગેરહાજરીમાં પોતાને શાન્તિ મળશે એમ તેને લાગ્યું. આવી રીતે બન્નેની એક બીજા પ્રત્યેની લાગણી મન્દ થઇ મરી જતી હતી. બન્ને વિખૂટાં પડ્યાં, અને એ વિયોગથી પતિ કે પત્નિ બેમાંથી કોઇને જરાય દુઃખ થયું નહિ.

ઘરમાંના નોકરચાકરો આ બે વ્યક્તિઓનાં લગ્ન કેવા સંયોગોમાં શા કારણથી થયાં તે વિષે સત્ય હકિકત જાણતાં ન્હોતાં; છતાં એટલું તો તેઓ સારી પેઠે જાણતા હતા કે આ લગ્ન ગુપ્ત કારણોને લીધે જોર જબરીથી થયાં હતાં તથા પતિને પત્નિના હૃદયોમાં પ્રેમનું એક બિન્દુ પણ ટપકતું ન્હોતું. દાસદાસીઓએ હવે જોયું હતું કે તેમનો સ્વામી પોતાની પત્નિ પ્રત્યે પ્રથમ કરતાં વધુ બેદરકારી બતાવતો હતો. આ માટે કેટલાકોને જુલિયાની દયા આવી–કેટલાકો પોતાના શેઠની શેઠાણી તરફની અપ્રીતિ જોઈ તેના તરફ વધુ બેદરકાર બન્યા અને જુલિયા પ્રત્યે અપમાનભર્યું વર્તન ચલાવવાની તો તેમની હિમ્મત ચાલી નહિ તે છતાં તેમની વર્તણુકમાં ઘણો ફેર પડી ગયો. ઓસ્ટસ–અર્લનો કારભારી લુચ્ચો, કપટી અને દાંભિક હતો અને પોતાનો સત્ય સ્વભાવ છૂપાવવામાં તે પોતાની મીઠી–ખુશામતી જબાનથી વિજય મેળવતો. તે પોતાના ઉમરાવ શેઠ તથા શેઠાણી ઉભયની કૃપા મેળવવા ઉભયને ઉંધુચતું સમજાવતો પણ જ્યારે અર્લ

સાથે વાત કરતો ત્યારે કાઉન્ટેસની વિરૂદ્ધ જરા વધતી ઓછી વાત કરી અર્લનો ખાસ માનીતો થવાનો પ્રયાસ કરતો. અર્લ આર્ડન પ્રવાસેથી ઘેર આવ્યો ત્યારે તેણે ઑસ્ટેસને જે પ્રશ્નો પૂછ્યા હતા તેના જવાબો અર્લના હૃદયમાં વહેમ ઉત્પન્ન થાય એવા આપી તેણે પોતાના શેઠને રાજી કર્યો હોય એવું માન્યું. મી० લૅમ્બટન જનરલ ઍાલિફન્ટના પાકીટ સાથે જુલિયાને મળવા આવ્યો ત્યારે અર્લે બાજુના ઓરડામાંથી તેમની વાતચીત સાંભળી અને તેને વધુ ચટપટી થવા લાગી.

આ ઉમરાવ પતિ પત્નિના સંબંધનું જે વર્ણન ઉપર આપ્યું છે તે પરથી જુલિયા અર્લપર વિશ્વાસ રાખી મી० લૅમ્બટનની વાતનો સંપૂર્ણ હેવાલ તેને કહી દે તથા પેલા પાકીટમાંના કાગળો તેને વાંચવા દે એવું કદિ પણ નહિ બને એ વાંચનાર સમજી શકશે. ખાસ સૂચનાઓ સાથે—ભેદી સૂચનાઓ સાથે તે પાકીટ જુલિયાને આપવામાં આવ્યું હતું અને એ પાકીટમાંનાં પત્રોપર "મોત જીવત" નો આધાર છે એવી પણ વાત થઈ હતી. અર્લ આર્ડને ચાર્લ્સનું ખૂન કરાવવાનું જે કાવત્રું રચાયું હતું તેમાં ભાગ લીધેલો હોવાથી આ કાવત્રાંનો ભોગ થઇ પડેલા વીલોબીના ખૂન માટે પકડાયલા નિર્દોષ આરોપી કર્નલ રમ્બોલ્ડને મુક્ત કરવાનો પ્રયાસ કરતાં તેનું તથા તેના પક્ષકારોનું નીચ કૃત્ય જાહેરમાં આવી જાય તો તેને ફાંસીને લાકડેજ લટકવું પડે એ ભયથી તે ધ્રુજી ગયો હતો. જુલિયા તે ખાનગી પાકીટ અત્યંત સાવચેતીથી પોતાના ઓરડામાં મજબૂત પેટીમાં મૂકી, તેને તાળું મારી પોતાની પાસેજ ચાવી રાખશે એવી અર્લની ખાત્રી હતી. આથી જો જોરજબરીથી તેની પાસેથી તે પાકીટ મેળવવાનો પ્રયત્ન કરશે તો જુલિયા પોતાના દૃઢ અને હઠીલા સ્વભાવને લીધે તેની સ્હામે થશે અને કદિપણ તેને તે પાકીટ આપશે નહિ; છતાં તે પાકીટ મેળવવાની અને તેમાં શું લખેલું છે તે જાણવાની અર્લના દિલમાં ભયંકર ચિંતા જન્મી હતી. તે બદમાસ—નીતિભ્રષ્ટ—વિશ્વાસઘાતક અને દાંભિક હતો. પોતાના સ્વાર્થ માટે તે ગમે તેવાં કામ કરતાં અચકાતો નહિ. તેણે ગમે તે ભોગે તે પાકીટ મેળવવાનો નિશ્ચય કર્યો.

આ બાબતનો તેણે ગંભીર વિચાર કર્યો તે પહેલાં એકદમ ઈંગ્લંડથી પાછા ન્હાસી જઇ વિદેશમાં એકાદ મહિનો ગાળી નાખી

જનરલ ઑલિફન્ટના ભેદી પાકીટનું શું પરિણામ આવે છે તે જોવાનો તેને વિચાર આવ્યો; પણ કેટલાંક કારણોપર વિચાર કરતાં ઇંગ્લંડમાં જ રહેવાની તેને આવશ્યકતા જણાઇ. કદાચ તેનો ભય તદ્દન ખોટો પણ હોય—પેલા પાકીટને તથા ઑલીફન્ટ લંડન આવવાની ઇચ્છાને કર્નલ રમ્બોલ્ડ સાથે જરાપણ સંબંધ ન હોય—જનરલ કંઇ બીજાજ કામ માટે લંડન આવવાનો હોય, એ પણ સમ્ભવિત છે એમ તેને લાગ્યું. પણ જો જનરલને કર્નલ રમ્બોલ્ડના કેસ સાથેજ સંબંધ હોય તો લૉર્ડ આર્ડનને ગમે તે પ્રકારે—ગમે તેવા પ્રપંચથી જનરલની યુક્તિ નિષ્ફલ કરવાની જરૂર જણાઇ; કારણકે તે જો સફલ થાય તો કર્નલ રમ્બોલ્ડ નિર્દોષ ઠરે અને તેની નિર્દોષિતા પૂરવાર કરવા જતાં રાજ-મહેલમાં જે કમકમાવનારો બનાવ બનવા પામ્યો હતો તેની ખરી હકિકત બહાર આવે ! ગમે તેમ હો પણ પેલા પાકીટમાં ઘણી જ અગત્યની બીના હોવી જોઇએ એમ અર્લ આર્ડનને લાગ્યું. "મોતજીવનનો આધાર" એ શબ્દો તેના કાનમાં પલે પલે પ્રતિધ્વનિત થવા લાગ્યા અને ગમે તે રીતે તે પાકીટ મેળવવાનો તેનો નિશ્ચય વધુ દૃઢ થયો.

મી० લૅમ્બટન કાઉન્ટેસની રજા લઇ ચાલ્યો ગયો તે પછી તરતજ જુલીયા પોતાના ઓરડામાં ગઇ. પોતાના ઓરડામાં જુલિયા પેલું પાકીટ સુરક્ષિત જગ્યાએ મૂક્યા પછી બીજું કામ કરશે એવી તેના પતિની ખાત્રી હતી. તેણે એક યુક્તિ અમલમાં મૂકવાનો દૃઢનિશ્ચય કરી દીધો હતો. તે કાઉન્ટેસ જે દિવાનખાનું છોડી ગઇ, તે દિવાન-ખાનામાં ગયો. હજુ ત્યાં બત્તીઓ બળતી હતી. અર્લે જુલિયાની એક દાસીને બોલાવી પોતાના આગમનની ખબર તેને આપવાનો હૂકમ કર્યો.

થોડીક મિનિટમાં જુલિયા તે દિવાનખાનામાં આવી. વાંચનારે તેને પ્રથમ એક કંગાળ ઘરમાં જોઇ હતી, તે પછી તેનામાં ઘણો ફેરફાર થયો હતો. હવે તે ગરિબ ન્હોતી—સુકાઇ ગયલી ન્હોતી—તદ્દન માંસરહિત ન્હોતી; પણ તેણે પોતાની મૂલ સુન્દરતા કંઇક અંશે પાછી મેળવી હતી. છતાં આ સ્ત્રીએ જોકે હજુ એકત્રીસ વસન્તનાં દર્શન પણ ન્હોતાં કર્યાં તોપણ તેના કાળા વાળના ગુચ્છામાં કેટલાક વાળ સફેદ થઇ ગયા હતા ! તેણીનો પોષાક સુન્દર પણ સાદો હતો. લગ્નને લીધે જે ઉચ્ચ પદવી તેને મળી હતી તેની તેને ખાસ કિમ્મત ન

હોય તેમજ તે સાદાં વસ્ત્રો પહેરવાનુંજ પસંદ કરતી. વળી જીવન વસંતકાલમાં સહન કરવા પડેલા દુઃખો તથા અસહ્ય યાતનાને લીધે તેની રસિકતા સુકાઇ ગઇ હતી—જુવાનીના દિવાના જુસ્સા મરી ગયા હતા—અને તેથી કોઇ પણ જાતના કૃત્રિમ શૃંગારની તેને જરૂર ન્હોતી.

અર્લે કાઉન્ટેસ સાથે ઘણી નમ્રતા તથા સ્નેહાળતાથી વાત કરવા માંડી. જુલિયાએ આવી નમ્રતાની જરાય આશા રાખી ન્હોતી. અર્લ કૃત્રિમ લાગણી તથા સ્નેહ બતાવી પોતાની બાજી ખેલવા માગતો હતો. જુલિયાને ભૂલથાપ આપી પોતાના વિશ્વાસમાં લઈ પોતાનો સ્વાર્થ સાધવાની તેની ઇચ્છા હતી. તેની વાણીમાં આજે વિવેક અને નમ્રતા હતાં. જુલિયા તેથી છેતરાય એવી ન્હોતી. તે આ દગાબાજ માણસને સારી પેઠે ઓળખતી હતી. કંઇપણ સ્વાર્થ વિના તે આટલો બધો વિનયી બને એ જુલિયાના મગજે માન્યું નહિ. તે અસાવધ પણ થઇ નહિ. તેને એમ લાગ્યું કે ભવિષ્યમાં કંઇ બીજું દુઃખ પાડવાને અર્લ સાહેબ નવી યુક્તિ ખોળી રહ્યા છે અથવા તેને કોઇ નવી રીતે સતાવવાને નવીન પાર્ટ ભજવી રહ્યા છે. મી૦ લૅમ્બટનની તેની સાથેની મુલાકાતની તથા પેલા ભેદી પાકીટની અર્લને ખબર પડી હશે અને તે મેળવવાની તેની ઇચ્છા હશે એવી શંકા તો જુલિયાને જરા પણ ન આવી કારણકે અર્લને એ વાતની ખબર પડી હોય એ તદ્દન અશક્ય છે એમ જુલિયા અત્યાર સુધી માનતી હતી. આથી તેના પતિની ઇચ્છા શું છે તે તેણી જાણી શકી નહિ—તેણીએ કલ્પના પણ કરી નહિ—જો કે તેના પર બારિક લક્ષ આપી તેની દરેક હીલચાલ સાવધતાથી તપાસવાનો તેણીએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો.

આ પ્રસંગે અર્લ અને કાઉન્ટેસ વચ્ચે શું વાતચીત થઇ તે અત્રે ઉતારવાની કંઇ જરૂર નથી; કારણકે તેમાં વાંચનારને રસ પડે એમ નથી.

અર્લ આર્ડને પેલું સીલબંધ પાકીટ મેળવવા માટે શું પગલાં લીધાં તે આવતા પ્રકરણ પરથી જણાશે.

પ્રકરણ ૧૧ મું.

કાઉન્ટેસપર જુલમ !

અર્લ આર્ડેન વિદેશમાંથી પાછો ફર્યા પછી એક આખું અઠવાડિયું શાન્તિમાં પસાર થઇ ગયું:

સન્ધ્યાકાલનો સમય હતો. સાતેક વાગ્યાનો શુમાર થયો હતો. કાઉન્ટેસ પોતાના ખાનગી ઓરડામાં મી. લૅમ્બટને જનરલ ઑલિફન્ટનું જે પાકીટ તેને આપ્યું હતું તે ઉઘાડવાની ઇચ્છાથી એકલી બેઠી હતી.

આ સમયે તેણીએ પોતાની સઘળી દાસીઓને તો રજા આપી દીધી પણ અર્લ જે મુખ્ય દિવાનખાનામાં દારૂ પીતો બેઠો હતો તેણે જુલિયાને ત્યાંથી ચાલી ન જવાની વિનંતી કરવાથી તેને છોડી પોતાના ઓરડામાં આવતાં તેને જરા મુશ્કેલી નડી; છતાં તે કંઈ બહાનું બતાવી દિવાનખાનામાંથી પોતાના શયનગૃહમાં આવી અને તેનાં દ્વાર અંદરથી બંધ કરી બેઠી.

ગયા અઠવાડિયામાં અર્લ ઑફ આર્ડેને જુલિયાપર ઘણી મીઠી નજર રાખી હતી. તે તેણી સાથે સ્નેહાળતાથી—નમ્રતાથી વાત કરતો. જ્યારે જુલિયાની ગોદમાં—જુલિયાની સંગતમાં હોય ત્યારેજ જાણે તેને ખરૂં સુખ મળતું હોય એવો તેણે ડોળ કર્યો હતો અને જુલિયા જો દુરદર્શી તથા અનુભવી ન હોત તો અર્લના આ આડમ્બરને સત્ય માની તેની જાળમાં સહેલાઇથી ફસી પડત. કેટલીકવાર અર્લે ભૂતકાળમાં જુલિયા પ્રત્યે તેણે જે ક્રૂર અને શરમ ભર્યું વર્તન ચલાવ્યું હતું તે માટે દિલગીરી જાહેર કરી હવે તે પોતાની ક્રૂરતા માટે પસ્તાતો હોય એવા શબ્દો પણ ઉચ્ચાર્યા હતા. પણ જુલિયા એમ ફસી જાય એવી ન્હોતી. તેણે જોયું કે અર્લના હૃદયમાં કંઇ ઉંડો હેતુ છે. ધીમે ધીમે તેને પેલા ભેદી પાકીટનો ભેદ જાણવાનોજ અર્લની ઇચ્છા છે અને તેથીજ તેણે કૃત્રિમ સ્નેહાળતા બતાવવા માંડી છે એવી જુલિયાને શંકા આવી અને આ શંકા તદ્દન સત્યજ હતી. એક વખત તેણે મી. લૅમ્બટન નામના એક ગૃહસ્થની જુલિયાએ મુલાકાત લીધી હતી એ વાત વાતમાં ને વાતમાં જણાવી. જુલિયાએ તેનો હકારમાં જવાબ આપ્યો, પણ તેની મુલાકાત સંબંધી કંઈ ખુલાસો ન કર્યો.

એટલે અર્લે પતિ પત્નિ વચ્ચે પરસ્પર વિશ્વાસની જરૂર છે એ વિષય પર એક ટૂંકું પણ બોધક વ્યાખ્યાન આપી જુલિયાને તેના કર્તવ્યનું ભાન કરાવવાની તસ્દી લીધી! કોઇક પ્રસંગે તે જુલિયાના ઓરડામાં તેની દરેક હીલચાલ બારીકીથી તપાસતો કલાકોના કલાક સુધી બેસી રહેતો; પણ તે વેળાએ તે જુલિયાનાં કામો તપાસે છે એવું તેને જાણવા દેતો નહિ. જ્યારે કાઉન્ટેસ કંઇ વસ્તુ લેવા માટે કોઇ ટેબલનું ખાનું ઉઘાડતી ત્યારે તે તેના તરફ ભેદી અને વિચિત્ર નજરે જોઇ રહેતો. એક વેળા તેણે પોતાની પત્નિને જનરલ ઑાલિફન્ટ અમેરિકન સંસ્થાનોના ગવર્નર જનરલની પદવી પર નીમાઇ અમેરિકા ઉપડી ગયો તે પછી તેના તરફથી કંઇ કાગળ પત્રો આવ્યા છે કે નહિ એવો પ્રશ્ન પૂછ્યો. જુલિયાએ તેને જનરલ ઑાલિફન્ટ તરફથી થોડીક ખબરો મળી છે એટલું કહી વાત ઉડાવી દીધી અને અર્લે તે વિષે વધુ માહિતી મેળવવાને માટે અનેક પ્રશ્નો ચાલાકીથી પૂછ્યા પણ જુલિયાના મ્હોમાંથી તેને સંતોષ મળે એવી કંઇ પણ ખબર તે મેળવી શક્યો નહિ. ટૂંકામાં જુલિયાની ખાત્રી થઇ ગઇ હતી કે ગમે તે પ્રકારે તેના પતિને પેલા ભેદી પાકીટની ખબર પડી હતી અને તેમાંના પત્રો વાંચવાને તેનું હૃદય અસાધારણ રીતે આતુર બની ગયું હતું. અર્લને એ વાતની ખબર કેમ પડી તે જુલિયા જાણી શકી નહિ તેમ તે વિષે નકામી કલ્પના પણ તેણીએ કરી નહિ. ગમે તે રીતે તે સીલબંધ પાકીટ અર્લના હાથમાં નજ જવા દેવાનો તેણે નિશ્ચય કર્યો. અને તેથી તે ઘણીજ સાવધાનીથી વર્ત્તવા લાગી. છેલ્લા બેત્રણ દહાડા તો તેણીએ તે પાકીટ આખો દિવસ ને રાત પોતાની પાસેજ રાખ્યું હતું.

એક અઠવાડિયું પૂરૂં થઇ ગયું અને જુલિયા તે સીલબંધ પાકીટ પરનું સીલ તોડી નાખી તેમાંના પત્રો વાંચવાની ઇચ્છાથી પોતાનો ઓરડો અંદરથી બંધ કરી બેઠી હતી. એક ટેબલપર એક લૅમ્પ બળતો હતો. તેણીએ પોતાના ગજવામાંથી તે પાકીટ બહાર કાઢ્યું અને તેણી તે ઉઘાડવા જતી હતી એટલામાં બારણું ખખડવાથી તેણી ચમકી.

"કોણ છે ?—"

"એ તો હું છું, જુલિયા! મને અંદર આવવા દે. હું તારી સાથે એક ખાસ વાત કરવા માગું છું—" અર્લનો અવાજ સંભળાયો.

આ પક્ષે કાઉન્ટેસને એવો ખ્યાલ આવ્યો કે મી. લૅમ્બટનની તેની સાથેની મુલાકાતની વાતની અર્લને ખબર પડી તેજ વખતે તે પાકીટ ઉઘાડવાની મુદતની માહિતિ પણ તેને મળી હશે. જો એમ હોય અને એમ હતુંજ એવી જુલિયાની ખાત્રી થઈ ગઇ-તો હમણાં તે તેના ઓરડામાં તે કાગળો વાંચવા માટે જ આવવા માગે છે એમ જુલિયાને લાગ્યું. આ ઓરડો ઘરના નોકર ચાકરો જે જગ્યાએ કામ કરતા તે જગ્યાએથી જરા દૂર હતો તેથી જો અર્લ જોરજૂલમથી પેલું પાકીટ છીનવી લેવાનો પ્રયત્ન કરે અને તેણી મદદ માટે બૂમ પાડે તો તે કોઇ સાંભળી શકે એમ ન હતું. પોતાના પતિપર તેને જરાપણ વિશ્વાસ ન્હોતો અને આવી અગત્યની બાબતમાં તેનાપર વિશ્વાસ રાખી તેને પોતાના ઓરડામાં બોલાવી, તેના પંઝામાં સપડાવાનું કાઉન્ટેસને યોગ્ય લાગ્યું નહિ.

"તમે મારી સાથે વાત કરવા માગો છો ?—" બારણા પાસે જઇ જુલિયા બોલી.

"હા—"

"શા વિષયપર ?......હમણાં હું એકલી જ રહેવા માગું છું—"

"બહાર ઉભા ઉભા હું શી રીતે ખુલાસો કરૂં, મારી વ્હાલી જુલિયા ?—મારે ઘણુંજ અગત્યનું કામ છે—જરા પણ ઢીલ થાય તે ચાલે એમ નથી—" બહારથી અર્લ બોલ્યો.

"જો એમ હોય તો હું દિવાનખાનામાં હમણા આવું છું—" કાઉન્ટેસે જવાબ આપ્યો.

"ઠીક, તારી હું ત્યાં રાહ જોઉં છું." અને અર્લ પાછા ફરવાનો અવાજ તેની પત્નિના કાને સંભળાયો.

"હવે એમની મારા પ્રત્યેની બદલાયલી વર્તણૂંક માટેની મારી શંકાઓ ખરી છે કે નહિ તે હું જાણી શકીશ—" જુલિયા મનમાં બબડી.

"હવે એ સ્પષ્ટ ખુલાસો કરવા તૈયાર થયા છે અને જો તે આ કાગળો વાંચવાની ઇચ્છા જાહેર કરશે તો જોવા જેવો દેખાવ થાય એમ છે. હું દૃઢતાથી એમને ના પાડીશ-થનાર હોય તે થાય; પણ હું એમને આ કાગળો તો નહિ જ બતાવીશ. ચાલ જીવ ! જો હવે તારા નસિબમાં શું લખેલું છે તે! અર્લ સાહેબને જે કહેવાનું હોય તે સાંભળી લે—"

પોતાનાં વસ્ત્રોમાં તે પાકીટ પુનઃ સંતાડી કાઉન્ટેસ પોતાના ઓરડામાંથી બહાર નીકળી દિવાનખાનામાં ગઇ. અર્લ એક ટેબલ પાસે એક ખુરશીપર બેઠો હતો. ટેબલપર દારૂ અને ફૂલો પડયાં હતાં. જુલિયા ત્યાં આવતાં તેણે સ્મિત્ હાસ્ય કરી તેને પોતાની બાજુમાંની એક ખુરશીપર બેસવાની ઇસારત કરી પણ જુલિયાએ તે ઇસારત ન જોવાનો દેખાવ કરી તેની સ્હામે બેઠક લીધી.

"આવ, મારી વ્હાલી જુલીયા!—" થોડીકવાર મૌન રહી અર્લ એકદમ બોલી ઉઠયો. એ અલ્પ સમયના મૌન દરમિયાન તે વિચિત્ર મુઝવણથી મુઝાયો હોય એવું સ્પષ્ટ માલુમ પડી આવ્યું.

"તું મારા તરફની દ્વેષ ભરી લાગણી કયારે છોડી દેવા માગે છે?—"

"મારા દીલમાં એવી કોઇપણ દ્વેષપૂર્ણ લાગણી છેજ નહિ—" કાઉન્ટેસે શાન્તિથી જવાબ દીધો.

"પણ જો તારા દીલમાં દ્વેષપૂર્ણ લાગણી ન હોય તોપણ તું મારા પ્રત્યે બેદરકાર છે એ તો ખરૂંજ છે. આજે એક અઠવાડિયાથી હું ભૂતકાલના મારા વર્તનનો પશ્ચાતાપ કરી તું મને ખરેખર વ્હાલી છે એવી ખાત્રી આપવાનો પ્રયત્ન કરી રહ્યો છું અને તે છતાં હજુ તારા વર્તનમાં લેશમાત્ર પરિવર્તન થયલું મને જણાતું નથી."

"મારા લૉર્ડ! મહિનાના મહિના સુધી સહન કરેલી નિર્દયતા એક અઠવાડિયાના સ્નેહાલ વર્તનથી ભૂલી જવાતી નથી—" જુલીયા બોલી.

"હું તમે હમ્મેશાં મારા તરફ ચાલુ પ્રેમાળ વર્તન રાખી મને ખરેખર ચાહો છો યા મારે માટે ખરેખર લાગણી ધરાવો છો એવું જોવા માગું છું. અને મારી તે વિષે ખાત્રી થયાં પછી તમે મને એક વફાદાર અને પ્રેમાળ પત્નિ જોઇ શકશો; પણ તમારો પ્રશ્ચાતાપ ખરો હોવો જોઈએ—તેમાં આડંબર કે કૃતિમતાનું નામનિશાન પણ ન હોવું જોઇએ—"

"જુલિયા! જ્યારે હું પ્રવાસે ગયો હતો ત્યારે નવરાશના સમયમાં વિચાર કરતાં મેં તને ભૂતકાલમાં અન્યાય કર્યો હતો એમ મને લાગ્યું હતું અને તે માટે હું ખરેખર પસ્તાઈ મારા અન્યાયનો બદલો વાળવા તૈયાર થયો હોઉં—એમ હું તને કહું તો—"

“ તમારા શબ્દો જૂઠા છે એમ કહેવાની હું ઉદ્ધતાઈ કરી શકતી નથી...” જુલિયા વચ્ચે બોલી ઉઠી.

“ હું તમારી લાગણી માટે આભાર માનું છું અને આશા રાખું છું કે મહિનાઓ પછી યા વરસો પછી પણ હું તમને પાછા સરલ હૃદયી થયલા જોવા શક્તિવાન બનું—”

“ ત્યારે તું હમણાં મારા શબ્દો ખરા માનતી નથી ? તને મારા પર વિશ્વાસ નથી ? લગ્નક્રિયાથી આપણે એક થવા છતાં આપણા વિચારો અને લાગણીઓ એક થયાં નથી અને મને લાગે છે કે એવા એકીકરણની તને પરવા પણ નથી—”

જુલિયા મૌન રહી. અર્લના શબ્દો તેના પર આરોપ મૂકવાના હેતુથી બોલાયા હતા. શું જવાબ આપવો તે જુલિયાને સૂઝ્યું નહિ.

“ મને લાગે છે કે, હવે મારે મૂલ મુદ્દાપર આવવું પડશે. ” અર્લે કહ્યું. તેની આંખો પોતાની પત્નિના વદનપર સ્થિર થઈ.

તે ગંભીર સ્વરે બોલ્યો બોલ્યો.

“ તું મારાથી કંઈ છૂપાવે છે—”

“ હા—એ ખરી વાત છે—પણ હું જે છૂપાવું છું તે મને કે તમને કલંકિત કરે એવું નથી—” જુલિઆએ જવાબ આપ્યો.

“ હું તારા ચારિત્ર્ય પદ દોષ મૂકતો નથી મારી વ્હાલી જુલિયા ! આપણી બેની વચ્ચે કોઇપણ જાતની તિરસ્કારની લાગણી હોય તો તે નષ્ટ કરવાની મારી ઇચ્છા છે. હું તને ગુસ્સે કરવા માગતો નથી. હવે સાંભળ ! જુલિયા હું આજે સ્પષ્ટતાથી તારી સાથે વાત કરવા માગું છું. હું જે દિવસે આવ્યો તે દિને દિવાનખાનામાં જઇ હું તને મારા આગમનની ખબર આપવા દાસીને મોકલવાનો હતો અને હવેથી હું તારા તરફ પ્રેમાળ વર્તન ચલાવીશ એવું વચન હું તને આપવા માગતો હતો એટલામાં મારે કાને કોઇના શબ્દો સંભળાયા. અમુક સમય પછી ખોલવાની સૂચના સહિત એક સીલબંધ પાકીટ તને હવાલે કરવામાં આવવાની વાત થતી હતી અને એ વાત સાંભળી મને એવી અજાયબી ઉપજી કે જેથી હું બાજુના ઓરડામાં જરાવાર ઉભો રહ્યો. જાસુસી કરી, કોઇની ખાનગી વાત સાંભળવાની મારી ઇચ્છા ન્હોતી. છતાં કુદરતી રીતે મારી અજાયબી વધી ગઇ અને મી૦ લૅમ્બટન તથા તારી વચ્ચે થતી વાતચીતના થોડાક શબ્દો મારે

કાને પડયા. જનરલ ઑલિફન્ટ વિષે કંઇક ઇસારો કરવામાં આવ્યો હતો—તે અલ્પ સમયમાં લંડનમાં આવી પહોંચવાની વકી છે એવી પણ વાત થઇ હતી. અને મોત જીવતનો મામલો હોવાની પણ તમે વાત કરી હતી—"

જુલીયા મૌનજ રહી. તેના પતિએ તેની અને મી૦ લૅમ્બટન વચ્ચેની ખાનગી વાત સાંભળી હતી એ હમણાંજ તેણે જાણ્યું અને તે માટે તેને તે વધુ ધિક્કારવા લાગીઃ પણ તેણીએ પોતાના ધિક્કારની લાગણી વદન પર જણાવા દીધી નહિ કારણ કે તેનો પતિ તેના તરફજ સ્થિર આંખોએ જોઇ રહ્યો હતો.

"જુલીયા!-" અર્લ પુનઃ બોલવા લાગ્યો.

"તારૂં ભાવી મારા ભાવી સાથે સંપૂર્ણ સંકલિત થયલું છે એમ તને નથી લાગતું?...એક પલ ધાર કે મારી મીલકત જપ્ત કરવામાં આવે તો તું પોતે પણ ભિખારણ થઈ પડશે એ ખરી વાત છે ને?—"

"નિઃસંદેહ એમ છે ખરૂંઃ પણ એવી ઉથલપાથલ શકય છે એવો ભય રાખવાની જરૂર નથી. જો કે તમે મહારાજાના કૃપા પાત્ર નથી—"

"એની કૃપા ગુમાવવી એટલે અવકૃપા પ્રાપ્ત કરવી.—" અર્લ એકદમ બોલી ઉઠયો.

"તને ખબર નથી કે હું ડચેસ ઑફ પોર્ટસ્મથ અને તેના પક્ષકારોની કટ્ટી દુશ્મન ડચેસ ઑફ કલીવલૅન્ડનો પક્ષકાર છું! ટૂંકામાં જુલીયા! હું તારી દયા માગું છું—હું તારી દયા માગું છું. જે ભય મારે માથે ભમે છે તે તું જાણતી નથી. એ ભય એકલા મારે માથેજ નથી પણ તારે માથે પણ ભમે છે. જો તું બધું જાણતી હોય પણ નહિ..."

અર્લ અટકયો. તે જે કહેશે તે જનરલ ઑલિફન્ટને તેની પત્નિ વહેલી મોડી કહી દેશે એવો ખ્યાલ આવતાં તેણે પોતાનું વાકય અપૂર્ણ રાખ્યું.

"હું તમારા કહેવાનો ભાવાર્થ જરાય સમજી શકતી નથી તમારે માથે શાનો ભય ઝઝૂમે છે?—" જુલિયા આશ્ચર્ય ચકિત થઈ બોલી.

"જુલીયા! મારે માથે ખરેખર આફત ઝઝૂમે છે કે નહિ તે પેલા પાકીટમાંના કાગળો પરથી જરૂર માલુમ પડી આવશે. કદાચ તે સીલબંધ પાકીટમાં શું ભેદભરી બીના લખેલી છે તેથી અત્યાર પહેલાં તું માહિતગાર થઇ હશે—"

"નહિ. તમારે શાનો ભય રાખવાનો છે ને શાનો નહિ તે કહેવાને હું અશક્ત છું. હું કંઇજ જાણતી નથી. હમણાં થોડીક મિનિટથી તમે મારી સાથે એવી ભેદી ભાષામાં વાત કરો છો—"

જુલિયા વધુ બોલે તે પહેલાં અર્લ વચ્ચે બોલી ઉઠયો.

"મારે તને દુશ્મન ગણવી કે મિત્ર?—"

"તમે હમણાંજ મને કહ્યું છે અને તે ખરૂંજ છે કે મારૂં ભાવી તમારા ભાવી સાથ વીંટળાયલું છે. જ્યારે પવિત્ર લગ્નવિધિ પ્રમાણે હું તમારી પત્નિ થઇ ત્યારેજ મારે માથે કેટલીક પવિત્ર ફરજો આવી પડી હતી કે જે હું વફાદારીથી પાળીશ. તમારા હૃદયનેજ પૂછી જુઓ—હું મારા નસિબને શરણ થઈ જે દુ:ખ પડે છે તે સહન કરતી નથી? મનુષ્ય જેટલી ધિરજ રાખી શકે તેવી ધિરજ અને સહન શક્તિથી મેં તમારાં જૂલમો સહન કર્યા નથી? મેં કદિ પણ તમને ક્રોધપૂર્ણ શબ્દો કહી ગુસ્સે કર્યા છે અથવા કદિ પણ કટુ વચનો કહી તમને ઉશ્કેર્યા છે?—" જુલીયા બોલી.

"મેં એ બધાનો વિચાર કર્યો છે અને હવેથી હું તેનો પશ્ચાતાપ કરવાના નિશ્ચય પર આવ્યો છું. જુલીયા! હું સાચું કહું છું કે મારા માથાપર આફત—ભયંકર આફત ઝઝૂમે છે—અને મારૂં ભાવી તારા હાથમાં છે એમ મને લાગે છે! પેલું પાકીટ જે તું આજે ઉઘાડવાની છે—જો તેં ઉઘાડયું ન હોય તો—"

"જરા સબુર કરો, મારા લૉર્ડ!—" જુલીયા વચ્ચે બોલી.

"મારી અને મી૦ લૅમ્બટનની વચ્ચેની વાતચીત વેળા તમે "મોત જીવતનો સવાલ" છે એવું એક વાક્ય સાંભળ્યું હતું. મી૦ લૅમ્બટને પ્રથમથી એ શબ્દો કોને લાગુ પડે છે તે વિષે મારી આગળ ખુલાસો કર્યો હતો: અને તેથી હું તમને એવી ખાત્રી આપવાને શક્તિવાન છું કે કર્નલ રમ્બોલ્ડની હાલની સ્થિતિ તથા ડચેસ ઑફ ક્લીવલૅન્ડના પક્ષકાર તરિકેની તમારી સ્થિતિને આ પાકીટમાંની

બાબત સાથેજરા પણ સંબંધ નથી: અને તેથી તમે જો એજ બાબતનો ભય રાખતા હો તો તે પાયા વિનાનો છે—"

"આહ !–" અર્લ ઑફ આર્ડેન બોલ્યો.

કર્નલ રમ્બોલ્ડનેજ માટે "મોત જીવતનો મામલો" એ શબ્દો ઉચ્ચારાયા હતા એવી તેણે કલ્પના કરી હતી: પણ એ વિષે હજુ તેનું મન અચોક્સ હતું. હવે તો તે સંબંધી જરા પણ સંદેહ રહ્યો નહિ. તે બોલ્યો:

"જુલીયા ! તારા તાબામાં જે સીલબંધ પાકીટ છે તેમાંના પત્રો મને બતાવવાની હું તને કરગરીને વિનંતી કરૂં છું—"

કાઉન્ટેસ ઑફ આર્ડનને શું ધારવું તે સૂઝ્યું નહિ. તેણી ભારે અજાયબીની લાગણીથી પોતાના પતિ તરફ સ્થિર નયનોએ જોઇ રહી. પેલા સીલ બંધ પાકીટને કર્નલ રમ્બોલ્ડના જીવન સાથેજ સંબંધ છે એવી ખાત્રી આપવા છતાં તે શા માટે ડરે છે અને કર્નલની સ્થિતિ સાથે પોતાની સ્થિતિ શા માટે સંકલિત કરે છે તે તે સમજી શકી નહિ.

"મારી પોતાની જીંદગીનો આધાર કદાચ એ સીલબંધ પાકીટ પર લટકતો હશે. જુલીયા!..." વિનીત સ્વરે, કરગરતો અર્લ આર્ડન બોલ્યો અને એમ કહી જુલીયાને ચરણે પડવા તે ઉતાવળો ઉતાવળો ઉભો થયો પણ જુલીયાએ તેની હીલચાલનો ભૂલમાં ઉંધો અર્થ કર્યો. તે પણ ચમકીને ખુરશી પરથી ઉભી થઇ અને ગુસ્સા ભરી આંખોએ અર્લ તરફ જોઈ રહી.

"તું શું કરવા માગે છે ? તેં મારે માટે શું ધાર્યું છે?–" અર્લ જુલીયાને ખુરશી પરથી ઉઠી ગયલી જોઈ, અટકીને બોલ્યો.

"અર્લ આર્ડન ! મને લાગે છે કે હવે મારે સ્પષ્ટ ખુલાસો કરવાની જરૂર છે–" જુલીયા બોલી.

"તમારી પોતાની કબૂલાત પ્રમાણે તમે જાસુસીનું કામ કર્યું હતું, અને અમુક પાકીટ મારા કબજામાં સોંપવામાં આવ્યું છે એ વાત જાણી લીધી. એક આખા અઠવાડિયા સુધી તમારૂં વર્તન તદ્દન બદલાઇ ગયું. તમે મારા પ્રત્યે લાગણી બતાવી–મને ચાહવાનો દેખાવ કર્યો. તમે એ અરસામાં તે પાકીટ મેળવવાની આશા રાખી

હતી. તમે વિજયી થયા નથી કારણ કે હું એક પલ પણ અસાવધ રહી ન્હોતી. તમારા પોતાના લાભ માટે યા અન્ય ગુપ્ત કારણોને લીધે તમે આ પાકીટમાંના પત્રો વાંચવા માગો છો કે તમારા હૃદયમાં કંઇ અયોગ્ય શંકા યા અજાયબી ઉત્પન્ન થઇ છે તેથી તે વાંચવા આતુર થયા છો તે હું જાણુતી નથી. જનરલ ઑલિફન્ટ અને મારા પર તમે કોઇ પણ જાતનો ચારિત્ર્ય દોષ તો મૂકી શકો એમ નથી. તે મારા પતિના મિત્ર હતા—તે મને પોતાના ભાઈ પેઠે ચાહતા હતા અને તેથી તેમનું મારા પ્રત્યેનું વર્તન એક બન્ધુ જેવુંજ છે. તમારો હેતુ ગમે તે હો પણ મારા તાબામાંથી તે પાકીટ છીનવી લેવાની તમારી ધારણા ફલિત થઈ નથી. તમને હું તે સીલબંધ પાકીટમાંની વાત કહું અથવા તમને તે પત્રો વાંચવા દઉં તે માટે તમે મને છેતરવાના અનેક આડંબરો કર્યા પણ તેથી મારા પર જોઈતી અસર થઈ નથી.... આહ! મને લાગે છે કે જનરલ ઑલિફન્ટ કંઈ રાજદ્રોહી કાવત્રું રચે છે એવું તમને લાગતું હશે અને તેના પરના તમારા ધિક્કારને લીધે એ કાગળો મેળવી તમે તેનું સત્યાનાશ વાળવા માગતા હશોઃ પણ જો કે તે સીલબંધ પાકીટમાં શું લખેલું છે તેથી હું તદ્દન અપરિચિત છું છતાં મારી એટલી ખાત્રી છે કે ફક્ત પરમાર્થી લાગણીથી કર્નલ રમ્બોલ્ડને બચાવવા માટેનીજ કંઇ વાત તેમાં લખેલી હશે. એ સિવાય કોઈ પણ જાતના રાજદ્રોહી કાવત્રાંની વાત તેમાં નજ હોવી જોઇએ. મારા લૉર્ડ! તમે કદાચ તે પાકીટ મારી પાસેથી ખૂંચવી લેવાનો વિચાર કરતા હશો—પણ નહિ! તમે તે મેળવી શકશો નહિ. તમારે એક એવી સ્ત્રી સાથે કામ લેવાનું છે કે જે તમે ધારો છો તે કરતાં વધુ જુસ્સાવાળી છે—"

"જુલીયા! હું કસમથી કહું છું કે જોર જબરી વાપરવાની મારી ઇચ્છા નથી—" અર્લ બોલ્યો.

"ઠીક ત્યારેઃ હવે હું રજા લઇશ. હું મારા શયનગૃહમાં જાઉં છું—"

"નહિ. જુલીયા! આ બાબતનો આમ અંત નથી આવવાનો." અર્લ આર્ડેન બોલ્યો.

"તું મારાથી કંઇ છૂપાવે છે—તું કોઈની સાથે ગુપ્ત પત્ર વ્યવહાર ચલાવે છે કે જેમ કરવાનો એક પત્નિ તરિકે તને હક્ક નથી!

મારી સઘળી વિનવણી પાણીમાં ગઇ છે. તો હવે હું તે પાકીટ મને હવાલે કરવાની તને આજ્ઞા કરૂં છું—"

"નહિ. કદિ પણ નહિ—તમને હું તે કદિ પણ આપીશ નહિ." ભારે ગુસ્સાથી જુલીયા બોલી.

"તારે તે આપવુંજ પડશે..." ભય, ક્રોધ અને ઝનુનથી અર્લ બોલ્યો. તેને એવોજ ભય હતો કે તેનું પોતાનુંજ કાવત્રું બહાર પડી જશે—રાજાનું ખુન કરવાનો તેનો તથા ડચેસનો પ્રપંચજ પેલા સીલ બંધ પાકીટમાં લખેલી બીનાથી ખુલ્લો પડી જશે એવુંજ તે માનતો હતો અને એ માન્યતા તેને જીવતો ને જીવતો નર્કના દર્શન કરાવવાને સમર્થ હતી !

"મૅડમ !—" તેના સ્વરમાં પ્રખરતા આવી.

"એક પતિ તરિકેની સત્તાથી હું તમને તે પાકીટ મને હવાલે કરવાની આજ્ઞા કરૂં છું: નહિ તો મારે નોકરોને બોલાવવા પડશે અને તેઓ જોર જબરીથી તે પાકીટ લઇ લેશે—"

"તમે એવો જુલમ કરવાની હિમ્મત કરી શકશો નહિ—" જુલીઆ આંખોમાં અગ્નિ પ્રકટાવી બોલી.

"હું મારા ઘરમાં ગમે તે કરવાને મુખત્યાર છું—" ઝનુનથી અર્લ આર્ડન બરાડ્યો અને તેણે જોસથી એક રૂપેરી ઘંટી વગાડી.

જુલીયા બારણા તરફ ધસી ગઇ પણ તેનો વૃદ્ધ ઉમરાવ પતિ તેની પહેલાં ત્યાં જઇ પહોંચ્યો અને તેણે તેણીને જોસથી પકડી ઓરડામાં ધકેલી. બીજીજ પલે બે નોકરો ત્યાં આવી પહોંચ્યા. અર્લે તેમને અંદર લઇ દ્વાર બંધ કર્યું. તે પછી તે બોલ્યો.

"પકડો તમારી શેઠાણીને—તેની ધમકીથી બ્હીતા ના—તેની વિનંતીને શરણ થતા ના—જોસથી પકડો એ બલાને ! તમારો ઉમરાવ તમને આજ્ઞા કરે છે—"

"હઠો, હરામખોરો, બાજુ જાવ—" અર્લનો હુકમ બજાવવા તે નોકરો આગળ આવ્યા કે જુલીયા ગુસ્સાથી બરાડી.

"પકડો એને—ગભરાવ ના." ગુસ્સા અને ઝનુનથી પગ પછાડી અર્લ બોલ્યો.

"જોસથી પકડો—હું એનાં વસ્ત્રોમાંથી પત્રો શોધી કાઢું છું. એ બલા વિશ્વાસઘાતક બળવાખોર સાથે પત્ર વ્યવહાર ચલાવે છે—"

"જૂઠું—હડહડતું જૂઠું—" બે નોકરોના પંઝામાં તડફડતી જુલીયાએ ચીસ પાડી કહ્યું.

"એ જૂઠું છે કે સાચું તે હમણાંજ જણાશે."

ધિક્કારથી મશ્કરીયુક્ત ઢબે અર્લ હસ્યો અને જુલીયાને પકડી નોકરો ઉભા હતા તે તરફ આગળ વધ્યો.

"બદમાસો! મને છોડી દો—હું તમને હૂકમ કરૂં છું—મને છોડી દો—"

કાઉન્ટેસે ચીસ પાડી—તે બન્ને નોકરો સાથે ભયંકર જુસ્સાથી લડવા લાગી—લડતાં લડતાં ખેંચતાણમાં તેણીનાં વસ્ત્રો ચીરાઇ ગયાં અને એક બે રત્નજડિત અલંકારો તૂટી જઈ કારપેટ પર પડયાં !

"જોસથી પકડો એને—હું તમને ઇનામ આપીશ. ગમે તેમ થાય તોપણ એને ના છોડતા—" અર્લ બોલ્યો.

"ઓ પ્રભુ! આ જૂલમ અસહ્ય છે. તું આવો અત્યાચાર કેમ સહન કરે છે? પ્રભુ! પ્રભુ! કૃપા કરી આ જૂલમમાંથી મને બચાવવા જનરલ ઑલિફન્ટને અહિં મોકલ—અહિં મોકલ—" જુલીયાએ પ્રાર્થના કરી અને જાણે તેના શબ્દોની જાદુઇ અસર થઇ હોયની તેમ તેજ પલે દ્વાર ઉઘડી ગયાં અને જનરલ ઑલિફન્ટ તે દિવાનખાનાના દ્વાર આગળ નજરે પડયો!

પ્રકરણ ૧૨ મું.

સીલબંધ કાગળ.

જનરલ ઑલિફન્ટ આમ અણધાર્યો અચાનક આવી પહોંચવાથી અર્લ ઑફ આર્ડેનના તો હોસકોસ ઉડી ગયા. તે અત્યંત ભય પામ્યો તથા તેના બે નોકરો તો કાઉન્ટેસ જુલિયાના છેલ્લા શબ્દો સાંભળતાં સાથે એકદમ તેમની સ્હામે આવી ઉભેલી આ ભવ્ય વ્યક્તિના પ્રતિભાસંપન્ન દેખાવથી કંઇક ચમકી કાઉન્ટેસને છોડી દઈ ભયને લીધે પાછા હઠી ગયા.

ઑલિફન્ટે દિવાનખાનામાં કંઇક આગળ આવીને સહેજ કડક અવાજથી પૂછયું.

"આ ધાંધલ શાની ? એક અસહાય અબલાપર આવો હીચકારો હૂમલો! અહો આર્ડેન! તમારી પોતાની હાજરીમાં બે દુષ્ટ નોકરો તેને જોરજૂલમથી પકડી રાખે અને તે જુલમ ગુજરતો તમે ચુપચુપ જોયા કરો—આવા નિર્લજ શરમ ભર્યા અને હીચકારા વર્તનનો અર્થ મને સ્હમજાવશો ?"

અર્લને એકવાર ઉદ્ધત જવાબ આપવાનું મન થયું. પણ બીજીજ પલે તેના મનમાં ભયની લાગણી પુનઃ જન્મી. ઑલિફન્ટની ભવ્યતા જોઇ તે હમ્મેશાં દબાતો. ઑલિફન્ટની સ્હામે થવાની તેનામાં શક્તિજ ન્હોતી. ઠોઠ નિશાળિયો જેમ ક્રૂર શિક્ષકની સોટીથી ડરે તેમ અર્લ ઑલિફન્ટથી ડરતો. હવે તેના કલંકિત—ભીરૂ આત્માને ભય લાગ્યો કે હવે તે ઑલિફન્ટના પંઝામાં આબાદ ફસી ગયા છે; એટલે તેનું બદન થરથર ધ્રુજવા લાગ્યું. ઑલિફન્ટના ક્રોધાગ્નિમાંથી બચાવવા માટે જાણે તે પોતાની પત્નિને નેત્રો દ્વારા વિનંતી કરતો હોય તેમ કરૂણ નયને તેના તરફ તેણે જોયું અને પછી તે વીર યોદ્ધાની ભવ્ય કાન્તિ તરફ બ્હીતાં બ્હીતાં નજર ફેરવી.

ઑલિફન્ટે અર્લના બે દુષ્ટ નોકરો તરફ વક્ર દૃષ્ટિએ જોઇ કહ્યું.

"તમે એક નીચ અને જૂલમી શેઠના નીચ હથિયાર છો એટલે મારે તમને કંઇ ખાસ કહેવાનું નથી. જાઓ, કાળું કરો તમારૂં—"

બન્ને નોકરો અત્યાર પહેલાં અત્યંત ભય પામ્યા હતા તેથી તેઓ બીજા હુકમની વાટ ન જોતાં એકદમ ઓરડાની બહાર છટકી ગયા અને તેઓ ગયા પછી ઑલિફન્ટે કંઇક ગુસ્સાથી અને બેદરકારીથી પોતાના પગવતી બારણું બંધ કર્યું.

"હવે શ્રીમતી ! હું અહિં આવ્યો ત્યારે તમારા પતિની હાજરીમાં તમારાપર જે શરમભર્યો જૂલમ ગુજરતો હતો તેનું મૂલ કારણ મને સ્હમજાવો... ...પણ નહિ...હું પત્નિને પતિપર આરોપ મૂકવાની ફરજ નહિ પાડીશ. પ્રાયશ્ચિતના પહેલા પગલાં તરિકે તમારા પતિ પાસેજ, તમારી હાજરીમાં, હું તેના નીચ કૃત્યનો ખુલાસો માગીશ—"

"જનરલ ઑલિફન્ટ! તમે પોતેજ કબૂલ કરશો કે, પતિ પત્નિની ખાનગી તકરારમાં ત્રીજા માણુસે માથું મારવું એ સભ્યતા ન કહેવાય, તે વૃદ્ધ ઉમરાવે નીચું જોયું. એક પલ તે ચૂપ રહ્યો. પછી તે બોલ્યો.

" હું આપ નામદારને મ્હારી સાથે ઉદારતાથી વર્તવાની અરજ કરૂં છું. "

ઑલિફન્ટે તિરસ્કાર અને ગર્વ મિશ્રીત વદને તે ઉમરાવ તરફ જોયું. તે બોલ્યો.

" જ્યારે એક પતિ બે હીચકારા નોકરોને પોતાની પત્નિપર અત્યાચાર ગુજારવા દે છે ત્યારે ત્રીજા માણસની પતિ પત્નિની વચ્ચે પડવાની અયોગ્યતા વિષે બોલવાની તેની હિમ્મતજ કેમ ચાલે છે તે હું સ્હમજી શકતો નથી. નહિ—મ્હારા લૉર્ડ! જો એ તકરાર સાધારણ દંપતિ કલહ હોત તો હું વચ્ચે પડતજ નહિ; પણ વસ્તુસ્થિતિ તેવી નથી, મ્હારા આગમનથી લેડી આર્ડેન પર હુમલો કરનારા બાયલાઓનાં હૃદયમાં જો ભય ઉત્પન્ન થયો નહોત તો હું તેમને લાત મારી જમીન પર પટકી નાખત એટલુંજ નહિ પણ કદાચ તમને પણ એવુંજ ઇનામ આપવાની મને ફરજ પડત. મ્હારી ખાત્રી થઇ ગઇ છે કે આ એક સામાન્ય તકરાર નથી. ગયા ઉન્હાળામાં જ્યારે તમે મ્હારા સ્વર્ગસ્થ મિત્રની પત્નિ મિસીસ જુલિયા મરટન સાથે લગ્ન કર્યાં ત્યારે એક ભાઇ તરિકે હું તેની સંભાળ લઇશ એમ મ્હેં તમને જણાવી દીધું હતું. કારણ કે હું સ્વર્ગસ્થ જૉન મરટનને મિત્ર તરિકે જ નહિ પણ સગા ભાઇ પેઠે ચાહતો હતો; અને તેટલા માટે......પણ નહિ......કંઇ નહિ...મ્હારા લૉર્ડ ! તમે મ્હારી ચેતવણીની દરકાર રાખી નથી—તમે તમારી પત્નિ પર જૂલમ ગુજાર્યો છે અને તે નજરોનજર જોવાને હું વખતસર આવી પહોંચ્યો છું—"

" જનરલ ઑલિફન્ટ ! જો તમે મ્હારી વિરૂદ્ધ કંઇપણ જાણતા હો તો પ્રભુને ખાતર મૂલ બાબત પર આવો—" આર્ડેન બ્હીક અને ચિન્તાથી ધડકતા હૃદયે કહ્યું.

" સીલબંધ બંડલમાંની બાબતને તમારી સાથે લેશ માત્ર સંબંધ નથી એવી મ્હેં તમને ખાત્રી આપી છે અને હવે મ્હારા શબ્દો સાચા છે તે જનરલ ઑલિફન્ટ પૂરવાર કરી આપશે—" જુલિયા અર્લ આર્ડેન તરફ જોઈ બોલી.

જનરલ ઑલિફન્ટ આવ્યો ત્યારે જે ભયંકર દશ્ય તેની નજરે પડ્યું હતું તે ઉપર જુલિયાના બોલવાથી કંઇક પ્રકાશ પડ્યો. તેણે કહ્યું.

"આહ! ત્યારે પેલું સીલબંધ બંડલ આ બધા તોફાનનું કારણ છે? લેડી આર્ડેન! હું ખરેખર દિલગીર છું કે મેં તમને સોંપેલી વસ્તુથી તમને ઘણી તકલીફ અને દુઃખ વેઠવાં પડયાં છે. વળી વધુ દિલગીરીની વાત એ છે કે કદાચ તમે તમારા પતિને એમાંની વાત કહી દીધી હશે—"

"નાહ, જનરલ ઑલિફન્ટ! તમે હમણા જે શબ્દો ઉચ્ચાર્યા છે તે ભૂલ ભર્યા છે એમ કહેવાની હું જરૂર જોઉં છું. ત્રિલોકના રાજ્ય માટે પણ હું તમારો વિશ્વાસઘાત કરવા તૈયાર ન થાઉં—" જુલિઆ એકદમ બોલી પડી.

"હું તમારી મનોવ્યથા સમજી ગયો છું, શ્રીમતી! મ્હેં તમને અન્યાય કર્યો છે. મને માફ કરો." ઑલિફન્ટે કહ્યું અને પછી તેણે પોતાની નજર અર્લ તરફ ફેરવી

"હાલના સંજોગોમાં પરસ્ત્રીને મ્હેં સોંપેલા ખાનગી કામથી તમારા મનમાં કંઇ અયોગ્ય શંકા જન્મી હોય તે સંભવિત છે, મારા લૉર્ડ! પણ તેવું પગલું ભરવાને મ્હને બે કારણો હતાં; અને તે મ્હારો બચાવ કરવાને પૂરતાં છે. પહેલું તો એ કે મ્હારૂં કામ એવા માણસને સોંપી શકાય એવું હતું કે જે પોતાની પદવીને લીધે રાજાની પાસે જઈ શકે; કારણ કે કેટલીક હકિકત ખુદ રાજાને જ મ્હોડે કહેવાની જરૂર હતી. બીજું કારણ એ હતું કે મ્હારૂં એ ગુપ્ત કાર્ય મ્હારાથી કોઇ વિશ્વાસપાત્ર સ્ત્રી મિત્રનેજ સોંપી શકાય એવું છે કેમકે ઘણી નાજુક કૌટુંબિક બાબતને તે સાથે સંબંધ છે અને તેથી તે ઘણીજ સંભાળપૂર્વક અને બુદ્ધિપૂર્વક પાર પાડવાની જરૂર હતી. વળી મ્હારૂં એ કામ એવી વ્યક્તિજ કરી શકે કે જે મ્હારી મિત્ર હોય અને મ્હેં ધાર્યું કે લેડી આર્ડેન પર હું મિત્રતાનો દાવો કરી શકું—"

"ઓહ! ઘણીજ ખુશીથી, જનરલ! મ્હેં એ કાર્ય કર્યું હોત—" જુલિયા વચ્ચે બોલી.

"હજુ એ કામ કરવાને હું તો તૈયારજ છું. પણ જો તમારો વિચાર આ સીલબંધ પૅકેટ પાછું લઈ જવાનો હોય તો—" એમ કહી તેણે તે બંડલ બતાવ્યું.

"હવે હું લંડનમાં હોવાથી તમારે આ બાબતમાં વધુ તસ્દી લેવાની જરૂર નથી. બીજા સંજોગોમાં જે કામ મ્હારે તમારી પાસેજ કરાવવું પડત તે હવે હું પોતેજ કરી લઈશ." જનરલે જવાબ આપ્યો. પછી અર્લ તરફ જોઇ, સ્મિત કરી તે બોલવા લાગ્યો.

"મ્હારા લૉર્ડ ! આ બંડલમાંની ચીજોને તમારી સાથે કંઇજ સંબંધ નથી એવી જે ખાત્રી લેડી આર્ડને તમને આપી છે તેને હું હવે ટેકો આપું છું. વિશેષ અનાવશ્યક ખુલાસો કરવાની હું જરૂર જોતો નથી છતાં એક પતિ તરિકે સઘળો ખુલાસો માગવાનો તમને હક્ક છે, અને જ્યારે હું પોતેજ એવી છૂપી રીતે કામ લેતો હોઉં કે જેનો ખરાબ અર્થ પણ કરી શકાય ત્યારે બીજાને ગેરવર્તણુકને માટે ઠપકો આપું એવો માણસ હું નથી."

આમ કહેતાની સાથેજ જનરલ ઍાલિફન્ટે બંડલપરનું સીલ તોડી નાખી ત્રણ કાગળો બહાર કાઢયા.

"અર્લ આર્ડન ! આ કાગળ મ્હેં તમારી પત્નિ કાઉન્ટેસ ઑફ આર્ડન પર લખેલો છે." ઍાલિફન્ટે કહ્યું.

"બીજો કાગળ નામદાર મહારાજા ચાર્લ્સ ઉપર છે અને ત્રીજો મિસ હેન્રીએટ્ટા રમ્બોલ્ડને લખ્યો છે. મહારાજા તથા મિસ રમ્બોલ્ડના પત્રોમાંની હકિકત તમારે કે લેડી આર્ડને જાણવાની જરૂર નથી; પણ તમારી પત્નિ પરનો મ્હારો પત્ર તમે વાંચો તેમાં મને જરા પણ વાંધો નથી."

આમ કહી જનરલ ઍાલિફન્ટે તે કાગળ અર્લના હાથમાં મૂકયો તે પછી તેણે બીજા બે કાગળો ફાડી નાખ્યા અને તેના ટુકડા કરી તેણે સગડીમાં નાખી દીધા તથા એકેએક ટુકડો બળીને ખાખ થઇ ગયો ત્યાં સુધી તે સગડી તરફ જોઇ રહ્યો. જ્યારે તેની નજર શગડી પર હતી ત્યારે ઉમરાવ સાહેબ પોતાની પત્નિપરનો કાગળ વાંચવામાં લીન થઇ ગયા હતા.

તે પત્ર નીચે મુજબ હતો:—

રશનદુર્ગ, મૅન દ્વીપ,
તા. ૨૮, ફેબ્રુઆરી ૧૬૮૪.

શ્રીમતી !

મિ૦ લૅમ્બ્રુટન તમને આ પૅકેટ આપતી વેળા જે સૂચનાઓ આપશે. તેનો અમલ કરવા સંબંધી મ્હારે તમને કંઇક કહેવાનું છે તે હું તમને આ પત્રમાં લખી જણાવવાની રજા લઉં છું. તમારે આ સાથેના બીજા બે પત્રો વાંચી જોવા અને તમને જણાશે કે દરેક પત્રમાં ગંભીર, અગત્યની અને ગુપ્ત વાતો લખેલી છે. છતાં તમારા પર મને સમ્પૂર્ણ વિશ્વાસ હોવાથી હું તે તમને જણાવતા લેશમાત્ર અચકાતો નથી.

પ્રથમ તમારે "વ્હાઇટ હૉલ" રાજમહેલમાં જવું, મહારાજાને રૂબરૂ મળવું અને તેનાપરનો મ્હારો પત્ર તેને આપવો તથા તેનો જવાબ તરત આપવાને તેને વિનંતી કરવી. તમે જે ભેદ આ સાથેનાં પત્રો વાંચી જાણી શકશો તેને લીધે તમે તેને ધમકી આપી કામ લો તેના કરતાં વિનંતીથી તમારી માગણીનો તે સ્વીકાર કરે તો વધુ સારૂં. નહિ તો છેવટે શું પગલું ભરવું તે તમે જાણો છો.

"પણ જો રાજા સાહેબ ચોકખી ના પાડે તો હું તમને વિનંતી કરૂં છું કે તમારે એકદમ હર્ટફર્ડ શાયરમાં "રાઇ હાઉસ" દુર્ગમાં જવું અને કર્નલ રમ્બોલ્ડનાં બ્હેન મિસ હેન્રીએટ્ટા રમ્બોલ્ડને મળી તેને તેના નામનો પત્ર આપવો. જો આ પ્રમાણે કરશો તો તમે એવું ઉમદા અને પરોપકારી કામ કરેલું કહેવાશે કે જેને લીધે એક નિર્દોષ મનુષ્યની ઝિંદગી બચવા પામશે. મ્હારી વિનંતી પ્રમાણે વર્તવાને તમે ખંચકાવ નહિ તે માટે હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે કર્નલ રમ્બોલ્ડ ઉપર જે ભયંકર અને અમાનુષી કૃત્ય કરવાનું તોહમત મૂકવામાં આવ્યું છે તે તદ્દન ખોટું છે અને કર્નલ તદ્દન નિર્દોષ છે. હું જાણું છું કે પ્રાથમિક તપાસ વેળાએ જ્યુરી સમક્ષ જે જુબાની રજુ થઇ છે તેથી તેની સામે ગંભીર અને નીચ આરોપ મૂકી શકાય એમ છે છતાં પણ તે બાબતમાં સત્ય ખુલાસો તો ફક્ત ઇશ્વરજ કરી શકે એમ છે. આ ભેદ ખરેખર ઘણો ભયંકર છે તે છતાં હું પુનઃ કહું છું કે જો કે દુનિયા તેને નિર્દોષ માનતી નથી છતાં હું તો તેને કોઇપણ રીતે ગુનેહગાર માની શકતો નથી. કારણ કે હું તેને સારી ઓળખું છું. કમનસીબ વીલોબીનો ખરો ખૂની કદાચ જાહેરમાં ન પણ આવે તેથી એક નિર્દોષ માણસને ફાંસીને લાકડે જવા દેવો એ કઇ દુનિયાનો ન્યાય?

"અન્તમાં તમે મ્હારૂં કામ ઉતાવળથી તથા સંપૂર્ણ કાળજીથી પાર પાડશો એવી હું આશા રાખું છું.

લી. તમારો આજ્ઞાંકિત સેવક, એફ. ઑલિફન્ટ."

આ કાગળનો પાછલો ભાગ વાંચવાથી અર્લ આર્ડેનના ચિન્તા-ગ્રસ્ત હૃદયમાં જે નિરાંત થઇ તે અવર્ણિય છે. એની બધી બ્હીક જતી રહી અને એને માલમ પડ્યું કે જે કાળાં કર્મને લીધે રાજ-મહેલમાં કમકમાટ ભર્યો બનાવ બન્યો હતો તે વિષે જનરલ ઑલિ-ફ્ન્ટ કંઇજ જાણતો નથી. પોતાના મનપરનો અસહ્ય ભાર હલકો થવાથી તેને જે આનંદ થયો તે તેનાથી છાનો રાખી શકાયો નહિ અને તે કાગળ બતાવવા માટે તેના મનમાં જનરલ ઑલિફન્ટ માટે કંઇક આભારની લાગણી ઉત્પન્ન થઇ.

"હવે મારા લૉર્ડ !" ઑલિફન્ટે સગડી પાસેથી ખસી અર્લ તરફ જોઇ કહ્યું.

"તમારી ખાત્રી થઇ હશે કે તમારી પત્નિને જે કામ સોંપવામાં આવ્યું હતું તે તેને લાયકનુંજ હતું અને તમારી એવી પણ ખાત્રી થઇ હશે કે આ બંડલમાંના પત્રોને તમારી સાથે કંઇ પણ સંબંધ નથી." પછી તેણે લેડી આર્ડેનને કહ્યું. "હવે આ કાગળ વાંચવાની તમારી વારી છે. તમે એ વાંચો. હું તમારા પતિ સાથે કેટલીક ખાનગી વાતચીત કરવા માગું છું."

જનરલ અર્લ આર્ડેનને એક બારી આગળ લઇ ગયો અને તેને ઉદ્દેશીને પોતાની હમ્મેશની શાન્ત ઢબે બોલ્યો.

"મ્હારા લૉર્ડ ! હું બડાઇ નથી મારતો અને કોઇ પણ વખતે કોઇ પણ કામ માટે તોપ મારવાની મને ટેવજ નથી. તમે મને સારી પેઠે ઓળખો છો તથા મ્હારી જીંદગીના કેટલાક બનાવોથી માહીતગાર છો તેથી તમે સહમજી શકશો કે હું નમાલો કે અવગણના કરવા જેવો માણસ નથી. જે કોઇ મ્હારી મરજી વિરૂદ્ધ જાય છે તે પોતાના કામમાં ફતેહ મેળવે છે કે કેમ તેનો વિચાર તમે સારી રીતે કરી શકો એમ છો. નસિબની ઘટમાળને લીધે મ્હને કેટલીક વખત દુઃખો વેઠવા પડયાં છે; પણ પાછળથી મ્હને હમ્મેશાં મ્હારા દુઃખો કરતાં પ્રમાણમાં ઘણું સુખ મળ્યું છે. જો આજે મને તદ્દન સત્તાહીન થવાનો વખત આવે તો કાલે સત્તાવાન થવાનો કોઈ પણ રસ્તો હું શોધી કહાડું એવી મારામાં શકિત છે. અર્લ આર્ડેન ! તમે મને તમારા દુશ્મન તરિકે જોવાનું પસંદ કરો ખરા ?"

"ખચિતજ નહિ." અર્લે જવાબ આપ્યો.

વાંચનારને ખબર છે કે અર્લને ઑલિફન્ટની હમ્મેશાં ઘણીજ બ્હીક લાગતી અને જો કે અલ્પ સમય પહેલાં તેને અસહ્ય ચિન્તા થતી હતી તે પેલો કાગળ વાંચવાથી ઓછી થઇ હતી છતાં તે ભયની અસરથી તે તદ્દન મુક્ત થયો નહતો. તે બોલ્યોઃ

"દુશ્મનાવટ ઉત્પન્ન કરવી તે કરતાં મિત્રતા વધારવી એજ પ્રશંસાપાત્ર છે."

"ત્યારે ઉમરાવ સાહેબ!—" જનરલે પ્રત્યુત્તર આપ્યો.

"આમ જુઓ! તમારી પત્નિ સાથે વર્ત્તવામાં તમારે હું જે વાત કહું તે હમ્મેશાં ધ્યાનમાં રાખવાની છે. હું ઇંગ્લંડમાં તો હવે થોડા દિવસજ રહીશ. પછી આટલાંટિક મહાસાગરની પેલી બાજુએ મ્હારે મ્હારી પદવીને લીધે જવું પડશે. હું તમારી પત્નિની મ્હારા કેટલાક દિલજાન મિત્રોને સોંપણુ કરીશ અને હું અહિં લંડનમાં રહીને તેની જેવી સંભાળ રાખી શકું તેવીજ સંભાળ તેઓ પણ રાખશે. તમારી લેડી આર્ડન તરફની સારી યા ખરાબ વર્તણુકની ખબર દરિયાની પેલી પાર પણ મને મળશે અને ખાત્રી રાખજો કે હું ઘણે દૂર હોવા છતાં તમારા અન્યાયી કે જુલ્મી વર્તનની મને ખબર પડતાંજ હું તમારા પર વેર લઇશ. ઉમરાવ સાહેબ! ધમકી આપવાનું હું પસંદ કરતો નથી તેથી હું હવે વધુ બોલીશ નહિ. તમે મ્હારો મનોભાવ સ્હમજો છો એટલું બસ છે. હવે હું રજા લઇશ."

ઑલિફન્ટે કંઇક અભિમાનથી પણ સભ્યતાપૂર્વક અર્લ આર્ડનને નમન કર્યું અને જુલીઆને બોલાવી તે જે કાગળ વાંચતી હતી તે માગી લીધો. આ કાગળ બીજા કાગળોની માફક તેણે ફાડી નાખ્યો અને તેના ટુકડા સળગતી સગડીમાં નાખી દીધા.

જતી વખતે તેને કંઇક વિચાર આવવાથી અર્લ આર્ડન તરફ જોઇ તે બોલ્યો.

"એક વાત કહેવાની હું ભૂલી ગયો છું. આ તમારી નજર સમક્ષ બળીને ભસ્મ થઇ જતાં કાગળમાંની જે વાત તમે જાણી છે તે વિષે તદ્દન મૌન રહેશો તો બહુ સારૂં. અહિં આજે તમે જે વાત સાંભળી છે તે આ ચાર દિવાલની બહાર જવા દેશો નહિ......અને લેડી આર્ડન! હવે તમે મારૂં કામ કીધું હોય તેમ માનીને તમે એ કામ કરવાની ખુશી બતાવી તે માટે હું તમારો ઉપકાર માનું છું. મ્હેં

તમને એ બંડલ મોકલ્યું તે વખતે હું એક એવું સાહસ ખેડવા માગતો હતો કે જેમાં અનેક જીન્દગીઓની ખુવારી થવાનો સમ્ભવ હતો અને તેથી તે ભયાનક યુદ્ધમાં મ્હારૂં જીવન ખતમ થઇ જાય એવી શંકાથી મ્હેં કર્નલ રમ્બોલ્ડના બચાવની ચાવી તમારા કબજામાં સોંપી હતી. મ્હેં તમને અરજ કરી હતી કે એ બંડલ મળ્યા પછી એક અઠવાડિયા સુધી તમારે તે ઉઘાડવું નહિ કારણકે જો હું લડાઇમાં ખપી નહિ જાઉં તો મ્હારાથી વખતસર લંડન આવી શકાશે એવી મ્હેં ગણત્રી કરી હતી. સુભાગ્યે હું હવે અહિં આવી પહોંચ્યો છું. એટલે એ કામ હવે હુંજ કરી લઇશ. શ્રીમતી ! હું હવે રજા લઇશ."

ઍાલિફન્ટે કાઉન્ટેસ સાથે હસીને હસ્તધુનન કર્યું એટલામાં એક નોકરે આવી ખબર આપી કે બહારગામથી આવેલા કોઇ ત્રણ ગૃહસ્થો અર્લને તરતજ મળવા માગે છે.

ઍાલિફન્ટે ફરીથી સભ્યતાપૂર્વક નમીને કહ્યું.

"ત્યારે હું તમારી વાતચીતમાં ખલલ નાખવા નથી માગતો" એમ કહી તરતજ તે બહાર નીકળી ગયો.

તે દાદર ઉતરીને નીચે આવ્યો અને નીચેના હૅાલમાં આવતાંજ ત્રણ ગૃહસ્થો નીચેના દિવાનખાનામાં જતા હતા તે વખતે તેમાંના એક જણને તેણે જોયો. ઍાલિફન્ટે તરતજ તેને પોતાને છેતરનાર હમ્ફ્રી કિલન્ટન તરિકે ઓળખી કાઢ્યો. કિલન્ટન ઉતાવળો ઉતાવળો ઓરડામાં ઘુસી ગયો અને બારણું બંધ કરી દીધું. ઍાલિફન્ટે આશ્ચર્ય પામવાનાં કંઇપણ ચિન્હ બતાવ્યાં નહિ. એ કદિપણ ગમે તેવા અચાનક બનાવથી આશ્ચર્ય પામતો નહિ; પણ જેવી છૂપી રીતે આ ત્રણ ગૃહસ્થોને ઓરડામાં દાખલ કરવામાં આવ્યા તેથી તેને કંઇક શંકા ઉત્પન્ન થઇ. અર્લનો નોકર તેનો અશ્વ લઇને આંગણામાં ઉભો રહ્યો હતો તેના પર તે સવાર થઇ ગયો અને વિચારવા લાગ્યો કે અર્લને મળવા આવનારા ત્રણ જણાઓ કંઇક ઉંડા પાણીમાં રમે છે !

તેણે ઘોડાપરથી નીચા વળીને નોકરને ધીમેથી કહ્યું:

"આમ જો ! આ પૈસા લઇ મ્હારા સવાલનો જવાબ આપીશ ?" એમ કહીને તેણે તેના હાથમાં થોડાક પૈસા મૂક્યા.

નોકર તો આટલા બધા પૈસા મળેલા જોઇ ખુશખુશ થઇ ગયો. તે બોલ્યો:

"આપ નામદારની સેવા બજાવવા માટે હું તૈયાર છું."

"ત્યારે પેલા ત્રણ ગૃહસ્થો જેઓ હમણાં બહારગામથી અર્લને મળવા આવ્યા તેમને તેં જોયા છેને?"

"હા. નામદાર! હુઝુરિયાને એ સંદેશો મેંજ કહ્યો હતો."

"ઠીક. એ માણસોને તું ઓળખે છે?" જનરલે પૂછયું. "એમાંના એકને હું ઓળખું છું. તેનું નામ હમ્ફ્રી કિલન્ટન. તે એકવાર સર હૅકટર ગ્રેહામનો નોકર હતો."

"ખરી વાત છે નામદાર!" નોકરે જવાબ આપ્યો. "તે સર ગ્રેહામનો નોકર હતો અને તેની સાથે સર ગ્રેહામ પણ હતા."

"એમ? મેં પણ એમજ ધાર્યું હતું." ઑલિફન્ટ બોલ્યો.

જ્યારે તે મૅનદ્વીપમાં હતો ત્યારે લૅારેન્સ લી દ્વારા તેને ખબર મળી હતી કે એડમન્ટનની મારામારી પછી ગ્રેહામ ઇંગ્લંડની બહાર રહેતો હતો; પણ જ્યારે તેણે પેલા ત્રણ જણને ગુપ્ત રીતે અર્લના મકાનમાં જતા જોયા અને તેણે હમ્ફ્રી કિલન્ટનને ઓળખ્યો ત્યારે તેણે અનુમાન કર્યું હતું કે સર ગ્રેહામ સાથેજ હોવો જોઇએ. તેણે થોડીકવાર પછી નોકરને પૂછયું:

"પેલો ત્રીજો સખસ કોણ છે?"

"હું તેને ઓળખતો નથી, નામદાર! મ્હેં તેને પૂર્વે કદિપણ જોયો નથી. એ ઘણો વૃદ્ધ જણાય છે અને તે સર હૅકટર સાથે વાત કરતો હતો તે પરથી તે અંગ્રેજ હોય એવું મને લાગતું નથી."

"વારૂ, મ્હેં તને જે સિક્કા આપ્યા છે તેવા બીજા ત્હારે જોઇએ છે?"

"આપ નામદાર જે આજ્ઞા કરશો તેનું પાલન કરવા આ સેવક તૈયાર છે." દ્રવ્યની લાલચથી લલચાઇ તે નોકર બોલ્યો.

"તું એ વાત છૂપી રાખી શકીશ ખરો?"

"જ્યાં સુધી મ્હારી વિશ્વાસપાત્રતા માટે આપની ખાત્રી ન થાય ત્યાં સુધી મ્હને કંઇપણ ઇનામ આપશો નહિ" નોકરે જવાબ આપ્યો.

"ઠીક છે. હવે મ્હારી સૂચના પર બરાબર લક્ષ આપ. જ્યારે પેલા ત્રણ માણસો બહાર જાય ત્યારે તેમની પાછળ જઇને તે લોકો

ક્યાં જાય છે અને ક્યાં રહે છે તેની ખબર મેળવી લિન્કન્સ ઈન ફીલ્ડઝમાંના મ્હારા મકાનમાં કાલે બપોરે મને તે કહી જજે." ઑલિફન્ટે કહ્યું.

નોકરે એ સૂચના પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું અને જનરલ ઑલિફન્ટે અર્લ આર્ડનના મકાન આગળથી ઘોડો મારી મૂકયો.

પ્રકરણ ૧૩ મું.

બૅરિસ્ટરની ઑફિસ.

જનરલ ઑલિફન્ટ એવો પુરૂષ હતો કે જેની ચપલ નજરથી કોઇપણ બીના છૂપી રહેતી નહિ. તે બેદરકાર સ્વભાવનો હોવા છતાં તે પ્રત્યેક ન્હાની બાબત પર પણ સંપૂર્ણ ધ્યાન આપતો. તેની વિચાર શક્તિ અજબ હતી—કલ્પના શક્તિ પણ અગાધ હતી અને સંયોગો પર પુખ્ત વિચાર કરી તે ઘણીવાર સત્ય નિશ્ચય પર આવી શકતો. તેણે જોયું હતું કે સીલવાળા બંડલના કાગળોની હકિકત જાણવા માટે કોઇ ગુપ્ત ભયને લીધે અર્લ આર્ડન ઘણોજ ધ્રુજી ગયો હતો અને કર્નલ રમ્બોલ્ડને માટે તેમાં જે બીના લખેલી હતી તેને પોતાની સાથેજ કંઇ સંબંધ હશે એવું તે કોઇક ગુપ્ત ભયને લીધે માની બેઠો હતો. અસહ્ય ચિન્તા અને ભયંકર હૃદયયાતનાને લીધે તેણે ઑલિફન્ટને તે પત્રોમાં શું લખ્યું છે તે કહી દેવાની ચિન્તાગ્રસ્ત અને ધડકતા હૃદયે વિનવણી કરી હતી. જ્યારે ઑલિફન્ટે તે સીલવાળા બંડલમાંના પત્રોને અર્લ સાથે કંઇ સંબંધ નથી એવી તેની ખાત્રી કરી આપી ત્યારે તેને અનહદ આરામ મળ્યો હતો—તેના હૃદયમાં સળગતી ભયંકર ચિન્તા નષ્ટ થઈ હતી અને આ ન્હાની બાબતો જનરલ ઑલિફન્ટની નજર બહાર ન્હોતી. તેણે કલ્પના કરી હતી—તેની ખાત્રી હતી કે અર્લના હૃદયમાં કોઈ ભયંકર ભયનો નિવાસ છે. જ્યારે અર્લ પેલો કાગળ વાંચવામાં લીન થઈ ગયો હતો અને સગડીમાં બળી જતા કાગળના ટૂકડાઓ જોવાનો ડોળ કરી જનરલ ઑલિફન્ટ બેઠો હતો ત્યારે વસ્તુતઃ તે અર્લના વદનપરના ભાવોમાં થતાં પરિવર્તનનો લક્ષપૂર્વક અભ્યાસ કરતો હતો. આ કામ તે એવી દક્ષતાથી કરતો હતો કે અર્લને તે વિષે લેશમાત્ર શંકા ન ગઇ. અર્લ

જેમ જેમ તે પત્ર વાંચતો ગયો તેમ તેમ તેની ભયંકર અશાન્તિ અને ભયની લાગણી ઓછી થતી ગઇ અને જ્યારે તે તે પત્ર પૂરો વાંચી રહ્યો ત્યારે તેના આનન્દનો પાર રહ્યો નહિ; એટલુંજ નહિ પણ જાણે તેના હૃદયપરથી કોઇ ભયંકર ભાર ઓછો થઇ ગયો હોય એવું તેને લાગ્યું. તે જનરલ ઑલિફન્ટ જોઇ શક્યો હતો.

આવા સૂક્ષ્મ અવલોકન પરથી સ્વાભાવિક રીતેજ એવા અનુમાન પર આવી શકાતું હતું કે અર્લ આર્ડનના હૃદયમાં કંઇ ગુપ્ત વ્યાધિ હોવી જોઇએ અને એ ગુપ્ત ગુન્હો પ્રકાશમાં ન આવે તે માટેજ તે આટલો બધો થર થરતો હતો. વળી અર્લના ગુપ્ત પાપને કર્નલ રમ્બોલ્ડ પરના ભયંકર આરોપ સાથે પરોક્ષ વા અપરોક્ષ સબંધ હોવો જોઇએ એમ પણ જનરલને લાગ્યું: છતાં જનરલ ઑલિફન્ટે એવી કોઇ પણ જાતની શંકા પોતાના હૃદયમાં ઉત્પન્ન થવા પામી છે તે અર્લને જાણવા દીધી નહિ અને તે જાણી જાય તે જનરલને પસંદ પણ હતું નહિ. જો કે હજુ આ શંકાને કંઇ પણ આધાર મળ્યો ન્હોતો, જનરલ પાસે કંઇ પણ પુરાવો ન્હોતો, વળી એ શંકા ઘણી–ઘણીજ ઝાંખી હતી: છતાં એ શંકાનું તેના હૃદયમાં અસ્તિત્વ હતું અને જ્યારે પેલા બહાર ગામથી આવેલા ત્રણ માણસોના આગમનની નોકરે ખબર આપી અને તેમને અર્લે મળવાનું કબુલ કર્યું ત્યારે જનરલ ઑલિફન્ટની એટલી તો ખાત્રી થઇ ગઇ કે કંઇ ભેદી કાવત્રું રચાય છે અથવા કંઇક ગુપ્ત બાજી રમાય છે કે જેમાં અર્લ આર્ડન પણ ભાગ લે છે. કર્નલ રમ્બોલ્ડ પરના આરોપની વાત નીકળતાં અર્લ આર્ડન જાણે પોતા પરજ ભયંકર આફત આવી પડવાની હોય એવો દેખાયો હતો તે જનરલના લક્ષમાં હતું અને તેથી એ બાબતમાં વિશેષ બારિક તપાસ કરવાના ઇરાદાથી તેણે અર્લના નોકરને સુવર્ણના સિક્કાથી પોતાના પક્ષમાં લઇ પેલા માણસોની પાછળ જાસુસી કરવાની આજ્ઞા કરી હતી.

બીજે દિને સ્હવારે ઑલિફન્ટ લૉરેન્સ લી સાથે "ટેમ્પલ" માં આવેલી મી૦ મૅાબ્રે બૅરિસ્ટરની ઑફિસમાં ગયો. મી૦ મૅાબ્રેને કર્નલ રમ્બોલ્ડના બચાવ માટે રોકવામાં આવ્યો હતો. જનરલ તથા લૉરેન્સ તેને મળવા આવવાના છે એ વાત તેને અગાઉથી જણાવવામાં આવેલી હોવાથી તે હમણાં આ નામાંકિત વીરલાનું સ્વાગત કરવા તૈયાર થઇ રહ્યો હતો.

"ભલે પધારો, જનરલ ઑલિફન્ટ !—મી૦ લી !—" તે બૅરિસ્ટર બન્નેને જોઇ બોલ્યો.

"હવે તમારે, મ્હારા આ યુવાન મિત્રને સર લૉરેન્સ લી કહી સંબોધવા પડશે..." ઑલિફન્ટે મોહક સ્મિત ફરકાવી કહ્યું.

"કારણ કે મૅન દ્વીપમાં થયલાં ભયંકર યુદ્ધમાં મ્હારા એ યુવાન મિત્રે જે અપૂર્વ શૌર્ય બતાવ્યું હતું તેથી મ્હેં મને મળેલી સત્તાની રૂએ એમને "નાઇટ હુડ" અર્પણ કર્યું હતું."

"અમને તમારા યુદ્ધની તથા તમારા અનુપમ વિજયની ખબરે અત્રે મળી હતી...સર લૉરેન્સ ! હું તમને નામદાર ગર્વનર જનરલ તરફથી જે ઉચ્ચ માન મળ્યું છે તે માટે અંતઃકરણથી અભિનંદન આપું છું. વળી તમારાં પ્રેમાલ ધર્મ પત્નિ લેડી લીએ મને જે ભયંકર કાવત્રાંની વાત કરી હતી તેમાંથી તમારો બચાવ થયો અને તમે સહી સલામત પુનઃ લંડન આવી શકયા તેથી મને ઘણોજ આનન્દ થયો છે. મ્હને લાગે છે કે હાલના સંયોગો જોતાં લેડી લીની માનસિક તેમજ શારીરિક સ્થિતિથી તમને સંતોષ થયો હશેઃ"

"મ્હારી પ્રિયતમા રૂથને મ્હેં પત્રો દ્વારા અમારા વીર નાયક જનરલ ઑલિફન્ટની પ્રબલ સહાયથી કર્નલ રમ્બોલ્ડનો બચાવ કરી શકાશે એમ મ્હેં જણાવ્યું હતું અને ઘેર આવતાં મ્હારા શ્વસુર કેસનું ગમે તે પરિણામ આવે તેની દરકાર કર્યા વિના શાન્ત અને ગમ્ભીર દેખાવ રાખી શકયા છે એવી ખબર મને મ્હારી પત્નિ તરફથી મળતાં મને સંતોષ થયો છે."

"હવે મુદ્દાની બાબત પર આવો—" જનરલ ઑલિફન્ટ એક આસન પર બેસી બોલ્યો.

"આવતી કાલે તપાસ શરૂ થશે ? ખરૂં ને ?"

"હા. સાહેબ." મૉબ્રેએ જવાબ આપ્યો.

"પ્રાથમિક તપાસ વેળાએ જે જે પુરાવા રજુ થયા હતા તેની લેખિત નોંધ મને બતાવવાની કૃપા કરો." જનરલે કહ્યું.

બૅરિસ્ટરે તરતજ જનરલને પોતે જે વિગતવાર હકિકતો લખી હતી તે આપી અને જનરલ તે વાંચવામાં મશગુલ થઇ ગયો.

"રાજાના ઓરડામાં જેનું ખૂન થયું હતું તે મી૦ વીલોબી

કોણ હતો તે વિષે કંઇ પણ ખબર મેળવવા તમે ફતેહમંદ થયા છો ખરા ?–" થોડીક મિનિટ વહી જવા પછી જનરલે પૂછ્યું.

" મને જે ખબરો મળી છે તે પરથી એવું જણાય છે—" મી૦ મૅબ્રેએ જવાબ આપ્યો: " કે તે ઘણા વરસથી કેલેમાં રહેતો હતો. ઇંગ્લંડમાં તેના લ્હેણદારો વધી જવાથી તથા તેની પાસે એક ફુટી બદામ પણ રહેલી ન હોવાથી "સાહુકારી કેદ" ના ડરથી તે પોતાનો દેશ છોડી વિદેશમાં રહેતો હતો. તેના ભૂત જીવનની હકિકતો મેળવવા માટે મ્હેં એક વિશ્વાસપાત્ર માણસને કેલે મોકલ્યો હતો અને તેના તરફથી મને એવી ખબર મળી છે કે રાજમહેલમાં તેના જીવનનો કરૂણ અન્ત આવ્યો તેની થોડાક દિવસ પહેલાં તે કેલેથી એક વૃદ્ધ, દારૂડિયા, મવાલી જેવા ફ્રેન્ચ પાદરી સાથે પૅરિસ ગયો હતો કે જે ધર્મગુરૂને તેની અનિયમતતા તથા અનીતિવાન ચાલ માટે ધર્મ ગુરૂના પદ પરથી હાંકી કાઢવામાં આવ્યો હતો."

" તે માણસ કોણ ?–તેનું નામ શું ?" ઑલિફન્ટે કહ્યું.

" તે સામાન્ય રીતે લોકોમાં ફાધર પીએરના નામથી ઓળખાતો હતો અને ઘણાં વર્ષ પૂર્વે તે બ્રિટેનીમાં ધર્મ ગુરૂનું કામ કરતો હતો—"

" આહ ! બ્રિટેનીમાં ?" જનરલ બોલી પડયો અને થોડીક મિનિટ તે ગંભીર વિચારમાં પડી ગયો.

" તમે બીજી શું ખબર મેળવી છે ?–" તેણે પુનઃ પૂછ્યું.

" મને બીજી એવી ખબર મળી છે કે, ફાધર પીએર અને મી૦ વીલોબી બન્ને સાથે પૅરિસમાં ગયા હતા અને ફ્રેન્ચ પાટનગરમાં તપાસ કરી મારા એજંટે જે હોટલમાં બન્ને ઉતર્યા હતા તે હોટલ શોધી કાઢ્યું. તે હોટલમાં પેલા પાદરીને સર હેક્ટર ગ્રેહામ નામનો કોઇ માણસ મળ્યો—"

" આગળ ચાલો–" ઑલિફન્ટ બોલ્યો.

" સર હેક્ટર ગ્રેહામ અને ફાધર પીએરને પોલિસ લેફ્ટનંટના હૂકમથી પોલિસ અમલદારોએ અચાનક કેદ કર્યા અને તેમને બેસ્ટીલમાં લઇ જવામાં આવ્યા. આથી વીલોબી ત્યાંથી ન્હાસી ગયો અને વખતની ગણત્રી કરતાં મને લાગે છે કે તે કમનસિબ માણસ ત્યાંથી સીધો ઇંગ્લંડજ આવ્યો હશે કે જ્યાં તેના જીવનનો ભેદભરી રીતે

અંત આવ્યો અને તેને લીધે આવા ગમ્ભીર સંજોગો ઉપસ્થિત થયા—"

"અને હવે મી૰ મૉબ્રે! તમારા અનુભવને લીધે આ બધી હકિકત પરથી તમે શું અભિપ્રાય બાંધી શકો છો?" ઑલિફન્ટે પુછ્યું.

"નામદાર! એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે વીલોબીને કંઈ ભેદી કામમાં કોઇ તરફથી રોકવામાં આવ્યો હતો કારણ કે મેં મારા એજંટ મારફતે જે તપાસ કરાવી હતી તે પરથી મને એવી પણ ખબર મળી છે કે સર હેકટર ગ્રેહામને વીલોબીને બદલે પોલિસ તરફથી ભૂલમાં કેદ કરવામાં આવ્યો હતો. આ ધોટાળો સર હેકટર પકડાયા પછી થોડાક કલાકમાં ફૂટી ગયો. પોલિસ વીલોબીની શોધમાં પુનઃ હોટલમાં આવી પણ તેટલા વખતમાં તો તે પોલ થઇ ગયો હતો આટલી ખબરો મ્હારા એજંટને "હોટલ દે એટ્રન્જર્સ" ના માલીક તથા નોકર તરફથી મળી હતીઃ"

પુનઃ જનરલ ઑલિફન્ટ થોડીક પલ વિચારમાં પડયો અને તે પછી જે લેખિત હકિકત બૅરિસ્ટરે તેના હાથમાં મૂકી હતી તે પુનઃ વાંચવા લાગ્યો.

"જયુરીની તપાસ વેળાએ, મી૰ મૉબ્રે! જે હથિયારથી ખૂનીએ ખૂન કર્યું હતું તે વિષે તમે ટીકા કરી હતી કે તે હથિયાર એક ગૃહસ્થની માલીકીનું હોય તેના કરતાં એક નોકરનું હોય એવું વધુ લાગે છે." ઑલિફન્ટે થોડી વાર પછી કહ્યું.

"હા જી. એવાજ મ્હારા શબ્દો હતા અને તમે પોતે પણ જનરલ ઑલિફન્ટ! જો તે હથિઆર જુઓ તો મ્હારા મતને સંમત થશો. થોડીક વધુ લીટીઓ આગળ વાંચો અને તમને તે કટારીનું આબેહુબ વર્ણન જણાશે કારણ કે શરૂઆતથીજ આ બાબતમાં એકે એક બાબત પર મ્હેં ઘણુંજ સંભાળ ભર્યું ધ્યાન આપ્યું છેઃ પછી તે નજીવી હો વા ઉપયોગી—"

"તમે ઘણી ચાલાકી અને ડહાપણથી કામ કર્યું છે, મી૰ મૉબ્રે! અને જયાં આવા ગમ્ભીર સંજોગો ઉપસ્થિત થયા હોય અને નવા નવા રસ્તા શોધવાના હોય તેવી વેળા કોઇ પણ બાબતને નજીવી ગણી છોડી દઈ શકાયજ નહિ." જનરલે કહ્યું.

તે પછી તે પાછો મી૦ મૉબ્રેએ તૈયાર કરેલો કેસ વાંચવા લાગ્યો અને તે કાતિલ હથિયારનું વર્ણન તેણે ઘણાજ લક્ષ પૂર્વક વાંચ્યા પછી તેનો ચહેરો વધુ ગમ્ભીર થયો.

" હું તે હથિયાર જોઈ શકીશ ?—" તે અચાનક પોતાની બેઠક પરથી ઉભો થઈ બોલી ઉઠયો.

" તે એટર્ની જનરલની ઑફિસમાં છે અને થોડીક વાર તે શસ્ત્રની તપાસ માટે તે મારા કલાર્કને આપવાની હું તેમને અરજ કરીશ અને અમારા ધંધાર્થી સંબંધને લીધે એટર્ની જનરલ તરતજ તે હથિયાર મોકલશે એવું હું ધારૂં છું. "

બૅરિસ્ટરના કલાર્કને તે કટાર લેવા માટે મોકલવામાં આવ્યો; અને તેની ગેરહાજરીમાં જનરલ ઑલિફન્ટ જે કાગળો વાંચતો હતો તે તેણે પૂરા કર્યા. સર લૅારેન્સ લી તેના તરફ ચિન્તાગ્રસ્ત નજરે જોતો બેસી રહ્યો. તેને આ અસામાન્ય વીર પુરૂષે જે કામ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તે તે પાળશેજ એવી પૂર્ણ ખાત્રી હતી. છતાં તે જગપ્રસિદ્ધ યોદ્ધો શું પગલું લેવા માગે છે તે હજુ લૅારન્સ સ્હમજી શકયો ન્હોતો તેમજ તેના મગજમાં કઈ યુક્તિ રમી રહી છે તે પણ તેના વદન પરના ભાવોથી જાણી શકાય એમ ન્હોતું.

દસેક મિનિટમાં મી૦ મૉબ્રેનો કલાર્ક પાછો ફર્યો. તે કાગળમાં વીંટેલી કટારી ટેબલ પર મૂકી ત્યાંથી ચાલી ગયો. જનરલ ઑલિફન્ટે તે હાથમાં લઇ, કટાર કાગળમાંથી બહાર કાઢી થોડીક પલ સુધી તે બારીકીથી તપાસી. પુનઃ તેની ગંભીરતા વધી—સર લૅારેન્સ અને મી૦ મૉબ્રે તેને આતુર નયનોએ જોઈ રહ્યા.

" આહ !—" તે હથિયાર પુનઃ કાગળમાં વીંટાળતો જનરલ બોલ્યો.

" હવે, મ્હારા વ્હાલા લૅારેન્સ ! હું તમારા શ્વસુરની મુક્તતા માટે વધુ આશાવન્ત બન્યો છું—નહિ—મ્હારી ખાત્રી થઈ ગઇ છે કે હું તેમને બચાવી શકીશ. મ્હેં અત્યાર પહેલાં તેમની જીંદગી બચાવવાનું વચન આપ્યું હતું: પણ હવે હું તેમની નિર્દોષતા પૂરવાર કરવાની સ્થિતિમાં છું. "

લૉરેન્સના મુખમાંથી હર્ષની બૂમ નીકળી પડી અને ઘુંટણીએ પડી, જનરલ ઑલિફન્ટનો હાથ લઇ, તેણે કૃતજ્ઞ ભાવે તે બાચ્યો.

"ઉભા થાવ, મ્હારા મિત્ર! અને ઉતાવળા ઉતાવળા ટાવરમાં જાવ. મ્હારી ખાત્રી છે કે તમારી પ્રેમાલ પત્નિ પણ ત્યાં ક્યારની ગઈ હશે. તેને હું કહું તે જઇને કહો–તમારા શ્વસુરને પણ કહેજો કે તેમની નિર્દોષિતા સ્પષ્ટ રીતે પૂરવાર કરી શકાશે. બીજી બાબતોમાં મ્હારો સમય વ્યતીત થાય એમ હોવાથી કદાચ આજે હું તેમને મળવા જઈ ન શકું એ પણ તેમને કહેજો: પણ તેમને ખાત્રી પૂર્વક કહેજો કે આવતી કાલનો સૂર્યાસ્ત થવા પહેલાં તેઓ સ્વતંત્ર વાતાવરણમાં શ્વાસ લઈ શકશે–નહિ–એથી વધુ–તેઓ જગતમાં ઉજવલ વદને ફરી શકશે. એક નિર્દોષ ગૃહસ્થ પેઠે તેઓ પુનઃ રહી શકશે: અને કોઇ પણ તેમના તરફ હમણાં તેમના પર મૂકાયલા આરોપ માટે આંગળી તાકશે નહિ: હજુ એક બીજો સંદેશો કર્નલ રમઓલ્ડને તમારે પહોંચાડવાનો છે. આવતી કાલે તેમણે કોર્ટમાં હાજર થવું–ન્યાય મન્દિરમાં કાયદાસર જે તપાસ ચાલે તે ચાલવા દેવી–જે બને તે ચુપ ચુપ જોયા કરવું–પરિણામની લેશ માત્ર ચિન્તા ન કરવી કારણ કે આવતી કાલના સૂર્યનાં કિરણો લુપ્ત થવા પહેલાં હું મ્હારૂં વચન પાળીશ. જાઓ લૉરેન્સ! અને મ્હેં તમને જે કહ્યું છે તે તેમને કહી આવો."

કૃતજ્ઞ ભાવથી પુનઃ લૉરેન્સે જનરલનો હાથ દબાવ્યો અને ત્યાર પછી હર્ષનાં આંસુ લૂછતો તે તે ઓરડામાંથી ત્વરિત વેગે બહાર નીકળી ગયો.

"મી૦ મૅાબ્રે!–" લૉરેન્સ ગયા પછી મી૦ મૅાબ્રે તરફ જોઈ ઑલિફન્ટ બોલ્યો:

"મ્હેં પ્રથમ જે યુક્તિ ગોઠવી હતી તે બદલવાની મને હવે જરૂર જણાય છે. સંજોગો બદલાઇ ગયા છે. પ્રથમ અમુક ખાનગી લાગવગ તથા ભલામણથી હું સરકાર પક્ષ કર્નલ રમ્બોલ્ડ પરનો કેસ પાછો ખેંચી લે એવી યુક્તિ ખેલવા માગતો હતો અને તેમ કરી હું કર્નલની જીંદગી બચાવી તેમને મુક્ત કરાવવાનો હતો: અને આમ કરવાથી ગમે તે સત્ય હોય છતાં કર્નલ રમ્બોલ્ડની નિર્દોષિતા અથવા

દોષિતતા માટે લોકોનો મત વિચિત્ર રહેત. લોકોને કંઈ કંઈ શંકા થયા કરત અને તેમની સામે જ્યુરીની તપાસ વેળાએ જે જુબાની રજુ થઈ હતી તે એવી છે કે જેથી પ્રજા આ કરપીણ કૃત્ય માટે કર્નલને દોષિત પણ ધારતઃ સદ્દભાગ્યે હું એક બીજો વધુ સારો માર્ગ શોધી કાઢવા શક્તિવાન થયો છું કે જેથી કર્નલની જીંદગી બચશે. તેઓ તરત મુક્ત થશે એટલુંજ નહિ પણ તેમના પરનો આરોપ તદ્દન ખોટો પૂરવાર થશે અને પુનઃ કર્નલ એક માનવન્ત ગૃહસ્થ પેઠે જગતમાં છાતી કહાડી ફરી શકશે. હું શું રસ્તો લેવા માગું છું તે તમને હમણાં હું નથી કહેતો તે માટે મને ક્ષમા કરશો. હવે અનાવશ્યક વાતચીતમાં વખત ગાળવાનું પરવડે એમ નથી. તમે બચાવ પક્ષના ધારા શાસ્ત્રી તરિકે કામ કરજો—જાણે તમે કંઇ જાણતાજ નથી એવી રીતે કેસ ચલાવજો—બસ, હવે હું રજા લઇશ."

આટલું કહી ઑલિફન્ટ તે કાયદાશાસ્ત્રી સાથે શેકહેન્ડ કરી તેની ઑફિસમાંથી બહાર નીકળ્યો અને પોતાના લીન્કન ઇન ફીલ્ડઝમાંના ભવ્ય મૅન્શનમાં આવી પહોંચ્યો.

બપોર થવા આવ્યો હતો અને ઑલિફન્ટના ભવ્ય મૅનશન સ્હામે અસંખ્ય ગાડીઓની હાર ઉભી હતી. ઉમરાવો અને સદ્દગૃહસ્થો, દરિયાઇ અને લશ્કરી અમલદારો, કાયદાશાસ્ત્રીઓ અને મૅજીસ્ટ્રેટો અને બીજા અનેક અમલદારો અમેરિકન સંસ્થાનના ગવર્નર જનરલને મળવા આવ્યા હતા. તેઓ ઑલિફન્ટના મૅનશનના એક ભવ્ય દિવાનખાનામાં ભેગા થયા હતા, પણ જનરલ ઑલિફન્ટ તે વિશાલ દિવાનખાનામાં જવાને બદલે એક ન્હાના ઓરડામાં ગયો અને એક નોકરને આજ્ઞા કરી.

"સર હેન્રી બીટન રાજમહેલમાંથી પાછા આવ્યા છે?"

"હા નામદાર!—" નોકરે જવાબ આપ્યો.

"તેમને અત્રે મોકલો અને સર જૉસફ લૅમ્બટનને પણ અહિં આવવાની વિનંતી કરો—"

નોકર નમીને ત્યાંથી ચાલી ગયો અને થોડીવારમાં બન્ને સરદારો જનરલની હાજરીમાં આવી ઉભા. હેન્રી બીટન—હવે ઑલિફન્ટનો નોકર ન્હોતો પણ તેનો અંગરક્ષક હતો. લૉરેન્સ લીને મૅનદ્વીપમાં થયલી લડાઈમાં વીરત્વ બતાવવા માટે જ્યારે "નાઇટ હુડ"

નો ખિતાબ આપ્યો ત્યારેજ જનરલ ઑલિફન્ટે મેજર લૅમ્બટનને પણ એ માનવન્ત ખિતાબની નવાજેશ કરી હતી.

"સર જૉસફ લૅમ્બટન! મહેરબાની કરી દિવાનખાનામાં જાઓ— અને દરબારી રીત પ્રમાણે જેઓ મળવા આવ્યા છે તેમને મ્હારા તરફથી કહો કે અત્યંત અગત્યના કામને લીધે હું આજે તેમને મળી શકીશ નહિ તે માટે મને માફ કરશો."

લૅમ્બટન જનરલની આજ્ઞાનું પાલન કરવા દિવાનખાનામાં ગયો. જનરલે હેન્રી બીટનને પૂછ્યું.

"તમે રાજાને મળી આવ્યા ?"

"હા. નામદાર! મ્હેં આપ નામદારનો સંદેશો નામદાર મહારાજાને પહોંચાડયો અને તેમણે આપનો પત્ર ઘણા લક્ષપૂર્વક વાંચ્યો—"

"હું મ્હારી પદવીનો ચાર્જ લેવા કેમ જઇ નથી શકયો તે માટે મ્હેં જરૂર જોગી હકિકત તેમાં લખી હતી. તમને રાજાએ કંઈ પણ સવાલ પૂછ્યો હતો?"

"હા. નામદાર! તેમણે ઘણા સવાલ પૂછ્યા હતા અને મેં યોગ્ય ઉત્તર આપ્યા હતા. મૅનદ્વીપમાં આપ નામદારે જે વીરત્વ બતાવ્યું હતું તે માટે નામદાર મહારાજાએ આપની ઘણી પ્રશંસા કરી હતી. અને હાલના નવા ડ્યુકના હાથમાંથી લૂંટાઈ જતી મૅનની જાગીર પુનઃ તેમને અપાવવામાં આપ વિજયી થયા તે માટે પોતાનો સંતોષ વ્યકત કર્યો હતો. નામદાર મહારાજાએ આપ નામદારને ખાત્રી આપવાની મને આજ્ઞા કરી હતી કે અમેરિકા જવા પહેલાં આપ જ્યારે પણ "રૉયલ લેવી" માં પધારશો ત્યારે આપનું ત્યાં ગરમાગરમ સ્વાગત થશે."

આ પલે એક નોકરે આવી ખબર આપી કે અર્લ ઑફ આર્ડનના ઘરનો એક નોકર જનરલ ઑલિફન્ટને મળવાની વિનંતી કરે છે. જનરલે બીટનને ત્યાંથી ચાલી જવાની ઈસારત કરી અને તે નોકરને અંદર લાવવાની પોતાના નોકરને આજ્ઞા કરી.

"કેમ? શું ખબર લાવ્યા?" જનરલે પૂછ્યું.

"ગઇ રાત્રે નામદાર! પેલા ત્રણ માણસો અને મ્હારા શેઠે અર્લે ઘણો વખત સુધી કંઇ મસલત કરી હતી." અર્લનો નોકર બોલ્યો.

" પેલા ફ્રેંચમૅનને શું નામથી બોલાવવામાં આવતો હતો તે તું જાણે છે ? "

" દારૂ અને ભોજનાદિ સામગ્રી તેમને માટે લઇ જવાને મને બોલાવવામાં આવ્યો હતો અને તે ફ્રેન્ચમૅનને બધા ફાધર પીએરના નામથી સંબોધતા હતા તે મ્હેં સાંભળ્યું હતું. "

" વારૂ. પછી ? "

" મ્હેં મ્હારા શેઠ અંગ્રેજીમાં કંઇક વાતચીત કરતા હતા તે પણ થોડીક સાંભળી હતી. તે એવું બોલ્યા હતા કે કોઇ અમુક જગ્યાએથી બચી જવામાં તેમને અજબ જેવો વિજય મળ્યો હતો. આહ...એ જગ્યા કઇ કહી જો ?...હં–હં બેસ્ટીલમાંથી ?–" તે નોકર બોલ્યો.

" હા. પૅરિસનું ભયંકર કેદખાનું બૅસ્ટીલ ! પછી ?—"

" તેમણે લગભગ દોઢેક કલાક સુધી મસલત કરી અને તે પછી સર હૅક્ટર ગ્રેહામ અને ફાધર પીએર સૅવૉયમાંના એક પીઠાંમાં ગયા. મ્હેં તેમની વાતમાંથી તેમનું એ ઠેકાણું સાંભળી લીધું હતું અને તેથી તેમની પાછળ જવાની મ્હેં જરૂર જોઇ ન્હોતી—"

" પણ તું હમ્ફ્રી ક્લીન્ટનની પાછળ પડ્યો હતો ને ?–" ઍાલિફન્ટે પોતાની સ્વાભાવિક વૃત્તિ કરતાં કંઇક વધુ ઉતાવળથી પૂછ્યું.

" હા જી. હું તેની પાછળ પડ્યો હતો અને તે ડ્યુક અને ડચેસ ઑફ ક્લીવલૅન્ડના " બર્કશાયર હાઉસ " માં ગયો હતો. "

" ત્હારે કંઇ બીજું કહેવાનું છે ? "

" હું બર્કશાયર હાઉસની આસપાસ લગભગ અડધો એક કલાક ભમ્યો: અને તે પછી હમ્ફ્રી ક્લીન્ટન પાછો બહાર નીકળ્યો. હું તેની પાછળ ચાલાકીથી ગયો અને તે તેનો શેઠ તથા પેલો ફ્રેન્ચ પાદરી જ્યાં ઉતર્યો હતો તેજ પીઠામાં ગયો—"

" ઠીક. તેં ઘણું સારૂં કામ કર્યું છે. " જનરલે કહ્યું અને તેણે પેલા નોકરને તેણે ધાર્યું હતું તેથી વધુ ઇનામ આપ્યું. નોકર તે લઇ નમ્યો અને ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૪ મું.

સેવૉયનું પીઠું.

ગત પ્રકરણના અન્તમાં જનરલ ઍાલિફન્ટે અલે આર્ડનના નોકર દ્વારા જે ખબર મેળવી તેજ વખતે સેવોયમાંના એક પીઠા-માંના એક ખાનગી ઓરડામાં ત્રણ માણસો બેઠા હતા. આ ત્રિપુ-ટીમાં કોઇ નહિ પણ સર હૅકટર ગ્રેહામ, ફાધર પીએર અને ગ્રેહામનો નોકર ક્લીન્ટન હતા. પહેલાએ કંઇક મેલાં કપડાં પહેર્યાં હતાં—એ મહિના પહેલાં પૅરિસના હોટલમાં એને અચાનક કેદ કરવામાં આવ્યો ત્યારે તેણે જે વસ્ત્રો પહેર્યાં હતાં તેજ હમણાં પણ હતાં. તે ફીક્કો પડી ગયો હતો—તેનો શારીરિક બાંધો પણ નબળો થયો હતો અને તેના મ્હો પર અત્યંત ચિન્તાને લીધે કરચલી પડી હતીઃ અને તેની ઉંડી ઉતરી ગયેલી આંખોમાં વૈર લેવાની આશા ચમકતી હતી તે બત્તીના પ્રકાશમાં જણાઇ આવતી. ફાધર પીએરે પણ પૅરિસના હોટ-લમાંનોજ પોષાક હમણાં પહેર્યો હતોઃ અને તે પોષાક કારકુની પોષા-કને મળતો આવતો હતો. ચાલુ વપરાશ માટે એ વસ્ત્રો હવે યોગ્ય ન્હોતાંઃ છતાં લાચારીએ ધર્મગુરૂ મહાશયને તેથી શરીર રક્ષવું પડતું હતું. પોષાકની બાબતમાં ગ્રેહામના યુવાન નોકરનો દેખાવ ઔારજ હતોઃ તે ઘણા સારા—ગૃહસ્થ જેવા પોષાકમાં સજ્જ થયો હતો. તે પદભ્રષ્ટ ધર્મગુરૂએ પણ ગ્રેહામ જેટલુંજ દુઃખ સહન કર્યું હતું. તેનું શરીર દુબળું થઇ ગયું હતું અને તેની ચિન્તા તથા ભયને લીધે કેદખાનાની હવાએ તેના મ્હોને ભૂત જેવું બનાવી દીધું હતું. હમ્ફ્રી ક્લીન્ટનનું વદન પણ ચિન્તા રહિત ન્હોતુંઃ તે પણ ઘણોજ ફીક્કો પડી ગયો હતો, કારણ કે તે "વ્હાઇટ હૅાલ પૅલેસ" માં વીલોબીની છાતીમાં ભૂલથી કટાર ભોંકી આવ્યો તે રાત્રીથી તેણે અનેક ભયંકર ચિન્તાઓનો ગુપ્ત માર સહ્યો હતો—તેના હૃદય પર તેણે કરેલાં નીચ કૃત્યની સ્મૃતિથી સાપના ડંખ જેવા કાતિલ ડંખો થતા હતાઃ તે પશ્ચાતાપ કરતો હતો—ભયંકર લાગણીઓ તેને અનુભવવી પડતી હતી. અનેક હૃદય ચીરી નાખનારા, કાતિલ—ભયંકર અને અસહ્ય વિચારો તેના કલેજાને હવે કોરી નાખતાં હતાં.

જો કે હજુ મધ્યાન્હ વીતી ગયો ન્હોતો તો પણ તે ત્રણ પુરૂષોની સ્હામેના ટેબલ પર દારૂની બાટલી અને પ્યાલીઓ પડેલી

હતીઃ પણ હમ્ફ્રી એક ટીપું પણ પીતો ન્હોતો—સર હૅક્ટર ગ્રેહામે પોતાની પ્યાલી નામનીજ ઓઠે અરાડી હતી; પણ ફાધર પીએર આંખ મીંચીને મદિરાદેવીને પોતાના પેટમાં હોમ્યો જતો હતો.

ડચેસ ઑફ ક્લીવલૅન્ડ પરના દિવાના—અન્ધ મોહને લીધે હમ્ફ્રી ક્લીન્ટને જે નીચ દુષ્ટ કૃત્ય કર્યું હતું તે તેણે પોતાના જીગરમાંજ દાટી દીધું હતું અને હજુ સુધી તે વાત તેણે કોઇને પણ જાણવા દીધી ન્હોતીઃ તેની માનસિક શક્તિ જે યુક્તિઓ શોધી શકે તેવી અમલમાં મૂકીને, અનેક મુસીબતો અને આફતોમાંથી પસાર થઇને તથા જ્યારે તેને ડચેસે પૅરિસ મોકલ્યો ત્યારે તેને દ્રવ્યની જે મોટી રકમ મળી હતી તેનો છૂટે હાથે ઉપયોગ કરીને હમ્ફ્રી સર હૅક્ટર ગ્રેહામ તથા તેના પદભ્રષ્ટ સાથી ફાધર પીએરને પૅરિસના જીવતા નર્ક જેવા કેદખાના બેસ્ટીલમાંથી મુક્ત કરવામાં વિજય પ્રાપ્ત કરી શકયો હતો. તે ભયંકર કારાગ્રહમાંથી હમ્ફ્રી પોતાના શેઠને તથા તેના સાથીને કેવી રીતે છોડાવી શકયો તેની વિગત આપવાની અમે અત્રે જરૂર જોતા નથી કારણ કે તેથી આ પુસ્તક વધી જવાનો ભય રહે છે તથા તે તે ભયંકર કારાગ્રહના સત્તાવાર રિપોર્ટમાંથી ઉતારી લીધું હોય એવું વાંચનારને લાગે એમ હોવાથી નાહક તેની વિગતોથી અમે અમારાં વાંચનારાંઓને કંટાળો આપીશું નહિ. બુદ્ધિના પ્રતાપે, સંયોગોને અનુકૂળ જેવા કાવાદાવા રચવા પડે તેવાં રચીને, લાંચીઆ અમલદારોને લાંચ આપીને હમ્ફ્રીએ બન્ને કેદીઓને કેદખાનામાંથી ન્હસાડવામાં વિજય મેળવ્યો હતો. પૅરિસના બૅસ્ટિલમાંથી કેદીઓને ન્હાસી જતાં ઘણીજ મુશ્કેલી નડતીઃ છતાં કેટલાક જણ છટકી શકયા હતા એ વાત તે ભયંકર કિલ્લાના ઇતિહાસથી માહિતગાર માણસો સારી રીતે જાણે છે. એક વાર કારાગ્રહમાંથી બહાર નીકળ્યા પછી પકડાઇ જવાની ધાસ્તી ન્હોતીઃ કારણ કે હમ્ફ્રીએ તેમને માટે પવનવેગી ઘોડાઓ તૈયાર રાખ્યા હતા. એક બંદર પર આવ્યા પછી તેઓ એક ખુલ્લા વહાણમાં બેસી બ્રિટિશ કિનારા પર આવી પહોંચ્યા અને બ્રિટનને કિનારે ઉતર્યા પછી જરા પણ વિલંબ કર્યા વિના ત્રણે જણે લંડનનો રસ્તો લીધો. લંડનમાં આવતાં વારજ તેઓ અર્લ ઑફ આર્ડેનના મૅનશનમાં ગયા તેનું કારણ એ હતું કે સર હેક્ટરને અર્લે પૂર્વે સોંપેલાં કેટલાક કામોને લીધે અર્લ પર તેનો કેટલોક દાવો હતો એટલુંજ નહિ પણ ડચેસ ઑફ ક્લીવલૅન્ડના પક્ષ-

કારોમાંથી સૌથી મુખ્ય અર્લ આર્ડેનજ હતો. અર્લ આર્ડેનની સલાહથી તેમણે સૅવૉયમાંના પીઠાંમાં પોતાનો ઉતારો રાખ્યો હતો: પણ હમ્ફ્રી ક્લીન્ટન તે રાત્રે પોતાની પ્રિયતમા બાર્બેરા વીલીઅર્સને તેણે તેને સોંપેલા કઠીન કામમાં પણ પોતે વિજયવંત થઈ લંડન પાછો આવ્યો છે એ વાત જણાવ્યા સિવાય પીઠાંમાં જઇ શકયો નહિ.

આટલા ખુલાસા પછી આપણે પીઠાંમાંના ત્રણ પુરૂષો પર નજર કરીશું. ફાધર પીએર કેદખાનામાં બીલકુલ દારૂ નહિ મળવાથી હમણાં ઘણે સમયે મળી ગયલી શરાબદેવી સાથે વ્હાલભરી મસ્તી કરી રહ્યો હતો. પ્યાલી પર પ્યાલી ખાલી થઇ તેના પેટમાં રેડાતી હતી અને તેની અસરથી તેની આંખો લાલ થઇ હતી. કર્નલ ગ્રેહામના દીલમાં શાન્તિ ન્હોતી. તેની છાતી ધડક ધડક થતી હતી. તે દારૂ પીવાનો માત્ર ઢોંગ કરતો હતો. તે પી શકતોજ ન્હોતો. અનેક ચિન્તાઓ તેના મગજમાંથી પસાર થઈ જતી હતી જ્યારે તેનો નોકર હમ્ફ્રી તેણે પોતાના શેઠને જે ભયંકર સ્થલેથી છોડાવ્યો હતો તેથી મલકાઈ તેનો સમાન મિત્ર હોય તેવી રીતે બેઠો હતો અને હવે ડચેસ પોતાનો સઘળો પ્યાર તેના પર અસ્ખલિતપણે ઢોળી દેશે એવું મોહક સ્વપ્ન જોઇ રહ્યો હતો!

"તમે દારૂ પીતા નથી, કર્નલ!—" પાદરી સાહેબે કર્નલને કહ્યું.

"જુઓ આ દારૂ કેવો મઝાનો છે? હું કસમથી કહું છું કે મ્હેં મ્હારી માતૃ ભૂમિમાં કદિ પણ આવો ઉમદા શરાબ પીધો નથી: કેદખાનામાં ઠંડા પાણી સિવાય આપણને કંઇ પણ પીવાનું મળતું ન્હોતું: માટે આજે ઉડાવો—એ ધડક ઉડાવો, મ્હારા વ્હાલા દોસ્ત!—"

"હું ઇચ્છું છું કે જલદી જલદી રાત પડે—" અધીર હૃદયે ગ્રેહામ બબડયો:

"નવ વાગે ખરૂં, હમ્ફ્રી? નવ વાગે! ડચેસ આપણને મળવાનાં છે?—"

"બરાબર નવ વાગે નામદાર ડચેસ એમ માને છે કે આપણે એવે વખતે તેમને મળવા જવું જોઇએ કે આપણને કોઈ જોઇ શકે નહિ—" હમ્ફ્રીએ જવાબ આપ્યો.

"ખરી વાત છે. હમણાં જાણે આપણે ત્રણ દેશનિકાલ થયલા હોઇએ એવી રીતે આપણને છૂપાઇ રહેવું પડશે. મ્હારા મનમાં એક અમંગલ વિચાર ભમ્યા કરે છે તે તું જાણે છે? જ્યારે આપણે ગઈ

રાત્રે લંડનમાં પહેલવહેલો પગ મૂકયો ત્યારે જાણે ઇશ્વરેજ આપણુને ઑાલિફન્ટનું મ્હોં દેખાડવાની ઇચ્છા રાખી હોય તેમ તે આપણી નજરે પડયો તે મને રૂચ્યું ન્હોતું."

"તોપણ સાહેબ! તેણે તમને જોયો હોય એ શકય નથી; કારણકે તમે ઓરડામાં ઘૂસી ગયા હતા અને જ્યારે તે દિવાનખાના આગળથી પસાર થઈ ગયો ત્યારે તમારી પીઠ તેના તરફ હતી. તેણે મને પણ જોયો હશે કે કેમ તે વિષે મને શંકા છે અને કદાચ જોયો હોય તો તેણે મને ઓળખ્યો હોય એ મને સમ્ભવિત લાગતું નથી." હમ્ફ્રી બોલ્યો.

"જ્યારે પણ ઑાલિફન્ટને માટે આપણા મનમાં કંઈ શંકા ઉત્પન્ન થાય ત્યારે હમ્મેશાં તે આપણુને નુકશાનજ કરશે એવું માની લેવું; કારણ કે એની તિક્ષ્ણુ આંખો સઘળું જોઈ શકે છે અને બીજાની યુક્તિ નિષ્ફળ કરવાની એનામાં તાકાત છે. આપણે એને દૂર ધારતા હોઇએ ત્યારે ભૂતની પેઠે તે આપણી સ્હામે આવી ઉભો રહે છે. આપણે એનાથી છૂપા રહેવા માગતા હોઇએ તો તરતજ એ આપણી નજરે પડે છે. હું ખાત્રીથી કહું છું કે તેણે તને જોયો હશે અને ઓળખ્યો પણ હશે અને તેની તીવ્ર બુદ્ધિએ જ્યાં નોકર હોય ત્યાં શેઠ હોવોજ જોઇએ એવી કલ્પના પણ કરી લીધી હશે."

"અને જો એમ હોય, સાહેબ! તોપણ તમારે શામાટે ભળતી કલ્પનાઓ કરવી જોઇએ? આપણે જનરલ ઑાલિફન્ટ વિષે ગમે તેવો અભિપ્રાય ધરાવતા હોઇએ; પણ તે ઝેરીલો કે વેરીલો તો નથી એટલી તો મ્હારી ખાત્રી છે. ઉલટો તે ઉદાર અને શૂરવીર છે. એડ-મન્ટનના બનાવ માટે તે તમારા પર વેર વાળવા ઇચ્છે એમ નથી–"

"કારણકે તેણે મને અને મ્હારા સૈનિકોને પોતાની તલવારનો આબાદ સ્વાદ ચખાડયો હતો. ઠીક. કદાચ તેના મનમાંથી મ્હારા વિચાર નષ્ટ થયા હોય. કદાચ તું કહે છે તેમ તે ઉદાર છે એ વાત પણ ખરી છે હમ્ફ્રી! અને તેથી હું લંડનમાં છું એ વાત જાણવા છતાં મ્હને પકડવા પોલિસને મોકલી તે મને પાછો "ન્યુગેટ"ની હવા ખાવા ન મોકલે એ પણ કદાચ સંભવિત છે."

"તે એવું કરે એવો મને તો જરાપણ ભય નથી. અર્લ આર્ડને આપણુને ખુલાસાવાર હકિકત કહી નથી છતાં તેણે ગઇ રાત્રે જેટલી

વાત કરી હતી તે પરથી જનરલ ઑલિફન્ટ ઘણી ગંભીર અને અગત્યની બાબતો માટે લંડન આવ્યો છે તે આપણે જાણી શક્યા છીએ. અને પોતાના અગત્યના કામમાં ગૂંથાયલો રહેવાથી તે કદાચ આપણાપર જરાપણ ધ્યાન ન આપી શકે એ પણ શક્ય છે. વળી, સાહેબ! થોડા વખતમાં તો તમે તદ્દન સલામત થઇ જશો. ડચેસ ઑફ કલીવલૅન્ડ ડચેસ ઑફ પોર્ટસ્મથને આજ્ઞા કરી પોતાની અનેક ઇચ્છાઓ અમલમાં મૂકાવી શકશે અને તેમ થતાં તમે કાયદાના પંઝામાંથી બચી જશો એટલુંજ નહિ પણ તમારી લશ્કરી પદ્વી પણ તમને પાછી મળશે—"

"હા. હા. તું કહે છે એમ જરૂર થશે, હમ્ફ્રી! તેમાં કંઇ શક છેજ નહિ." સહેજ મ્હો મલકાવી ગ્રેહામ બોલ્યો અને પછી તેણે પોતાના ગ્લાસમાંનો થોડોક દારૂ પીધો.

"આહ! પેલી સ્ત્રી લુઇ દે કેરલ પર હવે હું વેર લઇશ—"

"હા. સાહેબ! એ બલાપર તો બરાબર વેર લેવું જોઇએ. કારણકે જ્યારે પૅરિસના પોલિસ લેફ્ટન્ટે લંડનના ફ્રેન્ચ એલચી બેરીલનને થયલી ભૂલ વિષે ખબર આપી ત્યારે તમે કેદખાનામાં સપડાઇ ગયા છો એ વાત જાણી તમને ત્યાંને ત્યાંજ રહેવા દેવાનો ફ્રેન્ચ એલચી તરફથી જવાબ આવ્યો હતો એ વાત મ્હેં તમને ક્યારની જણાવી દીધી છે. હવે આપણે જાણીએ છીએ કે બેરીલન લુઇ પાય તેટલું પાણી પીએ છે અને લુઇએજ બેરીલન દ્વારા તમને બેસ્ટીલમાં રહેવા દેવાની ફ્રેન્ચ સરકારને સલાહ આપેલી હોવી જોઇએ. ફાધર પીએરને પણ એજ બલા કેદ કરાવવા મથી હતી ને?—"

"હા. ડચેસ ઑફ પોર્ટસ્મથ મારી કટ્ટામાં કટ્ટી દુશ્મન છે એ વિષે જરાપણ શંકા નથી..." ગ્રેહામ બોલ્યો અને તેના મુખપર વેર લેવાની ક્રૂર લાગણીની છાયા છવાઇ.

"તમે લુઇ દે કેરલની વાત કરો છો?—" ફાધર પીએર જે થોડીક મીનીટ પહેલાં દારૂની અસરથી ખુરશીપર બેઠો બેઠો ઝુંકતો હતો તેણે કહ્યું.

"આહ! તેણે મને બેસ્ટીલની હવા ખાવા મોકલી આપ્યો હતો; પણ હું વેર લઇશ—હું વેર વાળીશ—"

"હા. પણ પૂજ્ય ગુરૂજી! શામાટે તમે ગઇ રાત્રે અહીં આર્ડન

પાસે એ વાત ન કરવાની હઠ લીધી હતી? શામાટે તમે લુઇનો ભેદ કહ્યો ન્હોતો?–" ગ્રેહામે પૂછ્યું.

"શામાટે?—આહ! કર્નલ! મ્હેં તમને પણ હજુ એ વાત પૂર્ણ કહી નથી." તે ધર્મગુરૂ બોલ્યો.

"આમ જુઓ, સર હૅકટર! અને મારી વાત બરાબર સાંભળી લો. એ એવી વાત છે કે જે વેર વાળવા માટે પણ કહેવાનું હું પસંદ કરતો નથી. આપણે જ્યારે હોટલ દે એટ્રેન્જર્સમાં હતા ત્યારે એ વાતનો થોડોક ભાગ કેટલી મુસીબતથી તમે મ્હારા મ્હોડામાંથી કઢાવી શકયા હતા તે તમને યાદ હશે. મ્હારી સમક્ષ થયલા ગુપ્ત એકરારો પ્રકટ કરી દેવા માટે મ્હારૂં મન મને ડંખે છે. અને તમે એમ ધારો છો કે એ ડંખ હવે નાબુદ થઈ ગયો છે? એ વાત ફકત એકવાર કહી દેવાનો મેં નિશ્ચય કર્યો છે. આજે રાત્રેજ જ્યારે તમે મને તમારી મહાન્ ડચેસ પાસે લઇ જશો ત્યારે—"

"ડચેસ ઑાફ કલીવલૅન્ડને ત્યાં?—"

"હા. જ્યારે તમે મને ડચેસ ઑાફ કલીવલૅન્ડને ત્યાં લઇ જશો ત્યારે હું એ વાત પૂરી કરીશ કે જે આપણને ન્યાલ કરી નાખવા માગે છે...આહ! માસ્ટર હમ્ફ્રી!..." પાદરી સાહેબનો ગંભીર અવાજ હવે નષ્ટ થયો અને તેની જગ્યાએ કંઇક આનન્દીપણું આવ્યું. હાસ્યપૂર્ણ વદને દારૂની પ્યાલી પાછી ભરી તેણે પૂછ્યું.

"માસ્ટર હમ્ફ્રી! ડચેસના વફાદાર પક્ષકાર સર હૅકટરને બેસ્ટીલમાંથી મુકત કરવા માટે અને મને પણ એમની સાથે મુકત કરી શ્રીમતી સાથે અમુક ગુપ્ત વાતચીત કરવા માટે ઈંગ્લંડ લઇ આવવાના તમારા મહાન્ કાર્યના બદલામાં તમે શાની આશા રાખો છો?—"

હમ્ફ્રીએ પોતાનો રૂમાલ જમીનપર નાખી દીધો. પાદરીના આ સવાલથી તે મુઝાઇ ગયો—તેના મ્હોપર રાતી સુરખી દોડી આવી; પણ તે રૂમાલ ઉંચકી લેવા જમીનપર વાંકો વળ્યો એટલામાં શરમની રાતી સુરખી તેના વદનપરથી પસાર થઇ ગઇ. તેની આંખોમાં કંઇક વિચિત્ર લાગણીની છાયા હજુ હતી પણ તે કોઇ જોઇ શકે તેમ ન્હોતું. તે શાન્ત હોવાનો શકય પ્રયાસ કરી બોલ્યો.

"મ્હારા શેઠ પુનઃ મુકત થયા એટલે મને મ્હારી મહેનતનો સમ્પૂર્ણ બદલો મળી ગયલો હું માનું છું."

સર હૅક્ટર ગંભીર વિચારોમાં ડૂબી ગયો હતો—પાદરી કાકા દારૂની પ્યાલી ખાલી કરવામાં ગુલતાન હતા એટલે પાદરીના સવાલથી હમ્ફ્રીના હૃદયમાં જે મુઝવણ અને લજ્જા ઉત્પન્ન થઇ હતી તે કોઇ જોઈ શક્યું નહિ.

"ગમે તેમ હો પણ વીલોબ્બીના ખૂનમાં કંઇક ભેદ છે ખરો. શું ખરેખર રાજાને બદલે ભૂલમાં તેનું ખૂન થયું હશે?" અચાનક ગ્રેહામ બોલી પડ્યો.

"આવતી કાલે કર્નલ રમ્બોલ્ડની તપાસ થવાની છે." ઉતાવળથી હમ્ફ્રી વચ્ચે બોલ્યો. તેનો સ્વર એવો ઘોઘરો અને ભયભીત હતો તથા તેના મ્હોપર એવી ભયંકર લાગણી આ વખતે છવાઇ હતી કે જો ગ્રેહામ ગંભીર વિચારમાં ન હોત અને ધર્મગુરૂ મહાશય દારૂના બહારમાં ન હોત તો તેના ભૂત જેવા દેખાવથી તેમને ઘણી અજાયબી ઉપજી હોત!

"અને એ બદમાસ રિપબ્લીકન ફાંસીને લાકડે લટકશે." ગ્રેહામ બોલ્યો.

"પણ હું જે કહેવા માગતો હતો તે એ કે શું ખરેખર કર્નલ રમ્બોલ્ડેજ રાજાનું ખૂન કરવાના ઈરાદાથી તેના બદલામાં વીલોબ્બીની છાતીમાં કટાર ભોંકી દીધી હતી કે તે જેમ કહે છે તેમ નિર્દોષ છે અને વીલોબ્બીનું ખૂન કોઇ બીજાજ હાથે કર્યું છે!—"

"કર્નલ રમ્બોલ્ડનું એ કામ નથી એમ તમે ધારી શકો છો સાહેબ?" હમ્ફ્રીએ પૂછ્યું અને તેજ પલે તેના હૃદયમાં પ્રચંડ ઘા થયો. તે બીજો હાથ કોઇનો નહિ પણ તેનોજ હતો એ વાત સાંભરતાં તેના હૃદયને કાતિલ—અસહ્ય વેદના થઇ.

"ખરેખર તે રમ્બોલ્ડજ હોવો જોઇએ. બીજો હોઇજ ન શકે. હું એ માણસને બહાદૂર વીર ધારતો હતો; પણ નહિ. એ રિપબ્લીકનો ગમે તેવાં દુષ્ટ કૃત્ય કરવાને ડરતા નથી...વખત કેમ જલદી જતો નથી?...જલદી જલદી રાત પડે તો સારૂં કે આપણે ડચેસને મળવા જઇએ."

"આવશે—આવશે, રાત આવવીજ જોઇએ. માનવન્તા સર હૅક્ટર! તમે જો મ્હારૂં અનુકરણ કરી ડાહ્યા થઈ આ બાટલીમાંના પ્રવાહી પદાર્થનો સ્વાદ ચાખવા માંડશો તો રાત વહેલી આવશે." તે પદભ્રષ્ટ ધર્મગુરૂએ ગ્રેહામને સલાહ આપી:

"આવતી કાલે બપોરે–" એહામે પુનઃ વિચારમાલા ગૂંથવા માંડી.

"આવતી કાલે બપોરે તો ડચેસ ઑફ ક્લીવલૅન્ડ પોતાની બાજી ખેલી રહેશે. સ્હવારના પહોરમાં તે લુઈ દે કેરલને મળવા જશે અને તેને પોતાની કેટલીક ઇચ્છાઓ પ્રમાણે અમલ કરવાની આજ્ઞા કરશે. પછી લુઈનું આવી બન્યુંજ સમજવું ! તે સત્તાહીન થઇ જશે અને તેની જગ્યાએ બાર્બેરા વીલીઅર્સ એકવાર ફરીથી રાજાના હૃદય પર રાજ્ય કરશે."

આ શબ્દો સાંભળી હમ્ફ્રી ક્લીન્ટનના વદનપર હર્ષ અને વિજયના આવેશને લીધે એક અદૃશ્ય હાસ્ય ફરકી ગયું. તે વિચારવા લાગ્યો કે હવે બાર્બેરા વીલીઅર્સ પોતાના હૃદયનો પ્રેમધોધ રાજા પર નહિ પણ તેના પર ઢોળી દેશે. તે પ્રેમઘેલા યુવાનને હજુ ખાત્રી હતી કે ડચેસ તેને પ્રબલ પ્રેમથી ચાહે છે અને હવે તે તેનાં વચન પ્રમાણે હમ્ફ્રી સાથે કોઇ એકાન્ત જગ્યાએ ન્હાસી જશે અને આખી જિંદગી તેની સાથે પ્રેમમાં મસ્ત બની ગાળશે. હમ્ફ્રી સાથે સર્વ સગાં વ્હાલાં, પદ્દી તથા પતિને તજી દઈ ન્હાસી જવાનું વચન બાર્બેરાએ જ્યારે તેને તેણે પૅરિસ મોકલ્યો હતો ત્યારે આપ્યું હતું; અને બેસ્ટીલમાંના કેદીઓને મુકત કરાવવાનું કામ એટલું બધું કઠીન હતું કે હમ્ફ્રી પાછો ફરશે એવું ડચેસે ધાર્યું ન્હોતું અને કદાચ પાછો ફરે તોપણ તે વિજય પ્રાપ્ત કરી શકશે એવી જરાપણ આશા બાર્બેરાને ન્હોતી. એ વચન જ્યારે હમ્ફ્રી પોતાનું કામ પાર પાડી તેની હર્ષભરી ખબર ડચેસને કહેવા ગયો ત્યારે બાર્બેરાએ પુનઃ ઉચ્ચાર્યું હતું અને હમ્ફ્રી તેથી ઘેલો ઘેલો થઈ ગયો હતો. તે દિવાના યુવાનને દરેક જાતનાં મોહક નખરાંથી ડચેસે તે રાત્રે ચસકાવી મૂકયો હતો. તેને ચુમ્બનો કર્યાં હતાં–તેને અનેક આલિંગનો દીધાં હતાં અને અનેક જાતની પ્રેમચેષ્ટાથી તેણે હમ્ફ્રીને પોતાનો ગુલામ બનાવી રાખ્યો હતો. પણ હવે આ યુવાન તરફ કેવું વર્તન ચલાવવું તથા તેને માટે શું રસ્તો લેવો તે માટે તે રૂપગર્વિતા મનમાં ને મનમાં અનેક વિચાર કરી રહી હતી. ફાધર પીએરના આગમનની ખબર સાંભળી તેને અત્યંત આનન્દ થયો હતો અને હવે ડચેસ પુનઃ ઇંગ્લંડના મુકૂટધરની માનીતી વિલાસસખી થવાના સ્વપ્ન જોતી હતી. આહ ! જો આ સમયે હમ્ફ્રી ક્લીન્ટન તે મહત્વાકાંક્ષી સ્ત્રીના અન્તરના ગુપ્ત ભેદો જાણે, જો તેનું હૃદય તે દિવાનો યુવાન વાંચી શકે, જો

ડચેસ તેને ચાહવાને બદલે તેની આજ્ઞાથી હમ્ફ્રીએ કરેલાં કરપીણ ખૂન માટે તેને અંતઃકરણથી ધિક્કારે છે એની પણ તેને ખબર પડે અને તેની સાથે એકાન્ત જગ્યાએ ન્હાસી જઈ આખી જીંદગી તેની ગોદમાં ગાળવાને બદલે પુનઃ ડચેસ ઈંગ્લાંડના રાજ્યમંડલપર સત્તા ચલાવવાને અધીરી બની રહી છે એ બીનાની જો તે મોહઘેલા યુવાનને ખબર હોય, ડચેસ હવે તેને ગમે તે રીતે પોતાના માર્ગમાંથી દૂર કરવા માગે છે એ પણ તે બિચારો જાણી શકે તો તેના હૃદય પર કેવો ભયંકર વજ્ર પ્રહાર થાય? તેના દિવાના-મસ્ત દીલને કેવો અસહ્ય આઘાત થાય? પણ વાંચનાર! પ્રેમમાં મસ્ત થયલાં હૃદયો કદિ પણ દીર્ઘદર્શી થયલાં જોયાં છે?

પીઠાંમાંના તે ઓરડામાં લાંબો વખત સુધી મૌન છવાયું. ફાધર પીએર દારૂના નીશામાં ટૂં થઈ ઉંઘવા લાગ્યો—ડૉક્ટર ગ્રેહામ ગમ્ભીર વિચારોમાં ગુલતાન થઇ ગયો અને હમ્ફ્રી કલીન્ટન બાર્બેરા વીલીઅર્સની સૌન્દર્યમયી મૂર્તિ પોતાની આંખો સ્હામે નાચતી જોઇ રહ્યો. તે પોતાના હૃદયને ડંખતા પાપ કર્મને ભૂલી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એકદમ ગ્રેહામ જગ્યાએથી ઉભો થયો અને તે ઓરડામાં લથડતે પગલે આમથી તેમ ફરવા લાગ્યો. તેનાં પગલાંના અવાજથી ફાધર પીએર પોતાની ઉંઘમાંથી અને હમ્ફ્રી પોતાના સુખદ સ્વપ્નમાંથી જાગી ઉઠયો.

"શું છે કર્નલ?" ફાધર પીએરે પૂછ્યું.

"શું છે સાહેબ? પ્રભુને ખાતર જલદી બોલો." કલીન્ટન બોલ્યો.

"જનરલ ઑલિફન્ટ સંબંધીના અપશુકનીયા વિચાર હજુ મને ગભરાવે છે. જો મને પકડી ન્યુગેટમાં કેદ કરવામાં આવશે તો પછી ગમે તેટલા કાલાવાલા અને લાગવગ છતાં રાજા મને મુકત કરવાનો હુકમ કરી શકશે નહિ. બાર્બેરા વીલીઅર્સની ધમકીથી લુઇ દે કેરલ રાજાને ગમે તેવી વિનવણી કરશે તો પણ તે વ્યર્થ જશે. આરોપી છૂટો ફરતો હોય તેમાં અને પુનઃ પકડાઇ સલામત જેલમાં પૂરાયો હોય તેમાં ઘણો ફેર હોય છે..." ગ્રેહામ બોલ્યો.

"ગભરાવ ના, સાહેબ! ડરો ના અને મેં કહ્યું છે તે ખરૂં માનો. તમારે જનરલ ઑલિફન્ટથી ભય પામવાની કશી જરૂર નથી."

પણ હજુ આ શબ્દો તે ઓરડામાં ગુંજતા હતા તેટલામાંજ અચાનક દ્વાર ઉઘડી ગયાં અને જે વીર યોદ્ધાથી ગ્રેહામ ડરતો હતો તેજ તેની સ્હામે આવી ઉભો રહ્યો.

પ્રકરણ ૧૫ મું.

પીઠામાં શું બન્યું ?

સર હૅકટર ગ્રેહામ જનરલના અચાનક આગમનથી ઓરડામાં આમતેમ આંટા મારતો અટકી સ્તબ્ધ ઉભો રહ્યો: પણ તે એક શબ્દ પણ બોલી શકયો નહિ. બીજી બાજુએ હમ્ફ્રી કલીન્ટનના મ્હોમાંથી ભયની એક ચીસ તેની સ્હામે ઉભેલી ભવ્ય વ્યક્તિને જોઈ પડાઈ ગઈ; જ્યારે પેલો વૃદ્ધ પાદરી એકાએક તે ઓરડાનાં દ્વાર ઉઘાડી આવનાર વીર સૈનિક જેવા દેખાવના અને સુન્દર વસ્ત્રોમાં સજ્જ થયલા ગૃહસ્થને જોઇ પ્રથમ ચમકયો અને પછી તે જનરલ ઑલિફન્ટજ હોવો જોઇએ એવી તેની ખાત્રી થઈ ગઈ. આ વીર યોદ્ધા વિષે પૂર્વે આ વૃદ્ધ ધર્મગુરૂ મહાશયે ઘણું ઘણું સાંભળ્યું હતું એટલે તે તો તેને પોતાની નજર સ્હામે જોઇ તેના તરફ જોઈજ રહ્યો: પણ જનરલ પોતાની હમ્મેશની શાન્ત વૃત્તિમાં કિંચિત પણ પરિવર્તન ન થવા દેતાં ગુપચુપ દ્વાર બંધ કરી હમ્ફ્રી કિલન્ટન તરફ ફર્યો અને તેનાં ખભાં પર હાથ નાખી પ્રચંડ સ્વરે બોલ્યો.

"મ્હારી સાથે ચાલ—"

"હું તમારી સાથે આવું ?–" હમ્ફ્રી તે વીર યોદ્ધાના પંઝામાં "એંજલ" હોટલમાં સપડાયો હતો ત્યારે ઑલિફન્ટની પીસ્તોલથી થર થર ધ્રુજી ગયો હતો તે પુનઃ ઑલિફન્ટની સાથે જવાની વાત સાંભળી થર થર કમ્પતો બોલ્યો.

"હા–" તે યોદ્ધાએ સત્તાશીલ અમલદાર જેવા સ્વરે જવાબ આપ્યો. તેનામાં પોતાની આજ્ઞાનું પાલન કરાવવાની અજબ શક્તિ ભરેલી હોયની એવીજ રીતે તે આવે વખતે વાત કરતો.

"ત્હારે મ્હારી સાથે આવવાનું છે અને તમારે પણ ફાધર પીઅર ! તમારે પણ હું તમને જ્યાં લઇ જાઉં ત્યાં મ્હારી સાથે આવવું પડશે—"

"કયા હક્કથી જનરલ ઍાલિફન્ટ?–" હૅક્ટર હવે પોતાની સઘળી ચિન્તા તજી દઇ હિમ્મતથી પ્રખર સ્વરે બોલ્યો.

"કયા હક્કથી તમે આ બે માણસોને જાણે તમે તેમને પકડવાનો કાયદાસર હૂકમજ ધરાવતા હો તેવી રીતે તમારી મરજી પડે ત્યાં લઈ જવાની વાત કરો છો? તમારી પાસે કાયદેસર લેખિત હૂકમ ન હોવા છતાં તમે કયા હક્કથી તેમને આજ્ઞા કરો છો?"

"હું હમણાં જે આજ્ઞા કરૂં છું તેને માટેના મ્હારા હક્ક વિષે જો તમે પ્રશ્ન પૂછવાની હિમ્મત કરી શકતા હો, સર હૅક્ટર ગ્રેહામ! તો હું તમને પૂછું છું કે જ્યારે ન્યુગેટ કેદખાનાના લોખંડી દરવાજા તમને આવકાર આપવાને આતુર થઇ રહ્યા છે ત્યારે તમે કયા હક્કથી અહિં આ પીઠાંમાં મોજ કરો છો?" તે બહાદૂર વીરલાએ બેપરવાઇથી શાન્ત સ્વરે જવાબ આપ્યો.

"તમારે જાસુસીનો ધંધો કરવો હોય તો કરો–તમારે જોઇએ તો મ્હારા આ સ્થળની પોલિસ અમલદારને ખબર આપો–પોલિસને અહિં બોલાવી લાવી મને કેદ કરી, જાવ–પણ બસ! એટલુંજ તમે કરી શકશો! તમે આ બે જણપર જોરજબરી કરી શકશો નહિ... આ બે જણને તમારી સાથે લઇ જઇ શકશો નહિ–" સર હૅક્ટર બોલ્યો.

"કોઇપણ બાબત માટે બહુ ખાત્રી ના રાખો, સર હૅક્ટર! હું ખાત્રીથી કહું છું કે એ બે જણ મ્હારી સાથે આવવાની ના પાડી શકશે નહિ. એ બે જણ મ્હારી સાથે આવે તો મને તમારી સાથે કંઇ લાગતું વળગતું નથી. તમારે જ્યાં જવું હોય ત્યાં તમે જવા મુખ્ત્યાર છો. હું તેમાં વચ્ચે પડીશ નહિ."

"જ્યારે હું તમારી મહેરબાની માગવા આવું ત્યારે દાન કરવા માટે તે તમારી પાસે હમણાં ભરી રાખો–" સર હૅક્ટર ગુસ્સા અને વૈરની લાગણીથી લાલચોળ થઈ બોલ્યો.

તે વજ્રબાહુ યોદ્ધાએ સર હેક્ટરને કંઇ જવાબ આપ્યો નહિ. પણ હમ્ફ્રી તરફ જોઇ પુનઃ તે ગમ્ભીર સ્વરે બોલ્યોઃ

"છોકરા! મ્હારી સાથે ચાલ—"

"હમ્ફ્રી!–" હૅક્ટર ગ્રેહામ ક્રોધથી બરાડ્યો.

"મ્હારે તને આજ્ઞા કરવાની જરૂર નથી કારણ કે ત્હારી મ્હારા પર ઘણી પ્રીતિ છે."

"હમ્ફ્રી કલીન્ટનને મ્હારી સાથે આવવુંજ પડશે." એમ કહી
ણે પોતાનું મ્હો હમ્ફ્રીના કાન સુધી નમાવ્યું અને તે પછી અત્યંત
ધીમા સ્વરે ઑલિફન્ટ બોલ્યો.

"વ્હાઇટ હૅાલ પૅલૅસમાંના જે ખંજરે વીલોબીનું ખૂન કર્યું હતું
તે ખંજરને આધારે હું તને મ્હારી સાથે આવવાનો હુકમ કરૂં છું."

આટલા શબ્દો કહી જનરલ ઑલિફન્ટ સ્થિર ઉભો રહી તે
જુવાન તરફ નિશ્ચિત નજરે જોઇ રહ્યો. એ જાદુઇ શબ્દો સાંભળ્યા
પછી હમ્ફ્રી કલીન્ટનનું વદન ભૂત જેવું ફીકકું પડી ગયું. તેના વદન પર
ભયંકર નિરાશા અને ભયની લાગણી ફરી વળી. ભાષામાં તેનો આ
વખતનો દેખાવ વર્ણવવાની શક્તિ નથી. તેના મ્હોમાંથી એક ધીમી
ત્રાકજનક ચીસ નીકળી પડી અને તે બન્ને હાથ જોડી ઑલિ-
ફન્ટને ચરણે પડી તેની દયા યાચવાની તૈયારીમાં હતો એટલામાં
જનરલ ઑલિફન્ટ તેના હૃદયમાં ચાલતા ભયંકર વિચારો સ્હમજી
ગયો અને પીઠાંમાં કોઇને પણ સત્ય ઘટનાની ખબર ન પડે એવા
હેતુથી હમ્ફ્રીનો હાથ પકડી પુનઃ ધીમા સ્વરે બોલ્યોઃ

"અહિં ચૂપ રહે, કમનસિબ! તદ્દન ચૂપ રહે."

હમ્ફ્રી કલીન્ટને થોડાક શબ્દો બોલવાનો પ્રયત્ન કર્યોઃ પણ તે
બોલી શકયો નહિ. તેની વાચાજ બંધ થઈ ગઇ. ભયંકર દુઃખી
લાગણીઓથી તેનું ગળું રૂંધાઇ ગયું અને એક ખુરશી પર બેસી
જઈ તે જોસથી દમ લેવા લાગ્યો.

સર હૅકટર ગ્રેહામ તેને ભારે અજાયબીની લાગણીથી તથા ક્રાધર
ગીએર અત્યંત ભયચકિત થઇ જોઇ રહ્યો. જ્યારે પણ ઑલિફન્ટ
દેખાવ દેતો ત્યારે પાપી કાળજાં ધડકતાં અને પસ્તાનારને માફી
મળતી. તે અસામાન્ય શક્તિવાળો માણસ હતો. પ્રતિષ્ઠાના મૂર્તિમંત
સ્વરૂપ જેવોજ તે હતો. તેની મિત્રતા મિત્રોને મગરૂર થવા જેવી
અને શત્રુતા શત્રુને માટે ભયંકર હતી. તેના પ્રબલ આત્માની ન્યાય
પ્રિયતા, પવિત્રતા અને પ્રમાણિકતાને લીધે અપવિત્ર, અન્યાયી અને
જૂલમી મનુષ્યોના આત્માઓ તેને જોતાંજ ઝાંખા પડતા અને અરધો
વિજય તેને એમજ મળી જતો. ગુનેહગાર કે અન્યાયી તેની આંખો
સ્હામે જોઈ શકતોજ નહિ. તે એવી અસામાન્ય શક્તિવાળો પુરૂષ
હતો કે જેને જોતાં કોઇનું અન્તર આનન્દથી ઉભરાઇ જતું અને

ટલાકો એને જોતાંજ જાણે કંઇ ભયંકર રોગ થઇ ગયો હોયની તેમ
મવાફ્ બની જઈ એની સત્તાનો સ્વીકાર કરી લેતા!

આમ હોવાથી ફાધર પીએર ઑલિફન્ટને જોઇ ભય પામ્યો
માં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી; કારણ કે એક તો તે ગમ્ભીર
કરાર તોડવાના પાપ માટે ભયંકર કેદખાનામાં રખેને જવું પડે
વા ભયથી ધ્રુજતો હતો અને બીજું ફ્રેન્ચ રાજનગરથી ઇંગ્લીશ
ટનગર સુધીની મુસાફરીથી તેની શારીરિક શક્તિનો સમૂળો ભૂકો
ઇ ગયો હતો એટલે જો કે હમ્ફ્રી શાને લીધે ભૂત જેવો થઈ ગયો
ને તે પદભ્રષ્ટ પાદરી જાણતો હતો નહિ તો પણ હમ્ફ્રીને ધ્રુજતો
ઇ તે ધ્રુજ્યા વિના રહી શક્યો નહિ. વળી ઑલિફન્ટના આગમન
ર્વે તેણે પીધેલા દારૂની અસરથી તે મુઝાઇ રહ્યો હતો—તેના મનમાં
રી દશામાં પણ તે કંઇ કંઈ વિચાર કરતો હતો તેવામાં એકાએક
રણું ઉઘાડી ઑલિફન્ટે તેનું નામ દઈ તેને બોલાવવાથી તેને
નેક તર્કવિતર્ક થવા લાગ્યા. ઑલિફન્ટે તેને ફાધર પીએર કહી
બોધવાથી આજે રાત્રે તે ડચેસ ઑફ ક્લીવલૅન્ડ આગળ જે વિશ્વાસ-
ાતનું મહા પાપ કરવાનો હતો તે માટે તેને સજા કરવા કોઇ અમ-
દારજ આવ્યો હોયની એવું લાગવાથી ફાધર પીએરના હોંસ કોંસ
ડી ગયા હતા અને એમ બને એ સમ્ભવિત પણ છે.

"સાહેબ! તમે પણ મ્હારી સાથે ચાલો" પોતાની આંખો તે
ગાળ પાદરીના વદન પર સ્થિર કરી ઑલિફન્ટ દૃઢ સ્વરે બોલ્યો.

"નહિ. નહિ. કદિ પણ એમ નહિ બનશે." સર હૅક્ટર
હામે બરાડ મારી. તેણે જોઈ લીધું કે જો તે પદભ્રષ્ટ ધર્મગુરૂ
ના હાથમાંથી છટકી જશે તો પછી લુઇનો ભેદ કદિ પણ પ્રકાશમાં
ાવશે નહિ અને કદાચ આવે તો તેથી તેને પોતાને કંઈ લાભ
શે નહિ.

"કંઇ નીચ કાળી યુક્તિથી તમે મ્હારા નોકરને વશ કરી
ીધો છેઃ પણ તમારા હીચકારા જૂલમથી હું આ વૃદ્ધ ધર્મ ગુરૂનું
ક્ષણ કરીશ."

"સર હૅક્ટર ગ્રેહામ! ઑલિફન્ટને હીચકારો કહેનારો આ
ગતમાં તુંજ એકલો છે..."

ગ્રેહામના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે પોતાનો ઓષ્ઠ કરડ્યો.
ઑલિફન્ટે તેને "એંજલ" મુસાફરખાનામાં દ્વંદ્વ યુદ્ધમાં જખમી

કરી તેને સંપૂર્ણ પરાજિત કર્યો હતો અને ઍાલિફન્ટે ધિક્કારથી જે શબ્દો હમણાં તેને કહ્યા તેથી તેણે ગ્રેહામને પરોક્ષપણે ઍંજલમાં ગ્રેહામની કેવી દશા થઇ હતી તેનુંજ સ્મરણ કરાવ્યું હતું.

"બદમાસ !...તું અહિં હૂકમ ચલાવી શકશે નહિ. ચાલ, કાળું કર—અહિંથી ચાલ્યો જા..." છેલ્લે પાટલે બેસી ગ્રેહામ બરાડ્યો.

આટલું કહી દાંત કચકચાવતો તે ઍાલિફન્ટના શરીર પર ધસી ગયો. તેની આંખોમાંથી અગ્નિ વરસતો હતો અને તેના હાથો જનરલ ઍાલિફન્ટનું ગળું દાબી દેવા ટળવળી રહ્યા હતા. તેણે પોતાના બન્ને હાથોએ જનરલ ઍાલિફન્ટનો ડગલો ગળામાંથી જોસથી પકડ્યો: પણ બીજીજ પલે તેના વીર શત્રુએ પોતાના ડાબા હાથે સર હેક્ટરનો જમણો હાથ એવા જોસથી પકડ્યો અને પોતાની પ્રચંડ શક્તિના પ્રતાપે તેણે ગ્રેહામને જોસથી ઘૂમાવી એવો ધક્કો માર્યો કે તે ધબ દઇ જમીન પર પટકાઇ પડ્યો !

"હવે, સાહેબ !—" ઍાલિફન્ટે ફાધર પીએર તરફ જોઇ જાણે મારામારી કે બોલાચાલી જેવું કંઈ પણ ન બન્યું હોય તેમ અત્યંત શાન્ત સ્વરે કહ્યું.

"તમે મારી સાથે ચાલો: અને જો મ્હારી આજ્ઞાને વશ થવા પહેલાં જો તમે મ્હારી શક્તિનો કંઇક વધુ પુરાવો માગતા હો તો મ્હારી પાસે આવો. હું તમને એક વાત કહું !—"

તે વૃદ્ધ પાદરી ગ્રેહામની અને ઍાલીફન્ટની મારામારી વેળાએ ખુરશી પરજ બેસી રહ્યો હતો તે હવે ઍાલિફન્ટ પાસે ગયો અને ઍાલિફન્ટે પોતાનું મસ્તક તેના કાન સુધી નમાવી ધીમા સ્વરે કહ્યું:

"જો તમે મ્હારી સાથે આવવાની ના પાડશો તો મોંસ્યોર દે બેરીલન, ઇંગ્લંડના ફ્રેન્ચ પ્રતિનિધિ બેસ્ટીલમાંથી ન્હાસી જવા માટે તમને પાછા ફ્રેન્ચ સરકારને સોંપી દેવાની માગણી કરશે અને રાજા તરતજ એ માગણીના બદલામાં તમને બેસ્ટીલની હવા ખાવા પાછા ફ્રાન્સ મોકલી આપશે.—"

નિરાશ—હતાશ—વિનીત આંખોએ તે પદભ્રષ્ટ પાદરીએ આ શબ્દો સાંભળી જનરલ તરફ જોયું. એ વખતે સર હૅક્ટર ધીમેથી, જમીન-પર પછડાવાથી તેના શરીરને લાગવાથી કંઇક દુઃખી થતો ઉભો થયો. તે પણ હવે હિમ્મત હારી ગયો. કેટલાક સંયોગો એવા હોય છે કે જ્યારે શૌર્ય પૂર્ણ હૃદયો પણ નિરાશ થઇ જાય છે. ખાસ

ફરી જ્યારે એવા શૂરવીરોના શૌર્યની પરિક્ષા થઇ જાય અને તેમાં તેને હાર મળે તે પછી તેનું શૌર્ય તેના વિજેતા આગળ ઝંખવાઇ જાય છે. સર હૅક્ટર ગ્રેહામને જનરલ ઑલિફન્ટની સમશેરે "એંજલ" હોટલમાં પહેલવહેલા હરાવ્યો હતો. વળી ગ્રેહામને તેના બાર સૈનિકો સાથે જનરલે લૉરેન્સ લી અને હેન્રી બીટન ફક્ત બેજ જણની સહાયથી ધૂળ ચાટતો કર્યો હતો અને રથને ઉપાડી જવાની તેની આશા પર પાણી ફરી વળ્યું હતું. હમણાંજ તે તે વજ્ર બાહુ યોદ્ધાના શારિરિક બલનો સ્વાદ ચાખી ચૂકયો હતો: એટલે હવે દરેક રીતે તે હારી ચૂકયો હતો અને ઑલિફન્ટ દરેક રીતે તેનાથી વધુ શક્તિવંત પૂરવાર થયો હતો. હવે એક પણ એવી જાતનું યુદ્ધ ન્હોતું કે જેમાં તે ઑલિફન્ટને આવાહન કરી પોતાની શકિત બતાવે. એક પણ એવી યુક્તિ ન્હોતી કે જેમાં તે ઑલિફન્ટને ફસાવી પોતાનું વૈરભૂખ્યું હૃદય શાન્ત કરે. તેને હવે એમજ લાગવા લાગ્યું કે જનરલ ઑલિફન્ટમાં કંઇકિ દૈવી શકિત છે અને તે શકિતને પ્રતાપેજ તે હમ્મેશાં વિજય પ્રાપ્ત કરે છે. આ વિચાર પલેપલે તેના મનમાં પ્રબલ થતો ગયો અને તેની હિમ્મત ખૂટી ગઇ. તેને એક જાતનો ભય લાગવા લાગ્યો. જનરલ તરફ જોવાની પણ તે હિમ્મત કરી શકયો નહિ. તે એક ખૂણામાં જઇ અદબવાળી જે થવાનું હશે તે થશે એવો નિશ્ચય કરી બેઠો અને જેમ એક મનુષ્ય શયતાનને શરણે ગયા પછી કશાની પરવા કરતો નથી તેમ ઇંગ્લંડમાં ભલે પોતાને પુનઃ કેદમાં જવું પડે એવો વિચાર કરી છેલ્લે પાટલે બેસી ગયો!

"ચાલો–" ઑલિફન્ટે હમ્ફ્રી ક્લીન્ટન તથા પેલા પાદરી તરફ નજર ફેરવી કહ્યું.

બન્ને પોતાની બેઠક પરથી ઉભા થયા અને ઑલિફન્ટે હાથનો ઇસારો કરી તેમને આગળ ચાલવાની સૂચના કરી. બન્ને કંગાળ ગ્રેહામ પર નજર ફેંકવાની પણ જતી વખતે હિમ્મત કરી શકયા નહિ. તેઓ ચાવી આપેલા પૂતળાંની પેઠેજ જનરલની આગળ ચાલ્યા. ઑલિફન્ટે તેમને પોતાની અસામાન્ય શકિતથી જાદુજ કર્યું હોયની તેમ ઉભય ચુંકે ચાં કરી શકયા નહિ. આવી પૂતળા જેવી સ્થિતિમાં તેઓ પીઠાંમાંથી બહાર નીકળ્યા. બહાર તેમનો ગરમાગરમ સત્કાર કરવાને સર જોસફ લૅમ્બટન અને સર હેન્રી બીટન ઉભા હતા. પોતાના વીર નાયકનો સંકેત થતાંજ તેમણે જનરલની સાથે

આવેલા બે માણસોનો કબજો લીધો. લૅમ્બટને ક્લીન્ટનને પોતાની બાજુમાં ચાલવાની આજ્ઞા કરી અને ન્હાસી જવાનો પ્રયત્ન કરવો તદ્દન વ્યર્થ છે એવી સૂચના પણ તેજ વખતે આપી દીધી; હેન્રી બીટને ફાધર પીએરને એવીજ સુચના આપી પોતાની સાથે ચાલવાનો હુકમ કીધો.

જનરલ ઑલિફન્ટ, તેનાં બે અંગરક્ષકો અને પેલા બે કેદીઓને રસ્તા પર છોડી અમે વાંચનારને પુનઃ સર હૅક્ટર ગ્રેહામના ઓરડામાં લઇ જવા માગીએ છીએ. તે એકલો પડયા પછી કેટલીક મિનિટ સુધી એક ખૂણામાં એક ખુરશી પર અદબ વાળી બેસી રહ્યો. તેની નજર જમીન પર હતી અને તેનું હૃદય અત્યંત શોકગ્રસ્ત વિચારોથી ઘેરાઇ ગયું હતું. જાણે કુદરતજ તેનાં કાળાં કામોમાં તેને પરાજિત કરવા ખાઇ પીને મંડી હોય એવું તેને લાગ્યું. તે અત્યંત નિરાશ થઇ ગયો. વાંચનાર જો તેની સ્થિતિ પર પૂર્ણ વિચાર કરશે તો તેને તરતજ જણાઇ આવશે કે તેની સ્થિતિ ઘણીજ કંગાળ થઇ ગઇ હતી. ફાંસીનું લાકડુંજ તેને માટે રાહ જોતું ન્હોતું. બાકી બીજી સર્વ પ્રકારની સજા તેને થઇ ચૂકી હતી. તેણે અંગ્રેજી સેનામાંની અમલદારી ગુમાવી હતી. તેની પાસે હમણાં ગુજરાનનાં કશાં સાધન ન હતાં. જો તે જાહેર રસ્તાઓ પર કોઇની નજર પડે તો એડમન્ટનમાં એક પરણિતાનું હરણ કરવાના જૂલમી પ્રયાસ માટે અને ફ્રેડ્રીક સેલ્બીપર ખુની હુમલો કરી ન્હાસી જવા માટે તથા "ન્યુગેટ" કેદખાનામાંથી ભાગી જવા માટે તેને પોલિસ અમલદારો પકડીને કેદ કરવા તૈયાર હતા. તે હવે ફ્રાન્સ ન્હાસી જવાની પણ હિમ્મત કરી શકતો ન્હોતો કારણ કે ત્યાં પણ પૅરિસનું ભયંકર નર્કસ્થાન–બેસ્ટીલ પોતાના આ વ્હાલા મહેમાનની મહેમાનગીરી કરવા માટે ટવળી રહ્યું હતું! તે રાજાને ચરણે પડી દયા યાચી શકે તેમ ન્હોતુંઃ કારણ કે તે જાણતો હતો કે રાજા તેની સ્હામે ઘણોજ ગુસ્સે થયો હતો. વળી લુઇ દે કેરલ તેની કટ્ટામાં કટ્ટી દુશ્મન હતી અને તેથી જ્યાં સુધી ઇંગ્લંડના રાજ મહેલમાં લુઇનું યૌવન તથા સૌન્દર્ય રાજ્ય કરતું હોય ત્યાં સુધી ગ્રેહામ મહાશયને ક્ષમા મળે અથવા તે ઇંગ્લંડમાં સુખ શાન્તિમાં રહી શકે એ અશક્ય હતું. ત્યારે હવે તેણે શું કરવું ? કયો રસ્તો લેવો ? આવા વિચારમાં એક વેળાનો આનન્દી, વિલાસી અને બહાદૂર બ્રિટિશ અમલદાર ગ્રેહામ હમણાં ચિન્તા, નિરાશા અને કંગાલ્યતથી લગભગ મરી જેવો ગયો હતો.

ખુરશી પરથી ઉઠી તે અસ્થિર પગલે ઓરડામાં આમથી તેમ આંટા મારવા લાગ્યો. વચમાં વચમાં તે ઉભો રહેતો અને નિરાશ મનુષ્યોની પેઠે પોતાના હાથે આંખો દાબતો. એટલામાં ઓરડાનાં બારણાં ઉઘાડી પીઠાંનો માલીક અંદર આવ્યો.

" તમે અહિં વધુ દિવસ રહેવા માગો છો, સાહેબ ? " પીઠાં-વાળાએ પૂછ્યું.

" રહેવાનો છું ?–" ગ્રેહામ આ સવાલથી અજબ થઈ બોલ્યો અને બીજીજ પલે તે પીઠાંવાળાપર ખીજવાઇ ગયો કારણકે તે એવા સ્વભાવનો માણસ હતો કે જે દુઃખમાં પ્રથમ જે નજરે પડે તેના પર પોતાના ક્રોધનો ઉભરો ખાલી કરી નાખે !

" તમને આવો સવાલ પૂછવાનું શું કામ છે ? " તેણે ગુસ્સા ભર્યા અવાજે પૂછ્યું.

" કામ કેમ નહિ ? " કંઇક અવિનયી સ્વરે પીઠાંવાળો બોલ્યો.

" મને મ્હારા ઘરમાં મ્હારી મરજી મુજબ વર્તવાનો હક્ક છે. મ્હારે ત્યાં ત્રણ જણ રહેવા આવ્યા છે અને મને પોતાનાં નામ આપતા નથી. તેમની પાસે કંઈ સરસામાન નથી કે કંઇ નહિં; અને તેમાંનાં બેનાં કપડાં તો ઘણાંજ ગંદાં છે–" પીઠાંવાળાએ એ બેમાં ગ્રેહામ અને પાદરીને ગણ્યા હતા.

" બેશરમ હરામખોર ! તું ત્હારૂં કામ કર–ચાલ કાળું કર અહિંથી. " સર હૅક્ટરે ક્રોધથી બરાડ મારી.

" હું ચાલ્યો જઇશ તમે જ્યારે મ્હારા પૈસા આપી દેશો ત્યારે." પીઠાંવાળાએ સ્હામો જવાબ આપ્યો.

" તમારા બે સાથીઓ એવી રીતે ચાલ્યા ગયા છે કે તેઓ પાછા ફરે એવું હું ધારતો નથી; કારણ કે મહાન જનરલ ઑલિફન્ટ–આહ ! એવા નામાંકિત પુરૂષ મ્હારા પીઠાંમાં આજે પધાર્યા તેમાં હું મ્હોટું માન મળેલું સમજું છું..." વાતમાં ને વાતમાં પીઠાંવાળાએ જનરલ ઑલિફન્ટની પ્રશંસા કરી. ગ્રેહામને તેથી બળતામાં ઘી હોમવા જેવું લાગ્યું.

" મહાન જનરલ ઑલિફન્ટના બે માણસો રસ્તામાં ઉભા હતા અને તેઓ તમારા બન્ને સાથીને પકડીને લઇ ગયા છે એટલે મને લાગે છે કે અવશ્ય દાળમાં કંઇ કાળું હોવું જોઇએ. આથી જો તમે અત્યાર સૂધીના મ્હારા પૈસા ચૂકવી દેશો તો હું તમારો મ્હોટો આભાર માનીશ."

ભયંકર ક્રોધની લાગણી સહિત ગ્રેહામે પોતાના ગજવામાં હાથ નાખ્યો પણ તેમાં એક સિક્કો પણ ન્હોતો. તેને પૅરિસમાં કેદ કરવામાં આવ્યો ત્યારે તેની પાસે જે પૈસા હતા તે પોલિસ તરફથી લઇ લેવામાં આવ્યા હતા અને બેસ્ટીલમાંથી ન્હાસી છૂટયા પછી મુસાફરી આદિનો સઘળો ખર્ચ કલીન્ટને બાર્બરા વીલીઅર્સે તેને આપેલા પૈસામાંથી કર્યો હતો. પોતાના ગજવામાં હાથ નાખ્યા પછી સર હૅકટરને પોતાની ભીખારી દશાનું ભાન થયું. તે જાણતો હતો કે તેની પાસે પૈસા નથી; પણ પીઠાંવાળાના બીલ જેટલા પૈસા પણ તેના ગજવામાં નહિ હશે એવું તેને લાગ્યું ન્હોતું.

"મ્હેં એમજ ધાર્યું હતું—" પીઠાંવાળો ટેબલપર હાથ પછાડી બોલ્યો. "મને લૂટારાની પેઠે તમે લૂંટયો છે—"

"રહેવા દો તમારૂં જંગલીપણું! તદ્દન અસભ્ય નહિ બનો!—" ગંભીર અવાજે કંઇક વિચાર આવતાં સર હૅકટર બોલ્યો.

"મને ખડીઓ, કાગળ ને કલમ આપો—એક માણસ મેળવી આપો—અને હું હમણાં તમને પૈસા મેળવી આપીશ—"

સર હૅકટર જે ગંભીર અવાજે બોલ્યો તે સાંભળી પીઠાંવાળો કંઇક નમ્ર થયો; અને પોતે ઘણો ફાસ્ટ ગયલો હોય એવું લાગવાથી તે હવે પોતાના માનવન્ત પરોણાની માફીપર માફી માગવા લાગ્યો. તે બોલ્યો.

"મહેરબાન સાહેબ! માફ કરશો; પણ સાહેબ! જમાનો ખરાબ છે. તમે જાણો છો કે આજકાલ લોકો ઘણા લુચ્ચા થઇ ગયા છે. અમને હાલમાં બધાપર ઘણી બારીક નજર રાખવી પડે છે, કારણ કે આજકાલ દેવાળીઆઓ એટલા બધા વધી પડયા છે કે તેઓ હોટલવાળાઓને રડાવવાને માટેજ એક હોટલમાંથી બીજા હોટલમાં રહેવા જાય છે અને એક પેની પણ પરખાવ્યા વિના છૂ થઇ જાય છે. તમે એવા હશો એવું મ્હેં ધાર્યુંજ ન્હોતું. ઉલટું મ્હેં મ્હારી બાઇડીને કહ્યું હતું કે તમે ઘણા ખુબસુરત ગૃહસ્થ છો—પણ જુઓ સાહેબ!—"

"નકામી લવરી રહેવા દો ને મને લખવાનાં સાધનો આપો—" પીઠાંવાળાની લાંબી પ્રસ્તાવનાથી કંટાળી ગ્રેહામ ગુસ્સે થઇ પગ પછાડી બોલ્યો.

તેની આજ્ઞા પ્રમાણે તેને લખવાનાં સાધનો પીઠાંવાળાએ લાવી આપ્યાં અને ગ્રેહામે ઉતાવળથી તરત થોડાક પૈસા મોકલવાની એક વિનિત ચીઠ્ઠી અર્લ આર્ડન પર ચીતરી કાઢી. તે ઉશ્કેરાયલો અને નિરાશ થયલો હતો તેથી તે ઉશ્કેરાટના આવેશમાં જે સાવધાની રાખવી જોઇએ તે પણ રાખી શક્યો નહિ. તેણે પત્રની નીચે પોતાના ખરા નામે સહી કરી એટલુંજ નહિ પણ પીઠાંવાળાના કરજમાંથી મુક્ત થવાની ઉતાવળમાં તેણે તે પત્ર પરબિડિયામાં એવી રીતે બંધ કર્યો કે તે લઇને દાદર ઉતરતાં તો તે ઉઘડી ગયું.

"આ બધા મિથ્યા ઢોંગ છે—છેતરપીંડી છે. એક પેની પણ તમને મળવાની નથી." પીઠાંને આગલે બારણે પીઠાંવાળાની બૈરી ઉભી હતી તેણે કહ્યું.

"એમ ન બોલ, વ્હાલી! તને ખબર છે કે આ કાગળ ધી રાઇટ ઑનરેબલ અર્લ ઑફ આર્ડન પર લખાયલો છે...શાબાશ છે મ્હારી ચાલાકીને! વ્હાલી! જો તો ખરી! આ વાંચ તો ખરી!—"

"અરે! વાહ વાહ! આપણો બેડો પાર! આપણે કોઇ મોટા માણસનું અપમાન કર્યું હોય એમ લાગે છે! છૂપા વેષમાં એ કોઇ મહાન્ માણસ હોવા જોઇએ! કોને ખબર છે એ કોણ હશે? કદાચ ગુપ્ત વેષમાં કોઇ ડ્યુક પણ હોય! મોટા જાગીરદાર હોય! કોણ હશે એ?—"

"આપણે હમણાંજ તે જાણી શકીશું—" આમતેમ નજર ફેંકી તે કાગળ ઉઘાડતો પીઠાંવાળો બોલ્યો.

"ઉઘાડો—ઉઘાડો. આપણી ખાત્રી કરવા માટે એ પત્ર વાંચવામાં કંઇ અયોગ્ય નથી. જો તે કોઇ મ્હોટો માણસ હશે તો પછી તમે ઉપર જઇ અત્યંત દીન સ્વરે તેમની માફી માગી આવજો અને એ માનવંત ગૃહસ્થ ભોજનમાં શું શું આરોગવા ઇચ્છે છે તે એમને પૂછવા માટે હું મ્હારાં સુન્દર વસ્ત્રો પહેરી બની ઠનીને એમની પાસે જઇશ—" પીઠાંવાળાનાં વ્યવહારનીપુણ પત્નિ બોલ્યાં.

"જરૂર—જરૂર—એમાં કંઇ હાનિ નથી! નહિ. નથીજ—ઉઘાડું?"

"હા—હા. ઉઘાડોને—એમાં કંઇ નહિ."

"ચાલ ત્યારે ઉઘાડું છું......લે જો! એમનું નામ હેક્ટર ગ્રેહામ!—" પીઠાંવાળો કાગળ ઉઘાડી સહી વાંચી બોલ્યો.

"સર હૅક્ટર ગ્રેહામ ?–" પીઠાંવાળાનો શબ્દ સાંભળી એક ઉંચો ગૃહસ્થ જે પોતાના એક મિત્ર સાથે પીઠાંમાં ભોજન લઇ બહાર જતો હતો તે એકદમ બોલી ઉઠયો.

"સ–સ–સાહેબ !–" કોઇનો ખાનગી પત્ર વાંચતાં પકડાઈ જવાથી અત્યંત મુઝાઇ તથા શરમાઇને પીઠાંવાળો બોલ્યો.

"હું એ નામ બોલ્યો—"

"તમે કંઇ ખોટું કર્યું નથી–ઉલટું સારૂંજ કર્યું છે. કયાં છે તે ? તમારા ઘરમાં ?–મનેજ જોવા દો ! લાવ !–" કહી તેણે પીઠાંવાળાના હાથમાંથી તેની અજાયબી વચ્ચે તે પત્ર ખૂંચવી લીધો.

"આહ ! આબાદ સપડાયો ! " તે બોલ્યો.

"હવે. ચુપ રહો તદ્દન ! મહારાજાને નામે હું તમને બન્નેને મૌન રહેવાની આજ્ઞા કરૂં છું. " તે પીઠાંવાળા તથા તેની પત્નિ તરફ જોઇ બોલ્યો.

તે ગૃહસ્થ પછી પોતાના યુવાન મિત્ર તરફ ફર્યો. તે પણ તેના જેટલીજ ઉમ્મરનો–બાવીસેક વર્ષનો હતો. બન્નેએ થોડીક પલ વાત કરી–પીઠાંવાળો અને તેની વ્હાલી સ્ત્રી આ ઘોટાળો શું છે તેની જરાપણ કલ્પના ન કરી શકવાથી એકમેક તરફ જોઇ રહ્યાં.

"અમે જેમ બનશે તેમ શાન્તિથી, વિનયથી અને જરાપણ ધાંધલ વિના અમારૂં કામ કરીશું..." પુનઃ પેલો યુવાન પીઠાંવાળા તથા તેની પત્નિને સંબોધી બોલ્યો.

"એક ગાડી મંગાવો ને તેને બારણા આગળ ઉભી રાખો–કંઇપણ ગડબડ ન કરો. સર હૅક્ટર ગ્રેહામનું બીલ હું ચૂકવીશ–"

"ત્યારે તમે એ ગ્રેહામનું જે કરવા માગો તે કરી શકશો–" પૈસા મળવાની ખાત્રી થવાથી પીઠાંવાળાની પત્નિના જીવમાં જીવ આવ્યો,

"હા–હા. અમને પૈસા મળે તો પછી તમે એને જહન્નમમાં લઇ જાવ તેની અમારે દરકાર નથી. "

પેલા યુવાને પીઠાંવાળાને ગ્રેહામનો ઓરડો કયાં છે તે બતાવવાની આજ્ઞા કરી, અને પોતાના મિત્ર સાથે તે ત્યાં ગયો. દાદર પર ચઢતી વખતે બંનેએ પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી. અચાનક બારણું ઉઘાડી બંને અંદર ઘુસ્યા અને પેલો લાંબો ગૃહસ્થ ઉંબર પર જઇ ઉભો તેજ પલે સર હૅક્ટર અત્યંત ગભરાઇ દુઃખપૂર્ણ અવાજે બોલી ઉઠયો.

"ફ્રેડ્રીક સેલ્બી!—"

"હાજી. તેજ હું. તમે મ્હારા કેદી છો."

નિરાશ—હતાશ—કંગાળ ગ્રેહામ શરણ થયો અને થોડીજ મિનિટમાં પેલા બે યુવાનો તેને ગાડીમાં બેસાડી "ન્યુગેટ" કેદ ખાના તરફ લઇ ગયા.

પ્રકરણ ૧૬ મું.

ઑલિફન્ટ અને ધર્મગુરૂ.

સન્ધ્યાકાલ થયો હતો; અને લીન્કન્સ ઇન ફીલ્ડઝમાંના જનરલ ઑલિફન્ટના ભવ્ય મૅનશનમાંના એક ઓરડામાં ફાધર પીએર એકલો બેઠો હતો. તે ઓરડો ઉંચા માળપર આવેલો હતો અને તેથી આવા એક વૃદ્ધ અને અશકત માણસથી બ્હારી દ્વારા ન્હાસી જવાય તેમ ન્હોતું. ઓરડાના બારણાંને તાળું દીધેલું હતું અને તે પદભ્રષ્ટ—નીતિભ્રષ્ટ પાદરી જાણતો હતો કે તે ત્યાં કેદી હતો. તે ખુશ મીજાજમાં પણ ન્હોતો. તેના વિચારો તેને આનન્દ આપે તેવા ન્હોતા. તે પોતાના ભાવીની ભયંકર ચિન્તામાં હતો. તેનું શું થશે તેના અસ્પષ્ટ વિચારો તેના હૃદયને અસ્વસ્થ બનાવતા હતા. મૅનશનમાં આવ્યાને તેને કલાકો થઇ ગયા હતા અને જે પલથી તેને આ ઓરડામાં કેદ કરવામાં આવ્યો હતો ત્યારથી તેણે એક નોકર જે તેનું ભોજન લાવ્યો હતો તેના સિવાય કોઇપણ મનુષ્યના દર્શન કર્યાં ન્હોતા. તે અનુચર એક પણ શબ્દ બોલ્યો ન્હોતો અને ફાધર પીએર તેને કંઇપણ પૂછવાની હિમ્મત કરી શકયો ન્હોતો. તેને વીરશ્રેષ્ઠ ઑલિફન્ટની ઘણીજ બ્હીક લાગતી હતી.

અન્તે—રાત્રે નવને દસ વાગ્યાની વચ્ચે—દ્વાર ઉઘડયાં અને જનરલ ઑલિફન્ટે તે ઓરડામાં પ્રવેશ કર્યો. ફાધર પીએર ખુરશીપરથી ઉભો થઇ અત્યંત નમ્રતાથી ઑલિફન્ટને નમ્યો કે જેના હાથમાં તેનું ભાવી હતું એમ તેને લાગતું હતું. જનરલે સ્હેજ હાથ હલાવી તેને બેસી જવાની નીશાની કરી અને પોતે તેની નજીક એક ખુરશી લઇ તેના તરફ જોતો થોડીક મીનીટ મૌન બેસી રહ્યો. ટેબલ પર લૅમ્પ સળગતો હતો અને તેનો પ્રકાશ ઑલિફન્ટના ભવ્ય પણ

વરજીનીઆ, લ્યુસીઆના અને મેંકસીકોની ગરમીથી કિંચિત શ્યામ થયલા વદન પર પડતો હતો. જો કોઇ પ્રેક્ષક ત્યાં હાજર હોત તો તેને કદાચ એમ જણાઇ આવત કે લૅમ્પનો પ્રકાશ તેના વદન પર નૃત્ય કરે એવી ઇચ્છાથીજ જનરલ ઑલિફન્ટ એવે સ્થલે બેઠો હતો અને ત્યાં બેસી ફાધર પીએરે તેને પૂર્વે જોયો હોય એવું તેને લાગે છે કે નહિ તે જાણવા માગતો હોય એવું લાગત ! પણ ફાધર પીએર ઑલિફન્ટના ભયને લીધે આંખો નીચી નમાવીનેજ બેઠો હતો. ઑલિફન્ટે જોયું કે તે તેના તરફ સ્થિર નજરે જોવાની હિમ્મત કરતો નથી અથવા જોવા માગતો નથી એટલે તેણે પોતાની દૃષ્ટિ તેના પરથી ખેંચી લીધી અને કંઇ ગંભીર વિચારમાં પડી ગયો. હજુ પણ લૅમ્પનો પ્રકાશ તેના વદન પર પડતો હતો.

એક માણસ બીજાને સ્થિર દૃષ્ટિએ જોઇ રહ્યો હોય ત્યારે તેને બરાબર જોવાની સ્હામા માણસને પણ પ્રેરણા થાય છે. પ્રથમ કદાચ તે પોતાની સ્હામેની વ્યક્તિની આંખો સ્હામે જોઇ શકતો નથી; પણ જ્યારે તે કોઇ અન્ય દિશાએ જોતો હોય અથવા કંઇ વિચારમાં પડયો હોય ત્યારે તેના તરફ જોવાની સાહજિક ઇચ્છા થાય છે. ફાધર પીએરને પણ તેમજ થયું. એકવાર ભયભરી નજર ફેંકી તેણે જોયું કે હવે ઑલિફન્ટ તેના તરફ જોતો નથી પણ આમતેમ જોતો કંઇ ગંભીર વિચારમાં લીન થઇ ગયો છે ત્યારે તેને વધુ હિમ્મત આવી અને તે છૂપી રીતે ઑલિફન્ટના સુંદર–ભવ્ય–પણ કિંચિત્ શ્યામ વદન પર જોઇ રહ્યો. ઑલિફન્ટનું વદન ટીકવામાં ફાધર પીએરનો ઉદ્દેશ એકજ હતો કે તે તેની સાથે કેવું વર્તન ચલાવશે. જનરલના વદન પર નીડરતા, શૌર્ય અને ઉદારતા તરવરતી હતી. સરલતા એના મ્હોં પર રમી રહી હતી. તેની આંખોમાં નિર્મલ પ્રકાશ ચમકી રહ્યો હતો. આવા ભવ્ય કાન્તિના પુરૂષના બાહ્ય દેખાવ પરથી તે પોતાને કેવી સજા કરશે તે ફાધર પીએર જાણવા માગતો હતો; પણ ઑલિફન્ટનું હૃદય વાંચવું એ અતિ કઠીન્ કામ હતું. ફાધર પીએરની શક્તિ તો એ હૃદય વાંચવા જેટલી હતીજ નહિ.

ધીમે ધીમે પુનઃ ઑલિફન્ટે પોતાની આંખો તે ધર્મગુરૂ તરફ ફેરવી. પુનઃ પાદરીની આંખો ધીમે ધીમે નીચી નમી ગઇ; પણ જનરલની તે વૃદ્ધ પાદરીના વદન પરથી એટલી તો ખાત્રી થઇ ગઇ કે, “ તે તેને પીછાની શક્યો નથી.”

એક બીજી મિનિટ મૌન પસાર થઇ અને ત્યારપછી જનરલ ઑાલિફ્ન્ટે પૂછ્યું.

"તમને અહિં શા કારણુસર લાવવામાં આવ્યા છે તે વિષે તમને કંઇ પણ શંકા છે ?—"

"મને કંઇ પણ શંકા નથી, મ્હારા નામદાર!..." ભયપૂર્ણ હૃદયે પાદરીએ જવાબ આપ્યો.

"આપ નામદાર પીઠાંમાં મ્હારા કાનમાં જે ભયંકર શબ્દો બોલ્યા હતા તે ઉપરાંત મ્હને બીજી કંઇ પણ શંકા નથીઃ પણ હું આપને વિનંતી કરૂં છું, સાહેબ! આપ ગમે તેવી સત્તા ધરાવતા હો પણ તે ના વાપરતા—આપની શકિત મહાન્ છે—પણ તેનો મ્હારા પર ઉપયોગ નહિ કરતા. હું આપને અરજ કરૂં છું. પગે પડીને અરજ કરૂં છું કે મને બેસ્ટીલના જીવતા નર્કની હવા ખાવા ન મોકલતા—"

"કોઇને પણ હેરાન કરવાની મ્હારી લેશ માત્ર પણ ઇચ્છા નથી. ખાસ કરીને તમારા જેવા વૃદ્ધને તો નહિજ. જ્યારે પણ હું શસ્ત્ર ઉગામું છું અથવા મ્હારા સેવકોને આજ્ઞા કરૂં છું ત્યારે તે આજ્ઞા અથવા મ્હારૂં શસ્ત્ર ફકત દુષ્ટ મનુષ્યોનેજ સજા કરે છે અથવા તેમનું નીચ કૃત્ય કરનારા તેમના સહાયકોને તેમ કરતાં અટકાવે છે. તમારે માટે તો તમારા હૃદયની સરલતા પરજ બધો આધાર છે. સાચું બોલજો. તમને કેવા સંજોગોમાં બેસ્ટીલમાં લઇ જવામાં આવ્યા હતા?—" જનરલ ઑાલિફ્ન્ટે કહ્યું.

"હું સરલ હૃદયે સાચોજ ખુલાસો કરીશ—" ઑાલિફ્ન્ટના અભય વચનથી કંઇક શાન્ત થઇ તે પાદરી બોલ્યો.

"મી૦ વીલોબી નામનો એક માણસ—જે પાછળથી મને ખબર મળવા પ્રમાણે દુર્ભાગ્યવશાત્ આપના મહારાજાના દિવાનખાનામાં મરણ પામ્યો હતો—તેને મ્હારી મિત્રતાનો જ્યારે હું કેલેમાં રહેતો હતો ત્યારે શોખ થયો; અને તેણે પૅરિસની મુસાફરીમાં પોતાના સાથી તરિકે મને સાથે લીધો. ત્યાં એકાએક પોલિસે હલ્લો કરી મને બેસ્ટીલમાં ધકેલી દીધો અને પછી મને ખબર પડી કે કપટી દગાખોર વીલોબી મને તે ભયંકર કેદખાનામાં કેદ કરાવવા માટેજ મને પૅરિસ લઇ ગયો હતોઃ વીલોબી પણ એજ જાળમાં મ્હારી સાથે સપડાવાનો હતો પણ ત્યાં એક ભૂલ થઇ ગઇ. વીલોબી બચી ગયો અને તેની જગ્યાએ સર હૅક્ટર બ્રેહામ કેદ પકડાયો—"

"કેવા સંજોગોમાં સર હૅક્ટર ગ્રેહામ કેદ પકડાયો હતો?–" ઍાલિફન્ટે પૂછ્યું. પછી તે ફ્રેંચ પાદરીના કરચલીવાળા મુખપર અ-સ્થિરતા તથા મુઝવણ જોઇ તે ગંભીર સ્વરે બોલ્યો.

"જો જો! તમે સરલ હૃદયે સત્ય ખુલાસો કરવાનું મને વચન આપ્યું છે. એ વચનનો ભંગ કરતા નહિ. તમે જરાપણ અસત્ય બોલશો તો હું તે જાણી જઇશ કારણ કે તમે અત્યાર સુધીમાં સ્હમજી ગયા હશો કે તમે ધારો છો તે કરતાં હું કેટલીક વાતો વધુ જાણું છું—"

"હું ખુલ્લા દીલથી વાત કરીશ, નામદાર જનરલ ઍાલિ-ફન્ટ!–" ભયભીત થઇ તે પાદરી બોલ્યો. ઍાલિફન્ટ તેની પાસેથી પૂરેપૂરો એકરાર કરાવવા માગતો હતો તે તે સ્હમજી શક્યો નહિ.

"સર હૅક્ટર ગ્રેહામે મને પૅરિસમાં શોધી કાઢયા અને મ્હારી આગળ ચોકસ વાતચીત કરી–કેટલીક સરતો કરી–મ્હેં તેમને એક વાત કહી અને તે પૂરી થાય તે પહેલાં તો પોલિસ આવી પહોંચી અને અમને બન્નેને બેસ્ટીલમાં લઈ ગઇ—"

"તમે શાની વાત કરતા હતા?" આજ્ઞાદર્શક સ્વરે ઍાલિ-ફન્ટે પૂછ્યું.

"આહ! સાહેબ!–" પગથી માથા સુધી ધ્રુજતો તે પાદરી બોલ્યો.

"હું સર હૅક્ટર ગ્રેહામ આગળ ઘણાં–ઘણાં વર્ષો પૂર્વે બનેલા એક બનાવની ગુપ્ત હકિકત કે જે મ્હારી આગળ થએલા પવિત્ર એકરારથી હું જાણી શક્યો હતો તે કહી દેવાની તૈયારીમાં હતો..."

"અને તે બનાવને લુઇ દે કેરલ સાથે સંબંધ હતો ખરૂં?" પાદરી પર ભેદક દૃષ્ટિ નાખી જનરલ બોલ્યો.

"હાજી. હાજી." આ અત્યંત ગુપ્ત બીના જનરલની જાણમાં કેવી રીતે આવી હશે તે બીલકુલ કલ્પી ન શકવાથી ભારે અજાયબી વચ્ચે ઍાલિફન્ટ તરફ જોઈ તે બોલ્યો.

"અને સર હૅક્ટર ગ્રેહામ એ ભેદથી સંપૂર્ણ માહીતગાર છે? તમે તેની આગળ સઘળું ઓકી નાખ્યું હતું કે? તમે તે પવિત્ર અને ગંભીર એકરાર જાહેર કરી દીધો હતો કે?

"નહિ, મ્હારા નામદાર!–" તે ધર્મગુરૂ હવે નિશ્ચીત સ્વરે બોલ્યો.

"હું પરમાત્માને હાજર ગણીને કહું છું કે હજુ સુધી સર હૅકટર ગ્રેહામ એ ગુપ્ત વાત વિષે અંધારામાંજ છે. કદાચ મ્હેં તેને કહેલી વાત પરથી તે કંઈ શંકા કરી શકે, પણ સંપૂર્ણ અને સત્ય હકિકત મ્હેં તેને કદિ પણ કહી નથી—"

"તમે સત્ય કહો છો ?" ફાધર પીએરની આંખો તરફ ભેદક દૃષ્ટિ ફેંકી જાણે સત્ય ખેંચી કાઢવા માગતો હોય તેમ જનરલ બોલ્યો.

"હું આપ નામદારને સત્યજ કહું છું." તે વૃદ્ધ પુરૂષે જવાબ આપ્યો. જનરલની ભેદક દૃષ્ટિ સ્હામે આ સમયે તે જરાપણ ગભરાયા વિના જોઇ શક્યો કારણ કે તે ખરેખર, સત્યજ બોલતો હતો.

"હું તમને માનું છું; અને આવીજ રીતે તમે સરલ હૃદયે બોલશો તો તેથી તમને લાભ થશે. તમે બેસ્ટીલમાંથી ન્હાસી છૂટયા—

"હાજી. સર હૅકટરના યુવાન નોકર હમ્ફ્રી કલીન્ટનની સહાયથી હું અને સર હૅકટર બન્ને એકી વેળાજ છટકી શક્યા—"

"અને તે તમને એક ખાસ કામ માટે ઈંગ્લંડ લઇ આવ્યો હતો તે શું હતું ?" ઍાલિફન્ટે પૂછ્યું.

"તેણે મને કહ્યું કે તે મને ડચેસ ઍાફ પોર્ટસ્મથની પ્રતિસ્પર્ધિની એક મ્હોટી ડચેસ પાસે લઇ જશે—"

"ડચેસ ઍાફ કલીવલૅન્ડ પાસે—"

"હાજી, એજ. એજ ડચેસ પાસે હું લુઈ દે કેરલ વિષે જે ગુપ્ત હકિકત જાણું છું તે કહેવાનો હતો—" ફાધર પીએરે જવાબ આપ્યો.

"હું સ્હમજી ગયો કે એ હકિકત દ્વારા ડચેસ ઍાફ કલીવલૅન્ડ પોતાની પ્રતિસ્પર્ધિનીને પરાજિત કરવા માગતી હતી; પણ તમે લંડન આવ્યા તે રાત્રે તમને અર્લ ઍાફ આર્ડનને ત્યાં લઇ જવામાં આવ્યા હતા ?—"

"હા. નામદાર! સર હૅકટર ગ્રેહામે મને કહ્યું હતું કે અર્લ આર્ડન તેનો મિત્ર તથા ડચેસ ઍાફ કલીવલૅન્ડના સશક્ત પક્ષકાર હોવાથી તેને પ્રથમ મળવું એ વધુ સારૂં છે..."

"ડચેસ ઍાફ કલીવલૅન્ડને તમે જે વિશ્વાસઘાતક હકિકત કહેવાનો નિશ્ચય કર્યો હતો તે તમે અર્લ આર્ડનને કહી ન્હોતી ?"

"નહિ, મ્હારા નામદાર! હું કસમથી કહું છું કે નહિ. આજે રાત્રે નવ વાગે હું એ ગુપ્ત એકરાર ડચેસ ઍાફ કલીવલૅન્ડના ભવ્ય

દિવાનખાનામાં ફોડી દેવાનો હતો. મ્હેં નિશ્ચય કર્યો હતો કે આજે પહેલી અને છેલ્લીજવાર એ વાત કહીશ—"

ઑલિફન્ટે થોડીક પલ વિચાર કર્યો અને તિક્ષ્ણતાથી પાદરીના વદન પર પોતાની ભેદક આંખો સ્થિર કરી તે બોલ્યો.

"હમ્ફ્રી ક્લીન્ટન વિષે કંઇ ખાસ ખબર તમે જાણો છો?"

"હું આપ નામદારને બરાબર સ્હમજી શકતો નથી." ફાધર પીએરે પ્રત્યુત્તર આપ્યો.

"હું એટલુંજ જાણું છું કે અસાધારણ સંભાળ અને સાવચેતીથી તથા પાણી પેઠે પૈસા વેરીને હમ્ફ્રી ક્લીન્ટન મને તથા પોતાના શેઠને કેદખાનામાંથી ન્હસાડવામાં વિજય મેળવી શક્યો હતો—"

"અને તે પૈસા ક્યાંથી આવ્યા?"

"મને જેટલી ખબર છે તે પરથી મને એમ લાગે કે સર હૅક્ટર ગ્રેહામ કેદ પકડાવા પછી તરતજ હમ્ફ્રી ક્લીન્ટન લંડન ગયો હતો અને ડ્યેસ ઑફ ક્લીવલૅન્ડને મળી જોઈતા પૈસા મેળવી શક્યો હતો કે જે પૈસાનો તેણે બેસ્ટીલના અમલદારોને લાંચ આપવામાં છૂટે હાથે ઉપયોગ કર્યો હતો."

"સર હૅક્ટર અને તેના નોકર વચ્ચે કોઇપણ જાતનો જાણવા જોગ ભેદ હોય એવું તમને લાગે છે?"

"નહિજી. મને એમ નથી લાગતું. આપણે હમણાં જે જે વાત કરી તે ઉપરાંત બીજી જે કંઇ વાતચીત સર હૅક્ટર અને તેના નોકર વચ્ચે થતી તે તદ્દન સ્પષ્ટજ થતી. હું આપ નામદાર સાથે હમણાં ફ્રેન્ચ ભાષામાં વાત કરૂં છું પણ કેલેમાંના મ્હારા નિવાસ દરમિયાન અંગ્રેજોના સહવાસમાં હું આવ્યો હતો અને હું અંગ્રેજી સારી રીતે સ્હમજી શકું છું એટલે સર હૅક્ટરની તેના નોકર સાથેની વાતચીતમાં કંઇ ગુપ્ત ભેદ જેવું હોય એમ મને લાગ્યું ન્હોતું—"

"પણ તે યુવાન છોકરાના વર્તનમાં કે દેખાવમાં કંઇ વિચિત્ર અને શંકાજનક તમને જણાયું હતું?"

"હા. આપ નામદાર જ્યારે આ વાત કરો છો ત્યારે મ્હને યાદ આવે છે કે તેનું વર્તન એવું કંઇક અંશે હતું ખરૂં. કોઇ કોઇ પ્રસંગે મ્હેં તે જુવાનીઆને વિચિત્ર ભાવથી મુઝાતો—શરમાતો—દુઃખી થતો જોયો હતો. તે વખતે તે ફાટી આંખોએ બીજાઓ તરફ જોઇ

રહેતો. આહ! હવે મને બરાબર યાદ આવે છે. એકવાર અમે એક મુસાફરખાનામાં એકજ ઓરડામાં સૂતા હતા ત્યારે ઉંઘમાં પણ એ ગભરાયો હતો. હું તે વખતે જાગી ઉઠ્યો હતો અને મ્હારી નિદ્રામાં ખલલ નાંખવા માટે ગુસ્સે થઇ મેં તેને બે બોલ કહ્યા હતા.”

“આ બીનાની સર હેક્ટર ગ્રેહામને ખબર છે ખરી? તેના નોકરના વર્તનમાં તેને કંઇ પણ શંકાજનક વિચિત્રતા જણાઇ હતી ખરી?” ઑલિફન્ટે પૂછ્યું.

“નહિ. નામદાર! તે હમ્મેશાં લુઇ દે કેરલ પર ભયંકર વેર વાળવાના વિચારમાંજ ગૂંથાઇ રહેતો હતો; એટલે તેને આવી બાબતો પર લક્ષ આપવાનો સમયજ ન્હોતો.”

પુનઃ જનરલ ઑલિફન્ટ વિચારમાં પડ્યો અને થોડીક પલ પછી તે મનમાં બોલ્યોઃ “ખચિત, સર હેક્ટર પોતાના નોકરના ગુન્હા વિષે કંઈ જાણતો નથી.”

“આપ નામદાર જુઓ છો—” ફાધર પીએરે વિનંતી કરવા માંડી.

“કે મ્હેં ખુલ્લા દીલે સઘળો સત્ય ખુલાસો કરી દીધો છે અને તેથી કૃપા કરી મ્હારાપર દયા રાખશો. આપ મ્હારૂં જે કરવા માગતા હોય તે કરજો; પણ હું તમને અરજ કરૂં છું કે મને મ્હારી માતૃભૂમિમાં પુનઃ ન મોકલી આપતા—ફરીથી મને બેસ્ટીલના ભયંકર દરવાજાના દર્શન ન કરાવતા. હું જાણું છું, જનરલ ઑલિફન્ટ! કે ગમ્ભીર એકરારો પ્રકટ કરવાનો વિચાર કરવામાં પણ પાપ છે અને ગ્રેહામ જેવાના નીચ કાવત્રાંમાં સહાયક થવું એ ગુન્હો છેઃ પણ મ્હને તે માટે શું અત્યાર સૂધીમાં ઓછી સજા થઇ છે? હું આપને વિનંતી કરૂં છું. દયા—દયા! હું આપની પાસે દયા માગું છું. આપ કહો તેમ કરવા હું તૈયાર છું. આપ કહો તો ગમે તે સ્થળે એકાન્તમાં જીવન ગાળું—આપ કહો ત્યાં જાઉં—આપ કહો તે પ્રમાણે વર્તું—ખરેખર, હું આપના હુકમને નમ્રતાથી તાબે થઇશ; પણ મને ફ્રાન્સ મોકલતા નહિ—મને ફ્રાન્સ મોકલતા નહિ—” અને તે કંગાળ ડોસો તે વજ્રબાહુ યોદ્ધાને ચરણે પડ્યો.

“ઉભા થાવ—ઉભા થાવ. હું તમને આજ્ઞા કરૂં છું કે ઉભા થાવ. લોકો મને પગે લાગે તે હું પસંદ કરતો નથી.” ઑલીફન્ટે કહ્યું.

ફાધર પીએર ધ્રુજતો તથા ભય પામતો ખુરશી પર બેઠો. ત્યારપછી ઑલિફન્ટે કહેવા માંડ્યું.

"તમે એવા માણસ છો કે જેના ચારિત્ર્ય માટે કોઇને જરા પણ માન ન ઉપજે. તમે એવા મનુષ્ય છો કે તમે તમારૂં અંતઃકરણ હમણાં એકને અને ઘડી પછી બીજાને જો વધુ કિમ્મત મળે તો વેચવા તૈયાર થઇ જાવ. ટૂંકામાં તમે તમારા હૃદયને ભાડૂતી બનાવી બેઠા છો. હવે બોલો. તમે તમારૂં હૃદય મને વેચશો ?"

"તમને ? જનરલ ઑલીફન્ટ !" અસામાન્ય અજાયબીથી ફાધર પીએર બોલી ઉઠ્યો કારણ કે જનરલના વાક્યનો શું અર્થ કરવો તે તે સ્હમજી શક્યો નહિ.

"હા. મને." ગવર્નર જનરલે જવાબ આપ્યો.

"મ્હારી ઇચ્છા તમને ઍટલાંટિક મહાસાગર ઓળંગાવી વરજીનીઆ મોકલવાની છે. ત્યાં તમારે માટે એક સગવડભર્યા ઘરની વ્યવસ્થા કરવામાં આવશે તથા તમારા ગુજરાન જેટલા પૈસા પણ તમને મળશેઃ આવી રીતે તમારા હૃદયનો તમારે સોદો કરવાનો છે, તમે એ સોદો કરવા તૈયાર છો ?"

તે ધર્મગુરૂએ ઑલિફન્ટ તરફ અશાન્ત દૃષ્ટિએ એક પલ જોયું. તે એમ સ્હમજ્યો કે વરજીનીઆ મોકલી તેને ત્યાં સજા કરવાનો ઑલિફન્ટનો આન્તરિક હેતુ હોવો જોઇએ; પણ તે સરલહૃદયી વીર યોદ્ધાના તેજસ્વી વદનપર નજર નાખતાં બીજી જ પલે ફાધર પીએરના મનમાંથી એ શંકા સમૂલ નાશ પામી.

"હું એકવચની પુરૂષ છું." ઑલિફન્ટે ફાધર પીએરનો મનોભાવ જાણી જઇ કહ્યું.

"અને હું જે કહું છું તે પ્રમાણે હમ્મેશાં વર્તું છુંઃ આજે જ રાત્રે તમને એક બંદર પર લઇ જવામાં આવશે અને ત્યાંથી અમેરિકા જવા માટે તમારે દરિયાઇ પ્રવાસ કરવો પડશે. મ્હારા અમલદારોમાંથી એક ઑફિસર તમારી સાથે આવશે. યાદ રાખજો કે જો તમે ન્હાસી જવાનો પ્રયત્ન કરશો તો તે તદ્દન વ્યર્થ જશે ! એવો પ્રયાસ જો તમે કરવા જશો તો તે માટે તમને સખત સજા થશે અને અમેરિકન કિનારાપર લઇ જવાને બદલે મ્હારો અમલદાર તમને ફ્રેંચ બંદરપર ઉતારશે અને ત્યાંના સત્તાવાળાઓ તમારૂં સ્વાગત કરવા માટે તમને "બેસ્ટીલ"માં મોકલી આપશેઃ પણ જો તમે ગુપચુપ મ્હારી

આજ્ઞા પ્રમાણે વરજીનીઆ જશો તો ભવિષ્યમાં પૈસાને માટે તમારે આવા નીચ પ્રપંચીઓના સહાયક થવાની જરૂર નહિ પડે. બોલો, હવે તમે આ સરતો સ્વીકારવા તૈયાર છો?......"

"હું તૈયાર છું, જનરલ ઑલિફન્ટ! અને આભારની લાગણી સહિત હું તમારી સરતો પ્રમાણે ચાલવાનો સ્વીકાર કરૂં છું." તે પાદરીએ જવાબ આપ્યો.

"ઠીક ત્યારે. અરધા કલાકમાં તમે મુસાફરીએ જવા માટે તૈયાર થઇ જાવ. સર જોસફ લૅમ્બટન પોતાના અનુચરો સાથે તમારી સાથે આવશે—"

ઑલિફન્ટ ખુરશીપરથી ઉભો થયો અને બારણુંને તાળું દઇ ત્યાથી ચાલી ગયો. સર જૉસફ લૅમ્બટનને પણ તેણે યોગ્ય સૂચનાઓ તુરતાતુરત આપી દીધી અને એક કલાકમાં ફાધર પીએરને લઇ સર જોસફ લૅમ્બટન પોતાના અનુચરો સાથે અમેરિકાના પ્રવાસે નીકળી ચૂક્યો! ફાધર પીએર આ સમયે ડચેસ ઑફ ક્લીવલૅન્ડના મન્દિરમાં લુઇ દે કેરલનો ભેદ પ્રકટ કરવાને બદલે યૂરોપને નમસ્કાર કરી "કોલંબસની નવી દુનિયા" તરફ ચાલ્યો!

સર જૉસફ લૅમ્બટનને યોગ્ય સૂચના આપી દીધા પછી ઑલિફન્ટે એક ફીઝીશીઅન (વૈદ્ય)ને બોલાવ્યો કે જેને આજે બપોરે મૅનશનમાં એક દરદીની સારવાર માટે બોલાવવામાં આવ્યો હતો. ડૉક્ટર આવીને ઉભો રહેતાં જનરલે તેને પૂછ્યું:

"હવે તમારો દરદી કેમ છે?"

"તેની માનસિક અસ્વસ્થતા હમણાંજ કંઇક ઓછી થઈ છે અને તેની તબિયતમાં સહેજ સુધારો માલુમ પડે છે. તેનો ઉન્મત્ત લવારો ભયંકર હતો; અને અચાનક જ્યારે તેનું મગજ અશાન્ત થઇ જાય છે તથા તેને તાવ ચઢી આવે છે ત્યારે તેનો લવારો ભયંકર રીતે વધી જાય છે. નામદાર! એ જુવાન છોકરો આવી સ્થિતિમાં આવી પડ્યો તે પહેલાં એણે ભયંકર ઉશ્કેરાટનો–ભયંકર આવેગમય લાગણીનો અનુભવ લીધેલો હોવો જોઇએ."

"હા. એમજ હતું." ઑલિફન્ટે કંઇક ટૂંકામાં પતાવવાના ઇરાદાથી કહ્યું. વૈદ્યને તેના કેસમાં આવશ્યક હોય તેથી વધુ ખુલાસો તે કરવા માગતો ન હતો.

"તે લવારામાં શું બકતો હતો?"

"તે એવો અર્થહીન લવારો કરતો હતો–એવા ભાગ્યા તૂટ્યા શબ્દો બોલતો હતો કે તેમાંથી કંઇ પણ સાર ખેંચવાને હું સમર્થ થયો નથી. પણ તેનું મન ઘણુંજ અશાન્ત છે–તેમાં ભયંકર–અસહ્ય અશાન્તિ ભરી છે એટલું તો સ્પષ્ટ છે—"

"મ્હારી સાથે થોડીક મિનિટ શાન્ત રીતે વાત કરવા માટે તે થોડાક વખતમાં શક્તિવાન થઇ શકશે એમ તમે ધારો છો?"

"થોડાક વખતમાં એટલે એક બે કલાકમાં જો આપ નામદાર તેની સાથે વાત કરવા ઇચ્છતા હો તો હું આપને તેવી આશા આપવાની હિમ્મત કરી શકતો નથી; પણ જો હું હમણાં એને દવા આપું છું તે પછી એ આખી રાત શાન્તિમાં પસાર કરે તો ઘણું કરીને તેની ઘણી સારી અસર સ્હવારે થશે એવી મ્હારી માન્યતા છે—"

"તમારી નીપુણતા તથા વૈદકી જ્ઞાનને આધારે તમે ખાત્રીપૂર્વક કહી શકો છો કે આવતી કાલે પ્રાતઃકાલે તમારો દરદી જરૂર મ્હારી સાથે સાવધતાથી અને શાન્તિથી વાત કરી શકે એવી સ્થિતિમાં આવશે?"

"મનુષ્ય બુદ્ધિ અને માનવશક્તિ જેટલું કરી શકે તે પર આધાર રાખીને હું આપ નામદારના પ્રશ્નનો પ્રત્યુત્તર હકારમાં આપી શકું છું."

"ત્યારે તમારે જે દવા તેને આપવી હોય તે આપો. જુઓ, આખી રાત તમે તે યુવાન પાસેજ રહેજો. ડૉકટર! યાદ રાખજો કે જ્યારે મ્હારી સૂચનાઓનો બરાબર ચાલાકીથી અમલ થાય છે ત્યારે તેનો બદલો પણ હું ઘણી ઉદારતાથી વાળું છું. મને બરાબર સાંભળી લો!........." જનરલનો સ્વર ગમ્ભીર થયો.

"આ જુવાન છોકરો આવતી કાલે મ્હારી સાથે એક ગમ્ભીર વાત કરી શકે એવી માનસિક અને શારીરિક સ્થિતિમાં હોવોજ જોઇએ એવી મ્હારી ઇચ્છા છે. હું અશક્ય બાબતને શક્ય કરવાનું તમને કહેતો નથી પણ માનવશક્તિ જે કરી શકે, વૈદક શાસ્ત્રની સહાયથી જે બની શકે તે સઘળું અજમાવી એ યુવાનને સ્હવારે શાન્ત કરવાની હું તમને ખાસ ભલામણ કરૂં છું. તમારા વૈદક જ્ઞાન અને અનુભવ માટે, તમારી નીપુણતા માટે મને સમ્પૂર્ણ વિશ્વાસ છે; અને તેથી હું તમારા વચનના યોગ્ય પાલનની આશા રાખું છું–"

ડૉકટર નમીને જે ઓરડામાં આ સંવાદ થયો તે ઓરડો છોડી ગયો. જનરલ ઑલિફન્ટ ત્યાર પછી એક બીજા દિવાનખાનામાં ગયો

કે જ્યાં સર લૉરેન્સ અને લેડી લી, મિસીસ રમ્બોલ્ડ અને હેન્રીએટ્ટા બેઠાં હતાં. હર્ટફર્ડ શાયરમાં "રાઇ હાઉસ" દુર્ગમાં કર્નલ કેદ પકડાવાની ખબર કર્નલની બહેન તથા પત્નિને મળ્યા પછી તે બન્ને લંડનમાંજ રહેતી હતી. રૂથને પતિવિરહમાં તેઓ આશ્વાસન આપી શકે તેટલા માટેજ આ બન્ને સ્ત્રીઓ ઑલિફન્ટના મહેલમાં રહી ન્હોતી; પણ લંડનમાં રહેવાથી ઉભય કર્નલને પણ રોજ રૂથ સાથે મળવા જઇ શકે એવા ઇરાદાથી ત્યાં રહી હતી. આ સમયે એક ખુલાસો કરવાની આવશ્યકતા છે જો કે વાંચનારે એ વાતની તો ક્યારની કલ્પના કરી લીધી હશે. લૉરેન્સ લી રૂથને તથા કર્નલ રમ્બોલ્ડને પ્રણામ કરી મુસાફરીએ નીકળ્યો હતો ત્યારે તે અમેરિકન સંસ્થાનમાં જનરલ ઑલિફન્ટની પોતાના શ્વસુરને તેનાપર આવેલા ભયંકર આરોપમાંથી બચાવવા માટે સહાય મેળવવા ગયો હતો. જનરલ ઑલિફન્ટની અસામાન્ય શક્તિપર લૉરેન્સને એટલો બધો વિશ્વાસ હતો કે ગમે તેવી યુક્તિથી તે કર્નલ રમ્બોલ્ડનો પ્રાણ બચાવી શકશે એવી તેની ખાત્રી હતી અને એ દઢ માન્યતાપર સમ્પૂર્ણ વિશ્વાસ રૂથને પણ હોવાથી તે પોતાના નયનપ્રિય પતિથી—પોતાના હૃદયાધાર લૉરેન્સથી વિખૂટી પડી, વિરહાગ્નિની પ્રચંડ જ્વાલામાં સળગવા તૈયાર થઇ હતી: પણ અમેરિકા જનારાને કુદરત મૅનદ્વીપમાં લઇ ગઇ અને જેને મળવા માટે લૉરેન્સ અમેરિકા જતો હતો તેને જલદી મેળવવા માટે જાણે કુદરતેજ વહાણને તોફાનમાં સપડાવ્યું હોયની તેમ દરિયાઇ અકસ્માતનો ભોગ થઇ તે "કૅસલ રશન"માં જઇ પડ્યો કે જ્યાં ડુલીઆ તેને વરમાલા આરોપવા માટે અધીરી થઇ રહી હતી ! ડ્યુક ઑફ એથલની યૌવનમસ્ત અને રૂપવતી કુમારિકા ડુલીઆએ પોતાના પ્રેમમાં લૉરેન્સને રસબસ કરવા કેવા કેવા પ્રયત્નો કર્યા અને અન્તે તેનું પરિણામ કેવું આવ્યું તે વાંચનાર જાણે છે.

"મ્હારો અભિપ્રાય મ્હારે ફેરવવો પડે એવું કંઇ પણ બન્યું નથી. મ્હારી ખાત્રી છે કે આવતી કાલે સૂર્યાસ્ત થવા પહેલાં કર્નલ રમ્બોલ્ડ પર જગતની દૃષ્ટિએ જે કાળું કલંક લાગ્યું છે તે ધોવાઇ જશે અને તેઓ માન સહિત નિર્દોષ ઠરી કાલે કોર્ટમાંથી ઘેર આવશે." ઑલિફન્ટે સઘળાંના હૃદયમાં પુનઃ અમૃત રેડ્યું.

"તમે સઘળાં નિરાંતે સૂઇ જાવ. જરા પણ ચિન્તા ન કરો. હું મ્હારી પ્રતિજ્ઞા ગમે તે ભોગે પૂર્ણ કરીશ—" ઑલિફન્ટ બોલ્યો.

પ્રકરણ ૧૭ મું.

જનરલ અને હમ્ફ્રી.

રાત્રી વીતી ગઇ. પ્રભાત થયું. આજે કર્નલ રમ્બોલ્ડની ન્યાય મન્દિરમાં તપાસ ચાલવાની હતી. દસેક વાગ્યાને શુમારે જનરલ ઑલિફન્ટ એક શયનગૃહમાં ગયો કે જ્યાં હમ્ફ્રી કલીન્ટન પડયો હતો. જનરલ ઑલિફન્ટ આજે ઘણો વહેલો ઉઠયો હતો અને ઉઠતાં વાર તેણે હમ્ફ્રીની સ્થિતિ જાણવા માટે ડૉકટરને બોલાવ્યો હતો; પણ સ્હવારના પહોરમાં ગઇ રાત્રે ડૉકટરે ધારી હતી તેવી દવાની અસર તે હતભાગી નોકર પર થઇ ન્હોતી. હમ્ફ્રીએ રાત ઘણી ખરાબ દશામાં પસાર કરી હતી અને તાવની ઝુમમાં તે વારંવાર લવારો બકારો કરતો હતો. તેના મગજની—તેના મનની સ્થિતિ એટલી બધી ભયંકર હતી કે તેને જે દવા આપવામાં આવી હતી તેની અસરથી તેની અસીમ અશાન્તિ તદ્દન દૂર થઇ શકી ન્હોતી. ઉછળતા દરિયાના મોજાંઓને શાન્ત કરવા જ્યારે તેલ રેડવામાં આવે છે ત્યારે પ્રથમ દરિયો વધુ તોફાની થાય છે તેમજ ડૉકટરની દવાથી હમ્ફ્રીની અશાન્તિ કંઇક વધી હતી. આથી દસ વાગ્યા પહેલાં ડૉકટરે જનરલ ઑલિફન્ટને હમ્ફ્રીના બીછાના આગળ લઇ જવાનું ડહાપણ ભર્યું ધાર્યું ન્હોતું.

ગવર્નર જનરલ તે ઓરડામાં દાખલ થયો અને ડૉકટરને ત્યાંથી હમણાં ચાલી જવાની ઇસારત કરી. તે હવે દરદી આગળ એકલોજ હતો પણ તે તરતજ કલીન્ટનની નજીક ગયો નહિ. તે કલીન્ટનની દૃષ્ટિથી અદૃસ્ય રહીને તે હતભાગી નોકરને જોઇ રહ્યો. ગઇ કાલે તેની શારીરિક તથા માનસિક દશા બગડવા પછી તેના વદનપર જે ભયંકર પરિવર્તન થયું હતું તે જોઇ ઑલિફન્ટને ખરેખર ઘણું દુઃખ થયું. તેનું વદન શબ જેવું ફીકકું થઇ ગયું હતું પણ હજુ તાવની ગરમીને લીધે તેના ગાલોપર રતાશ હતી. તેનું આખું શરીર ધગધગ ધગી રહ્યું હતું અને તેની આંખો ખરેખર હતી તે કરતાં વધુ ઉંડી ઉતરી ગયેલી જણાતી હતી. તેના મ્હોપર જાણે તે મહિનાઓથી માંદો હોય તેવી અશક્તિ આવી ગઇ હતી અને ગઇ કાલે બપોર પછી તે એવો ભયંકર રીતે ફેરવાઇ ગયો હતો કે તેનું વય તે હતો તે કરતાં બાર પંદર વર્ષ વધુ લાગતું હતું જો તેની માતા પણ અત્યારે

જીવતી હોત તો તેને ઓળખવાને કદાચ અશક્ત થાત એવું અસામાન્ય ભયંકર પરિવર્તન તે કમનસિબ–દિવાના પ્રેમીના મુખમાં થઇ ગયું હતું.

તે યુવાન છોકરાએજ ભયંકર ખૂન કર્યું હતું તે વિષે ઍાલિફન્ટના મગજમાં થોડીજ શંકા હતી અને તે માટે તે તેને ગુનેહગાર ધારતો હતો છતાં પણ આ છોકરાના ભૂત જેવા ફીક્કા–નિરાશ–દુઃખી દેખાવથી તેના ઉદાર અને ઉન્નત હૃદયમાં તેને માટે દયા જન્મવા વિના રહી નહિ. થોડીક મિનિટ પસાર થવા પછી તે ધીમે પગલે કોચ તરફ ગયો. તેના પગલાંનો અવાજ ન્હોતો થયો છતાં અચાનક પોતાને કોઇ જોઇ રહ્યું છે એવું લાગવાથી અથવા વિના કારણે ધીમે ધીમે હમ્ફ્રીએ આંખો ઉઘાડી અને તે ભવ્ય યોદ્ધાને જોઇને અસહ્ય ભયની લાગણીથી તે ફાટી આંખોએ તેને જોઇ રહ્યો. જાણે પોતાનું ભાવી તેનાજ હાથમાં હોય–જાણે કોઇ દૈવી શક્તિ તેને સજા કરવા આવી હોય–એવું ઍાલિફન્ટને જોઇ હમ્ફ્રીને લાગ્યું. તેની આંખોમાં નિરાશા હતી–ભય હતો–મૃત્યુ હતું !

" શાન્ત થા, હમ્ફ્રી ક્લીન્ટન ! " ઍાલિફન્ટ નમ્ર–શાન્ત સ્વરે દિલાસો આપતો બોલ્યો.

" શાન્ત થા, હમ્ફ્રી! મને જોઇને નિરાશ ન થા. ભય ન પામ. હું તને ઇજા કરવા નથી આવ્યો. તું મ્હારા ઘરમાં છે અને અત્યાર સુધીમાં તેં જોયું હશે કે ત્હારી લાગણીભરી સારવાર કરવામાં આવી છે–"

" જનરલ ઍાલિફન્ટ ! મને તમારો હાથ બતાવો. પીસ્તોલ–આહ ! પેલી ભયંકર પીસ્તોલ !..." ભયથી થરથરતો હમ્ફ્રી બબડયો. તેને ઍાલિફન્ટે તેને " એંજલ " હોટલમાં બતાવેલી ભયંકર પીસ્તોલ યાદ આવી.

" આ જો મ્હારા હાથ !..." બન્ને હાથ બતાવી તે યોદ્ધો બોલ્યો.

" તું જુએ છે કે, મ્હારી પાસે હથિયાર નથી. તું થોડીકવાર મ્હારી સાથે શાન્તિથી વાત કરીશ ?–"

તે નોકરે અવિશ્વાસથી–અશાન્તિથી–ભયથી–નિરાશાથી જનરલ ઍાલિફન્ટ તરફ નજર ફેંકી પણ તેની આંખોમાંથી જલદી અસ્થિરતા નષ્ટ થઇ અને તે ધીમે ધીમે શાન્ત–સાવધ થતો જાય છે એમ જનરલને લાગ્યું.

"ઓહ ! સાહેબ ! મને લાગે છે કે હું મૃત્યુને કિનારે છું–" પોતાની પાંપણો પર હાથ મૂકી હમ્ફ્રી બોલ્યો.

"હું કદિપણ આ બિછાનામાંથી જીવતો ઉઠવાનો નથી–મૃત્યુએ પોતાનો ક્રૂર હસ્ત મ્હારાપર મૂક્યો છે! આહ! હવે મને યાદ આવે છે. તમે ગઇ કાલે જે પલે મને પેલી વાત કહી ત્યારથી જ મ્હારૂં મગજ ચકરાઇ ગયું અને હું દિવાનો થઈ ગયો. આહ! દિવાનો! ઉન્માદી! હા–હું દિવાનો થઇ ગયો–દિવાનો થઇ ગયો–પુનઃ કદિ પણ શાણો થઇશ નહિ–દિવાનો!..." અને ક્લીન્ટન એકાદ જખમી થયલા સાપની પેઠે બીછાનામાં તરફડવા લાગ્યો.

"શાન્ત થા–સાવધ થા—હમ્ફ્રી!..." ગમ્ભીર અવાજે ઑલિફન્ટ બોલ્યો.

"અને જો ખરેખર, તને એમ લાગતું હોય કે મૃત્યુએ પોતાની જાળમાં તને સપડાવી દીધો છે તો તેં ગમે તે દુષ્કૃત્યો કર્યાં હોય તેનો સ્વીકાર કરી જગતની અને પ્રભુની ક્ષમા માગી લે—"

પુનઃ ક્લીન્ટને પોતાની આંખો દાબી, અને કેટલીક પલો સુધી તે ગમ્ભીર મૌન ધારણ કરી રહ્યો. તે પોતાના ઉશ્કેરાટ ભર્યા વિચારોને શાન્ત કરવા–પોતાના મુઝાયલા હૃદયને સાવધ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતો તે સ્પષ્ટ જણાઇ આવતું હતું.

"હમ્ફ્રી ક્લીન્ટન! ત્હારે ત્હારા ભૂતકાલીન પાપોનો ત્હારાથી થઇ શકે તેવો પશ્ચાતાપ કરવો જોઈએ. હું તને ઠપકો દેવા કે મ્હેણાં મારવા માટે અત્રે આવ્યો નથી. તું જો ખરેખર ત્હારી મૃત્યુશય્યાપર હોય તો તેં અત્યાર સુધીમાં જે અસહ્ય માનસિક યાતના સહન કરી છે તેમાં વૃદ્ધિ કરવાનો પ્રભુ મને વિચાર પણ ન આપે!..." ઑલિફન્ટ બોલ્યો.

"સાહેબ!..." પ્રથમ કરતાં વધુ શાન્ત હૃદયે અને વધુ શાન્ત સ્વરે તે નોકર બોલ્યો.

"તમારા ઉમદા ગુણોથી હું બીનમાહિતગાર નથી; હું તમારા ઉન્નત આત્માને પીછાનું છું. ઓહ! તમારા જેવા મહા પુરૂષની લેશ માત્ર દયાને પાત્ર થવાને હું નાલાયક છું. પણ મને કહો–કહો જનરલ ઑલિફન્ટ!..." પુનઃ તેની આંખો ફાટી ગઈ. "કહો, જનરલ! તમે ગઈ કાલે મ્હારા કાનમાં જે ભયંકર શબ્દો કહ્યા તે તમે શી

રીતે જાણી શકયા? તમે શું બોલ્યા હતા? કટાર...આહ! કટાર!..." પુનઃ તે જખમી સાપની પેઠે બીછાનામાં તરફડીયાં મારવા લાગ્યો.

"આમ અશાન્ત ન થા–" ઍાલિફન્ટે પુનઃ ગમ્ભીર અસરકારક સ્વરે કહ્યું.

"પણ ત્હારી ગમ્ભીર સ્થિતિનો પુખ્ત વિચાર કર—"

"નહિ–નહિ..." દુઃખદ સ્વરે હમ્ફ્રી ક્લીન્ટન બોલ્યો.

"મ્હારે કંઇ કબૂલવાનું નથી–મ્હેં કંઈ કર્યું નથી–તમે મને દોષિત કહી શકશો નહિ–નહિ. નહિ. તમે બહુ ક્રૂરતા વાપરો છો. મ્હેં જે કામ નથી કર્યું તે કબૂલ કરવાનું મને કહેવું એ ધિક્કાર પાત્ર છે–અહિંથી કૃપા કરી ચાલ્યા જાવ. જનરલ ઍાલિફન્ટ! તમે મારા પર જુલમ ગુજારવા–મને સતાવવા આવ્યા છો. ચાલ્યા જાવ–ચાલ્યા જાવ. મને એકલો મરી રહેવા દો—"

તે કંગાળ યુવાન પુનઃ ભયંકર અશાન્તિનો ભોગ થઇ પડ્યો અને ઍાલિફન્ટે તેને શાન્ત કરવાનો વ્યર્થ પ્રયાસ કર્યો. હવે કેવી રીતે કામ લેવું તે માટે એની જીંદગીમાં પહેલીવાર તે બહાદૂર યોદ્ધો મૂંઝાયો. તે જાણતો હતો કે આજ સમયે ન્યાય મંદિરમાં તપાસ શરૂ થઇ ગઈ હશે; અને હમ્ફ્રી ક્લીન્ટનને મ્હોડે સત્ય પ્રકટ કરાવવાની તેથી અત્યંત આવશ્યકતા હતી. ઍાલિફન્ટના ઉદાર આત્માને એક મૃત્યુશય્યાપર પડેલા કંગાળ માણસને આજ્ઞા કરવી એ યોગ્ય લાગ્યું નહિ; પણ હવે બીજી કઇ રીતે કામ લેવું તે પણ તેને સૂઝયું નહિ.

"હમ્ફ્રી ક્લીન્ટન!..." તે નોકર પુનઃ કંઇક શાન્ત થયો એટલે જનરલે ધીમા–માયાળુ સ્વરે કહ્યું કે જેથી તે દુઃખી યુવાનને પુનઃ આઘાત થાય નહિ.

"તેં જે કર્યું છે તેનો અસ્વીકાર કરવો હવે વ્યર્થ છે! અફસોસ! તું અસ્વીકાર કરી શકશે જ નહિ. મને સાંભળી લે. તને યાદ છે કે એક વાર તું મ્હારી નોકરીમાં દાખલ થયો હતો? કેવા સંજોગોમાં તે યાદ ન કર–હું તને નાહક દુઃખી કરવા માગતો નથી–પણ તને એટલી ખબર છે કે "એંજલ" હોટલમાં તું મ્હારો નોકર બન્યો હતો?—"

"હા. સાહેબ! મને તે યાદ છે. બરાબર યાદ છે..." તે કંઇક નાપસંદગીથી બોલ્યો.

"ખરેખર, ત્યારે તે તને હજુ યાદ છે." ઍાલિફન્ટે કહ્યું.

"અને તને એ યાદ છે કે "કોવેન્ટ ગાર્ડન" ની નજીક હું તને એક કપડાંની દુકાને લઇ ગયો હતો અને મેં તને સુશોભિત કપડાં અપાવ્યાં હતાં ?—"

"હા. તે પણ મને યાદ છે." પુનઃ જાણે તેના વિચારો અશાન્તિના દરિયામાં ડુબવા માગતા હોય તેમ તેણે જવાબ આપ્યો.

"તને એ બધું યાદ હોવું જ જોઇએ. હમ્ફ્રી ! બીજી ત્રીજી બાબત છોડી દઇને હું કહીશ કે તેં જલદીથી મ્હારી નોકરી છોડી દીધી–તું ત્હારા ઓરડામાં ત્હારાં કપડાં મૂકી ગયો–તું એ બાબતમાં ઘણો પ્રમાણિક નીવડયો હતો–પણ તેં એક વસ્તુ ત્હારી પાસે રાખી હતી. પછી કદાચ ભૂલથી હોય અથવા તે તને ઘણી ગમી હોય તેથી તેં તે રાખી મૂકી હોય—"

"એક વસ્તુ ?—"

"હા. તે–તે–તને ખબર છે–શું હતી તે ? તે નોકરોને વાપરવાની કટાર હતી–"

હમ્ફ્રી ક્લીન્ટન એકદમ બીછાનામાં બેઠો થયો–તેની આંખો ભયંકર રીતે ફાટી ગઇ–મુખ પર અવર્ણીય ભયની છાયા આવી–મૃત્યુ તેની નજીક આવવા લાગ્યું !

"આહ ! તે કટાર ! તે કટારી ! તમે શું કહેવા માગો છો ? તમે એમ કહેવા માગો છો કે મ્હેં તે કામ કર્યું હતું ? નહિ. નહિ. તમે મ્હારા પર ખોટો આરોપ ન મૂકો–" અને તે દિવાનાની પેઠે હસ્યો. તેના ઉન્માદી હાસ્યથી ઓરડો ગુંજી રહ્યો. એ હાસ્ય એકાદ રાક્ષસના મશ્કરીયુક્ત હાસ્ય જેવું હતું !

"સુઇ જા–હમ્ફ્રી ! અને આમ ઉશ્કેરા ના." ઍાલિફન્ટ બોલ્યો.

થોડીકવાર તે મૌન રહ્યો. દરદી પુનઃ સુતો. જરા શાન્ત થયો.

પછી જનરલે કહ્યુંઃ

"હમ્ફ્રી ! તે હથિયાર મ્હેં ઓળખ્યું છે. ફરીથી ઉભો ન થતો. ચમકતો નહિ. તું હવે ઉશ્કેરાઇ જાય તેથી તને કંઇ ફાયદો થવાનો નથી. થયું તે થઇ ગયું. ઓહ ! કમનસિબ જુવાન ! કેવા ભયંકર વિચારોએ તને એ કામ કરવાં લલચાવ્યો હતો ? ત્હારે કોના પર વેર વાળવાનું હતું ? કઇ લાગણીથી તેં એ કામ કર્યું હતું ? તેમ કર-

વામાં ત્હારો હેતુ શું હતો ? હવે આમ ફાટી ફાટી આંખોએ મ્હાર તરફ જો નહિ. હું ત્હારી સાથે સખ્તાઇ વાપરવા ઇચ્છતો નથી; પણ મ્હારે એક કર્ત્તવ્ય કરવાનું છે અને ત્હારે માથે પણ, હમ્ફ્રી ક્લીન્ટન ! એક ગમ્ભીર—પવિત્ર કર્ત્તવ્યનો ભાર છે ! હા—ત્હારે એક નિર્દોષ મનુષ્ય આજે ન્યાયમન્દિરમાં જે ભયંકર ગુન્હો—"

"નહિ. નહિ. તે ગુન્હો મ્હેં કર્યો નથી—મ્હેં કર્યો નથી—" ભયથી થરથરતો તે યુવાન નોકર બબડ્યો.

"ઓહ ! હમ્ફ્રી !—" હજુ પણ શાન્ત—માયાળુ સ્વરેજ ઑલિફન્ટ બોલ્યો.

"હમ્ફ્રી ક્લીન્ટન ! ફક્ત આ પલંગપર જ તું ત્હારી આંતરિક વ્યથાથી પીડાતો નથી—ફક્ત આ કોચપર જ તું કંઇ કંઇ બબડતો નથી; પણ તને ખબર છે કે ગુનેહગારનું હૃદય ઉંઘમાં પણ બબડે છે. ઉંઘમાં ઉંઘનારો પોતાના પાપનો એકરાર કરે છે અને ત્હારો એકરાર પણ કોઇએ સાંભળ્યો હતો ! વળી ગુનેહગારની આંખો પણ તેના ગુન્હાનો સ્પષ્ટ સ્વીકાર કરે છે અને ત્હારી ફાટી આંખો ત્હારા ગુન્હાની સાબીતી આપે છે. યાદ રાખજે હમ્ફ્રી ! કે ઇશ્વર જે કરવા માગે છે તે તો થશેજ. તેની સ્હામે માનવશક્તિ કદિ પણ બંડ ઉઠાવી વિજય મેળવી શકવાની નથી. હું જે કહું છું તે ત્હારા હૃદયમાં ઉતરતું નથી ? સત્ય અને ન્યાયને માટે તને કંઇ જ લાગતું નથી ? આહ ! આજે મ્હારે માથે ઘણું—ઘણું દુઃખી કર્ત્તવ્ય આવ્યું છે; પણ ન્યાયને ખાતર હું તે બજાવીશ. હું હજારો લડાઇઓ લડ્યો છું—હું શત્રુઓ સ્હામે એકલે હાથે લડ્યો છું: પણ હું સત્ય કહું છું કે ત્હારી હઠીલાઇ જોઇ મને આજે જે દુઃખ થાય છે, તેવું દુઃખ મને કદિ પણ થયું ન હતું. કમનસિબ છોકરા ! જો ખરેખર તું મૃત્યુને શરણે જવાનો હોય, જો આ પલંગપર તું ચીરનીદ્રા લેવાનો હોય, જો હવે પુનઃ જગતમાં જીવંત ફરવાની ત્હારા હૃદયમાં આશા ન હોય, જો પ્રભુનો તને લેશ માત્ર ડર હોય, જો મરતી વખતે તું જરા પણ શાન્તિ ભોગવવા ઇચ્છતો હોય તો કબૂલી દે. તેં જે કર્યું હોય તે કબૂલી દે. પ્રભુ તને ક્ષમા આપશે—"

"આહ ! આહ ! જનરલ ! મરી જતા માણસને આમ સતાવવો એ મનુષ્યત્વ નથી. એ રાક્ષસી ઘાતકીપણું છે..." તે બબડ્યો. પુનઃ તેની અશાન્તિ ભયંકર થઇ ગઇ. તે બીછાનામાં પાછો બેઠો

થયો. તેનું મસ્તક ચક્કર ચક્કર ભમવા લાગ્યું. તેની આંખો પુનઃ ફાટી ગઇ.

"ગયા કેટલાક મહિનાથી મ્હારા અંતરે કેટલું દુઃખ સહન કર્યું છે તે તમે જાણતા નથી......અહિંયા જે લાગણી સળગી રહી છે અને મને સળગાવી રહી છે..." "અહિંયાં" કહી તેણે પોતાનો હાથ જોરથી છાતીપર માર્યો.

"અહિંયા પ્રેમની લાગણી છે. હા—બળતા—જળતા—પ્રબળ આવેગમય—અંધ—દિવાના પ્રેમે મને દિવાનો બનાવ્યો. હજુ પણ એ પ્રેમ અહિંજ છે. હજુ પણ એટલોજ પ્રબળ છે—એટલોજ આવેગમય છે...અને એ પ્રેમને માટે હું મ્હારૂં હૃદય શયતાનને પણ વેચવા તૈયાર હતો. એ પ્રેમ જો બદલામાં મળતો હોય ને મ્હારૂં હૃદય મ્હારે શયતાનને વેચવું પડતું હોય તો તેમાં શું વધારે પડતું છે, જનરલ?"

"અને ત્હારી પ્રણયીની..." ઍાલિફન્ટે પૂછ્યું. આ યુવાન નોકરનો આટલો બધો દિવાનો પ્રેમ કોના પર ઢોળાયો હશે તે તે કલ્પી શકયો નહિ.

"નહિ. કદિપણ નહિ—હું તેનું નામ કદિ પણ પ્રકટ કરીશ નહિ..." તેના મુખપર મૃત્યુનું તેજ આવ્યું. તે પુનઃ બબડયો.

"જો હું ખરો એકરાર કરૂં—એક સત્ય વાત પ્રકટ કરૂં—તો તમે આવા સવાલો પૂછવાનું બંધ કરશો? તમે કસમથી કહો છો કે પછી તમે પુનઃ મને બીજું કંઈ નહિ પૂછો?—"

"જે નિર્દોષ મનુષ્ય નાહક ફાંસીને લાકડે જાય છે તેને બચાવી ત્હારૂં કર્તવ્ય બજાવ. બસ, મ્હારે એટલુંજ જોઇએ છે. તેં જે ગુન્હો કર્યો છે તે માટે એક નિર્દોષ માનવંત યોદ્ધાને દોષિત ન ઠરાવ—બોલ, તું ત્હારો ગુન્હો કબૂલ કરશે?—"

"હા—હા—હું તે કબૂલ કરીશ......" કંઈક આનંદ પામી—શાન્ત થઇ—કંઇક અશાન્ત થઇ તે બોલ્યો.

"હું તમારી આજ્ઞા પ્રમાણે એકરાર કરીશ."

"શાન્ત થા ત્યારે અને સાવધતાથી તથા શાન્તિથી વાત કરવા તૈયાર થા. ત્હારે જે કહેવાનું છે તે ત્હારે સાક્ષીઓ સમક્ષ કહેવું પડશે; અને તેથી ત્હારે તદ્દન સાવધ થવું જોઇએ. તાવના લવારામાં તું બોલે છે એવું ન લાગવું જોઈએ—"

" જુઓ, હું શાન્ત છું. હું સાવધ છું. મ્હારી ટૂંકી જીંદગીના સઘળા બનાવો મને એક વિશાલ ચિત્ર જેવા હમણાં જણાય છે. જનરલ ઑલિફન્ટ ! હું તમને શાન્ત લાગતો નથી ? તમારા સાક્ષીઓને અંદર બોલાવો. મને એકરાર કરવા દો—અને પછી મને છોડી જાવ—હા—મને મરવા માટે છોડી જાવ—"

ગવર્નર જનરલ હજુ હમ્ફ્રી ક્લીન્ટન તે ગંભીર એકરાર કરવા જેવી માનસીક સ્થિતિમાં છે કે નહિ તેની ખાત્રી કરવા માટે થોડીક મિનિટ ઉભો રહ્યો અને પછી તે સાવધ છે એવું લાગવાથી તે તે ઓરડામાંથી બહાર નીકળ્યો. થોડીક પલોમાં સર હેન્રી બીટન અને ડૉક્ટર સાથે તે ત્યાં પાછો ફર્યો. તેણે દ્વાર બંધ કર્યું અને ત્રણે જણ દરદીના કોચ પાસે ગયા. દરદીએ શાન્ત વદને તેમના તરફ જોયું. તેના ગાલપરની તાવની રતાશ ચાલી ગઈ હતી અને તેની જગ્યાએ ભયંકર ફીકાશ આવી હતી. તે તદ્દન નિશ્ચેષ્ટ પડયો હતો. તેનું એક રૂંવું પણ હાલતું ન્હોતું—ઓષ્ઠ ધ્રુજતા ન્હોતા—આંખો ચમકતી ન્હોતી—પગથી માથા સુધી તેનું આખું શરીર તદ્દન સ્થિર હતું. જાણે કપડાં પહેરાવી એકાદ પૂતળું ત્યાં કોઇએ મૂકયું હોયની !

" આ યુવાન માણસ એમ માને છે—" ઑલિફન્ટે ધીમા ગમ્ભીર અવાજે કહ્યું.

" કે તે મૃત્યુના હાથમાં સપડાઈ ચૂકયો છે અને હવે જીવતો આ કોચ છોડી ઉઠે એમ નથી. આવી લાગણીથી અને આવી માન્યતાને લીધે તે કંઇક ગુપ્ત એકરાર કરવા માગે છે અને તેમ કરી મરતી વખતે પોતાનું હૃદય હલકું કરવા ઇચ્છે છે. એ બહુ થોડા શબ્દો બોલશે પણ તે ઘણાજ અગત્યના છેઃ અને તમે તે બરાબર સાંભળી લેશો કારણ કે તમારે તે કોઇ અન્ય સ્થળે કહેવા પડશે—" તેણે પોતાના એ-ડ-કાં તથા ડૉક્ટર તરફ જોઇ કહ્યું.

થોડીવાર ત્યાં મૌન છવાયું. સ્થિર નયને હમ્ફ્રીએ ત્રણેને જોયા. તેની આંખોજ આમતેમ ફરતી હતી. માથું તદ્દન સ્થિરજ હતું. ઑલિફન્ટ, ડૉક્ટર અને સર હેન્રી બીટન ત્રણે પર તેની આંખો ફરી.

" અમે બધા ધ્યાન આપીએ છીએ. બોલ—" ઑલિફન્ટે કહ્યું.

" આપ નામદાર મને કહો છો કે હમણાં રાજ્યમહેલમાં વીલોબીનું ખૂન કરવાના ભયંકર આરોપ માટે એક માણસની તપાસ ચાલે છે—" તે નોકરે શાન્ત-સ્થિર સ્વરે કહેવા માંડયું.

"હા. એમજ છે."

"ઠીક. તે માણસ પર તદ્દન ખોટો આરોપ મૂકવામાં આવ્યો છે. તેના હાથે ખૂન કર્યું નથી. તે ખૂની નથી; પણ જે હાથે વીલો-બીની છાતીમાં કટાર ભોંકી હતી તે આ હાથ હતો! તેનો ખૂની હું છું—"

ડોકટર અને સર હેન્રી બીટન ઉભય આવો ભયંકર એકરાર થશે એવું સ્વપ્ને પણ ધારતા ન્હોતા તે આ વાત સાંભળી ઘણાજ અજબ થયા. તેમણે એકમેક સ્હામે જોયું. જોકે હેન્રી બીટન ઑલિફન્ટની આજ્ઞાથી સેવોયના પીઠાંમાંથી હમ્ફ્રી પકડી લાવ્યો હતો પણ તેનો હેતુ તે સ્હમજી શકયો ન્હોતો.

"હા..." પુનઃ કંઇક ઉશ્કેરાટથી પણ સાવધ સ્થિતિમાં હમ્ફ્રી બોલવા લાગ્યો.

"હું ખૂની છું. એક નિર્દોષ મનુષ્યને નાહક દોષિત ઠરાવવાનો સરકાર પ્રયત્ન કરી રહી છે. મ્હારા ગુન્હા માટે તે નિર્દોષને ફાંસીને લાકડે જતો હું જોઇ શકતો નથી. મ્હેં તે ખૂન કર્યું હતું અને જો ન્યાયાધિશ પુરાવો માગે તો કહેજો કે રાજાની ઓરડીના દ્વારમાં દાખલ થવા પછી જમણી બાજુપર સોફા પડયો હતો, વીલોબીના પગ બારણાં તરફ હતા અને માથું બીજી બાજુએ હતું. લૅમ્પ બુઝાઇ જવાની અણીપર હતો. બસ, એટલુંજ મ્હેં જોયું હતું. હવે મને મરવા દો—"

આ શબ્દો તે જેમ તેમ બોલી રહ્યો તેજ પળે તેના ગળામાં એક ભયંકર ડૂંસો આવ્યો. ઑલિફન્ટ તેની પાસે દોડી ગયો અને તેને બેઠો કર્યો. તેના મ્હોંમાંથી લોહીની ધાર વહી અને તેના વદન પર મૃત્યુનાં ચિન્હો જણાયાં. ડોકટર પોતાની શક્તિનો ઉપયોગ કરવા દોડયો પણ વ્યર્થ! તે હતભાગી યુવાને લોહીની ઉલટી કરી. તે બચે એવી આશા રહી નહિ.

થોડીક મિનિટમાં હમ્ફ્રી અચેત થઇ ગયો; પણ તેણે આ દુનિયામાં છેલ્લો શ્વાસ લીધો તે પહેલા તેણે એક વ્હાલા નામનો ઉચ્ચાર કર્યો. કોઇએ તે નામ સાંભળ્યું નહિઃ છતાં તે યુવાન એક નામ બબડયો હતો એ ચોકસ હતું. મરતી વખતે પણ જેને એ અભાગી યુવાન ભૂલી ન શકયો તે તેની બેવફા—કપટી માશુક બાર્બેરા

વીલીઅર્સ હતી કે જેણે ખોટાં પ્રલોભનો આપી તેને ખુની બનાવ્યો હતો !

છેલ્લી ઘડી સુધી—મૃત્યુ સુધી તે ડચેસને ચાહતો હતો. તેણે પોતાના હૃદયને કંઇક શાન્ત કરવા કર્નલ રમ્બોલ્ડના જીવનને બચાવવા, એક પવિત્ર કર્તવ્યનો ખ્યાલ કરી પોતાનો ગુન્હો કબૂલ કર્યો: પણ કદાચ તેને ફાંસીને લાકડે લટકવાનો પણ પ્રસંગ આવત તો પણ તે પોતાની પ્રણયીની બાર્બેરા વીલીઅર્સનું નામ પ્રકટ ન કરત !

તે ગયો—જ્યાંથી કોઇ પાછું ફરતું નથી તે અગમ્ય—અદૃશ્ય પ્રદેશમાં તે દિવાનો પ્રેમી ગયો ! પ્રેમની જાદુઇ અસરથી દિવાનો થઇ, અન્તિમ શ્વાસ સુધી પ્રણયીની અને પ્રેમનો જાપ જપતો તે પ્રેમી ત્યાં ગયો કે જ્યાં શું છે તે કવિઓ કલ્પી શકતા નથી અને વિજ્ઞાનીઓ શોધી શકતા નથી ! લોકો એ દશાને મૃત્યુ કહે છે ! કોને ખબર છે, મૃત્યુ પછી મનુષ્યો ક્યાં જતા હશે ?

પ્રકરણ ૧૮ મું.

આરોપીની તપાસ.

જ્યારે લીન્કન્સ ઇન ફીલ્ડઝમાં જનરલ ઑલિફન્ટના મૅનશનમાં હમ્ફ્રી કલીન્ટન પોતાના પાપનો સ્વીકાર કરી કરૂણ મૃત્યુને શરણ થયો ત્યારે ઓલ્ડ બેલી સ્ટ્રીટમાં કર્નલ રમ્બોલ્ડની તપાસનો આરંભ થઇ ગયો હતો.

પ્રાતઃકાલથીજ જે મહોલ્લામાં ન્યાયમન્દિર આવેલું હતું તેમાં અને તેની આસપાસના રસ્તાઓમાં સ્ત્રી અને પુરૂષો—યુવાન અને વૃદ્ધો કોર્ટમાં જતી વખતે કેદીને જોવાને માટે ભેગાં થયાં હતાં. આ ટોળાંમાં રૉયલીસ્ટો અને રિપબ્લીકનો બન્ને હતાં. રૉયલીસ્ટો ક્રોમવેલની અભેદ્ય ટૂકડીના એક જુના—વૃદ્ધ સૈનિકની આવી કંગાળ દશા થવાથી મલકાતા હતા જ્યારે સ્વરાજ્યવાદીઓ આ વીર યોદ્ધા તરફ સહાનુભૂતિ વ્યકત કરવા ભેળાં થયાં હતાં. ચાર્લ્સ બીજાના ભયંકર રાજ્યઅમલમાં રાજ્યદ્વારી કેસો ન્યાયમન્દિરમાં નામનાજ ગણાતા. એ એક જાતનો ઢોંગજ હતો. આરોપીઓને રોયલીસ્ટો તરફથી અનેક જાતનાં જુલમો સહન કરવાં પડતાં. તપાસ શરૂ થવા પહેલાંજ પ્રજાના

મનપર આરોપી ગુનેહગાર છે એવી છાપ પાડવા માટે અનેક જાતના પ્રયત્નો થતા અને આવા પ્રયત્નો જ્યુરી ઉપર કદાચજ અસર કર્યા વિના રહેતા હોવાથી સરકાર પક્ષની તરફેણમાં ચુકાદો આવતાં કોઇક વારજ મુશ્કેલી નડતી.

આ વખતે પણ કર્નલ રમ્બોલ્ડની વિરૂદ્ધ પ્રજામત ઉશ્કેરવાને માટે સઘળા શક્ય પ્રયાસો કરવામાં આવ્યા હતા. તાજના ખુશામતી દલાલોએ કર્નલ રમ્બોલ્ડ ખૂની છેજ એવું ઠસાવવાને આભ અવનિ એક કરી નાખ્યા હતા અને તેની કાયદાસર તપાસ નામને ખાતરજ ચલાવવાની છે-બાકી તે તો ક્યારનો દોષિત કરી ચૂક્યો છે અને તેને ફાંસીની સજા થવીજ જોઇએ—એવી વાતો જાહેરમાં થતી હતી. લોકોના ટોળાંમાંથી ઘણાં જણ કર્નલને ગુનેહગાર માનતાં હતાં. રોયલીસ્ટો જે મળે તેને મીઠું મરચું ભભરાવીને કર્નલ રમ્બોલ્ડના ભયંકર ગુન્હાનીજ વાત કરતા. જેઓ રાજ્યદ્વારી વિષયમાં રસ લેતા નહિ અથવા તે તરફ બેદરકારી બતાવતા તે બધાને રોયલીસ્ટ પક્ષે કર્નલની વિરૂદ્ધ કરી મૂક્યા હતા. વળી સ્વરાજ્યવાદીઓમાંના સારાસારનો વિચાર કરવાને અશક્ત માણસો પણ કર્નલને દોષિત માનતા હતાઃ પણ તેઓ કર્નલને એક વીર સ્વરાજ્યવાદી તરીકે માન આપતા હોવાથી તેણે કરેલા ભયંકર ખૂનને માટે તેને ધિક્કારવાને બદલે તે પોતાનો પક્ષકાર છે એટલા માટેજ તેઓ તેને હર્ષના પોકારોથી વધાવી લેવાને તૈયાર થઇ રહ્યાં હતાં. થોડાક રિપબ્લીકનો જેઓ કર્નલને નિર્દોષ માનતા હતા તે સર્વે સુશિક્ષિત અને બુદ્ધિવાન બહુમતવાદીઓ હતા. ત્રણ જણ કર્નલ નિર્દોષજ છે એવું ખાત્રીપૂર્વક માનતા હતા અને કંઇ ગુપ્ત ભેદ એ ખૂનના કેસમાં હોવો જોઇએ એવું માનતા હતા.

રાજ્યપક્ષના દલાલો કર્નલની વિરૂદ્ધ પ્રજામત ઉશ્કેરવાના કાર્યમાં ખાઇ પીને મંડી ગયા હતાઃ તેઓ સ્વરાજ્યવાદીઓ જે હર્ષના પોકારો કરે તેની સ્હામે પોતાના પક્ષકારો “ હીસ—હીસ ” કરી કર્નલને ધિક્કારી કાઢે તે માટે આ બધી ધાંધલ કરતા હતા અને જેમ બને તેમ પોતાના પક્ષને સબલ બનાવવા મથતા હતા. જે હોટલો અને પીઠાંઓના માલિકો ચુસ્ત રૉયલીસ્ટો હતા તેમને સુવર્ણની લાંચ આપવામાં આવી હતી અને તેઓ લાંચ લઇ પોતાના ગ્રાહકોને કર્નલ વિરૂદ્ધ ઉશ્કેરવાનો ધંધો કરતા હતા. કર્નલને ગુનેહગાર માની રાજ્ય પક્ષમાં ભળનારાને આ લાંચીઆ પીઠાંવાળાઓ છૂટે હાથે દારૂ પાતા આથી પ્રજાનો મવાલી

વર્ગ બધો દારૂની લાલચે તેમના પક્ષમાં જતો હતો.

પણ આ પ્રસંગે એકલા રાજ્યપક્ષના દલાલોજ કામ કરતા ન્હોતા. બહુમતવાદીઓ કર્નલ રમ્બોલ્ડના પક્ષકારો વધારવાનો પણ શક્ય પ્રયાસ કરી રહ્યા હતા; પણ તેઓ લાંચ આપતા ન્હોતા—દારૂ પાતા ન્હોતા; પણ પોતે જે મત વ્યક્ત કરતાં તેની સત્યતા પર વિશ્વાસ રાખી તેઓ પ્રજાની ન્યાય બુદ્ધિને વિનંતી કરી કર્નલ રમ્બોલ્ડ જેવો વીર યોદ્ધો કદિપણ હીચકારૂં ખૂન કરી પોતાની કમ્મરે લટકતી તલવારની અકલંકિત કીર્તિ કલંકિત ન કરે એવી પ્રજાની ખાત્રી કરી આપતા હતા, તેઓ જો કે સ્પષ્ટ શબ્દોમાં કહેતા ન્હોતા છતાં પ્રસંગવશાત્ લોકો ધારે છે તે કરતાં કંઇ જૂદીજ રીતે આજની તપાસનો અંત આવશે એવી કંઇક ટીકા કોઈ કોઇવાર કરી જતા.

વાંચનાર ! તમને કહેવાની જરૂર છે કે કર્નલ રમ્બોલ્ડની તરફેણમાં પ્રજામત લાવવા માટે તેના વીર મિત્ર જનરલ ઑલિફન્ટના માણસો આજે સ્હવારથી કામ કરી રહ્યા હતા ? તેમને તેમના વીર નાયકે સોંપેલું કામ તેમણે વફાદારીથી બજાવ્યું હતું. જ્યારે તેમણે જોયું કે જાહેર હોટલો અને પીઠાંઓમાં પણ રાજ્યપક્ષના દલાલો લાંચ આપી રહ્યા છે ત્યારે તેઓ હોટલો અને પીઠાંઓનાં આંગણામાં જઇ અડ્ડા જમાવી બેઠા અને ત્યાં રાજ્યપક્ષમાં જવા માટે લાંચ તરિકે દારૂ પાવામાં આવે છે તથા અંતઃકરણ વેચવા માટે પૈસા આપવામાં આવે છે એવી વાત દરેક જણને કહી તેમણે અસંખ્ય માણસોને અંદર જતા અટકાવ્યા. આ પ્રમાણે તેમની ચાલાકી, બુદ્ધિમત્તા તથા યુક્તિપ્રયુક્તિથી તેમણે પણ અસંખ્ય માણસોને રમ્બોલ્ડના પક્ષમાં લીધા હતા.

નવ વાગ્યા પછી મન્ત્રીઓ, ન્યાયાધિશો અને સરકારી પક્ષના કાયદા શાસ્ત્રીઓ જેઓ તપાસ વેળાએ હાજર રહેવાના હતા તેમની ગાડીઓ હીલપરથી પસાર થઇ ગઇ અને 'ઓલ્ડ બેલી'માં દાખલ થઇ. રાજ્યપક્ષે તેમને જોઇ આનન્દના પોકારો કર્યાઃ પણ સ્હામા પક્ષના "હીસહીસ"ના અવાજો પણ તેવાજ ભયંકર હતા. હમણાં સુધીમાં જનરલ ઑલિફન્ટના માણસો જે લોકો રાજદ્વારી બાબતમાં માથું મારતા નહિ તથા તેમાં સ્હમજતા નહિ તેઓને પોતાના પક્ષમાં લેવામાં સફલ થયા હતા કે જેઓ અલ્પ સમય પહેલાં કેદીની વિરૂદ્ધ મત ધરાવતા હતા. અહિંયા પણ ઑલિફન્ટના એજન્ટોએ " જોજો તો ખરા ? કોર્ટમાં કંઇ નવોજ તમાસો થશે. જોવા જેવો દેખાવ

થશે અને તમે ધારો છો તેથી જુદોજ ચુકાદો આવશે." આવી આવી વાતો કરી સેંકડો મનુષ્યોની કર્નલ નિર્દોષ છે એવી ખાત્રી કરી દીધી હતી.

લોકોના મન એક બાજુથી બીજી બાજુ પર ઢળતા હતા—ઘડી ઘડીએ બદલાતા હતા એવામાં એક ઉઘાડી ગાડી તે મહોલ્લામાં દાખલ થઇ. ગાડીને એક મુરદાલ ઘોડો ખેંચતો હતો, પણ તે પર સશક્ત પ્રહરીઓની ચોકી હતી. ચીપસાઇડમાંથી ગાડી સેંટ પોલના ચર્ચયાર્ડમાં દાખલ થઈ અને તે પછી તે લડગેટ હીલના શીખરપર જઈ પહોંચી. આ ગાડીમાં કર્નલ રમ્બોલ્ડ બેઠો હતો. જે પલે તે લોકોની દૃષ્ટિએ પડયો ત્યારે રાજ્યપક્ષના માણસોએ પોતાનાથી જેટલી મોટી ચીસ પાડી શકાય તેવી મ્હોટી બુમો મારી તેને ધિક્કારી કાઢયો—હીસહીસના પોકાર કર્યા—પણ તરતજ આનન્દના—ઉત્તેજનના અને પ્રશંસાના એવા પ્રબલ પોકારો બીજી બાજુથી થયા કે તરતજ હડધૂતના પોકારો તેમાં દબાઇ ગયા. આકાશ કર્નલના પ્રશંસકોની ગર્જનાથી ગૂંજી રહ્યું. આનન્દની ગર્જનાઓ પલે પલે વધતી ગઇ અને જ્યારે કર્નલની ગાડી ઓલ્ડ બેલીમાં ગઇ ત્યારે રાજપક્ષની એક પણ ચીસ—એક પણ 'હીસ' સંભળાઇ નહિ. બહુ મતવાદીઓની—કર્નલના પક્ષકારોની જ પ્રબલ ગર્જનાઓ વાતાવરણમાં પ્રતિધ્વનિત થઇ રહી.

લોકોના ભયંકર ટોળાએ કર્નલને ઓલ્ડ બેલીમાં જે આનન્દ ધ્વનિથી વધાવી લીધો તેનો અવાજ સરકારી અમલદારો અને વકીલો જેઓ કોર્ટમાં પોતાના ખાનગી ઓરડામાં બેઠા હતા તેમને કાને પડયો અને તેઓ ગુસ્સાથી લાલ પીળા થઇ ગયા. તેમણે પરસ્પર નેત્રસંકેત કર્યાં અને આજની તપાસમાં શું ચુકાદો આવશે તે માટે તેમને ખાત્રી હોય તેમ રાક્ષસી હાસ્ય કરવા લાગ્યા.

પણ જ્યારે લોકોની ઠઠમાંથી કેદીની ગાડી પસાર થઇ ગઇ ત્યારે તે કેવો લાગતો હતો? જ્યારે તેને માથે ફાંસીનું દોરડું લટકતું હતું, તેને ખૂનના ભયંકર ગુન્હા માટે દોષિત ઠરાવી ફાંસીની સજા થવાનો સમ્ભવ હતો, ત્યારે મહાન્ સ્વાતંત્ર્યપ્રિય વીરલા ઑલિવર ક્રૉમવેલનો સૈનિક વીર કર્નલ રમ્બોલ્ડ કેવો દેખાતો હતો!

તેના મુખ પર શાન્તિ હતી—નીડરતા હતી. તેના વદનપર નિર્દોષતા તરવરતી હતી, અને કાયદાના જૂલમો સ્હામે જોઇ જાણે તે અટ્ટહાસ્ય કરતો હોયની તેવો લાગતો હતો. તેના મુખપર ભય કે

શંકાનું નામ ન્હોતું. અચલ—ધ્રુવ નિશ્ચિતતા હતી—શાન્તિ હતી—સરલતા અને નિર્દોષતા હતી. તેનું વદન ફીકકુ ન્હોતું. તે પર શોકનાં કે ચિન્તાનાં, ક્રોધનાં કે અશાન્તિનાં ચિહ્નો ન્હોતાં. તે અદબ વાળી ટટાર બેઠો હતો અને લોકોને જાણે તે ખાત્રી આપતો હતો કે તે વૃદ્ધ થતા છતાં હજી નબળો પડી ગયો નથી. તેમ તેની ગમ્ભીર સ્થિતિ હોવા છતાં તેની માનસિક સ્થિતિ પણ ખરાબ થઇ નથી! તેના દેખાવમાં અવિનય ન્હોતો; પણ એક વીર સૈનિકની મગરૂરી હતી. આ વૃદ્ધ પુરૂષનો આવો ભવ્ય દેખાવ જોઇને કેટલાક રૉયલીસ્ટો પણ તેના પક્ષના થઇ ગયા—ઑલિફન્ટના એજંટોએ તે સીત્તેર વર્ષની ભરતીમાં આવ્યો છે એવી વાત ઉરાડી હતી અને આવા વયોવૃદ્ધ ગૃહસ્થનો આવો શાન્ત દેખાવ જોઇ ઘણા તેને પૂજ્યભાવથી જોવા લાગ્યા. આ પ્રમાણે કેદી ન્યાયમન્દિરમાં શરમ અને ધિક્કારની લાગણી સહિત નહિ પણ માન અને વ્હાલની લાગણી સહિત દાખલ થયોઃ અને તેને લીધે સરકાર પક્ષપર એક જાતનો પ્રબલ પ્રહાર થયો!

રાજ્યપક્ષ તરફથી ન્યાય મન્દિરની ગેલરીઓ અને આખો માળ પોતાના પક્ષકારોથી ચીકાર કરી દેવા માટે દરેક જાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતોઃ છતાં અહિં પણ તેમને જનરલ ઑલિફન્ટે થાપ આપી હતી. તેણે દીર્ઘ દૃષ્ટી વાપરી આગળથીજ દાખલ થવાના અસંખ્ય કાર્ડઝ શહેરના સત્તાવાળાઓ પાસેથી મેળવી લીધા હતા અને તે તેના વફાદાર સહાયકો તરફથી પ્રજામાં સારી રીતે વહેંચવામાં આવ્યા હતા. આથી ઓલ્ડ બેલીમાં જ્યારે તપાસ શરૂ થઇ ત્યારે કર્નલ રમ્બોલ્ડના પક્ષના પણ અસંખ્ય નરનારીઓ ત્યાં હાજર હતાં. કર્નલની વિરૂદ્ધ પ્રજામત કરવા માટે રોયલીસ્ટ પક્ષ કેવા કેવા પ્રપંચો રમશે તે ગવર્નર જનરલ સારી રીતે જાણુતો હતો; અને જો કે ચુકાદા વિષે ઑલિફન્ટની ખાત્રી હતી છતાં કર્નલ રમ્બોલ્ડ સમ્પૂર્ણ નિર્દોષ હોવાથી તેને પરોક્ષ યા પ્રત્યક્ષ સહેજ પણ દુઃખ ન થાય, તેની લાગણીપર પ્રહાર ન થાય અથવા તેનો પ્રજા તરફથી ધિક્કાર ન થાય તે માટે ઑલિફન્ટે કંઈ પણ કરવાનું બાકી રાખ્યું ન્હોતું. વાંચનારે જોયું હશે કે તેમાં ઑલિફન્ટે ઘણો સારો વિજય મેળવી શક્યો હતો.

કર્નલ રમ્બોલ્ડ ઓલ્ડ બેલીના દરવાજા આગળ ગાડીમાંથી નીચે ઉતર્યો કે તરતજ તેને તેનો જમાત્ર લૉરેન્સ લી મળ્યો. અમારી

નવલકથાનો નાયક પોતાના શ્વસુરની સાથે રહેવા માટે ટાવરમાં ગયો હતો પણ તેને ગાડીમાં રહેવા દેવાની જે પહેરેદારો કર્નલની ગાડીમાં હતા તેના અમલદારે સ્પષ્ટ ના પાડવાથી લૉરેન્સે તેની સાથે તકરાર કરવામાં સાર જોયો નહિ. તે સીધો ઓલ્ડ બેલીમાં આવી પહોંચ્યો અને પોતાની વ્હાલી પ્રિયતમા રૂથના પિતાના આગમનની રાહ જોવા લાગ્યો. રૂથ, મીસીસ રમ્બોલ્ડ અને હેન્રીએટ્ટા પણ જો કર્નલને હિમ્મતની, આશ્વાસનની કે પ્રોત્સાહનની જરૂર હોત તો કોર્ટમાં હાજર રહી હોત.

પ્રેમાલ પત્નિ, પુત્રી કે બહેનના વદનનું દર્શનજ અહર્નિશ પુરૂષના હૃદયને આનન્દહીંડોળે હીંચતું રાખે છે; પણ તેમને પોતાની મરજીથીજ કર્નલે આજે ત્યાં આવવા દીધી ન્હોતી; કારણ કે જો કે ઑલિફન્ટના વચનમાં તેને સમ્પૂર્ણ વિશ્વાસ હતો છતાં કંઇ અસામાન્ય અણધાર્યા સંજોગને લીધે જો કદાચ તેની વિરૂદ્ધ ન્યાયાધિશ ચુકાદો આપે તો તેના વ્હાલાંઓને તેથી પૃથ્વીના પ્રલય જેટલું દુઃખ થશે એ તે જાણતો હતો. તે નીડર હતો—વીર યોધ્ધો હતો અને મૃત્યુને આલિંગવા તૈયાર હતો; પણ એટલી શકિત તેનાં વ્હાલાંઓમાં ન્હોતી. આથી તેમને દુઃખ ન થાય તે માટેજ કર્નલે તેમને કોર્ટમાં આવવા દીધાં ન હતાં- તેણે લૉરેન્સને પણ ન્યાય મન્દિરમાં ન આવવાની વિનંતી કરી હતી; પણ લૉરેન્સને તે મનાવી શક્યો નહોતો. પોતાના શ્વસુરને તે નિર્દોષ માનતો હતો અને તેથી પોતાની હાજરીની કોર્ટમાં જરૂર છે એમ કહી તે ત્યાં આવ્યો હતો.

કોર્ટનો ખુણે ખુણો ભરાઈ ગયો હતો અને ગેલરીમાંની આગલી બેઠકો કુલીન નરનારીઓથી ભરાઇ ગઇ હતી. જ્યુડીશીઅલ બૅંચ પણ એક નાકાથી બીજા નાકાસુધી ન્યાયાધિશોના મિત્રો તથા અન્ય અમલદારોથી ભરાઇ ગઇ હતી. એકે એક બૅરિસ્ટરો અને વકીલો આજે હાજર હતા અને તે સર્વેમાં મી૦ મૅાબ્રે—આરોપીના બૅરિસ્ટરને જોવાને લોકો ઘણાજ આતુર જણાતા હતા. લૉર્ડ ચીફ જસ્ટીસ પેમ્બર્ટન બેંચનો પ્રમુખ હતો અને ન્યાયાધિશની બેઠકની પાછળ માર્કિવસ ઑાફ હેલીફેક્ષ, સંદરલૅન્ડ અને રૅાચેસ્ટરના અર્લ અને બીજા બે ત્રણ શ્રીમન્ત તથા ઉચ્ચ પદાધિકારીઓ માટે આરામ ખુરશીઓ નાખવામાં આવી હતી. જે જ્યુરી (પંચ) આ સમયે નીમાઇ હતી તેમાં પણ

હાજી હા કરનારા પરતંત્ર મનુષ્યોનેજ નીમવામાં આવ્યા હતા કે જેથી જો કે કર્નલની વિરૂદ્ધ ઘણી સખત જુબાની પડી હતી છતાં કદાચ કાયદાની અટપટી ગુંચો કહાડીને બચાવ પક્ષનો બૅરિસ્ટર કર્નલને નિર્દોષ ઠરાવવાનો ભગીરથ પ્રયત્ન કરે તો પણ સરકાર પક્ષની તરફેણમાંજ ચુકાદો આપે એવી જ્યુરી બોલાવવાની તાજ તરફના પ્રતિનિધિઓએ ખાસ કાળજી રાખી હતી. જ્યુરીમાં કોણ કોણ નીમાયા છે તે સંબંધી ઑલિફન્ટે ચિન્તા રાખી ન્હોતી; કારણ કે મી૰ મૅગ્રે બૅરિસ્ટરની ઑફિસમાં જે કટારથી વીલોબીનું ખુન થયું હતું તે તપાસી તેણે ખરા ખૂનીનો પત્તો મેળવવાનો એક રસ્તો શોધી કાઢ્યો હતો અને કોર્ટમાં થોડી ઘણી તપાસ ચાલશે એટલામાં તે કર્નલની નિર્દોષતાની સાબીતી સહિત હાજર થઇ શકશે એવી તેની ખાત્રી હતી.

કર્નલ રમ્બોલ્ડ દમામભર્યા વદને કેદીના પીંજરામાં દાખલ થયો. હજુ તેણે અદબ વાળી હતી. તે કોઇની પણ દરકાર કર્યા વિના પીંજરામાં ટટાર ઉભો રહ્યો. જાણે તે કોઇને આજ્ઞા કરતો હોયની! તે પીંજરામાં જઇ ઉભો રહ્યો: પણ તેણે ન્યાયાધિશને નમન કર્યું નહિ એટલુંજ નહિ પણ તેના તરફ નજર પણ ફેંકી નહિ.

"કેદી! ન્યાયાધિશ ન્યાયાસનપર વિરાજ્યા છે તે તમે જોતા નથી?—" એટર્ની જનરલ જે લોકોએ કર્નલ રમ્બોલ્ડને હર્ષથી વધાવી લેવાથી મનમાં બળીજળી રહ્યા હતા તેણે કહ્યું:

"હું એક ન્યાયાધિશને આસનપર બેઠેલા જોઉં છું; પણ તે ન્યાયી હશે કે નહિ તે માટે મત બાંધવાને હું સ્વતંત્ર છું." રમ્બોલ્ડે કટાક્ષથી જવાબ આપ્યો.

"તમે મ્હારા ચારિત્ર્ય પર શાને આધારે આવો કટાક્ષ કરવાની ધૃષ્ટતા કરી શકો છો સાહેબ?—" પેમ્બરટન પોતાની જગ્યા પરથી બરાડ્યો.

"જે સવાલ મને એટર્ની જનરલે પૂછ્યો તેનો મ્હેં જવાબ આપ્યો: અને જો તે આપને અરૂચીકર થઇ પડ્યો હોય તો તેને જન્મ આપવા માટે આપ નામદારે એટર્ની જનરલનો આભાર માનવાનો છે—"

"પણ તમે શાને આધારે મ્હારા ચારિત્ર્ય પર ટીકા કરી છે?" મુખ્ય ન્યાયાધિશે પુન ક્રોધિત સ્વરે પૂછ્યું.

"જ્યારે કોરોનરની તપાસ ચાલતી હતી તે વખતે તમે એમ બોલ્યા હતા કે "નામદાર મહારાજાનું ખૂન કરવાના ખૂનીના નીચ અને દુષ્ટ પ્રયાસમાંથી પરમાત્માએજ મહારાજાને બચાવી લીધા છે." આમ બોલી તમે મ્હારા પર ટીકા કરી હતી. હું ગેરહાજર હતો. હું હમણાં જાહેર કરૂં છું—અને તે વખતે જો હું હાજર હોત તો ત્યારે પણ એમજ કહેત કે હું નિર્દોષ છું. મ્હેં તમારા ચારિત્ર્ય પર ટીકા કરવાની કેમ હિમ્મત કરી તે તમે મને પૂછો છો. હું તમને પુછું છું કે મ્હારા દેશ બન્ધુઓ મને કાયદાપૂર્વક દોષિત ઠરાવે તે પહેલાં મને ગુનેહગાર માની શકાય એવો એક પણ શબ્દ તમે શી રીતે બોલી શકયા હતા?"

"આપ નામદાર જુઓ છો કે, આપણને કેવા માણસ સાથે કામ લેવાનું છે—" એટર્ની જનરલ બોલ્યો અને તે પછી તેણે પ્રેક્ષકો તરફ એવા ભાવથી જોયું કે જાણે આવો દુષ્ટ રાજદ્રોહી કદિ પણ પુર્વે ઓલ્ડ બેલીના પીંજરામાં ઉભો રહ્યો ન હોય!

"કેસ ચાલવા દો હવે—" કેદીએ આપેલા માર્મિક જવાબથી ક્રોધ પામતો ચીફ જસ્ટીસ પેમ્બરટન બોલ્યો.

"બચાવ પક્ષ તરફથી કોણ હાજર થાય છે?"

"હું છું, મ્હારા લૉર્ડ!—" મી૦ મૉબ્રેએ હમ્મેશના રિવાજ મુજબ ઉભા થઈ નમન કરી કહ્યું.

"હું તમને આથી સારા કેસ મળે એમ ઇચ્છું છું.—" ન્યાયાધિશે ટીકા કરી.

"જ્યારે હું આપ નામદારની સલાહ લેવા આવું તે સમયને માટે તમારી શિખામણ તમારી પાસે રહેવા દો: પણ તે પહેલાં તે આપવાની જરૂર નથી—" શાન્ત અને દમામભર્યા સ્વરે મી૦ મોબ્રેએ જવાબ આપ્યો અને પછી તે બેસી ગયો.

પ્રેક્ષકોમાંથી એ ત્રતિયાંસ ભાગે બૅરિસ્ટરનો આ જવાબ સાંભળી હર્ષની ગર્જના કરી. ન્યાયાધિશ હવે ખુબ ખીજવાયો.

"સિપાઇઓ! આ હરામખોરોને કેદ કરો—"

પણ સિપાઇઓ કેમ આ આજ્ઞાનો અમલ કરવો તે સંબંધમાં ભારે

ગુંચવારામાં પડ્યા. શેરીફના અનુચરો કોર્ટમાં હાજર ન્હોતા. ફક્ત ત્રણજ હઝુરિયા ત્યાં હતા અને તેઓ બસો ત્રણસો માણસોને પકડી શકે એ અશક્ય હતું. આથી તેઓ મુઝાઇને એક બીજા તરફ જોઇ રહ્યા તથા વચમાં વચમાં ન્યાયાસન તરફ ભય ભરી નજર ફેંકવા લાગ્યાઃ પણ કોઇને પકડવાને આગળ વધી શક્યા નહિ.

"મી૦ મૉબ્રે! કોર્ટની ગમ્ભીરતામાં હમણાં જે ધિક્કારપાત્ર ખલલ થઇ હતી તેને માટે તમે જવાબદાર છો, સાહેબ!—" પ્રધાન ન્યાયાધિશ બોલ્યો.

"હું મ્હારી પદવીની દરેક જવાબદારી સ્વીકારવાને તૈયાર છું, મ્હારા નામદાર! જો આપ નામદાર આપના કર્ત્તવ્યનું ભાન રાખી કામ લેશો તો—" બચાવ પક્ષનો બૅરિસ્ટર બોલ્યો.

"જ્યુરીને સોગન ખવડાવવામાં આવ્યા છે?" જયુરીબૉક્ષ આગળ ઉભેલા એક સિપાઈ તરફ જોઇ પેમ્બરટને બરાડ મારી.

"હા. મ્હારા લૉર્ડ! પા કલાક થઈ ગયો—" ભય પામી સિપાઇએ જવાબ આપ્યો.

"કેટલો વખત થયો તે હું પુછતો નથી." ન્યાયાધિશ ક્રોધથી તપી જવાથી કોઇને પણ સપાટામાં લેવા માગતો હતો તે ક્રોધિત સ્વરે બોલ્યો.

"તોહમતનામું વાંચો—"

કોર્ટના કલાર્કે કેસની વિગતવાર હકિકત વાંચવા માંડી કે જે અમે અત્રે રજુ કરીશું નહિ; કારણ કે વાંચનાર તે બરાબર જાણે છે. ત્યાર પછી એટર્ની જનરલ સરકાર પક્ષનો કેસ ચલાલવા ઉભો થયો. તેનું ભાષણ જુસ્સાદાર પણ તદન એક પક્ષીજ હતું. તે તેના દીલમાં ભડ ભડતી ચીતાને લીધે એટલી હદ સુધી ગયો કે તેણે કર્નલ રહામે પડેલી સખત જુબાનીઓ કે પુરાવા ન હોય તો પણ કર્નલ રમ્બોલ્ડની રાજમહેલમાંની ફક્ત હાજરીથીજ તેના ભૂતકાલના રાજદ્રોહી, ધિક્કારપાત્ર વિચારોને લીધે કોઈ પણ જયુરી તેને ગુનેહગાર માની શકે એમ કહી કર્નલના બહુમતવાદનો ધિક્કારથી પ્રતિવાદ કર્યો. વળી વધારામાં એટર્ની જનરલે કહ્યુંઃ "જો કે કેદીના ભૂતકાલીન રાજદ્રોહી જીવન પરથીજ તે ખુની ધારણાથી રાજમહેલમાં આવ્યો હતો તે માની શકાય એમ છે છતાં તેનો ગુન્હો દિવાની

જ્યોત પેઠે પ્રકાશમાં લાવી શકે એવી વિરૂદ્ધ જુબાનીઓ પણ તેની સ્હામે પડી છે....” અને તે પછી તેણે કેટલાક પુરાવા કર્નલની વિરૂદ્ધ રજુ કર્યા કે જે વાંચનાર સારી રીતે જાણે છે. તેનું ભાષણ લગભગ એક કલાક ચાલ્યું અને તે સાંભળી વચમાં વચમાં ન્યાયાધિશ પ્રશંસા દર્શાવવા માટે માથું ધૂણાવતો હતો: ન્યાયાધિશની સાથે બેન્ચ પર બેઠેલા ઉચ્ચ સરકારી અમલદારો પણ જજની નકલ કરતા હતા. કર્નલ રમ્બોલ્ડ શાન્ત ચિત્તે આ સઘળું સાંભળી રહ્યો. તેનું રૂંવું પણ હાલ્યું નહિ કે તેના વદન પર અશાન્તિની લેશ માત્ર છાયા પણ જણાઇ નહિ. તેની સઘળી લાગણીઓ પર તેણે પ્રબલ અંકુશ રાખ્યો હતો. સર લૉરેન્સ લી એટલો બધો શાન્ત ન્હોતો. તે સરકારી વકીલનું ભાષણ સાંભળી અનેક વાર તપી ગયો હતો અને તેના વદન પર ક્રોધની રક્તિમા વારંવાર છવાઇ હતી. જેમ જેમ એટર્ની જનરલની જુસ્સા ભર્યું અને કર્નલના રાજ્ય દ્રારી જીવનને ધિક્કારનારૂં ભાષણ આગળ ચાલતું ગયું તેમ તેમ ક્રોધ અને તિરસ્કારથી લૉરેન્સનું આખું શરીર ધ્રુજી ગયું! એક વાર તેના હાથોની મુક્કી વળી—અને તેના ચર્ણો આગળ ધસી જવા તૈયાર થયા—તે પક્ષપાતી રાજ્ય દ્રારીને મુક્કી મારી જમીન પર પટકી નાખી યોગ્ય સજા કરવાને લૉરેન્સ આતુર થઇ ગયો. એક નહિ પણ અનેક વાર જુસ્સાથી, પ્રચંડ સ્વરે એટર્ની જનરલે કર્નલ પર મૂકેલા આરોપનો “નહિ” “ખોટું” કહી તેણે અસ્વીકાર કર્યો છતાં તે જેમ તેમ પોતાના ઉછળતા હૃદય પર અંકૂશ રાખી મૌન બેસી રહ્યો. પોતાના સસરાના શાન્ત વદન પર દૃષ્ટિ નાખતાં તે પુનઃ શાન્તિ ધારણ કરી શકયો.

એટર્ની જનરલ બેસી જવા પછી સાક્ષીઓની જુબાની લેવામાં આવી. અહિં કૉરોનરની તપાસ વેળાએ જે જુબાની રજુ થઈ હતી તેનો ટૂંક સાર અમે રજુ કરીશું. પ્રથમ એક નોકરે જુબાની આપતાં મી૦ વીલોબી રાજમહેલના દરવાજા આગળ મહારાજાને મળવાની વિનંતી કરતો આવ્યો હતો—તેને રાજાના ઓરડામાં લઇ જવામાં આવ્યો હતો—તથા રાજા તેને મળ્યો હતો—એ વાત કહી. ત્યાર પછી બીજા કેટલાક અનુચરોની તપાસ લેવાઇ. તેમણે કર્નલ રમ્બોલ્ડ રાજાના ઓરડા નજીક નજરે પડયો હતો, તે કોણ હતો તથા શા

માટે ત્યાં આવ્યો હતો તે પૂછતાં તેણે અભિમાનથી શંકાજનક જવાબ આપ્યા હતા. તેણે "હું એક માણસને મળવાનો નિશ્ચય કરીને આવ્યો છું" એમ કહ્યું હતું, અને રાજાને જોઈ તે ચમક્યો હોય એવો દેખાયો હતો, વિગેરે બીના કોર્ટ સમક્ષ કહી સંભળાવી. સાક્ષીઓની જુબાની લેવાતી હતી તે વેળાએ પ્રધાન ન્યાયાધિશ જરા જરા વારે જયુરી તરફ જોઇ આંખના ઇસારાથી વિરૂદ્ધ જુબાનીથી કેદી આબાદ ગુનેહગાર પૂરવાર થાય છે અને તે દોષિત છે એવા નિશ્ચય પર આવતાં જયુરીના ગૃહસ્થોને જરા પણ મુસ્કેલી નહિ પડશે એવો ભાવ વ્યક્ત કરતો હતો.

પ્રકરણ ૧૯ મું.

બચાવ પક્ષનો બૅરિસ્ટર.

સરકારપક્ષે પોતાનો કેસ પૂરો કર્યો તે વખતે મધ્યાન્હ થઇ ગયો હતો અને જ્યારે આરોપીનો બચાવ કરવા માટે મી○ મૅાગ્રે બૅરિસ્ટર ઉભો થયો ત્યારે ન્યાયમન્દિરમાં સ્મશાન જેવી ગમ્ભીર શાન્તિ પ્રસરી ગઇ હતી. જે માણસો રમ્બોલ્ડને નિર્દોષ માનતા હતા તેઓ તેની સ્હામે પડેલી મજબૂત સાબીતી જોઇ બચાવપક્ષ શી રીતે આરોપીને નિર્દોષ ઠરાવી શકશે એવા દુઃખભર્યા વિચારમાં પડયા અને તેથી તેમના વદનપર નિરાશની લાગણી છવાઈ. જેઓને જનરલ ઑલિફન્ટના એજંટોએ કર્નલના પક્ષમાં લીધા હતા અને જેઓ "લોકો ધારે છે તેથી કદાચ ચુકાદો જૂદોજ આવશે" એમ સાંભળી આવ્યા હતા તેઓ પણ સરકાર પક્ષના સાક્ષીઓની જુબાની અને પુરાવા જોઇ હવે કેવી રીતે આરોપી બચી શકશે તથા તેને બચાવવા માટે હવે કેવા ઉપાયો લેવામાં આવશે તેનો વિચાર કરવા લાગ્યા. ન્યાયાધિશ, એટર્ની જનરલ, અને રાજ્યાધિકારીઓ પણ શાન્ત ન્હોતા; કારણ કે જો કે તેઓ કર્નલેજ ખૂન કર્યું છે એમ ખાત્રીપૂર્વક માનતા હતા તથા જ્યુરીનો ચુકાદો સરકાર પક્ષની તરફેણમાંજ આવશે તે વિષે તેમને લેશ માત્ર શંકા ન હતી છતાં મી○ મૅાગ્રે પોતાના ભાષણમાં રાજા વિષે કંઇક અયોગ્ય ટીકા કરશે એવો તેમને ભય હતો. ન્યાયાધિશે જ્યુરીને દબાવવાનો તથા બચાવપક્ષના કાઉન્સલને પોતાની

સત્તાથી અમુક વિષયપર ન બોલવા દેવાનો નિશ્ચય કર્યો હતો; પણ ઇંગ્લંડના તે અન્યાયી યુગમાં પણ જ્યારે ન્યાયાધિશો પક્ષપાતી બનતા અને ન્યાયમન્દિરો જૂલમી સજા કરવાના સ્થલ જેવી બની ગઇ હતી ત્યારે અમુક મર્યાદા ઓળંગીને ન્યાયાધિશોની સત્તા વધુ જૂલમ કરી શકતી નહિ અને ત્યારે પણ એવા બનાવો બનતા કે જ્યારે સામાન્ય ન્યાય બુદ્ધિથી વિરૂદ્ધ જવામાં અધિકારીઓને ભય લાગતો.

કેદીનો બચાવ કરવા માટે ગમ્ભીર શાન્તિમાં મી. મૅાબ્રે બૅરિસ્ટર પોતાની બેઠક પરથી ઉભો થયો. તે ગમ્ભીર સ્વરે બોલ્યો.

"નામદાર ન્યાયાધિશ અને જ્યુરીના ગૃહસ્થો ! એટર્ની જનરલે પોતાના ભાષણોમાં મ્હારા કુલ વિષે જે દુષ્ટ મતો રજુ કર્યા છે તેનો જવાબ આપવાનો હું પ્રયત્ન કરવા ઇચ્છતો નથી કારણ કે એ મતોમાં જે અતિશયોક્તિ થઇ છે તે પરથી તથા એક નિર્દોષ ગૃહસ્થને તેના પરના દ્વેષને લીધે સરકાર પક્ષ તરફથી દોષિત ઠરાવવાનો જે પ્રયત્ન થયો છે તે પરથીજ એટર્ની જનરલના અતિ નીંઘ આરોપોનું ખંડન એની મેળે થઇ જાય છે. આથી ખૂનવાળા પ્રસંગે મ્હારા કુલ મી૦ રમ્બોલ્ડ રાજમહેલમાં શા માટે ગયા હતા તે પૂરવાર કરવા માટે હું તમને એક ખુલાસો કરવા માગું છું. કૉરૉનરની તપાસ વખતે મ્હેં સત્તાધિશોને ચેતવણી આપી હતી કે જો કૉરૉનરની જ્યુરીનો અભિપ્રાય મ્હારા કુલની વિરૂદ્ધ જશે તો મ્હારે આરોપીના બચાવ માટે કેટલીક દુઃખજનક કૌટુંબિક કથા કહેવી પડશે કે જેમાં આ રાજ્યના ઘણા ઉચ્ચ પદાધિકારીએ શરમભર્યો ભાગ ભજવ્યો છે—"

"યાદ રાખો મી૦ મૅાબ્રે ! તમે કોના ચારિત્ર્યને કલંકિત કરો છો તે યાદ રાખો." ગુસ્સાથી ન્યાયાધિશ બોલ્યો અને તેની પદવીની સત્તાને લીધે તે જેટલો દમામ બતાવી શકે તેટલા દમામથી તેણે એ શબ્દો બોલતી વેળા મી૦ મૅાબ્રે તરફ જોઇ પોતાનો હાથ હલાવ્યો !

"મ્હેં આપ નામદારને ક્યારનું કહી દીધું છે કે હું મ્હારી ફરજની જોખમદારી સમ્પૂર્ણ સ્હમજું છું અને ઇચ્છું છું કે સ્હામી બાજુએ પણ એવીજ રીતે જોખમદારીનું ભાન રાખવામાં આવે—"

"તમે મ્હારે વિષે ટીકા કરવાની હિમ્મત કરો છો સાહેબ ?" જજે ક્રોધથી લાલપીળા થઇ બૂમ મારી.

"જ્યુરીના ગૃહસ્થો !" મી૦ મૅાબ્રેએ શાન્તિથી કહ્યું.

"સરકારપક્ષે જે સ્વતંત્રતાથી પોતાનો કેસ રજુ કર્યો છે તેવીજ સ્વતંત્રતાથી આરોપીનો બચાવ કરવાની મને રજા આપવામાં આવતી નથી તે પર ધ્યાન આપવાને હું તમને અરજ કરૂં છું."

મી૦ મૅાબ્રેની જ્યુરીને વિનંતી કરવાની યુક્તિ સમ્પૂર્ણ વિજયી થઇ. બૅરિસ્ટર અને ન્યાયાધિશ વચ્ચેની તકરારમાં જ્યુરીના ગૃહસ્થો લવાદ જેવા બનવાથી તેમને પોતાની પદવી માટે અભિમાન આવ્યું. વળી બૅરિસ્ટર મી૦ મૅાબ્રેને જ્યુરીના ગૃહસ્થોની ન્યાય બુદ્ધિપર સમ્પૂર્ણ વિશ્વાસ છે એવું તેમને આ પરથી લાગવાથી તેઓ મનમાં મલકાયા અને તેમણે ઉતાવળે આંખના ઇસારાથી ન્યાયાધિશને જણાવી દીધું કે તે પોતાની સત્તાની હદ કૂદાવી ગયો હતો. ન્યાયાધિશ તે બરાબર સ્હમજી ગયો અને આ વિચિત્ર સ્થિતિમાંથી મુક્ત થવા તે મી૦ મૅાબ્રે તરફ જોઇ બોલ્યો.

"સાહેબ ! એક ન્યાયાધિશ તરિકે હાલના સંજોગોમાં મ્હારે તમને જેવી ચેતવણી આપવી જોઇએ તેવી ચેતવણીજ મેં તમને આપી હતી; અને હવે સઘળી જવાબદારી તમારા માથાપર લઇને તમે તમારી મરજી પ્રમાણે તમારૂં ભાષણ શરૂ કરી શકો છો."

"બધી જોખમદારી તો મ્હેં પ્રથમથીજ મ્હારા માથાપર લઈ લીધી છે, મ્હારા નામદાર !..." બૅરિસ્ટરે જવાબ આપ્યો.

"હું મ્હારૂં કર્ત્તવ્ય બરાબર સ્હમજું છું અને હું આશા રાખું છું કે હવેથી મ્હારા ભાષણમાં ખલલ નાખવામાં આવશે નહિ. જ્યુરીના ગૃહસ્થો ! તમને જણાવવાની મને આવશ્યકતા જણાય છે કે મી૦ રમ્બોલ્ડને એક બહેન છે જેનું ક્રીશ્ચીઅન નામ હેન્રીએટ્ટા છે: આ જાહેર કોર્ટમાં એ કુલીન સ્ત્રીનું નામ દેતાં મને ઘણુંજ–ઘણુંજ દુઃખ થાય છે: પણ સંજોગો એવા છે કે મને તેમ કરવાની જરૂર પડે છે. ઘણાં વર્ષો પૂર્વે જ્યારે હેન્રીએટ્ટા રમ્બોલ્ડ યુવાની અને સૌન્દર્યની સ્વામિનિ એક અનુપમ રૂપવતી યુવતી હતી ત્યારે જ્યોર્જ ફીટ્ઝ વીલીઅમ નામના એક પુરૂષે તેને પોતાની જાળમાં ફસાવી દુઃખી કરી. મિસ રમ્બોલ્ડે તે પુરૂષનાં વચનો અને કસમો સાચાં માન્યાં. તે પુરૂષમાં તેણે સમ્પુર્ણ વિશ્વાસ રાખ્યો અને જ્યોર્જ ફીટ્ઝ વીલીઅમ નામનો માણુસ કોણ હતો તે વિષે તેને જરાપણ શંકા ગઈ નહિ. માનસિક નિર્બલતાને લીધે તે તે પુરૂષને સરલ હૃદયી માની, તેનાં ખોટાં વચનોથી

આકર્ષાઇ તેની વિકારી વૃત્તિનો ભોગ થઇ પડી અને જ્યાં તે પતિ-પદ પર હોવી જોઇએ ત્યાં તે વિલાસ સખી થઇ પડી. જ્યોર્જ ફીટ્ઝ વીલીઅમને પોતાનાં ગુપ્ત કારણોને લીધે ફ્રાન્સ જવું પસંદ પડ્યું અને હેન્રીએટ્ટા રમ્બોલ્ડ તેની સાથે ગઇ. જ્યુરીના ગૃહસ્થો ! હું આ સ્થળે તમને એ પુરૂષની દયાહીન અને મનુષ્યત્વહીન વર્તણુકની એક દીલ કમ્પાવનારી વાત કહી શકું એમ છું; પણ તે હું તમને કહેતો નથી. પરિણામનો ભય રાખીને હું એ બાબતમાં મૌન ધારણ કરતો નથી; પણ એક કરૂણ કથા કહી તમારી સહાનુભૂતિ અને દયાળુ લાગણીને વિનંતી કરી મ્હારા કુલને હું બચાવવા માગું છું એવો દેખાવ કરવા હું ઈચ્છતો નથી કારણ કે મ્હારા કુળની નિર્દોષતા માટે મને સમ્પૂર્ણ ખાત્રી છે અને તે પૂરવાર કરવાની મ્હારામાં શક્તિ છે. જે પ્રેમની મ્હેં તમને વાત કરી તેના પરિણામરૂપ એક પુત્ર જનમ્યો હતો. જે માણસ પોતાને જ્યોર્જ ફીટ્ઝ વીલીઅમ તરિકે ઓળખાવતો હતો તે હતભાગી હેન્રીએટ્ટાને પોતાની કુવાસનાનો ભોગ બનાવી તજી ગયો. આ ભયંકર આફતથી તે બિચારી અત્યંત બીમાર પડી. જ્યારે તે બેશુદ્ધિમાંથી સાવધ થઇ ત્યારે તેનું બાલક તેની પાસેથી ગૂમ થયું હતું અને એમ માનવાને ઘણાં કારણો હતાં કે તે બાલક તેના પિતાની ઇચ્છાથીજ તેની પાસેથી લઇ લેવામાં આવ્યું હતું. સમય પસાર થઈ ગયો-ઘણાં વરસ વહી ગયાં-એ વરસોમાં હેન્રી એટ્ટા રમ્બોલ્ડે જે દુઃખો સહન કર્યાં તે અસહ્ય હતાં. એ લાંબાં દુઃખી વરસોની વાત હું કરીશ નહિ. લગભગ એકાદ વર્ષ થયું હશે. તે વખતે લાંબા સમયથી વિખૂટાં પડેલાં ભાઈબ્હેન મી૦ રમ્બોલ્ડ અને મીસ હેન્રીએટ્ટા અણધાર્યાં હર્ટફર્ડશાયરમાં આરોપીના મકાનમાં ભેગાં મળ્યાં. હેન્રી એટ્ટા રમ્બોલ્ડ પોતે પોતાના ભાઇને મળવા આવી હતી અને તેનો વ્હાલથી સત્કાર થયો હતો. તેને તેના કૃત્ય માટે ક્ષમા આપવામાં આવી એટલુંજ નહિ પણ તેની દુઃખદ દશામાં તેને આશ્વાસન આપવામાં આવ્યું અને તેને જેમ આરામ મળે, શાન્તિ મળે એવી ગોઠવણ તેના ભાઇ ભાભી તથા ભત્રીજી તરફથી કરવામાં આવી. મી. રમ્બોલ્ડે પોતાની બહેનને મ્હોડે ભૂતકાળની એ કરૂણ કથા સાંભળી. વળી એ પણ જાણ્યું કે હેન્રી એટ્ટાને પોતાના દયાહીન—હૃદયહીન બેવફા પ્રેમીને લગતી કંઇપણ ખબર હજુ સુધી મળી ન્હોતી. લાંબા વિયોગ પછી ભાઇ બ્હેનના થયેલા આ મીલન પછી થોડાક વખત પછી આકસ્મિક સંજોગોમાં જ્યોર્જ ફીટ્ઝ

વીલીઅમ ખરેખર કોણ હતો તે એકાએક હેન્રીએટ્ટાની જાણમાં આવ્યું અને પછી આખા કુટુંબને તેની ખબર પડી. તે માણસ—"

"મી. મૉબ્રે !..." માર્ક્વિસ ઑફ હેલીફેક્ષે આ પલે ન્યાયાધિશના કાનમાં કંઈ કહેવાથી જજ વચ્ચે બોલ્યો.

"તમને આગળ બોલવા દેવા એ હવે અશક્ય છે. જો તમે આગળ બોલવાની હઠ કરશો તો મ્હારે એક ખાત્રીભર્યો ખુલાસો કરવો પડશે—"

"હું આગળ બોલવા માગું છું, નામદાર ! અને આપ નામદાર જે પણ ખુલાસો કરવા માગતા હો તેમ કરવાને આપ સ્વતંત્ર છો—"

"પણ મી૦ મૉબ્રે ! નીતિ અને પવિત્રતાને નામે—જાહેર પ્રજાના ભલાને નામે હું તમને મૌન રહેવાની અરજ કરૂં છું—" પ્રધાન ન્યાયાધિશે વિનીત સ્વરે કહ્યું.

"મ્હારા કુલના લાભ સિવાય હું બીજા કશાનો પણ વિચાર કરી શકતો નથી, નામદાર !—" મી. મૉબ્રેએ જવાબ આપ્યો.

"જો મી. રમ્બોલ્ડ ગુન્હો કબૂલ કરશે તો તે દયાની આશા રાખી શકશે." એટર્ની જનરલ પોતાની બેઠક પરથી ઉભો થઇ બોલ્યો.

"જે ગુન્હો મ્હેં કર્યો નથી, તેનો હું સ્વીકાર કરી શકતો નથી." દૃઢ—અડગ સ્વરે રમ્બોલ્ડ બોલ્યો.

"જ્યુરીના ગૃહસ્થો !—" મી૦ મૉબ્રેએ પુનઃ વ્યાખ્યાન શરૂ કર્યું.

"વિચિત્ર સંયોગોમાં હેન્રીએટ્ટા પોતાના યુવાન હૃદયને ચીરી નાખનાર અને પોતાના જીવનમાં ઝેર રેડનારની પદવી તથા નામ જાણી શકી. આહ! ઘણાં વરસોના ગાળા પછી તે જાણી શકી કે તેને ખોટાં પ્રેમનાં વચનો આપનાર માણસ કોણ હતો? જ્યુરીના ગૃહસ્થો ! તે પુરૂષ ઇંગ્લંડમાં ઘણી ઉચ્ચ પદવી ધરાવે છે. ઘણો સત્તાશીલ છે. ઘણો શ્રીમન્ત છે. અને ગૃહસ્થો ! હેન્રીએટ્ટાના નિર્દોષ, અકપટ, સ્નેહાળ આત્માને ચીમળી નાખનાર એ પુરૂષ કોઇજ નહિ પણ ઇંગ્લંડનો વર્ત્તમાન મુકૂટધર ચાર્લ્સ સ્ટુઅર્ટ હતો—" તે વિદ્વાન બૅરિસ્ટરે ગમ્ભીર સ્થિર અવાજે કહ્યું.

આખી કોર્ટમાંના પ્રેક્ષકો આ સ્વપ્ને પણ ન કલ્પેલી વાત સાંભળી અવાચક બની ગયાં. સર્વને ભારી અજાયબી ઉપજી. એવી અજાયબી ઉપજી કે જે સમયે મનુષ્યો કંઇ બોલી શકતાં નથી—હાલી

શકતાં નથી; પણ અવાચક પૂતળાં જેવા જડ બની જાય છે. ગમ્ભીર મૌન ન્યાયમન્દિરમાં છવાઈ ગયું: અને જ્યુરીના મન પર યોગ્ય અસર થાય તે માટે મી૦ મૅાબ્રે એક મીનીટ મૌન રહ્યો. ધીમે ધીમે સઘળાંની આંખો કેદીના પીંજરામાં ઉભેલા કર્નલ રમ્બોલ્ડ તરફ વળી. તે આ પલે નીચું જોઇ શોકમાં ગીરફતાર થઇ ઉભો હતો. પીંજરાની બાજુમાં સર લૉરેન્સ લી ઉભો હતો. તે પણ આ સમયે દિલગીરીથી નીચું જોઇ રહ્યો! ક્રોધિત વદને મુખ પર સખ્તાઇ લાવી ન્યાયાધિશ પોતાના આસનપર સહેજ પાછળ હઠયો. તેના સખત દેખાવ પરથી તે જે કહેવા માગે છે તે સાંભળ્યા પછી બચાવપક્ષના બૅરિસ્ટરે કહેલી વાતની અસર તદ્દન ભૂંસાઈ જશે અને તેને બદલે પ્રજામત ફેરવાઈ જશે એમ તે માનતો હોય એવું લાગતું હતું. જ્યુરીના ગૃહસ્થો પણ કાષ્ટના પૂતળા જેવા સ્થિર થઈ ગયા હતા. તેમની આંખો ગમ્ભીર ચહેરે ઉભેલા કેદી પર ચ્હોંટી. ગંભીર સ્મશાન જેવી શાન્તિ ત્યાં આ પલે છવાઇ હતી.

“ગૃહસ્થો!” ધીમે સ્વરે તે ગમ્ભીર માન તોડતો મી૦ મૅાબ્રે બોલ્યો.

“ઇંગ્લંડના મુકુટધરનું નામ આ જાહેર ન્યાય મન્દિરમાં દેવાનું દુઃખદ કર્ત્તવ્ય મ્હારે માથે આવી પડયું છે અને મ્હારૂં ભાષણ સમ્પૂર્ણ સાંભળ્યા પછી એ નામ દેવાના મ્હારા હેતુમાં મ્હેં અન્યાય નથી કર્યો એવી તમારી ખાત્રી થઇ જશે. તમે કૃપા કરી લક્ષમાં રાખશો કે હેન્રીએટ્ટા રમ્બોલ્ડને વરસો વહી જવા છતાં પોતાના વ્હાલા પુત્રની કંઈ પણ ખબર મળી ન્હોતી. તે જીવે છે કે મરે છે, સુખી છે કે દુઃખી છે આદિ તે કંઇજ જાણતી નહતી. સમાજની દૃષ્ટિએ કલંકિત હોવા છતાં પણ માતાનું હ્રદય પોતાના વ્હાલા બાલકની ખબર મેળવવા, જો બની શકે તો તેને વ્હાલથી છાતીએ લગાવી ચૂમી લેવા ટળવળે એ શું સ્વભાવિક નથી? અનેક વર્ષો પછી જ્યારે તેના જીવનને નષ્ટ કરનારનો તેને પત્તો મળ્યો ત્યારે તેમના પ્રેમના સ્મરણ રૂપ બાલકની ખબર મેળવવાં હેન્રીએટ્ટાનું હૃદય આતુર બને એ શું સમ્ભવિત નથી? આ બાલકની ખબર મેળવવા માટે બન્ને ભાઇ બ્હેને અનેક તર્કો કર્યા—અનેક યુક્તિઓ શોધવા માંડી. અન્તે મી. રમ્બોલ્ડે તેમ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. તે પોતાની દુઃખી ભગિનિનો દયાજનક ચહેરો જોઇ શક્યો નહિં કે જેણે આખી જિંદગીમાં વિશ્વાસઘાતકતા

અને મનુષ્યત્વહીન ક્રૂરતાના અસહ્ય જૂલમોજ સહ્યા હતા. તેણે અમુક પગલું લેવાની દૃઢ પ્રતિજ્ઞા કરી અને સત્ય શોધી કાઢવા માટે તે લંડન આવ્યો. તેણે પોતાના જામાત્ર સર લૉરેન્સ લી તથા પોતાની પુત્રીની મુલાકાત લીધી, અને લંડનમાં આવવાનું કારણ તેમને જણાવ્યું. સર અને લેડી લી સાંભળી રહ્યાં—તેઓ કર્નલને કંઇપણ કંઇ શક્યાં નહિ. કર્નલ જે ખબર મેળવવા માગતો હતો તે મેળવવાનો તેને હક્ક હતો. વળી હેન્રીએટ્ટા એ ખબર વિના ટળવળી મરતી હતી. તેથી સર અને લેડી લી કર્નલ જે પગલું લેવા માગતો હતો તેની વિરૂદ્ધ મત આપી શક્યાં નહિ. કર્નલ ક્રોધે ભરાયો ન્હોતો—રાજાપર તે વેર લેવા માગતો ન્હોતો—રાજા વિરૂદ્ધ તેણે ક્રોધિત ભાષા પણ વાપરી ન્હોતી. તેણે પોતાની સાથે કંઇ પણ હથિયાર લીધું નહતું. જે શસ્ત્રથી ખૂન કરવામાં આવ્યું હતું તે કેદીની માલીકીનું નથી. આ બધી વાતની સર લૉરેન્સ લીને હું બચાવ પક્ષના સાક્ષી તરિકે જુબાની લેવા બોલાવીશ ત્યારે તેઓ તમને ખાત્રી કરી આપશે. ગૃહસ્થો! મી૦ રમ્બોલ્ડ તે પછી રાજમહેલ તરફ ગયો. ખુલ્લી રીતે તેણે મુખ્ય દરવાજા આગળથી દાખલ થવાની રજા માગીઃ અને તે માટે તેને ના પાડવામાં આવી. ગમે તે રીતે રાજમહેલમાં દાખલ થવાની આશામાં તે રાજમહેલની આસપાસ ફરતા રહ્યા. ગૃહસ્થો! મી૦ રમ્બોલ્ડની સ્થિતિમાં મૂકાયલા માણસને જે નિશ્ચય તે કરી આવ્યો હતો તે પાર પાડવા માટે ગમે તે રસ્તેથી મહેલમાં દાખલ થવાની ઈચ્છા થાય એ સ્વભાવિક છે તે તમે સમજી શકશો. તેની વ્હાલી બહેનને શાન્ત કરવા માટે—તેને કંઇ પણ દિલાસો મળે તે માટે ગૂમ થયલા—વરસોથી ગૂમ થયલા બાળકની ખબર મેળવવા જતો હતો. મી૦ રમ્બોલ્ડે એક દ્વાર ઉઘાડું જોયું તે તેમાં દાખલ થયો—દાદર પર ચઢી ગયો—અને તે રાજા ક્યાં છે એ સવાલ પૂછવાની અણીપર હતો એટલામાં તેને મહેલના હઝુરિયાઓએ ઘેરી લીધો અને તેના સાથે એવી રીતે વાત કરવા માંડી કે જેથી ગુસ્સે થઇ સખત જવાબો આપવાની તેને ફરજ પડી. એજ વખતે અચાનક મહારાજા મહેલમાં ખૂન થયું છે એ વાત જાહેર કરતા દોડી આવ્યા અને એ નીચ કૃત્યનો આરોપ મારા કુલ મી૦ રમ્બોલ્ડ પર મૂકવામાં આવ્યો. ગૃહસ્થો! એ સંજોગો એવા હતા કે મહારાજા તરફ યોગ્ય માન ધરાવવા છતાં ન્યાયની દૃષ્ટિએ મને કહેવાની મ્હારી

ફરજ જણાય છે કે જેમ મી૦ રમ્બોલ્ડને ફક્ત ત્યાંની તેની હાજરી પરથી દોષિત માનવામાં આવ્યા તેવીજ રીતે જો અપક્ષપાત હૃદયે વિચાર કરીએ તો નામદાર મહારાજા પર પણ એજ આરોપ મૂકી શકાય—"

મી૦ મૅાબ્રેની આ હિમ્મત ભરી ટીકાથી આખી કોર્ટમાં ભારે ઉશ્કેરાટ વ્યાપી ગયો: પણ તેની અસર જૂદીજ થઇ. રૅાયલીસ્ટોને ભયંકર આઘાત થયો—જ્યુરીના ગૃહસ્થો ગુપ્ચુપ બેસી એકમેક સ્હામે જોઇ રહ્યા—અને રિપબ્લીકનોએ ધીમો હર્ષધ્વનિ કર્યો. હેન્રી એટ્ટાની કરૂણ કથા કહી તે વેળાએ કર્નલ રમ્બોલ્ડના વદન પર શોક છવાયો હતો: પણ તે સિવાય આખો વખત તેના મુખ પર ગમ્ભીર સખ્તાઇ અને ધિક્કાર જણાતાં હતાં: પણ આ સમયે મી૦ મૅાબ્રેની હિમ્મત ભરી ટીકાથી તેને માટે કર્નલના હૃદયમાં અત્યંત માન ઉપજ્યું. તે બહાદૂર બૅરિસ્ટર પોતાના કર્ત્તવ્યનું પાલન કરતી વેળા ઇંગ્લંડના સત્તાશીલ વિધાતા ચાર્લ્સના ક્રોધનો પણ ભય રાખ્યા વિના આરોપીનો બચાવ કરતો હતો . અને તેથી કર્નલે તેના તરફ કૃતજ્ઞ આંખોએ જોયું—મનમાં ને મનમાં તેણે મૅાબ્રેની પ્રશંસા કરી સર લૅારેન્સ લીના વદન પર એવોજ ભાવ છવાયો અને બીજા બધા સ્વરાજ્યવાદીઓના મનમાં પણ એવીજ લાગણી જન્મી: એટર્ની જનરલ જે એકતંત્રી શાસનનો અંધ પૂજારી હતો તે આ દેખાવ સહન કરી શકયો નહિ. તે એકદમ ગુસ્સાના આવેશમાં ઉભો થયો અને ન્યાયાસન તરફ જોઇ રહ્યો. ન્યાયાધિશ પણ ખુરશી પર અરધો ઉભો થયો હતો. તેની આંખો લાલ થઇ મી૦ મૅાબ્રે તરફ ધિક્કાર વ્યક્ત કરી રહી હતી. રાજ્યના પ્રધાનો બળતા હૃદયે એકમેક સાથે શા માટે મી૦ મૅાબ્રેને રાજા સ્હામે વિદ્રોહી વિચાર પ્રકટ કરવા માટે કેદમાં ધકકેલી ન દેવો તેનો વિચાર કરવા લાગ્યા.

"આ ધિક્કારપાત્ર છે." પ્રધાન ન્યાયાધિશ પેમ્બરટન બોલ્યો.

"બારને સ્વતંત્રતા છે. પણ આવી અમર્યાદ ટીકા કરવા માટે નહિ; અને હવે—" તે અત્યંત ક્રોધથી બોલ્યો.

"હવે જે ખુલાસો કરવાનું મ્હેં વચન આપ્યું છે તે હું જાહેર કરૂં છું. જ્યુરીના ગૃહસ્થો ! નામદાર મહારાજાના પ્રધાન મંત્રી તરફથી સત્તાવાર રીતે જાહેર કરવાની મને સુચના થઇ છે કે હેન્રીએટ્ટા રમ્બોલ્ડ વિષે બચાવપક્ષના ધારાશાસ્ત્રી તરફથી જે વાત કહેવામાં

આવી છે તે તદ્દન ખોટી છે. નામદાર મહારાજા એ વાતનો તદ્દન અસ્વીકાર કરે છે. આવો બચાવ થવાનો છે એવી ખબર આગળથી પ્રધાનોને મળી હતી અને તેમણે નામદાર મહારાજાને એ સંબંધી પૂછી જોયું હતું તે સમયે મહારાજાએ એ વાતનો ભાર મૂકીને સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. આ પરથી આ વાત તદ્દન જૂઠી, કલ્પિત, બનાવટી અને કેદીનો બચાવ કરવા માટે વ્યર્થ ફાંફાં મારનારી છે એમ હું જાહેર કરૂં છું. ગૃહસ્થો ! જો તમારા શાસનકર્ત્તા સ્હામે–"

"મ્હારા લૉર્ડ !–" મી. મૉબ્રે વચમાં બોલ્યો. હજુ પણ તે પોતાના સ્વરમાં શાન્તિ જાળવી રહ્યો હતો.

"મ્હેં મ્હારા ભાષણમાં જે વાત જણાવી છે તે એમ સહેલાલાઇથી આપ જૂઠી ઠરાવી શકો એવી નથી. આપ નામદાર જ્યારે મને ફરજ પાડો છો ત્યારે નીધર હૉલમાં છદ્મવેષી ફીટ્રઝ વીલીઅમ કોણ છે તે મિસ હેન્રીએટ્ટા રમ્મોલ્ડની જાણમાં કેવી રીતે આવ્યું તે પૂરવાર કરવા માટે મ્હારે સાક્ષીઓ બોલાવવા પડશે અને નામદાર મહારાજાજ જ્યોર્જ ફીટ્રઝ વીલીયમ છે એ વાત હું એ સાક્ષીઓ દ્વારા સિદ્ધ કરી આપીશ—"

"તેને આ કેસ સાથે કંઇ સંબંધ નથી, મી૦ મૉબ્રે !—" તે પક્ષપાતી જજ બોલ્યો.

"અને હું તમને એવા સાક્ષીઓ બોલાવવાની રજા આપીશ નહિ. તમારી મરજી હોય તો સામાન્ય દલીલોથી બચાવ કરો, સાહેબ ! પણ ફરીથી નામદાર મહારાજા સામે આવી નાપસંદ ટીકા ન કરતા—"

"મ્હારી કર્ત્તવ્યબુદ્ધિ મને જે પ્રમાણે કહે તે પ્રમાણે કેદીનો બચાવ કરવાની મને જ્યાં સુધી રજા આપવામાં નહિ આવે—"

"ચૂપ રહો, સાહેબ ! બેસી જાઓ. કેસ જેવો છે તેવો ને તેવોજ જયુરીના હાથમાં જશે–" પેમ્બરટન વચમાં બરાડ્યો.

એ ત્રતિયાંસ પ્રેક્ષકો તરફથી ન્યાયાધિશની અન્યાયી વલણ તરફ નાપસંદગી દર્શાવનારા અવાજ થવા લાગ્યા જ્યારે રૅાયલીસ્ટો તરફથી ધીમે સ્વરે તેની પ્રશંસા થવા લાગી. તે સમયે ન્યાયમન્દિરમાં આવા અનેક ધિક્કારપાત્ર ફારસો ભજવાતા–સજા કરવા માટેજ આરોપીઓને ન્યાયમન્દિરમાં લાવવામાં આવતા–અને અન્યાયી, પક્ષપાતી ન્યાયાધિશ તેનો બચાવ સાંભળ્યા વિના તેને સજા કરવાનો

નિશ્ચય કરીનેજ આસન પર બેસતો: પણ આજે જેવો ધિક્કાર ન્યાયાધિશ તરફ પ્રેક્ષકોમાં વ્યાપી રહ્યો, આજે પ્રેક્ષકોએ જેમ સ્પષ્ટ રીતે પોતાની નાપસંદગી બતાવી જજની અન્યાયી વલણની નીંદા કરી તેમ કોઇ પણ પ્રસંગે બન્યું ન્હોતું. કોર્ટમાં બુમા બુમ થઇ રહી—ધમકીઓ અપાઇ—અપશબ્દો પણ બોલાયા. જજે સીપાઇ-ઓને શાન્તિ ફેલાવવાની આજ્ઞા કરી. સિપાઇઓએ પોતાની છેક નજીકના બે ત્રણ રિપબ્લીકનોને કેદ કર્યા. એક પકડાયલો માણસ પાછો ન્હાસી ગયો અને શાન્તિ ફેલાવાને બદલે અશાન્તિ વધી પડી.

"જ્યુરીના ગૃહસ્થો !—" હવે મૅાબ્રેએ પ્રચંડ સ્વરે ગર્જના કરી.

"મ્હારે મ્હારૂં ભાષણ આગળ ચલાવવું કે તમે એક અપૂર્ણ કેસ તમારા હાથમાં લઇ ન્યાયનું ખૂન કરવા માગો છો તે વિષેનો તમારો નિશ્ચય હું જાણવા માગુ છું. યાદ રાખો, ગૃહસ્થો! તમારા માથાપર ઘણી ભયંકર જવાબદારી લટકે છે—તમારૂં કર્ત્તવ્ય ઘણુંજ ગમ્ભીર છે—તમારા હાથમાં એક નિર્દોષ મનુષ્યની જિંદગી છે—"

લોકોમાં બૅરિસ્ટરનું ભાષણ શરૂ થયું કે પુનઃ કંઈક શાન્તિ ફેલાઈ. જ્યુરી અસ્થિર થઇ બેઠી હતી—જ્યુરીના ગૃહસ્થો કેમ કામ લેવું તે સ્હમજી શકયા નહિ—કેદીનો બચાવ કરવાની રજા આપવાનું તેમનું કર્ત્તવ્ય હતું; પણ જો તેઓ જજના પક્ષમાં ન જાય તો રાજાના ક્રોધનો—વેરનો ભોગ થઇ પડે એમ હતું અને રાજાને છેડ-વાની તેમનામાં હિમ્મત ન્હોતી. હમણાં એક વાગ્યો હતો અને સર લૅારેન્સ લી આતુરતાથી કોર્ટના દરવાજા તરફ જોઇ રહ્યો હતો. કર્નલ રમ્બોલ્ડ શાન્ત—નિશ્ચિત વદને ઉભો હતો. કોઇ કોઈ વાર તેના મુખ પર ન્યાયાધિશના અન્યાય માટે ધિક્કારની લાગણી પ્રકટ થતી.

"હવે, જ્યુરીના ગૃહસ્થો !—" ન્યાયાધિશ સખ્ત આંખોએ જ્યુરીના બાર ગૃહસ્થો તરફ જોઇ બોલ્યો.

"તમારો શું નિશ્ચય છે? હું તમને કહું છું કે કેસ તમે તે પર વિચાર કરી શકો એવી સ્થિતિમાં છે. બચાવ પક્ષના ધારાશાસ્ત્રી કાયદાસર દલીલ કરી શકતા નથી. આથી કદિ પણ ન્યાયમન્દિરમાં ન થયલો એવો જે અત્યંત ધિક્કારપાત્ર, અત્યંત જૂઠો અને અત્યંત નીંઘ બચાવ તે કરવા માગે છે તેની નિરૂપયોગીતા તમે સ્હમજી શકશો.—"

હજુ પણ જુરરોનાં મન અસ્થિર હતાં. મી૦ મૅાબ્રે જરા પણ

અશાન્ત થયો ન્હોતો. તે સ્થિર ગમ્ભીર સ્વરે બોલ્યો.

"ગૃહસ્થો! તમે મ્હારૂં ભાષણ સાંભળવાની ના પાડવાની હિમ્મત કરી શકશો નહિ એવી મ્હારી ખાત્રી છે. હજુ દેશમાં કાયદો છે અને તે કાયદો તમને ન્યાયી રહેવાની આજ્ઞા કરે છે. જો તમે એ કાયદાનું ઉલ્લંઘન કરશો તો તમે તમારા દેશના દ્રોહી ગણાશો અને પછી કોઇની પણ જીંદગી સલામત ગણાશે નહિ. હું તમને કહું છું કે કેદી નિર્દોષ છે!—"

"એને એની નિર્દોષતા સાબીત કરવા દો—" લૉર્ડ ચીફ જસ્ટીસ હજુ પણ ક્રોધથી બળતા હૃદયે બોલ્યો.

"હું તે સાબીત કરીશ." કર્નલ રમ્બોલ્ડ બોલ્યો.

"પણ મ્હારી નિર્દોષતા કોઇ બીજા માણસ દ્વારા સાબીત થશે—"

"પણ તે બીજો માણસ તમે જે ધારાશાસ્ત્રી રોકયો છે તે થઈ શકશે નહિ—"

"નહિ. તે બીજો માણસ અહિંજ છે—" એકાએક કોર્ટમાં દાખલ થઇ એક ભવ્ય પુરૂષ બોલ્યો.

ભારે અજાયબી પ્રેક્ષકોમાં વ્યાપી રહી.

તે પુરૂષ જનરલ ઑલિફન્ટ હતો!

પ્રકરણ ૨૦ મું.

કેસનું પરિણામ.

જનરલ ઑલિફન્ટના આગમનથી કોર્ટમાં જે આશ્ચર્ય અને આનન્દની લાગણી પેદા થઇ તે અજબ હતી. પ્રહરીઓએ તે કોણ હતો તે તેઓ જાણતા હોવાથી તેને જોતાં વાર માન સહિત દ્વાર ખોલી નામ્યાં અને તેથી તેણે ધાર્યું હતું તેથી ઔર માન સહિત—ઔર દબદબા સહિત તેણે ન્યાયમન્દિરમાં પ્રવેશ કર્યો. તેનું નામ જગ પ્રસિદ્ધ હતું. સર્વ તેને માન આપતાં હતાં. તેની સાથે સર હેન્રી બ્રાટન, ડૉકટર અને બે નોકરો હતા. લોકોના પ્રચંડ ટોળાંમાંથી માર્ગ કાપતો તે આગળ વધ્યો. કર્નલ રમ્બોલ્ડ અને સર લૉરેન્સ બી ઉભયને હવે ઑલિફન્ટે જે પ્રતિજ્ઞા લીધી હતી તેનું પાલન

કરવા તે અણીને વખતે આવી પહોંચ્યો હતો એવી ખાત્રી થઇ ગઇ અને તે વીર યોદ્ધાને જોતાં તેમના હૃદયમાં દ્વિગુણીત આનન્દ ઉભ-રાવા લાગ્યો. સઘળાં પ્રેક્ષકો હવે કંઇ ન ધાર્યું બનશે એવું માની અવાક થઇ બેઠાં હતાં અને ઍાલિફન્ટના એજંટોએ કર્નલના પક્ષમાં લીધેલા કેટલાક માણસો સ્હવારે તેમણે કેસના પરિણામ સંબંધી જે ગપ સાંભળી હતી તે સાચી પડશે એમ જનરલને જોઇ એક બીજા સાથે ધીમે સ્વરે વાત કરવા લાગ્યા. કોર્ટના કામમાં ખલલ નાખીને જનરલ શું કરવા માગે છે તે જાણે જાણવા માગતો હોય તેમ ન્યાયાધિશે અશાન્ત થઇ પ્રધાનો તરફ નજર ફેરવી: પણ પ્રધાનોના વદનો પર પણ ભય, અશાન્તિ અને શંકાની લાગણી છવાયલી તેને જણાઇ. એટર્ની જનરલ પોતે પણ જનરલ ઍાલિફન્ટના આગમનથી ભયચકિત થઇ મૂઝાયો હતો. જુરરો સ્થિર પૂતળાં વત્ "જ્યુરી બૅાક્સ" માં બેસી કોર્ટમાં આવતા ગવર્નર જનરલના ઉંચા કદાવર શરીર તરફ જોઇ રહ્યા હતા.

જો જનરલ ઍાલિફન્ટ કરતાં જરા પણ ઓછી શક્તિનો કે નીચી પદવીનો માણસ આવી રીતે કોર્ટના કામમાં ખલલ નાખત તો ચીફ જસ્ટીસ પેમ્બરટને તરતજ તેની પાસેથી તેમ કરવા માટે જવાબ માગ્યો હોત અને ન્યાયાધિશ સાહેબના મગજની વરાળ જો વધી જાત તો કદાચ તેને કેદ પણ કરાવત: પણ ઍાલિફન્ટ એવો પુરૂષ હતો કે જેની સાથે એવું વર્તન ચલાવવામાં ભય રામાયલો હતો. તે કોર્ટમાં નજરે પડ્યો કે તરત જેઓનાં હૃદયો અન્યાયી, કપટી અને જૂલમી હતાં તેમનાં મ્હો તો ઝાંખાજ થઇ ગયાં. ચન્દ્રને જોઇ તારાઓ આકાશમાં ઝાંખા પડી જાય છે તેમ ઍાલીફન્ટના ભવ્ય દેખાવે તેમનાં કાળાં હૃદયોને શરમાવી દીધાં! અને પ્રધાન ન્યાયાધિશ પેમ્બરટનને પણ એક વાર એમ લાગ્યું કે તે તપાસ ચાલતીવેળા તેણે જે આપખુદી વાપરી ન્યાયનું ખૂન કર્યું હતું તે માટે તેને સજા કરવાની સત્તા મેળવીને તો ઍાલિફન્ટ નહિ આવ્યો હોય! ખુદ્દ પ્રધાનોના દીલમાં પણ જનરલને જોઇ ભય ઉત્પન્ન થયો હતો. તેઓ તે વીર યોદ્ધાને અંતરમાં ધિક્કારતા પણ તેના નામનો ભણકાર થતાં ડરતા. તેને પ્રથમ દૃષ્ટિએ કંઇ સંબંધ ન હોય એવું જણાય એવી બાબતમાં પણ વાઇસિરોયના ઓદ્ધાની રૂએ માથું મારવાનો તેને ખરો હક્ક તો ન્હોતો છતાં કંઇક સત્તા તો હતી. વળી તેની યુદ્ધ નીપુણતા

તથા તેના ઉજ્વલ ચારિત્ર્યથી તે પ્રજામાં એટલો બધો પ્રિય હતો કે તેની આજ્ઞા થતાંજ લોકો બળવો જગાડે અથવા ખુદ બ્રીટીશ લશ્કર પણ તેનું સેનાપતિપદ સ્વીકારી તેના પક્ષમાં લડવા તત્પર થઇ જાય. તેણે મૅન દ્વીપમાં જે મહાન્ વિજય હમણાંજ મેળવ્યો હતો તેની ખબર આખા ઇંગ્લંડમાં પ્રસરી ગઇ હતી અને તેથી ચાર્લ્સ સ્ટુઅર્ડના સમયનો તે એક અતિ માનવંત, વીર સુપ્રસિદ્ધ યોધ્ધો છે એવી વાત જાહેર પ્રજામાં અહોરાત થયા કરતી: તેની આવી અસામાન્ય પ્રજાપ્રિયતાને લીધે પ્રધાનો તેનાથી ભય પામતા અને તેને ધિક્કારતા. તેમને એવો ભય હતો કે જો પ્રસંગ આવે તો કદાચ તે બીજો ક્રૉમવેલ* પણ ગણાઇ જાય! આથી તેને ગુસ્સે કરી—તેની સાથે શત્રુતા બાંધી તેને એવો પ્રસંગ લાવવા દેવાને પ્રધાનો રાજી ન્હોતા! વળી તેને આમ અચાનક કોર્ટમાં પ્રવેશ કરવા માટે દોષિત ઠરાવી તેને ત્યાંથી હાંકી કહાડવાની આજ્ઞા કરવામાં આવે તો તેના શક્તિવંત બાહુઓ અનેક હજુરિયાઓને જમીન પર પટકી નાખવા સમર્થ હતા: અને જો તેમ ન બને તો લોકો પોતે પોતાના આ વીર નાયકનો બચાવ કરવા દોડી આવે એમ હતું. આ બધા વિચારો બૅંચ પર બેઠેલા પ્રધાનોના મગજમાંથી થોડીક પલોમાં પસાર થઇ ગયા: પણ તેઓ જનરલ તરફ અપ્રિયતા કે અવિનય વ્યક્ત કરનારો એક શબ્દ પણ બોલી શક્યા નહિ.

જનરલ ઑલિફન્ટ ન્યાયમન્દિરમાં દાખલ થયો ત્યારે તેનો દેખાવ ઉદ્ધત કે અવિનયી ન્હોતો: પણ શાન્ત, ગમ્ભીર અને વિવેકી પુરૂષની પેઠે ભવ્ય દમામદાર પગલાં ભરતો તે આગળ વધ્યો. તેના વદન પર ગમ્ભીરતા હતી અને તેને માથે જે ગમ્ભીર જોખમદારી હતી તેનું તેને સમ્પૂર્ણ ભાન હતું. તેના વદન પર અડગ નિશ્ચીતતા હતી—શોક અને ગમ્ભીરતાની છાયા હતી: પણ આજે તેની હમ્મેશની બેદરકારી તેના મુખ પર ન્હોતી.

સઘળાંની આંખો તેના પરજ સ્થિર થઇ હતી. અનેક નમનોનો સ્વીકાર કરતો તે બૅરિસ્ટરોના ટેબલ આગળ જઇ ઉભો કે જે ન્યાયાધીશની બરાબર સ્હામે હતું: ત્યાર પછી વિનયથી ન્યાયાધિશ તરફ જોઇ નમીને તે બોલ્યો.

* ઑલીવર ક્રૉમવેલ: ઇંગ્લંડના એકતંત્રી શાસન સામે માથું ઉંચકનાર વીર બ્રીટીશ યોદ્ધો.

"મ્હારા લૉર્ડ ! હું મ્હારા ઘોડા પરથી ઉતર્યો તે વેળા મ્હેં રસ્તામાં સાંભળ્યું છે કે તમે કેદીના બૅરિસ્ટરને તે જે રીતે બચાવ કરવાનું આવશ્યક ધારે છે તે રીતે તેને બચાવ કરવા દેવાની મના કરી એક અપૂર્ણ કેસને જ્યુરીને સોંપવાનું યોગ્ય ધાર્યું છે એ ખરી વાત છે ?—"

"જનરલ ઑલિફન્ટના નામ, પદવી અને તેમની કીર્તિ માટે મ્હારા હૃદયમાં યોગ્ય માન હોવા છતાં હું તેમને સ્મૃતિ કરાવવાની રજા લઉં છું કે, હું આ કોર્ટમાં પ્રમુખસ્થાને છું અને નામદાર મહારાજા સિવાય બીજા કોઇને પણ મ્હારા કામો માટે જવાબદાર નથી–" પ્રધાન ન્યાયાધિશે પોતાની પદવીના દમામમાં જનરલ ઑલિફન્ટને જવાબ આપ્યો.

"આપ નામદાર ભૂલો છો." કંઇક ઠપકાભર્યા પણ શાન્ત સ્વરે જનરલ બોલ્યો.

"ન્યાયાધિશ તરિકે તમે કાયદાને જવાબદાર છો અને રાજાની સત્તા કરતાં કાયદાની સત્તા વધારે છે. વળી તમે જાહેર પ્રજામતને જવાબદાર છો અને મહારાજા પોતે પણ પ્રજાને જવાબ આપવા બંધાયલા છે."

ઑલિફન્ટનું આ ભાષણ સાંભળી પ્રેક્ષકોમાંના મ્હોટા ભાગમાં પ્રશંસાની લાગણી પ્રકટી અને જો તે પોતે પ્રેક્ષકોને આંખના ઇસારાથી ન સ્હમજાવત તો પુનઃ કોર્ટ આનન્દ ધ્વનિથી ગાજી રહેતઃ પણ તે પોતે ન્યાયના ગમ્ભીર અને પવિત્ર કામમાં ખલલ નાખવા નથી આવ્યો. પણ આજની તપાસ વેળાએ જે અશાન્તિ તેના આગમન પૂર્વે થઇ હતી તે લુપ્ત કરી શાન્તિ સ્થાપવા આવ્યો હતો એમ તેણે આંખના પલકારાથી પ્રેક્ષકોને સ્હમજાવી દીધું.

"જનરલ ઑલિફન્ટ ! જો આપ નામદાર અત્રે શા હેતુથી આવ્યા છો તે જણાવવાની કૃપા કરશો તો કોર્ટના કામમાં સરલતા થશે. આપ આરોપી તરફથી સાક્ષી આપવા તો નથી આવ્યા ને ?—" ન્યાયાધિશે કહ્યું.

"જે પલે હું ન્યાયમંદિરમાં દાખલ થયો ત્યારે મ્હેં આપ નામદારને એવું બોલતા સાંભળ્યા હતા કે મી૦ મૉબ્રે સિવાય બીજા કોઇ તરફથી આરોપીનો બચાવ થવો જોઇએ અને મ્હેં આવતી વખતે

કહ્યું હતું કે તે બીજો માણસ અહિં જ છે. તે બીજો પુરૂષ કોઇ નહિ પણ હું પોતે જ છું.”

“અખિલ વિશ્વ જાણે છે કે આપ નામદાર એક દક્ષ સેનાપતિ, એક વીર સૈનિક અને ચારિત્ર્યશીલ ગૃહસ્થ છો: પણ આપ નામદારનું કાયદાનું જ્ઞાન એવું નથી અથવા આપને એવો હક્ક નથી કે જેથી આપ કોર્ટમાં આરોપીના બચાવ માટે ધારાશાસ્ત્રી તરિકે હાજર થઇ શકો—” મહા મુશ્કેલીથી ઑલિફન્ટને સારૂં લગાડવા માટે વદનપર ખુશામતી—દામ્ભિક હાસ્ય લાવી પ્રધાન ન્યાયાધિશ પેમ્બરટન બોલ્યો.

“મી. મૅાબ્રે !—” બેરિસ્ટર તરફ ફરી વિનયી સ્વરે જનરલ બોલ્યો.

“હું ધારૂં છું કે તમે કેદીના બચાવનું તમારૂં ભાષણ આગળ ચલાવવાનો તમારો હક્ક છોડી દઇ કૃપા કરી જો સાક્ષી તરિકે મ્હારી જુબાની લેશો તો હું એવી હકિકત રજુ કરી શકીશ કે જેથી કોર્ટનો તથા તમારો અમૂલ્ય સમય બચી શકશે—”

“ભલે એમ કરો. હું આપ નામદારની જુબાની લઇશ.” મી. મોબ્રેએ કહ્યું.

“આપ નામદાર બેંચપર આવી વિરાજશો ?” જનરલ તરફ જાણે ઘણું જ માન અને વ્હાલ હોય તેમ વિવેકી તથા નમ્રસ્વરે ન્યાયાધિશ બોલ્યો.

“નહિ મ્હારા લૉર્ડ ! આપનો આભાર થયો. સાક્ષીઓને માટે આજ યોગ્ય જગ્યા છે અને ત્યાં હું ઉભો રહીશ—” એમ કહી ઑલિફન્ટ સાક્ષીના પીંજરામાં જઇ ઉભો.

તેને નિયમાનુસાર કસમ આપવામાં આવ્યા અને જ્યારે તેણે ધર્મ પુસ્તકને ચુમ્બન કર્યું ત્યારે આખી કોર્ટમાં ગમ્ભીર મૌન છવાઇ રહ્યું હતું. એટલા વખતમાં હેન્રી બીટને એક કાગળ મી૦ મૅાબ્રેને આપ્યો. ઉતાવળમાં બૅરિસ્ટરે તે વાંચ્યો અને વાંચતાં વાર તે અજાયબીની લાગણીથી ચમક્યો. પોતાની બેઠક પરથી ઉભા થઇ એટર્ની જનરલની નજીકના ટેબલપર પડેલી કટારી લઇ તે ઑલિફન્ટ તરફ પકડી તે બોલ્યો:

“આપ નામદાર આ હથિયાર ઓળખી શકો છો ?”

"હા. એ હમ્ફ્રી ક્લીન્ટન નામના એક યુવાનનું હતું—" જનરલ બોલ્યો.

"અને આ કટારી વ્હાઇટ હૉલ પૅલૅસમાં મરનાર મી. વીલોબીની છાતીમાં ભોંકનાર હાથ કોનો હતો ?"

"હમ્ફ્રી ક્લીન્ટનનો—" ગમ્ભીર અવાજે જવાબ મળ્યો.

આ સાંભળી કોર્ટમાં જે લાગણી થઇ તેનું વર્ણન કરવું અશક્ય છે. પ્રથમ થોડીક મિનિટ સુધી તો બધા અવાક્ થઇ ગુપચુપ બેસી રહ્યાં. બધાંની આંખો કેદીના પાંજરા તરફ ફરી. તે એક અસરકારક—લાગણીભર્યો દેખાવ હતો.

કર્નલ રમ્બોલ્ડ આખો દહાડો તપાસ દરમિયાન કેદીના પીંજરામાં શાન્ત—સખત ગમ્ભીર વદને ઉભો રહ્યો હતો; પણ હવે તે પોતાની લાગણીપર કાબુ રાખી શક્યો નહિ. તેનું હૈયું ભરાઇ આવ્યું. તે બેસી ગયો. ઑલિફન્ટે જે જુબાની આપી તે પરથી તે મુક્ત થશે એટલું જ નહિ પણ તેની નિર્દોષતા સાબીત થશે અને કોઇ પણ જાતના કલંક વિના તે જગતમાં ઉંચું માથું રાખી ફરી શકશે; હવે પુનઃ તે પોતાની વ્હાલી પુત્રી અને પત્નિને છાતીએ લગાવી શકશે, પોતાની દુઃખી ભગિનિને આશ્વાસન આપી શકશે, આહ ! અલ્પ સમયમાં હવે તે માનસહ નિર્દોષ ઠરી છૂટી જશે એવા ખ્યાલથી તેના આનન્દનો પાર રહ્યો નહિ. તેની વૃદ્ધ આંખોમાંથી બે આંસુનાં ટીપાં તેના કરચલીવાળા ગાલો પરથી સરી પડયાં. લોકોને એક બીજો પણ લાગણીભર્યો દેખાવ જોવાનો હતો. સર લૉરેન્સ લી કેદીના પીંજરામાં વાંકો વળી પોતાના વૃદ્ધ સસરાના હાથ વ્હાલથી પકડી ઉભો હતો. તેની આંખોમાંથી કર્નલે નિર્દોષ હોવા છતાં સહેલાં દુઃખો માટે તથા તે અચાનક આમ નિર્દોષ ઠરવાથી પ્રકટેલા હર્ષને લીધે અશ્રુબિન્દુઓ નીકળી પડયાં અને તેથી તેના સૌન્દર્યમાં ઉલટી વૃદ્ધિ થઇ. સઘળાને કર્નલને માટે લાગણી થઇ આવી. બધાં તેના તરફ સહાનુભૂતિદર્શક નજરે જોઇ રહ્યાં.

મી. મૉબ્રેના હાથમાં જે કાગળ મૂકવામાં આવ્યો હતો તેમાં સૂચવ્યા પ્રમાણે તેણે બીજા કેટલાક સવાલો બે મિનિટ પછી જનરલને પૂછ્યા અને જનરલે કહ્યું કે "મી. મૉબ્રેની ઑફિસમાં કટારીનું વર્ણન મેં વાંચ્યું તેજ પલથી મ્હારા દીલમાં શંકા જન્મી હતી. અને

ત્યારે મેં તે હથિયાર જોયું ત્યારે મ્હારો શક વધુ મજબૂત થયો .તો. અચાનક મને ખબર મળી કે હમ્ફ્રી કલીન્ટન લંડનમાં હતો. ; તેને મ્હારા મૅનશનમાં લઇ આવ્યો. તે એકદમ માંદો પડી ગયો મને તેણે મરણ પથારીપર પોતાના ખૂની કામનો એકરાર કર્યો. એ મેકરાર કર્યા પછી તરતજ તે બિચારો મરણ પામ્યો."

પુનઃ કોર્ટમાં ગમ્ભીર શાન્તિ છવાઇ ગઇ. લોકો આજે એક .છી એક અજાયબીભરી વાત સાંભળતા હતા. પ્રધાનો અને ન્યા- .ધિશના મ્હોં ઉતરી ગયાં. તેમને લાગ્યું કે હવે તે વૃદ્ધ રિપબ્લીકન ।મના હાથમાંથી છટકી જવાનો અને તેમના હાથમાં વેર વાળવાની માવેલી તક ચાલી જવાની.

"નામદાર જનરલ ઑલિફન્ટ તરફ સમ્પૂર્ણ માન ધરાવવા ,તાં મ્હારા કર્ત્તવ્યને લીધે હું કોર્ટને અરજ કરવાની રજા લઉં છું કે ।ામદાર ગવર્નર જનરલે જે જુબાની આપી છે તે પૂરતી નથી. તેઓ મેવી અસાધારણ બાબત રજુ કરે છે—" સર રૉબર્ટ સૉયર–એટર્ની ɾનરલે ઉભા થઇ કહ્યું.

"તાજ તરફના વિદ્વાન ધારાશાસ્ત્રી મ્હને જણાવવાની રજા માપશે કે જનરલ ઑલિફન્ટની જુબાનીને હજુ બીજા બે ગૃહસ્થો ।રફથી ટેકો મળવાનો છે—" મી. મૉબ્રે વચ્ચે બોલ્યો.

ન્યાયાયાધિશ અને પ્રધાનોની પેઠે એટર્ની જનરલ પણ નિરાશ ।ઇ પોતાની બેઠકપર બેસી ગયો. ત્યારપછી ડૉકટરની સાક્ષી લેવાઇ. છી હેન્રી બીટન સાક્ષીના પીંજરામાં ગયો. બન્નેએ જનરલની ગુબાનીને ટેકો આપ્યો.

"હજુ પણ હું જનરલ ઑલિફન્ટને એક બે પ્રશ્નો પૂછવાની ચ્છા રાખું છું." ડૉકટર અને હેન્રી બીટનની જુબાની લેવાઇ રહ્યા છી પુનઃ પોતાની અશાન્તિ દૂર કરી એટર્ની જનરલે કહ્યું.

"તમે મને જે પૂછવા માગતા હો તે પૂછવાને સ્વતંત્ર છો:" ।નઃ સાક્ષીના પીંજરામાં આવી જનરલ બોલ્યો.

"આપ નામદારે કોર્ટસમક્ષ જાહેર કર્યું છે કે, હમ્ફ્રી કલીન્ટને મારોપી રીચર્ડ રમ્બોલ્ડ સ્હામે જે ભયંકર આરોપ મૂકાયો છે તેનો વીકાર કર્યો છે." સર રૉબર્ટ સૉયર બોલ્યો.

"હવે હું આપ નામદારને પૂછવા માગું છું કે જ્યારે તેણે એ

એકરાર કરી આવો ભયંકર ગુન્હો પોતાને માથે વ્હોરી લીધો ત્યારે હમ્ફ્રી ક્લીન્ટનના મગજની સ્થિતિ એવો એકરાર કરવા જેવી હતી ખરી ? મ્હને લાગે છે કે, તે કમનસિબ યુવાન માંદગીને લીધે પોતાનું ભાન ભૂલી ગયો હોય અને મરણ પહેલાં જેમ કેટલાકો ભાન વિના લવારો કરે છે તેમ તેણે પણ આવો લવારો કર્યો હોય—"

"મરનાર હમ્ફ્રી ક્લીન્ટન પોતાનો એકરાર કરતી વેળા શુદ્ધિમાં હતો તે એટલા પરથી સાબીત થઇ શકશે કે તેણે મરતી વખતે એવી હકિકત સાબીતી રૂપે કહી હતી કે જે કૉરૉનરની તપાસ વેળાએ રજુ થયલી હકિકતો સાથે સરખાવી શકાશે—"

"તેણે શું કહ્યું હતું ?" એટર્ની જનરલ બોલ્યો.

"હમ્ફ્રી ક્લીન્ટને મને બે સાક્ષીઓ સમક્ષ કહ્યું હતું કે જ્યારે ખૂન કરવાના હેતુથી તે રાજાની કૅબીનેટમાં દાખલ થયો ત્યારે એક સોફા બારણાની જમણી બાજુએ પડેલો તેની નજરે પડયો હતો. સોફાપર મરનાર વીલોબી પડેલો હતો. તેના પગ બારણા તરફ હતા અને માથું બીજી બાજુએ હતું—"

"હું કૉરૉનરની તપાસ વેળાએ રજુ થયલી વિગત વાંચવાને કોર્ટના કલાર્કને અરજ કરૂં છું—" મી. મૉબ્રેએ કહ્યું.

કલાર્કે કૉરોનરની તપાસના રિપોર્ટમાંથી એ ભાગ કાઢી વાંચ્યો અને હમ્ફ્રી ક્લીન્ટને જે હકિકત મૃત્યુ શય્યા પરથી કહી હતી તેને તે આબાદ મળતો આવતો હતો.

"હું વધુ એટલું કહેવા માગું છું કે ખૂન કરવામાં તેનો હેતુ શું હતો તે વિષે હમ્ફ્રી કંઇ પણ બોલ્યો ન્હોતો અને આ ભેદી ખૂન વિષે સહેજ પણ પ્રકાશ નાખવાની તેણે સ્પષ્ટ ના પાડી હતી. તેણે છેલ્લા શ્વાસ લેતી વખતે જે પવિત્ર અને ગમ્ભીર એકરાર કર્યો હતો તે મ્હેં કોર્ટને કહી સંભળાવ્યો છે—"

સર રૉબર્ટ સૉયરે જોયું કે બચાવ પક્ષ તરફથી છેલ્લી ઘડીએ જે સાબીતી રજુ થઇ હતી તે પર હવે વધુ ચર્ચા કરવી તદ્દન વ્યર્થ છે. જુરીનો ચુકાદો આરોપીની તરફેણમાંજ આવશે એવી તેની ખાત્રી થઇ ગઇ અને તેથી તપાસ દરમિયાન કેટલીક વાર આરોપી સ્હામે સખત—અયોગ્ય ટીકા કરી તેણે પોતાનો વ્યક્તિગત દ્વેષ બહાર પાડી જાહેર પ્રજાનો જે ક્રોધ વહોરી લીધો હતો તેમાં હવે આરોપી વિરૂદ્ધ બીજા પ્રશ્નો પૂછી નાહક વધારો કરવામાં તેને ડહાપણ કે સાર જણાયો

નહિ. પ્રધાન ન્યાયાધિશ પેમ્બરટનને પણ એવી જ લાગણી થઇ. તેણે પ્રધાનો તરફ નજર કર્યા વિના અત્યંત ધીમા સ્વરે તેમની સલાહ પૂછી લીધી. પછી તેણે જ્યુરી તરફ જોઇ કહ્યું.

"ગૃહસ્થો ! હવે તમારા અભિપ્રાય માટે હું કેસ તમારા હાથમાં સોંપું છું."

અલ્પ સમયમાં આરોપી નિર્દોષ હોવાનો ચુકાદો જ્યુરીએ આપી દીધો અને એ ચુકાદો આપતાં આનન્દની ગર્જનાઓથી ન્યાયમન્દિર ગાજી રહ્યું. એ આનન્દની ગર્જના ઓલ્ડ બેલી સ્ટ્રીટમાં ઉભા રહેલા હજારો માણસોને કાને પણ સંભળાઇ. સર્વત્ર આનન્દધ્વનિ થઇ રહ્યો!

એટલામાં જનરલ ઑલિફન્ટ પીંજરા પાસે ગયો અને તેણે કર્નલ રમ્બોલ્ડ સાથે વ્હાલથી હસ્તધૂનન કર્યું. તે પછી તરતજ તે ભયંકર જગ્યામાંથી કર્નલ બહાર નીકળ્યો.

"પ્રભુએ જ તમારો મૅનદ્વીપમાં મ્હારી સાથે મેળાપ કરાવ્યો, મ્હારા વ્હાલા જનરલ !—" જનરલ સાથે કૃતજ્ઞ ભાવે શેકહેંડ કરતો સર લૉરેન્સ લી બોલ્યો.

જનરલ ઑલિફન્ટ, સર લૉરેન્સ લી, કર્નલ રમ્બોલ્ડ, સર હેન્રી બીટન અને ડૉક્ટર હવે કોર્ટમાંથી બહાર નીકળ્યા. તેમની આસપાસ હર્ષના પોકારો કરતા લોકોના ટોળે ટોળાં ફરી વળ્યા. ઑલિફન્ટની સાથે હસ્ત ધૂનન કરવાને માટે લોકોમાં હરિફાઈ થતી-મારા મારી થતી—દરેક જણ તેની પાસે આવવાનો પ્રયાસ કરતા. કદિ પણ કોઇ રાજાને પ્રજાએ આટલા બધા વ્હાલથી—આટલા બધા માનથી વધાવી લીધો ન્હોતો: ગમે તેવી વફાદાર રૈયતે પણ જનરલને આજે જે માન મળ્યું તેવું માન બ્રિટિશ રાજ્યમાં પૂર્વે કોઇ રાજાને આપ્યું ન્હોતું.

હવે મી૦ મૅગ્રે કોર્ટમાંથી બહાર નીકળ્યો. પ્રજા હવે તેને વધાવવા તૈયાર થઇ ગઇ. તેણે પોતાના કુળનો બચાવ સત્તાધિશોના ક્રોધની પરવા કર્યા વિના નીડરપણે કર્યો હતો અને તેની એ નીડરતા માટે પ્રજા તેની પ્રશંસક બની હતી. હર્ષધ્વનિઓથી પુનઃ વાતાવરણ ગુંજી રહ્યું. બધા જ્યારે મહોલ્લામાં દાખલ થયા ત્યારે પણ પુનઃ આકાશ આનન્દના પોકારોથી ગાજી રહ્યું. બીજું કંઇ સંભળાતુંજ નહિ. હુર્રા—હુર્રા! બસ એજ! એ સિવાય કંઈ સંભળાતું નહિ.

હવે બધા અશ્વો પર સવાર થયા. સર લૉરેન્સ લી, બૅરિસ્ટર અને કર્નલ રમ્બોલ્ડ માટે પણ અશ્વો તૈયાર રાખવામાં આવ્યા હતાઃ જ્યારે તેઓ ઓલ્ડ બેલી પસાર કરી ગયા તે વેળાનો દેખાવ અ-વર્ણનીય હતો. તે જાણે એક મહાન વિજયોત્સવ હતો—જાણે અપૂર્વ મહોત્સવ હતો ! લોકોના ટોળે ટોળાં હર્ષના પોકારો કરતાં લીન્કન્સ ઈન ફીલ્ડઝમાંના જનરલના ભવ્ય મૅનશન સૂધી ચાલીને ગયાં. આખે રસ્તે હુરરેના પોકારો થયા કર્યા. જનરલ અને તેના સાથીઓ મૅનશ-નમાં ગયા પછી પણ લોકોની બૂમો ચાલુ રહી. તેઓ આજે હર્ષથી ઘેલા થઈ ગયા હતા.

પ્રજાનું અનુપમ માન મેળવી જનરલ અને તેના સાથીઓ મૅનશનમાં ગયા. અહા ! કેવો સુખી પ્રસંગ ! જનરલ પ્રત્યે કેવાં કૃતજ્ઞ ભાવથી સઘળાં જોઇ રહ્યાં હતાં ? કર્નલ રમ્બોલ્ડને મૃત્યુના મ્હોમાંથી જનરલ ખેંચી લાવ્યો હતો ! તેના કુટુમ્બને નિરાધાર થતું જનરલે બચાવ્યું હતું ! રૂથ-તેની માતા. હેન્રીએટ્ટા જનરલનો શી રીતે આભાર માને ? એ આભાર—એ કૃતજ્ઞ ભાવ-એ અસામાન્ય હર્ષ—વાંચનાર ! શબ્દોમાં વર્ણવી શકાય ? કર્નલને ઑલિફન્ટે જીવતદાનજ ન્હોતું આપ્યું; પણ તેના જીવન કરતાં પણ વધુ વ્હાલી સુકીર્તિ પાછી મેળવી આપી હતી ! જે નીચ—ભયંકર કલંક તેને લગાડવામાં આવ્યું હતું તે જનરલે નષ્ટ કર્યું હતું ! કર્નલ અને તેની પત્નિ, લૉરેન્સ અને તેની વ્હાલી રૂથ, હેન્રીએટ્ટા સર્વ તેના આભારમાં એવાં દબાયાં હતાં કે એ આભારનો આ જગત્ પર બદલો જ નથી ! તેમની કૃતજ્ઞભાવ દર્શાવતી હર્ષાશ્રુ ભીની આંખો ઑલિફન્ટને ઉછળતા—વ્હાલ ભર્યા હૃદયે જોઇ રહી હતી ! એ આંખોમાં સઘળો બદલો ભરેલો હોય એમ તને નથી લાગતું, પ્રિય વાંચનાર ? અન્યાયી જજ, પક્ષપાતી એટર્ની જનરલ અને સત્તાશીલ પ્રધાનોની દરકાર કર્યા વિના મી. મૅથ્યુએ બહાદુરીથી પોતાના કર્ત્તવ્યનું પાલન કર્યું હતું તે માટે તેનો પણ અન-હદ ઉપકાર માનવામાં આવ્યો એમ કહેવાની હવે જરૂર છે ખરી ?

અમે આ હર્ષ કલ્પી લેવાની વાંચનારને વિનંતી કરીશું. તે વર્ણવી શકાય એમ નથી. અમે એટલુંજ કહીશું કે અત્યંત આનન્દ પૂર્ણ હૃદયે સઘળાં તે દિને ઑલિફન્ટના ભવ્ય દિવાનખાનામાં ભોજન લેવા બેઠાં તે વખતે જાણે તેઓ સ્વર્ગમાં હોય એવું સર્વેને લાગ્યું !

પ્રકરણ ૨૧ મું.

અર્લનો આપઘાત.

બીજે દિવસે સ્હવારે નવેક વાગે સર હેન્રી બીટન કંઇક ઉતાવળો ઉતાવળો ઑલિફન્ટના શયનગૃહમાં દાખલ થયો. જનરલ હમણાંજ કપડાં પહેરી વાળ ઓળી રહ્યો હતો એટલામાં પોતાના યુવાન એ–ડી–કાં ના મ્હો પરથી તેણે જાણી લીધું કે, કંઇ ગમ્ભીર બનાવ બનેલો હોવો જોઇએ.

"સાહેબ! હમણાંજ કાઉન્ટેસ ઓફ આર્ડનનો એક અનુચર આવ્યો છે અને તે કહે છે કાઉન્ટેસે તમને તેમને ત્યાં આવી જવાની વિનંતી કરી છે. વળી અર્લ ઑફ આર્ડને આપઘાત કરવાની ભયંકર ખબર પણ તેણે મને હમણાંજ આપી–" કંઇક ગભરાયલા અવાજે હેન્રી બીટને કહ્યું.

"અર્લ આર્ડને આત્મઘાત કર્યો?" ધીમેથી વિચાર કરી ઑલિફન્ટ બોલ્યો.

"હું ધારતો'તો કે તે પોતાના જીવ પર આવે એવો માણસ નથીઃ પણ નહિ. મ્હારી ભૂલ થતી હતી. આત્મહત્યા એ હીચકારાપણાની સાબીતી છેઃ અને આર્ડન ખરૂં જોતાં તો હીચકારોજ હતોઃ કાઉન્ટેસના નોકરને કહો કે હું હમણાં આવું છુંઃ ને મ્હારો ઘોડો તૈયાર કરાવવાની આજ્ઞા કરો—"

થોડીક મિનીટમાં ઑલિફન્ટ અશ્વ પર સવાર થયો અને સાથે કોઇ નોકર લીધા વિના તે "આર્ડન હાઉસ" તરફ ચાલ્યો. રસ્તે ચાલતાં તે વિચાર માલા ગૂંથવા લાગ્યો. ગઈ કાલે કોર્ટમાં બનેલા બનાવ સાથેજ અર્લના આપઘાતને કંઇ સંબંધ હોવો જોઇએ એમ તેને લાગ્યા વિના રહ્યું નહિઃ પણ પોતાની શંકા સત્ય છે એવો પ્રબલ પૂરાવો મળે ત્યાં સુધી તે કંઈ મત પર આવી જાય એવો માણસ ન્હોતો. આર્ડન હાઉસ આગળ જતાં બ્હારીઓ બંધ જણાઇ તથા તે પર કાળા પરદાઓ ટાંગેલા જણાયા એટલે અર્લના આપઘાતની ખબર સત્ય છે એવી મૅનશનના શોક જનક દેખાવ પરથી જ ખાત્રી થઇ ગઇ.

ઑલિફન્ટ એક વિશાલ ઓરડામાં ગયો જ્યાં તરતજ કાઉન્ટેસ ઑફ આર્ડન આવી. તેનું વદન ફીક્કું હતું અને કોઇ પ્રકારની પ્રબલ ગમ્ભીરતાની છાયા તે પર જણાતી હતીઃ એ દુઃખી લાગણી તેના પતિ પરના પ્રેમને લીધે ન્હોતી જન્મીઃ પણ તે જે ભયંકર મોતને હવાલે થયો હતો તેના સ્મરણથી થતાં કમ્પને લીધે તે અસ્થિર બની હતી !

"શું ત્યારે એ ખરી વાત છે ?–" ઑલિફન્ટ જુલીઆનો હાથ હાથમાં લઇ બોલ્યો.

"હા. ખરી વાત છે." તેણે જવાબ આપ્યો.

"જે પતિને માટે મ્હારા મનમાં લેશ માત્ર માન કે પ્રેમની લાગણી ન્હોતી તેને માટે મને દુઃખ થાય છે એવો જૂઠો અને શરમ ભર્યો ઢોંગ હું કરવા માગતી નથી, મ્હારા વ્હાલા મિત્ર ! છતાં હું ખરૂં કહું છું કે એ ભયંકર બનાવથી મને ઘણો આઘાત થયો છે– એ ઘણો ભયંકર દેખાવ હતો–એ કમનસિબ માણસે પોતાનું આખું ગળું એક કાનથી બીજા કાન સુધી કાપી નાખ્યું હતું—"

"ક્યારે એ બનાવ બન્યો ?"

"ગઈ રાત્રે દસથી અગિયાર વાગ્યાની વચ્ચે." વિધવા કાઉન્ટેસ બોલી.

"ગઈ કાલે સ્હવારથીજ અર્લ અશાન્ત અને બેચેન હોય એમ મને લાગ્યું હતું અને મને તરત જ માલમ પડયું કે એક યા બીજી રીતે એ બેચેનીને કર્નલ રમ્બોલ્ડની તપાસ સાથેજ સંબંધ હતો—"

"વારૂ પછી ?"

"જેમ જેમ દહાડો પસાર થતો ગયો તેમ તેમ અર્લની બેચેની ભયંકર રીતે વધતી ગઇ અને ન્યાય મન્દિરમાં ચાલતી તપાસને લગતી જે પણ વાત શહેરમાં થતી હતી તે બધી ગપો સાંભળવાને તે અત્યંત આતુર બની ગયા હતા. જે દિવસે પેલું સીલબંધ પાકીટ મ્હારી પાસેથી બલાત્કારથી છીનવી લેવાનો તેણે પ્રયત્ન કર્યો હતો તે દિવસે મ્હારે ને અર્લને થયલી વાતચીતનો કેટલોક ભાગ મને હજુ યાદ છે. તે વખતે તે એવા કેટલાક શબ્દો બોલ્યા હતા કે જો હું તે પાકીટમાંના કાગળો હું તેમને વાંચવા દેવા તૈયાર થાઉં એટલા માટેજ બોલ્યા હશે એમ હું કાલ સુધી માનતી હતી—"

"તેણે શું કહ્યું હતું? તેના શબ્દો મને કહો—"

"તેણે મને કહ્યું હતું કે 'તે ઘણા જ ભયમાં છે—તેનું જીવન પણ ભયમાં છે—તેની જાગીર—તેની મીલકતો પણ જપ્ત થવાનો સંભવ છે—પણ જો તે સીલબંધ પાકીટમાંના કાગળો વાંચી શકે તો તે બચી શકે—"

"અને કાલે તમને આ બનાવ પછી એમ લાગ્યું કે એ શબ્દો તમે ધાર્યા હતા તે કરતાં વધુ ગમ્ભીર હતા?—" ઍાલિફન્ટે પૂછ્યું.

"હા. કાલે તેણે જે ભયંકર અશાન્તિ ભોગવી તે સાથે જ તેને કંઇ સંબંધ હશે એવી કલ્પના કર્યા વિના મ્હારાથી રહેવાયું નહિ: હું સહમજી શકતી નથી કે કર્નલ રમ્બોલ્ડ પરના આરોપને ને મ્હારા પતિને શું સંબંધ હશે: પણ જો કદાચ—"

"હું સહમજી ગયો: છતાં કંઇ નહિ. બોલો..."

"વિચિત્ર જાતની ગપો કાલે અમારા મહોલ્લા "વેસ્ટએન્ડ"માં ફેલાઇ હતી. અને અર્લની અશાન્તિ—તેનો ગભરાટ અને દુ:ખ એટલાં બધાં વધી ગયાં કે જાણે તે દિવાનો થઈ ગયા હોયની તેમ કંઇ કંઇ બકતા હતાશ થઇ ગયા હતા. ખાસ કરીને આપ નામદાર કોર્ટમાં અચાનક જઈ પડયા હતા—તમે ત્યાં કંઇ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો—હમ્ફ્રી ક્લીન્ટન નામના કોઈ યુવાનના મૃત્યુ સમયના એકરારથી કર્નલ રમ્બોલ્ડ પરનો આરોપ તદ્દન ઉડી ગયો હતો—અને રાજમહેલમાં થયલાં કરપીણ ખૂનના ગુપ્ત રહસ્યોની સમ્પૂર્ણ માહીતી તમે મેળવી હતી—આવી વાત જ્યારે અહિંયાં લોકો તરફથી થવા લાગી ત્યારે તો અર્લના ગભરાટનો પાર રહ્યો નહિ. એ વાતો મીઠું મરચું ભભરાવીને કરવામાં આવી હોય એ બનવા જોગ છે. છતાં પણ એ ખબરની ભયંકર અસર મ્હારા મૃત પતિ પર થઇ. તેમની આંખો દિવાનાની પેઠે ફાટી ગઇ—તેમનું વર્તન પણ તેવું જ થઇ પડયું. કોઈ કોઇ વાર તે એકદમ મ્હારી પાસે આવી મ્હારો હાથ પકડી કહેતા કે ફક્ત હું જ તેને તમને વિનંતી કરી બચાવી શકીશ. તમે સહમજી શકશો જનરલ! કે આવી વાતથી મને કેવો ભયંકર ભય ઉપજ્યો હશે!—મ્હારા મનમાં જે ભયાનક શંકા જન્મી હતી તેને તેથી પ્રબલ ટેકો મળ્યો: પણ એટલું કહ્યા પછી તરત જ તેણે મ્હારો હાથ છોડી દીધો. પછી હું તેની દુશ્મન છું—કટ્ટી દુશ્મન છું—તેને ધિક્કારૂં છું—અને

તેને બચાવવા કરતાં મરેલો જોવાને જ રાજી થાઉં એવી છું—એવું એવું બકવા લાગ્યાઃ છતાં તેણે એ સિવાય એ ભેદ પર પ્રકાશ નાખે એવી બીજી કંઈ પણ વાત કરી ન્હોતી. અસ્થિર, નિરાશ, દીવાના જેવી દશામાં તે દસ વાગ્યા પછી પોતાના સૂવાના ઓરડામાં ગયા અને હું મ્હારા શયનગૃહમાં જવા લાગી. હું તેમના ઓરડા આગળથી પસાર થઇ તે વખતે કંઈ ભારે વસ્તુ જમીનપર પડવાનો અવાજ મ્હેં સાંભળ્યો. કંઇ ભયંકર બનાવ બન્યો હશે એવી શંકાથી ડરીને—ચોંકીને હું અંદર ધસી ગઈ અને મ્હેં મ્હારી નજરે મ્હારા હતભાગી પતિને જમીનપર મૃત દશામાં પડેલા જોયા. આહ ! એ દેખાવ ભયંકર હતો—અત્યંત ભયંકર હતો! લોહીથી તરબતર થઇ તેનું શરીર જમીનપર અચેતન પડયું હતું. તે આપઘાત કરવાનો ભયંકર નિશ્ચય કરી મરવા તૈયાર થયલા હોવા જોઇએ; કારણ કે જે અસ્ત્રાથી તેણે પોતાનું ગળું કાપી નાખ્યું તે એવા જોસથી તેણે ગળામાં ભોંકી દીધો હોવો જોઇએ કે જેથી તરત જ તે મરી ગયા હશે ! તેમનું માથું શરીરથી અરધું છૂટું થઈ ગયું હતું. આહ ! કમનસિબ માણસ ! ઘણા ભયંકર મોતે મરણ પામ્યો.”

“અને તે પોતાની પાછળ પોતે શા માટે આપઘાત કર્યો તે વિષે કંઇ પણ ખુલાસો કરી ગયો નથી ? તેણે મરતી વખતે કંઈ પણ એકરાર કર્યો નથી ?—”

“નહિ. કંઇ નહિ.” જુલીઆ બોલી.

“કંઇ પણ વિચારપૂર્વક કામ કરવાની સ્થિતિમાં જ તે ન હતા; પણ જનરલ ઑલિફન્ટ ! તમે એ વિષે શું ધારો છો ? ”

“તમે જે ધારો છો તે જ, લેડી આર્ડન !—” ગમ્ભીર અવાજે ઑલિફન્ટે કહ્યું.

“અરેરે ? શું એ શક્ય છે ?...” ભયથી થરથરતી જુલીઆ બોલી. “ શું તેણે આવો ભયંકર ગુન્હો કર્યો હશે ? ”

“ હા. મને એમ લાગે છે. તેણે કમનસિબ હમ્ફ્રી ક્લીન્ટનને રાજમહેલમાં ખૂન કરવા તૈયાર કર્યો હશે એ તો સ્પષ્ટ જણાઇ આવે છે. સીલબંધ પાકીટ મેળવવાની તેની અસામાન્ય ચિન્તા—તેના અંતઃકરણના ડંખથી તેના વદનપર પ્રકટ થયલા ભાવ—કર્નલ રમ્બોલ્ડની તપાસને પોતાના જીવન મરણ સાથે સંબંધ છે એવી તેણે તમને કહેલી

વાત—મ્હેં જે પત્ર તમને લખ્યો હતો તે મ્હેં તેને વંચાવ્યા પછી તેને થયલો સંતોષ—અને હમણાં તમે મને જે વાત કહી તે—એ બધા પરથી રાજમહેલમાંના ખૂનમાં અર્લ આર્ડનની સહાય હતી એ વાત તો સાબીત થાય છે. મને લાગે છે કે એ એક મ્હોટું કાવત્રું હોવું જોઇએ કે જેમાં ઘણા પ્રપંચીઓ સંડોવાયલા હશે; બસ, હું આ મત પર આવું છું: છતાં એ બનાવ એક ભેદી રહસ્ય છે કે જે કદિ પણ પ્રકાશમાં આવશે નહિ—"

"ઓહ ! જનરલ ઑલિફન્ટ ! એક ખૂનીના સહાયકની વિધવા તરિકે લોકો મ્હારા તરફ આંગળી તાકશે. એ અપમાન—એ કલંક—એ નામોશી હું શી રીતે સહી શકીશ ?—" જુલીઆ બોલી.

"તમારે એવો ભય રાખવાની જરૂર નથીઃ કારણ કે મ્હને એવી શંકા છે એવું પ્રકટ કરવાને મ્હને કંઇ પણ કારણ નથી. વળી આપણી શંકાઓ 'શંકા' જ છે. આપણે તમારા મૃત પતિના કામ વિષે સત્ય વાત તો જાણતાં જ નથી. હવે તે પર વિચાર કરી સત્ય શોધાય તેમ પણ નથી. મરનાર મરી ગયા. હવે જીવંત મનુષ્યોનીજ ચિંતા રખાવી જોઇએઃ અને જુલીયા ! તેં ભૂતકાલમાં એટલાં બધાં દુઃખો સહન કર્યાં છે કે હવે તને જરા પણ દુઃખ થાય એવું પગલું વિના કારણે ભરૂં એવો હું નિર્દય નથી—"

"આહ ! જનરલ ! તમારો આભાર હું શી રીતે માનું ? તમે હમ્મેશાં ઉદારતા જ બતાવો છો...સદ્ભાગ્યે અર્લ કોઇ નોકરને શંકા જાય એવી રીતે તેમની હાજરીમાં બોલ્યા નથી......"

"ત્યારે હવે તમે તદ્દન મૌનજ ધારણ કરી રહેજો; અને જ્યાં સુધી અમુક નવા સંજોગોને લીધે આપણે એવી શંકા રાખીએ છીએ એવું જાહેર કરવાને અત્યંત આવશ્યકતા જણાય ત્યાં સુધી એ વાત આપણા બેનાં હૃદયોમાં જ દાટી દેવાની જરૂર છે. આજે અર્લની લાશપર જ્યુરી ભરાશે પણ કૉરૉનર તમને સાક્ષી તરિકે બોલાવે એ બનવા જોગ નથી. શ્રીમંત પદવીધરોને ત્યાંના આવા બનાવો જેમ બને તેમ ઓછા ચૂંથવામાં આવે છે એટલે તમારે તેની ચિન્તા કરવાની નથી. ભવિષ્યમાં હવે તમે શ્રીમન્ત થશો અને તમારો જગતનો અનુભવ એવો છે કે તમારી શ્રીમંતાઇથી તમે સુખી થશો અને બીજાંઓને પણ સુખી કરી શકશો—"

જનરલ ઑલિફન્ટે તે પછી વિધવા કાઉન્ટેસની રજા લીધી. તે પોતાના મૅનશનમાં ગયો. બપોરે પોતાના યુનીફૉર્મમાં સજ્જ થઇ સર હેન્રી બીટન તથા છ નોકરોના રસાલા સાથે સવાર થઇ તે વ્હાઇટ હૉલ પૅલૅસ તરફ કુચ કરી ગયો. જ્યારે તે આવે ત્યારે તેને તરતજ રાજા પાસે લઇ આવવાની સૂચના રાજમહેલના અનુચરોને મળી ગઇ હતી. ચાર્લ્સે રાજ્યના કેટલાક મુખ્ય અમલદારો સાથે "ઑડીઅંસ ચેમ્બર" માં જનરલનો સત્કાર કર્યો. રાજ્યનિયમાનુસાર પરસ્પર નમન થઇ રહ્યા પછી ચાર્લ્સ ઑલિફન્ટને બાજુના ઓરડામાં આવવાની વિનન્તી કરી અને જ્યારે તેઓ એકલા પડ્યા ત્યારે ચાર્લ્સ અર્ધા ઠપકા ભર્યા તથા અર્ધ ક્રોધિત સ્વરે બોલ્યો.

"અરે તમારૂં ભલું થાય, ઑલિફન્ટ! કાલે તમે શું નાટક કોર્ટમાં ભજવી આવ્યા? વળી કાયદાની સત્તા રાજા કરતાં વધારે છે અને રાજાઓ પ્રજાને જવાબદાર છે એમ તમે શું જોઇને બોલ્યા?–"

"મ્હારા એ મતમાં જો કંઇ ખોટું હોય, નામદાર! તો આપ નામદાર સત્ય શું છે તે મને જણાવી મ્હારી ભૂલ સુધારવાની કૃપા કરો—" ઑલિફન્ટે ઉચિત અભિમાનસહ વિનયી સ્વરે કહ્યું.

"અરે તમારૂં ભલું થાય! જનરલ! હું તમારી સાથે શાબ્દિક યુદ્ધ કરવા ચાહતો નથી; પણ ખરેખર, તમે કેટલીક વાર હદ કૂદાવી જાવ છો. ગઇ કાલના કોર્ટમાંના બનાવે મ્હારા પર ને મ્હારા દરબારી પક્ષપર એક જાતનો પ્રબલ પ્રહાર કર્યો છે—"

"જેઓને એવું લાગતું હોય તેમની આંખોમાં કંઇ રોગ હોવો જોઇએ, નામદાર!—" ઑલિફન્ટે પ્રત્યુત્તર આપ્યો.

"મ્હેં ગઈ કાલે જે કર્યું હતું તે ન્યાયનો વિજય કરાવવા માટે અને એક ખોટી રીતે દોષિત ઠરેલા નિર્દોષ મનુષ્યના જીવનને બચાવવા માટે કર્યું હતું. જાહેર પ્રજાએ જે દેખાવ કર્યો તે અટકાવવાને હું લાચાર હતો–પ્રજાની લાગણીનો પ્રબલ પ્રવાહ હું રોકી શક્યો ન્હોતો—"

"અને તમે રોકવાનો પ્રયાસ પણ ન્હોતો કર્યો..." રાજાએ પ્રથમ જેવા જ કંઇક ગુસ્સા ભર્યા અવાજથી કહ્યું.

"ખચિતજ નહિ, નામદાર! એક અન્યાયી ન્યાયાધિશ, પક્ષપાતી એટર્ની જનરલ અને સત્ય ભૂલી ગયલા પ્રધાનોને એક એવો

પાઠ ભણાવવાની મને જરૂર જણાઇ હતી. મ્હેં તેમને ગઈ કાલે બતાવી આપ્યું કે ન્યાયની સત્તા સર્વોપરિ છે અને જાહેર કોર્ટમાં સરકાર પક્ષને ગુનેહગારને દોષિત ઠરાવવા માટે જે છૂટ મળે છે તેટલીજ છૂટ આરોપીને પોતાના બચાવ માટે મળવી જોઇએ. આપ નામદારે એક નિર્દોષ મનુષ્ય ખોટી રીતે અન્યાયનો ભોગ થઇ મરણ પામતો બચવા પામ્યો તે માટે ખુશી થવું જોઇએ—"

"ઠીક. ઠીક. તમે કહો છો તેમાં કંઇક સત્યનો અંશ છે ખરો: પણ ઑલિફન્ટ ! જેણે રમ્બોલ્ડની નિર્દોષતા સિદ્ધ કરવા માટે આટલી બધી ધાંધલ કરી તેણે હવે ખરા ખૂનીને પકડી પાડવા માટે પોતાના બુદ્ધિચાતુર્યનો ઉપયોગ કરવા ઘટે છે: કે જેથી એ ભેદી બનાવપર પ્રકાશ પડી શકે—"

"હું એમ માનું છું, નામદાર ! કે એ ભેદ કદિ પણ ખુલ્લો થઇ શકશે નહિ: પણ તેથી એક નિર્દોષ મનુષ્યને ફાંસીને લાકડે લટકવા દેવો એ અન્યાય છે–પાપ છે–એમ મને લાગ્યું અને તેથી મ્હેં તેને બચાવ્યો. નામદાર ! એ બનાવ શું આનન્દજનક નથી ? આપ નામદારને એમ નથી લાગતું કે જો કર્નલ રમ્બોલ્ડને દેહાંત દંડ થયો હોત તો તેથી એવાં સુકુમાર હૃદયો પર ભયંકર આઘાત થાત–એવાં કોમલ હૃદયો દુઃખથી ચીમળાઈ જાત કે જેમાં—"

"જવા દો એ વાત, મ્હારે નથી સાંભળવી. પેલા મૉબ્રેએ રમ્બોલ્ડની બહેન સાથેના મ્હાગ ભૂતકાલીન્ પ્રેમની કથા જાહેર પ્રજા સમક્ષ કહી ત્યારથી હું ઘણો ખીજવાઈ રહ્યો છું અને મને ત્યારથી ઘણી મુઝવણ થાય છે—"

"અને નામદાર ! જે કથા તદ્દન સત્ય હતી તેનો સ્પષ્ટ ઇનકાર કરવાનું આપના પ્રધાનોને કહી, જાહેર કોર્ટમાં ન્યાયાધિશ દ્વારા એ વાતનો અસ્વીકાર કરાવવાનું આપ નામદારે જે પગલું લીધું હતું તે આપને યોગ્ય લાગે છે ? શું આપ નામદાર તે હતભાગી સ્ત્રીને દિલાસો મળે એવું કંઇ પણ કરવા માગતા નથી ?—"

"આ તમે શું બકી રહ્યા છો ? તમે શું સ્વપ્ના જુઓ છો?..." ગભરાટથી રાજા બોલ્યો. જનરલ ઑલિફન્ટની આંખો હમ્મેશાં દુષ્ટ હૃદયોને ડરાવતી અને ઇંગ્લંડનો રાજા પણ એ આંખોની શક્તિથી બચી શકતો નહિ.

"હું જે કહેવા માગું છું તે આપ નામદાર સ્હમજો છો..." ચાર્લ્સ સ્ટુઅર્ટ પર કરડી આંખો સ્થિર કરી ઑલિફન્ટ બોલ્યો.

"થોડાક વખત પૂર્વે એ ભેદ જાહેરમાં આવે તે અયોગ્ય છે એમ મને લાગ્યું હતું. વળી એ ભેદ કોઇની જાણમાં ન આવવા પામે એવી પણ મ્હારી ઇચ્છા હતી; પણ હવે જે બનાવ બની ગયો છે તે પછી તે દુઃખી ફુલ કામિનિના જખમી હૃદયમાં થતાં અસહ્ય દુઃખોનો વિચાર કરીને, તેના શોકજનક પ્રેમને લીધે તેના ભાઇને જે ભયંકર આફત સહન કરવી પડી તે જોઇને, તથા જે ધિક્કારપૂર્ણ રીતે ન્યાયાધિશે એ વાતનો જાહેર કોર્ટમાં અસ્વીકાર કર્યો હતો તેથી હેન્રીએટ્ટા રમ્બોલ્ડ પર કેવો અસહ્ય પ્રહાર થયો હશે તેનો વિચાર કરીને મને લાગે છે કે હવે તે માટે પ્રાયશ્ચિતની જરૂર છે. આપ નામદાર તે પ્રાયશ્ચિત કરવાની ના પાડી શકો એ અશક્ય છે, નામદાર ! હું બન્ને પક્ષની વચ્ચે પડીશ અને સઘળાંની લાગણીનો યોગ્ય વિચાર કરીને હું કોઇને દુઃખ ન થાય તે માટે શક્ય કાળજી રાખીશ—"

"ઑલિફન્ટ ! એ અશક્ય છે. એમ નહિ બનશે—" ચાર્લ્સ સ્ટુઅર્ટ જોરથી બોલ્યો:

"ભલા માણસ ! તમે માનશો હમણાં મ્હારા પ્રધાનો તમે ગઇ કાલે કોર્ટમાં જે મત પ્રકટ કર્યો હતો તે માટે તમારી વાઇસિરોયની પદવી પરથી તમને બરતરફ કરવાની મને સલાહ આપતા હતા—"

"મને પદભ્રષ્ટ કરો, નામદાર !—" શાન્તિથી જનરલ બોલ્યો.

"પણ જો તમે મને અન્યાયથી પદભ્રષ્ટ કરશો તોપણ તમારે જેમની લાગણી ભયંકર રીતે જખમી થઇ છે તેમને ન્યાય મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવીજ પડશે."

રાજા મૂઝાયો. પ્રબલ લાગણીઓનું યુદ્ધ તેના દીલમાં થવા લાગ્યું. તે ત્વરિત વેગે આમથી તેમ આંટા મારવા લાગ્યો. તેને કેવા માણસ સાથે કામ લેવાનું હતું તે તે સારી પેઠે જાણતો હતો. જનરલ તેનો એક ગુપ્ત ભેદ જાણતો હતો તે માટે જ તે તેનાથી ડરતો હતો એમ ન્હોતું: પણ તે જનરલની અસામાન્ય પ્રજાપ્રિયતાથી ડરતો હતો અને હમણા જનરલને જોઇ જાણે બીજો ક્રૉમવેલ જ તેની નજર સમક્ષ ઉભો હોયની એમ તેને લાગ્યું !

"તમે તમારી પદવી સંભાળવા ક્યારે ઉપડવા ઇચ્છો છો ?—"

એકદમ આંટા મારવાનું બંધ કરી ઉશ્કેરાયલા સ્વરે રાજાએ પૂછ્યું.

"મેં હમણાં જે માગણી કરી છે તે આપ નામદાર પાર પાડો કે તરતજ—" ઑલિફન્ટે વિનય તથા માનથી પણ નિશ્ચિત સ્વરે જવાબ આપ્યો.

"આ એવી વાત છે કે જેમાં વિચાર કરવાની જરૂર છે. જનરલ ! તમે મને શા માટે આટલું બધું દબાણ કરો છો ? તમને ખબર છે, જનરલ ! કે આ માગણીનો અમલ ન કરવા માટે મને હજારો કારણો છે—"

"હું આપ નામદારનો જવાબ હમણાંને હમણાંજ માગતો નથી; તેમજ આપ નામદારને આજ્ઞા કરવાની ઉદ્ધતાઈ પણ હું બતાવતો નથી. બોલો, નામદાર ! હું આપનો જવાબ મેળવવા માટે ક્યારે હાજર થાઉં ?—"

"ક્યારે હાજર થશો ?...જનરલ ! એ બાબત એવી છે કે જેનો જલદી નીકાલ લાવવા હું શક્તિવંત થઇશ નહિ..."

"આપ નામદાર ગમે તેટલો વખત લેવાને સ્વતંત્ર છો. એક સપ્તાહ—પંદર દિવસ–મહિનો—"

"નહિ. પંદર દિવસ ! ન્યુ મારકેટ સ્પ્રીંગ મીટીંગ* નજીક આવી છે અને હું ત્યાં જવાનો નિશ્ચય કરી ચૂક્યો છું. હું પંદર દહાડા પછી જવાબ આપીશ. જનરલ ! બરાબર આજથી પંદરમે દહાડે મ્હારી પાસે આવજો: પણ એટલો વખત તદ્દન ચુપ રહેજો—"

"તદ્દન ચૂપ રહીશ, નામદાર !—" ઑલિફન્ટે કહ્યું અને રાજાને નમન કરી તે ત્યાંથી ચાલ્યો ગયો.

રાજમહેલ છોડી જવા પહેલાં તેણે ડચેસ ઑફ પોર્ટસ્મથને મળવાની ઇચ્છા બતાવી અને ડચેસે તેની ઇચ્છાનો તરત જ સ્વીકાર કર્યો. તેણે ઑલિફન્ટને પોતાના અત્યંત સુશોભિત શયનગૃહમાં આવકાર આપી બેસાડયો. ઘણાં વર્ષો પૂર્વે લુઇ અને ઑલિફન્ટ વચ્ચેનો પ્રેમ અત્યંત પ્રબલ હતો—એ પ્રેમ સાંકળ તૂટી ગઇ હતી—આજે પુનઃ બન્ને એકાન્તમાં મળ્યાં. આજે તે પ્રેમની કિંચિત છાયા પણ જનરલના વદન પર ન્હોતી. સામાન્ય પરિચિત સ્ત્રી હોય તેમ જનરલે ડચેસને

* ઘોડાની સરતનું નામ.

નમન કર્યું. ડચેસ તેને જોઇ ભયથી ધ્રુજીઃ કારણકે તે યોદ્ધાને જોતાં તેને તેના ભયંકર ભૂતકાલની અસહ્ય સ્મૃતિ થઇ.

“ લેડી ! હું થોડીક મીનીટ તમારી સાથે વાત કરવા આવ્યો છું. તમારા શત્રુઓ તમને સત્તાહીન કરવા ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા. પરમ દહાડે એક માણસ અચાનક મને મળી ગયો કે જેને ઇંગ્લંડમાં”

“ તમે કોની વાત કરો છો તે હું સ્હમજી ગઇ. મને બેરીલને ખબર આપી હતી કે તેઓ બેસ્ટીલમાંથી ન્હાસી ગયા છે—” ભય પૂર્ણ સ્વરે ડચેસ બોલી.

“મ્હેં એ વાત કાલે સ્હવારે સાંભળી—ત્યારથી મ્હારા ભયનો પાર નથી—ઓહ ! જનરલ ઑલીફન્ટ ! જો તમારા પરના મ્હારા પ્રેમની જરા પણ સ્મૃતિ—”

“ હવે એવી વાત ન કર, લુઇ ! થનાર થઇ ગઇ. હવે એનું સ્મરણજ ન કર. છતાં હું તને બચાવીશ. ખાસ કરીને જે કામ તેં મ્હારાપરના અંધ, દીવાના, પાશવ પ્રેમને લીધે કર્યું હતું તેની ભયંકર સજામાંથી હું તને બચાવવાનો પ્રયત્ન કરીશ—”

“ અંધ, દીવાનો ને પાશવ પ્રેમ !...” બન્ને હાથે ભમર દાબતી ડચેસ બબડી—

“ પણ પેલો જંગલી પદભ્રષ્ટ અનીતિવાન પાદરી—જેને મ્હેં વરસો સુધી પૈસા આપ્યા હતા—”

“ તેની હવે બ્હીક ન રાખ. ભવિષ્યમાં તે તને સતાવી શકશે નહિ. તને એ વાત કહેવા જ હું અહિં આવ્યો છું. તે માણસ હમણાં દરિયાઇ મુસાફરી કરે છે અને અલ્પ સમયમાં હું જ્યાં જવાનો છું ત્યાં જઇ પહોંચશે—”

“ આહ ! તમારો કેવો મ્હોટો આભાર જનરલ ઑલિફન્ટ ! મને તમારા શબ્દોથી જે આરામ—જે શાંતિ મળી છે તે શબ્દોથી દર્શાવી શકાય એવી નથી. તમારો આભાર હું શી રીતે માનું, જન-રલ ?—” ડચેસના સુન્દર વદન પર હવે આનન્દ ચમક્યો.

“ હું જાઉં છું, લુઇ ! ફેરવેલ ! કદાચ આપણે હવે પાછાં નહિ મળીએ—”

પ્રકરણ ૨૨ મું.

લૉર્ડ વિલિયમ રસેલ.

અમે જે સમયની વાત કરીએ છીએ તે સમયે બ્લુમ્ઝબરી સ્કવેરનો ઉત્તર વિભાગ લૉર્ડ વીલીઅમ રસેલના નિવાસસ્થાન "સધમ્પટન હાઉસ" થી રોકાઈ ગયો હતો. આ લત્તો તે સમયે ઘણો ફેશનેબલ ગણાતો હતો. અને લૉર્ડ રસેલનો મહેલ તે વખતે ઘણો ભવ્ય મૅનશન ગણાતો હતો. તેની પાછળ એક સુન્દર સુવિશાલ બગીચો આવેલો હતો. સધમ્પટન હાઉસના કેટલાક દિવાનખાનાંઓ અત્યંત વિશાલ હતાં અને વારંવાર ત્યાં જે મેળાવડાઓ થતા તેમાં પધારનારા શ્રીમન્ત મહેમાનોને આનન્દ મળે તે માટે તે રાજવંશી ઠાઠથી શણગારવામાં આવ્યાં હતાં. બીજાં દિવાનખાનાઓ તેનાથી કંઇક સાદાં હતાં છતાં તે એક લલનાની આંખને ટાઢી કરે એવી રીતે શણગારાયલાં હતાં. તેમાંની વસ્તુઓ તથા વ્યવસ્થા જોતાં તે એક સ્ત્રીનું કૌશલ્ય હોવું જોઇએ એવું સ્પષ્ટ જણાઇ આવતું અને આ દિવાનખાનાંઓમાં લૉર્ડ અને લેડી વીલીઅમ રસેલ પ્રેમમય જીવન ગાળતાં હતાં. મૅનશનની સ્હામે એક વિશાલ વાડો હતો અને તેના મધ્યભાગમાં વૃક્ષોનાં જુથ હતાં. શહેરનાં નરનારીઓ રવિવારે પોતાનાં સુન્દર વસ્ત્રોમાં સજ્જ થઇ આ સુન્દર વૃક્ષોની ઘટા જોવા માટે બ્લુમ્ઝબરી સ્કવેર તરફ નીકળી પડતાં.

કર્નલ રમ્બોલ્ડ ઓલ્ડ બેલીમાં નિર્દોષ પૂરવાર થયો તે પછી બીજે દિને લૉર્ડ વીલીઅમ રસેલ પોતાની વ્હાલી પત્નિ સાથે પોતાના સુન્દર-મનોહર ઉદ્યાનમાં ફરતો હતોઃ ઉમરાવ સાહેબનો શારીરિક બાંધો મજબુત અને સુદૃઢ હતો. તેનું કદ મધ્યમ હતું અને શરીર જરા જાડું તથા માથું મ્હોટું હતું. જે સમયે તે આ નવલકથામાં દેખાવ દે છે ત્યારે તેનું વય ૪૩ વર્ષનું હતું. તેના વાળ કાળા, ગુચ્છાદાર અને જન્મથીજ કરચલીવાળા હતા. તેની આંખો ભૂરી અને શાન્ત હતી. અત્યંત આશ્ચર્યજનક આવેશભર્યા બનાવ સમયે પણ એ આંખો વિશેષ ચમકતી નહિ. તેનું માથું મ્હોટું હતું પણ બેડોળ ન્હોતું. તેના વદનપર એકજાતની શાન્ત ગમ્ભીરતા હતી અને તે તેનું મ્હોટું માથું તદ્દન ખાલી નથી તેની સાક્ષી પૂરતી છતાં લૉર્ડ વીલીઅમ રસેલની બુદ્ધિ અત્યંત તીવ્ર ન્હોતી તેમ તેનામાં પ્રતિભા જેવું તો કંઇ જ

ન્હોતું. તેનામાં સ્વાભાવિક બુદ્ધિચૈતન્ય કે તીવ્ર કલ્પના શક્તિ ન્હોતી. તે જે જાણતો હતો તે તેણે મહેનત લઇને ભરડી મારેલું હતું. કોઇપણ વિષયનું જ્ઞાન મેળવવાની તેને ઇચ્છા થતાં તે તે પર ખૂબ મહેનત કરતો. તેનું મગજ સારૂં ન્હોતું; પણ તેની સ્મરણ શક્તિ સારી હતી; કઠીન વિષયો પર વિચાર કરતાં તેને વખત લાગતો; પણ જ્યારે તે તે વિષે સારૂં જ્ઞાન મેળવતો ત્યાર પછી તે જ્ઞાન તેના મગજમાં તે સાચવી શકતો. કદિપણ પ્રાપ્ત કરેલું જ્ઞાન તે ગૂમાવતો નહિ. કોઇપણ વિષયનો અભ્યાસ કરતાં તેની મન્દ બુદ્ધિને લીધે તેને સમય લાગે તથા કંટાળો આવે એવું હતું છતાં તે અભ્યાસ કરી જ્ઞાન વધારવાનો શોખિન હતો. બુદ્ધિવાન થવા માટે તે અત્યંત આતુર હતો અને તેથી હમ્મેશાં માનસિક વિકાસ માટે પ્રયત્ન કર્યાં કરતો; તે પોતે પણ પોતાની બુદ્ધિ મન્દ છે તથા વિચારશક્તિ સંકૂચિત છે તે જાણતો હતો; પણ પોતાની આ ખામી દૂર કરવા તે ખંતથી મંડી રહેતો. કોઇ પણ મતપર તે ઉતાવળથી વિશ્વાસ મૂકતો નહિ; પણ સમ્પૂર્ણ વિચાર કર્યાં પછી જ્યારે તે અમુક મતપર આવતો ત્યારે તે મત છોડાવવાની કોઇનામાં શક્તિ ન્હોતી. તેનો સ્વભાવ હઠીલો કે દુરાગ્રહી ન્હોતો; તે ગમ્ભીર-સ્થિર શાન્ત વિચારક હતો; અને જે બોલતો તે વિચાર કરીને જ બોલતો. વળી તે બહુબોલો ન્હોતો; થોડા જ શબ્દો શાન્તિથી તે બોલતો અને તેના મન્દ સ્વભાવની તે પરથી પ્રતીતિ થતી.

તેના રાજ્યદ્વારી વિચારો તે સમયના આપખુદ ઉમરાવો કરતાં બચિતજ ઉદાર હતા; પણ તેની એ ઉદારતામાં પણ કુલીન અ-ભિમાન અને સત્તાના મદનું મિશ્રણ હતું તે ભૂલવાનું નથી. તે એવી માન્યતા ધરાવતો હતો કે રાજાના અન્યાય સ્હામે પ્રજાનો બચાવ કરવા માટે ઉમરાવો એક મજબૂત કિલ્લા જેવા છે. તે એમ પણ માનતો હતો કે એવું પદ ભોગવવાનો ઉમરાવોને હક્ક છે; અને સ્ટુઅર્ટ રાજ્ય વંશના વારસોના જૂલમો અને અન્યાયથી ગરિબ પ્રજાવર્ગને થતાં દુઃખોથી તે ન્યુનાધિક અંશે દિલગીર થતો હતો; છતાં ઉમરાવોની સત્તા રાજા તરફથી લેશમાત્ર ઓછી થાય એવી તેની જરા પણ ઇચ્છા ન્હોતી. રાજા ઉમરાવો પર સત્તા ચલાવે અથવા ઉમરાવો રાજાને કાબુમાં રાખે તેની સાથે પ્રજાને કંઇ સ્નાનસૂતક નથી એ વાત તેના મગજમાં આવતી જ નહિ. પ્રજા જે સ્વતંત્રતા ભોગવવાને પ્રબલ આતુર બની હતી તેવી સ્વતંત્રતા તેને મળે એવી લૉર્ડ વીલીઅમ રસેલની ઇચ્છા

પણ ન્હોતી. તે કંઈક સારૂં કરવા માગતો હતો એ વાત ખરી છે; પણ તેના વિચારો એવા હતા કે જો તેની ઇચ્છાનુસાર પરિવર્તન કરાવવાની તેનામાં શક્તિ હોત તો તેથી એકલા શ્રીમન્ત ઉમરાવોનેજ લાભ થાત અને લોકોને તો તેઓ જેવી ગુલામગીરીમાં હતા તેવીને તેવીજ દશામાં રહેવું પડત. તેના વિચારો અપકવ કહી શકાય તેવા ન્હોતા કારણ કે દીર્ઘવિચાર કર્યા પછીજ તેણે પોતાના મગજમાં તેમને સ્થાન આપ્યું હતું: છતાં જો તેમનો અમલ કરવામાં આવે તો રાષ્ટ્રની સામાન્ય સ્થિતિ તે વિચારોથી સુધરવાને બદલે ઉલટી કંઇક વિચિત્ર દશામાં રાષ્ટ્ર આવી પડે એવા હતા. તે બેડફર્ડના ડ્યુકનો વારસ હતો કે જે વંશના વંશજોએ હમ્મેશાં બહુમતવાદની તરફેણમાંજ ભાષણો કર્યાં હતાં. કેટલાકો ઉદાર મતવાદ શું છે તે સમજ્યા વિનાજ બાપના કૂવામાં પડયા હતા—અને કેટલાકોએ બાહ્યદૃષ્ટિએ ઉદાર ગણાવા માટે એ મત પ્રતિપાદિત કર્યો હતો; કારણકે વસ્તુતઃ તેમની નસોમાં જે રક્ત દોડતું હતું તે એકતંત્રી શાસનના ભક્તોનું હતું અને બાલપણથી જ એકતંત્રી શાસન અને આપખુદીના તેઓ પૂજારીઓ હતા. લૉર્ડ વીલીઅમ રસેલ પ્રથમ વર્ગનો બહુમતવાદી હતો. તે બહુમતવાદ પ્રતિપાદિત કરતો: પણ તેનો ખરો અર્થ સમજતો નહિ છતાં પોતાની માન્યતામાં તે જનસમાજનું ભલું કરવાની ઇચ્છા રાખે છે એવું માની પોતે પોતાની જાતને પણ છેતરતો. તે પોતે જો ઉમરાવોની સત્તા તૂટી જાય તો તેનો બચાવ કરવા માટે આભ અવનિ એક કરવા તૈયાર હતો અને ઉમરાવોના હાથમાંની સત્તા લોકો છીનવી લેવા તૈયાર થાય તો, હમણાં જે સત્તા તે રાજાના હાથમાંથી છીનવી લઇ પ્રજાનું સંરક્ષણ કરવા માગતો હતો તેજ સત્તાને ટકાવી રાખવા માટે પ્રાણ આપે એવો હતો.

આટલા પરથી લૉર્ડ વીલીઅમ રસેલના ચારિત્ર્યથી વાંચનાર પૂર્ણ પરિચિત થઇ ગયા હશે. જો કે ઇતિહાસમાં બહુ મતવાદીઓમાં પણ તે વધુ ઉદારમતવાદી હતો એવું જણાવવામાં આવ્યું છે: પરંતુ વસ્તુતઃ તેના વિચારો કેવા હતા તે અમે ઉપર જણાવી ગયા છીએ. પતિ સાથે વાંચનારને પરિચિત કર્યા પછી હવે અમે પત્ની સાથે વાંચકની ઓળખાણ કરાવીશું: ઉમરાવની પત્નિ લેડી રસેલનું ક્રીશ્ચીઅન નામ રાશેલ હતું અને હમણાં તેનું વય તેના પતિ કરતાં બે વર્ષ વધારે એટલે ૪૫ વર્ષનું હતું. તે તેની યુવાનીમાં સૌન્દર્યસંપન્ન ન્હોતી. તેના મ્હોપર લાવણ્ય કે સૌન્દર્યની ઝલક ન્હોતી: છતાં તેના

શારીરિક વિકાસ પરથી તે કંઈક ફૂટડી ગણી શકાય; સૌન્દર્યની દૃષ્ટિએ તો તે જરા પણ નયનપ્રિય ન્હોતીઃ કારણ કે તેના વદનપર તે વિજયી ઝલક ન્હોતી કે જે લાવણ્યજડિત લલનાના વદનપર હોય છે. તેના સઘળા અવયવો સુડોળ ન્હોતા; છતાં તેના દેખાવમાં સ્નેહાળતા હતી. એ સ્નેહાળતામાં પદવીનું અભિમાન પણ મીશ્રીત થયલું હતુંઃ તેના હૃદયમાં ઉદારતા અને ઉન્નતતા હતી તથા દૃઢતાની છાપ તેના ઓષ્ઠપર પડી રહેતી. તેની આંખોમાં નિશ્ચિંતતા અને નમ્રતા હતી. તેના રક્તવર્ણી વાળ પરથી પ્રથમ દૃષ્ટિએ તે વિલાસી કે ક્રોધી સ્વભાવની હોય એમ લાગે એમ હતુંઃ છતાં તેના વર્તન અને દેખાવનું પૂર્ણ અવલોકન કરતાં સઘળા વિકારો પર તે વિજય મેળવી શકી હતી તથા એક સ્ત્રી, પત્નિ અને માતાનાં ગમ્ભીર કર્ત્તવ્યોનું તેને ભાન હતું તે સ્પષ્ટ જણાઈ જતુંઃ તેણે ઉચ્ચ શિક્ષણ લીધું હતું. અને જે વિષયમાં તેનો પતિ મન્દ હતો તે વિષયમાં એટલે બુદ્ધિમતામાં તે ઘણી આગળ વધી હતીઃ પણ પતિ પરના અગાધ પ્રેમને લીધે લેડી રસેલ હમ્મેશાં પોતાના પતિના વિચારોનેજ માન આપી ચાલતી અને કદિ પણ પોતાની તીવ્ર બુદ્ધિનો ઉપયોગ કરી ઉમરાવ સાહેબના વિચારો ફેરવવાનો પ્રયાસ કરતી નહિ. પ્રેમને લીધે તેના હૃદયે લૉર્ડ રસેલના વિચારોનું આધિપત્ય સ્વીકારી લીધું હતું.

લૉર્ડ અને લેડી વીલીઅમ રસેલના ચારિત્ર્ય સંબંધી આટલી વિગત આપી અમે હવે અમારી કથા આગળ ચલાવીશું. બન્ને પતિ પત્નિ પોતાના વિશાલ મૅનશનની પાછળના રમ્ય બગીચામાં રમ્બોલ્ડની તપાસ વિષે વાત કરતાં ફરતાં હતાં. બીજા વિષયોની વાત પણ થતીઃ પરંતુ તેમની વાતચીતને મ્હોટે ભાગે કર્નલ રમ્બોલ્ડની તપાસ સાથેજ સંબંધ હતો. સરકાર પક્ષની રાજનીતિ વિષે પણ વચમાં વચમાં ટીકા થતી હતી. અમે તેમની વાતચીતનો એ ભાગ અત્રે ઉતારીશું નહિઃ પણ એટલુંજ કહીશું કે લૉર્ડ વીલીઅમ રસેલ રાજાની આપખુદીથી ઘણો ગુસ્સે થયો હતો અને તેના અન્યાયથી તે ઘણો નારાજ થયો હતો. તે ચુસ્ત પ્રોટેસ્ટંટ હતો અને જો ડયુક ઑફ યોર્ક ચાર્લ્સ બીજા પછી ઈંગ્લંડના સિંહાસન પર વિરાજશે તો તે હડહડતો કૅથોલીક હોવાથી ઈંગ્લંડનું ભાવી ભયંકર થઇ પડશે એવી તેને બ્હીક હતી. તે પોતાની પત્નિ આગળ એટલે સુધી બોલ્યો

હતો કે રાજ્યના જૂલમો, અન્યાયો અને આપખુદી હવે ઘણાં વધી ગયાં છે અને તેથી તેનો નાશ કરવા માટે ઉમરાવોએ યોગ્ય પગલાં ભરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. લેડી રસેલ હર્ષભરિત હૃદયે પોતાના પતિનું ભાષણ સાંભળી રહી. જો કોઇ બીજો અત્યારે એ વાત કરતો હોત તો તેની તીવ્ર બુદ્ધિને લીધે લેડી રસેલને તરતજ માલુમ પડી જાત કે લૉર્ડ વીલીઅમના કેટલાક વિચારોજ સારા હતા. પણ બાકીના બીજા બધામાં ઘોટાળો હતો; તથા ઉમરાવી અભિમાન પણ હતું: કેટલાક ઉદાર વિચારોની ઉદારતા તેના કુલીન અભિમાનને લીધે ઢંકાઈ જતી હતી તથા સત્તા તોડવા જતાં તે સત્તાને ઉમરાવોના હાથમાં સોંપવા માગતો હતો અને તેથી અન્તે પ્રજાને તો લાભ કરતાં હાનિજ વિશેષ હતી: પણ લેડી રાશેલ રસેલ પતિના વાક્યને બ્રહ્મવાક્ય માનવાનેજ ટેવાયલી હતી—તેનો તેના પતિ પર અમર્યાદિત પ્રેમ હતો અને એ પ્રેમની પ્રબલતાને લીધેજ તે પોતાના પતિના ભૂલભર્યા વિચારોને પણ સત્ય માનતી.

તેઓ લગભગ બે એક કલાક બગીચામાં સાથે ફર્યાં. એટલામાં મૅનશનમાંથી એક નોકર તેમના તરફ આવતો જણાયો. તે અનુચર નજીક આવી વિવેકથી નમન કરી બોલ્યો:

" આપ નામદારને મળવાની કર્નલ રમ્ઝે વિનંતી કરે છે."

" કર્નલને લાયબ્રેરીમા બેસાડો અને કહો કે હું હમણાં આવું છું " લૉર્ડ વીલીઅમ રસેલે કહ્યું.

લેડી રસેલ એક શબ્દ પણ બોલી નહિ: પણ તેણે પોતાના પતિ તરફ અશાન્ત નયને એકવાર જોયું: અને તેની એ અસ્થિર નજરમાં કંઇક એવો વિચિત્ર ભાવ ભરેલો હતો કે તેનો પતિ તે જોઇ મૌન રહી શક્યો નહિ.

" તું કેમ ડરે છે, રાશેલ ?" ઉમરાવે પુછ્યું.

"જો તમારૂં હૃદય તદ્દન શાન્ત હોય તો પછી મ્હને કંઈ બ્હીક નથી મ્હારા વ્હાલા લૉર્ડ ! " તેણે જવાબ આપ્યો.

" નહિ...મ્હારી મીઠી ! ત્હારા મગજમાં શું વિચાર આવ્યો છે તે મને કહે. તેં મને કદિ પણ કોઇ કામથી નારાજ કર્યો નથી અને તેથી જો ત્હારી ઇચ્છા વિરૂદ્ધ હું કંઇ પણ પગલું ભરૂં તો મ્હેં ભયંકર અન્યાય કરેલો ગણાય: હું સારી પેઠે જાણું છું કે તું જે કંઇ

કહેશે તે મ્હારા હિતનુંજ કહેશે કારણ કે તું મને અથાગ પ્રેમથી ચાહે છે તે હું સારી પેઠે જાણું છું...”

“ઓહ! વ્હાલા! તમે મ્હારા પર ઘણુંજ વ્હાલ રાખો છો. હું હવે ખુલ્લા દીલથી બોલીશ વ્હાલા! હું જાણું છું કે કર્નલ રમ્ઝેને તમારી સાથે લાંબા વખતથી પરિચય છે અને તેથી તે મને હું સ્મિતસહ આવકાર આપું છું: પણ હમણાં હમણાં તે અહિં વારંવાર આવતા થયા છે અને એમની એ મુલાકાતોનાં કારણો કંઈ વધુ ગમ્ભીર હોવાં જોઇએ એમ મને લાગે છે. વ્હાલા! એક મિત્રને મળવા આવવામાં અને કર્નલના આગમનમાં ઘણો ફેર છે. હું, મ્હારા વ્હાલા! તમારા ખાનગી કામોમાં માથું મારવા ચાહતી નથી પણ...”

“જરા ઉભી રહે, રાશેલ!” પોતાની પત્નિનો હાથ વ્હાલથી પકડી તે ઉમરાવ બોલ્યો.

“જેવી આજ્ઞા: મ્હારા વ્હાલા! જો કે મને તમારી બુદ્ધિ અને દીર્ઘ દૃષ્ટિ પર સમ્પૂર્ણ વિશ્વાસ છે છતાં પણ ગાઢ મિત્રો કેટલીક વાર એવી આશાઓ બતાવે છે અને તેની સફલતા માટે જાણે કંઇ પણ શક ન હોય એવી રીતે વાત કરે છે કે જેથી ઘણા નીપુણ અને દક્ષ મનુષ્યો પણ સાહસિક પગલું ભરી બેસે—”

“અને તને એમ લાગે છે કે રમ્ઝે તેવો છે?...” સ્મિત કરતો લૉર્ડ વીલીઅમ બોલ્યો.

“તું એમ ધારે છે કે અમે હમણાં રાજ્યદ્વારી કારણો સર વારંવાર ભેગા મળીએ છીએ? જો, રાશેલ! ત્હારી કલ્પના ખરી છે: પણ રમ્ઝે વિષેનો ત્હારો મત ભૂલભર્યો છે. મ્હારા પરના ત્હારા પ્રેમને લીધે તું નાહક ભય પામી રમ્ઝેના વિચારોની બરાબર તુલના કરી શકી નથી તેમ તેને વિષે મત બાંધવા પહેલાં તેં પુખ્ત વિચાર કર્યો નથી. રમ્ઝે એકવાર એક ભેજાંફાટેલ સ્વાતંત્ર્યવાદી હતો અને હજુ પણ રિપબ્લીકન પાર્ટીનો તે ચુસ્ત ભક્ત છે: પણ ઉમ્મરને લીધે—વૃદ્ધાવસ્થાને લીધે તેનું ગરમ લોહી હવે જરા ઠંડું પડયું છે અને એની નસોમાં પ્રથમ જે ઉશ્કેરાટ હતો તે હવે ઘડપણે કંઇક અંશે શાન્ત કર્યો છે. વળી હજુ તો હું તેની વાત સાંભળું છું. મ્હેં મ્હારો મત હજુ આપ્યો નથી. તેણે

અને પોતાના પક્ષની શક્તિની વાત કહી—તેના પક્ષનો ઉત્સાહ કેવો છે તે કહ્યું—આહ! રાશેલ! ફરીથી ત્હારા વદન પર અફસોસની લાગણી જણાય છે તેનું કારણ શું?—" તે શ્રીમન્ત ઉમરાવ બોલ્યો.

"મ્હને માફ કરો, મ્હારા વ્હાલા પ્રાણ!..." જાણે તે પોતાના પતિને અત્યંત વિનીત અરજ કરતી હોય તેવી રીતે તેની આંખોમાં પોતાનાં કરૂણ નયનો પરોવી બોલી.

"તેં કંઇ વાંકજ નથી કર્યો અને મને કોઇ પણ રીતે નારાજ નથી કર્યો છતાં તું શા માટે માફી માગે છે, મ્હારી મીઠી? આમ જો! આપણો વિષય ગમ્ભીર છે. કહે, મ્હને સલાહ આપ. ત્હારા વદન પર જે શોકની છાયા આવી હતી તે વખતે તને શું વિચાર આવ્યો હતો?—"

"તમે હમણાંજ મને કહ્યું, પ્રિયતમ! કે કર્નલ રમ્ઝે એક ચુસ્ત સ્વરાજ્યવાદી છેઃ પણ એડફર્ડનું ઉમરાવ કુટુંબ એ પક્ષનું નથી."

"નહિ. નથીજ. અને કદિ એ પક્ષનું થશે પણ નહિ." દૃઢ અને નિશ્ચીત સ્વરે લૉર્ડ વીલીઅમ રસેલે જવાબ આપ્યો.

"પણ તને ખબર છે, મ્હારી વ્હાલી રાશેલ! કે જે મનુષ્ય પોતાના દેશનું કંઇપણ કલ્યાણ કરવાની ઇચ્છા રાખતો હોય તેણે આકસ્મિક રીતે જે જે માણસો અને સાધનો મળી જાય તેમનો ઉપયોગ કરવો જોઇએ. રમ્ઝે અને તેના સાથીઓ મ્હારા એવાં હથિયાર રૂપ છે. તેઓ જાણે છે કે તેઓ એકલા કંઈ કરવા અશક્ત છે. તેમને શ્રીમંત, કુલીન, કીર્તિવંત પુરૂષોની સહાયની ખાસ જરૂર છેઃ અને તે તેમના કામમાં તેમની સાથે મળી કામ કરવા નહિ, તેમની આકાંક્ષાઓ પાર પડે તેવી રીતે તેમના નેતા થવા નહિ; પણ તેમના પક્ષને વ્યવસ્થિત રીતે કામ કરી શકે એવી સ્થિતિમાં મૂકવા માટે એવા માણસની સહાય તેમને મળે તોજ તેઓ કામ કરી શકે અને જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી દેશના ભલા માટે એવા કુલીન શ્રીમંતો તેમના પક્ષને ટેકો આપે......"

"પણ તમે ધારો છો, પ્રિયતમ! તમે ધારો છો કે છિન્નભિન્ન થઈ ગયલી શક્તિહીન બનેલી રિપબ્લીકનોની ટોળીના હાલના નેતાઓ રમ્ઝે ને વૉલ્કૉટ ને ફરગ્યુસન ને રમ્બોલ્ડ પોતાની માન્યતાઓ અને સ્વાર્થી હેતુઓને દૂર કરી તમારા મધ્યમ વિચારોને પસંદ કરી,

આવશ્યક સુધારાઓ કરાવવાની જે યોજના તમે તમારી બુદ્ધિના બલે શોધી કાઢશો તેને ટેકો આપશે ?—"

"જો વ્હાલી રાશેલ ! એ બાબતમાં હું ભાગ લઇશ એવો હું નિશ્ચય કરીશ—અને મને લાગે છે કે હું તેમનો પક્ષકાર થોડા સમયમાંજ બનીશ—તો મ્હારા દેશના કલ્યાણને માટે રમ્ઝે જેવા માણસોની સેવાનો લાભ લેતાં હું જરાપણ અચકીશ નહિ અને એકવાર મ્હારી ઇચ્છાનુસાર સફલતા મળવા પછી જો તેઓ શાન્તિથી તથા બુદ્ધિ પુરઃસર વિચાર કર્યા વિના તેમને પોતાને માટે અથવા પ્રજા માટે, હાલમાં જે અતિ જરૂરી અને ન ચાલી શકે એવા સુધારાઓ કરવા સિવાય વધુ હક્કોની માગણી કરશે તો તેમની માગણીનો અસ્વીકાર ઘણી સહેલાઇથી કરી શકાશે—"

"જો તમારી એવી ઇચ્છા હોય તો ભલે તમે તેમની સેવાનો એવા હેતુથી લાભ લો; મ્હારા વ્હાલા ! પણ—"

પુનઃ લેડી રસેલ અચકીઃ તે જે બોલવા માગતી હતી તે કંઇક એવા શબ્દો હતા કે જે તેના પતિને આજ્ઞા જેવા લાગેઃ તેથી તે બોલતાં કંઇક ડરી.

"હું ત્હારો મનોભાવ સ્હમજી ગયો." તેનો પતિ બોલ્યો.

"અને હું તને ખાત્રી આપું છું કે ત્હારા વિચારો આબાદ મ્હારા વિચારોને મળતાજ છે. વ્હાલી ! કુદરત જે જે માણસોને મ્હારી સહાયમાં મોકલશે તેમની સેવા જો મને આવશ્યક જણાશે તો હું સ્વીકારીશ; પણ તેઓ મ્હારાપર સત્તા ચલાવી શકે એવી સ્થિતિ હું કદિપણ આવવા દઇશ નહિ એક શાણો રાજા પોતાના દુશ્મનો સ્હામે લડવામાં પોતાના સૈન્યનો ઉપયોગ કરે છે; પોતાની સ્હામે બંડ ઉઠાવવામાં નહિ. તેની સેના સુલેહશાન્તિનું રક્ષણ કરે છે—બળવાખોરોનું નહિ. એ માણસો સ્ટુઅર્ટોના જૂલમથી એટલા બધા ત્રાસી ગયા છે કે જેનામાં શક્તિ હોય, હિમ્મત હોય અને એ જૂલમોને કચડવાની તાકાત હોય તેને દરેક સહાય કરવાને તેઓ તૈયાર છે. આહ ! રાશેલ ! ઇંગ્લંડમાં હમણાં એક એવો વીર પુરૂષ છે કે જે જો મ્હને સહાય કરવા તૈયાર થાય તો મ્હારો હેતુ જરૂર સફલ થાય—"

"તે કોણ ?"

"જનરલ ઑલિફન્ટ."

" તમે એમ ધારો છો કે જનરલ તમારા પક્ષમાં નહિ જોડાય ? "

" નહિ. મ્હારી ખાત્રી છે કે તે નહિ જોડાય. તેના વિચારો ક્રાંતિકારક સ્વરાજ્યવાદીઓ જેવા નથી; છતાં તેમના વિચારો ને તેના વિચારોમાં અતિ અલ્પ ફેર છે—"

" અને એવા વિચારનો હોવા છતાં તે રાજાની સેવા કરે છે ? "

" પણ તેણે એ સેવા એવી જગ્યાએ સ્વીકારી છે કે જ્યાં તેની હદમાં તે તદ્દન સ્વતંત્ર છે. જ્યાં સુધી બાદશાહી આપખુદીના રક્ષણ માટે અંગ્રેજ સેનાનો ઉપયોગ થાય છે ત્યાં સુધી તે તેનું સેનાનીપદ સ્વીકારે એવો માણસ નથી. ઇંગ્લાંડના શ્રીમંત ઉમરાવોનો મ્હોટો ભાગ એકતંત્રી શાસનનો પુજારી હોવાથી તેમના પર જનરલ ઑલિફન્ટની મીઠી નજર નથી; અને તેથી તેને મ્હારા પક્ષમાં લેવાનો પ્રયાસ કરવો વ્યર્થ છે. ચાર્લ્સે તેને નોકરીમાં રાખ્યો તેથી કદાચ તને અજાયબી ઉપજતી હશેઃ પણ ખરી વાત એ છે કે રાજા પોતે એ પુરૂષથી ડરે છે અને તેને દૂર કાઢવા માટેજ તેણે અત્યંત દૂર વિદેશમાં તેને વાઇસરોયની પદ્દીપર નીમ્યો છે. ચાર્લ્સ સારી રીતે જાણે છે કે જ્યાં સુધી રાજાની વિરૂદ્ધના શ્રીમંત ઉમરાવો સાથે ઑલિફન્ટ જોડાયો નથી ત્યાં સુધી તે સલામત છે; અને જનરલ પોતે તેની વિશ્વ વ્યાપી કીર્તિ તથા અસામાન્ય વીરતાના પ્રતાપે પણ હાલના સંજોગોમાં 'સ્વરાજ્ય' સ્થાપવાના પ્રયાસમાં પોતાને વિજય મળશે એમ માની લે એવો બુદ્ધિહીન નથીઃ નહિ. વ્હાલી રાશેલ ! આપણા હેતુમાં ઑલીફન્ટની સહાયતા મળી શકે એમ છેજ નહિ; અને તેથી એની મેળે મ્હારા રસ્તામાં જે જે માણસો આવે તેમનો ઉપયોગ મ્હારે કરવો જોઇએ એ તું હવે સહમજી શકશેઃ રમ્ઝે એવોજ એક માણસ છે અને હવે એ શું કામ માટે અહિં આવ્યો છે તે મને સાંભળી લેવા દે—"

" વ્હાલા ! આટલા બધા સરલ હૃદયે તમે જે ખુલાસો કર્યો તે માટે તમારો હું અત્યંત આભાર માનું છું..."

પતિપત્નિએ મૅનશનમાં પ્રવેશ કર્યોઃ લેડી રાશેલ પોતાના દિવાનખાનામાં ચાલી ગઇ અને લૉર્ડ વીલીઅમ રસેલ કર્નલ રમ્ઝેને મળવા માટે લાયબ્રેરીમાં ગયો.

પ્રકરણ ૨૩ મું.

કર્નલ રમ્ઝે.

કર્નલ રમ્ઝે અનેક નાતાલની મઝા ચાખી હવે વૃદ્ધાવસ્થાને આંગણે આવી ઉભો હતો; પણ હજુ તેનો શારિરીક બાંધો સશક્ત હતો. સ્વાતંત્ર્ય માટે થયલાં ભયંકર “સીવીલ વૉર” વખતે તે કર્નલ રમ્બોલ્ડનો મિત્ર થયો હતો અને એ મિત્રતા વૃદ્ધાવસ્થા સુધી બન્ને સૈનિકો ટકાવી રહ્યા હતા. રમ્ઝે કર્નલ રમ્બોલ્ડ જેવો નીતિવાન અને નિયમીત ન હતો. તે ગુપ્ત રીતે વિલાસને શરણે થવામાં કંઇ હાનિ જોતા નહિ; અને જો કે હજુ યુવાનીમાં જે સ્વાતંત્ર્યપ્રિયતા અને સરલતા તેનામાં હતી તેનો કેટલોક અંશ તે જાળવી શકયો હતો છતાં હવે તેનામાં નીચ સ્વાર્થે પ્રવેશ કર્યો હતો અને વર્તમાન પરિસ્થિતિમાં કંઈ પરિવર્તન કરાવી પોતાનો સ્વાર્થી હેતુ સાધવાની ઇચ્છા તેના અંતરમાં પ્રવેશી હતી. ટૂંકામાં કંઇક ક્રાંતિકારક પ્રયાસ કરી, તે દ્વારા પોતાની તિજોરી ભરવાની ઇચ્છા તે રાખતો હતો; પણ લૉર્ડ વીલીઅમ રસેલ તથા તેના બીજા મિત્રો અને પક્ષકારો સાથે જ્યારે તે વાત કરતો ત્યારે અતૂટ દેશભક્તિ અને સમ્પૂર્ણ નિઃસ્વાર્થતા સિવાય બીજી કોઇપણ જાતની ચર્ચા તેના મ્હોંમાંથી બહાર નીકળતીજ નહિ. જાણે ગરિબ પ્રજાપર અન્યાય થતો જોઇ તેનું હૃદય ચીરાઇ જતું હોય અને પગથી માથા સુધી તેનામાં ઉન્નત સ્વદેશાભિમાન ભરેલું હોય એવુંજ તેના શબ્દો પરથી જણાતું. તેનો દેખાવ કંઇક અસભ્ય, સખ્ત અને બેદરકાર હતો. ભાષા પણ એક સૈનિક જેવીજ હતી. તે ગમે તેની સ્હામે હિમ્મતથી જોઇ શકતો અને સ્થિર નયનોએ તેના તરફ ટીકી રહેતો. આવી નીડરતા તેનામાં તે સૈનિક થયો ત્યારથી આવી ગઇ હતી એટલે તેના અંતરમાં જે સ્વાર્થી હેતુ હતો અને ભાષામાં જે આડમ્બર હતો તે પર કોઇનું લક્ષ ગયું ન્હોતું.

“આહ! આપ નામદાર પધાર્યા!—” લૉર્ડ રસેલ લાયબ્રેરીમાં આવતાં વાર ઉભો થઇ કર્નલ બોલ્યો.

“આપ નામદારનો આ અતિ નમ્ર સેવક હવે કામ કરવાનો

વખત થયો છે એ વાત જણાવવા આપની પાસે આવ્યો છે—સ્હમજ્યા, મ્હારા લૉર્ડ!—"

"કયું કામ? કર્નલ રમ્ઝે!—" હમ્મેશાં સાવધાનીથી કામ લેવા ટેવાયલો ઉમરાવ બોલ્યો.

"અરે! મ્હારા સાહેબ! જ્યારે જૂલમ અને અન્યાય પોતાની મર્યાદા કૂદાવી ગયાં છે ત્યારે પણ તમે આવો સવાલ પૂછો છો? મ્હારા મિત્ર રમ્બોલ્ડની તપાસ વખતે ગઈ પરમદિને પ્રધાનો, ન્યાયાધિશ અને સરકારી ધારાશાસ્ત્રીઓએ કેવી અન્યાયી અને આપખુદ વલણ બતાવી હતી તે શું તમે સાંભળ્યું નથી, મ્હારા નામદાર! આહ! મ્હારા લૉર્ડ! કોઈપણ સત્યપ્રિય અને ન્યાયી માણસનું લોહી ક્રોધથી ગરમ થઇ જાય એવો એ બનાવ હતો, સ્હમજ્યા મ્હારા લૉર્ડ!—"

"ક્રોધપર અંકુશ રાખો, કર્નલ રમ્ઝે!—" લૉર્ડ વીલીઅમ એક આસનપર બેસી કર્નલને બેસવાની ઇસારત કરી બોલ્યો.

"હમણાંજ હું લેડી રાશેલને કહેતો તો કે તમારી નસોમાંનું રક્ત હમણાં શાન્ત થયું છે—"

"અરે મ્હારા લૉર્ડ! એ વાત ખરી છે. પણ હું મ્હારી આંખો સ્હામે જે જોઉં છું તે જોઇ પુનઃ મ્હારૂં લોહી ઉકળી આવે છે. પોતાના ભૂતકાલીન્ નીચ કૃત્યની સત્ય બીનાનો એક ન્યાયાધિશ દ્વારા જાહેર ન્યાયમંદિરમાં અસ્વીકારી કરી, હેન્રીએટ્ટા રમ્બોલ્ડના હૃદયપર વજ્રપ્રહાર કરનારૂં રાજાનું ધિક્કારપાત્ર વર્તન શું લોહી ઉકાળે એવું નથી? હજુ હેમ્પશાયરમાં ન્યુ ફૉરેસ્ટમાં એ કંગાળ ને કમનશીબ બાઇને મેં અને મ્હારા મિત્ર વૉલકૉટે પહેલવહેલી જોઇ તેને એક વરસ પણ પૂરૂં થયું નથી. આહ? મ્હારા લૉર્ડ! કેવી કંગાળ? કેવી દયાજનક હાલત? હું તે વખતે તે કોણ હતી તે જાણતો ન્હોતોઃ નહિ તો હું તેને મ્હારા અશ્વપર બેસાડી તેના ભાઇને ત્યાં લઇ જાત. મને રસ્તે ચાલવું પડત તો ચાલત. પણ અફસોસ! તે વખતે તે મ્હારા મિત્રની બહેન છે તે હું જાણતો ન્હોતો; પણ વૉલકોટ અને મ્હારી વાતચીતપરથી તેનો ભાઈ ક્યાં રહેતો હતો તે તે જાણી ગઇ અને તે બિચારી રખડતી–રઝળતી "રાઇ હાઉસ"માં તેના ભાઇ પાસે આવી—"

"ત્યારે તમે મીસ્ટ્રેસ હેન્રીએટ્ટા રમ્બોલ્ડની વાત કરો છો, ખરૂં ?–" લૉર્ડ વીલીઅમ રસલે કહ્યું.

"હાજી, તેનીજ–બીજી કોઇની નહિ; અને જંગલમાં મળેલી કંગાળ સ્ત્રી રમ્બોલ્ડની બહેનજ "બુઢ્ઢા રાઉલી"ની દુષ્ટતાનો ભોગ થઈ પડી હતી એ મ્હેં ગઈ રાતેજ જાણ્યું–"રમ્ઝેએ જવાબ આપ્યો.

આ સ્થળે કહેવાની જરૂર છે કે ચાર્લ્સ બીજાને "ઓલ્ડ રાઉલી" એવું ઉપનામ આપવામાં આવ્યું હતું.

"અને તમે ગઈ રાત્રે એ વાત કેવી રીતે જાણી ?–" લૉર્ડ વીલીઅમ રસેલે, કર્નલ સ્વાતંત્ર્યવાદી કર્નલ રમ્બોલ્ડની મુલાકાત લઇને આવેલો હોવો જોઇએ એવી શંકા કરી પૂછ્યું.

"હું ગઇ કાલે લીન્કન્સ ઇન ફીલ્ડઝમાં જનરલ ઑલીફન્ટના મૅન્શનમાં મ્હારા વ્હાલા મિત્ર રીચર્ડ રમ્બોલ્ડ જેને અમે વૃદ્ધ હેનીબલ* કહીએ છીએ તેની મુલાકાત લેવા ગયો હતો; પણ અફસોસ! પંખી પીંજરામાંથી ઉડી ગયું હતું—"

"તમે શું કહેવા માગો છો? શું રમ્બોલ્ડને ન્હાસી જવાની ફરજ પાડવામાં આવી હતી ?" લૉર્ડ રસેલે પૂછ્યું.

"નહિ. નહિ. મ્હારા લૉર્ડ! એવી દુષ્ટતા હજી વપરાઇ નથી. બુ । રાઉલી કંઇ પ્રપંચ રમી રમ્બોલ્ડ સ્હામે વેર લેશે એવું મને તો લાગે છેજ. જ્યારે હું જનરલ ઑલિફન્ટના મૅન્શનમાં ગઇ કાલે ગયો ત્યારે હેનીબલ પોતાની પત્નિ, તથા ભગિનિ સાથે "રાઉ હાઉસ"માં ચાલી ગયો હતો એવી મને ખબર મળી. અફસોસ! કાલે સુર્યાસ્ત થાય તે પહેલાં મ્હેં મ્હારા મિત્રને અભિનંદન આપવાનો નિશ્ચય કર્યો હતો એટલે હું ઘોડેસ્વાર થઇ મારતે ઘોડે હર્ટફર્ડશાપર ચાલ્યો ગયો. વૃદ્ધ હેનીબલને પુનઃ તેના ઘરમાં જોઇ મ્હને ઘણોજ આનંદ થયો. કિંગ્સઆર્મ્સમાં પણ ધામધુમ થઇ રહી હતી. બધા ખેડુતો અને નોકરો માસ્ટર શેપર્ડના ઉમદા દારૂને સંપૂર્ણ ન્યાય આપી હેનીબલની મુક્તતા માટે આનંદ પ્રદર્શિત કરી રહ્યા હતા. શેપર્ડ ઘણો ભલો માણસ છે. તે પીઠાવાળો છે છતાં એક દૃઢ સ્વરાજ્યવાદી છે–" આ સમયે કર્નલ રમ્ઝેએ સ્મિત કર્યું.

"ખરેખર ત્યાં ઉત્સવ ઉજવવામાં આવ્યો હશે..."

---

* હેનીબલ એક વીર યોદ્ધો હતો.

"ઉત્સવ મ્હારા લૉર્ડ! ખરેખર, મ્હોટો ઉત્સવ! આનંદના પોકારોથી આકાશ ગુંજી રહ્યું હતું; હેનીબલ ફક્ત થોડીજ મીનીટ લોકોમાં ભેળાયો હતો, પણ જે પલે મ્હેં તેને જોયો તેજ પલે તેના મનમાં કંઇ ખ્યાલ ઘુમતો હોવો જોઇએ એવી મ્હારી ખાત્રી થઇ ગઇ. અને અફસોસ! અફસોસ! એના મનમાં કંઈ ખ્યાલ હોવો જોઇએ. કારણ કે જાહેર ન્યાયની અદાલતમાં તેની બહેનનું જે શરમ ભર્યું અપમાન કરવામાં આવ્યું હતું તે ગૂપચૂપ સહન કરી લે એવો એ હીચકારો નથી."

"તેની બહેન તપાસ વખતે હાજર ન્હોતી?" લૉર્ડ વીલીઅમે પૂછ્યું.

"નહિ, મ્હારા લૉર્ડ! પણ તેનું નામ ત્યાં જાહેર થયું હતું—શરમભરી રીતે તે નામ જાહેર થયું હતું: પણ હવે હું વાત ટૂંકી કરીશ. વાત એમ બની કે હેનીબલ સાથે મ્હેં વાતચીત કરી. અમે બન્ને દરવાજા પરની તેની ઑફીસમાં એકલાજ હતા. એ ઑફિસને તે "રક્ષાગૃહ" કહે છે: અને મેં જેમને અત્યાર સુધીમાં મ્હારા પક્ષમાં લીધા છે તથા જેમના ઉપર હું વિશ્વાસ રાખું છું તેમના નામની એક ટીપ ચીતરી કાઢી—"

"એક ટીપ? શાને માટે?–" લૉર્ડ વીલીઅમ રસેલે પૂછ્યું.

"અફસોસ! મ્હારા ઉમરાવ મિત્ર! તમે તે કલ્પી શકતા નથી?...આહા! મ્હારા લૉર્ડ! હમણાં મ્હેં જે ઇસારો કર્યો તે પરથી તમે બધું સ્હમજી ગયા હશો. નામદાર! તમારા દેશાભિમાન માટે મને માન છે અને મ્હારી વાતચીત પરથી તમે બધું સ્હમજી ગયા હશો. દારૂખાનાંમાં દીવાસળી ફેંકી દીધા પછી ભડકો થવોજ જોઇએ—"

"ધીમે, ધીમે, કર્નલ રમ્ઝે! હું એવી અધુરી વાત પરથી મત બાંધી દેતો નથી. તમને શાન્ત અને દીર્ઘ દર્શી કહેવામાં મ્હેં એક રીતે લેડી રાશેલ આગળ ભૂલ કરી હતી...પણ બોલો, મ્હારા મિત્ર! તમે શું કહેવા માગો છો? તમારો હેતુ શું છે?"

"અફસોસ! મ્હારા લૉર્ડ! મ્હારે બધી વાત ખુલ્લા શબ્દોમાં કહેવી પડશે. પણ કંઇ નહિ. હું જલદીથી વાત પૂરી કરીશ. વૃદ્ધ હેનીબલ અનેક કારણોસર અમુક પગલાં ભરવા માગે છે અને તેમાં

તેનો નિશ્ચય કોઇ ડગાવી શકે એમ નથી. તે એક કાંકરે બે પક્ષી મારવા માગે છે. તે વૃદ્ધ રાઉલીની બુદ્ધિ ઠેકાણે લાવવાની ઇચ્છા રાખે છે. હજુ પણ વધુ સ્પષ્ટ ખુલાસાની આપ નામદાર આશા રાખતા હો એમ મને લાગે છે. ઠીક ત્યારે. સાંભળો! આપ નામદારનો આ અતિ નમ્ર સેવક કદિ પણ ખોટી વાત કરતો નથી હું જાણું છું કે હું એક માનવંત અને ઉન્નતહૃદયી મિત્ર આગળ વાત કરૂં છું. ઠીક ત્યારે, મ્હારા લૉર્ડ! વાત એમ છે કે, ગમે તે થવાનું હોય તે થાય—તેની પરવા કર્યા વિના બુઢા રાઉલીએ હેન્રી એડ્ડાના પુત્રનું શું કર્યું તે તેની પાસે કબૂલાવવાનો હેનીબલે નિશ્ચય કર્યો છે. અને હવે આપ નામદાર સ્હમજી શકશો કે પોતાની બહેનને માટે જે કામ એ હાથમાં લે છે તે વખતે પોતાના દેશના કલ્યાણને પણ એ ભૂલી જશે નહિ—"

લૉર્ડ વીલીઅમ રસેલ કંઇ પણ બોલ્યો નહિઃ પણ તેના દેખાવ પરથી તે હજુ પણ સ્પષ્ટ ખુલાસાની જરૂર જુએ છે એમ કર્નલ રમ્ઝે સ્હમજી ગયો.

"હવે મ્હારે થોડુંજ કહેવાનું છે." કર્નલે આગળ ચલાવ્યું.

"આપ નામદારની સહાય વિના યા સહાયથી હવે કંઇ પણ કરવાના નિશ્ચય પર અમે બધા આવી ચૂક્યા છીએ. આવતી કાલે રાત્રે "રાઇહાઉસ" માં અમારા પક્ષકારોની એક સભા મળશે. મ્હેં રમ્બોલ્ડને બધાને ખબર આપવાનું વચન આપ્યું છેઃ અને બધા સભામાં હાજર રહેશે એ નિઃસંદેહ છે. હજુ જો કે કંઈ નિશ્ચય પર અમે આવ્યા નથી પણ વૃદ્ધ હેનીબલના મગજમાં કંઈ પ્લાન છે તે ચોક્કસ છે. તેણે મને ગઇ રાત્રે એ વિષે ખુલાસો કર્યો ન હતો. કદાચ આવતી કાલે સઘળા મિત્રો સમક્ષ એ યુક્તિ પર વિચાર ચલાવી, તે પર ચર્ચા કરવાની તેની ઇચ્છા હશેઃ હવે મ્હારા લૉર્ડ! બોલો! આવતી કાલે મ્હારા મિત્રોને તમારા તરફથી મ્હારે શું કહેવું?—"

"આ ગુપ્ત બીનાથી જનરલ ઑલીફન્ટ પરિચિત છે?—" ગમ્ભીર વિચાર કરી રસેલે પુછ્યું.

"નહિ. મ્હારા લૉર્ડ! ગઇ રાત્રે રમ્બોલ્ડના કહેવા પરથી મને માલુમ પડ્યું કે જનરલ ઑલીફન્ટે હેનીબલને જતી વખતે તદ્દન શાન્ત રહેવાની અને તેના ધંધા સિવાય બીજી કોઇ પણ બાબતમાં

માથું ન મારવાની મજબૂત ભલામણ કરી હતી. નહિ. ઑલીફન્ટ અમારા પક્ષમાં નથી. તેને એ વિષે ઝાંખી શંકા પણ નથી. સર લૉરેન્સ લી પણ એ વિષે કંઇ જાણુતા નથી. પણ નામદાર! હવે તમારો શું વિચાર છે?—"

કેટલીય મીનીટ સુધી લૉર્ડ રસેલ વિચારમાં ડૂબી ગયો અને પુખ્ત વિચાર કર્યા પછી તેણે કર્નલને કહ્યું.

"કર્નલ રમ્ઝે! આજે રાત્રે નવ વાગે મ્હારી પાસે આવજો. તે વખતે વિચાર કરીને હું તમારા સવાલનો જવાબ આપી શકીશ—"

"બહુ સારૂં. મ્હારા લૉર્ડ!—ભલે, રાત્રે જવાબ આપજોઃ પણ મ્હારા નામદાર! જો આપ અમારા નેતા થશો તો તમે જોઇ શકશો કે અમારો એકે એક પક્ષકાર વફાદાર છે અને અમે સર્વે અન્ત સુધી તમને વળગી રહીશું. જો કે અમે સૈનિક હોવાથી કંઇક કડક અને અસભ્ય છીએ તો પણ અમારામાં વિચાર કરવાની શક્તિ છે. હા, મ્હારા લૉર્ડ! અમે વિચાર કર્યા વિના સાહસ ખેડીએ એવા ઉલ્લુ નથી—"

આટલું કહી ટેબલ પર પડેલું એક દારૂનું પ્યાલું ખાલી કરી, તાજો થઇ કર્નલ રમ્ઝેએ નવ વાગે આવવાનું કહી લૉર્ડ વીલીઅમ રસેલની રજા લીધી.

લૉર્ડ વીલીઅમ રસેલ કર્નલ જવા પછી તરતજ પોતાની પત્નિ પાસે ગયો અને તેને કર્નલ સાથે થયલી બધી વાતચીત કહી સંભળાવી. તેણે પોતાની પત્નિને કહ્યું કે તેણે પૂર્વે ધાર્યું હતું તેમ હવે એવો સમય આવી પહોંચ્યો છે કે જ્યારે તેણે કંઇ પણ નિશ્ચય પર આવવું જોઇએ. તે વિના અથવા તેની સાથે ગમે તેમ—પણ કંઇ રાજ્ય વિરૂદ્ધ પ્રપંચ થવાનોજ. તે જો વિદ્રોહીઓનો સહાયક ન બને તો પણ તે તેમનો પ્રપંચ પ્રકટ કરી તેમનો વિશ્વાસઘાત કરવાની હિમ્મત કરી શકશે નહિ. વળી બીજી બાજુ પર આવા ભેજાં ફાટેલ વિદ્રોહીઓને સ્વતંત્ર રીતે કાવત્રાં રચવા દેવા એ ખ્યાલથી પણ તે ગભરાયો. વિદ્રોહીઓને યોગ્ય રસ્તે દોરવા અને તેઓ આવેશમાં ને આવેશમાં કંઈ નવનું તેર ન કરી બેસે તેમાંથી તેમને બચાવવા માટે તેણે તેમનું નેતૃત્વ સ્વીકારવાની ખાસ આવશ્યકતા છે એવો લૉર્ડ વીલીઅમ રસેલનો મત હતો વળી તેનામાં એક મહત્વાકાંક્ષા પણ જન્મી હતી. સ્વતંત્રતા માટેના પ્રયાસમાં તેનું નેતૃત્વ ન હોય એ ખ્યાલજ તે સહન કરી શક્યો નહિ. છતાં તે કોઇપણ જાતના

સ્વાર્થથી એ કામમાં હાથ નાખે છે એ વાત તે સ્વીકારી શકતો નહિ.

"હવે મ્હારી વ્હાલી રાશેલ !..." આ બધી વાત કરી રહ્યા પછી લૉર્ડ વીલીઅમ રસેલે પોતાની પત્નિને પૂછયું. લેડી રાશેલ પોતાની હમ્મેશની શાન્ત–નમ્ર રીત પ્રમાણે ગુપચુપ પતિની વાત સાંભળી રહી હતી.

"હવે વખત આવી પહોંચ્યો છે કે જ્યારે કાં તો મ્હારે એક પગલું આગળ વધવું અથવા મ્હારા પૂર્વ ચરિત પર પાણી ફેરવી દેવું. પણ તું ગભરાતી નહિ. હું કંઈ પણ કામ ઉદ્ધતાઈથી કે ઉતાવળથી કરવાનો નથી. કોઇ પણ પ્રપંચની કે વિદ્રોહની લાગણી પ્રજામાં ઉત્પન્ન નહિ થાય તેમ કરવાનું રાજાના હાથમાંજ છે. હું તેમને વિદ્રોહીઓને સંતોષ મળે તેવી રીતે વર્તવાની અરજ કરીશ અને જો તે મને સંતોષજનક જવાબ આપશે તો તો પછી એવો વિદ્રોહી પ્રપંચ કરવો અનાવશ્યક છે એટલુંજ નહિ પણ તે એક રાજ્યદ્વારી ગુનાહ સમાન્ છે. હું રાજાને ઠેકાણે લાવવાને એટલે તેની ન્યાય બુદ્ધિ જાગ્રત કરવાને એક છેલ્લો પ્રયાસ કરીશ અને એ ઇરાદાથીજ મ્હેં રમ્ઝેને આજે રાત્રે જવાબ આપવાનું કહ્યું છે. હું પોતે રાજા પાસે જઇશ અને હાલની રાજનીતિ સ્હામે વધતી જતી પ્રજાની કડવી લાગણીથી તેને વિનયથી પણ નીડરતાથી પરિચિત કરીશ–હું તેને લોકોને ન્યાય આપવાની વિનંતી કરીશ અને તેમ કરી ભાવી ભય નાબુદ કરવાની સલાહ આપીશ—"

લેડી રસેલ આ વાત સાંભળી ઘણો આનંદ પામી અને તેણે પોતાના પતિની યુક્તિ પસંદ કરી. લૉર્ડ વીલીઅમ ઈંગ્લંડના મુકુટ ધરની મુલાકાત લેવા જવા માટે યોગ્ય પોષાકમાં સજ્જ થયો અને વ્હાઇટ હૉલ પૅલેસ તરફ કોઈ પણ જાતના ઉમરાવી દબદબા વિના ચાલતો થયો.

બપોરે બે વાગવાનો સમય થયો હતો અને ચાર્લ્સ ડચેસ ઑફ પોર્ટ્સમથ સાથે પોતાના ખાસ ઓરડામાં બેઠો હતો. તે બન્ને એકલાંજ સાથે બેઠાં હતાં એવામાં એક અનુચરે અંદર આવી લૉર્ડ વીલીઅમ રસેલ અતિ માનપુર્વક મહારાજાને મળવાની અરજ કરે છે એવી ખબર આપી.

"હત્તારીની! આ ઉમરાવ સાહેબ જે લગભગ અરધો રાજદ્રોહી

છે તે વળી હમણાં મ્હારી મુલાકાતે આવ્યો–" અણગમાની લાગણીથી રાજા બોલ્યો.

"અને આપ નામદાર તેને એમને એમ પાછો વાળશો એવી મ્હારી ખાત્રી છે. એ માણસે આપ નામદારના ગાઢ મિત્રોને બદનામ કરવાની જે નિર્લજતા બતાવી છે તે જોઇ હું આશ્ચર્ય પામું છું—"

"અને મ્હારી વ્હાલી લુઈ! સૌથી વધુ તને એણે બદનામ કરી છે–" રાજાએ લુઈના કાનમાં કહ્યું.

"તમે જાણો છો, વ્હાલા ચાર્લ્સ !—" હજુ નોકર રાજાની આજ્ઞાની રાહ જોતો ત્યાંજ ઉભેલો હોવાથી લુઇ તે ન સાંભળી શકે એવા મન્દ સ્વરે બોલી.

"વસ્તુસ્થિતિ એવી છે કે, તમારા મ્હારા પરના અસામાન્ય પ્રેમને લીધે લોકો મ્હારે માટે ઘણી સખત ભાષા વાપરે છે અને જો કે ખરૂં જોતાં તો એ લોકો તમારીજ નીંદા કરવા ચાહે છે: પરંતુ તેમ કરવાની હિમ્મત નહિ ચાલવાથી તેઓ મ્હારી નીંદા કરી પોતાના હૃદયનો ઉભરો શાન્ત કરે છે. વળી જેના તરફ તમારી મીઠી નજર હોય તેને સામાન્ય રીતે બધાજ લોકો ધિક્કારતા શીખે છે અને મ્હારા પર તમારો અસીમ સ્નેહ હોવાથી તથા હું તમારી વફાદાર મિત્ર હોવાથી નીંદાખોરોની લૂલી હમ્મેશાં મ્હારીજ કુથલી કર્યા કરે છે. લૉર્ડ વીલીઅમ રસેલે સભ્યતા ભૂલી જઇને એક વખત મ્હારે માટે જે અમર્યાદિત ભાષા વાપરી હતી તે તમે ભૂલી તો નજ ગયા હો, ચાર્લ્સ !—"

"આહ ! એ મને ખબર છે–પણ ધાર–લુઇ ! ધારી લે કે કદાચ એ ઉમરાવ પોતાની ઉદ્ધતાઇથી પસ્તાઇ ભય પામી આપણે ચરણે પડી આપણી ક્ષમા માગવા અત્રે આવ્યો હોય તો ? અહા ! લુઇ ! જો ખરેખર, એમ હોય તો તો એને ચરણે નમેલો જોવાની બહુ મઝા પડશે. વળી જો બેડફર્ડ કુટુંબનો વર્તમાન વારસ એવી રીતે આપણી ક્ષમા યાચી આપણો પક્ષકાર થાય તો લુઇ ! એ આપણને ઘણોજ ઉપયોગી થઇ પડે. બોલ, હવે, શું કહે છે ? એને અહિં આવવા દઉં ?—"

"એમ કરવામાં કંઇ હાનિ નથી." ડચેસ ઑફ પોર્ટ્સમથે પ્રત્યુત્તર આપ્યો.

"જો એ ઉમરાવનો હેતુ તમે ધારો છો તેવોજ હોય તો તો

સોના કરતાં પીળું ! જો એમ હોય તો ખાસ કરીને એણે મ્હારી ક્ષમા માગવી પડશેઃ કારણ કે તેણે ઘણીવાર મ્હારે માટે અપમાન ભરી ભાષા વાપરવાની શેખી કરી છે અને તેની એવી બેઅદબી માટે તેણે મ્હારી આગળ નમ્રતા બતાવવીજ પડશે પણ જો તેના આગમનનું કંઇ બીજું કારણ હોય તો તરતા તરત એને અહિંથી હાંકી ક્હાડશો તો મને તે જોવાની ઘણી મઝા પડશે."

"ઠીક...જા–લૉર્ડ વીલીઅમ રસેલને અહિં લઇ આવ–" રાજાએ નોકર તરફ જોઇ કહ્યું. નોકર નમન કરી ત્યાંથી ચાલ્યો ગયો.

થોડીક મિનિટમાં રાજાના ઓરડાનું દ્વાર પુનઃ ઉઘડ્યું અને લૉર્ડ વીલીઅમ રસેલે તેમાં પ્રવેશ કર્યો. એટલા સમયમાં રાજાએ ડચેસની ખુરશીથી પોતાની ખુરશી દૂર ખેંચી લીધી હતીઃ અને હમણાં બન્ને જાણે મિત્રો હોય અને વાત કરવા બેઠાં હોય એવો દેખાવ કરી રાજા અને લુઇ બેઠાં હતાંઃ લુઇ ચાર્લ્સની પ્રિયતમા હતી એ બીના સુપ્રસિદ્ધ હતીઃ પણ ચાર્લ્સ સમાજભયને ઘોળીને પી જવાની હિમ્મત કરી શકતો ન્હોતો એટલે તેણે લૉર્ડ વીલીઅમ રસેલ આવે તે પહેલાં પોતાની ખુરશી દૂર ખસેડી દીધી. લૉર્ડ વીલીઅમ ગમ્ભીર વદને રાજાના ઓરડામાં દાખલ થયો અને શાન્તિથી પણ વિનયથી રાજાને તેણે નમન કર્યુંઃ પણ ડચેસ ઑફ પોર્ટ્સમથ તરફ તેણે નજર ફેંકવાની તસ્દી લીધી નહિ. આ ઉમરાવ તેને નમન પણ નહિ કરશે એવું લુઇ ધારતી ન્હોતીઃ પણ જ્યારે વીલીઅમ રસેલે તેની જરા પણ પરવા ન કરી ત્યારે તેણે ઓઠ કરડ્યો. બીજીજ પલે તેણે તે ઉમરાવ તરફ એક તિરસ્કારપૂર્ણ દૃષ્ટિ ફેંકી અને પછી તેનું લૉર્ડ વીલીઅમ રસેલે જે અપમાન કર્યું હતું તેનું ચાર્લ્સને ભાન કરાવવા માટે લુઇએ તેના તરફ નજર ફેરવી.

"આ શું કહેવાય, મ્હારા લૉર્ડ ? તમે જોતા નથી કે અહિંયા એક સન્નારી બેઠાં છે–" રાજા અભાવ દર્શક સ્વરે બોલ્યો.

"હું આપ નામદારને એકલાને મળવાની ઇચ્છા રાખતો હતો." ઉમરાવે નિશ્ચિત સ્વરે વિનયથી કહ્યું.

"એકલા ! એકાન્તમાં ! નહિ. મ્હારા લૉર્ડ ! નહિઃ જે જગ્યાએ રાજ્ય ભક્તિ અને રાજ્ય પ્રેમ ઉભરાઇ જવાં જોઇએ ત્યાં જ્યારે વિદ્રોહ, કપટ અને પ્રપંચની આગ લાગેલી જણાય છે ત્યારે હું કોઇને એકાન્તમાં મળું ? જુઓ, મ્હારા લૉર્ડ ! મેલાજ સોફા પર

થોડાક મહિના પૂર્વે ખૂન—"

"આપ નામદાર ક્યા દુઃખદાયક બનાવ સંબંધી ઇસારો કરો છો તે હું સારી પેઠે જાણું છું.

"હવે એક પણ વધતો ઓછો બોલ બોલ્યા વિના મને કહો કે તમે શા માટે આવ્યા છો?—" રાજા બોલ્યો.

"આ સ્ત્રીની હાજરીમાં હું બોલું?—"

"આ સ્ત્રી!—" ચાર્લ્સ ગુસ્સે થઇ બોલ્યો. ત્યાર પછી પોતાના સ્વરમાં પ્રખરતા લાવી તે બોલ્યો.

"હું ધારૂં છું કે હમણાં જે સ્ત્રી સમક્ષ ઉભા રહેવાનું તમને માન મળ્યું છે તે માનવંતાં ડચેસ ઑફ્ પોર્ટસ્મથ છે એ તમે સારી રીતે જાણો છો: કારણ કે જાહેર ભાષણોમાં અનેક વાર તમે એમની નીંદા કરી છે અને તમારા મિત્રો આગળ પણ તમે એમના પર અનેક આરોપો મૂકી તમારી લાયકાત બતાવી દીધી છે—"

"હું જાણું છું, નામદાર! કે આ સ્ત્રી ડચેસ ઑફ્ પોર્ટસ્મથ છે; પણ આપ નામદારે મને એકાન્તમાં મળવાની કૃપા કરવી એવી હું વિનન્તી કરૂં છું—"

"બસ કરો મ્હારા લૉર્ડ!..." ચાર્લ્સ પોતાના આસન પરથી ઉભો થઇ, ટેબલપર એક હાથ મૂકી બીજે હાથે તલવારની મૂઠ સાથે રમત કરતો ક્રોધિત સ્વરે બોલ્યો.

"મને લાગે છે કે તમે માનવંતાં ડચેસનું જાણી જોઇને અપમાન કરો છો—તમે તેની નીચ પ્રકારની નીંદા કરી તેને હલકી પાડવા માગો છો—"

"નામદાર! આ સ્ત્રી પોતાનાં કર્ત્તવ્યોથી જાહેર પ્રજાનું જે રીતે અપમાન કરે છે તેના કરતાં હું તેનું વિશેષ અપમાન કરતો નથી; અને જગતની નજરે તેણી પોતાનાં કામોથી જેટલી હલકી પડી છે તેથી મ્હારા શબ્દો અથવા મ્હારા કામથી તેણીની વધુ નીંદા થઇ શકે એ શકયજ નથી—"

"તમે શું બકો છો, મ્હારા લૉર્ડ! તમે આવી ભાષા વાપરવાની હિમ્મત કરો છો?..." ક્રોધથી લાલ થઇ ચાર્લ્સ બરાડયો.

"ઉમરાવ સાહેબને એમના હીણકારા હૃદયને યોગ્ય લાગતી નીચ ભાષા વાપરવા દો—" ધીમેથી રાજાના હાથપર પોતાનો હાથ મૂકી લુઇ દે કેરલ બોલી.

"જે પુરૂષ આવી રીતે એક સ્ત્રીનું અપમાન કરે છે તેનું હૃદય નીચ અને હીચકારૂં જ હોવું જોઈએ અને લોકોમાં તે રાજ-દ્રોહી છે, પ્રપંચી છે, તથા એવા અનેક નીચ ષડ્યંત્રોનો ચાલક છે એવી જે ગપ ચાલે છે ને સાંભળી હવે હું અજબ થતી નથી—"

"બેડફર્ડ વંશનો વારસ ડચેસ ઑફ પોર્ટસ્મથ પાસે તેના ચારિત્ર્ય સંબંધી મત માગતો નથી અને એવા મતની તે પરવા પણ કરતો નથી..." અભિમાની સ્વરે લૉર્ડ વીલીઅમ રસેલે કહ્યું. અને તે પછી રાજા તરફ ફરી તે બોલ્યો.

"હું આપ નામદારને અત્યંત નમ્રતાપૂર્વક મ્હારી સાથે ખાન-ગીમાં કેટલીક મિનિટ વાત કરવાની અરજ કરૂં છું. હું જો મ્હારા રાજકર્તા મ્હારી શુભ લાગણીની કદર કરે તો તેમની સેવા કરવાને ઘણો આતુર છું. આપણું પ્રાચીન રાજકિય બંધારણ ખામી ભર્યું છે. આપણા પૂર્વજોએ સ્થાપન કરેલાં વિદ્યાલયો અને ધર્મમન્દિરોમાં પણ યોગ્ય અને સમયાનુસાર ફેરફાર કરવાની જરૂર છે. આપણા કાયદા-ઓનો અમલ હાલમાં અન્યાયી રીતે થાય છે. હું હમણાં આપ નામદારની સેવામાં એટલા માટે હાજર થયો છું કે જો આપ નામદાર કૃપા કરીને થોડીક મિનિટ મ્હારી વાત સાંભળવાનો શ્રમ લેશો તો—"

"આહ! આ ઉમરાવ સાહેબ તો તમને એક લાંબું ધાર્મિક વ્યાખ્યાન સંભળાવવા પધાર્યા છે—" લુઇ દે કરલ એક ધિક્કાર દર્શક સ્મિત કરી બોલી.

"બહુ થયું હવે, મ્હારા લૉર્ડ!" રાજા અત્યંત ક્રોધિત થઈ બોલ્યો.

"હું તમારી સલાહ સાંભળવા માગતો નથી. આ સ્થલ જલદી છોડી જવાની હું તમને આજ્ઞા કરૂં છું અને જો તમે હઠીલા થશો તો મ્હારા રાજમહેલના નોકરોને તમને અહિંથી ધક્કા મારી બહાર કહાડવાની મ્હારે આજ્ઞા કરવી પડશે—"

"આપ નામદારની આજ્ઞા જે અભિલાષાથી હું અત્રે આવ્યો હતો તે પર પ્રચંડ પ્રહાર કરે છે—" પોતાની શાન્ત પ્રકૃતિ અનુસાર શાન્તિ જાળવી લૉર્ડ વીલીઅમ રસેલ બોલ્યો અને તરત જ રાજાને નમન કરી તે દ્વાર તરફ ફર્યો. તે જ્યારે બહાર નીકળ્યો ત્યારે લુઇ તથા રાજાના ધિક્કારદર્શક હાસ્યનો ધ્વનિ તેને કાને સંભળાયો.

કર્નલ રમ્ઝે "સધમ્પટન હાઉસ" માં લૉર્ડ વીલીયમ રસેલને મળવા નવ વાગે આવ્યો ત્યારે તે ઉમરાવે તેને કહ્યું:

"આવતી કાલે રાત્રે તમારા મિત્રોને કહેજો કે જ્યાં સુધી ન્યાય, ડહાપણ, નીતિ અને પવિત્રતાની હદમાં રહીને તમે તમારાં કાર્યો કર્યાં જશો ત્યાં સુધી હું તમારાં કૃત્યો તરફ સહાનુભૂતિ બતાવીશ—"

પ્રકરણ ૨૪ મું.

વિદ્રોહીઓ.

આ નવલકથાના પ્રથમ ભાગમાં પ્રથમ પ્રકરણમાં કર્નલ રમ્બોલ્ડના નિવાસસ્થાન "રાઇ હાઉસ" દુર્ગનું સવિસ્તર વર્ણન કરતી વખતે અમે જણાવી ગયા છીએ કે, આ પ્રાચીન કિલ્લાના "ગેટ હાઉસ" માંના એક ઓરડાને "રક્ષાગૃહ" કહેવામાં આવતો હતો અને હાલમાં તે કર્નલની ઑફિસ તરિકે વપરાતો હતો. કર્નલને ધંધાર્થે અથવા કંઇ ખાનગી કામ માટે મળવા આવનારા વ્યાપારીઓ તથા મિત્રોની મુલાકાત તે તેની ઑફિસમાં જ લેતો. આ ઑફિસ સારી રીતે શણગારેલી હતી અને બારીઓ પર પરદા ટાંગેલા હતા. તેમાં દાખલ થવાના બે રસ્તા હતા. "ગેટ વે" માંની પરશાળમાંના ગોળાકાર દાદરમાંથી ઑફિસમાં અવાતું અને એક બીજા દ્વારમાંથી કર્નલના નિવાસગૃહમાં જવાના રસ્તા તરફ જવાતું હતું.

ગયાં બે પ્રકરણોમાં વર્ણવેલા બનાવ બની ગયા પછી બીજે દિવસે સ્હાંજે આઠ વાગ્યા પછી તરત જ કર્નલ રમ્બોલ્ડ પોતાની પત્નિ તથા બહેન સાથે જે દિવાનખાનામાં બેઠો હતો તે છોડી પોતાની ઑફિસમાં (રક્ષાગૃહમાં) આવ્યો કે જ્યાં ફીલીપ—તેનો નોકર ખુરશીઓ તથા બેંચો ગોળાકાર ગોઠવી રહ્યો હતો. કર્નલની ઑફિસમાં આજે એક સભા મળવાની હતી તેની ફીલીપ વ્યવસ્થા કરી રહ્યો હતો. એક લૅમ્પ ટેબલ પર સળગતો હતો. બારી પર પરદાઓ બરાબર ટાંગી દેવામાં આવ્યા હતા: અને હજુ ઋતુ શીત હોવાથી તથા માર્ચ મહિનાના ત્રીજા અઠવાડિયાની હમણા જ શરૂઆત થયલી હોવાથી એક ચીમનીમાં દેવતા સળગાવવામાં આવ્યો હતો અને તેની

ઉષ્ણતાથી ઓરડાની શીતલતા નષ્ટ થઇ વાતાવરણ હુંફાળું થતું હતું. કર્નલ રમ્બોલ્ડ સભાસદોની બેઠકને લગતી ફીલીપે કરેલી વ્યવસ્થા જોઇ સંતોષ પામ્યો. તેના વદન પર હમણાં સખ્તાઇ અને અડગ નિશ્ચય છવાયાં હતાં. તેણે પોતાના ઘરમાં જે બારણા દ્વારા જવાતું હતું તે દ્વાર બંધ કરી તેને તાળું દીધું. તે પછી તેણે ફીલીપને કહ્યું.

"ફીલીપ! નીચે "ગેટ વે" માં જઈ બેસ; અને આપણા મિત્રો આવે તેમને "ભમરિયા દાદર" પરથી ઉપર આવવાનું કહેજે."

"પણ સાહેબ!..." ફીલીપ જે કર્નલ રમ્બોલ્ડનો વિશ્વાસુ નોકર હતો અને જે કર્નલની કેટલીક ખાનગી વાત જાણતો હતો તે બોલ્યો:

"હમણાં જે ગુપ્ત કામ આપણા હાથમાં છે તે માટે આવનારા મિત્રોને મારે શી રીતે ઓળખવા? તમારી મુક્તતા માટે તમને અભિનંદન આપવા, વ્યાપારી કામ માટે અને આજના ખાનગી કામ માટે જે જે માણસો આવે તેમાંથી મ્હારે આ સભામાં કોને આવવા દેવા?—"

"જેને આ ગુપ્ત સભામાં આવવાનું આમંત્રણ થયું છે તે ત્હારા કાનમાં સંકેત રૂપ "હનીબલ" શબ્દ કહેશે. કર્નલ રમ્બોના બુદ્ધિવાન મગજે એ શબ્દ શોધી કાઢયો હતો: હવે તું કોને દાખલ કરવા તે બરાબર સમજી શકીશ ને?—"

"હાજી."

ફીલીપ તે ઓરડામાંથી ચાલી જતો હતો એટલામાં કર્નલ રમ્બોલ્ડને કંઈ કહેવાનું રહી ગયું હોય એમ લાગ્યું તેથી તેણે તેને ઉભો રાખી કહ્યું:

"ફીલીપ! જો જે! ધ્યાનમાં રાખજે કે ઘરમાં સ્ત્રીઓ, નોકરો અને મ્હારા અન્ય અનુચરો સઘળાંને એમજ સમજાવવાનું છે કે. આ સભા મ્હારી મુક્તતા માટે ઉત્સવ કરવા માટે જ ભેગી થઈ છે—"

"મ્હેં ક્યારની એવી વાત કરી દીધી છે: અને બાહ્ય દેખાવ માટે જે દારૂની બાટલીઓ તથા પ્યાલીઓ હું અત્રે લઇ આવ્યો હતો તે બધી મ્હેં "કપ બોર્ડ" માં સંતાડી દીધી છે—" ફીલીપ બોલ્યો.

"ઠીક..." કર્નલ બોલ્યો અને તે પછી ફીલીપ તે ઓરડામાંથી બહાર નીકળી ગયો.

કર્નલ મનમાં બબડ્યો.

"આજે પુખ્ત વિચાર થઇ રહે ત્યાં સુધી કોઇને ગળે દારૂનું એક ટીપું પણ ઉતરવું ન જોઇએઃ નહિ તો રમ્બો, ગુડીનો, બાર્બર તથા બીજા એક બે એવા વાટી પરના નંગ છે કે શરાબની લહેજત ચાખી એકદમ સંગિતનો લ્હાવો ચાખવા તૈયાર થઇ જશે અને આજનું અગત્યનું કામ એમનું એમ વા ખાતું પડી રહેશેઃ માટે તેમને કામ પૂર્ણ થાય ત્યાં સુધી શરાબના દર્શન જ થવા જોઇએ નહિ—"

રમ્બોલ્ડ ઓરડામાં આમથી તેમ આંટા મારવા લાગ્યો. પણ તેનાં પગલાં આજે અસ્થિર ન્હોતાં. તેના વદન પર સખ્ત શાન્તિ, અતૂટ નિશ્ચય અને અડગ હિમ્મત છવાયાં હતાં. કોઇ પણ કામ કરવાના નિશ્ચય પર આવ્યા પછી તેને એક પવિત્ર કર્ત્તવ્ય જેવું તે માનતો અને તેને તજી દેવામાં ગમ્ભીર પાપ સહમજતો. એક વખત તેનો નિશ્ચય સ્થિર થયા પછી તે તોડાવવાની શક્તિ કોઇનામાં હતી જ નહિ. તેના ચારિત્ર્યની આ ખાસ નોંધવા જેવી સ્થિતિ હતી. જનરલ ઑલિફન્ટ જેવા પરાક્રમી અને ઉદાર મિત્રની સલાહનો પણ તેણે આ સમયે અનાદર કર્યોઃ વાંચનારને યાદ હશે કે નીધર હોલમાંથી રૂથ અને હેન્રીએટ્ટાને મુક્ત કર્યા પછી જનરલ ઑલિફન્ટે કર્નલ રમ્બોલ્ડને ઇંગ્લંડમાં કોઇ પણ જાતની રાજદ્વારી ક્રાન્તિ કરાવવાનો પ્રયત્ન ન કરવાની સલાહ આપી હતી અને જનરલની દલીલો મજબૂત હતી, તેના વિચારો પુખ્ત હતા અને તેની બુદ્ધિ દીર્ઘદર્શી હતી છતાં પણ કર્નલ ચાર્લ્સ બીજાના કલંકિત ચારિત્ર્ય સ્હામે એટલો બધો ગુસ્સે થયો હતો, તેને ચાર્લ્સના નીચ વર્તનથી એવી અસહ્ય માનસિક યાતના સહેવી પડી હતી, તેની વ્હાલી ભગિનિના નિર્દોષ જીવનને વિલાસી ચાર્લ્સે એવી નિર્દયતાથી કંગાળ બનાવ્યું હતું કે કર્નલે પોતાના મનને શાન્ત રાખવાના અનેક શક્ય પ્રયાસો કરી જોયા પણ તેમાં તેને વિજય મળ્યો નહિ.

કર્નલ રમ્બોલ્ડ એક શૂરવીર સૈનિક હતો અને તેની અસામાન્ય હિમ્મતને લીધે ગમે તેવાં પ્રાણહારક સાહસો ખેડવાને શક્તિવાન હતો. તેના જીવની તો તેને દરકારજ ન્હોતી. જ્યારે કોઇ કર્ત્તવ્ય કરવાને તે કર્મ ભૂમિમાં બહાર પડતો ત્યારે ફક્ત કર્ત્તવ્યનુંજ તેને સ્મરણ થતું. તે વેળાએ જગતની કોઈ પણ જાદુઇ શક્તિ કે કોઇ પણ મોહ

ભરી માયા તેને તેના કર્મક્ષેત્રમાંથી ખસેડી શકતી નહિ. તેણે પોતાના કુટુંબ પર દૃષ્ટિ ફેંકી તો તેમાં સ્ટુઅર્ટ રાજવંશના વર્તમાન વારસના જુલમ, અન્યાય અને ક્રૂરતાથી કંગાળ–દુઃખી જીવન ગાળતી પોતાની વ્હાલી બહેન હેન્રી એટ્ટા નજરે પડી. રૂથ–તેની વ્હાલી કન્યકાને પણ સર વિલિયમ બ્રાન્ડ સાથે પરણાવી સદાની દુઃખી બનાવવા ચાર્લ્સ તૈયાર થયો હતો એ વાતની પણ તેને આ સ્થળે સ્મૃતિ થઈ. ટાવરમાં જ્યારે તેને કેદ કરવામાં આવ્યો હતો ત્યારે પોતાના દેશ બન્ધુઓ જે આપખુદ સત્તાની ચક્કીમાં પીસાઇ જતા હતા તે પર વિચાર કરવાની તેને ફૂરસદ મળી હતી અને તેમાં તેને જણાયું હતું કે એકતંત્રી શાસન તેના દેશની સ્વતંત્ર ભાવનાઓને કચરી નાખે છે. એક ભયંકર સ્વપ્ન જોતી વખતે જેમ મનુષ્ય ગભરાય છે તેમજ આ જૂલમી શાસનથી ઈંગ્લંડની પ્રજા તે વખતે ગભરાઇ રહી હતી, છતાં સ્પષ્ટ રીતે રાજાની સત્તા સ્હામે થવાની હિમ્મત કરી શકતી ન્હોતી. આથી કર્નલ રમ્બોલ્ડ જ્યારે કેદખાનામાં હતો ત્યારે કેદખાનાના એકાન્ત વાસે તેને અશક્ત બનાવ્યો ન્હોતો. તે સત્તાથી ડરતો થયો ન્હોતોઃ પણ તેને જે ભયંકર અન્યાયથી ખૂની ઠરાવવાનો મહાન્ પ્રયાસ રાજપક્ષ તરફથી કરવામાં આવ્યો હતો તેથી એ રાજ્યસત્તાના અન્યાયો અને જૂલમો ચૂર કરી નાખી, બહુમતવાદની સ્થાપના કરી, રાજતંત્રને પ્રજામતને જવાબદાર બનાવવા માટે એક ક્રાંતિકારક પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે એવો તેનો દૃઢ નિશ્ચય થઈ ચૂક્યો હતો. ગમ્ભીર વિચાર પછી તે જે નિશ્ચય પર આવ્યો તે તોડાવવાની તાકાત તો કોઇનામાં હતીજ નહિ એ વાંચનાર તેના ચારિત્ર્યથી પરિચિત હોવાથી સારી પેઠે સ્હમજી શકશે. ઑલિફન્ટની સલાહની અવગણના કરવા માટે પણ એ ઉપરોક્ત કારણોથીજ લલચાયો હતો. જ્યારે મનુષ્ય એક પછી એક અન્યાય અને જૂલમનો ભોગ થાય છે, જ્યારે તે પોતાના પ્રિયજનોને કોઇની નીચ જાળના ભોગ થઈ કંગાળ થયલાં જુએ છે, જ્યારે પોતાના દેશબંધુઓને કંગાલ્યતની ખાઇમાં નીચેને નીચે ગબડતા જુએ છે ત્યારે કર્નલ રમ્બોલ્ડ જેવા ન્યાયપ્રિય, સ્વાતંત્ર્યવાદી અને સરલહૃદયી યોદ્ધાનું હૃદય ચાણાક્યનીતિ કે રાજનીતિ ભૂલી જાય અને કંઇ સાહસિક પગલું લેવા તૈયાર થઇ જાય એ સ્વાભાવિક છે. તે સારી પેઠે જાણતો હતો કે તે જે કામ હાથમાં લે

છે તે ભયંકર તો છેજ: જો તેમાં તેનો પરાજય થાય તો તેના પર ભયંકર આફત આવી પડશે એ પણ તે જાણતો હતો અને તેથી તેની વ્હાલી પત્નિ તથા ભગિનિને આ ભયાનક સાહસ તે ખેડવા માગે છે એ વાતથી પરિચિત કરવાની તેણે જરૂર જોઈ ન્હોતી કારણ કે સ્ત્રીઓનાં કોમલ હૃદયો આવા સાહસના ભાવી ભયથી પ્રથમથીજ ડરી જાય અને તેથી તેઓ દુઃખી થાય એ કર્નલ જાણતો હતો.

જે જે વ્યક્તિઓને આજની સભામાં નિમંત્રણ કરવામાં આવ્યું હતું તેમના આગમનની હવે શરૂઆત થઇ અને ફીલીપ એક પછી એક ગુપ્ત સંકેત શબ્દ સાંભળી તેમને ભમરિયા દાદર પરથી ઑફિસમાં મોકલવા લાગ્યો કે જ્યાં કર્નલ રમ્બોલ્ડ તેમનું સ્વાગત કરવા ઉભો હતો. લગભગ સાડા નવ વાગે સઘળા નિમંત્રિત પુરૂષો આવી ગયા: પણ અમે અમારી કથા આગળ ચલાવીએ તે પહેલાં આ સભામાં આવેલા પુરૂષોથી વાંચનારને પરિચિત કરવાની જરૂર જોઇએ છીએ.

કર્નલ રમ્ઝેને અત્યાર પહેલાં વાંચનાર ઓળખે છે અને અમે અગાઉ લખી ગયા છીએ કે તે ફક્ત સ્વદેશાભિમાની લાગણીથી જ આ ક્રાંતિકારક સ્વરાજ્યવાદીઓના મંડલમાં જોડાયો ન્હોતો: પણ તે દ્વારા પોતાનો સ્વાર્થ સાધવાનો તેનો હેતુ હતો: પોતાની સ્વાર્થી લાગણી તેણે પોતાના બાહ્ય દેખાવપરથી જણાવા દીધી ન્હોતી અને હજી સુધી તે એક ચુસ્ત સ્વરાજ્યવાદી છે એવી જ તેના સઘળા પક્ષકારોની માન્યતા હતી. તેની સાથે ઑલિવર ક્રૉમવેલની અભેદ્ય ટૂકડીનો એક વીર સૈનિક કર્નલ વૉલ્કૉટ હતો. તેની પાસે થોડીક મીલકત હતી અને તે નાઇટ્સ બ્રીજમાં રહેતો હતો. જોસીઆહ કીલીંગ એક મીઠું વેચનાર અગરીઓ હતો અને "પાર્સન" નામના ધર્માધીકારીની સત્તા નીચેના મૂલકમાં રહેતો હતો. મૂલથી તે હડહડતો "વ્હીગ*" ટોળીનો પક્ષકાર હતો અને હમણાં થોડાંક વર્ષોથી સ્વ-

* **Whig = One of the political party which grew up in England in the seventeenth century in the reign of Charls I and II.**

વ્હીગ = પહેલા અને બીજા ચાર્લ્સના વખતમાં લોકોના હક જાળવવાનો પ્રયત્ન કરનારૂં રાજ્યકારી મંડલ.

રાજ્યવાદી થયો ત્યારે તેના વિચારો ઘણા ઉન્નત થયા એમ એ મંડલમાં મનાયું અને તેથી તેને માન મળવા લાગ્યું. ફરગ્યુસન–રાઇ હાઉસના રાજ્યદ્રોહીઓમાંનો એક ગૃહસ્થ એક વાનપ્રસ્થ ભૂતપૂર્વ વ્યાપારી હતો. તે સારી ચાલચલગતનો, વક્તૃત્વ શક્તિવાળો એક વયોવૃદ્ધ ગૃહસ્થ હતો અને લૉર્ડ વીલીઅમ રસેલ, સૅફ્ટસ્બરી, ઇસેક્ષ અને બીજા અમીર ઉમરાવોનો મિત્ર હતો કે જેઓ આજકાલ દેશભક્તો ગણાતા હતા. ગુડીનો લંડન શહેરનો એક હુશિયાર નાગરિક હતો– "કૉમન કાઉન્સીલ" નો મેમ્બર હતો અને એક વેળા તેણે મદદ-નીશ શેરીફની પદવી પણ ભોગવી હતી. તે ઉપરાંત વિદ્રોહીમાં હોન સુથાર, ઍાર્ન એક દારૂવાળો અને વર્ટન પનીરનો વ્યાપારી તથા થોમ્પસન નામે એક નકશી કામ કરનાર કારીગર હતો.

આ ચારે જણા પોતપોતાનો ધંધો માનભરી રીતે કરતા હતા; અને કરકસરીયું જીવન ગાળી બે પૈસા બચાવી શક્યા હતા. બાર્બર નામનો એક માણસ *ગણિતશાસ્ત્રને લગતાં હથિયારો બનાવતો હતો અને હમ્મેશાં તેનું ગજવું ખાલી રહેતું હોવાથી આ ક્રાન્તિકારોના પક્ષમાં ભળી તે પોતાની આર્થીક સ્થિતિ સુધારવાની આશા રાખતો હતો. વેસ્ટ એક વકીલ હતો. તે ઘણો હુશિયાર અને ચાલાક માણસ હતો અને પોતાનાં વખાણ સાંભળવાનો રસિયો હતો. તે એક નામાં-કિત નાસ્તિક હતો અને કોઇ પણ સિદ્ધાંતને હૃદયથી વળગી રહે એવો ન્હોતો: તેની સ્વાર્થપરાયણ વૃત્તિ પણ તેના પક્ષકારોની નજરે પડી ન્હોતી કેમ કે રમ્સે, કીલીંગ અને બાર્બરની પેઠે તે પણ બાહ્ય નજરે દેશાભિમાની હોવાનો ડોળ કરવામાં કોઇ જાતની કચાસ રાખે એવો ન્હોતો: વળી આ વિદ્રોહીમાં વેઇડ, રાઉઝ અને વેલશ્રોપ, વ્યાપારીઓ અને ટેલર, નોરટન અને ઇલીફ નામે વકીલો હતા. તે ઉપરાંત તેમના મંડલમાં સર થોમસ આર્મસ્ટ્રોંગ નામે એક બીજો વ્યાપારી હતો કે જેને "નાઇટહુડ" નો ખિતાબ મળ્યો હતો. છેલ્લો "કિંગ્સ આર્મ્સ" પીઠાંનો માલિક શેપર્ડ હતો કે જે "રાઇ હાઉસ" ની નજીક રહેતો હતો અને લંડન શહેરમાં લૉમ્બાર્ડ સ્ટ્રી-ટમાં દારૂનો વ્યાપાર પણ કરતો હતો.

"રાઇ હાઉસ" દુર્ગના રક્ષાગૃહમાં કર્નલ રમ્બોલ્ડ સહિત જે જે રાજદ્રોહીઓ ભેગા થયા હતા તે સઘળાની સવિસ્તર ટીપ

* Mathamatical instrument–maker.

અમે ઉપર રજુ કરી ગયા છીએ અને તે પરથી વાંચનાર તેમાં કેવા માણસો જોડાયલા હતા તે સહેલાઇથી સ્હમજી શકશે. મ્હોટે ભાગે આ રાજ્યદ્રોહીઓ સરલ દેશાભિમાની અને માનવંત ગૃહસ્થો હતાઃ અને સ્વાતંત્ર્યવાદીઓના મત પ્રમાણે જગત્‌માં ન્યાય અને નીતિનું સામ્રાજ્ય સ્થાપવાને ગમે તેવો આત્મભોગ આપવાને તૈયાર હતાઃ કારણ કે તેમનાં હૃદયોમાં જ્વલંત દેશાભિમાન હતું અને અન્યાય અને જૂલમ તરફ અસામાન્ય ધિક્કાર હતોઃ પણ અફસોસ ! મનુષ્યસ્વભાવ એવો છે, મનુષ્યોએ પોતાનાં પવિત્ર નંદનવન જેવાં હૃદયોને જાણી જોઇ એવાં બનાવી દીધાં છે કે એક સભા ભેગી કરતી વખતે તેમાં ત્રણ ચાર કાળાં મેઢાંઓ નહિ હોય એવું બનતુંજ નથી. જ્યારે પણ કોઇ સિદ્ધાંત માટે, કોઇ પંથ માટે કે કોઇ વિશિષ્ટ ધ્યેયની પ્રાપ્તિ માટે એકાદ મંડલ સ્થાપિત થાય છે ત્યારે તેમાં એક બે વિશ્વાસઘાતીઓ કે દ્રોહીઓ હોવા વિના રહેતા નથી અને એવાં કાળાં મેઢાંઓ જ્યારે કર્ત્તવ્યનિષ્ઠ વીરોના ;કર્ત્તવ્ય યજ્ઞોની પૂર્ણાહુતિ થવાનો સમય આવે છે ત્યારેજ દેવતાઓના યજ્ઞોની વેદીઓ તોડી નાખવાને દૈત્યો આવી પહોંચે છે તેમ, પોતાના ખરા સ્વરૂપમાં પ્રકાશી ઉન્નત મનોરથોની સિદ્ધિ અને ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિમાં વિઘ્નો નાખી સઘળી બાજી ધૂળમાં મેળવી પોતાનાં કલંકિત નામો હમ્મેશ સુધી ઇતિહાસનાં પૃષ્ઠો પર કાળાં કરી જાય છે! 'રાઇ હાઉસ ષડ્‌યંત્રના વિદ્રોહીઓમાં જે બે ચાર સ્વાર્થી વરૂઓ હતા તેમની નીચતા હજુ પ્રકાશમાં આવી ન્હોતી તેમ હજુ તેમણે કયે રસ્તે કામ લઇ પોતાનો હેતુ સાધવો તે વિષે ચોક્સ નિર્ણય પણ કર્યો ન્હોતો.

" સદ્‌ગૃહસ્થો !—" કિલ્લાના " ગેટવે " પાસેના ગોળાકાર દાદરનું ઉપરનું લોહ જડિત દ્વાર બંધ કર્યા પછી અને સર્વ સભાસદો આવી આવી ગયલા જોઇ કર્નલ રમ્બોલ્ડે પોતાનું ભાષણ શરૂ કર્યું.

" આ સભા બોલાવનાર તરિકે શરૂઆતમાં હું મ્હારે વિષે બે બોલ બોલવાનું યોગ્ય ધારૂં છું. હું ફક્ત મ્હારા જીવનને લગતીજ કેટલીક વાત પ્રારંભમાં કહીશ. મ્હારા ભૂત જીવન વિષે કંઇ બોલવાનું હું આવશ્યક ધારતો નથી; કારણ કે મ્હારા કેટલાક મિત્રો રમ્ઝે અને વૅાલકોટ મ્હારી યુવાનીથી મ્હને ઓળખે છે, તેઓ રણાંગણમાં મ્હારે પડખે રહી લડ્યા છે અને જે પવિત્ર સિદ્ધાંતની

સ્થાપના માટે આપણે આતુર છીએ અને મને વિશ્વાસ છે કે જે સિદ્ધાંતને આપણે સર્વે અંતઃકરણથી સત્ય માનીએ છીએ તે પવિત્ર સિદ્ધાંતના ફલિતાર્થ માટે આપણા દેશમાં એકતંત્રી શાસનને બદલે પ્રજામતને જવાબદાર બહુમતવાદી શાસનપ્રણાલી શરૂ કરવાના પ્રયાસ માટે હું કેવા ભોગ આપતો આવ્યો છું તથા એ પવિત્ર સિદ્ધાંતને જીવન પર્યંત વળગી રહેવાને હું કેટલો તૈયાર છું તેની સાબીતી મ્હારા એ મિત્રો તમને આપશે. પણ ગૃહસ્થો! હું તમને એક બીજી જ વાત કહેવા માગું છું. ગૃહસ્થો! તમારી સ્હામે હમણાં એક એવો પુરૂષ ઉભો છે કે જેણે પોતે અને તેના કુટુંબીજનોએ ચાર્લ્સ સ્ટુઅર્ટના ક્રૂર જૂલમોનો અને અન્યાયોનો અસહ્ય માર સહ્યો છે; હવે જો કે એ વાત પ્રકટ કરતાં મને અનહદ દુઃખ થાય છે, છતાં ગૃહસ્થો! હવે એ વાત છૂપી નથી રહી કે મ્હારી વ્હાલી ભગિનિ હેન્રીએટ્ટા એ વિકારી મનુષ્યના જૂલમી અને નીચ પ્રપંચનો ભોગ થઈ પડી હતી. જ્યારે ઇંગ્લંડના મહાન સંરક્ષકની* વિજયધ્વજા ઇંગ્લંડ પર ફરકતી હતી ત્યારે ચાર્લ્સ પોતાની સત્તાની પુનર્સ્થાપના થઈ શકે એવી સંધિ છે કે નહિ તે જોવાને અલ્પ સમય માટે આ દેશમાં વિદેશમાંથી છૂપા વેષમાં આવ્યો હતો અને જૂઠા નામે તે વખતે તેણે મ્હારી વ્હાલી બહેનને અસામાન્ય છળકપટથી, જૂઠાં વચનો આપી પોતાની ઝેરી જાળમાં ફસાવી હતી. પણ મ્હારી ભગિનિના જીવનનો સર્વનાશ કરીને જ તે ધરાયો નહિ. તેની દુષ્ટતા એક ડગલું આગળ વધી અને તેણે તેના તથા મ્હારી બહેનના પ્રેમના પરિણામ રૂપ એક બાલક તેની ગોદમાંથી છીનવી લીધું. સદ્દગૃહસ્થો! મ્હારા કુટુંબને જૂલમથી ત્રાસિત કરવાનો જાણે ચાર્લ્સ બીજાએ ઠરાવ જ કર્યો હોય એવું તમને જણાઇ આવશે. ગયા વર્ષની પાનખર ઋતુમાં મ્હારી વ્હાલી પુત્રી રૂથ તથા દુઃખી બહેન હેન્રીએટ્ટાને સર વિલિયમ બ્રાન્ડના ભાડુતી બદમાસો જોરજબરીથી ઉપાડી "નીધર હૉલ"માં લઈ ગયા હતા અને પાછળથી મ્હને માલૂમ પડ્યું કે, મ્હારી પુત્રીને વૃદ્ધ સર બ્રાન્ડ સાથે પરણાવી તેના જીવનને ચીરકાલ માટે કંગાલ બનાવવાની નીચ બાજી ખુદ રાજા ચાર્લ્સની સમ્મતિથી ખેલવામાં આવી હતી અને તે પ્રસંગે લગ્નક્રિયા વેળા હાજર રહેવા માટે ખુદ ઇંગ્લંડનો મુકુટધર હાજર રહ્યો હતો કે જેણે મ્હારી વ્હાલી પુત્રી રૂથની પાષાણહૃદયને

* ઑલીવર ક્રૉમવેલને રિપબ્લીકનો Protector (સંરક્ષક) કહેતા.

પીગળાવનારી કરૂણ વિનન્તીની દરકાર કર્યા વિના ધર્મગુરૂને લગ્ન ગ્રન્થિથી બાંધી મ્હારી રૂથને સર ગ્રાન્ડની પત્નિ બનાવવાની આજ્ઞા કરી અને જો એક અણધાર્યો બનાવ, કે જેને લગતી વિગતો અત્રે આપવાનું બીન જરૂરી છે, તે જો ન બનવા પામ્યો હોત અને પ્રભુએ મ્હારી રૂથનું સંરક્ષણ કરવા અણધારી સહાય ન મોકલી હોત તો આજે મ્હારી વ્હાલી પુત્રીનું જીવન કંગાળમાં કંગાળ થઇ ગયું હોત! તેજ પલે અનેક ભેદી વાતો પ્રકાશમાં આવી ગઇ અને ગૃહસ્થો! મ્હારી ભગિની હેન્રીએટ્ટાએ તેનો વિશ્વાસઘાતક પ્રેમી ખરેખર કોણ હતો તે પણ ત્યારે જ જાણ્યું. પણ આટલી નિર્દયતા બતાવીને ચાર્લ્સ અટક્યો ન હતો. તેજ સમયે બહાદૂર વીર લૉરેન્સ લી ફક્ત તે રિપબ્લીકન રમ્બોલ્ડની પુત્રીને ચાહતો હતો તેટલા માટે જ તેને રાજાની આજ્ઞાથી પકડવામાં આવ્યો હતો—નીચમાં નીચ પ્રકારના કાવાદાવાથી મને ખૂની ઠરાવી ફાંસીને માંચડે ચઢાવવાના પ્રયાસ થયા હતા—ન્યાયનું ધોળે દહાડે ખૂન થયું હતું—અને મ્હારી ન્યાયમન્દિરમાં જે તપાસ થઇ હતી તેમાં મને મ્હારી નિર્દોષતા પૂરવાર કરવાની તક આપવાને બદલે ન્યાયાધિશે ન્યાયની પરવા કર્યા વિના એક જાતનો હાસ્યજનક ફારસ ભજવી પોતાની આપખુદી જગતને બતાવી હતી. જો પ્રભુએ જનરલ ઑલિફન્ટ જેવા એક બહાદૂર મિત્રની સહાય ન મોકલી હોત, જો વીરશ્રેષ્ઠ ઑલિફન્ટે મ્હારી નિર્દોષતા સિદ્ધ કરનારી પ્રબલ સાબીતી ન મેળવી હોત તો એક અન્યાયી ન્યાર્યાધિશ, પક્ષપાતી કાયદા શાસ્ત્રી અને સ્વરાજ્યવાદના કટ્ટા શત્રુ જેવા પ્રધાનોએ ક્યારનો મને ગુનેહગાર ઠરાવી, મ્હારી જિંદગી કલંકિત કરી, મ્હારા શરીરનો નાશ કર્યો હોત અને મ્હારૂં વ્હાલું કુટુંબ આજે નિરાધાર થઈ પડયું હોત! પણ મ્હારાપર અને મ્હારાં કુટુંબીજનોપર એટલા જુલમ ગુજારીને પણ ચાર્લ્સની નીચતા અટકી નથી. તેણે એક જુલમી, એક તંત્રી શાસનના પૂજારી અને આપખુદ ન્યાયાધિશને મ્હોડે, ન્યાયમન્દિરમાં જાહેર રીતે મ્હારી બહેન હેન્રીએટ્ટાના તેણે કરેલા શરમ ભર્યા વિશ્વાસઘાતનો અસ્વીકાર કરાવ્યો. ગૃહસ્થો! એક સત્ય ઘટનાનો આવી શરમભરી રીતે અસ્વીકાર કરનારમાં મનુષ્યત્વનો અંશ કેટલો હશે તે તમે સહેલાઇથી કલ્પી શકશો. કહો ગૃહસ્થો! આટલા બધા જુલમો, આટલા બધા અન્યાયો ચાર્લ્સને હાથે સહન કર્યા પછી એ માણસને માટે મ્હારા દિલમાં શત્રુતા સિવાય બીજી કોઇ પણ જાતની લાગણી

ઉત્પન્ન થાય એ શું સમ્ભવિત છે?—"

કર્નલ રમ્બોલ્ડ અત્રે અટક્યો અને લગભગ એક મિનિટ તે ઓરડામાં ગમ્ભીર માન છવાયું. તેના ભાષણે ત્યાં હાજર રહેલા લગભગ સઘળા ગૃહસ્થોના દીલપર ઉંડી અસર કરી હતી અને સઘળાના દીલમાં ચાર્લ્સને માટે તિરસ્કારની લાગણી જન્મી હતી.

"પણ મ્હારા જેવા એક રંક ગરિબ મનુષ્યને સતાવવા માટે જ જો ચાર્લ્સ ગુનેહગાર હોત તો ગૃહસ્થો! તમે આજે અત્રે હાજર થયા ન હોત!—" કર્નલ રમ્બોલ્ડે પુનઃ પોતાનું ભાષણ શરૂ કર્યું.

"મ્હારો સ્વભાવ ઝનૂની કે વૈર ભૂખ્યો નથી. હું વેર લેવાને માટે વૈરાગ્નિને મ્હારા હૃદયમાં સ્થાન આપવા ચાહતો નથી. ઉન્નત હૃદયી માણસના દીલમાં વૈરની લાગણી જવલ્લે જ પેદા થાય છે. વૈર લેવું અથવા વૈર વાળવાની ઇચ્છા રાખવી એ ઘણું નિંદનીય અને તિરસ્કારપાત્ર કર્મ છે. જૂલમી અને અન્યાયીઓને ભયંકર શિક્ષા કરનાર તે મહાન પિતા બેઠેલો છે અને કોઈ પણ અન્યાય માટે અન્યાયીની ખબર લેવાનું કામ તેનું છે. તે કોઇને ભૂલી જતો નથી. અન્યાયની પરાકાષ્ઠા તે કદિ પણ સહી શકતો નથી. આથી જો ફક્ત મ્હને થયલા અન્યાય માટે જ હું ચાર્લ્સ સ્હામે તમને ઉશ્કેરૂં તો તે યોગ્ય ગણાય નહિ, પણ નહિ. હું જ્યારે મ્હારી આસપાસ નજર ફેંકું છું ત્યારે મ્હારા લાખો દેશબન્ધુઓ અને બ્હેનોને ચાર્લ્સ સ્ટુઅર્ટના અસહ્ય જૂલમમાં ચગદાતાં જોઉં છું. એક રાજાના નીચ વિલાસી વિકારોની તૃપ્તિ માટે હું રાષ્ટ્રપર કરોના બોજા નખાયલાં જોઉં છું કે જે કર ભરવો એ એક સંસ્કૃત રાષ્ટ્રને માટે કલંક રૂપ છે. અખિલ ખ્રિસ્તિ સમાજ આપણી હાલની કલંકિત સ્થિતિ તરફ ધિક્કારની નજરે જુએ છે. ન્યાયનું ધોળે દિવસે આ રાજ્યમાં હમણાં ખૂન થાય છે—કાયદાઓને સત્તાધીશો પગ તળે કચરીને ચાલે છે—મનુષ્ય સમાજના જન્મસિદ્ધ હક્કો ખૂંચવી લેવામાં આવ્યા છે—અને સત્તાધિશો સમાજના હક્કોની વાત સાંભળી હસે છે તથા મશ્કરી કરે છે. અને આ બધા જૂલમો ફક્ત એક જૂલમીને હાથે થાય છે. ગૃહસ્થો! આવી સ્થિતિ ચાલુ રહેશે તો ઈંગ્લંડ મહાન્ રાષ્ટ્રોની ગણનામાંથી નાબુદ થશે. જે રાજ્યનીતિથી ઇંગ્લંડ પોતાનું માથું જગતમાં ઉંચું રાખી શકે એમ છે તે રાજ્યનીતિનું શરમ ભર્યું સારૂં થાય છે અને તેથી ફ્રાન્સના રાજાની

તિજોરી ભરાય છે. હું એક એવો દુર્ગુણી રાજા હમણાં ઈંગ્લંડના સિંહાસનપર જોઉં છું કે જેની આજુબાજુ વિકારી દરબારીઓ વીંટળાયલા છે અને તેમની દુષ્ટ વાંછનાઓના છાંટા પ્રજાવર્ગને લાગે છે. એ વિકાર-એ વિલાસ અને એ દુષ્ટતાની નદિઓના ફાંટા પ્રજાના મધ્યમ અને ગરિબ વર્ગના નિવાસોમાં પણ ફરી વળ્યા છે અને તેથી આ રાષ્ટ્ર જો તેમાં યોગ્ય પરિવર્તન ન થાય તો અલ્પ સમયમાં એટલું બધું નીતિભ્રષ્ટ થઈ જશે કે જેમાંથી તેનો ઉદ્ધાર થવો અશક્ય માલૂમ પડશે. હાલની શાસન પદ્ધતિ ન્યાયને એક બાજુએ મૂકી કામ લે છે. સામાજિક સ્થિતિ પણ આપણી ભયંકર થઇ પડી છે. નીતિ, ન્યાય અને ધર્મને આપણે ભૂલી જવા લાગ્યા છીએ અને આવી ભ્રષ્ટ સ્થિતિમાં યોગ્ય સુધારણા કરવા માટે ગમે તેવાં દુઃખો સહન કરવા પડે તે માટે જો હું તૈયાર ન થાઉં તો મ્હારી જાતને હું અંગ્રેજ કહેવડાવવાને લાયક નથી એમ મ્હારે કહેવું જોઇએ.—"

આ શબ્દો શ્રોતાઓએ આનન્દની ગર્જનાથી વધાવી લીધા અને તાળીઓનો અવાજ બંધ પડયા પછી કર્નલ રમ્બોલ્ડ પુનઃ બોલ્યોઃ—

"મિત્રો! મને પોતાને જે જે અન્યાયો થયા છે તે સાથે એક અંગ્રેજ તરિકે મ્હારૂં કર્તવ્ય શું છે તે મ્હેં તમને કહી દીધું છે. કદાચ તમને એમ લાગશે કે મ્હેં મ્હારી ખાનગી હકીકત ન કહી હોત તો સારૂં. કદાચ તમે એમ પણ ધારશો કે મ્હારા આંતરિક ક્રોધને લીધે હું જાહેર પ્રજાને ક્રાંતિકારક બનાવવા ઉધુક્ત થયો છું. પણ નહિ. તેમ નથી. મ્હેં પ્રથમથી તમને કહી દીધું છે કે વ્યક્તિગત અન્યાય માટે વૈર વાળવું એ હલકું કામ છે અને એવો ખ્યાલ મ્હારા હૃદયમાં પ્રવેશવા દઉં એવો પુરૂષ હું નથી. મુક્ત હૃદયે સરલતાથી હું તમને મ્હારા વિચારો જણાવી દઇશ. કંઇ પણ છૂપાવીશ નહિ. હું આ હીલચાલ ઉપાડું છું કારણ કે તેથી દેશને લાભ થાય એમ છે અને અંતમાં મ્હને થયલા અન્યાયોનો બદલો પણ મળે છે. આપણી હીલચાલથી આપણે સાથે મળીને આપણા દેશના કલ્યાણ માટે મહાન કામો કરી શકીશું. હું પવિત્ર હૃદયે તમને કહું છું, ગૃહસ્થો! કે જો મારાપર તથા મ્હારા પ્રિયજનોપર રાજાએ જુલમો ન ગુજાર્યા હોત તોપણ એટલે જો મ્હારી સાથે રાજાને કોઇપણ જાતનું અંગત વૈર ન હોત તોપણ હું મ્હારા દેશબંધુઓનો હમણાં જે અમાનુષી છળ થાય છે તે જોઇને આવી રાજ્ય વિરૂદ્ધની હીલચાલમાં ગમે તેવું સાહસ ખેડવાને તૈયાર

થયો હોત. હવે ગૃહસ્થો ! હું તમને જે કહેવા માગું છું તે એ છે કે, આપણે જેવી સુધારણા રાજ્યશાસનમાં કરાવવા માગીએ છીએ તે માટે આપણે ખુદ રાજાને કેદ કરવો—"

આ શબ્દો બહાર પડતાંજ ઘણા ખરા શ્રોતાઓ ચકિત થઇ ગયા. કેટલાકો એક બીજા તરફ જોઇ કંઇ માર્મિક સંકેત કરવા લાગ્યા જ્યારે કેટલાકો કર્નલ રમ્બોલ્ડ તરફ સ્થિર આંખો કરી જાણે તેઓ બરાબર ન સ્હમજ્યા હોય અને વિશેષ સ્પષ્ટ ખુલાસાની આશા રાખતા હોય તેમ અવાક્ જેવા તેના તરફ જોઇ રહ્યા.

"હા. ગૃહસ્થો !—" કર્નલ રમ્બોલ્ડ બોલ્યો.

"હું સાવધતાથી, ગંભીરપણે જાહેર કરૂં છું કે આપણે રાજાને તથા જો બની શકે તો તેના ભાઇ ડ્યુક ઑફ યોર્કને આપણા કબજામાં લેવા. આ અતિ અગત્યનું અને જોખમ ભર્યું સાહસ પાર પાડવાની યુક્તિ હમણાં હું તમારી સમક્ષ રજુ કરીશ. પણ તે પહેલાં હું આમ કરવાના નિશ્ચયપર કેમ આવ્યો છું તે વિષે મને બે બોલ કહેવા દો. રાજાને પકડવામાં મ્હારા બે હેતુ છે. મ્હારા ભાષણમાં પણ બે હેતુ છે તે તમે જાણો છો. જ્યારે આ દિવાનખાનામાં ચાર્લ્સ સ્ટુઅર્ટ એક કેદી તરિકે આપણી સમક્ષ ઉભો રહેશે—અને મ્હારી ખાત્રી છે કે તમારી સમ્મતિ અને સહાયથી જરૂર તે આપણો કેદી બનશે—ત્યારે હું પ્રથમ મ્હારી બહેનના બાલકનું શું થયું તે હું તેને પૂછવા માગું છું. આ મારો પોતાનો હેતુ છે. હવે હું પ્રજાના લાભની વાત કરીશ. ગૃહસ્થો ! પ્રજાની સ્વતંત્રતા તથા પ્રજાના હક્કોની પુનર્પ્રાપ્તિ માટે આપણે ચાર્લ્સ પાસે એવા લેખિત કરાર કરાવી લઇશું કે જે તોડવાની તે હિમ્મત કરી શકે નહિ. ગૃહસ્થો ! તમને આ સ્થલે એકત્રિત કરવાના મ્હારા હેતુઓ હું તમને હવે કહી ગયો છું. હવે મ્હારે તમને એકજ વાત કહેવાની બાકી રહી છે અને તે પછી આપણે જે યુક્તિ અમલમાં મૂકવા માગીએ છીએ તે પર સઘળા વિચાર કરીશું. મ્હેં તમને અગાઉ કહી દીધું છે કે ચાર્લ્સ બીજાને તથા તેના ભાઇ ડ્યુક ઑફ યોર્કને પકડવાની યુક્તિ હું તમને જણાવીશ. હું તે તમારી સમક્ષ હવે રજુ કરૂં છું. મ્હારી તપાસ પછીના દિવસે જનરલ ઑલિફન્ટ રાજ્ય મહેલમાં રાજાને મળવા ગયા હતા અને ત્યાંથી આવ્યા પછી તેમણે પોતાના બંગલામાં વાતમાં ને વાતમાં મને કહ્યું હતું કે અમેરિકન સંસ્થાનોના ગવર્નર જનરલની પદવીનો

અખત્યાર લેવાને માટે તુરતા તુરત અમેરિકા ઉપડી જવાને બદલે રાજા સાથે કેટલુંક અગત્યનું કામ હોવાને લીધે તેમને એકાદ પખવાડિયું લંડનમાં રહેવું પડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમનું કામ ચાર્લ્સ સ્ટુઅર્ટ "ન્યુ માર્કેટ રેસ"માં જવા માગતો હોવાથી "રેસ" પૂરી થાય ત્યાં સુધી બની શકે એમ નથી. આ ઉપરથી ગૃહસ્થો! સિદ્ધ થાય છે કે રાજા થોડા દિવસમાં "ન્યુ માર્કેટ" જશે અને તમે જાણો છો તેમ ઘોડાની સરત જોવા માટે તેનો ભાઈ ડયુક ઑફ યૉર્ક પણ તેની સાથે જ હશે. ગૃહસ્થો! લંડનથી ન્યુ માર્કેટ જવાનો રસ્તો મ્હારા ઘરની નજીક જ આવેલો છે. ચાર્લ્સને ન્હાના રસાલા સાથે મુસાફરી કરવાની ટેવ છે અને તેથી હું ધારૂં છું કે આપણે જે કામ કરવા માગીએ છીએ તે એ પ્રસંગે ઘણી સહેલાઈથી પાર પડી શકશે અને આપણે રાજાને તથા તેના ભાઈને આપણા કેદી બનાવી શકીશું. હવે મ્હારે તમને કંઈજ કહેવાનું બાકી રહેલું ન હોવાથી, ગૃહસ્થો! હવે શું કરવું તેનો નિશ્ચય કરવાનું હું તમારા પર છોડું છું."

કર્નલ રમ્બોલ્ડ તાળીઓના ગડગડાટ વચ્ચે પોતાની ખુરશીપર બેસી ગયો અને જો કે શ્રોતાઓએ આનન્દાવેશથી તાળીઓ પાડી હતી છતાં તે ઓરડામાંથી બહાર અવાજ ન જાય તેની સઘળાએ કાળજી રાખી હતી.

આ રીતે રાજા સ્હામેના પ્રપંચની "રાઈ હાઉસ" દુર્ગમાં શરૂઆત થઈ.

પ્રકરણ ૨૫ મું.

મંત્રણા.

કર્નલ રમ્બોલ્ડે ઈંગ્લંડના મહારાજા ચાર્લ્સ બીજાને કેમ કેદ કરવો તે વિષે જે યુક્તિ પોતાના પક્ષકારો સમક્ષ રજુ કરી તે પર હવે સઘળા વિચાર કરવા લાગ્યા. મી૦ વેસ્ટ—વકીલ સાહેબને ભાષણ આપવાનો ઘણો શોખ હતો. તે પોતાની સુન્દર ભાષામાં પોતાનો અભિપ્રાય પ્રકટ કરવાને એટલો બધો આતુર થઇ ગયો હતો કે કર્નલનું ભાષણ પૂર્ણ થતાં તરત જ તે ઉભો થઇ બોલ્યોઃ

"અત્રે આ ઑફિસમાં આવેલા આબરૂદાર ગૃહસ્થો સમક્ષ જે સુન્દર અને ડહાપણ ભરી યોજના રજુ થઇ છે તે અલબત્ત આશ્ચર્યચકિત કરનારી છે તોપણ તેને હું મ્હારા અંતઃકરણપૂર્વક મ્હારી સમ્મતિ આપવામાં કોઇ પણ જાતનો વાંધો જોઇ શકતો નથી–" વકીલ સાહેબ પોતે ઘણું જ સુન્દર ભાષણ આપી શકે છે એમ ખાત્રી પૂર્વક માનતા હતા તેમણે આટલા શબ્દો કહી પોતાના પક્ષકારો તરફ એક દૃષ્ટિ ફેંકી.

"છતાં ગૃહસ્થો ! આ યુક્તિ એવી છે કે જે પર સમ્પૂર્ણ વિચાર કરવાની, આપણી બુદ્ધિનો પૂર્ણ ઉપયોગ કરી અત્યંત દક્ષતાથી તે અમલમાં મૂકી અન્ત સુધી સંભાળપૂર્વક કામ લેવાની જરૂર છે. મિત્રો ! જ્યારે આજે સ્હાંજે મ્હેં આ પ્રાચીન કિલ્લામાં પગ મૂક્યો ત્યારે આવી દેશાભિમાની, ડહાપણ ભરી અને કાર્ય સાધક યોજના આપણી સમક્ષ રજુ થશે એમ મ્હેં ધાર્યું ન્હોતું પણ હવે મ્હારી ખાત્રી થાય છે કે આપણા વીર મિત્ર કર્નલ રમ્બોલ્ડ એક બહાદુર સૈનિક હોવા ઉપરાંત એક દક્ષ રાજ્યદ્વારી પણ છે કે જેમના મગજમાંથી આવી ફલદાયી અને આશાજનક યોજના બહાર પડી છે. એકજ બાબતમાં મને જરા મુસ્કેલી જણાય છે અને તે એ છે કે આપણા જૂલમી રાજાને કેદ કર્યા પછી તેની સાથે જે સરતો આપણે કરવા માગીએ છીએ તે પ્રમાણે તે અહિંથી મુકત થયા પછી વર્તશે અને કદિ પણ એ સરતોનો ભંગ ન કરે તે માટે આપણે તેની પાસે શું જામીનગીરી લેવી—"

"એક જ જામીનગીરી લેવા જેવી મને જણાય છે–" દારૂવાળો બોર્ન બોલ્યો. તે અવિનયી, સખત દીલનો માણસ હતો. તેનું મ્હો લાલ અને આંખો ભૂરી હતી અને એ આંખોમાં તેના દીલની દુષ્ટતા તથા ક્રૂરતા જણાતી હતી.

"સ્હમજો–સ્હમજો ! મ્હારા સાહેબ ! હું આપણા મિત્ર બોર્નના વિચારોને ટેકો આપું છુંઃ પણ મ્હારા સાહેબ ! હું છેક અંતિમ વિચારનો માણસ છું અને તેના વિચાર પસંદ કરૂં છું–" તેના જેવોજ કર્નલ રમ્ઝે વચ્ચે બોલી ઉઠયો.

"ચાર્લ્સના બોલપર વિશ્વાસ ! નહિ. નહિ. મિત્રો !–" કિંગ્સ આર્મસનો માલિક શેપર્ડ જે એક બટકો, પાતળો અને પચાસેક વર્ષની વયનો પુરૂષ હતો તે બોલ્યો.

"એ હમણાં વચન આપશે ને બીજી પલે તે તોડશે—"

"ગૃહસ્થો!—" માજી વ્યાપારી ફરગ્યુસન કંઇક પ્રેમાલ અને વિવેકી સ્વરે જાણે તે ગરમ ભેજાંઓ પર બરફ નાખવાની ઇચ્છા રાખતો હોય એવી રીતે બોલ્યો.

"આપણામાં કંઈ ખાસ મત ભેદ ઉપસ્થિત થાય તે પહેલાં આપણી ખરી સ્થિતિ શું છે તેનો વિચાર કરવાની જરૂર છે. જો આપણે અત્રે હાજર છીએ તેટલા જ સ્વરાજ્યવાદીઓ હોઇએ અને આપણો પક્ષ એટલામાં જ શમાઇ જતો હોય તો રાજા અથવા ડયુક પાસેથી ગમે તેવી સરતો કે કરારો આપણે કરાવી લઇશું તેની તેઓ પુનઃ અહીંથી છૂટી જવા પછી દરકાર કરવાના નથી. પણ ગૃહસ્થો! જો આપણને સત્તાશીલ, શ્રીમંત, કીર્તિવન્ત અને વગવાળા ઉમરાવોનો ટેકો હોય—કે જેમની સાથે મને તથા મ્હારા મિત્ર કર્નલ રમ્ઝેને સારો સંબંધ છે—તો અલબત્ત, આપણી સ્થિતિ ઘણી સબલ ગણી શકાય. અને એવી વખતે હું એક બીજો* રનીમીડી બની રાજા પાસેથી પ્રજાના જન્મસિદ્ધ હક્કની માગણી કરીશ—"

"અરે! મ્હારા સાહેબ! હું તમને એક એવી વાત સંભળાવી શકું એમ છું કે જેથી તમારા આનન્દનો પાર રહેશે નહિ. ગભરાઓ છો, શા માટે? મારા સાહેબ! મ્હારા મિત્રો! આપણે રસ્તે રખડતા કંગાળ, ચીથરે હાલ, પૈસા વગરના ભીખારીઓ નથી; આપણે સાધારણ વ્યાપારી, નોકરો, ફેરીવાળા કે દારૂવાળા નથી; પણ આપણી સાથે શ્રીમાન, ધીમાન, સત્તાવાન મનુષ્યો છે! તમે સ્હમજી શકો છો, મ્હારા સાહેબ! કે જ્યારે મારામારી ને કાપીકાપી થાય છે ત્યારે આ તમારો સેવક બુઢ્ઢો રમ્ઝે ગમે તે મિત્ર મળી જાય તેની મદદ લેવાનું ચૂકતો નથીઃ પછી તે પાઘડીવાળો ટર્ક હોય, નગ્ન હબસી હોય કે ગમે તે હોય! હું જે પણ મિત્ર એવી વેળાએ મળી જાય તેની સહાય તરતજ સ્વીકારી લઉં—"

"પણ આ લાંબા પ્રસ્તાવ પછી તમે કહેવા શું માગો છો?—" બોર્ન દારૂવાળો પોતાની નિર્દય આંખો આમતેમ ફેરવતો અસભ્ય સ્વરે બોલ્યો.

---

* રનીમીડઃ ઇંગ્લંડના જૉન રાજા પાસે રનીમીડના ટાપુમાં પ્રજાએ "મૅગના ચાર્ટા" પર સહી કરાવી હતીઃ તે પરથી "રનીમીડી" શબ્દનો જન્મ થયો છે. રનીમીડીનો "રાજા પાસેથી હક્ક મેળવનાર" એવો અર્થ થઈ શકે.

"સ્હમજો! સ્હમજો! મ્હારા સાહેબ! હું તમારી સમક્ષ જે બોલી ગયો તે એક આનન્દજનક ખબરની પ્રસ્તાવના છે...અને મ્હારા સાહેબો! તે ખબર–તે મહાન્ ખબર એ છે કે લૉર્ડ વિલિયમ રસેલ જેવા એક શ્રીમંત અને સત્તાશીલ ઉમરાવ આપણા પક્ષકાર છે. સ્હમજ્યા, સાહેબો?–" કર્નલ રમ્ઝે બોલ્યો.

"અને લોર્ડ વિલિયમ રસેલ જન્મથી ઉમરાવ હોવા ઉપરાંત તેમનું હૃદય પણ અમીરી છે." પુનઃ ફરગ્યુસન વિનયી સ્વરે બોલ્યો.

"રાજા પોતાના બટલરને, ઘોડાવાળાને કે ખવાસને ડયુક, માર્કિવસ કે અર્લ બનાવી શકે છે; પણ તે કોઇને અમીરી હૃદયનો ઉમરાવ બનાવી શકતો નથી, અને હવે, ગૃહસ્થો! જ્યારે લોર્ડ વિલિયમ રસેલ આપણા પક્ષકાર થયા છે એટલે તે કંઈ એકલા—"

"નહિ. મ્હારા સાહેબ! અલબત્ત, એકલા નહિ. તેમની સાથે સત્તાવાન માણસોની ફોજ આપણા પક્ષમાં આવશે. તેમની સાથે ઇસેક્સ, શેફ્ટસબરી, હોવર્ડ, સીડની ને હેમ્પડનના ઉમરાવો આપણામાં ભળી ગયલાજ સ્હમજી લો. આહ! મ્હારા સાહેબ! હેમ્પડન નામ પણ કેવું સુન્દર છે!...વળી મ્હારા સાહેબ! ડયુક ઑફ મૉન માઉથ પણ આપણા જ છે"

"ડયુક ને અર્લ ને લૉર્ડ–" બોર્ન બબડ્યો.

"હું કોઇને પસંદ કરતો નથી–"

"હું પણ નહિ. એકને પણ નહિ." શેપર્ડ બોલ્યો.

"મ્હારી યુક્તિ ટૂંકી........."

"મિત્રો અને દેશબન્ધુઓ!..." દોઢ ડાહ્યા મિ૰ વેસ્ટ વકીલ વચ્ચે બોલ્યા.

"જરા વાર શાન્ત થાઓ અને તમારો મત વ્યક્ત કરવાની અધીરતા જરા દાબી રાખો; કઇ સરતે અને કરારે, કઇ આશા તથા અભિલાશથી લૉર્ડ વિલિયમ રસેલ આપણા પક્ષમાં જોડાઇ આપણા ક્રાન્તિકારક પ્રયાસને ટેકો આપવા તૈયાર છે તે આપણે આપણા વીર મિત્ર કર્નલ રમ્ઝે પાસેથી જાણવાની જરૂર છે—"

"આહ! મ્હારા સાહેબ! તમે બધા તેને સારી પેઠે ઓળખો છો...." કર્નલ રમ્ઝે બોલ્યો.

"તે આપણે છેલ્લે પાટલે નહિ બેસી જઇએ એવું ઇચ્છે છે... પણ જો આપણે તેને સાથે સાથે આગળ ને આગળ ધસડી જઇશું

તો પછી તેને આપણી સાથે ઘસડાવા વિના છૂટકો જ નથી, સ્હમજ્યા મ્હારા સાહેબ? એકવાર એને આપણી સાથે આવવા તો દો. પછી તે પાછા જઇ શકશે નહિ. મ્હારા સાહેબ! મ્હેં બધી વાત કાલે એની સાથે કરી લીધી હતી—"

"કર્નલ રમ્ઝેએ ઘણી ચાલાકીથી આ બાબતમાં કામ લીધું છે એમ મને લાગે છે—" મિ૰ ફરગ્યુસન પોતાની મીઠી ભાષામાં બોલ્યો.

"કર્નલે પોતાની સૈનિક જેવી કંઇક સખત પણ પ્રમાણિક ભાષામાં આપણને યોગ્ય ખુલાસો કર્યો છે અને જે ઉમરાવ સાહેબની આપણે વાત કરીએ છીએ તેમનો સ્વભાવ અમુક મર્યાદા ઓળંગી આગળ જવાનો નથી તે આપણે જાણીએ છીએઃ તેથીજ જેઓ અંતીમ વાદીઓ છે તેમની સાથે ભેળાતાં તેઓ આનાકાની કરે છે. પણ જ્યારે તેઓ આપણા પક્ષમાં ભળી જઇ આપણી સાથે મળી કામ કરતા થઇ જશે તે પછી તેમને આપણી સલાહ પ્રમાણે વર્તવુંજ પડશે અને દરેક જણને એક મત આપવાનો હક્ક હોવાથી કોઇ પણ બાબત વિચાર માટે આવતાં આપણી બહુમતી હોવાને લીધે લૉર્ડ વિલિયમ રસેલ કે તેના અન્ય ઉમરાવ સાથીઓ આપણાથી જૂદા પડવાની હિમ્મત પણ કરી શકશે નહિ. તમને લાગતું નથી, મ્હારા મિત્રો! જો કે મ્હારી ખાત્રી છે કે તમે બરાબર સ્હમજી ગયા છો—કે એકવાર આપણી સાથે સંકલિત થવા પછી તેમને બધાને આપણી ઇચ્છાનુસાર ચાલવું જ પડશે. તેમ કર્યાં વિના તેમનો છૂટકો જ થવાનો નથી. જેને કાયદો "રાજદ્રોહ" કહે છે તેનો એકવાર સ્વીકાર કર્યાં પછી તે તજી દેવાની હિમ્મત જ રાજદ્રોહીથી થતી નથી. એમ કરવું એ તેને માટે ભયંકર તેમજ અશક્ય થઇ પડે છે—"

"બરાબર છે, મ્હારા સાહેબ! હું તમારા વિચારોને અનુમોદન આપું છું...પણ કર્નલ!—" રમ્ઝે કર્નલ રમ્બોલ્ડ તરફ જોઇ બોલ્યો.

"તમે કેમ તમારો અભિપ્રાય રજુ કરતા નથી?—"

"હું અન્ય મિત્રોના અભિપ્રાયો સાંભળ્યા પછી મ્હારો મત પ્રકટ કરવાનું પસંદ કરૂં છું—" રમ્બોલ્ડે જવાબ આપ્યો.

"જુઓ. મ્હારો મત પૂછો તો આપણા વિજયને ખાત્રી ભર્યો બનાવવા માટે લૉર્ડ વિલિયમ રસેલ અને તેના મિત્રોની સહાય સ્વીકારવાની જરૂર છે; એ બધા સાથે ડ્યુક ઑફ મોનમાઉથ પણ આ-

પણ પક્ષમાં ભળશે એ નિશ્ચિત વાત છે. અને મ્હારે તમને કહેવાની જરૂર નથી કે ડ્યુક સાહેબ પ્રોટેસ્ટંટ ધર્મના અડગ અનુયાયી હોવાથી તેમની સાથે હજારો મનુષ્યો આપણા મિત્રો થશે—"

"ધારો કે હું નમ્રતાથી અને વિવેકથી ધર્મને એક બાજુ રાખવાની સૂચના કરૂં તો—" મી૦ વેસ્ટ વકીલ જે એક હડહડતો નાસ્તિક હતો તે ધીમા સ્વરે બોલ્યો.

આ સુચના જો કે વિનીત સ્વરે અને નમ્રતાથી રજુ થઈ હતી છતાં શ્રોતાઓમાંના બે ત્રતિયાંસ ભાગે તે તરફ નાપસંદગી બતાવી અને કેટલાકોએ તો તેના તરફ અપ્રકટ ધિક્કાર પણ વ્યક્ત કર્યો.

"ઠીક ત્યારે ગૃહસ્થો !—" વેસ્ટ પોતાના શબ્દોથી ધિક્કાર ઉત્પન્ન થયલો જોઈ જલદી જલદી બાજી સંભાળતો બોલ્યો.

"આપણે જે સાહસ ઉપાડવા ઇચ્છીએ છીએ તેમાં યાહોમ કરીને ઝૂકાવીએ તે પહેલાં બુદ્ધિ તથા રાજનીતિની દૃષ્ટિએ કર્નલ રમ્બોલ્ડ રાજા પાસેથી જે સરતો કરાવવા માગે છે તે જાણવાની જરૂર છે."

"હું જેટલું સ્હમજી શકયો છું તે પરથી મને લાગે છે કે આપણા વફાદાર મિત્ર કર્નલ રમ્બોલ્ડની આન્તરિક ઇચ્છા રાજા ચાર્લ્સ સ્ટુઅર્ટને એવા દસ્તાવેજપર સહી કરાવવાની છે કે જે દસ્તાવેજની કઠિન સરતો પવિત્ર દેવતાઓના સોગન આપી ચાર્લ્સ કદિ પણ તે તોડી ન શકે એવી ભાષામાં ઘડાઈ હોય......" સર થોમસ આર્મસ્ટ્રોંગ બોલ્યો.

"હા. અને તેથી પણ વિશેષ—" કર્નલ રમ્બોલ્ડ બોલ્યો.

"હું તેની પાસે એવા બાદશાહી જાહેરનામા પર સહી કરાવવા ઇચ્છું છું કે જેથી પ્રજાને ચુંટણીનો વ્યાપક હક્ક મળશે તથા એજ દસ્તાવેજમાં રાજા પોતે પ્રતિનિધિ મંડલને પોતાના પ્રતિનિધિઓ રાજ્ય સભામાં મોકલવાનું આમંત્રણ પણ કરશે. ચાર્લ્સ સ્ટુઅર્ટની ઢંઢેરાપર સહી થતાં અલ્પ સમયમાં હું આખા સામ્રાજ્યમાં એ ઢંઢેરાની ખબર ફેલાવી દઇશ. વળી હું તેને જેમને રાજ્યદ્વારી ચળવળ માટે નજર કેદ કરવામાં આવ્યા હોય અથવા અમુક મર્યાદામાં રહેવાની સરકારે ફરજ પાડી હોય તેમને સમ્પૂર્ણ ક્ષમા આપવાની ફરજ પાડીશ. હવે ડ્યુક ઑફ યોર્ક સંબંધી હું શું કરવા માગું છું તે તમને જણાવીશ. તે કૅથોલીક પંથનો છે અને આપણે સર્વે એ પંથને ધિક્કા-

રીએ છીએ. તેથી તેના વડીલ બંધુ ચાર્લ્સે બીજાના મરણ પછી ગાદી પરના તેના સર્વે હક્કનો ત્યાગ કરાવનારો દસ્તાવેજ હું પવિત્ર દેવતાઓના સોગન આપી કરાવવા માગું છું કે જેથી હમણાના રાજાના મરણ પછી પાર્લામેંટમાં બહુમતિએ જે પ્રકારનું સરકારી બંધારણ ધડવું હોય તેવું બંધારણ પ્રજા ધડી શકે અથવા તો રાજાના કોઈ અન્ય વારસને પ્રજા ગાદીપર બેસાડી શકે: અને આટલું કરી લીધા પછી હું ચાર્લ્સને તથા તેના ભાઇને કેટલાક દિવસ સૂધી આ કિલ્લામાં જ કેદ રાખી મૂકવા માગું છું કે જેથી તેની સહી સાથના બાદશાહી જાહેરનામાઓથી આખું સામ્રાજ્ય પરિચિત થઇ જાય. એ જાહેરનામાઓ પ્રકટ થતાં જ પ્રજામાં એવું નવચેતન આવશે, પ્રજાની સ્વતંત્ર ભાવનાઓનો એવો વિકાસ થઈ જશે કે ચાર્લ્સ મુક્ત થવા પછી પોતાના સૈનિક બલના અભિમાનથી કદાચ પોતાનાં પવિત્ર વચનોની અવગણના કરવા તૈયાર થશે તોપણ તે તેમ કદિ કરી શકશે નહિ—"

"શાહબાશ! મ્હારા સાહેબ! મ્હારા મિત્ર! શાહબાશ! આવી સુન્દર ભાષા મ્હેં કદિ સાંભળી નથી. શું સ્હમજ્યા, મ્હારા સાહેબ! રસેલ ને મોનમાઉથના ઉમરાવો આપણી સાથે છે—હવે પરાજયની બ્હીકજ નથી. મ્હારા સાહેબ!..."

"અજમાવી જુઓ તમારી યુક્તિ—" દારૂવાળો બોર્ન બબડયો.

"અને રાજા તથા તેનો ભાઇ આપણા પંઝામાંથી છૂટયા પછી આઠ દસ દહાડામાં જ તમે કેદખાનાની હવા ખાવા જશો—"

"ખરી વાત છે, હું પણ એવા જ મતનો છું." શેપર્ડ પીઠાંવાળો બોલ્યો.

"અને કર્નલ રમ્ઝે પોતાના મતમાં આટલી બધી ગુલાંટ ખાય છે તે જોઇ હું દિલગીર છું; કારણકે હમણાં જ એમણે કહ્યું કે આપણા મિત્ર બોર્નના વિચારો સાથે એ તદ્દન મળતા છે અને હમણાં જ કર્નલ સાહેબ ફરી ગયા છે—"

"હત્ તમારૂં ભલું થાય! મ્હારા સાહેબ? જે શક્ય અને ડ્હાપણ ભર્યું જણાય તે બધાની હું તરફેણમાં છું. માસ્ટર શેપર્ડ! તમે મ્હારૂં અપમાન કરવા માગો છો?—" રમ્ઝેએ કહ્યું.

"નહિ. કર્નલ! તેમ નથી. પણ આ વખત એવો છે કે દરેક જણે ખુલ્લા દીલે વાત કરવી જોઈએ." શેપર્ડ બોલ્યો.

"બોર્ને હમણાં કહ્યું તે સવિસ્તર કહેવાવું જોઇએ. આ સ્થલે માર્મિક ભાષા વાપરવાની જરૂર નથી. તેથી હું તમને સ્પષ્ટ હકિકત કહી દઉં છું. જ્યારે ચાર્લ્સ સ્ટુઅર્ટ અને તેનો ભાઈ આ ઓરડામાં કેદી તરિકે ઉભા રહે ત્યારે કટાર, તલવાર કે પીસ્તોલથીજ તેમનો સત્કાર કરવો જાઇએ; નહિ તો થોડા દહાડા પછી આપણને પોતાને ફાંસીને માચડે ચઢવાનો પ્રસંગ આવશે."

શેપર્ડના આ ટૂંકા ભાષણને બોર્ન, અગરીઆ જોસીઆહ ફીલીંગ તથા બાર્બરે તાળીઓના અવાજથી વધાવી લીધું. બાકીનાઓ તે ગુપચુપ સાંભળી રહ્યા. કર્નલ રમ્બોલ્ડને તથા શ્રોતાઓમાંના ઘણા જણને આ ખૂની સૂચના પસંદ પડી નહિ અને ખૂની વિચારોનું પ્રાબલ્ય વધી ન જાય તે માટે કર્નલ ઉભો થઇ બોલ્યોઃ

"નહિ. ગૃહસ્થો! કદિ પણ હું ખૂન કરવાના કામમાં સમ્મત થઇશ નહિ. નહિ—કદિ પણ એમ નહિ બનશે...." તે ભાર દઇને પ્રચંડ સ્વરે બોલ્યો. ચાર પાંચ જણ સિવાય બાકીનાઓએ તેને હર્ષ-નાદથી વધાવી લીધો.

"જો કે મને તથા મ્હારાં પ્રિયજનોને ચાર્લ્સ સ્ટુઅર્ટને હાથે અનેક જૂલમો સહન કરવા પડયાં છે છતાં હું આવા ખૂની વિચારને હૃદયમાંથી નિર્મૂલ કરી શકું છું તો હું તમને પુછું છું કે તમે, તમને ચાર્લ્સ સાથે કોઇ પણ જાતનું અંગત વૈર ન હોવા છતાં શું આવી નિર્દયતાને તમારા હૃદયમાંથી હાંકી કહાડી નહિ શકો?..."

"એ ખરૂં...." જોસીઆહ ફીલીંગ પોતાની સાપ જેવી ઝીણી આંખો પલકાવતો બોલ્યો.

"પણ જૂલમીઓને ઠેકાણે લાવવાનો એકજ રસ્તો છે. તેમને હડખાયા કૂતરાની પેઠે અથવા પિંજરામાંથી છૂટી ગયલા જંગલી જાનવરની પેઠે પૂરા કરી નાખવા જોઇએ."

"યુદ્ધ ભૂમિમાં કતલ કરવી તે પણ ખરાબ છે....તો પછી મનુષ્યોના ખૂન કરવા! આહ! પ્રભુ બચાવે! નહિ—કદિ પણ નહિ. હું કદિ પણ એવા ખૂની કામમાં સમ્મત થઇશ નહિ. અને અત્રે વિરાજેલા ગૃહસ્થોના મ્હોટા ભાગની ઇચ્છા મ્હારા જેવીજ છે એ હું જોઇ શકું છું. તેથી બહુમતિથી આપણે એવા નિશ્ચય પર આવીએ છીએ કે રાજા તથા તેના ભાઇને અત્રે કેદ કરી, આપણો હેતુ પાર પડે ત્યાં સુધી રોકી રાખવા સિવાય તેમના શરીરને આપણે બીજી

કોઇ પણ રીતે ઇજા કરીશું નહિ—"

"અને જો ચાર્લ્સ સ્ટુઅર્ટ તથા ડયુક ઑફ યોર્ક તમે જે સરતો કહી તેમાંની એકનો પણ સ્વીકાર કરવાની હઠીલાઇથી ના પાડે તો ?—" શેપર્ડે પૂછ્યું.

"આપણે તેમને ભય બતાવીશું: પણ હું પ્રભુને હાજર ગણીને ગણું છું કે એ ભય તેમને ધમકાવવા માટેજ બતાવવામાં આવશે. મ્હારી ખાત્રી છે કે આપણી અડગ દઢતા જોતાં જરૂર ચાર્લ્સ અને તેનો ભાઈ શરણ થઈ જશે.!..." કર્નલ રમ્બોલ્ડે ખુલાસો કરવા માંડયો.

"અત્રે એક બીજી બાબતની હું તમને ખબર આપવા માગું છું અને મને લાગે છે કે આપણી યુક્તિ પાર પાડવામાં તે આપણને ઘણી ઉપયોગી થઈ પડશે. આ ઓરડામાં આવવાના દાદરના તળિયા આગળ એક બારણું છે તે તમે જોયું હશે. એ દ્વારમાંથી એક ભોંયરામાં જવાય છે કે જે "નીધર હૉલ" સુધી લંબાયલું છેઃ ખરેખર, આ વાત સાંભળી તમારામાંના કેટલાક આશ્ચર્ય પામશે અને કેટલાકને મ્હારી વાત પર અવિશ્વાસ પેદા થશે. પણ જેઓ મ્હારા સ્વભાવથી સારી રીતે પરિચિત છે તેઓ જાણે છે કે ગમ્ભીર અને અગત્યની મંત્રણા સમયે કોઇ પણ જાતની મશ્કરી કરવાની મને ટેવ નથી. હું કસમથી કહું છું કે એવું ભોંયરૂં અસ્તિત્વમાં છે અને તેથી ગૃહસ્થો! જો એ ભોંયરામાં ચાર્લ્સ સ્ટુઅર્ટને તથા ડયુક ઑફ યોર્કને આપણે થોડાક દિવસ પૂરી રાખીએ તો એ વાત કોઇની જાણમાં આવવા પામશે એમ તમે માની શકો છો ?—"

"શાહબાશ! હુરરા! મ્હારા સાહેબ! હવે તો વિજય વિષે મને શંકાજ નથી. આ છેલ્લી બીના આપણા ચળકતા સીતારાની સાબીતી આપે છે. મ્હારા સાહેબ! હવે એ ભોંયરાનીજ રાજા સાહેબને હવા ખાવા દો. હવે પીસ્તોલ કે ખંજરની જરૂર જણાતી નથી, સ્હમજ્યા મ્હારા સાહેબ!—"

"કર્નલ રમ્બોલ્ડ! રાઇ હાઉસમાં હમણા તમે કહ્યું તેવું ભયંકર ભોંયરૂં હશે તેનો તો મને ખ્યાલ પણ ન્હોતો આવ્યો. હવે કલ્પના કરો, ગૃહસ્થો! એ એકાન્ત અંધારા ભોંયરામાં ઉંદરોની સંગતમાં પાણી અને સૂકી રોટલી પર જ્યારે મહારાજા સાહેબ અને તેમના ભાઇ મોજ કરશે ત્યારે આપણી સરતો મંજુર કરી, મુક્ત

થવાને માટે તેઓ ઉલટા આપણી વિનવણી કરશે તે વિષે મને તો જરા પણ શક લાગતો નથી." વેસ્ટ વકીલ બોલ્યો.

"ઠીક. હું એ ભોંયરામાં રાજાને કેદ કરવાનો વિચાર પસંદ કરૂં છું." પોતાની ખૂની ઇચ્છા રાજાને ભયંકર ભોંયરામાં કેદ કરવાની વાત સાંભળી કંઇક અંશે તૃપ્ત થયલી જોઇ ઓર્ન દારૂવાળો બોલ્યો.

"જ્યારે પીસ્તોલ, ખંજર કે તલવારનો ઉપયોગ ન કરવાની તમારી ઇચ્છા છે તો હું પણ રાજાને ભોંયરામાં મઝા કરાવવાની તરફેણમાં મ્હારી સમ્મતિ દર્શાવું છું." શેપર્ડે કહ્યું.

"આપણે ઘણી વાત કરી અને ઘણા મત રજુ કર્યા—" મી૦ વેસ્ટ બોલ્યો.

"પણ હવે એક મતે આપણે શું કરવું તે વિષે એક નિશ્ચિત મત પર આવવું જોઇએ."

"અરે! મ્હારા સાહેબ! એમ શું કરો છો? લગભગ બધી મુખ્ય બાબતો તો ક્યારની નક્કી થઇ ગઇ છે..." રમ્ઝેનો લવારો શરૂ થયો.

"અને તે બધાએ માન્ય કરી છે. ચાર્લ્સ સ્ટુઅર્ટ ને ડયુક ઑફ યોર્કને કેદ કરવા—રસેલ ને તેના ઉમરાવ મિત્રો તો આપણી સાથેજ છે—સ્હમજ્યા! તે પછી તમે જાણો છો કે એ રાજા, ને ડયુક ને બધા શ્રીમંત ઉમરાવોને આપણે જેમ આજ્ઞા કરશું તેમ કરવુંજ પડશે..."

"પણ આપણી યુક્તિનો અમલ કેવી રીતે કરવામાં આવશે?" સર થોમસ આર્મસ્ટ્રોંગે પૂછ્યું.

"એ કામ સહેલું અને સરલ છે." રમ્બોલ્ડે જવાબ આપ્યો.

"ન્યુમાર્કેટ રોડ તબેલા અને કોઠારગૃહ આગળની ઘાસ વાળી જમીનની પાસે ઘણો સાંકડો થઈ જાય છે અને રાજાની ગાડી જેવી આવી પહોંચે કે તરત ત્યાં મ્હારો એકાદ ખટારો જાણી જોઇને ઉંધો વાળી નાખવાની હું વ્યવસ્થા કરી મૂકીશ: આપણે આજે ભેગા મળ્યા છીએ તે બધા, મ્હારા નોકરો અને જો તમને યોગ્ય જણાય તો લંડનમાંના આપણા દસ બાર પક્ષકારો તબેલામાં અને કોઠાર ગૃહમાં સંતાઇ રહીશું. રાજાની ગાડી આવી પહોંચશે કે રસ્તામાં ખટારો પડેલો હોવાથી તે આગળ જઇ શકશે નહિ. રાજાની સાથે જે પાંચ છ સૈનિકો હશે તે માર્ગમાંથી ખટારો ખસેડવા જશે;

પણ એટલામાં આપણે આપણી ગુપ્ત જગ્યામાંથી બહાર નીકળી એક-દમ તેમને કેદ કરી લઇશું. બાકીનું બધું તમે સ્હમજી ગયા હશો. રાજવંશી ગાડીમાં જે પણ હોય તે બધાને કેદ કરવામાં આવશે. હજુરિયા કે અન્ય કોઈ પણ માણસ ગાડીમાં હોય તેમને તથા આજુ બાજુ તે જગ્યાએ કોઈ એ બનાવ જોતું હોય તો તેને પણ આપણા કબજામાં લઈ લેવાની જરૂર છે. ટૂંકામાં ચાર્લ્સ સ્ટુઅર્ટ અને ડયુક ઑાફ યોર્ક એકાએક જાણે પૃથ્વી તેમને ગળી ગઇ હોય તેમ જગતમાંથી અદૃશ્ય થઇ જશે. રાજવંશી ગાડી દારૂ ગાળવાના ઘરમાં સંતાડી દેવામાં આવશે–તેના અશ્વો મ્હારા તબેલામાં જશે અને અરધા કલાકમાં ત્યાં કંઇ પણ ધાંધલ થઇ હતી તેનાં ચિન્હો રસ્તા પરથી નષ્ટ થઇ જશે—"

"ખરેખર, હેનીબલ! આજે તમે અજબ કામ કર્યું છે! શું સ્હમજ્યા મ્હારા સાહેબ! આપણે બધા તમારા માણસોની મદદથી એ કામ હું એક દારૂનું પ્યાલું જેટલી સહેલાઇથી ગળે ઉતારી શકું છું તેટલીજ સરલતાથી કરી શકીશું, સ્હમજ્યા મ્હારા સાહેબ?–" કર્નલ રમ્ઝે બોલ્યા.

"જો જરૂર જણાશે તો–" માજી અન્ડરશેરીફ ગુડીનો બોલ્યો.

"તે દિવસે આપણા કામ માટે લંડનમાંથી બારેક માણસો લાવી આપવાનું હું માથે લઉં છું."

"હવે..." મી૦ ફરગ્યુસન બોલ્યો.

"જ્યારે આપણે પુખ્ત વિચાર કરી અમુક નિર્ણય પર આવી ચૂકયા છીએ ત્યારે આપણામાંથી ત્રણ અથવા પાંચ ગૃહસ્થોની સબ કમીટી આવશ્યક બાબતોનો ફડચો કરવા માટે નીમવાની હું દરખાસ્ત મૂકું છું. સબ કમીટીમાં કર્નલ રમ્બોલ્ડ તો ખાસ કરી હોવાજ જોઇએ. મી૦ શેપર્ડ તેમની નજીક રહે છે એટલે તેમની પણ જરૂર છે. જો આપણા મિત્ર કર્નલ રમ્ઝે અલ્પ સમય માટે કર્નલ રમ્બોલ્ડને ત્યાં અથવા મી૦ શેપર્ડના પીઠાંમાં પોતાનો મુકામ રાખે તો તેમની સેવા આપણને ઘણીજ ઉપયોગી થઇ પડશે. હું પોતે અંતઃકરણપૂર્વક આ હીલચાલમાં રસ લેતો હોવાથી સબ કમીટી અને લૉર્ડ વીલીઅમ રસેલ વચ્ચે હું એક એલચી જેવું કામ કરીશ—"

"મી૦ ફરગ્યુસન કરતાં તેમણે જે કામ માથે લેવાનું સ્વીકાર્યું

છે તે માટે મને બીજો કોઈ વધુ યોગ્ય માણસ જણાતો નથી." મી૦ વેસ્ટે ફરગ્યુસનની પ્રશંસા કરવા માંડી.

"કારણ કે એ કામમાં બુદ્ધિ, દીર્ઘદર્શીત્વ, ચાણાક્યનીતિ દૃઢતા ઉપરાંત નમ્રતા, વિનય અને સ્હામા હૃદયને મીઠાશથી સ્હમજાવવાની કલાની જરૂર છે. એ ઉમરાવ ગૃહસ્થ સાથે મી૦ ફરગ્યુસનજ સારી રીતે કામ લઇ શકશે."

"બસ ત્યારે, મ્હારા સાહેબો! બધું હવે નક્કી થયું... હવે હેનીબલ! મહેરબાની કરી બાટલી બહાર કહાડો કારણ કે મ્હારૂં ગળું જાણે હું વીસેક માઇલથી ઘોડા પર સવાર થઇને ધૂળવાળા રસ્તા પરથી આવ્યો હોઉં તેમ સૂકાઇ ગયું છે...માટે શરાબ બહાર કાઢો સ્હમજ્યા, મ્હારા મિત્ર!—"

કર્નલ રમ્બોલ્ડ ખુરશી પરથી ઉભો થયો અને "કપબોર્ડ" ઉઘાડતાં વાર કર્નલ રમ્ઝેની નજરે શરાબની સુગંધ આવતાં તરતજ તેના મ્હોમાં પાણી છૂટયું. તે બાટલીઓ ને પ્યાલીઓ બ્હાર કહાડવામાં પોતાના સ્વાતંત્ર્યપ્રિય મિત્રને સહાય કરવા વિના બોલાવે દોડી ગયો.

આનન્દથી સઘળા શરાબદેવીની પૂજા કરવામાં મસ્ત બની ગયા.

પ્રકરણ ૨૬ મું.

હેન્રીએટ્ટા.

કર્નલ રમ્ઝે હવે "રાઇહાઉસ" માં રહેવા આવ્યો. રમ્બોલ્ડનો તે જીવજાન મિત્ર હોવાથી બહારથી જાણે તે ત્યાં થોડા દિવસ માટે મહેમાન આવ્યો હોય એવો તેણે દેખાવ કર્યો; પરન્તુ વસ્તુસ્થિતિ જૂદીજ હતી તે વાંચનાર જાણે છે. રાજ્ય સ્હામે જે કાવત્રું સ્વરાજ્યવાદીઓ કરવાને તૈયાર થયા હતા તેને લગતી વ્યવસ્થા કરવામાં કર્નલ રમ્બોલ્ડને સહાય કરવા તે "રાઇહાઉસ" માં આવી રહ્યો હતો. કર્નલની પત્નિ મિસીસ રમ્બોલ્ડ તથા તેની બ્હેન હેન્રીએટ્ટા કર્નલ રમ્ઝે મહેમાન આવવાથી અજબ થઈ નહિ કે તેના આગમનમાં કંઇ પણ વિશિષ્ટ હેતુ હોવો જોઇએ એવી ઝાંખી શંકા પણ તેમને ન આવી કારણકે રમ્ઝેને રમ્બોલ્ડ સાથે ગાઢ મિ-

ત્રતા હતી એ વાત બન્ને સ્ત્રીઓ સારી પેઠે જાણતી હતી. વળી મિસીસ રમ્બોલ્ડ એટલી શાન્ત, નમ્ર અને આજ્ઞાંકિત હતી કે તે પોતાના પતિનાં કામોપર નજર રાખવાની કદિપણ જરૂર જોતી નહિ. પતિની દરેક આજ્ઞાને—દરેક ઇચ્છાને શરણ થવાને તે ટેવાયલી હતી અને તેનું હૃદય એટલું બધું પવિત્ર, ભોળું અને નિર્દોષ હતું કે તે જગતને પોતાના જેવુંજ જોતી! પ્રપંચી હૃદયોનાં પ્રપંચો તેના હૃદયથી હજારો કોસ દૂર રહેતાં. કોઇના વર્તન પર બારિક નજર રાખી અનેક કલ્પના કરવાની તેને ટેવજ ન્હોતી. જ્યારે હેન્રીએટ્ટાને ભૂતજીવનમાં ચાર્લ્સે દીધેલા દગાથી એવો ભયંકર અને અસહ્ય વજ્રપ્રહાર થયો હતો કે હમ્મેશાં તે પોતાના દુઃખી જીવન વિષેના હૃદયવિદારક વિચારોમાંજ ગૂંથાઇ રહેતી એટલે કર્નલ રમ્ઝેના આગમન પર વિચાર કરવાની તેને નવરાશજ ન્હોતી.

આમ છતાં કેટલાક દિવસમાં હેન્રીએટ્ટા રમ્બોલ્ડ સ્હમજી શકી કે તેનો ભાઈ અને કર્નલ રમ્ઝે દરરોજ સ્હાંજે કંઇ ગુપ્ત મસલત કરવા માટે "રક્ષાગૃહ" માં ભેગા મળતા હતા. એક દાસીને મ્હોડેથી વાતમાં ને વાતમાં તેને ખબર પડી ગઈ કે "કિંગ્સ આર્મ્સ" નો માલિક શેપર્ડ પણ તે વખતે કર્નલની ઑફિસમાં આવતો હતો. મિસીસ રમ્બોલ્ડ દ્વારા પણ હેન્રીએટ્ટાને ખબર મળી કે તેનો ભાઈ આજકાલ મોડી રાત સુધી રમ્ઝે સાથે ગપ્પાં મારતો બેસી રહેતો હતો. પોતાનો પતિ શયનગૃહમાં મોડો આવે છે એવી મિસીસ રમ્બોલ્ડે ફરિયાદ ન્હોતી કરી; પણ ઉલટું તેણે પોતાના પતિનો પક્ષ લઇ એક દહાડો હેન્રીએટ્ટાને એમ કહ્યું.

"કર્નલ રમ્ઝે જરા કડક સ્વભાવના છે તથા તેમની ભાષા બહુ સંસ્કારી નથી; છતાં તે ઘણા મળતાવડા અને સારા માણસ છે. રીચર્ડનો તેમના પર ઘણો પ્રેમ છે. બન્ને દોસ્તો લડાઈમાં સાથે લડ્યા હતા અને તેમને અનેક જાતની વાત કરવાની હશે એ હું સ્હમજી શકું છું. તેથી રિચર્ડ રાતના મોડે સુધી તેમની સાથે વાત કરતા બેસી રહે છે તેથી હું અજબ થતી નથી. મ્હારી ખાત્રી છે કે રમ્ઝે સાથે વાત કરતાં તેમને ઘણો આનંદ મળે છે અને રિચર્ડને જે ભયંકર યાતના છેલ્લા મહિનાઓમાં સહન કરવી પડી છે તે પછી તેમનું મન બીજી દિશાએ વાળે એવા મિત્ર અત્રે મહેમાન આવ્યા છે એ બીનાથી ઉલટી હું તો રાજી થાઉં છું—"

આવી રીતે મિસીસ રમ્બોલ્ડે એક દહાડો હેન્રીએટ્ટા સાથે તે એકલી હતી ત્યારે વાતમાં ને વાતમાં કહ્યું. રમ્બોલ્ડની પત્નિએ તેના પતિના આચરણમાં કંઇ પણ શંકાજનક પરિવર્તન જોયું ન્હોતું; પણ હેન્રીએટ્ટાના હૃદયમાં હવે વિચિત્ર અને ભયજનક શંકાઓ થવા લાગી. તે કંઇ સ્પષ્ટ બોલી તો નહિ; પણ જ્યારે તે પોતાના ઓરડામાં એકલી પડતી ત્યારે જે વાત તેને કાને અથડાઇ હતી તે પર ગમ્ભીર વિચાર કરતી. તે સારી પેઠે જાણતી હતી કે તેનો ભાઈ જો કે અભિમાની ન્હોતો છતાં ખાસ કારણ વિના શેપર્ડ જેવા માણસને પોતાનો ગાઢ મિત્ર બનાવે એવો તો નજ હતો. વળી રમ્ઝેની ભાષા એવી આનંદજનક કે રસિક ન્હોતી કે જેથી ફક્ત તેની વાત સાંભળવા માટેજ તે મોડી રાત સુધી તેની સાથે બેસી રહે. જે વિષયમાં કર્નલ રમ્બોલ્ડ પોતે રસ લેતો હોય એવી કંઈ પણ બાબતની ચર્ચા થતી હોવી જોઇએ એવી શંકા હેન્રીએટ્ટાના અન્તરમાં જન્મવા સિવાય રહી નહિ. શેપર્ડના રાજ્યદ્વારી વિચારો બરાડા પાડીને તેણે લોકોને વારંવાર જણાવી દીધા હતા એટલે "રાઇહાઉસ" માંના તથા આસપાસના બધા માણસો તે જાણતા હતા. કર્નલ રમ્ઝે એક વૃદ્ધ "આયર્નસાઈડ" હતો અને તેથી હેન્રીએટ્ટા એવા નિશ્ચય પર આવી કે તેમની ચર્ચાનો વિષય રાજ્યદ્વારીજ હોવો જોઇએ. પેલા વીસ ગૃહસ્થોની જે સભા "રાઇહાઉસ" માં મળી હતી તેમાંના ઘણા ખરા રિપબ્લીકનો હતા એ બીના તે જાણતી હતી. તેનો ભાઇ પોતાની મુક્તતા માટે આવો મેળાવડો કરે એવા સ્વભાવનો નથી એ હેન્રીએટ્ટા જાણતી હતી અને તેથી એ સભાનો હેતુ કર્નલને અભિનન્દન આપવાનો નહિ પણ કંઇ બીજોજ હોવો જોઇએ એવી કલ્પના તે સહેલાઇથી કરી શકી. એ સભા, કર્નલ રમ્ઝેનું મહેમાન તરિકે આગમન અને શેપર્ડ, રમ્ઝે તથા રમ્બોલ્ડની થતી મસલત—એ બધા પરથી હેન્રીએટ્ટાએ એવી શંકા કરી કે સ્વરાજ્યવાદીઓ રાજા સ્હામે કાવત્રું રચી રહ્યા છે અને તેઓ કંઇ ક્રાન્તિકારક પ્રયાસ કરવાને મથી રહ્યા છે.

આ બધી બાબતો પર ગમ્ભીર હૃદયે શાન્તિથી વિચાર કરતાં તે સત્ય હકીકતની અત્યંત નિકટ આવવા શક્તિવાન બની; પણ હજુ તેની કલ્પના સત્યજ છે એવી તેની ખાત્રી થઇ ન હતી, ચાર્લ્સ બીજાના જાહેર જૂલમો પ્રત્યે રમ્બોલ્ડના હૃદયમાં ધિક્કાર હતો, તે

એકતંત્રી શાસનનો પ્રબલ વિરોધી હતો. અને તેથી આપખુદ ચાર્લ્સની અન્યાયી રાજનીતિ સ્હામે પ્રહાર કરવાને તે હમ્મેશાં તૈયાર રહેતો. પણ ચાર્લ્સપર ક્રોધિત થવાને તેને એ સિવાય બીજાં પણ અનેક કારણો હતાં તે હેન્રીએટ્ટા જાણતી હતી. રાજા સ્હામે કંઇપણ પ્રપંચ રમાય છે એવી તેની ખાત્રી થઇ ગયા પછી પોતાના ભાઇની સલામતી માટે તે ભયથી ધ્રુજી ગઈ. જનરલ ઑલિફન્ટે કર્નલ રમ્બોલ્ડને રાજ્યદ્વારી વિષયને લગતી ડહાપણભરી સલાહ આપી હતી તે વાત એ જાણતી હતી અને જનરલની બુદ્ધિમતા, દીર્ઘદર્શીતા તથા જગતના તેના વિશાલ અનુભવ પર હેન્રીએટ્ટાને એટલો બધો વિશ્વાસ તથા પૂજ્યભાવ હતો કે જનરલ જેવો અસામાન્ય પુરૂષ પણ જે ક્રાન્તિકારક હિલચાલની વિરૂદ્ધ મત વ્યક્ત કરે એવી હિલચાલમાં કદાપિ પણ વિજય મળી શકે એ વાત તેનું હૃદય માની શક્યું નહિ. ફક્ત તેને માટેજ તેનો ભાઇ હમણાં કેદમાં જઈ આવ્યો હતો—તેને ચાર્લ્સે કરેલા ભયંકર અન્યાયથીજ રમ્બોલ્ડ તેનાપર વિશેષ ક્રોધિત થયો હતો. એ બિચારીના હતભાગ્યથી દુઃખી થઇ કર્નલે કેદખાનાનાં અસહ્ય દુઃખો સહન કર્યાં હતાં—તેના કમનસિબ પુત્રનું શું થયું તેની ખબર મેળવવા જતાં કર્નલ એવી સ્થિતિમાં આવી પડયો હતો કે જેથી જો યોગ્ય સમયે પ્રભુ સહાય ન મોકલત તો તે ક્યારનો ફાંસીને લાકડે ચઢી યમશરણ થઇ ગયો હોત ! આ બધી આફતો ફક્ત હેન્રીએટ્ટાને લીધેજ તેનાપર આવી પડી હતી અને હવે ફરીથી એ વ્હાલા ભાઇનું જીવન ભયંકર જોખમમાં આવી પડે તો તેથી તેના તથા તેના પ્રિય કુટુંબના દુઃખનો આરો પણ ન રહે એવી સ્થિતિ હતી. જગતની બાદશાહી માટે પણ હેન્રીએટ્ટા હવે ફરીથી પોતાના બન્ધુનો પ્રાણ ભયમાં નાખવા માગતી ન્હોતી; અને હમણાંનો પ્રસંગ એવો હતો કે જો એ રાજ્યદ્વારી પ્રપંચ જાહેરમાં આવે તો પુનઃ કર્નલ ભયંકર કેદખાનાનો ભોગ થઇ પડે—ફરીથી રાજદ્રોહના આરોપ માટે ન્યાયાધિશ સમક્ષ તેની તપાસ થાય—અને પરિણામ તેની વિરૂદ્ધજ આવે ! બીજીવાર તે અન્યાયી ચાર્લ્સના ક્રોધાગ્નિમાંથી બચી શકે એવા સમ્ભવ બહુ ઓછા હતા !

આવા વિચારોને લીધે હેન્રીએટ્ટા રમ્બોલ્ડ—કર્નલ રમ્બોલ્ડની દુઃખી ભગિની હવે શું કરવું ને શું નહિ તેની મુઝવણમાં આવી પડી. પોતાની શંકા પોતાના ભાઇ સમક્ષ પ્રકટ કરી તેના હાથમાં

જે કામ હોય તે તજી દેવાની કરૂણ વિનંતી તદ્દન વ્યર્થ જશે એમ તે જાણતી હતી; કારણકે એક કામ કરવાનો કૃત નિશ્ચય કર્યા પછી કર્નલનો તે નિશ્ચય તોડાવવાની તાકાત કોઇનામાં ન્હોતી. આ વાત મિસીસ રમ્બોલ્ડના કહેવામાં પણ કંઇ સાર ન્હોતો; કારણકે તે પતિ-પરાયણા એટલી બધી ભોળી અને પ્રેમાલ હતી કે કાંતો તે હેન્રી-એટ્ટાના વિચારોને હસી કહાડશે અથવા રિચર્ડ જે કામ હાથમાં લે છે તે સમ્પૂર્ણ વિચાર કર્યા પછીજ લે છે એમ ધારી વચ્ચે માથું મારવાની ના પાડશે. પોતાનો પતિ કંઇપણ અયોગ્ય કામ કરે એ બીના મિસીસ રમ્બોલ્ડને ખ્યાલમાં આવી શકતીજ નહિ. વળી રિચર્ડ તેને જો ખરેખર તે કંઇ કાવત્રું રચતો હોય તો તેથી પરિચિત કર્યા વિના રહે એમ તે બિચારી માનતી નહિ. એટલે તેને આ વાત કહેવી નિરર્થકજ છે એમ ચાર્લ્સ બીજાના પ્રેમનો ભયંકર ભોગ થઇ પડેલી હેન્રીએટ્ટાને લાગ્યું. લૉરેન્સ, રૂથ અથવા ઑલિફન્ટને આ વાતથી પરિચિત કરવાનો તેને વિચાર આવ્યો. પણ બીજીજ પળે જો કર્નલ રમ્બોલ્ડ દૃઢ નિશ્ચય કરીનેજ આ નવીન સાહસમાં ઝંપલાવવા બહાર પડયો હશે તો ઑલિફન્ટની કિંમતી સલાહ, લૉરેન્સનો ઠપકો કે રૂથનાં આંસુની તેના પર લેશ માત્ર અસર થવાની નથી એવી હેન્રીએટ્ટાની પક્કી ખાત્રી હતી. ત્યારે તેણે કરવું શું? હેન્રીએટ્ટાને હાલમાં ગુપચુપ જે બને તે જોયા કરવામાં સાર જણાયો. જેમ જેમ હીલચાલ મૂર્ત સ્વરૂપ લેતી જાય તેમ તેમ તેને વિષે પ્રાપ્ય હકિકતો મેળવી સંયોગો જોઇ પોતાના ભાઇને ભવિષ્યમાં જે રસ્તો યોગ્ય લાગે તે દ્વારા બચાવી લેવાનો વિચાર કરી હેન્રી-એટ્ટા કંઇક સ્વસ્થ થઇ.

બીજા થોડાક દિવસ વહી ગયા અને તે દરમિયાન હેન્રીએટ્ટા એ જોયું કે મી૦ ફરગ્યુસન બે કે ત્રણવાર " રાઇહાઉસ " માં આવ્યો હતો અને તેનો ભાઈ, કર્નલ રમ્ઝે તથા શેપર્ડ સાથે તેણે રમ્બોલ્ડની ઑફિસમાં ખાનગી મંત્રણા કરી હતી- હેન્રીએટ્ટાની હવે ખાત્રી થઇ ચૂકી કે રાજા વિરૂદ્ધ પ્રપંચમાલા ગૂંથાય છેજ.

એક દિવસ પાછલા પહોરે તેના મનની સ્થિતિ દયાજનક થઈ પડી. પોતાના ભાઇના જીવન માટે અનેક શંકાઓ તેને થવા લાગી. દુઃખી, ચીરાતા, મુઝાતા હૃદયે તે રમ્બોલ્ડની ઑફિસમાં જવા તૈયાર થઇ. ત્યાં તે એકલો હશે એમ તે ધારતી હતી અને જો તે એકલોજ હોય

તો તેને ચરણે પડી, તે જે પ્રાણહારક સાહસમાં ઝંપલાવવા તૈયાર થયો છે તે તજી દેવાની કરૂણ વિનંતી કરવાની તેની ધારણા હતી. પણ કર્નલ ઑફિસમાં હતો નહિ; આથી તે પોતાના ઓરડામાં જવાની અણીપર હતી એટલામાં એક ટેબલ પર એક કાગળ પડેલો તેની નજરે પડયો. તે કાગળ પર કેટલાંક નામો લખેલાં હતાં. હેન્રીએટાએ તે ટીપ વાંચી અને તેને માલૂમ પડી ગયું કે પેલી સભામાં પધારેલા ગૃહસ્થોનાં નામોજ તેમાં હતાં. ફીલીપ–કર્નલના નોકરે તે બધા કર્નલને અભિનંદન આપવા માટે આવ્યા છે એમ ઘરમાં જણાવ્યું હતું. અને બધાં હજુ એમજ માનતાં હતાં. પણ હેન્રીએટા એકલીજ ખરી હકિકત અધિકાંશે કલ્પી શકી હતી. સભામાં આવનારાઓમાંના ઘણાઓનાં નામ તે જાણતી હતી અને આ ટીપમાં તે બધાનાં નામ લખેલાં હતાં. ગર્ભિત રીતે એક પ્રપંચ રમાય છે તેની વધુ સાબીતી આ ટીપ પરથી મળી કારણકે કર્નલને અભિવંદન આપવા માટેજ જો પેલી સભા મળી હોય તો તેમાં હાજર રહેનારાના નામોની ટીપ રાખવાનું કંઇ પ્રયોજન ન્હોતું. આ નામોની ટીપ કંઇ અગત્યના કાર્ય માટેજ કરવામાં આવી હતી એ સ્પષ્ટ સ્હમજી શકાય એવું હતું.

કર્નલને પોતાની ધારણા પ્રમાણે રક્ષાગૃહમાં ન જોવાથી તે હવે શું રસ્તો લેવો તે પર શાન્તિથી વિચાર કરવાને પુનઃ પોતાના ઓરડામાં આવી. પોતાના ઓરડામાં આવ્યા પછી તેણે પોતાના હૃદયમાંથી ખોટા ભય તથા અશાન્તિને રજા આપી. શાન્તિથી, હિમ્મત રાખી તે વિચાર કરવા લાગી. વિનવણીથી, રૂદનથી, કસમ આપીને કે ગમે તે રીતે કર્નલનો નિશ્ચય ડગાવવાની આશા ફળશે એમ તેને લાગ્યું નહિ. દિન પ્રતિદિન પ્રપંચજાળ વિશેષ વ્યાપક થતી જાય છે એમ તેને લાગ્યું અને હવે અમુક પગલું ભરવાના કૃત નિશ્ચય પર તે આવી કે જેમ કરવાને તે બીજા સંજોગોમાં તૈયાર થઈ ન હોત.

જે દિવસે તેણે એ નિશ્ચય કર્યો તેજ દિવસે સ્હાંજે તેનો ભાઈ તથા કર્નલ રમ્ઝે હમ્મેશના નિયમ પ્રમાણે "રક્ષાગૃહ" માં ગયા ત્યાં સુધી તે ગૂપચૂપ બેસી રહી. રક્ષાગૃહમાં જવા પછી કર્નલ રક્ષાગૃહમાંથી ઘરમાં જવાના બારણાને તાળું માર્યા પછીજ વાત કરવા બેસતો હતોઃ હમણાં માર્ચ મહિનો પૂરો થવા આવ્યો હતો. અને આઠ વાગે કર્નલ તથા તેનો મિત્ર રક્ષાગૃહમાં દાખલ થયા તે

સમયે અંધકારની સત્તા જગત્ પર ફરી વળી હતી. પૅસૅજમાં લૅમ્પ બળતો ન્હોતો તેથી હેન્રીએટ્ટા રક્ષાગૃહના બંધ બારણાં આગળ કોઇની પણ નજરે પડયા વિના જઇને ઉભી રહી. એ બારણા આગળ ઉભા રહેવાથી તેને કોઇ જોઇ જાય એમ ન્હોતું કારણ કે જો કોઇ નોકર દાદર ઉતરી નીચે આવે તો તરતજ તેના હાથમાંના ફાનસના પ્રકાશથી કોઇ આવે છે એ બીના હેન્રીએટ્ટાની જાણમાં આવી જાય એમ હતું અને એવી વખતે તે સહેલાઇથી પોતાના ઓરાડમાં ચાલી જઈ શકે એમ હતું કારણ કે તેનો ઓરડો ત્યાંથી વધુ દૂર ન હતો.

"રક્ષા ગૃહ" માંથી ઘરમાં જવાનું બારણું જે કર્નલ રમ્બોલ્ડે સંભાળથી બંધ કર્યું હતું અને જ્યાં હેન્રીએટ્ટા અંદર થતી વાતચીત સાંભળવા માટે ઉભી હતી તે મજબૂત હતું: પણ કિલ્લો બંધાવાને ઘણો વખત થવાથી માળ પરના પાટીઆ કંઇક બેસી ગયા હતા અને તેથી બારણા નીચેના ભાગ અને માળના પાટીઆ વચ્ચે એકાદ ઇંચ જેટલી જગ્યા થઈ હતી. જો હેન્રીએટ્ટા દ્વારના ઉંબર આગળ કાન માંડી લક્ષપૂર્વક સાંભળે તો "રક્ષા ગૃહ" માં જે વાત થાય તે બધી સાંભળી શકાય એમ હતું. તેણીએ ત્રણ જણના અવાજ સાંભળ્યા. તે અવાજ રમ્ઝે, રમ્બોલ્ડ અને શેપર્ડના હતા એ તરતજ તેણે જાણી લીધું. જે પલથી તે દ્વાર આગળ જાસુસી કરવા આવી તે પછી તેણે જે વાત સાંભળી તે અમે નીચે રજુ કરીએ છીએ:—

"ત્યારે બધું કામ યોગ્ય રીતે આગળ વધે છે ખરૂં ?" શેપર્ડ બોલ્યો.

"હા. બધું બરાબર છે, મ્હારા સાહેબ ! જરાપણ ચિન્તાની જરૂર નથી." રમ્ઝે બોલ્યો.

"ફરગ્યુસન અલ્પ સમયમાં આવી પહોંચશે અને રસેલ તથા તેના મિત્રો આપણને કેટલી સહાય કરવા તૈયાર છે તે આપણને માલુમ પડી જશે. વાહ ! જો તેઓ હવે પાછા હઠશે તો જ્યારે આપણે સત્તાવાન થઇશું ત્યારે તેમને પસ્તાવાનો વખત આવશે. હું ખરી વાત કહું છું. જો તેઓ આવશે તો તેમને આપણા હથિયાર બનાવીશું. એટલે આમ કે તેમ—ગમે તે રીતે —તેઓ આપણી દયા પરજ આધાર રાખતા રહેશે—"

"તેઓ આપણી સાથે સમ્પૂર્ણ ભળી જશેજ—" રમ્બોલ્ડ બોલ્યો.

"ફરગ્યુસન સાથે વ્યવહાર રાખીને તેમણે એવું પગલું ભર્યું છે કે હવે તેઓ ખસી જઈ શકશે નહિ—"

"સાંભળો—સાંભળો! ઘોડાનાં પગલાં સંભળાય છે," શેપર્ડે કહ્યું.

"ફરગ્યુસનજ આવતો હશે. મ્હારો વફાદાર ફીલીપ તેને તુરત અહિં મોકલવા નીચે ઉભો છે—" રમ્બોલ્ડ બોલ્યો.

"તમારા કુટુંબની સ્ત્રીઓ આ બાબતમાં કંઇપણ શંકા નથી ધરાવતી એવી તમારી ખાત્રી છે કર્નલ?—" શેપર્ડે પૂછ્યું.

"હું આ સવાલનો જવાબ આપી શકીશ. નહિ—મ્હારા સાહેબ! કર્નલનાં પત્નિ કે ભગિનીને આ બાબતમાં જરાપણ શક નથી. મિસીસ રમ્બોલ્ડ મ્હારો મિત્ર હેનીબલ તેને જે કંઇ કહે છે તે સાંભળે છે ને એની ઇચ્છા પ્રમાણેજ વર્તે છે. અને એની બહેન! ગરિબ બિચારી! તે ઘણી દુઃખી છે અને પોતાના દુઃખમાં એટલી બધી ગરકાવ થઇ ગયલી છે કે તેને આવી બાબતો પર વિચાર કરવાની ફુરસદજ નથી. ખરેખર, રમ્બોલ્ડ! તું આવું માયાળુ ને શાન્ત કુટુંબ મેળવવા માટે ભાગ્યશાળી છે—"

અત્રે હેન્રીએટ્ટાએ "ગેટવે :" માંથી "રક્ષાગૃહ" માં આવવાના દાદરનું બારણું ઉઘડવાનો અવાજ સાભળ્યો અને ફરગ્યુસનને બન્ને કર્નલ તથા શેપર્ડે આવકાર આપી બેસાડ્યો.

"તમે શું સમાચાર લાવ્યા છો, મી. ફરગ્યુસન!—" રમ્બોલ્ડે પૂછ્યું.

"ઘણા સારા સમાચાર છે, મ્હારા મિત્ર! મ્હારા સમ! હું એમના મ્હો પરથી કહી દઉં છું કે એ આનન્દજનક ખબર લાવ્યા છે. કેમ ખરી વાત છે ને મ્હારા સાહેબ!...બસ ત્યારે. હેનીબલ! ચાલો, લાવો જોઉં! પેલા કપબોર્ડમાંથી બે ત્રણ બાટલી આમ લાવો. કોઈ ભલા માણુસને નાહક તરસે મારી નાખવા એ સદ્દગૃહસ્થનું લક્ષણુ નથી—" કર્નલ રમ્બોલ્ડે પોતાની શરાબ પ્રત્યેની અનહદ મમતા સ્પષ્ટ રીતે વ્યક્ત કરી કહ્યું.

"હું તમે જેવી ખબર મેળવવાની આશા રાખો છો તેવીજ સંતોષકારક ખબર લાવ્યો છું." મિ૦ ફરગ્યુસને મ્હો મલકાવીને જવાબ આપ્યો.

"લૉર્ડ વિલિયમ રસેલ અને તેના સાથીઓ આપણી યુક્તિ પાર પાડવાનું કામ આપણા હાથમાં સોંપે છે. ડ્યુક ઑાફ યોર્ક અને

મહારાજાનું જીવન આપણા કબજામાં તેઓ આવ્યા પછી સુરક્ષિત રહેશે એ વિષેના આપણા વચન પર તેમને વિશ્વાસ છેઃ તેમની ઇચ્છા એવી છે કે, રાજા પાસે પ્રજાને માટે સ્વતંત્રતા માગનારા જે ખલિતા પર સહી કરાવવાની આપણી ઇચ્છા છે તે ખલિતો તેઓ પોતે તૈયાર કરશે અને મ્હેં તમારા એલચી તરિકે એ સરતોનો સ્વીકાર કીધો છે—"

"એમાં કંઇ વાંધો નથી મ્હારા સાહેબ ! એમાં કંઇ વાંધો નથી." દારૂનું પ્યાલું અરધું એક ખાલી કરી કર્નલ રમ્ઝે બોલી ઉઠયો.

"તેમને જોઈએ તેટલા દસ્તાવેજો તેઓ તૈયાર કર્યા કરે; મ્હારા સાહેબ ! તેમાં આપણા બાપનું શું જવાનું ? જ્યારે તેમના દસ્તાવેજો આપણા હાથમાં આવશે એટલે આપણે બધા તે પર ચર્ચા કરીશું અને ત્યારે આપણે આપણી મરજી પ્રમાણે તેમાં સુધારા વધારા કરી શકીશું; કારણકે રાજાની સહી કરાવનારા તો આપણેજ છીએ ને, મ્હારા સાહેબ ? તમે સમજ્યા કે નહિ, સાહેબ ?—"

"બરાબર સ્હમજ્યો, કર્નલ રમ્ઝે ! બરાબર એજ વિચાર મ્હારા મનમાં પણ આવ્યો હતો." ફરગ્યુસન બોલ્યો.

"મ્હેં લૉર્ડ વિલયમ રસેલને ખાત્રી આપી છે કે, એ બાબતમાં તેમની ઇચ્છાનુસારજ કામ લેવામાં આવશે."

"ત્યારે તેઓ અહિં આવશે ખરા ?" રમ્બોલ્ડે પૂછ્યું.

"જરૂર આવશે. રાજા અને ડયુક ઑફ યોર્ક "રાઇહાઉસ" માં સલામત કેદ થવાની ખબર મળતાં વારમાં તેઓ અત્રે દોડી આવશે."

"અને તેઓ અહિં આવ્યા કે આપણો બેડો પાર, મ્હારા સાહેબ ! અહિં આવતાંજ તેઓ એક એવી મર્યાદા ઓળંગી આવેલા ગણાશે કે પછી પાછા ફરતાં તેમને મુશ્કેલી નડશે; અને આહ ! પછી લોકમતનો વિજય—વિજય ! આપણે એ શ્રીમન્ત જૂલમીઓને બતાવી આપીશું કે હવે એકતંત્રી શાસનના દહાડા ભરાઇ ગયા છે—" રમ્ઝેએ કહ્યું.

ચારે પુરૂષોએ હવે કાવત્રાંને લગતી બારીક વિગતોની ચર્ચા કરવા માંડી. લંડનના શ્રીમન્ત વર્ગમાં સ્પષ્ટ જાહેર થઇ ગયું હતું કે રાજા પોતાના ભાઇ સાથે "ન્યુ માર્કેટ રેસ" માં જવાનો છે, રમ્બોલ્ડે તેમને કેવી રીતે કેદ કરવા તે વિગત પુનઃ કહી સંભળાવી અને

આ રીતે હેન્રીએટ્ટા "રાઇહાઉસ" પ્રપંચની સમ્પૂર્ણ વિગતથી માહિતગાર થઇ ગઇ.

તે એવી દુઃખી સ્થિતિમાં પોતાના શયનગૃહમાં આવી કે જ્યાં આવ્યા પછી બિછાના પર પડયા પછી આખી રાત તેને સહેજ પણ નિદ્રા આવી નહિ. આ ભયંકર સાહસમાંથી પોતાના ભાઇને કેમ બચાવી લેવો તે પર તેણે ઘણો વિચાર કર્યો છતાં કંઇ નિશ્ચિત મત પર આવી શકી નહિ. તેના ભાઇનાં વ્હાલાં પ્રિયજનોની વિનવણી કે કાલાવાલાની તેના દૃઢ હૃદયપર લેશમાત્ર અસર હવે થવાની નથીજ એવી તેની વધુ ખાત્રી થઇ ગઈ. વળી આ વાત તે કર્નલની પત્નિ, પુત્રી કે જામાત્રને પણ કહેવાની હિમ્મત કરી શકી નહિ. કારણકે જો તે તેમ કરવા જાય તો તે એ બીના શી રીતે તે જાણી શકી તે તેમને કહેવાની જરૂર પડે તેમ હતું અને એ ખુલાસો કરવા જતાં તેણે પોતાના ભાઇની હીલચાલ જાણવા માટે જાસુસનું કામ કર્યું હતું એ બીના જો જાહેર થાય તો તેથી સઘળાને માઠું લાગે એમ હતું. કર્નલની પોતાની બહેન તેની જાસુસ થઇ હતી એ વાત જાણતાંજ કર્નલને અસહ્ય દુઃખ થાત એ નિઃસન્દેહ હતું. હવે શું કરવું? કેવી રીતે આ પ્રપંચબાજીમાંથી રમ્બોલ્ડને મુક્ત કરવો? હેન્રીએટ્ટાએ પોતાના દુઃખી અને નિર્બળ હૃદયને અનેક પ્રશ્નો પૂછયા; પણ તેને કંઈ જવાબ મળ્યો નહિ. એક વખત રાજાપર નનામો પત્ર લખી કાવત્રાંની હકિકતથી તેને પરિચિત કરી કાવત્રાંખોરોની બાજી ઉંધી વાળવાનો તેને વિચાર આવ્યો. આથી તે રાજદ્રોહી પ્રપંચ પાણીમાં મેળવી શકે એ વાત ખરી; પણ તેથી પ્રપંચીઓ–તેનો ભાઇ શુદ્ધાં–જાહેરમાં આવી જાય અને તેમ થાય તો તેમને ભયંકરમાં ભયંકર સજા કરવાને ચાર્લ્સ અચૂક એવો ન્હોતો એ ખ્યાલ આવતાં એ વિચાર માંડી વાળવાની તેને ફરજ પડી. તેના ભાઇને તે ભયમાંથી બચાવવા માગતી હતી. તેની ખાત્રી હતી કે એ પ્રપંચમાં તેને વિજય નથી મળવાનો અને પરાજય મળ્યા પછી પ્રપંચીઓની સ્થિતિ દયાજનક થઇ પડશે. આથી ગમે તે રીતે તે કર્નલને સહીસલામત બચાવી લેવાના ફાંફાં મારતી હતી; પણ મનુષ્ય જેમ જેમ વધુ વલખાં મારે છે તેમ તેમ વધુ મૂંઝાય છે. હેન્રીએટ્ટાની સ્થિતિ તેવીજ થઈ પડી. તેને જગત્ સમસ્તપર અંધકાર ફરી વળેલો જણાયો. તેને કંઇ સુઝયું નહિ. તેની બુદ્ધિજ બહેર મારી ગઇ. વિચાર–ભયંકર વિચારમાં તે લીન થઇ ગઈ. મુઝવણુ–અસહ્ય મુઝવણમાં તે આવી પડી.

બીજે દિવસ હેન્રીએટ્ટાએ આવાજ વિચારોમાં પસાર કર્યો; પણ તે કંઈ પરિણામ નીપજાવી શકી નહિ. તે આખો દહાડો પોતાના ઓરડામાં કંઇ પણ નિશ્ચયપર આવવાને વલખાં મારતી પડી રહી. પણ તે નિરાશજ થઇ. તે વધુ ને વધુ મુઝાવા લાગી. દુઃખ, નિરાશા અને મુંઝવણથી પીડાઇ તે રડવા લાગી. આવતી કાલે સ્હવારે અશ્વોની સરત રમવાની હતી. સરત બે દિવસ ચાલવાની હતી અને બીજે દિવસે પાછલા પહોરે વિદ્રોહીઓ પોતાની યુક્તિનો અમલ કરવાના હતા. ભયંકર કટાકટીનો વખત આવી પહોંચ્યો હતો અને હજુ હેન્રીએટ્ટા કંઇપણ કરી શકી ન્હોતી. શું થશે ? એ પ્રશ્ન તેના હૃદયને કોરી ખાતો હતો.

"રક્ષાગૃહ"માં તેણે રાજદ્રોહી પ્રપંચની જે વાત છૂપાઇને સાંભળી હતી તે રાત્રી જેમ તેમ પસાર કરી સ્હવારે તે જાગી ત્યારે તેનું માથું દુઃખતું હતું અને છાતી ભયથી ધડકતી હતી. પોતાના ઓરડામાં સહેજસાજ નાસ્તો લઇ તે "રાઇહાઉસ" ના બગીચામાં નિર્મળ હવામાં જરાવાર ફરવા નીકળી. અગિયારેક વાગ્યાને શુમારે તેણીએ ખાઇના પુલ પર અશ્વના પગલાંનો અવાજ સાંભળ્યો અને "કોર્ટયાર્ડ" માં જતાં જનરલ ઑલિફન્ટ તથા તેના નોકરને તેણીએ ઘોડાપરથી ઉતરતા જોયા. કર્નલ અને મિસીસ રમ્બોલ્ડ તેમના આ શુભેચ્છક મિત્રના આગમનની ખબર એક નોકરે આપતાં તેનું સ્વાગત કરવાને દરવાજા આગળ આવી પહોંચ્યાં હતાં.

ઑલિફન્ટને આ પલે જોઇ પ્રભુએજ તેને ત્યાં મોકલ્યો હોય એવું હેન્રીએટ્ટાને લાગ્યું. તેજ પલે તેના મગજમાં એક નવો વિચાર સ્ફૂર્યો. તેનું હૃદય આનંદથી ઉછળી રહ્યું અને આ વિચાર પહેલાં કેમ ન આવ્યો તે માટે તે આશ્ચર્ય પામવા લાગી.

ઑલિફન્ટ કર્નલ, તેની પત્નિ તથા હેન્રીએટ્ટાને વિનયથી નમન કરી સર્વના કુશલ મંગલ પૂછતો ઘરમાં દાખલ થયો. કર્નલ રમ્ઝે કાવત્રાંને લગતા કંઇ કામમાં ફરગ્યુસનને સહાય કરવા લંડન ગયલો હોવાથી તે હમણાં દુર્ગમાં ન્હોતો. ઑલિફન્ટે રૂથ અને લૉરેન્સ આનન્દમાં છે એમ કહ્યા પછી ઉમેર્યું:

"તેઓ આજે મ્હારી સાથે જ અત્રે આવ્યાં હોતઃ પણ હું તમને બધાંને થોડાક દિવસ લંડન પધારવાનું આમંત્રણ કરવા માટે જ આવેલો હોવાથી તેમને આવવાની જરૂર નથી એમ મ્હેં તેમને

કહ્યું હતું: આઠ દસ દહાડામાં હું મ્હારી પદવીનો ચાર્જ લેવા અમેરિકા જવાનો છું અને તેથી જે મિત્રો મને અત્યંત વ્હાલાં છે તેમના સહવાસમાં હું થોડાક દિવસ ગાળી આનન્દ ભોગવવા માગું છું તેથી આજથી ત્રીજે દિવસે હું તમને ત્રણેને લીન્કન્સ ઇન ફીલ્ડઝમાં પધારવાનું સસ્નેહ નિમંત્રણ કરૂં છું—"

"તમે જાણો છો, મ્હારા મિત્ર ! કે તમારા આમંત્રણનો સ્વીકાર કરવાથી મને સૌથી વિશેષ આનન્દ મળે એમ છે પણ ધંધાને લગતા અત્યંત કામના બોજાને લીધે મારાથી આવી શકાશે નહિ એવું મને લાગે છે કારણકે જ્યારે હું કેદમાં હતો ત્યારનું બધું કામ પડી રહ્યું હતું અને તે હવે મ્હારે સંભાળી લેવું જોઇએ. મ્હારી પત્નિ અને બ્હેન ખુશીથી તમારા આમંત્રણને માન આપી જરૂર તમારે ત્યાં આવશે અને જો કે હું એમની સાથે તમારે ત્યાં આવી શકતો નથી તે માટે દિલગીર છું છતાં હું તમને વચન આપું છું કે તમે જે દિવસે જવાના હશો તેને આગલે દહાડે હું તમારી સેવામાં હાજર થઇશ—" કર્નલે જવાબ આપ્યો.

"તમે આજકાલ વ્યાપારમાં ગુંથાઇ ગયલા લાગો છો—" ઑલિફન્ટ વૃદ્ધ કર્નલને શેકહેંડ કરી બોલ્યો.

"અને તમને તમારા કર્તવ્યથી વિમુખ કરવાનું હું પસંદ કરતો નથી. આથી ભલે તમારી ઇચ્છા પ્રમાણે થવા દો. પણ યાદ રાખજો કે હું જાઉં તે પહેલાં એક દહાડો અગાઉ તમારે મ્હારે ત્યાં આવવું પડશે. બસ એટલાથી હું સંતોષ પામીશ......બ્હેનો ! હું આજથી ત્રીજે દિવસે તમને મ્હારે ત્યાં પધારવાની અરજ કરૂં છું. અને તે દિવસે સ્હવારે તમને "રાઇહાઉસ" થી લંડન લઇ આવવા માટે હું ગાડી મોકલાવીશ."

મિસીસ રમ્બોલ્ડ તથા હેન્રીએટ્ટાએ આ નિમંત્રણનો સ્વીકાર કર્યો. કર્નલની પત્નિએ તો કર્નલે જે બહાનું કહાડ્યું તે તદ્દન સાચું જ માન્યું પણ ઑલિફન્ટે કહ્યું તે દિવસે "રાઇહાઉસ" છોડવાની કર્નલે શા માટે ના પાડી તે હેન્રીએટ્ટા આબાદ સ્હમજી ગઇ.

હેન્રીએટ્ટા હવે ઑલિફન્ટ સાથે ખાનગીમાં થોડીક વાતચીત કરવાનો પ્રસંગ મેળવવા માટે આતુર બની પણ એવો પ્રસંગ તેને મેળવતાં મુશ્કેલી નડી. કર્નલ સાથે જનરલે બગીચામાં તથા કિલ્લાની આસપાસ ફરવામાં જ બે ત્રણ કલાક પસાર કરી નાખ્યા—પછી ભોજ-

નનો સમય થયો—અને તે પછી પોતાના મહેમાન સાથે વાત કરવા કર્નલ તથા તેની પત્નિ દિવાનખાનામાં બેઠાં. છ વાગવા આવ્યા. આ વખતે ઑલિફન્ટે પોતાનો અશ્વ તૈયાર રાખવાની નોકરને આજ્ઞા કરી હતી અને હજુ હેન્રીએટ્ટા તેથી સાથે વાત કરવાની તક મેળવી શકી ન્હોતી. અન્તે તેની આશા ફળી. તેની ભાભી કંઇ કામ માટે ઘરમાં ગઈ—કર્નલને કોઇ ખેડૂત મળવા આવવાથી તે ઑફિસમાં ગયો અને હેન્રીએટ્ટા અને ઑલિફન્ટ એકલાં પડયાં.

"જનરલ ઑલિફન્ટ !—" કર્નલ ગયા પછી બારણું બંધ થયા પછી ઉતાવળથી હેન્રીએટ્ટા બોલી.

"હું તમારી પાસે એક અત્યંત વિનીત અરજ કરવા માગું છું અને તે તદ્દન ગુપ્ત રાખવાની હું તમને અરજ કરૂં છું. તમારૂં આગમન થયું તે પલથીજ હું તમારી સાથે વાત કરવાને ચિન્તાતુર થઇ રહી હતી—"

"બોલો, મિસ રમ્બોલ્ડ ! તમે જાણો છો કે તમારી આજ્ઞાનુસાર વર્તવાને હું તૈયાર છું—" ઑલિફન્ટ બોલ્યો.

"તમારી શક્તિ મહાન્ છે, જનરલ !—" હેન્રીએટ્ટા ધડકતી છાતીએ બોલી.

"પણ અરે ! કોઈનાં પગલાં સંભળાય છે...નહિ—સાંભળો—પ્રભુને ખાતર આવતી કાલે તમે સરતમાં જજો—જરૂર જજો—તમે રાજાને તમારી મરજી પ્રમાણે ચલાવી શકો છો—પણ જુઓ—વળી કોઇ આવતું જણાય છે—"

"નહિ. તમારી ખોટી ભ્રમણા છે. બોલો—"

"હું જેમ કહું છું તેમ તમે કરશો ?" હેન્રીએટ્ટા બોલી.

"હા. તમે તેમ કરશો જ. મ્હારી ખાત્રી છે. બધો આધાર તમારા પર છે; પણ પ્રભુને ખાતર મ્હારા ભાઇને કંઇ કહેતા નહિ—"

"ભય ના રાખો, મિસ રમ્બોલ્ડ! બોલો—આગળ બોલો—તમે મ્હારાપર વિશ્વાસ રાખો—" ઑલિફન્ટ બોલ્યો.

"આહ ! તમારો કેવો આભાર !—" બારણા તરફ વારંવાર જોતી હેન્રીએટ્ટા બોલી.

"કાલે સરતમાં તમે જજો......અને ગમે તે રીતે...પણ અરે ! રામ ! કોઇ આવે છે—"

" તમે એક ચીઠ્ઠી લખી મને આપો—" ધીમા સ્વરે ઍાલિફન્ટે કહ્યું અને તે પછી બીજીજ પલે મિસીસ રમ્બોલ્ડ અંદર આવી.

બીજી મિનિટે કર્નલ રસ્બોલ્ડ ત્યાં આવી પહોંચ્યો. બે ચાર મિનિટમાં ફીલીપે આવી ઍાલિફન્ટનો અશ્વ તૈયાર છે એવી ખબર આપી.

" મ્હારી વ્હાલી ભત્રીજીને હું એક ચીઠ્ઠી લખી આપું છું તે આપજો, જનરલ !—" એમ કહી હેન્રીએટ્ટા એક ટેબલ પાસે ગઇ. અને એક ન્હાની ચીઠ્ઠી ઉતાવળથી લખી તેણે ઍાલિફન્ટને આપી. તેજ પલે હેન્રીએટ્ટાએ ઍાલિફન્ટપર એક માર્મિક નજર ફેંકી કે જેનો અર્થ તે સ્હમજી શકયો.

" તમે નિશ્ચિંત રહેજો, હું એ ચીઠ્ઠી જરૂર લેડી લૅારેન્સને આપીશ. " પોતાના પ્રથમ વાકયપર ભાર મૂકી ઍાલિફન્ટ બોલ્યો.

જનરલ ઍાલિફન્ટ તે પછી " રાઇ હાઉસ " માંથી વિદાય થયો.

પ્રકરણ ૨૭ મું.

" રાઇહાઉસ " નો રાજદ્રોહી પ્રપંચ.

જનરલ ઍાલિફન્ટ " રાઇહાઉસ " માં કર્નલના કુટુંબને નિમંત્રણ કરવા આવ્યો તેજ દિવસે પાછલા પહોરે રાજવંશી ગાડી લંડનથી ન્યુમાર્કેટ ઉપડી ગઇ હતી. તેનું વર્ણન કરવાની આ સ્થલે જરૂર જણાતી નથી. શેપર્ડ પોતાના પીઠાંના આંગણામાં આતુર હૃદયે રાજવંશી ગાડીમાં કોણ કોણ છે તે જોવાને ઉભો હતો અને જ્યારે ગાડી આવી પહોંચી ત્યારે તેમાં ચાર્લ્સને તથા તેના ભાઇ ડયુક ઍાફ યૅાર્કને જોઇ તે અત્યંત આનંદ પામ્યો. રાજાની સાથે રસાલામાં આઠ સશસ્ત્ર ઘોડેસ્વારો હતા. એક કોચમેન કોચબોક્ષપર બેઠો હતો અને એક અનુચર અશ્વોની સાથે દોડતો હતો. તે ઉપરાંત બીજા ત્રણ સેવકો રાજવંશી ગાડીની પાછળ કંઇક અગવડ ભરી પણ સુશોભિત જગ્યાએ ઉભા હતા. એટલે આઠ સૈનિકો અને પાંચ સૈનિકો મળી તેર જણને રાજા તથા ડયુક સાથે કેદ કરવાના હતા. આ બીનાની ખબર ઍાલિફન્ટ " રાઇહાઉસ " માં પહોંચ્યો તેની બે ત્રણ મિનિટ પહેલાં જ કર્નલ રમ્બોલ્ડને શેપર્ડ દ્વારા પહોંચાડવામાં આવી હતી.

પહેલા દિવસની સરત વિષે અમે કંઈ પણ કહેવા માગતા નથી; પણ બીજા દિવસની રેસને લગતી કેટલીક વિગતો આપવાની જરૂર જોઇએ છીએ. ન્યુમાર્કેટની સુન્દરમાં સુન્દર જગ્યામાં રાજા અને તેના ભાઇ ડયુકને ઉતારો આપવામાં આવ્યો હતો. આખું નગર ગરિબ તેમજ તવંગર, હીન તથા ઉચ્ચ કુળનાં નર નારીઓથી ભરાઇ ગયું હતું અને "રેસ કોર્સ" નો દેખાવ ઘણોજ સુન્દર તથા ભવ્ય થઈ રહ્યો હતો. અમે સરતના બીજા દિવસની વાત કરીએ છીએ તે વાંચનારે અવશ્ય ધ્યાનમાં રાખવાની જરૂર છે. એ દિને દસ વાગે ચાર્લ્સ અને તેનો ભાઇ સુન્દર અને સુસજ્જિત અશ્વોપર સવાર થઈ સરતના મેદાનમાં આવ્યા. તેમને માટે ખાસ એક "સ્ટેન્ડ" બનાવવામાં આવ્યો હતો અને શ્રીમંત ઉમરાવો તેમનું સ્વાગત કરવા તૈયાર થઇ ઉભા હતા. તેઓ પ્રથમ મેદાનપર આમથી તેમ ફરવા લાગ્યા— શ્રીમન્ત ઉમરાવોની સુશોભિત ગાડીઓની ઠઠ જામી હતી અને વારંવાર રાજાને તથા તેના ભાઇને ઉમરાવોના નમન સ્વીકારી તેમની ગાડી આગળ ઉભા રહેવું પડતું હતું. અમીરોની ભવ્ય ગાડીઓમાં બેઠેલી સૌન્દર્યની પૂતળીઓ પણ રાજાને તથા ડયુકને જોઇ સ્મિત કરતી નમન કરતી અને વિલાસી ચાર્લ્સ તેમની સાથે હસી હસીને વાત કરતો. તેમના સૌન્દર્યની—તેમના પોષાકની કોઈ કોઇવાર પ્રશંસા કરતો અને તેથી રાજાને દેવદૂત સ્હમજનારી ઇંગ્લંડની અમીરી લલનાઓ મલકાતી. જાહેર પ્રજા તરફથી રાજાને ઠંડો આવકાર મળ્યો હતો. ગરિબ અને મધ્યમવર્ગ રાજાને જોઇ આનન્દની ગર્જના કરતો ન્હોતો તોપણ રાજ્યપક્ષે રાજા તથા તેના ભાઇના આગમનને હર્ષથી વધાવી લેવા માટે તનતોડ પ્રયાસ કર્યો હતો. પોતાના પક્ષકારો તરફથી રાજાને સારો આવકાર મળ્યો પણ પ્રજાની અપ્રિયતા જોઇ ચાર્લ્સને કંઇક લાગી આવ્યું; છતાં તેણે પોતે પૂર્ણ આનન્દી હોવાનો દેખાવ કર્યો. હજારો લોકોની તેના પરની અપ્રીતિની જાણે તેને કંઈ દરકાર જ ન હોય તેમ તે વર્ત્યો પણ ડયુક ઑાફ યોર્ક એ સહન કરી શકે તેવો ન્હોતો. તેનો દેખાવ સખત અને ગમ્ભીર થયો.

થોડીકવાર પછી તેઓ અશ્વપરથી નીચે ઉતર્યા અને મખમલ જડિત પગથિયાપરથી માચડાપર જવા લાગ્યા. રાજવંશી સ્ટેન્ડના પગથીયાઓની બન્ને બાજુએ ન્યુમાર્કેટના બારબાર રાજ્યનિષ્ઠ પ્રતિનિધિઓ રાજાને નમન કરી તેની કૃપા મેળવવા માટે વિનયપૂર્વક

ઉભા હતા. "સ્ટેન્ડ" પર જવા પછી રાજાની તથા તેના ભાઇની નજર આખા મેદાન પર ફરી વળી. ત્યાંથી આખો "રેસ કોર્સ" જોઇ શકાય તેમ હતું. અશ્વો દોડવાની જગ્યાની ચારે બાજુએ દોરડા બાંધી લઇ તે જગ્યા જૂદી પાડવામાં આવી હતી. તે જગ્યા સિવાય સઘળે સુન્દર પોષાકમાં સજ્જ થયેલાં નરનારીઓનાં ટોળે ટોળાં નજરે પડતાં હતાં. જાણે તેઓ એકાદ ઉત્સવ ઉજવવા આવ્યાં હોયની તેવો દેખાવ લાગતો હતો. કેટલીક યૌવન અને સૌન્દર્યની પૂતળીઓએ રાજાને જોવા માટે જેવી રાજવંશી તખ્તાપર નજર ફેરવી કે વિલાસી ચાર્લ્સની કામી આંખો પણ તેમના પર સ્થિર થઇ ગઇ અને તે લટ્ટુ બની તેમને જોઇ રહ્યો પ્રેક્ષકોની ઠઠની પાછળની જગ્યામાં અનેક જાતની અસંખ્ય ગાડીઓ તથા અગણિત ઘોડાવાળાઓ અને દાસદાસીઓ નજરે પડતાં હતાં: વળી એ સ્થલે કેટલાક ન્હાના ન્હાના માચડા પણ ઉભા કરવામાં આવ્યા હતા અને તે પર સુશોભિત પોષાકમાં સજ્જ થયલા માણસો ઉભા રહી સરત જોતા હતા. અર્વાચિનકાલની પેઠે તે સમયે પણ ભોજન વેચનારા ફેરીઆઓ રેસના મેદાનમાં પોતે જે ખાદ્ય વસ્તુઓ વેચતા હોય તેની બૂમ મારતા, પોતાની વસ્તુની પ્રશંસા કરતા આમથી તેમ ફરતા હતા. તે વખતના સરતના મેદાનને એક સુન્દર ભવ્ય મેળાની ઉપમા આપી શકાય કારણ કે સરત ઉપરાંત બહારની જગ્યામાં દરેક જાતની આનન્દદાયક રમતો ચાલતી હતી, મેરી–ગો–રાઉન્ડ, સ્ટીકલ[૧] બંગડીની રમત વિગેરે અનેક જાતની મોજ મઝા ત્યાં ચાલી રહી હતી. કેટલાક મશ્કરા મદારીઓ લોકોના ટોળા સમક્ષ હાસ્યજનક ખેલો કરી તેમને હસાવી હસાવીને ગાંડા કરી રહ્યા હતા. થોડેક દૂર એક ખચ્ચરની ગાડીમાં એક ઉંટ વૈદ્ય ઉભા ઉભા પોતાની દવાઓના મહાન્ ગુણો ભોળા ગામડીઆઓને સ્હમજાવતા હતા અને બિચારા ભોળા માણસો આ મહાશક્તિવાન્ વૈદ્યરાજની દવા તેમના બોલોપર વિશ્વાસ રાખી ખરીદતા પણ હતા. તે ઉપરાંત "રેસકોર્સ" ની બહારના વિશાલ મેદાનમાં અનેક માંડવાઓ હતા. તેમાંના કેટલાકમાં જુગાર ચાલતો–કેટલાકમાં મલકુસ્તી થતી અને બીજામાં દરેક જાતનું સારૂં માઠું ભોજન મળતું. એક સાધારણ કદનો પીળો તંબુ જોઇ લોકો ઘણા અજબ થતા હતા કારણકે તે તંબુપર એક મ્હોટા ચિત્રમાં એક ભયંકર રાક્ષસ ચીતરવામાં આવ્યો હતો.

૧ લાકડાના દડાથી રમવાની રમત.

અને તે રાક્ષસ તે તંબુમાં પૂરેલો છે એવું કહેવામાં આવતું હતું. ચિત્ર એટલું મ્હોટું અને ભયંકર હતું કે તંબુમાંનો રાક્ષસ તેનાથી અરધો પણ હશે કે કેમ તે વિષે શંકા થાય એમ હતું ! આ અજબ જેવા જીવતા રાક્ષસને જોવા માટે એક એક પેની ફેંકી દઈ અસંખ્ય નર નારી જતાં હતાં.

પણ મધ્યાન્હ થતાં અશ્વો અને જોકીઓ પરથી સઘળાં મનુષ્યોનું લક્ષ બીજી દિશાએ ખેંચાયું. રાજા અને ડયુક, જાદુગરો અને વૈદ્યરાજ, મેરી–ગો–રાઉન્ડ અને મલ્લોના અખાડા તથા જુગારખાનાં– એ બધા પરથી લોકોની નજર ખસી ગઈ. તેઓ એક ભવ્ય વ્યક્તિને જોઇ હર્ષિત થતાં હતાં અને તે કોઇ નહિ પણ જનરલ ઑલિફન્ટ હતો. જનરલ સર હેન્રી બીટન અને બીજા ચાર નોકરો સાથે ત્યાં એક સુંદર અશ્વ પર બેસી આવ્યો. ધીમે ધીમે તે મેદાન તરફ જવા લાગ્યો. તેના આગમનની ખબર વાયુ વેગે સઘળે પ્રસરી ગઇ. વીર ઑલિફન્ટનું નામ સાંભળતાંજ ખુશાલીના ગગનભેદી પોકારો થઇ રહ્યા. પ્રતિપલે આનન્દની ગર્જના વધવા લાગી. આ અસામાન્ય સ્વાગત માટે જનરલે પોતાની હૅટ ઉતારી પ્રજાને નમન કર્યું. જેવો તે લોકોનાં ટોળાંમાં દાખલ થયો તે વખતે હજારો હાથો તેને શેકહેંડ કરવા લાંબા થયા. જે ઉમરાવો અને ઘોડેસ્વારો આ વીર યોદ્ધાને ઓળખતા હતા તેઓ તેને હમણાં સલામ કરી મગરૂર થતા હતા. જે પરિચિત લલનાઓ તેને સ્મિતભર મુખડે વધાવતી હતી તે ઑલિફન્ટના પ્રતિનમનથી મલકાઇ જતી હતી. ટૂંકામાં તે આવતાંવાર લોકોએ તેને એવા અસામાન્ય વ્હાલથી વધાવી લીધો કે જેવું માન રાજાને તથા તેના ભાઇને મળ્યું ન્હોતું.

આ સ્થળે અમારે કહેવું જોઇએ કે કર્નલ રમ્બોલ્ડની કોર્ટમાં તપાસ થઇ તે પછી વધુ દિવસ ન થયલા હોવાથી સર લૉરેન્સ લી તથા લેડી લીએ "ન્યુ માર્કેટ રેસ" માં આવવાનું પસંદ કર્યું ન હતું અને જનરલ ઑલિફન્ટે પોતાના ગુપ્ત હેતુને લીધે તેમને વધુ દબાણ પણ કર્યું ન્હોતું. તે પોતે પણ જો હેન્રીએટા રમ્બોલ્ડે તેના હાથમાં આગલે દહાડે મૂકેલી ચીઠીમાં તેને રેસમાં જવાની કરૂણ વિનંતી ન કરી હોત તો આજે અત્રે આવ્યો ન હોત. ડચેસ ઑફ પોર્ટસ્મથ પણ જાહેર પ્રજા તેને ધિક્કારતી હોવાથી સરત જોવા આવી ન્હોતી; કારણકે લોકો તેના તરફનો પોતાનો ધિક્કાર સ્પષ્ટ રીતે

વ્યક્ત કરશે એવો તેને ભય હતો. ડચેસ ઑફ ક્લીવલૅન્ડ રાજાની કૃપાપાત્ર ન હોવાથી રાજા સરતમાં જવાનો છે એ વાત જાણવા પછી સરતમાં આવવાની હિમ્મત કરી શકી ન્હોતી કારણકે હવે તેના કોઈ ભાવ પૂછે એમ ન્હોતું. ચાર્લ્સની પત્નિ અને ઈંગ્લાંડની ખરી મહારાણી કેથેરાઇન કદિ આવાં સ્થળોએ જતીજ ન્હોતી.

આટલું કહી અમે અમારી કથા પુનઃ આગળ ચલાવીશું. રાજાની કર્ણેન્દ્રિયે પ્રજાના કાન ફાડી નાખનારા પોકારો અથડાતાંજ દિલગીરીથી તેના ગાલપરની સુરખી ઉડી ગઇ; અને ડયુક ઑફ યૉર્કના ક્રૂર વદનપર ધિક્કારની કાળી લાગણી છવાઈ. ઑલિફન્ટને મળેલો ગરમાગરમ આવકાર અને રાજા તથા ડયુક તરફની પ્રજાની અપ્રીતિ એ એમાં આસમાન જમીનનો ફેર હતો; અને રાજાના તથા તેના ભાઇના મનમાં હમણાં કંઈ કંઇ લાગણી તોફાન મચાવી રહી.

“ અફસોસ !—” ચાર્લ્સ મુઝાઈ, શોક પામી ફક્ત ડયુકજ સાંભળી શકે એવા સ્વરે બોલ્યો.

“ મ્હેં એને પખવાડિયા પહેલાંજ એની પદવી પર મોકલી દીધો હોત તો સારૂં થાત...પણ કંઇ નહિ. કાલે—આવતી કાલે હું તેને રવાના કરી દઇશ. હવે એ ઈંગ્લંડમાં વધુવાર રહેવાનું બહાનું શોધી શકશે નહિ—”

“ જો હું ત્હારી જગ્યાએ હોઉં, ચાર્લ્સ !—” ડયુક ઑફ યૉર્ક બોલ્યો.

“ જો હું ત્હારી જગ્યાએ હોઉં તો એ માણસને વાઇસરોય પદ પર નિયુક્ત કરવાની જે ભયંકર ભૂલ તેં કરી છે તે ન કરૂં. એટલુંજ નહિ પણ હું એને રાજ્યમાંથી દેશનિકાલ કરૂં—”

“ દેશનિકાલ કરે !—તેની આવી પ્રજાપ્રિયતા જોવા છતાં તું એને દેશનિકાલ કરે ?—” ચાર્લ્સ ગુસ્સાથી બોલ્યો.

“ સાંભળ ! પેલી ભયંકર ગર્જનાઓ સાંભળ ! હું એ સાંભળી આશ્ચર્યથી દાંતમાં આંગળાં પકડું છું. ”

“ રાજદ્રોહી કતરાઓ !—” ડયુક ઑફ યૉર્ક અસામાન્ય ધિક્કારની લાગણી પ્રજા તરફ વ્યક્ત કરતો બોલ્યો. થોડાજ વખત પછી જ્યારે જેમ્સ બીજા તરિકે તે ઈંગ્લંડના સિંહાસન પર વિરાજ્યો ત્યારે તેણે પોતાના દિલમાં છૂપાયલા ધિક્કાર અને દુષ્ટતા સ્પષ્ટ રીતે પ્રકટ કરી પોતાની જાત બતાવી દીધી હતી તે ઇતિહાસના અભ્યાસીઓ સારી રીતે જાણે છે.

આ રાજવંશી ભાઇઓની વાતચીત થોડીકવાર બંધ પડી. ચાર્લ્સ દિલગીર થઈ વિચારમાં પડયો. ઍાલિફન્ટને જોઇ જાણે બીજો ક્રોમવેલજ તેની સ્હામે માથું ઉંચકી તેને પદભ્રષ્ટ કરવા આવ્યો હોયની એવું તેને લાગતું: ડયુક ઓફ યોર્ક ક્રૂર આંખોએ લોકોનાં ટોળાં તરફ ધિક્કારથી જોઈ રહ્યો.

"આહા! ઠીક સૂઝ્યું! એ યુક્તિજ સારી છે—" ચાર્લ્સ કંઈ વિચાર આવતાં બબડયો.

"શું બકે છે?—" તેના ભાઇએ પૂછ્યું.

"કંઇ નવી મૂર્ખાઇ તો નથી કરવા માગતોને? એને આ જગ્યાએ ડયુક બ્યુક બનાવવાનો વિચાર કરે છે કે તેને ઘુંટણીએ બની તારો મુકૂટ અર્પણ કરવા માગે છે?—"

"જેમ્સ!—" પોતાના સ્વરમાં સખ્તાઈ લાવી ચાર્લ્સ બોલ્યો.

"તું મર્યાદા ઓળંગીને બકયો જાય છે. આ રાજ્યના ભાવી વારસ અથવા એક ભાઇ તરિકે પણ તને આવી ટીકા કરવાનો હક્ક નથી......પણ જો સાંભળ! હું એક યુક્તિ અમલમાં મૂકું છું કે જેથી લોકો આપણા તરફ જોઈ આનન્દની ગર્જના કરશે...કદાચ આપણે બન્નેને માટે તેથી હર્ષધ્વનિ થશે—"

"તું શું કરવા માગે છે?—"

"તે તું હમણાંજ જોશે." ચાર્લ્સ બોલ્યો.

આ પલે ઍાલિફન્ટ પોતાના ભવ્ય અશ્વ પર સ્વાર થઈ રાજાના સ્ટેન્ડની પાસે આવી પહોંચ્યો. તેણે પોતાની સુન્દર પીછાંવાળી હૅટ ઉતારી રાજાને તથા ડયુકને નમન કર્યું. ચાર્લ્સે પણ રાજવંશી દમામથી પોતાની હૅટ ઉંચકી તેના નમનનો પ્રતિ ઉત્તર આપ્યો. ડયુકે સહેજ ડોકું ધુણાવીનેજ સંતોષ પકડયો. તેણે હૅટ ઉંચકી નહિ. રાજા સ્મિત ભર્યે મુખડે ઍાલિફન્ટને આવકાર આપવા ઉભો થઇ ગયો અને રાજવંશી સ્ટેન્ડના બે ત્રણ પગથિયાં ઉતરી બોલ્યો:

"જનરલ ઍાલિફન્ટ! તમને જોઈ આજે મને સૌથી વિશેષ આનન્દ થયો છે. કશાથી પણ મને અત્રે એવો આનન્દ થયો ન્હોતો. તમને અત્રે જોઇ હું મને યોગ્ય માન મળેલું સ્હમજું છું. તમારા નોકરને તમારો અશ્વ સોંપી અત્રે પધારો, મ્હારા વ્હાલા જનરલ! અહિંથી તમે આખો રેસકોર્સ ઘણી સારી રીતે જોઇ શકશો."

રાજાનો શબ્દ તે સમયે રાજવંશી આજ્ઞા જેવો મનાતો હતો

છતાં જો ઍાલિફન્ટનો ખાસ હેતુ ન હોત તો તે આ રાજાજ્ઞાને માન આપી રાજવંશી માચડા પર બેસવા જાત નહિ; પણ તે અમુક હેતુથી આજે સરતમાં આવ્યો હતો તેથી તરતજ તેણે રાજાની વિનંતીનો સ્વીકાર કર્યો. તે અશ્વ પરથી ઉતરી પડયો અને પોતાના નોકરને ઘોડાની લગામ આપી સર હેન્રીબીટન તરફ તેને પૂર્વે આપેલી સૂચનાનું પુનઃ સ્મરણ કરાવનારી અર્થ સૂચક નજર ફેંકી ઍાલિફન્ટ "રૅાયલસ્ટેન્ડ" ના મખમલ જડિત પગથિયાં ચ્હડવા લાગ્યો. ન્યુમાર્કેટના પ્રતિનિધિઓએ જનરલને પણ નમી નમીને સલામ કરી અને તે 'સ્ટેન્ડ' પર જતાં લાખો માણસોએ પુનઃ હર્ષ ધ્વનિઓથી આકાશ ગજાવી મૂકયું !

રેસક્રોર્સને મૂકી અમે હવે "રાઇહાઉસ" માં પાછા ફરીએ છીએ. જો મિસીસ રમ્બોલ્ડ તદ્દન ભોળી સ્ત્રી ન હોત તો આજે સ્હવારથી જે ધાંધલ દુર્ગમાં થઇ રહી હતી તે પરથી કંઇ પણ વિચિત્ર હીલચાલ થઈ રહી છે એવી તેને શંકા થયા વિના રહેત નહિ. સ્હવારથી બપોર સુધીમાં અનેક માણસો "રાઇહાઉસ"માં આવી ગયા હતા અને તે બધાને 'રક્ષાગૃહ' માં લઇ જવામાં આવ્યા હતા કે જ્યાં ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. રમ્બોલ્ડે પોતે ફરીથી પોતાના મિત્રોને જ્યાફત આપવા ચાહે છે એવી વાત પોતાની બહેન તથા પત્નિને કહી હતી અને મિસીસ રમ્બોલ્ડના પ્રેમભીના હૃદયે આ વાત તદ્દન સાચી માની હતી. પોતાના પતિના મિત્રો આનન્દ પામે તે માટે તેણી પોતે ભોજન શાળામાં બટલરોપર દેખરેખ રાખતી હતી અને નોકરોને આવશ્યક સૂચનાઓ કરતી હતીઃ હેન્રીએટ્ટા રમ્બોલ્ડ પોતાના ભાઇનો આંતરિક હેતુ સારી રીતે જાણતી હતી; છતાં તેણે પોતાની લાગણી બહાર જણાવી દીધી નહિ. તેમ કરવામાં તેને વિજય પણ મળ્યો. હવે તેને ચિન્તા કરવાનું પ્રયોજન ન્હોતું કારણ કે તેણે વીર ઍાલિફન્ટની સહાય મેળવી હતી. તે ઍાલિફન્ટની અસામાન્ય શક્તિ, તેની વીરતા અને તેની પ્રજાપ્રિયતાથી પરિચિત હતી. તેણે તેને જે કામ સોંપ્યું હતું તેમાં તે જરૂર વિજયી થશે એવી તેની ખાત્રી હતી એટલે તે શાન્તિથી થોડોક વખત પોતાના ઓરડામાં બેસી રહી અને પછી પોતાની ભાભીને ઘરને લગતા કાર્યમાં સહાય કરવા લાગી.

આગલા પ્રકરણમાં જે માણસોએ રાઇ હાઉસના કાવત્રાની યોજના ઘડવામાં ભાગ લીધો હતો તે બધા આજે હાજર હતા એ વાત ફરીથી વાંચનારને કહેવાની જરૂર જણાતી નથી. કદાચ રાજાના નોકરો સાથે લડાઈ કરવી પડે તે માટે દરેક જણે પોતાની પાસે હથિયાર રાખ્યાં હતાં પણ કર્નલ રમ્બોલ્ડે જે યુક્તિ શોધી હતી તેથી હથિયાર વાપરવાની જરૂર પડે એમ લાગતું ન હતું.

કર્નલે જો કે તેના નોકરો વફાદાર અને વિશ્વાસપાત્ર હતા છતાં તેમને એક શબ્દ પણ પોતાના પ્લાન વિષે કહ્યો નહોતો. ત્રણ વાગ્યા પછી તેણે પોતાના અનુચરોને આવશ્યક સૂચનાઓ આપવાનો વિચાર કર્યો. સાવધાનીથી જ આ સાહસમાં ઝંપલાવવા તે તૈયાર થયો હતો; તેથી કંઇ પણ ઉતાવળિયું કે સાહસિક પગલું ન ભરાઈ જાય તે માટે તેણે ઘણી દક્ષતાથી કામ લીધું હતું. તેણે કોઠારગૃહમાં પોતાના માણસોને ભેગા કર્યા. આ ઘર ન્યુમાર્કેટ રોડની છેક નજીક આવેલું હતું. ટૂંકામાં કર્નલે જે કામ કરવાનું હતું તે તેમને સહમજાવી દીધું. તેના માણસોએ આ યુક્તિ સાંભળી તેને હર્ષથી વધાવી લીધો—આનથી તેની સાથે શેકહેંડ કરી અને મૃત્યુની પરવા કર્યા વિના તેની આજ્ઞા પ્રમાણે વર્તવાના કસમ ખાધા. તેમના વદનપર વફાદારી અને દૃઢતા છવાઇ ગઇ. તેઓ કર્નલને માટે પ્રાણ પાથરવા તૈયાર હતા. અત્યાર સુધી આ રાજદ્રોહી હીલચાલ વિદ્રોહીઓની ઇચ્છાનુસાર આગળ વધી હતી.

ચારથી પાંચ વાગ્યાની વચ્ચે રમ્બોલ્ડના પક્ષકારો એક પછી એક રક્ષાગૃહમાંથી બહાર નીકળી રાઇહાઉસની સ્હામેના કોઠારગૃહમાં ભેગા થયા અને ત્યાં જઈ તેમણે પોતાના કપડાં બદલી મજુરોનાં વસ્ત્રો ધારણ કર્યા. આમ કરવાનું કારણ એ હતું કે જ્યારે રસ્તામાં ખટારો ઉંધો વળવાથી રાજાની ગાડી ઉભી રહે ત્યારે તે બધા કોઠાર ગૃહમાંથી જાણે તેઓ મજુરો જ હોય અને પોતાના મહારાજાની ગાડીને રસ્તો કરી આપવામાં મદદ કરવા દોડી આવ્યા હોય એમ રાજાના નોકરો સ્હમજે. આવી માન્યતાને લીધે કોઇનું પણ રક્ત રેડ્યા વિના તેઓ એકદમ રાજાના રસાલાને કેદ કરી શકશે એવી તેમની ધારણા હતી; તોપણ તેમનાં કપડાંની નીચે તેમણે હથિયાર છૂપાવેલાં હતાં એ વાંચનારને જણાવવાની જરૂર છે.

રાજવંશી સવારી આવવાનો વખત થવા આવ્યો. કર્નલના

ર્મિત્રો—કાવત્રાંખોરો અને તેના વફાદાર નોકરો કોઠારગૃહમાં રાજાની સવારીની રાહ જોતા સંતાઇ રહ્યા. રમ્બોલ્ડ પોતે ખુલ્લા બારણા આગળ ઉભો રહી યોગ્ય સમયે બહાર નીકળી પડવા તૈયાર થઈ ઉભો હતો. તેના અત્યંત વિશ્વાસપાત્રો માણસોમાંના કેટલાક એક ખટારા સહિત ઉભા હતા. તે ખટારામાં જવની ગુણો ભરેલી હતી અને તેને ચાર ઘોડા જોડેલા હતા. રસ્તાની કોરપરની ઘાસવાળી જગ્યાપર આ ખટારાને ઉભો રાખવામાં આવ્યો હતો. આ જગ્યા કોઠારગૃહથી બરાબર સ્હામે હતી અને આગળથી કર્નલે પોતાના માણસોને એવી સૂચના આપી દીધી હતી કે રાજાની ગાડી જેવી એ સાંકડા રસ્તામાં દાખલ થાય કે તરતજ ખટારાના ઘોડા ચલાવવા અને તેને જાણી જોઈને પાડી નાખી રસ્તો પુરી લેવો. અકસ્માતિક રીતેજ એમ બન્યું હોય એવું બહારના માણસોને જણાય એવું બતાવવાની આ સ્વરાજ્યવાદીઓની ઇચ્છા હતી. ખટારાના આગલા પૈડાંની ખીલીઓ આગળથી કાઢી નાખવામાં આવી હતી અને એ પૈડાંઓ ધરીની અણી સુધી ખેંચી મૂક્યા હતા. એટલે અશ્વો એક બે ડગલાં ચાલે કે તરત પૈડાં નીકળી પડે અને ખટારો રસ્તો પૂરી દે એવી ચાલાકી વાપરવામાં આવી હતી.

રાજદ્રોહીઓની આવી વ્યવસ્થા હતી; અને વિજય માટે તેમને સમ્પૂર્ણ વિશ્વાસ હતો. પાંચ વાગ્યા પછી તરતજ જે માણસ ખટારા આગળ હતો તેણે સીસોટી વગાડી કોઠારગૃહમાં છૂપાયલા વિદ્રોહીઓને ખબર આપી કે રાજવંશી સવારી નજીક આવતી જાય છે. આ માણસ આગલા ઘોડા આગળ ઉભેલો હતો અને તેનું મ્હો ન્યુ-માર્કેટ તરફ હતું એટલે તે રાજાની ગાડી દૂરથી આવતી જોઇ શકે એમ હતું.

ગાડી નજીક આવતી ગઇ. વિદ્રોહીઓને કાને રાજવંશી ગાડીના પૈડાંનો તથા અશ્વોના પગલાંનો અવાજ સંભળાયો. તેમની નસોમાં જોરથી લોહી વહેવા લાગ્યું. તેમના હૃદયમાં અસામાન્ય આનન્દ જનમ્યો કારણ કે બે ચાર સ્વાર્થી કૂતરાઓ સિવાય સઘળાના હૃદયમાં જ્વલંત દેશાભિમાન હતું. તેઓ આ પ્રપંચમાં વિજયી થઈ પોતાના દેશ બન્ધુઓને સુખી કરવા—મુક્ત કરવા ઇચ્છતા હતા. ખટારાને મોખરે ઉભેલો માણસ ઘોડાઓને ચલાવી ખટારો ઉંધો વાળવાની તૈયારીમાં હતો. ખટારો રસ્તાની કોર પર ઉભો રાખવામાં આવ્યો

હતો એટલે રાજવંશી ગાડીને પસાર થવા દેવા માટે જ ખટારા-વાળાએ પોતાના ખટારાને આમ છેક નાકે ઉભો રાખ્યો હશે એમ રાજા તથા તેના સાથીઓ સ્હેલાઇથી સ્હમજી શકે એવું હતું.

રાજવંશી સવારી વધુ નજીક આવી. ખટારાવાળાએ પોતાની આંખો તે પર સ્થિર કરી. રાજા તે ગાડીમાં છે કે નહિ તેની ખાત્રી કર્યા પછીજ આગળ પગલું ભરવાની તેને સૂચના થઇ હતી; કારણ કે રાજા જો ન હોય તો બધી મહેનત નકામી હતી. ખટારાવાળાએ વફાદારીથી પોતાને થયલી આજ્ઞાનું પાલન કરવાનો નિશ્ચય કર્યો હતો. તેણે રાજવંશી ગાડીમાં આંખો ફાડીફાડીને જોયું. તેમાં ત્રણ જણ બેઠેલા તેની નજરે પડયા. ગાડીમાં ડયુક ઓફ યોર્ક હતો. તેને તેણે તરત ઓળખ્યો. રાજાને પણ તેણે તેમાં જોયો. બીજી જ પલે તેણે ખટારો ઉંધો વાળ્યો હોત; પણ તેજ પલે તેની નજર જનરલ ઑલિફન્ટ પર પડી અને તેની ભવ્યતાથી દબાઇ તે એકદમ મૂઝાઇ ગયો !

જનરલને જોઇ તેને ભય લાગ્યો—તે અજબ મુઝવણમાં આવી પડયો. તે જાણે એક પત્થરનું પૂતળું હોય તેમ જ હાથમાં ચાબુક લઈ સ્થિર ઉભો રહ્યો. અશ્વો જરા પણ હાલ્યા નહિ—ખટારો જ્યાં હતો ત્યાં ને ત્યાંજ રહ્યો અને રાજવંશી સવારી ત્યાંથી પૂર વેગે સહીસલામત ચાલી ગઇ.

ખટારાવાળો પોતાનું સાનભાન ભૂલી જઈ પસાર થતી સવારી જડ પૂતળા પેઠે જોઈ રહ્યો.

પ્રકરણ ૨૮ મું.

ભયંકર ભૂતકાલ.

રાજવંશી સ્વારી સહીસલામત ચાલી જવાનો અવાજ સાંભળી રાજદ્રોહીઓના મનમાં ભયંકર નિરાશા ઉત્પન્ન થઇ. ખટારો ઉંધો વળવાનો અવાજ ન સાંભળવાથી રાજા ગાડીમાં ન હોવો જોઇએ એવો પ્રથમ વિચાર તેમને આવ્યો. રાજા ગાડીમાં હોય તોજ ખટારો ઉંધો વાળી રાજવંશી સવારીને રોકવાની આજ્ઞા ખટારાવાળાને કર-વામાં આવી હતી તે વાંચનારની સ્મૃતિમાં હશે.

રાજદ્રોહીઓ સવારી જવા પછી તરત કોઠારગૃહમાંથી બહાર દોડી આવ્યા નહિ; પણ રાજાની સવારી લી નદીનો પુલ ઓળંગી અદૃશ્ય થઈ ગઇ ત્યાં સુધી પોતાની ગુપ્ત જગ્યામાં છૂપાઈ રહ્યા. રાજા સવારીમાં ન હોવાથી પ્રપંચ નિષ્ફળ થયલો માની તેઓ હતાશ થયા હતા છતાં આ પ્રસંગે આ રસ્તાપર મજુરોનું ટોળું ભેગું થયલું રાજાના સૈનિકો અથવા નોકરો જુએ તો તેમને કંઇક અજાયબી ઉપજે એ સમ્ભવિત હતું તેથી રાજવંશી સવારી અદૃષ્ય થઈ ગઇ ત્યાં સુધી વિદ્રોહીઓ બહાર નીકળ્યા નહિ. સવારી ચાલી ગયા પછી રમ્બોલ્ડ જે બારણા આગળ જ સવારી જોતો બેઠો હતો તે એકદમ બહાર નીકળ્યો અને સીધો ખટારાવાળા પાસે જઇ ઉભો રહ્યો. જનરલ ઍાલિફન્ટને જોઈ ગાડાવાળો ભય અને આશ્ચર્યથી અવાક્ પુતળા જેવો બની ગયો હતો તે હમણાં કંઈક સાવધ થયો હતો. છતાં હજુ તેના વદન પર નિરાશા અને આશ્ચર્યનાં સ્પષ્ટ ચિન્હો હતાં કે જે જોઇ કર્નલ તથા તેના મિત્રો અજબ થયા.

"તમે મ્હારા તરફ ફાટી આંખે કેમ જોઈ રહ્યા છો ?" ગાડાવાળાના દેખાવપરથી સત્ય ન કળી શકવાથી કર્નલે પૂછ્યું.

"હું ધારૂં છું કે ચાર્લ્સ સ્ટુઅર્ટ ગાડીમાં ન્હોતો ? કંઇ ફીકર નહિ. જો કે આ નિરાશા કાતિલ છે પણ તેથી દિલગીર થવાની જરૂર નથી. બીજી વાર જોઈ લઇશું. જેમની ઇચ્છા શક્તિ પ્રબલ છે તેને હજારો પ્રસંગ મળી રહે છે."

"અરે ! સાહેબ ! રાજા ગાડીમાં હતો—" નિરાશ આંખોએ કર્નલ તરફ જોઇ તે બોલ્યો.

"આહ ! બદમાસ ! —" અચાનક ક્રોધે ભરાઈ રમ્બોલ્ડ બોલ્યો. આવી રીતે તે જવલ્લેજ ક્રોધિત થતો.

"તું કાંતો દગાખોર છે કાંતો હીચકારો—"

"નહિ. સાહેબ !..." દૃઢ સ્વરે હિમ્મતથી ગાડાવાળો બોલ્યો. હવે તે સમ્પૂર્ણ સાવધ થયો. રાજદ્રોહીઓ તેનાપર આરોપ મૂકવા લાગ્યા તેનો જવાબ આપવા તે તૈયાર થઈ ગયો.

"રાજા ગાડીમાં હતો. પણ તેની સાથે બીજા—"

"ડયુક ઑાફ યોર્ક ! તેથી શું ?—" ભયાનક સ્વરે રમ્બોલ્ડ બોલ્યો.

"હા. સાહેબ ! પણ એક બીજો—"

"તે કોણ?"

"જનરલ ઑલિફન્ટ." તે બોલ્યો.

જનરલને જોઇને ગાડાવાળાએ જે બેચેની, નિરાશા અને અજાયબીની ભયંકર લાગણી અનુભવી હતી તેવીજ લાગણી ગાડાવાળાને મ્હોડે તેનું નામ સાંભળી સઘળા રાજદ્રોહીઓને થઈ. તેઓ એક બીજાનું મ્હો જોવા લાગ્યા; પણ રમ્બોલ્ડ તરત શાન્ત થઈ બોલ્યો.

"મિત્રો! આથી નિરાશ થવાની જરૂર નથી. જનરલ ઑલિફન્ટ રાજવંશી ગાડીમાં અણધાર્યા આવી પડયા. તેમને રાજાએ નિમંત્રણ કર્યું હોવું જોઇએ. પણ સાંભળો, કોઇ સવાર આવતો જણાય છે. ઘરમાં ચાલો, કારણ કે આ વેશમાં આપણને કોઇ જોશે અને પીછાની લેશે તો કંઇ કંઇ શંકા જન્મવા પામશે."

રાજદ્રોહીઓની મંડલી પુનઃ કોઠારગૃહમાં ગઇ અને ત્યાં તેઓ પોતાનો બનાવટી પોષાક કાઢી નાંખી પોતપોતાના પોષાકમાં સજ્જ થઈ ગયા. વસ્ત્રો બદલ્યા પછી ખટારાવાળાને તે ભારગાડું તે જગ્યાએથી ખસેડવાની આજ્ઞા કરવા રમ્બોલ્ડ બહાર નીકળ્યો. જે સ્વારને તેણે આઘેથી આવતો જોયો હતો તે ન્યુમાર્કેટથી ધીમે ધીમે આ વખતે તે સ્થલે આવી પહોંચ્યો. રમ્બોલ્ડે તેને તરતજ ઓળખી કાઢ્યો. તે સર હેન્રી બીટન હતો અને તેની સાથે ઑલિફન્ટના ચાર નોકરો હતા. આ ચાર અનુચરોમાંના એક પાસે જનરલનો સુન્દર અશ્વ હતો.

"સાહેબજી, કર્નલ!—" કર્નલને જોઈ સર હેન્રી બીટન અશ્વ ઉભો રાખી તેના તરફ હાથ લાંબો કરી બોલ્યો.

"અમે આજે સરતમાં ગયા હતા અને નામદાર વાઇસરોય પર મહારાજાએ આજે એવો અસીમ પ્રેમ બતાવ્યો હતો કે અમે બધા અજબ થયા હતા."

"એમ? જનરલ ઑલિફન્ટ હમણાજ રાજવંશી ગાડીમાં અહિંથી ગયા—" રમ્બોલ્ડ બોલ્યો.

"હા. ખરી વાત છે. નામદાર મહારાજાએ ખાસ આગ્રહથી તેમને ગાડીમાં બેસાડયા હતા. રાજાનું નિમંત્રણ હાલમાં આજ્ઞા જેવુંજ મનાય છે તે તમે જાણો છો અને ખાસ કરી સરકારી અમલદારે તો એવા નિમંત્રણને માન આપવું જ જોઈએ—" સર હેન્રી બીટન બોલ્યો.

સર હેન્રી બીટનના શબ્દોથી કર્નલે પ્રથમ જે કલ્પના કરી હતી તે સત્ય છે એવી તેની ખાત્રી થઈ ગઇ અને જનરલની હાજરીને રાજદ્રોહી પ્રપંચ સાથે પ્રત્યક્ષ વા પરોક્ષ સંબંધ નથી એમ માલૂમ પડવાથી તેની ચિન્તા નાબુદ થઈ. રાઇ હાઉસમાં પધારી એકાદ કપ શરાબ પીવાનું કર્નલે હેન્રી બીટનને આમંત્રણ કર્યું: પણ લંડન જલદી જવાની જરૂર છે એમ જણાવી બીટને એ નિમંત્રણનો સાભાર અસ્વિકાર કર્યો. રમ્બોલ્ડની રજા લઈ, અનુચરો સાથે જ્યારે તે ચાલ્યો ગયો ત્યારે તે રાજદ્રોહીઓ પાસે ગયો અને તેમને સર હેન્રી બીટન દ્વારા મળેલી હકિકતથી વાકેફ કર્યા: પ્રપંચ નિષ્ફલ થવાથી પ્રકટેલી નિરાશામાં હેન્રી દ્વારા મળેલી હકિકતથી તેમને કંઇક દિલાસો મળ્યો. તેમનાં પ્રપંચ વિષે કોઇને કંઇ પણ શંકા નથી જન્મી એવી તેમને ખાત્રી મળવાથી તેમના ધડકતાં હૃદયોને આરામ મળ્યો અને ભવિષ્યમાં કોઈ બીજા યોગ્ય પ્રસંગે પાસા નાખી જોવાનો નિશ્ચય કરી તેઓ પોત પોતાને રસ્તે પડયા!

હેન્રીએટ્ટા રમ્બોલ્ડ રાજવંશી સવારી આવવાના સમયે રક્ષાગૃહની બ્હારીમાંથી ભયંકર ચિંતાપૂર્ણ હૃદયે શું થાય છે તે જોઇ રહી હતી; કારણ કે રાજદ્રોહી પ્રપંચથી તે અત્યંત ભયભીત થઈ હતી અને પ્રપંચીઓનું ભવિષ્ય ઘણું ભયંકર થઇ જશે એમ તે માનતી હતી: રાજાની ગાડી સહીસલામત પસાર થઇ ગઇ—કંઇ પણ ધાંધલ થઈ નહિ અને વિદ્રોહીઓની આશા ચૂર થઇ ગઇ એટલે તેણીએ ઘૂંટણીએ પડી પ્રભુની પ્રાર્થના કરી. તેણે પોતાના ભાઇને ફાંસીને લાકડેથી આ વાત ઍાલિફન્ટને કહી બચાવ્યો હતો તથા તેના સાથીઓના જીવન ભયંકર દુઃખોથી કંગાળ થતાં અટકાવ્યાં હતાં એમ તે માનતી હતી. કર્નલે અતિ દક્ષતા તથા સાવધાનીથી આ પ્રપંચજાળ રચી હતી; તેથી તેમાં નિરાશા મળવાથી તે અત્યંત દુઃખી અને હતાશ થયો હતો: છતાં તેણે પોતાનો મનોભાવ પોતાની બ્હેન તથા પત્નિથી છૂપાવી રાખ્યો. હેન્રીએટ્ટાએ પણ પોતાનો આનન્દ કોઇને જણાવા દીધો નહિ. આથી કર્નલને હેન્રીએટ્ટાએ તેના કલ્યાણ માટે તેના પ્રપંચને નિષ્ફલ કર્યો હતો એવી ઝાંખી શંકા પણ આવવા પામી નહિ.

આ ઘટના પર સમ્પૂર્ણ પ્રકાશ નાખવા માટે બીજો કેટલોક આવશ્યક ખુલાસો કરવાની જરૂર છે. આ ઇતિહાસપ્રસિદ્ધ ઘટના

જગત્ સમક્ષ લગભગ બધા ઇતિહાસકારોએ એવી રીતે રજુ કરી છે કે જેથી રાજદ્રોહીઓના પ્રપંચની સત્ય હકિકત પ્રજા જાણી શકી નથીઃ અને જાહેરમાં જે હકિકત આવી છે તેમાં એકપક્ષી હકિકત રજુ થઈ છે તેથી બીજા પક્ષને અન્યાય થયો છે. પોતાની ભત્રિજી રૂથને આપવાને નામે હેન્રીએટ્ટાએ કર્નલના દિવાનખાનામાં જનરલને એક ચીઠ્ઠી ઉતાવળથી લખી આપી હતી તે આ સ્થલે વાંચનાર યાદ કરી શકશે. એ ચીઠ્ઠી નીચે પ્રમાણે હતીઃ—

"પ્રભુને ખાતર હું આપ નામદારને આવતી કાલે ન્યુમાર્કેટ રેસમાં જવાની અરજ કરૂં છું. ગમે તે બહાને રાજવંશી ગાડીમાં લંડન પાછા ફરતી વખતે તમે બેસજો. કૃપા કરી આટલું કરશો. પ્રભુને ખાતર ભૂલતા નહિ. આ વિનંતી પ્રમાણે તમે ચાલશો તો તેથી કેટલાય જીવો સુખી થશે તે તમે હમણાં કલ્પી શકશો નહિ—"

આ ચીઠ્ઠી આપતી વખતે હેન્રીએટ્ટાએ જે કરૂણ દૃષ્ટિ ઑલિફન્ટ પર ફેંકી હતી તેનો અર્થ તે સ્હમજી ગયો હતો. હેન્રીએટ્ટા સાથે તેને થયલી થોડીક વાતચીત પછી આ ચીઠ્ઠી "રાઇહાઉસ" માંથી બહાર નીકળ્યા પછી વાંચી તે તે પર વિચાર કરવા લાગ્યો અને તેની અસામાન્ય બુદ્ધિને લીધે કર્નલ રમ્બોલ્ડ તેની સલાહની વિરૂદ્ધ જઇ રાજા સ્હામે કંઇ પણ પ્રપંચ રમી રહ્યો છે એવી કલ્પના તે સહેલાઇથી કરી શક્યો. આ રાજદ્રોહી પ્રપંચની બીના હેન્રીએટ્ટાની જાણમાં આવવાથી તેણે તેને તેથી પરિચિત કર્યો હતો. આ સમયે રાજસત્તા ઇંગ્લંડમાં પ્રબલ હોવાથી સ્વરાજ્યવાદીઓનો ક્રાંતિકારક પ્રયાસ કદિ પણ વિજયી થવાનો નથી એમ તે સારી પેઠે જાણતો હતો. આવા ક્રાંતિકારક પ્રયાસ કરનારાઓ નાહક ફાંસીને લાકડે યા કંગાળ કારાગ્રહમાં સડીને મરણ પામે એવી તે સમયની સ્થિતિ હતી. જનરલને હેન્રીએટ્ટાની વાત પર વિશ્વાસ હતો. તે હેન્રીએટ્ટાની વિનંતી પ્રમાણે વર્તવાને તૈયાર થયો. કોઇ પક્ષને શંકા ન ઉપજે તેવી રીતે આ પરમાર્થી કૃત્ય પૂર્ણ કરવાનો તેણે નિશ્ચય કર્યો. આ વાત તદ્દન ગુપ્ત રાખવાના હેન્રીએટ્ટાએ લીધેલાં વચનથી કર્નલ રમ્બોલ્ડ પાસે જઇ એક મિત્ર તરિકે તેની પાસે સઘળી સત્ય ઘટનાનો ખુલાસો પૂછી આ ભયંકર સાહસમાં પડવાની મના કરવાનું જનરલને યોગ્ય લાગ્યું નહિ તેથી તે "રેસ કોર્સ" પર જવા તૈયાર થયો.

પોતાના વફાદાર એ–ડી–કાં સર હેન્રી બીટનને તેણે આગળથી કેટલીક સૂચનાઓ આપી દીધી હતી. તેણે ગમે તે રીતે રાજાના "સ્ટેન્ડ" પર જવા તથા પાછા ફરતી વેળા રાજાની ગાડીમાં બેસવાનો નિશ્ચય કર્યો હતો. જનરલને રાજાના માચડા પર જતાં તો કંઇ યુક્તિ વાપરવી પડીજ નહિ. ઉલટું રાજાએ તેને ત્યાં આવવાનું આમંત્રણ કર્યું કારણ કે જનરલને જોઇ પ્રજા જે હર્ષધ્વનિ કરતી હતી તેથી તે દિલગીર થયો હતો અને જો જનરલ તેની પાસે હોય તો જનરલને માટેના હર્ષધ્વનિ પોતાને માટેજ થાય છે એમ માની તે સંતોષ પામવા માગતો હતો. મધ્યાન્હે રાજા સાથેજ ભોજન લેવાનું તેને નિમંત્રણ થયું. ન્યુમાર્કેટથી લંડન જવાનો વખત નજીક આવ્યો. તે વખતે સર હેન્રી બીટને નામદાર ગવર્નર જનરલને મળવાની વિનંતી કરી. જનરલ તેને મળવા રાજાને છોડી જતો હતો; એટલામાં દારૂના નીશામાં હસતા હસતા ચાર્લ્સે સર હેન્રીને ત્યાંજ મોકલવાની નોકરને આજ્ઞા કરી. સર હેન્રી બીટન થોડી વારમાં ત્યાં આવ્યો અને મહારાજા તથા જનરલને વિનયથી નમન કર્યા પછી જનરલે તેને પૂર્વે આપેલી સૂચના પ્રમાણે તે બોલ્યો:

"હું આપ નામદારને જણાવવાને દિલગીર છું કે, આપના અશ્વને તબેલામાં બીજા અશ્વે લાત મારવાથી તેનો પગ ખોડાય છે અને હમણાં તે સવારીમાં કામ આવે એમ નથી. આપ નામદાર તે માટે કેવી વ્યવસ્થા કરાવવા ઇચ્છો છો?–"

આ વાત તદ્દન અસત્ય હતી: પણ હાલના સંજોગોમાં ઑલિફન્ટના શુભ હેતુ તરફ જોતાં એ જુઠાણું ક્ષન્તવ્ય હતું. સર હેન્રી બીટને આ વાત એવી ચાલાકીથી કરી કે તે સઘળાએ સાચીજ માની.

"તેથી શું થયું? અમારી ગાડીમાં તમારી જગ્યા થશે, જનરલ! તમે અમારી ગાડીમાં પધારશો ને?–" ચાર્લ્સ બોલ્યો.

ઑલિફન્ટે નમન કરી રાજાની કૃપાનો સ્વીકાર કર્યો. તેને એટલુંજ જોઇતું હતું. તે રાજા સાથે રાજવંશી ગાડીમાં ડ્યુક ઑફ યોર્ક સહિત બેઠો. રાર્ડ હાઉસ પાસેથી જ્યારે ગાડી પસાર થઇ ગઇ ત્યારે ઘાસ વાળી જમીન પર જે ખટારો હતો તે તેણે જોયો તથા તેની તિક્ષ્ણ આંખો તેને જોઇ ગાડાવાળાને જે નિરાશા તથા ભય ઉપજ્યો હતો તે પણ જોઇ શકી. રાજદ્રોહીઓની ધારણા શું હતી તે તો તે કલ્પી શકયો નહિ: પણ ખટારાવાળાના હતાશ વદન પરથી જે

કામ કરવાનો તે નિશ્ચય કરી ઉભો હતો તે ઑલીફન્ટની હાજરીથી ધૂળમાં મળી ગયું એટલું તો જનરલ સ્હમજી ગયો. ગમે તેમ હો: પણ હેન્રીએટ્રા રમ્બોલ્ડે આ ભયંકર સાહસ ધૂળમાં મેળવવાનો સૌથી ઉત્તમ માર્ગ શોધી કાઢ્યો હતો!

લંડનમાં રાજમહેલ આગળ ગાડી ઉભી રહી ત્યારે રાજાએ પોતે જનરલને તેજ ગાડીમાં પોતાને ત્યાં જવાનો આગ્રહ કર્યો. જનરલ રાજાની રજા લઈ જતો હતો તે વખતે રાજાએ તેને મન્દ સ્વરે કહ્યું.

" તમારૂં પખવાડિયું પૂરૂં થઇ ગયું, જનરલ! આવતી કાલે બે વાગે રાજ મહેલમાં પધારજો; અને હું તમને ખાત્રી આપું છું કે હું તમારી ઇચ્છા પાર પાડીશ: હું શું કહેવા માગું છું તે તમે સ્હમજી ગયા હશો...બસ ત્યારે. ચાલો, સાહેબજી!—"

બીજે દિને લગભગ દહોડ વાગે સર વિલિયમ બ્રાન્ડ " વ્હાઇટ હૉલ " પૅલૅસમાં રાજાએ આજે સ્હવારે મોકલેલા સંદેશાને માન આપી આવી પહોંચ્યો. તેને તરતજ " રૉયલ કૅબીનેટ " માં લઈ જવામાં આવ્યો કે જ્યાં રાજા એકલો બેઠેલો હતો. ચાર્લ્સનું મ્હો ગમ્ભીર હતું-તેના આંખોમાં કંઇક ભય તથા શોકનું મીશ્રણ હતું અને તેનું હૃદય અસ્વસ્થ હતું તે સ્પષ્ટ જણાઇ આવતું. તે જે કામ કરવા તત્પર થયો હતો તે કરવાને તે રાજી ન્હોતો પણ તેને તેમ કરવાની ફરજ પાડવામાં આવી હતી અને એવી ફરજ પાડનારની ઇચ્છાશક્તિ સ્હામે થવાની શક્તિ તેનામાં ન હતી. નીધર હૉલના બૅરોનેટને એક આસન પર બેસવાની ઇશારત કરી તેણે પોતાની ખુરશી તેની નજીક લીધા પછી ચાર્લ્સ ધીમા સ્વરે બોલ્યો:

" મ્હારા વફાદાર મિત્ર! આજે જે ભેદ આટલા લાંબા સમયથી સાચવી રાખવામાં આવ્યો હતો તે ફૂટી જશે—"

આ ખબર સાંભળી સર વિલિયમના વદન પરની સ્વાભાવિક સખ્તાઇ અને ગમ્ભીરતાને સ્થાને અજાયબીની લાગણી છવાઇ ગઇ. તે તરત કંઈ બોલી શકયો નહિ; પણ અંતે તે અત્યંત વિનયી સ્વરે બોલ્યો.

" એ ભેદ આપ નામદારનો પોતાનો છે; અને રાજન્! આપની ઇચ્છા પ્રમાણે વર્તવાને આપ મુખ્ત્યાર છો. "

" નહિ, મ્હારા મિત્ર! " કંઇક નાપસંદ લાગણીથી ચાર્લ્સ બોલ્યો.

"તે *ભેદ મ્હારો એકલાનો નથી. ન કલ્પી શકાય એવી રીતે તે બીજો જાણી ગયો છે."

"ગયા વર્ષમાં આપ નામદારે એક દીવસ આજ મહેલમાં મને બોલાવી કહ્યું હતું કે આગલી રાત્રે બુરખા પાર્ટીમાં જાદુગરના વેષમાં સજ્જ થયેલા એક માણસે આપનામદારના કાનમાં એ ગુપ્ત વાત કહી હતી તે મને બરાબર યાદ છે અને તે જાદુગર કોઈ નહિ પણ જનરલ ઑલિફન્ટ હતો એ મને પાછળથી માલૂમ પડ્યું હતું."

"હા. એજ તે જાદુગર હતો. હવે એ ભેદ સાથે જેમને સંબંધ છે તેમને તેથી પરિચિત કરવાની એણે મને વિનંતી કરી છે." ચાર્લ્સ બોલ્યો.

"આપ નામદાર આ સ્થલે યાદ કરવાની મહેરબાની કરશો કે તે સમયે આપે મને આપની સમક્ષ હાજર થવાની આજ્ઞા કરી એ વાત મ્હેં કોઇને કહી આપનો વિશ્વાસઘાત કર્યો હતો એમ આપ બોલ્યા હતા?—"

"હતમારૂં ભલું થાય! બ્રાન્ડ! હજુ તમને તે યાદ છે? મ્હારા મિત્ર! મને એવી શંકા ઉપજે એ શું કુદરતી ન્હોતું? પણ તમે એક સરદાર અને ગૃહસ્થ તરિકે સોગન ખાધા—અને મ્હેં તમારા વચનને સત્ય માન્યું. મ્હેં તમને ગુસ્સામાં અન્યાય કર્યો હતો તે માટે મ્હેં માફી પણ માગી હતી અને તમારા વચનથી મને થયલો સંતોષ વ્યક્ત કરવા તથા મ્હેં તમારાપર મૂકેલા અયોગ્ય આરોપના પશ્ચાતાપ રૂપે થોડા દિવસ પછી તમને બૅરોનેટનો માનવંત ખિતાબ આપ્યો હતો."

"અને આપ નામદારે મને જે માન આપ્યું હતું તેનો મ્હેં માન અને આભારની લાગણી સહ સ્વીકાર કર્યો હતો—" વિનયથી, એક તાબેદાર નોકર પેઠે સર વિલિયમ બોલ્યો.

---

* પ્રથમ ભાગમાં ડચેસ ઑફ પોર્ટસ્મથના રંગભવનમાં જે બુરખા પાર્ટી થઈ હતી તેમાં કર્નલ ગ્રેહામ પાસેથી આમંત્રણપત્રિકા મેળવી કૅપ્ટન વીલ્ડર નામનો માણસ જાદુગરના પોષાકમાં પાર્ટીમાં ગયો હતો અને તેણે લૉર્ડ આર્ટન, ડચેસ ઑફ પોર્ટસ્મથ તથા ચાર્લ્સ સ્ટુઅર્ટને કંઈ ભેદી વાત કહી ચમકાવી દીધા હતા અને લુઈ તેથી બેભાન થઇ ગઈ હતી એ બીના વાંચનાર આ સ્થલે યાદ કરી શકશે. એ જાદુગર કોઇ નહિ પણ જનરલ ઑલિફન્ટ હતો તે વાંચક જાણે છે.

"એ ગુપ્ત બીના ઑલિફન્ટની જાણમાં કેમ આવવા પામી હશે?" રાજા કંઇક મુઝાઇને બોલ્યો.

"મ્હારા ધારવા પ્રમાણે તે સમયે એ ગુપ્ત ભેદ ચાર જણુ જાણતાં હતાં. એક હું—બીજાં તમે—ત્રીજી લેડી બ્રાન્ડ અને ચોથી પેલી વૃદ્ધ ફ્રેન્ચ દાસી કે જેનાપર મ્હારો વિશ્વાસ હતો. તે તે પછી થોડા વખતમાં મગજે લોહી ચ્હડી જવાથી મરણ પામી હતી. આથી તમે, તમારાં પત્નિ અને હું—ત્રણ જણજ એ જાણનારા રહ્યાં. મ્હેં તો એ વાત કોઇને કહી નથીજ તે તમે માની શકશો. તમે પણ કદિ મ્હારો વિશ્વાસઘાત ન કરો એ હું ખાત્રીપૂર્વક માનું છું."

"નામદાર! ..." દિલગીર થઈ તે બૅરોનેટ બોલ્યો.

"આપે મને એ વિષે ગયા વરસમાં જે પ્રશ્નો પૂછ્યા હતા તેના પ્રત્યુતરમાં હું જે બીના આપને ન્હોતો કહી શક્યો તે હું આજે આપ સમક્ષ પ્રકટ કરૂં છું. એ ગુપ્ત બીના બીજાની જાણમાં કેમ આવી તે માટે એક સવિસ્તર ખુલાસો કરવાને હું બંધાયલો છે કે જે ખુલાસા વિના આપ નામદાર એ બાબત કેમ બહાર ગઈ તે સ્હમજી શકશો નહિ. નામદાર! મ્હારા મ્હોમાંથી કદિપણ એ વાત બહાર નીકળી નથી એમ મ્હેં આપ નામદારને તે સમયે કહ્યું હતું અને તે સત્યજ હતું: પણ ગત વર્ષમાં આપે જ્યારે મ્હારી પત્નિએ એ ભેદ કોઇને કહ્યો હતો કે કેમ એમ મ્હને પૂછ્યું હતું ત્યારે મ્હારે કબૂલ કરવું જોઇએ કે હું જૂઠું બોલ્યો હતો: તે દગાખોર નીવડી હતી. તેણે મ્હારા તેમજ આપના વિશ્વાસનો ભંગ કર્યો...અને..."

"તમને દુઃખ થાય એવી નાજુક બાબત મને કહેવાની તમને ફરજ પડતી જોઈ હું ઘણો દીલગીર થાઉં છું; પણ મ્હારા મિત્ર! હું એ વાત જાણવા આતુર બની રહ્યો છું માટે કૃપા કરી—"

"હું કહીશ—હું આપ નામદારને આજે એ બીના કહીશ." સર વિલિયમ બ્રાન્ડે જવાબ આપ્યો.

"કેટલાંક વર્ષો પૂર્વે—લગભગ સોળ સત્તર વર્ષ થયાં હશે—રૂબીઅન પર્સી નામનો એક યુવાન નીધર હૉલનો મહેમાન થયો હતો તે યુવાન અને ખુબસુરત, હુશિયાર અને ઉમતહૃદયી હતો. દરેક જાતની મરદાઇની રમતોમાં તે નીપુણ હતો: અને જોકે મ્હારા વય સાથે સરખાવતાં તે મ્હારા કરતાં ઘણો યુવાન હતો છતાં તેના સહવાસમાં મને આનન્દ મળવા લાગ્યો કારણ કે આપ નામદાર જાણો છો

તેમ, તે સમયે મ્હારો સ્વભાવ ગમ્ભીર અને એકાન્તપ્રિય ન હતો. હા. નામદાર ! હું તે વખતે એક જૂદોજ માણસ હતો...પણ હવે એ વાત જવા દઈશ. મને એ ફ્રેબીઅન પર્સીના સહવાસમાં રસ પડ્યો—મ્હેં તેને મહિનાઓ સુધી નીધર હૉલમાં મહેમાન તરીકે રાખ્યો: પણ અફસોસ ! હું દૂધ પાઈને સાપ ઉછેરતો હતો કે જે મનેજ કરડ્યો. એક દિવસ અચાનક મ્હેં એને અને મ્હારી પત્નિને પ્રેમમય વાર્તાલાપ કરતાં જોયાં. તેઓ પ્રેમી હતાં તે વિષે મારી ખાત્રી થઈ ગઈ. મ્હારી બેવફા પત્નિ તેના આશકને પ્રેમની કંઇકંઈ મીઠી મીઠી વાતો કહેતી હતી. તેજ વખતે મ્હારી ભારી અજાયબી અને તિરસ્કાર વચ્ચે મને માલુમ પડ્યું કે તે ગુનેહગાર બલાએ મ્હારા નામને કલંકિત કરવા સાથે આપ નામદારનો પણ વિશ્વાસઘાત કર્યો હતો. આપ નામદાર હવે મ્હેં મ્હારી ગુનેહગાર પત્નિને શામાટે ભોંયરામાં કેદ કરી હતી તે સારી પેઠે સ્હમજી શકશો: એ એકાન્ત ભોંયરામાંથી ફક્ત મૃત્યુજ તેને મુક્ત કરી શકત. મ્હેં તેનાપર સખ્ત જાપતો રાખ્યો હતો: પણ પેલા રમ્બોલ્ડની પુત્રી સાથે મ્હારા જે રાત્રે લગ્ન થવાનાં હતાં તેજ દિને મ્હારી પત્નિને જનરલ ઑલિફન્ટે મુક્ત કરી આપણી યુક્તિ પાણીમાં મેળવી. આપ નામદારે ગયા વરસમાં આજ સ્થળે મને એ પ્રશ્નો પૂછ્યા હતા ત્યારે મ્હારી પત્નિ જીવતી હતી અને તે પોતાના પાપની યોગ્ય સજા ભોગવતી હતી તે આપ જાણતા ન્હોતા. મ્હારી પત્નિએ સોળ સત્તર વર્ષ પહેલાં એ ભેદ ફ્રેબીઅન પર્સીને કહ્યો હતો એ બીના જો મ્હેં આપ નામદારને કહી હોત તો તેને લગતો વિશેષ ખુલાસો મ્હારે કરવો પડત કે જેને મ્હારી આબરૂ સાથે સંબંધ હોવાથી હું પ્રકટ કરવા ન્હોતો માગતો—"

"આ પરથી તમે હવે એમ તર્ક કરતા હશો કે લેડી બ્લાન્ડે ફ્રેબીઅન પર્સીને કહેલો એ ભેદ તેણે કોઈ બીજાને કહી દીધો હશે?" ચાર્લ્સ જે બૅરોનેટની વાત અત્યંત લક્ષથી સાંભળતો હતો તેણે કહ્યું,

"એ સિવાય બીજી હું કઇ કલ્પના કરી શકું, નામદાર? મ્હારી પત્નિ બેવફા હતી—તેણે પોતાનો પ્રેમ ફ્રેબીસન પર્સી પર ઢોળી દઈ મ્હારી કીર્તિને કલંક લગાડ્યું હતું—એ બીના જે દિવસે મ્હારી જાણમાં આવી તેજ દિને તેમની વાતચીત પરથી મને જણાયું હતું કે આપ નામદારની ખાનગી બીના તે બલાએ તેના પ્રેમીને તે દિવસથી એક બે મહિના પહેલાં કહી દીધી હતી: તેથી "એટલા

સમયમાં" ફ્રેબીસન પર્સીએ એ વાત બીજાને કહી હોય એ સમ્ભવિત છે—"

"અને તમે તમારી પત્નિને ફ્રેબીઅન પર્સી સાથે પ્રેમ ચેષ્ટા કરતી જોઈ "તે દિવસ પછી" ફ્રેબીઅન પર્સીએ એ વાત બીજા કોઇને કેમ ન કહી હોય ?–" રાજા સર બ્રાન્ડના બોલોમાં કંઈ ભેદ જણાવાથી બોલ્યો.

સર વિલિયમ બ્રાન્ડ ગમ્ભીર થઈ ગયો. તેના પોતાના શબ્દોથી તેણે કોઈ ભયંકર એકરાર કરી દીધો છે એવું તેને લાગ્યું. તેનું વદન ઉતરી ગયું અને ભયની છાયા તેના મ્હો પર છવાઈ ગઇ.

"મ્હારા વફાદાર મિત્ર ! ગભરાઓ ના. તમે મ્હારી વફાદારીથી અનેક વેળા સેવા બજાવી છે. તમારા બોલો પરથી મ્હેં જે અનુમાન કર્યું છે તેથી અશાન્ત ન બનો. તમે તમારી પત્નિને બેવફા થયલી જોઇ, તમારી કીર્તિ કલંકિત કરનાર તેના પ્રેમી પર વેર વાળવા તત્પર થાવ એ સ્વાભાવિક છે. માટે કહો, આ કરૂણ કૌટુંબિક કથા સંપૂર્ણ સાંભળવા વિના મને ચેન પડશે નહિ. બોલો, ફ્રેબીઅન પર્સીનું શું થયું ?—"

"આપ નામદાર જે ધારો છો તેજ. નામદાર !–" ગમ્ભીર સ્વરે, દુઃખી હૃદયે પણ રાજાના વચનથી ભયને દૂર કરી તે બોલ્યો.

"મ્હેં મ્હારી કીર્તિને કલંકિત કરનાર ફ્રેબીઅન પર્સીના અક્ષમ્ય પાપની તેને સજા કરી. તેના ભયંકર પાપ માટે બીજી કોઈ સજા મને જણાઇજ નહિ. મ્હેં તેનો જીવનદીપક બૂઝાવી નાખ્યો; અને મ્હારી પત્નિનો પ્રેમ મેળવનારનો મ્હેં જીવ લીધો. તેના પ્રેમની ભાગીદાર મ્હારી પત્નિને તે પછી મ્હેં જીવતી કબરમાં પૂરી અને જનરલ ઑલિફન્ટ તેને ન છોડાવત તો તેનો સાંજ અંત આવત–"

"પણ એ બાબતમાં વચ્ચે પડવામાં જનરલ ઑલિફન્ટનો શું હેતુ હતો તે વિષે તમે કંઇ તર્ક કરી શકો છો ? ફ્રેબીઅન પર્સીને તે ઓળખતો હતો ?—"

"મને તેની ખબર નથી, નામદાર !..." બૅરોનેટ બોલ્યો.

"ગયે વર્ષે પાનખર ઋતુમાં જનરલ ઑલિફન્ટને મ્હેં પહેલવહેલા "રાઈ હાઉસ" માં જોયો હતો એમ હું ધારૂં છું તે સમયે જનરલ મિ૦ રમ્બોલ્ડ પરના મ્હારા લ્હેણા પૈસા ચુકવવા અચાનક આવી પડયો હતો અને ત્યારેજ મ્હેં તેને પ્રથમ જોયો હતો–"

"ઠીક; પણ આ વાત ઘણી ભેદી અને વિચિત્ર થઈ ગઇ છેઃ ઠીક છે, જે હશે તે. ઑલિફન્ટ હમણાં અહિં આવશે અને હું તે એ ભેદ કેવી રીતે જાણી શકયો તે તેને પૂછી જોઇશ–" વિચાર કરતો રાજા બબડયો.

"ત્યારે જનરલ હમણાં અહિં આવવાના છે?" સર વિલિયમ બ્રાન્ડે પૂછયું.

"હા. મ્હેં તેને બે વાગે આવવાની આજ્ઞા કરી છે." પોતાના ઘડિયાળ તરફ જોતો ચાર્લ્સ બોલ્યો.

"બરાબર બે વાગ્યા છે, સર બ્રાન્ડ! જે પુરૂષની આપણે રાહ જોઇએ છીએ તે હમણાં આવી પહોંચશે કારણ કે તે અત્યંત નિયમિત છે–"

હજુ રાજા આ શબ્દો બોલતો હતો તેટલાં રૉયલ કૅબીનેટ દ્વાર ઉઘડી ગયાં અને એક નોકરે આવી ખબર આપીઃ

"નામદાર ગવર્નર જનરલ પધાર્યા છે."

પ્રકરણ ૨૯ મું.

કૅબીઅન પર્સી.

ઓરડામાં દાખલ થતાં રાજાની સાથે સર બ્રાન્ડને જોઇ ઑલિફન્ટના વદન પર એક પલ કંઇક દુઃખની સ્પષ્ટ છાયા છવાઇ ગઈ. તે કદિ પણ કોઇને જોઇને આશ્ચર્ય પામતો નહિ તથા પોતાનો મનોભાવ કોઇને જાણવા દેતો નહિ; પણ આજે તેની સ્થિતિ જૂદીજ હતી. પોતાના હૃદયને પુનઃ સ્વસ્થ કરવા પછી પણ તે સર વિલિયમ બ્રાન્ડને સરલ–શાંતિ પૂર્ણ દષ્ટિએ જોઇ શકયો નહિ. કોઇને પણ મળતાં તે શરમાતો નહિ. કોઇથી તેને ડરવાનું ન્હોતું કે શરમાવાનું ન્હોતુંઃ છતાં સર બ્રાન્ડને જોઈ તેના વદન પર શોકની સ્પષ્ટ છાયા ફરી વળી. તે રાઇ હાઉસમાં કર્નલ રમ્બોલ્ડનું કરજ ચૂકાવવા ગયો હતો ત્યારે પણ સર વિલિયમને જોઇ તેને એવીજ લાગણી થઇ હતી. 'નીધર હૉલ' માંથી રૂથ અને હેન્રીએટા તથા લેડી બ્રાન્ડને મુક્ત કરવા તે ગયો હતો ત્યારે પણ 'નીધર હૉલ" ને દુરથી જોઈ તેના હૃદયમાં ભૂતકાલની કંઇક દુઃખ ભરી સ્મૃતિ

થઈ હતી. અત્યારે પણ તેને એવી સ્મૃતિથી દુઃખ થયું અને તેની તેજસ્વી આંખો સર બ્રાન્ડ તરફ હિમ્મતથી જોઈ શકી નહિ.

"જે ભેદ આજે પ્રકાશમાં આવવાનો છે તે વખતે મ્હારા વફાદાર મિત્ર સર વિલિયમ બ્રાન્ડ આ સ્થલે હાજર રહે એવી મ્હારી ઇચ્છા છેઃ કારણ કે જેમ તમે એ ભેદ જાણો છો તેમ મ્હારા આ મિત્ર પણ તેથી પરિચિત છે–" રાજાએ જનરલ સાથે હસ્તધુનન કર્યા પછી સર બ્રાન્ડની હાજરી સંબંધી ખુલાસો કર્યો.

ઑલિફન્ટ સર બ્રાન્ડ તરફ જોઇ નમ્યો–એ નમન વખતે પણ તેના વદન પર શોકની છાયા આવી–તેની સ્વાભાવિક શાન્તિ આજે તેણે ગૂમાવી હતી.

"મને લાગે છે કે તમે અહિં એકલા આવ્યા નથી ?—" ચાર્લ્સ બોલ્યો.

"નહિ નામદાર!..." ત્વરાથી પોતાના હૃદય પર સત્તા ઝમાવી સ્વસ્થ થઈ ઑલિફન્ટે પ્રત્યુત્તર આપ્યો.

"જેને એ ભેદ સાથે ગાઢ સંબંધ છે તે આ મહેલમાં આજે શું થવાનું છે તે જાણતો નથીઃ પણ તેને હું મ્હારી સાથે લઇ આવ્યો છું; અને મ્હારી સૂચનાથી આપ નામદારના એક નોકરે તેને એક બીજા દિવાનખાનામાં બેસાડ્યો છે."

"અને હવે જનરલ ઑલિફન્ટ !–" સર વિલિયમ બ્રાન્ડ આવ્યો ત્યારે તે જેટલો અશાન્ત હતો તેથી વધુ અશાન્ત બની રાજા બોલ્યો.

"કેવી રીતે તમે એ ભેદ સ્ફોટ કરવા ચાહો છો ?...ધીમે ધીમે બધી વાત કરજો...સર વિલિયમ બ્રાન્ડ એ ભેદ ફોડે કે તમે તેમ કરવા ઇચ્છો છો તે તમારે નક્કી કરવાનું છે."

"હું એ ફરજ માથે લઉં છુંઃ અને હું ધારૂં છું કે આ કામ જેમ જલદી પતી જાય તેમ વધું સારૂં..."

"પણ...પણ..." લથડતા સ્વરે રાજા બોલ્યો.

"અત્રે કેટલાક ખુલાસા થવાના છે..."

"હું બધું જાણું છું..." ઑલિફન્ટ બોલ્યો અને તેણે સર વિલિયમ બ્રાન્ડ પર ત્વરાથી એક તિક્ષ્ણ દૃષ્ટિ ફેંકી.

"તમે બધું જાણો છો ?" રાજા ધીમા સ્વરે વિચાર કરી બોલ્યો. પછી તે જરા આવેશમય સ્વરે બોલી પડ્યો.

"જનરલ ઑલિફન્ટ ! તમે અસામાન્ય પુરૂષ છો. કહો, તમે આ ગુપ્ત વાત કેવી રીતે જાણી ?"

જનરલે પોતાના હાથે પોતાની શ્યામ ભ્રમર દબાવી શાન્ત થવાનો પ્રયત્ન કર્યો. આજે તેના હૃદયપર સત્તા ચલાવવાની શક્તિ મન્દ થયલી તેને જણાઇ.

"હા..." જનરલ અન્તે મન્દ અને દુઃખદ સ્વરે બોલ્યો.

"આજે સમ્પૂર્ણ પ્રકાશ દરેક ભેદ પર નાખવામાં આવશે. બધી ગુપ્ત બીનાનો આજે ખુલાસો થઇ જશે. હું આપ નામદારને તથા સર બ્રાન્ડ ! તમને પણ વચન આપું છું કે હું આજે અહિંથી રજા લઉં તે પહેલાં આ ગમ્ભીર અને ખાનગી ભેદની મને કેમ ખબર પડી તે હું તમને જણાવી જઇશઃ તે પહેલાં જે ફરજ બજાવવાનું મ્હેં માથે લીધું છે તે બજાવવા હું જાઉં છું—"

એમ કહી જનરલ ઑલિફન્ટ નમન કરી 'રૉયલ કૅબિનેટ' છોડી ગયો. એક નોકર કોરીડોરમાં ઉભો હતો તે તેને મહેલના એક બીજા ઓરડામાં લઇ ગયો કે જ્યાં સર લૉરેન્સ લી તેની રાહ જોતો બેઠો હતો.

નોકર દ્વાર બંધ કરી ત્યાંથી ચાલ્યો ગયો. ઑલિફન્ટ અને લૉરેન્સ તે દિવાનખાનામાં એકલા પડ્યા. જનરલનું મુખ ગમ્ભીર અને વિચારગ્રસ્ત હતું. લૉરેન્સના વદનપર આશ્ચર્ય અને આતુરતા હતી. જનરલે એક ખુરશી બેસી લૉરેન્સને પણ બેસી જવાની આજ્ઞા કરી. તે પોતાની ખુરશીપર લૉરેન્સની નજીક લઇ ગયો તે પરથી લૉરેન્સની ખાત્રી થઈ ગઇ કે કંઈ અસાધારણ કામ માટે તેને આજે તેનો મિત્ર મહેલમાં લઇ આવેલો હોવો જોઇએ. છતાં લૉરેન્સને જે લાગણી થઈ—તેણે જે કલ્પનાઓ કરી—તેથી તેને કોઇ જાતનો ભય ઉપજ્યો નહિ કારણકે કંઇ પણ ભય પામવા જેવું નથી એમ જનરલે તેને પ્રથમથીજ કહી દીધું હતું.

"મ્હારા વ્હાલા મિત્ર ! !—" ગમ્ભીર સ્વરે પણ પ્રેમાલ લાગણીથી ઑલિફન્ટે વાત કરવાનો પ્રારંભ કર્યો.

"હું તમને એક અત્યંત અગત્યની વાત કહેવા માગું છું કે જે આજસુધી તમે સ્વપ્ને પણ કલ્પી નહિ હશે. હું એ ગુપ્ત બીનાના પ્રસ્તાવમાં પ્રથમ તમારી પત્નિની ફોઇ વિષે જે કેટલીક વાત કરૂં છું તે લક્ષપૂર્વક સાંભળો. તમારાથી એ વાત છુપી નથી, મ્હારા વ્હાલા

લૉરેન્સ ! કે હેન્રીએટ્ટા રમ્બોલ્ડ પ્રબલ પ્રેમની સત્તાને શરણ થઈ હતી અને તેના પ્રેમીના પવિત્ર વચનોને સત્ય માનીને જ તેણે પોતાનું જીવનસર્વસ્વ તેને અર્પણ કર્યું હતું. વિકારને શરણ થઈને તે નીતિપથ પરથી ગબડી પડી ન્હોતી. કોઈ પણ જાતની અપવિત્ર ઇચ્છા તેના હૃદયમાં જન્મી હતી એવો દોષ તેના પર મૂકી શકાય એમ નથી. તેના પ્રેમની પ્રબલતાએ તેના હૃદયને નિર્મલ બનાવ્યું હતું ! તેનો પ્રેમી ચાર્લ્સ સ્ટુઅર્ટ હતો તે તમે જાણો છો. તેઓ ફ્રાન્સ ગયાં અને જ્યારે તે માતા થવાની સ્થિતિમાં આવી પડી ત્યારે તેણીએ પોતાના નિર્દોષ બાલકને તેના પિતાનું નામ મળે તે માટે પોતાની સાથે લગ્ન કરવાની પોતાના પ્રેમીને અત્યંત કરૂણ વિનંતી કરી હતી. તે તેને જ્યોર્જ ફિટઝ વિલિયમ તરિકે જ પીછાનતી હતી અને એ માન્યતાને લીધે તેના પ્રેમીએ તેને જે વચનો આપ્યાં હતાં તેનું પાલન કરતાં તેને કંઈ મુશ્કેલી પડશે એમ તે માનતી ન્હોતી. ચાર્લ્સ સ્ટુઅર્ટે તેની ઇચ્છાનુસાર ન વર્તવા માટે અનેક બહાનાં બતાવ્યાં કર્યાં—જેમ બને તેમ મીઠાસથી તેણે તેને સ્હમજાવી શાન્ત રાખવાનો પ્રયાસ કર્યો—તે પછી હેન્રીએટ્ટા રમ્બોલ્ડની વિનવણીમાં પરિવર્તન થયું—તે તેને વારંવાર ઠપકો આપવા લાગી–તેને આજ્ઞા કરવા લાગી–લગ્ન મુલતવી રાખવા માટે તે તેનાપર ોધિત થઈ તેને કટુવચન કહેવા લાગી. અને ચાર્લ્સ સ્ટુઅર્ટ તે સમયે પડતી દશામાં હોવાથી તે તેની પ્રિયતમાપર ગુસ્સે થયો હોય અને તેની સાથે તેણે ક્રૂર વર્તન ચલાવ્યું હોય તે સ્વાભાવિક છે. ચાર્લ્સ સ્ટુઅર્ટનું વર્તન યોગ્ય હતું એમ હું કહેવા માગતો નથી. જે હૃદયને તેણે જખમી કર્યું હતું તે પર ઠંડો મલમ લગાવવાની તેની પવિત્ર ફરજ હતી. જે જીવનનો રસ તેણે સૂકાવી નાખ્યો હતો તે જીવનને પુનઃ નવપલ્લવિત કરવાને તે બંધાયલો હતો; પણ કેટલાંક કારણો—જે તમે અલ્પ સમયમાં જાણશો–તેને લીધે હું ચાર્લ્સના વર્તનપર વિશેષ ટીકા કરવા ચાહતો નથી. હેન્રીએટ્ટા ક્રોધપૂર્ણ હૃદયે તેની આગળ હમ્મેશા ફરિયાદ કરવા લાગી–હમ્મેશાં તેને ઠપકો દેવા લાગી અને તેથી આખરે તે તેનાથી કંટાળી ગયો. અન્તે તે હેન્રીએટ્ટાનો ત્યાગ કરવાના નિશ્ચયપર આવ્યો. હતભાગી હેન્રીએટ્ટા બેભાન થઇ ગઈ—અઠવાડિયાઓ સુધી તે સન્નિપાત અને તાવથી રીબાઇ—જ્યારે તે શુદ્ધિમાં આવી ત્યારે ચાર્લ્સ તેને તજી ગયો હતો. જે ફ્રેન્ચ દાસી તેની સેવામાં હતી તેણે કોઇ રીતે જ્યોર્જ ફી-

ટઝ વિલિયમ ખરેખર કોણ હતો તે વાત જાણી લીધી હતીઃ પણ તે પોતાના સ્વામીને વફાદાર હતી. હેન્રીએટ્ટાને તેણે ખરી વાત કહી નહિ પણ વાતમાં ને વાતમાં તેણે હેન્રીએટ્ટાને એટલું જણાવી દીધું કે તેના પ્રેમીનું ફીટઝ વીલીયમ નામ ખોટું હતું. ફરીથી કમનસિબ હેન્રીએટ્ટાના હૃદયપર વજ્રઘાત થયો અને તે ભયંકર માંદગીને બીછાને હતી ત્યારે ચાર્લ્સ પાછો આવ્યો. તે પોતાના વફાદાર પક્ષકાર સરવિલિયમ બ્રાન્ડ પાસેથી દ્રવ્ય લેવા પૅરિસ ગયો હતો. હેન્રીએટ્ટાને હમ્મેશને માટે છોડી જવા પહેલાં તે તેને બની શકે તેટલા પૈસા આપવાની ઇચ્છાથી પાછો આવ્યો હતો. તેણે તેણીને બેભાન—દિવાની દશામાં જોઈ. દાસીદ્વારા તેણી બાલકને પણ બેભાન દશામાં મારતી હતી એવી તેને ખબર મળી—તેણે બાલકને લઈ લેવાનો નિશ્ચય કર્યો અને બાલકને લઇ જવા માટે તેની પાસે અનેક કારણો હતાં. હેન્રીએટ્ટાની ઉન્માદી દશા ભયંકર થઈ પડવાથી તે કોઈ ભયંકર પલે તે બાલકને મારી નાખશે એટલા માટે જ નહિ પણ તે રાજાનો પુત્ર છે એવું ગમે તેટલી શોધ કરવા છતાં કોઇને માલૂમ ન પડે તેટલા માટે તેણે તે બાલકને પોતાના કબજામાં લઈ લેવાનો નિશ્ચય કર્યો. અલ્પ સમયમાં તે પુનઃ ઈંગ્લંડની ગાદી મેળવી શકશે એવી તે સમયે તેની ખાત્રી થઈ ચૂકી હતી. બાલકને તેની માતા પાસેથી ખૂંચવી લેવાના નિશ્ચય પર આવી તેણે ઉતાવળથી ઘટતી વ્યવસ્થા કરવા માંડી. તે પેલી ફ્રેન્ચ દાસીપર વિશ્વાસ રાખતો હોવાથી તેણે તે જે રકમ મિસ રમ્બોલ્ડને આપવા ચાહતો હતો તે તેને સ્વાધિન કરી—"

"પણ આપણને જે વાત કહેવામાં આવી છે તે પરથી તો મિસ રમ્બોલ્ડને એક પેની પણ મળેલી જણાતી નથી—" તલ્લીન થઇ લૉરેન્સ જનરલની વાત સાંભળતો હતો તે બોલ્યો.

"ખરૂં..." ઍાલિફન્ટે જવાબ આપ્યો.

"પણ તેમાં ચાર્લ્સ સ્ટુઅર્ટનો વાંક ન્હોતો. હેન્રીએટ્ટા રમ્બોલ્ડ સાથેના તેના ક્રૂર વર્તન પરથી જે જે દોષ આપણે તેના પર મૂકી શકીએ તેમાં પૈસાની બાબત માટે પણ આપણે તેને દોષિત ગણી શકીએ એમ નથી. આ વખતે પણ—મ્હારી માન્યતા પ્રમાણે તેની નિર્દયતાનો ભોગ થયલી કુમારિકા ભિખારી હાલતમાં આવી પડી હતી તેની તેને ખબર નથી. જ્યારે હેન્રીએટ્ટા રમ્બોલ્ડ બીજી વારના સન્નિપાતમાંથી બચી પાછી શુદ્ધિમાં આવી ત્યારે પેલી ફ્રેન્ચ

દાસી અચાનક મરણ પામેલી જણાઇ. તેણીએ આ બીના જે સર-જ્યન તેની દવા કરતો હતો તેને મ્હોડે સાંભળી. ફક્ત કલ્પનાને આધારે કોઈ પણ વ્યક્તિને આપણે દોષિત માનીએ એ યોગ્ય નથી: છતાં પેલા સરજ્યનેજ ફ્રેન્ચ દાસી પાસેના પૈસા પોતાના વપરાશમાં લીધા હોય એમ માનવાને ઘણાં કારણો છે: પણ એ બાબત પર વિશેષ પિષ્ટપેષણ કરવાની જરૂર નથી. એટલું કહેવું પૂરતું થઈ પડશે કે હેન્રીએટા રમ્બોલ્ડ સાથે ચાર્લ્સે નીચ અને નિર્દય વર્તન ચલાવ્યું હતું એ વાત ખરી છે; પણ તેને છોડી જતી વખતે તે તેને ભિખારી હાલતમાં ફેંકી ગયો ન્હોતો એમ કહેવાની જરૂર છે. બીજી વાર જ્યારે તે શુદ્ધિમાં આવી ત્યારે પેલી દાસી મરણ પામી હતી એટલુંજ નહિ પણ તેનું બાલક પણ તેની પાસેથી ખૂંચવી લેવામાં આવ્યું હતું અને તે પાછું મળે એ શકય ન્હોતું. તે બાલક લૉરેન્સ !–" જનરલનો સ્વર મન્દ અને ગમ્ભીર થયો.

"તે બાલક–ચાર્લ્સ અને હેન્રીએટા રમ્બોલ્ડના પ્રેમના ચીર સ્મરણ રૂપ બાલક ચાર્લ્સે પોતાના વફાદાર અને વિશ્વાસપાત્ર પક્ષકારને સોંપ્યું હતું કે જેણે પોતાના ભત્રિજા તરિકે તેનું લાલન પાલન કર્યું હતું—"

લૉરેન્સના વદન પર ભયંકર શોક છવાયો. તે બધું સ્હમજી ગયો–એક પલમાં તે બધું કલ્પી શકયો. હજારો વિચારો તેના અશાન્ત મગજમાં આ સમયે દોડી આવ્યા. અનેક ભેદી અને આશ્ચર્યજનક બનાવો તેની સ્મૃતિમાં તાજા થયા. બાલપણથી અત્યાર સુધી તેના માતપિતા વિષે તેને કંઇ પણ ખબર સર વિલિયમ બ્રાન્ડે આપી ન્હોતી–કંઇને કંઇ બહાનું બતાવી એવી વાત ઉરાડી દેવામાં આવી હતી–તેના માતપિતાની કબરો કયાં હતી તે પણ તેને કહેવામાં આવ્યું ન્હોતું. રિપબ્લીકન કર્નલ રમ્બોલ્ડની પુત્રી સાથેના તેના લગ્ન અટ-કાવવા માટે ચાર્લ્સે જે વલખાં માર્યાં હતા તેનું મૂલ હવે તેને સ્હ-મજાયું. તેની હઠ છોડાવવા માટે તેને ટાવરમાં કેદ કરવો, રાજાએ પોતે તેને સ્હમજાવવો, વિગેરે અનેક બાબતો તેને યાદ આવી અને ત પરથી તે પોતેજ ચાર્લ્સ સ્ટુઅર્ટ તથા હેન્રીએટા રમ્બોલ્ડનો પુત્ર હતો એવી તેની સમ્પૂર્ણ ખાત્રી થઇ ગઇ.

"હા. મ્હારા વ્હાલા મિત્ર! એ સત્ય છે—" ઑલિફન્ટ વ્હાલથી લૉરેન્સનો હાથ પકડી બોલ્યો.

"શાન્ત થાવ. તમારા રાજવંશી પિતાની આજ્ઞાથી હું આ ગુપ્ત વાત તમારી આગળ પ્રકટ કરૂં છું. આવતી કાલે તમારી માતાને પણ એ બીનાથી પરિચિત કરવામાં આવશે અને એટલા માટેજ મ્હેં તેને તથા મિસીસ રમ્બોલ્ડને મ્હારે ત્યાં પધારવાનું નિમંત્રણ કર્યું છે. હવે તમે, થોડોક સમય પહેલાં હું ચાર્લ્સ સ્ટુઅર્ટના વર્તન પર ટીકા કરતાં જે નરમ ભાષા વાપરતો હતો તેનું કારણ સ્હમજી શકશો. લૉરેન્સ! તમારા પિતાના ચારિત્ર્ય પર હું ટીકા કરતો હતો અને તમને દુઃખ થાય એવા શબ્દો વાપરવા હું નારાજ હતો"

"ઓહ! મ્હારી વ્હાલી માતા! બિચારીને કેટલાં ભયંકર દુઃખો સહવાં પડયાં..." એટલું કહી વીર લૉરેન્સ જે યુદ્ધભૂમિમાં નીડરતાથી મૃત્યુના મુખમાં પ્રવેશ કરતો તે હમણાં બાલક પેઠે રોઈ પડયો.

જનરલ ઑલિફન્ટ પર પણ ગમ્ભીર અસર થઇ હતી અને પોતાની આંખો પર હાથ ફેરવી તે ધ્રુજતા સ્વરે બોલ્યોઃ

"લૉરેન્સ! મ્હારા વ્હાલા મિત્ર! હું તારી લાગણી સ્હમજી શકું છુંઃ પણ આ ભેદ તમને જણાવવાની જરૂર હતીઃ અને તમારા પિતા આટલા લાંબા સમયે તમારી માતા પ્રત્યેના પોતાના વર્તન માટે પશ્ચાત્તાપ કરે છે–હા–જાહેર ન્યાયાલયમાં તેણે જે વાતનો ઇનકાર કરી મિસ રમ્બોલ્ડનું અપમાન કર્યું હતું તે માટે હવે એ પસ્તાય છેઃ આહ! મ્હેં પોતે એ કરૂણ કથા કોર્ટમાં જાહેર કરવા મિ૦ મોબ્રેને કહ્યું હતુંઃ કારણ કે એ વાતનો ઇનકારજ કરવામાં આવશે એવીજ મ્હેં આગળથી કલ્પના કરી હતી. રાજાના ઇનકારથી તમારી માતાના દુઃખી હૃદય પર નવીન પ્રહાર થશે એ હું જાણતો હતો પણ તેથી હું રાજાને પશ્ચાતાપ રૂપે એ બીનાનો સ્વીકાર કરવાની ફરજ પાડવા શક્તિવાન થઇશ એમ હું માનતો હતો અને આજે તેના પ્રાયશ્ચિતનો દિવસ છે–"

"અહા! મ્હારા વ્હાલા જનરલ!" જનરલના હાથ પર ચુમ્બન કરી લૉરેન્સ બોલ્યો.

"તમારાં કામોનો કોઇ પાર પામી શકતું નથી. આહ! તમારી શક્તિ મહાન છે અને હમ્મેશાં તમે તેનો પરમાર્થ માટેજ ઉપયોગ કરો છો...પણ તમે મ્હારા જીવનનો આ ભેદ ક્યારથી જાણતા હતા ?–"

"ઘણાં વરસથી." ઍલિફન્ટ બોલ્યો.

"તમને યાદ છે—એક વખતે, મ્હેં ડચેસ ઑફ પોર્ટસ્મથના મેળાવડા વખતે મ્હેં તમને કહ્યું હતું કે હું તમને તમારા બાલપણથી ઓળખું છું—"

"હા—હા. મને તે યાદ છે, અને તમે મને એમ પણ કહ્યું હતું કે એક દિવસ ભવિષ્યમાં એવો આવશે કે જ્યારે મ્હારાથી તમે કંઈ પણ ગુપ્ત રાખશો નહિ—" લૉરેન્સે કહ્યું.

"અને તે દિવસ અન્તે આવી પહોંચ્યો છેઃ" ઍલિફન્ટ બોલ્યો.

"મ્હેં તમને આજ પહેલાં આ વાત કેમ ન કહી અથવા રાજાને તે પ્રકટ કરવાની ફરજ મ્હેં કેમ ન પાડી તે માટે કદાચ તમે અજબ થશોઃ હું આજે બધા ભેદ ફોડી નાખવા માગું છું. ખરૂં પૂછો તો એ ભેદ પ્રકાશમાં આવવાથી કોઈનું કલ્યાણ થાય એમ ન્હોતું. તમારી માતાનો વિશ્વાસઘાત કરી તેના જીવનને કંગાળ કરનાર પિતાનું નામ તમને કહેવું એ યોગ્ય ન્હોતુંઃ પણ જ્યારે અલ્પ સમય પહેલાં મને ખબર પડી કે દુઃખી હેન્રીએટ્ટા પોતાના લાંબા સમય પહેલાં ઝુંટવી લેવાયલા બાલકને લગતી કંઇ પણ ખબર મેળવવા અત્યંત આતુર છે, તથા તેના દુઃખી હૃદયને શાન્ત કરવા કર્નલ રમ્બોલ્ડ પોતે રાજા પાસે તે બાલકનું શું થયું તે પૂછવા ગયા અને ત્યાં હત્ ભાગ્યે ભયંકર સંયોગોના ભોગ થઈ ભયંકર આફતમાં આવી પડયા કે જેમાંથી પ્રભુ કૃપાએ તે બચી જવા પામ્યા ત્યારે મને લાગ્યું કે હવે આ ભેદ ખુલ્લો થવો જોઇએ અને પ્રભુની અગમ્ય કૃતિથી હેન્રી એટ્ટા રમ્બોલ્ડનો પુત્ર તેની ભત્રિજી સાથેજ લગ્ન ગ્રન્થિથી જોડાયો છે એ વાતથી તે બિચારીને વાકેફ કરવી જોઇએ."

"અને તમે મ્હારા બાલપણથી મને ઓળખતા હતા ? મને તો કંઇ યાદ નથી આવતું—" લૉરેન્સ હજુ જનરલનો હાથ પોતાના હાથમાં રાખી બોલ્યો.

"મ્હારા વ્હાલા લૉરેન્સ ! જ્યારે તું સાત આઠ વર્ષનો હતો ત્યારથી હું તને ઓળખું છું—"

"મને યાદ નથી આવતું તે અજબ જેવું છે." મુઝાઈને લૉરેન્સ બોલ્યો.

"સર વિલિયમ અને લેડી બ્રાન્ડને ત્યાં તે સમયે અનેક મહે-

માનો આવતા હતા; પણ બધા કરતાં જે મને બહુ યાદ આવે છે, જે મને રમાડતા—મ્હારી સાથે રમતા—મને મરદાઈ ભરી કુસ્તી કરતા શીખવતા, જેમણે મને બોટીંગ કરતા તથા માછલી પકડતાં શીખવ્યું હતું તથા જેમણે મ્હારા તરફ ઘણોજ પ્રેમ બતાવ્યો હતો, તેમને વિષે એક ખરાબ વાત પાછળથી મ્હારા જાણવામાં આવવા છતાં પણ તેમને બહુ યાદ આવતા—હું તેમના પ્રેમનું સ્મરણ કરી વારંવાર દિલગીર થતો, તેમનું નામ ફેબીઅન પર્સી હતું—"

"ચાલો, ચાલો મ્હારા વ્હાલા મિત્ર! તમારા પિતા પાસે ચાલો—" એકદમ ઑલિફન્ટ બોલ્યો.

જે લાગણીથી લૉરેન્સ લી જનરલ ઑલિફન્ટ સાથે રાજાના ઓરડામાં ગયો તેનું વર્ણન કરવું અશક્ય છે. વાંચનારે કલ્પનાથી જ તેની લાગણીઓનો ખ્યાલ કરવો. દ્વાર ઉઘાડી બન્ને અંદર ગયા. લૉરેન્સ તેના દીલમાં જે આવેશમય લાગણીઓ તોફાન મચાવતી હતી તેથી પરાજિત થઈ ઉંબરા આગળ જ અટકી ગયો...ચાર્લ્સના હૃદયમાં આ સમયે પિતા તરિકેનો પ્રેમ ઉછળી આવ્યો—તે લૉરેન્સ પાસે દોડી ગયો અને પોતાના વ્હાલા પુત્રને છાતી સરસો ચાંપી દીધો. ચાર્લ્સના જીવનમાં આવી સુખી પળો ઘણી ઓછી આવી હતી.

રાજા અને તેના પુત્રની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. અનેક વિચારો બન્નેને આવ્યા. તેમને જે લાગણી થઈ તે વર્ણવવાની અમારી લેખિનીમાં શક્તિ જ નથી. રાજાએ વ્હાલથી—લાડથી લૉરેન્સના વાળ સાથે રમત કરી—તેને બે ચાર વાર છાતી સરસો ચાંપ્યો. ખરેખર, તે એક કરૂણ દેખાવ હતો.

થોડોક સમય પિતાપુત્રના કરૂણ મીલનમાં પસાર થઈ જવા પછી સર વિલિયમ બ્રાન્ડ બોલ્યો.

"જનરલ ઑલિફન્ટ! જે ખાનગી વાત હવે જાહેરમાં આવી ગઈ છે તે તમે કેવી રીતે જાણી શક્યા તે કહેવાનું તમે વચન આપ્યું છે તે પાળવાની કૃપા કરશો?—"

"જરૂર...પણ તમને કંઇપણ શંકા ન થાય એ શું શક્ય છે? તમને કદાચ અશક્ય લાગતું હશે...છતાં તમારા મગજમાં શું કંઇ પણ ઝાંખી કલ્પના આવી શકતી નથી? ભૂતકાલને યાદ કરવા છતાં તમે કંઇ તર્ક કરી શકતા નથી?—" ઑલિફન્ટ ધ્રુજતા સ્વરે બોલ્યો.

"તમે શું કહેવા માગો છો, જનરલ ?" આ વિચિત્ર પ્રશ્નોથી મુઝાઇ સર બ્રાન્ડ બોલ્યો.

"હું ફકત એકજ તર્ક કરી શકું છું અને તે એ છે કે ફેબી-અન પર્સી દ્વારા તમે એ બીના જાણી શક્યા હો—"

"નહિ—નહિ—" ઑલિફન્ટ આવેશથી બોલ્યો. તેની શાન્તિ, દમામ, બેપરવાઇ એ બધું આ પલે ઉડી ગયું હતું.

"તમે જેનું નામ દો છો તેણે કદિપણ એ વાત કોઇને કહી ન્હોતી...પણ...નહિ...આજે બધા ભેદ ખુલ્લા થઈ જવા જોઇએ–સર વિલિયમ બ્રાન્ડ! ચમકશો નહિ—અજબ થશો નહિ. હું—હું—ફૅબીઅન પર્સી છું—"

પ્રકરણ ૩૦ મું

સર વિલિયમનું વેર.

જનરલ ઑલિફન્ટે જે ભેદ પ્રકટ કર્યો તે સાંભળી જેમ સર-વિલિયમ બ્રાન્ડ દિગમૂઢ બની ગયો તેમ વાંચનારના હૃદયમાં પણ આ વિચિત્ર–અશક્ય જેવી બીના સાભળી ભારે અજાયબી ઉપજી હશે. આથી એ ભેદ પર સમ્પૂર્ણ પ્રકાશ નાખવા માટે અમે વાંચનારને અમારી સાથે વર્તમાનકાલમાંથી ભૂતકાલમાં લઈ જવા માગીએ છીએ. પંદર સત્તર વર્ષ પૂર્વે જ્યારે લેડી બ્રાન્ડની બેવફાઇ તેના ઝનુની પતિની જાણમાં આવી ત્યારે શું બન્યું હતું તે હવે અમે વાંચનારને જણાવીશું.

ફેબીઅન પર્સી વહાણને અકસ્માત નડવાથી ફ્રેન્ચ કિનારા પર ઘસડાઇ આવ્યો હતો અને બ્રિટેનીમાં મોં દે કેરલે તેને પોતાને ત્યાં આશરો આપ્યો હતો એ વાત જનરલ ઑલિફન્ટે લુઇ દે કેરલને "લંડન ટાવર" માં કહી હતી અને તે પ્રથમ ભાગમાં અમે લખી ગયા હતા તે વાંચનારની સ્મૃતિમાં પુનઃ તાજી થઈ શકશે. બ્રિટેનીમાં ફેબીઅન પર્સી ઉર્ફે જનરલ ઑલિફન્ટ લુઈ દે કેરલ સાથે પ્રેમમાં પડયો અને અચાનક મોં દે કેરલનું મરણ થવાથી તેને બ્રિટેની છોડવું પડયું. ફ્રાન્સથી તે થોડા સમયમાં ઇંગ્લંડ આવ્યો અને બ્રાન્ડ કુટુંબનો તે ઘણો દૂરનો સગો હોવાથી તેમનો મહેમાન થયો. બ્રિટેનીના બનાવથી

તેના હૃદયમાં ભયંકર શોક વ્યાપી ગયો હતો અને એકાન્તમાં રહી એ ભયંકર શોક પચાવવાની તેનામાં શક્તિ ન હોવાથી, તેણે ભાવીની પરવા કર્યા વિના અયશ આરામ અને મોજમઝાના દરિયામાં યાહોમ પડતું મૂક્યું. શ્રીમન્ત, વિલાસી યુવાન મિત્રોના સહવાસમાં પડવાથી તે સર વિલિયમ બ્રાન્ડ સાથે પણ ઓળખાણ પાડી શક્યો અને તે સર બ્રાન્ડનો દૂરનો સંબંધી નીકળવાથી થોડાક સમયમાં " નીધર હૉલ " માં તેને નિમંત્રણ થયું.

લેડી બ્રાન્ડ આકર્ષક સૌન્દર્યની સ્વામિની હતી. તેની ભાષામાં મોહકતા અને મીઠાશ હતી. પોતાની સુન્દરતા વધારવા તે કૃત્રિમત્તાનો પણ ઉપયોગ કરતી. સ્ટુઅર્ટ રાજસત્તાના પુનરૂદ્ધાર પછી તેણી વૈભવ વિલાસ અને અયશ આરામની ગુલામ બની હતી અને કેટલાક નીંદાખોર તથા શંકાશીલ મનુષ્યો તેને માટે સારૂં બોલતા ન્હોતા; છતાં તેમની વાતમાં સત્યતા ન્હોતી. તેમની શંકા ખોટી હતી. લેડી બ્રાન્ડ વૈભવવિલાસને ચાહતી હોવા છતાં હજુ પોતાની પવિત્રતા ગૂમાવી બેઠી ન્હોતી. તેનું સતીત્વ અકલંકિત છે એમ સર વિલિયમ બ્રાન્ડ પણ માનતો હતો: છતાં તે પોતાની પત્નિના ઉડાઉ સ્વભાવ માટે કોઇ કોઈ વાર તેને ઠપકો આપતો; કારણકે લેડી બ્રાન્ડ પોતાના સ્થૂલ આનન્દ પાછળ હજારો પૌંડની હોળી કરતી હતી. પૈસા કેમ વાપરવા તે તે સારી પેઠે જાણતી પણ તેનો પતિ તે કેટલા શ્રમથી મેળવી શકે છે તેનો વિચાર કરવાનો શ્રમ પોતાના મગજને આપવાની લેડી બ્રાન્ડને ફુરસદ ન્હોતી. સર વિલિયમ બ્રાન્ડ દ્રવ્યનો શોખીન હતો અને જો કે તે સમયે તે પાછળથી જેવો કંજુસ અને લોભી બન્યો હતો તેવો ન્હોતો; છતાં લંડનમાંના તેમના નિવાસ દરમિયાન ફેશનેબલ કપડાં, અલંકારો—આદિ મોજશોખની વસ્તુઓ પાછળ પૈસાની હોળી થતી તે જોઈ શકતો નહિ. જ્યારે ફૅબીઅન પર્સી " નીધર હૉલ " માં મહેમાન તરિકે આવ્યો ત્યારે તેને માટે લેડી બ્રાન્ડના હૃદયમાં પ્રબલ મોહ ઉત્પન્ન થયો. પહેલીવાર પ્રેમની જાદુઈ શક્તિ તેને જણાઇ—પહેલીવાર તેના હૃદયપર કમ્પ થયો; કારણકે સર બ્રાન્ડ સાથેના તેના લગ્ન પ્રેમલગ્ન નહિ પણ વ્યવહારૂ લગ્ન હતા. એ લગ્ન ઉભયનાં હૃદયનું નહિ પણ તેમના માતાપિતાની ઇચ્છાથી ગોઠવાયેલું હતું. હવે લેડી બ્રાન્ડની આશા—તેનું સુખ—તેના સઘળા વિચારોનું કેન્દ્રસ્થાન ફૅબીઅન પર્સી થઇ ગયો. તેને પ્રતિપલે તેનાજ સ્વપ્નાં આવવા લાગ્યાં અને તેથી તે પોતાના મિત્રો તથા સખીઓની સંગતી છોડવા લાગી. અન્તે ફૅબી-

અન પર્સીના સહવાસથી તે એટલી બધી દિવાની બની ગઇ કે જે મિત્રોને તે પ્રથમ વારંવાર નિમંત્રણ કરતી અને પોતે તેમને ત્યાં જતી તે બધાંનાં નિમંત્રણો બંધ થઇ ગયાં. પણ પતિ પોતાની પત્નિના સ્વભાવમાં થયલા પરિવર્તનનું ખરૂ રહસ્ય સ્હમજી શક્યો નહિ. ઉલટું તેની પત્નિ બહાર હરવા ફરવાનું છોડી દઈ ઘરમાં રહેવા લાગી તેથી દ્રવ્યનો બચાવ થતો જોઇ તેને આનંદ થયો. તે પોતાની મીલકતની વ્યવસ્થા કરવામાં એટલો બધો ગૂંથાઇ ગયો હતો તથા ખેતીવાડી અને ભાડૂતો પર તેને એટલું બધું લક્ષ આપવાનું હતું કે ફેબીયન પર્સી અને લેડી બ્રાન્ડ વારંવાર એકલાં પડવા લાગ્યાં. ફેબીઅન જેવા પ્રેમથી તેણે લુઇ દે કેરલને ચાહી હતી તેવી રીતે લેડી બ્રાન્ડને ચાહતો ન્હોતો; છતાં એક સુંદર બુલબુલ પોતાનું થવાથી તે મનમાં મલકાયો: અને બ્રિટનીના શોકજનક બનાવથી તેના હૃદય પર જે ઘા થયો હતો તે આ નવા પ્રેમથી રૂઝાતો જણાવાથી તે લેડી બ્રાન્ડના પ્રેમસાગરમાં ડૂબી ગયો.

લ્યુક ગ્રીમસ્ટેડ અને તેની પત્નિ બ્રાન્ડ કુટુંબનાં જૂનાં નોકરો હતાં. લ્યુકને ત્રણ ભાઈ હતા. એક તે પોતે, બીજો રાલ્ફ અને એક ત્રીજો. ત્રીજો ભાઇ એક પુત્રને મૂકી મરણ પામ્યો હતો કે જે ફેબી-અન પર્સી નીધર હૉલનો મહેમાન થયો ત્યારે અઢાર ઓગણીસ વર્ષ-નો હતો. લ્યુકના ભત્રિજાને સર વિલિયમે પોતાને ત્યાં નોકર રાખ્યો: પણ તેનું વર્તન ખરાબ અને અનિયમિત હતું. તે કૃતઘ્ન અને વિકારી હતો. તે પોતાના શેઠને ત્યાં ચોરી કરતાં એક વખત પકડાઈ ગયો. લ્યુક અને તેની પત્નિ પોતાના " ગામના ઉતાર " જેવા ભત્રિજાને બહુજ ચાહતાં હતાં તેથી તેમને લીધે સર વિલિયમે ચોરી કરવા માટે તેણે કાયદાને હવાલે ન કર્યો પણ પોતાની નોકરીમાંથી બરતરફ કરી સંતોષ પકડયો. તેણે તેને " નીધર હૉલ " માં ભવિષ્યમાં પગ ન મૂકવાની ખાનગીમાં સખત આજ્ઞા કરી. લ્યુક ગ્રીમસ્ટેડે પોતાના ભત્રિજાને લંડ-નમાં જઇ લશ્કરમાં જોડાવાનો આગ્રહ કર્યો અને થોડોક વખત સુધી તેની કંઈ ખબર તેને મળી નહિ.

રાલ્ફ ગ્રીમસ્ટેડ જે " લંડન ટાવર " માં નોકર હતો તે એક દિવસ નીધર હૉલમાં આવ્યો અને તેણે પોતાના ભાઇને પોતાના નામચીન ભત્રિજાના નવા પરાક્રમથી પરિચિત કર્યો. આ વખતે તેનો ગુન્હો ભયંકર હતો અને સર વિલિયમ બ્રાન્ડની ઉદારતાથી તે ચો-રીના વાંકમાંથી છટકી શક્યો તેમ છટકી શકે તેમ ન્હોતું. બનાવ

એવો બન્યો હતો કે લ્યુકના બદમાસ ભત્રિજાએ રેજીમેંટના એ ઑફિસરના ગજવામાં કેટલા પૈસા છે તે જોવા માટે તેના ગજવા ઝડતી લીધી હતી અને તે પછી તે ન્હાસી ગયો હતો. તરતજ તે પાછળ પોલિસ પડી. તે પકડાયો અને લશ્કરી અદાલત સમક્ષ તે તપાસ થાય તે પહેલાં તેને "બરાક"માં એક ઓરડામાં કેદ કરવા આવ્યો. તેનાપર એક પ્રહરી ચોકી કરતો હતો. તેનાપર અચાન ખૂની હુમલો કરી તેણે તેને ગમ્ભીર જખમ કર્યાં અને આ પરાક્ર કામ કરી તે નામચીન જુવાનીઓ પાછો ન્હાસી ગયો. આ ખૂ બદમાસ પોતે પણ પ્રહરી સાથેના યુદ્ધમાં ગમ્ભીર રીતે ઘાયલ થ હતો, અને ઘાયલ દશામાં તે સલામત જગ્યાએ છૂપાઇ રહે સમ્ભવિત ન હોવાથી તરતજ તે સરકારી અમલદારોના હાથમાં પાછે પકડાવાનો સમ્ભવ હતો. જો તે પકડાય તો તેના ગુન્હા મા તેને ફાંસી સિવાય બીજી કોઈ સજા થાય એમ ન્હોતું.

રાલ્ફ ગ્રીમસ્ટેડે લ્યુક તથા તેની પત્નિને નીધર હૉલમાં આવ ઉપલા સ્નાનના સમાચાર સંભળાવ્યા. તે પોતે સખત દીલને માણસ હોવાથી પોતાના ભત્રિજાની સ્થિતિ માટે તેને વિશેષ લાગણ થઈ નહિ: પણ લ્યુક અને તેની પત્નિનો સ્વભાવ તેનાથી વધુ પ્રેમા હતો. ખાસ કરી આ બદમાસ ભત્રિજાપર તેમનો ઘણો પ્રેમ હતે તેથી જો તે પાછો પકડાઇ જાય અને તેને મોતની સજા થાય તે પોતાનો લાગવગ વાપરી રાજા પાસે તેને ક્ષમા અપાવવાની સ ક્ષાન્ડને વિનંતી કરવાના નિશ્ચયપર ઉભય પતિ પત્નિ આવ્યાં.

સન્ધ્યાકાલ થયો હતો. પાનખર ઋતુ હતી અને અંધારૂં થ આવ્યું હતું. લ્યુક, તેની પત્નિ અને રાલ્ફ "નીધર હૉલ"માં લ્યુક નિવાસ સ્થાનમાં બેઠાં બેઠાં પોતાના "બહાદુર ભત્રિજા"ની કમનસિ દશાપર વિચાર કરતાં હતાં એટલામાં બારણા ઉઘાડી જેની વા થતી હતી તે તેમની નજર સ્હામે આવી ઉભો: જે પ્રહરી તેનાપ ચોકી કરતો હતો તેના શસ્ત્રથી તેને ભયંકર જખમો થયા હતા છ તે જેમ તેમ લંડનથી હર્ટફર્ડશાયર આવ્યો હતો અને કોઇની પ નજરે પડયા વિના નીધર હૉલમાં ઘૂસી શક્યો હતો: હવે તેનું કરવું? તેના જખમ સખત હતા: લોહી વહી જવાથી તથા મુસ ફરીથી તે એટલો બધો નબળો બની ગયો હતો કે પોતાના કાકા કાક સમક્ષ આવતાંવારજ તે જમીનપર બેસી ગયો અને કાયદાના પંઝામાંથ

પોતાને ગમે તે રીતે બચાવવાની કરૂણ વિનંતી કરવા લાગ્યો: તેને કાઢી મૂકવો એ યોગ્ય ન્હોતું—આવી દશામાં તે બહાર જઈ શકે એ અશક્ય હતું પણ સર વિલિયમ બ્રાન્ડ તેને "નીધર હૉલ"માં રહેવા દે એ પણ સમ્ભવિત નહોતું. સર વિલિયમ એક મેજીસ્ટ્રેટ હતો અને તેથી ન્યાયના પંઝામાંથી ન્હાસી છૂટેલા ગુનહેગારોને કાયદાને હવાલે કરવાને તે બંધાયલો હતો: વળી લશ્કરી કાયદાનો ભંગ કરનાર ગુનેહગારને આશરો આપવો એ પણ કાયદાની દૃષ્ટિએ ગુન્હો હતો: રાલ્ફ સર વિલિયમને બધી વાત કહી દઈ તેને જેમ કરવું હોય તેમ કરે એમ કહેવા જતો હતો પણ આવી નિર્દયતા બતાવવાને લ્યુક તથા તેની પત્નિનું દીલ ચાલ્યું નહિ કારણ કે તેમને પોતાના હત-ભાગી ભત્રિજાની દયા આવતી હતી—તેના પર તેમનો પ્રેમ હતો. તેમણે છૂપી રીતે તેને પોતાના ઘરમાં રાખવાનો નિશ્ચય કર્યો. "આપણે એને અહિં છૂપાવી રાખીશું. કોઈ નોકરને પણ એની ખબર પડવા દઈશું નહિ. એના જખમની આપણે દવા કરીશું અને જ્યારે એ સાજો થશે ત્યારે છૂપા વેષમાં રાતની વખતે જોઇતા પૈસા આપી એને બહાર કાઢી મૂકીશું કે જ્યાંથી તે કોઇ પરદેશી રાજ્યમાં જઇ શકશે—" રાલ્ફે આથી તેના ભાઈ ભાભીપર આફત આવી પડશે એવો ભય બતાવ્યો: પણ જ્યારે તેમનો નિશ્ચય અડગ રહ્યો ત્યારે તેણે આ બીના કોઈને ન જણાવવાનું વચન આપ્યું.

નીધર હૉલમાં ગ્રીમસ્ટેડના ઓરડામાં તે બદમાસને રાખવામાં આવ્યો: અને તેની હાજરી વિષે હૉલના કોઇપણ નિવાસીને શંકા આવી નહિ. થોડાક દિવસ તે સાજો થતો હોય એવો દેખાયો—તેના જખમો કંઇક પૂરાવા આવ્યા—પણ એક અઠવાડિયા પછી તેની સ્થિતિમાં ઉલટો બીગાડ થયો—તેની માંદગી ભયંકર રીતે વધી ગઇ અને તે મરણ પામ્યો.

લ્યુક ગ્રીમસ્ટેડ અને તેની પત્નિ હવે ભયંકર આફતમાં આવી પડયાં. લાશ કેવી રીતે ખસેડવી તે તેમને સૂઝયું નહિ. જો તેઓ ખરી વાત કબૂલી દે તો એક ગુનેહગારને છૂપાવવા માટે તેમના પર કામ ચાલે એમ હતું એટલે મૌન રહેવા વિના છૂટકો ન્હોતો: તેમના બદમાસ ભત્રિજાએ જે સૈનિકને ઘાયલ કર્યો હતો તે જખમથી મરણ પામ્યો હતો આથી એક ખૂનીને આશરો આપવા માટે કાયદો તેમને ગુન્હેગાર ઠરાવતો હતો. લ્યુક અને તેની પત્નિને ઘણોજ ભય ઉપજ્યો, અને તેઓ કંઇકંઈ યુક્તિ શોધવા લાગ્યાં.

તેમનો ભત્રિજો મરણ પામ્યો તેજ દિવસે સર વિલિયમ બ્રાન્ડે ફેબ્બીઅન પર્સી અને લેડી બ્રાન્ડને પ્રેમ ગોષ્ટિ કરતાં સાંભળ્યા. ફેબ્બીઅન પર્સીએ તેની પત્નિને કલંકિત કરી તેના નામને કલંક લગાડ્યું હતું તેની સર બ્રાન્ડને ખબર પડી. તેના મગજમાં વેર લેવાની ભયંકર ઇચ્છા જન્મ પામી; પણ લેડી બ્રાન્ડ અને ફેબ્બીઅન પર્સીની હાજરીમાં તેણે પોતાનો મનોભાવ જરા પણ પ્રકટ થવા દીધો નહિ. શું કરવું તેનો તેણે નિશ્ચય કરી નાખ્યો હતો. પર્સીનો જીવ લીધા વિના તેને ચેન પડે એમ ન્હોતું. વૈરાગ્નિથી તે આંધળો બની ગયો. ફેબ્બીઅન પર્સીને દ્વંદ્વ યુદ્ધનું આવાહન કરી પોતાની જિંદગી ભયમાં નાંખવાની તે હિમ્મત કરી શક્યો નહિ. તેમજ પોતાને હાથે ફેબ્બીઅનનું ખુન કરવાની પણ તેનામાં શક્તિ ન્હોતી. લ્યુક તેનો વફાદાર નોકર છે અને પીળી ધાતુ માટે તે ગમે તેવું કૃત્ય કરવા તૈયાર થશે એમ તે માનતો હતો. તેથી તેણે લ્યુકને પોતાના ઓરડામાં બોલાવી મગાવ્યો. તેણે ખાનગીમાં તેને ફેબ્બીઅન પર્સી તથા લેડી બ્રાન્ડના પ્રેમ સંબંધની વાત કહી અને પર્સી પર ભયંકર વેર વાળવા માટે તેનું ખૂન કરાવવાની ઇચ્છા પ્રકટ કરી. લ્યુક ગ્રીમસ્ટેડ સર વિલિયમ બ્રાન્ડ ધારતો હતો તેવો દુષ્ટ અને નિર્દય ન્હોતો અને જો તેને તે સમયે એક વિચાર ન આવ્યો હોત તો તેણે લોહીમાં હાથ ખરડી એક મનુષ્યનો પ્રાણ લેવાનું ભયંકર કૃત્ય કરવાની સ્પષ્ટ ના પાડી હોત: પણ તેને સર વિલિયમ બ્રાન્ડ જ્યારે પોતે કેવી રીતે વેર વાળવા માગે છે તે કહેતો હતો ત્યારે ફેબ્બીઅન પર્સીના રક્તમાં પોતાના હાથ બોળ્યા વિના સર વિલિયમ બ્રાન્ડના પૈસા ગજવામાં નાખવાની તથા પોતાના ભત્રિજાના મરણથી તેની લાસને ઠેકાણે પાડી પોતા પર આવી પડેલી આફતમાંથી બચી જવાની એક યુક્તિ તેના મગજમાં જન્મી હતી અને તે યુક્તિ અમલમાં મૂકી એક કાંકરે બે પક્ષી મારવા તે તૈયાર થયો.

ફેબ્બીઅન પર્સીનો ઓરડો લ્યુક રહેતો હતો તે તરફજ આવેલો હતો અને સર બ્રાન્ડની ખુની ઇચ્છા એવી હતી કે લ્યુકે રાતના પર્સી પોતાના શયનગૃહમાં નિદ્રાધીન હોય ત્યારે ત્યાં જઇ તેની છાતીમાં કટાર ભોંકી તેને ચીર નિદ્રાને સ્વાધીન કરી દેવો. લ્યુકે એ પ્રમાણે વર્તી પોતાના સ્વામીના વૈર માટે તલસતા હૃદયને શાન્ત કરવાનું વચન આપ્યું.

સર વિલિયમ બ્રાન્ડને લ્યુક સાથે ઉપલી વાતચીત થઇ ત્યારે સાંજ પડી ગઇ હતી. હજુ એ વાત પૂરી થઇ ન્હોતી એટલામાં રાલ્ફ હૉલમાં આવ્યો. તે પોતાના ભાઇને વારંવાર મળવા આવતો પણ હમણાં હમણાં તે ભાઇ ભાભીને મળવાને બહાને પોતાના ભત્રિજાની ખબર કાઢવા અને તેની લ્યુકના ઓરડામાંની હાજરી વિષે કોઇને શંકા જન્મી છે કે કેમ તે વિષે ખાત્રી કરવા આવતો હતો. નીધર હૉલમાં આજની રાત રહેવાનો તેણે વિચાર કરવાથી તેને ફેબીઅન પર્સી અને લ્યુકના ઓરડાની વચ્ચેનો ઓરડો આપવામાં આવ્યો. જ્યારે પણ તે આવતો ત્યારે એજ ઓરડામાં રહેતો. રાલ્ફને આવતો જોઈ સર વિલિયમે પર્સીનું ખૂન આવતી કાલ પર મુલતવી રાખવાને નિશ્ચય કર્યો કારણકે રાલ્ફને આ ખૂની કૃત્યથી પરિચિત કરવાની તેની ઇચ્છા ન્હોતી. વળી રાલ્ફ પર્સીના ઓરડાની પાડોસના ઓરડામાંજ હોય અને તેનું ખૂન થાય તો તે તે જાણી જાય એ સમ્ભવિત હતું. આથી તેણે લ્યુકને બોલાવી પર્સીનું ખૂન આવતી કાલે કરવાની આજ્ઞા કરી અને રાલ્ફને એ વિષે એક શબ્દ પણ ન કહેવાની સખત આજ્ઞા કરી.

નીધર હૉલમાં આવ્યા પછી તેજ દિવસે પાછલા પહોરે તેનો ભત્રિજો મરણ પામ્યો હતો તેની રાલ્ફને ખબર પડી. લ્યુકે સર વિલિયમની આજ્ઞાની લેશમાત્ર પરવા કર્યા વિના પોતાના ભાઇને સઘળી વાત અથઇતિ કહી દીધી. બહારથી પર્સીનું ખૂન કરવાનું કબૂલ કરી તે કેવી રીતે પર્સીને મારી નાખ્યા વિના પોતાના ભત્રિજાનું શબ ઠેકાણે પાડી નાખવા માગે છે તે પણ લ્યુકે રાલ્ફને સ્હમજાવ્યું. પોતાના ભાઈ ભાભીપર આવેલી આફતમાંથી તેઓ બચી જાય એવો પ્રસંગ આવવાથી રાલ્ફ ઘણો ખુશી થયો. બન્ને ભાઈઓ પૈસાના લોભી હતા. તેમણે સર બ્રાન્ડના પૈસા મેળવવાની, તેને દાબમાં લેવાની તથા ફેબીઅન પર્સીને નીધર હૉલમાં પુનઃ કદિ પણ ન આવવાની સૂચના સહ ન્હસાડી મૂકવાની જે યુક્તિ શોધી કહાડી હતી તે અલ્પસમયમાં વાંચનારની જાણમાં આવશે.

રાલ્ફ સ્હવારે નીધર હૉલમાંથી ચાલ્યો ગયો. સર વિલિયમ બ્રાન્ડે આખો દિવસ વેર વાળવાનાજ વિચાર કર્યા કીધા. પણ જ્યારે તે પોતાની પત્નિ તથા તેના પ્રેમીની નજરે પડતો ત્યારે તે પોતાની ખૂની લાગણી અજબ જેવી રીતે છૂપાવી દેતો. રાત્રી પડી પણ ફેબી-

અન પર્સી શું થવાનું છે તે વિષે જરા પણ શંકાશીલ થયો નહતો. નિયમિત સમયે તે પોતાના શયનગૃહમાં ગયો. થોડાજ વખતમાં ત્યાં લ્યુક ગ્રીમસ્ટેડે પ્રવેશ કર્યો.

“ સર વિલિયમ બ્રાન્ડ બધું જાણી ગયા છે. કાલે તમને તથા લેડી બ્રાન્ડને તેણે પ્રેમ ગોષ્ટિ કરતાં સાંભળ્યાં હતાં—” લ્યુકે ફેબીઅન પર્સીને કહ્યું.

“ આથી તેની પત્નિ બેવફા છે અને તમે તેના પ્રેમી છો એ તે જાણે છે: તે બહારથી શાન્ત રહ્યા છે કારણ કે તેણે તમારો પ્રાણ લેવાનો નિશ્ચય કર્યો હતો અને આજે રાત્રે નિદ્રસ્થ દશામાં તમારૂં ખૂન થવાનું હતું. હું તમને બચાવવા આવ્યો છું. જલ્દી કપડાં પહેરી લો ને મારી સાથે ચાલો—”

ફેબીઅન પર્સી પોતાનો ગુપ્ત પ્રેમ પ્રકટ થવાથી તથા સર બ્રાન્ડની ખૂની ધારણાની ખબર સાંભળી ભય અને આશ્ચર્યની લાગણીથી અવાક થઈ ગયો. તે પછી તેને લેડી બ્રાન્ડની સ્મૃતિ થઇ. હવે તેનું થશે ? તેના પતિના ક્રોધાગ્નિમાં બળીને ખાખ કરવા તે તેને એકલી કેમ છોડી જઇ શકે ? પણ હવે તે નીધર હૅાલમાં રહેવાનું જોખમ પણ કેમ વહોરી શકે ? તે લેડી બ્રાન્ડને કેવી રીતે સહાય કરી શકે ? ન્હાસી જવા વિના બીજો રસ્તોજ ન્હોતો. સર વિલિયમ બ્રાન્ડ પોતાની પત્નિપર વેર વાળવાની ઇચ્છા રાખતો હોય એમ જણાતું નથી એવી લ્યુકે તેને ખાત્રી આપી. સર બ્રાન્ડ તેની પત્નિના પ્રેમીના ખૂનનોજ તરસ્યો બન્યો છે એમ લ્યુકે તેને કહ્યું. હવે ઉતાવળથી ન્હાસી જવાની જરૂર હતી: નહિ તો લ્યુક તેને ન્હસાડી મૂકવા માટે પકડાઇ જાય અથવા કોઇને કંઈ શંકા થાય એવો સંભવ હતો. સર બ્રાન્ડ પર્સી જીવતો ન્હાસી ગયો છે અને તેને ન્હસાડવામાં લ્યુકે સહાય કરી છે તે ન જાણી શકે તે માટે લ્યુક શું યુક્તિ કરવા માગે છે તે પર્સીએ તેને પૂછ્યું. લ્યુક તેને પોતાના ઓરડામાં લઇ ગયો અને ત્યાં તેણે પોતાના ભત્રિજાનું શબ પર્સીને બતાવ્યું—ટૂંકામાં તેણે આવશ્યક ખુલાસો કરી નાખ્યો. પર્સી હવે ન્હાસી જવાના નિશ્ચયપર આવ્યો. લ્યુક તેને છૂપી રીતે બગીચામાં લઈ ગયો—ત્યાં તેણે તેને કેટલીક સૂચનાઓ આપી. ફેબીઅન દિવાલપર ચઢી ગયો—મહા મુશીબતે ખાઈ ઓળંગી ગયો—અને સ્હામે કિનારે ગયા પછી લ્યુક ગ્રીમસ્ટેડે કહેલે ઠેકાણે જઈ પહોંચ્યો. ત્યાં રાલ્ફ એક ઘોડાપર સવાર

થઈ ઉભો હતો અને એક બીજો ઘોડો પર્સી માટે તેણે તૈયાર રાખ્યો હતો. તરત પર્સી તેપર સવાર થયો અને પૂર વેગે બન્ને શહેર તરફ ચાલ્યા.

" તમે મ્હારા ભાઇને આ દેશ એકદમ તજી જવાનું વચન આપ્યું છે..." રસ્તે ચાલતાં રાલ્ફે કહ્યું.

" હા. મ્હેં વચન આપ્યું છે અને તે હું કૃતજ્ઞતાથી પાળીશ—" ફેબીઅને જવાબ આપ્યો.

" ઠીક ત્યારે. તમે અહિંથી વિદેશ જાવ તે ડહાપણ ભર્યું છે કારણ કે જો સર વિલિયમ બ્રાન્ડ તમે છટકી ગયા છો એ જાણશે તો તે પોતાની કમનસિબ પત્નિપર વેર લેશે—"

" નહિ. નહિ. તેનો એક વાળ પણ વાંકો થાય તેના કરતાં હું મરી જવાનું વધુ પસંદ કરીશ—" પ્રબલ લાગણીથી ફેબીઅન પર્સી બોલ્યો. " આહ ! પ્રભુ ! મને માફ કર. મ્હેં ઘણું ખોટું કામ કર્યું હતું—" તે પુનઃ બબડયો.

" તમે મ્હારા ભાઈને આપેલા વચન પ્રમાણે વર્તશોજ એવું ધારીને મ્હેં તમારે માટે " પૅસૅજ " પણ લઈ રાખી છે. હમણાં એક વહાણ લંગર નાખી પડેલું છે અને તે આવતી કાલે પોર્ટુગલ જવા ઉપડી જશે—" રાલ્ફે કહ્યું.

" પોર્ટુગલ અથવા ગમે ત્યાં. મને તેની પરવા નથી. " ફેબીઅન પર્સી બોલ્યો. તેમના અશ્વોની ગતિ વધુ ત્વરિત બની અને તેઓ દૂર–દૂર જવા લાગ્યા.

એ અરસામાં નીધર હૉલમાં શું થતું હતું ? લ્યુક ગ્રીમસ્ટેડ ફેબીઅન પર્સીને સહીસલામત બહાર ગયેલો જાઇ છૂપી રીતે પાછો પોતાના ઓરડામાં આવ્યો અને ત્યાંથી પોતાના ભત્રિજાની લાશ ફેબીઅન પર્સીના ઓરડામાં લઈ ગયો. જે ચાદર તેના ભત્રિજાના જખમોના લોહીથી ખરડાઇ હતી તે તેણે પર્સીના કોચપર પાથરીઃ લોહીના ડાઘા તાજા છે એવું બતાવવા માટે તેણે તેપર પાણી છાંટયું અને તે ચાદરમાં લાશને ઢાંકી દીધી. લગભગ એક વાગે સર વિલિયમ ગુપચુપ લ્યુકના ઓરડામાં આવ્યો ત્યારે તેણે તેને કહ્યું.

" મ્હેં તેનું કાટલું કાઢી નાંખ્યું, સાહેબ ! તમારો દુશ્મન આ જગતમાંથી નાબુદ થઈ ગયો. "

લ્યુકે પૂર્વે જે જે કલ્પનાઓ કરી હતી તે હવે ખરી પડવા લાગી. તે ચાલાક માણસ હતો. તેણે તર્ક કર્યો હતો કે જે માણસ પોતાની પત્નિનું સતીત્વ લૂંટનારને તેની નિદ્રસ્થ દશામાં પણ મારી નાખી શકતો નથી તે ખરેખર, હીચકારોજ હોવો જોઇએ. આવો હીચકારો પુરૂષ પર્સીનું ખૂન થયા પછી તેની લાશ જોવાની પણ હિમ્મત કરી શકશે નહિ એમ લ્યુક માનતો હતો અને થયું પણ તેમજ! સર વિલિયમનું દુષ્ટ–ઘાતકી હૃદય તેનો દુશ્મન જગત્માંથી નાબુદ થયો છે એ વાત જાણી સંતુષ્ટ થયું: હવે લાશને દાટી દેવાની જરૂર હતી. આ કામ સૂર્યોદય થવા પહેલાં કરી નાંખવામાં આવ્યું. મકાનના તેજ ભાગમાં ભોંયતળિયેના એક ઓરડામાં એક કબર ખોદવામાં આવી. આ ઓરડો કોઇ પણ વાપરતું ન્હોતું અને ઘણા વખતથી તે ખાલી પડી રહ્યો હતો: પત્થર કે ઇંટ એ ઓરડામાં જડેલી ન્હોતી–ફક્ત જમીનજ ખોદવાની હતી. લ્યુકે આ કામ માથે લીધું. તેણે એક ખાડો ખોદયો અને તેમાં તેના ભત્રિજાની લાશ દાટી દીધી. આ વખતે પણ લાશ પેલી ચાદરમાં ઢંકાયલીજ હતી. ગ્રીમસ્ટેડે બત્તીના પ્રકાશમાં કદાચ સર વિલિયમની નજર શબના મ્હોપર પડે તો બધો ઘોટાળો પ્રકટ થાય તે માટે ઘણી સાવચેતી રાખી હતી. ખાડામાં લ્યુકે ચાદરથી ઢાંકેલી લાશ દાટી દીધી અને પછી બાકીનો કચરો બગીચામાં નાખી દીધો. તે જગ્યાએ રાત્રે ખોદકામ થયું હતું એવાં કંઇ પણ ચિન્હો રહ્યાં નહિ.

પ્રભાત થતાં સર વિલિયર બ્રાન્ડ પોતાની પત્નિ પાસે ગયો અને ભયંકર ક્રોધથી તેનું પાપ પ્રકટ કર્યું. તેની બેવશ સ્ત્રીને તેથી જે દુ:ખ થયું, તેણે પોતાના પતિની ક્ષમા પ્રાપ્ત કરવા જે કરૂણ વિલાપ કર્યો તેનું વર્ણન કરવાની અમે જરૂર જોતા નથી. સર વિલિયમે તે લેડી બ્રાન્ડને કદી પણ માફ કરશે નહિ એવા કસમ ખાધા અને જીવન પર્યંત તેનો ભયંકર ધિક્કાર તેને સહન કરવો પડશે એવો ભય બતાવ્યો. ફેબીઅન પર્સી લેડી બ્રાન્ડ સાથેનો તેનો પ્રેમસંબંધ તેના પતિની જાણમાં આવી જવાથી ન્હાસી ગયો હતો એવી વાત સર બ્રાન્ડે બહાર ઉરાડી અને નીધર હૉલને તળીએ ફેબીઅન પર્સીનું મૃત શરીર દટાયું છે એમ તે માનતો હતો પણ વસ્તુતઃ ફેબીઅન પર્સી ખરેખર છટકીજ જવા પામ્યો હતો તેની તેને ઝાંખી શંકા પણ આવી શકી નહિ.

પ્રકરણ ૩૧ મું.

બેદસ્ફોર્ટ.

પણ તે પછી ફેબીઅન પર્સીનું શું થયું હતું? તે રાલ્ફ સાથે લન્ડન ગયો. ત્યાં તેમણે ભાડાના અશ્વો તેના માલિકને સોંપ્યા; અને પછી તેઓ સીધા " લંડન બ્રીજ " તરફ ગયા. ત્યાં એક હોડીમાં બેસી એક સફરી વહાણ જે નદિના બારામાં હતું ત્યાં ઉભય ગયા. ડેકપર જઈ રાલ્ફે પર્સી સાથે વહાણના કૅપ્ટનનો પરિચય કરાવ્યો અને તે પછી તે પેલી હોડીમાં બેસી પાછો કિનારે આવી પહોંચ્યો.

વહાણે અલ્પ સમયમાં લંગર ઉંચક્યું—અને થેમ્સ નદિની સપાટીપરથી માર્ગ કાપવા માંડયો. પવન અનુકૂલ હોવાથી વહાણ સપાટાબંધ ચાલવા લાગ્યું. નદિમાંથી તે દરિયામાં આવ્યું. ફૅબીઅનની સાથે તે વહાણ પર બીજા ઘણા પ્રવાસીઓ હતા. કિનારાથી વહાણ અદૃષ્ય થવા પછી કૅપ્ટનના વર્તનમાં અચાનક ફેરફાર થયો. તેણે દગાથી બધા પુરૂષો પાસેથી હથિયાર લઈ લીધાં. તેવીજ રીતે તેણે બધાના પૈસા પણ કપટથી પડાવી લીધા અને તેમની સાથે ઘણું નીંઘ વર્તન ચલાવવા લાગ્યો. ફૅબીઅનના શૌર્ય પૂર્ણ હૃદયે તે સ્હામે બંડ ઉઠાવ્યું–તે સ્હામો થયો એટલે કૅપ્ટને પોતાનું પોત પ્રકાસ્યું. તેણે બધાને જણાવી દીધું કે વહાણ પોર્ટુગલ નહિ પણ " અમેરિકન પ્લેન્ટેશન " તરફ જતું હતું. ફેબીઅન પર્સી તથા બીજા બધા ઉતારૂઓ પોતાનું શીહા ભવિષ્ય જોઇ શકયા. તેમને પ્રપંચથી એક બદમાસના પંઝામાં ફસાવવામાં આવ્યા હતા કે જે તેમને ગુલામો તરિકે વેચવા માગતો હતો. અમે જે સમયની કથા લખીએ છીએ તે સમયે આવા પ્રપંચોનો અભાવ ન્હોતો. જ્યોર્જ બીજાના રાજ્ય અમલ સુધી આવા દગાઓ થતા હતા. હિન્દુસ્થાનમાંના અંગ્રેજ લશ્કરમાં ભરતી કરવા માટે પણ વારંવાર આવી રીતે નિર્દોષ મનુષ્યોને તે સમયે ફસાવવામાં આવતા હતા.

ફૅબીઅન પર્સી આ દગાનો ભોગ થઈ કૅપ્ટનની દુષ્ટ વાંછના પાર પડવા દે એવો માણસ ન્હોતો. તેના હૃદયમાં અસામાન્ય શૂરવીરતા હતી અને તેની શારિરિક શક્તિ પણ સારી હતી એટલે ગુલામોના વ્યાપારીના જૂલમી પંઝામાંથી મુક્ત થવાનો તેણે કૃત

નિશ્ચય કર્યો. સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી શકાય એવો પ્રસંગ આવતાં સુધી તેણે પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો નહિ. અમેરિકાના કિનારાની નજીક આવતાં સુધી કંઇ જાણવા જોગ બન્યું નહિ: પણ અમેરિકન કિનારા નજીક આવતાંજ દરિયામાં ભયંકર તોફાન થયું અને વહાણ વેસ્ટ ઇન્ડીઅન ટાપુઓની નજીક ઘસડાઇ ગયું. આ સમયે ફ્રૅબીઅન અચાનક કૅપ્ટન પર તૂટી પડયો અને તેને પોતાની પ્રબલ શક્તિથી હરાવી તેની પાસે એક વાંકી તીક્ષ્ણ તલવાર હતી તે છીનવી લીધી. આ શસ્ત્રથી તે ખલાસીઓ સ્હામે થયો અને બીજા ઉતારૂઓ જે પેટીઓમાં તેમનાં હથિયારો કૅપ્ટને ઝુંટવી લઇ મૂક્યાં હતાં તે પેટીઓ ભાગી સશસ્ત્ર તેની સહાયે આવ્યા ત્યાં સુધી તેણે એકલાએ એકજ શસ્ત્રથી સઘળા ખલાસીઓ સ્હામે બાથ ભીડી. એક ન્હાનું પણ ભયંકર યુદ્ધ થયું–ખલાસીઓ હાર્યા–કૅપ્ટન કેદ પકડાયો અને ફ્રૅબીઅન પર્સી વહાણનો કૅપ્ટન બની ગયો. તે તે ટાપુપર ખલાસીઓ તથા કૅપ્ટનને ઉતારી મૂકી વહાણને અમેરિકા ખંડને કિનારે લઇ ગયો: આ કિનારાપર તે પોતે ઉતરી પડયો–ઉતારૂઓમાંથી બીજા એકને કૅપ્ટનની પદવી આપવામાં આવી અને તેઓ પોર્ટુગલના નિવાસી હોવાથી આટલાંટિક મહાસાગરમાંથી તેઓ યુરોપ ખંડ તરફ વહાણ હંકારી ગયા.

અમેરિકાની નવી ભૂમિ પર ઉતર્યા પછી ફ્રૅબીઅન પર્સીને પોતાના ભૂત જીવનપર તિરસ્કાર આવ્યો. તેણે નવુંજ જીવન શરૂ કરવાનો વિચાર કર્યો. આ સમયે તેના જીવનમાં મહાન્ ક્રાન્તિ થઈ. તેણે ફ્રૅબીઅન પર્સી નામ બદલી "ઑલિફન્ટ" નામનો સ્વીકાર કર્યો કે જે નામ તેના માતામહના કુટુંબનું હતું. ઑલિફન્ટ નામનો તેનો *મામો બ્રિટેનીના કિનારાપર વહાણ તોફાનમાં સપડાવાથી મરણ પામ્યો હતો તેનુંજ નામ તેણે અમેરિકામાં ગ્રહણ કર્યું હતું.

*બીજા ભાગમાં "નસિબના નખરાં" નામના પ્રકરણપરથી જોઈ શકાશે કે ઑલિફન્ટના મામાનું નામ ઑલિફન્ટ હતું અને તેના મરણ પછી તેનો પુત્ર તેનો વારસ થયો હતો: પણ એ પુત્ર પણ યમશરણ થવાથી તેની સઘળી મિલકત તેના વકીલોએ વીલની સરત પ્રમાણે જનરલ ઑલિફન્ટ ઉર્ફે ફ્રેબીઅન પર્સીને હવાલે કરી હતી. એ પ્રકરણમાં મરનાર ગૃહસ્થ ઑલિફન્ટનો કાકો હતો એમ છપાયું છે; પણ તેમાં ભૂલ થઈ હતી. મરનાર ગૃહસ્થ ઑલિફન્ટનો મામો થતો હતો અને જનરલે જે નવું નામ ધારણ કર્યું હતું તે તેની માતાના પિતાના કુટુંબનું નામ હતું. લેખક.

નવજીવનમાં પ્રવેશ કરી તે સૈનિક બન્યો અને રાજાના આપ ખુદ શાસનના જૂલમોમાંથી અમેરિકાની બ્રિટિશ રૈયતને બચાવવા માટે તે મરણિયો થઇ લડ્યો. એ વીર પુરૂષ ત્યાં પ્રજાના નેતા તરિકે કેવી અસામાન્ય કીર્તિ પ્રાપ્ત કરી શક્યો હતો તથા તેના વીરત્વને લીધે તેનું નામ કેવી રીતે જગપ્રસિદ્ધ થઇ ગયું હતું તે વાંચનાર સારી રીતે જાણે છે એટલે તેનો અત્રે પુનઃ ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી.

હવે એ સમયમાં "નીધર હૉલ"માં શું થયું તેની ખબર કાઢીએ. સર વિલિયમ બ્રાન્ડે અલ્પ સમય સુધી પોતાની પત્નિને તેના ગુનેહગાર આશક ફેબીઅન પર્સીપર તેણે કેવું ભયંકર વેર વાળ્યું હતું તેથી પરિચિત કરી નહિ. તે તેની પત્નિને અસહ્ય મ્હેણાં મારતો, કટુ શબ્દો કહેતો, તેની બેવફાઈ માટે ધિક્કારતો, તેના પ્રેમીને ગાળો દેતો; આથી લેડી બ્રાન્ડનું જીવન તેનું કલંક પ્રકાશમાં આવ્યા પછી કંગાળ થઈ ગયું. તેનું સૌન્દર્ય કરમાવા લાગ્યું. તેની આંખોમાંની મસ્તીની જગ્યા ભયંકર નિરાશાએ લીધી. પ્રેમોન્માદથી ચમકતી આંખો ઉંડી ઉતરી ગઇ. પ્રેમીના આગમનનો–તેના મીઠા સહવાસનો વિચાર કરતું મગજ, તેનું શું થયું હશે–તે ક્યાં ગયો હશે–તેનું શું થશે–તે સુખી હશે કે દુઃખી—વિગેરે કલેજું કોરી નાખનારા વિચારો કરવા લાગ્યું. દુષ્ટ–રાક્ષસી હૃદયના સર વિલિયમ બ્રાન્ડે તેની પત્નિને ફેબીઅન પર્સીના ઓરડામાંજ રહેવાની ફરજ પાડી કે જે ઓરડામાં તેનું ખૂન થયું હતું એમ તે માનતો હતો તેની પત્નિને નજરકેદ રાખવામાં આવી હતી પણ તે મરણ પામી હતી એવી ખબર તેણે તેજ વખતે પ્રકટ કરી ન્હોતી. લેડી બ્રાન્ડ ઘરમાંથી બહાર નીકળતી ન્હોતી તે માટે તેના શરમ ભર્યા જીવનથી શરમાઈ તે પોતેજ જગતને મ્હોં બતાવવા નથી માગતી એવી વાત બહાર લોકોમાં થતી હતી. લેડી બ્રાન્ડના હૃદયપર ભયંકર વજ્ર પ્રહારો કરવામાં—તેને દુષ્ટમાં દુષ્ટ રીતે સતાવવામાં સર વિલિયમે મના રાખી નહિઃ પણ તેટલાથી તેનું અમાનુષી ક્રૂર હૃદય સંતુષ્ટ થયું નહિ. તેણે એક ભયંકર પ્રહાર કરી લેડી બ્રાન્ડને જીવતી મારી નાખવાનો વિચાર કર્યો; અને એક દિવસે અનેક કટુ શબ્દો કહ્યા પછી તેણે તેને તે જે શય્યાપર સુતી છે તેમાંજ નિદ્રસ્થ દશામાં તેના પ્રેમીને જખેહ કરી તેના શબને તેજ ઓરડાની નીચે દાટવામાં આવ્યું છે એ વાત કહી દીધી. આ ભયંકર વાત સાંભળી લેડી બ્રાન્ડનું જીગર તૂટી ગયું. જગતનો પ્રલય

થયલો તેને જણાયો. સર્વત્ર અંધકાર વ્યાપેલો તેની નિરાશ આંખોએ જોયો. સર વિલિયમને તે ચાહતી ન્હોતી. તેને માટે તેના હૃદયમાં કદિ પણ સ્નેહ ઝરણુ વહ્યાં ન્હોતાં. ફેબીઅન પર્સીને લેડી બ્રાન્ડે પહેલ વહેલું પોતાનું હૃદય અર્પ્યું હતું અને તેના હૃદયમાં ફેબીઅન પરનાં સ્નેહનાં ખળખળ ઝરણુ વહી જતાં હતાં. ફેબીઅનને માટે તેણે પોતાના મિત્રો—સખીઓને છોડયાં હતાં. તેની સાથે કલાકો સુધી પ્રેમગોષ્ટિ કરવા છતાં તેની તૃપ્તિ થઇ ન્હોતી. આવા પ્રબલ પ્રેમથી જે યુવાનને તેણે ચાહ્યો હતો તે જે બીછાનામાં તે સૂતી હતી ત્યાંજ તેના પતિના ખૂની હાથનો ભોગ થઇ જમેહ થઈ ગયો હતો અને તેના શબને તેજ ઓરડામાં નીચે દાટવામાં આવ્યું છે એ બીના જાણતાંજ લેડી બ્રાન્ડની આંખો ક્રોધ અને વૈરની લાગણીથી લાલ થઈ હતી. સામાજિક અને નૈતિક દૃષ્ટિએ તે દોષિત હતી, પણ પ્રેમશાસ્ત્રની દૃષ્ટિએ તે પોતાને નિર્દોષ માનતી હતી. પ્રેમ એકનેજ અર્પી શકાય છે. લગ્ને તેને પ્રેમ આપ્યો ન્હોતો એટલે જે પ્રેમ કોઇ એક વ્યક્તિ પર ઢોળી નાખવાનો તેને એકલીને અધિકાર હતો તે તેણે ફેબીઅન પર્સી પર ઢોળ્યો હતો. એ પ્રેમરસમાં સ્નાન કરનાર પર્સીના લોહીમાં તેના પતિએ પોતાના હાથ બોળ્યા હતા એ જાણ્યા પછી તેની આંખોમાંથી અગ્નિ ખરવા લાગ્યો; અને તેના હૃદયમાં એવો ભયંકર ક્રોધાગ્નિ ભડભડવા લાગ્યો કે જો કે ખૂની તેનો પોતાનો પતિ હતો છતાં તે તેને કાયદાને હવાલે કરી તેના દુષ્ટ કૃત્યની સજા કરાવશે એમ કહી તે સર બ્રાન્ડને ધમકાવવા લાગી. સર વિલિયમ બ્રાન્ડે જોયું કે તેણે ક્રોધના—વૈરના આવેશમાં કાચું કાપ્યું હતું. તેણે એક ભયંકર ગુન્હાનો પોતાને મ્હોડે સ્વીકાર કર્યો હતો અને જો તેની પત્નિ તે વાત પ્રકટ કરે તો તેને ખૂન કરવા માટે સજા થવાનો ભય હતો. તેના દુષ્ટ—નિર્દય હૃદયમાં એક નવો વિચાર આવ્યો. પોતાની સલામતી માટે, પોતાનું અધમાધમ કૃત્ય અંધારામાં રાખવા માટે તેણે લેડી બ્રાન્ડને ભયંકર એકાન્ત સ્થલે કેદ કરવાનો નિશ્ચય કર્યો કે જેથી તે તેના વફાદાર માણસો સિવાય બીજા કોઇપણ માણસને મળી શકે નહિ. તે મરણ પામી છે એવો જૂઠો ઢોંગ કરવાનો તેને વિચાર આવ્યો. યુક્તિ પ્રયુક્તિથી તેણે યોગ્ય વ્યવસ્થા કરી અને તે પછી પોતાનું પાપકર્મ પ્રકાશમાં આવવાથી લેડી બ્રાન્ડ તૂટેલા હૃદયે મરણ પામી છે એવી બીના તેણે જાહેર કરી. તેણે લેડી બ્રાન્ડની તદ્દન ખોટી પાયદસ્ત કાઢી. તે પોતે ગમ્ભીર અને શોકગ્રસ્ત

વદને કબર સુધી ગયો અને લેડી બ્રાન્ડ જગતમાં મરણ પામેલી મનાઈ. તે પછી "નીધર હૉલ" નો અમુક ભાગ તેણે બંધ કરાવ્યો અને તે હવે એકલો હોવાથી તેને આખા હૉલની જરૂર નથી તે માટેજ તે તે ભાગ બંધ કરે છે એવું નોકરોને સ્હમજાવ્યું પણ ખરૂં જોતાં તેણે તે ભાગમાં લેડી બ્રાન્ડને કેદ કરી હતી અને તે ભયંકર એકાન્ત સ્થલમાં તે નિર્દય પતિએ પોતાની દોષિત, નિરાધાર, હત ભાગી સ્ત્રીની જીવતી કબર બનાવી હતી,

અનેક વર્ષો એક પછી એક વહી ગયાં: લેડી બ્રાન્ડ કંગાળ જીવન તે ભયંકર સ્થલમાં ગાળવા લાગી. *સંયોગવશાત્ લુઈ દે કેરલની રાજવંશી ગાડી "રાઇ હાઉસ" આગળ ભાગી ગઈ અને તેને કર્નલ રમ્બોલ્ડના મકાનનો આશરો લેવો પડયો. લૉરેન્સ લી ડચેસની સાથે રાઈ હાઉસમાં ગયો. ત્યાં તેણે રૂથને જોઇ. કર્નલ રમ્બોલ્ડના માણસો ડચેસ પરના ક્રોધને લીધે તેનું અપમાન કરવા તૈયાર થયા અને અંતે કર્નલને રાઇહાઉસ તથા નીધર હૉલ વચ્ચેના ભેદી ભોંયરા દ્વારા ડચેસ તથા લૉરેન્સ લીને મોકલવાની ફરજ પડી. "નીધર હૉલ" માંના ભોંયરાનું દ્વાર ઉઘાડવા સર વિલિયમ બ્રાન્ડ આવ્યો હતો અને તે વખતે એક વ્યક્તિએ એકદમ ધસી આવી તેના હાથમાંથી ફાનસ ઝૂંટવી લીધું હતું. તે પછી બીજા કેટલાક માણસોનાં પગલાં સંભળાયાં હતાં. કેટલીક તિક્ષણ ચીસ સંભળાઈ હતી અને પછી બધું શાન્ત થઇ ગયું હતું. આ એકદમ ધસી આવનારી વ્યક્તિ લેડી બ્રાન્ડ હતી. લુઈ દે કેરલે તેણે ત્યાં જે જોયું હતું તે પોતાના હૃદયમાં દાટી દેવાનું વચન લૉરેન્સ દ્વારા સર વિલિયમને આપ્યું હતું છતાં ત્યારથી સર બ્રાન્ડના હૃદયમાં ભય ઉત્પન્ન થયો હતો કે કદાચ જો એ વાત વિષે લોકોમાં કંઈ ગપ પણ ચાલશે તો ન્યાયના પ્રતિનિધિઓ "નીધર હૉલ" ના બંધ ભાગમાં કોણ છે તે જાણવાની માગણી કરશે અને તેથી તેની રાક્ષસી દુષ્ટતા પ્રકટ થઈ જશે. વર્ષોથી તેણે પોતાની પત્નિને જગતમાં મરણ પામેલી

* આ સમયે પ્રથમ ભાગમાં ડચેસ ઑફ પોર્ટસ્મથ અમારી નવલકથાની રંગભૂમિ પર રજુ થતી વેળા તેની ગાડીને અકસ્માત થવાથી લૉરેન્સ લી "કિંગ્સ આર્મ્સ" માંથી તેને સહાય કરવા દોડી જાય છે અને કર્નલ રમ્બોલ્ડના મકાનમાં તેને લઈ જાય છે એ બીના વાંચનારની સ્મૃતિમાં તાજી કરવાની અમે જરૂર જોઇએ છીએ.

જાહેર કરી હતી અને તેમાં તેણે એટલી બધી સાવધાનીથી કામ લીધું હતું કે હજુ સુધી કોઇને તે વિષે જરા શંકા પણ આવી ન્હોતી; પણ હવે તેને લાગ્યું કે એ ભેદ ફૂટી જશે. તેની પત્નિ તેને ફેબીઅન પર્સીના ખુની તરિકે જાહેર કરી દે તે માટે તેને અત્યંત ભય લાગતો હતો. શું કરવું? હવે કેમ બચવું? તેનો તે વિચાર કરવા લાગ્યો અને અન્તે જો કદાચ ખૂનની વાત જાહેરમાં આવે તો કંઈ પણ પુરાવો સત્તાવાળાઓને ન મળી શકે તે માટે તેણે ફેબીઅન પર્સીના કહેવાતા શબનાં હાડકાં તે ઓરડામાંથી ખસેડવાનો નિશ્ચય કર્યો. શબના હાડકાં ખસેડયા પછી જો તેની પત્નિ ત્યાં કેદમાં છે એવી લોકોને ખબર મળશે તો તેથી તેની દુષ્ટતા માટે લોકો તેને ધિક્કારશે; પણ એવા ધિક્કારને ગમે તે રીતે પહોંચી વળાશે એમ તે માનતો હોવાથી તેને ગુનેહગાર પૂરવાર કરે એવી નિશાનીઓ નષ્ટ કરવાનો તેણે વિચાર કર્યો.

આથી પોતાની પત્નિના ઓરડાની નીચેના ભોંય તળિયામાં તેણે જે શબ વર્ષો પૂર્વે દાટયું હતું તેનાં હાડકાં આદિ જે કંઇ રહ્યું હોય તે ત્યાંથી કાઢી નાખવાની ઇચ્છા તેણે ઓમસ્ટેડ આગળ પ્રકટ કરી. લ્યુકે ખરી વાતથી સર બ્રાન્ડને હજુ સુધી પરિચિત કર્યો ન્હોતો. હમણાં પણ તેણે પોતાના શેઠને અંધારાંમાંજ રાખવામાં ડહાપણ જોયું: તેનાં ઘણાં કારણ હતાં. ત્યાંથી મળી આવતા હાડકાં ફેબીઅન પર્સીના નથી એમ જો તે કહે તો તે કોનું હાડપિંજર છે એવો પ્રશ્ન તેને પૂછવામાં આવે અને તેના જવાબમાં ત્યાં તેનો ભત્રિજો દટાયો છે એવો એકરાર તેને કરવો પડે. આથી એક લશ્કરી ગુનેહગારને છૂપાવવા માટે તેના પર એ વાતને વરસો વહી ગયલાં હોવા છતાં કામ ચાલે એવી સ્થિતિ હતી. વળી પર્સીનું ખૂન કરવામાં આવ્યું છે એમ સર બ્રાન્ડ ખાત્રીપૂર્વક માનતો હોવા છતાં તેણે તે માટે કદિ પણ શોક વ્યક્ત કર્યો ન્હોતો. જો તે તે માટે પશ્ચાતાપ કરત તો તેને માનસિક શાન્તિ આપવા માટે લ્યુક ખરી વાત તેને કહી દેવા કદાચ પ્રેરાત; પણ એમ બન્યું નહિ કારણ કે સર બ્રાન્ડના હૃદયમાં મનુષ્યત્વજ ન્હોતું. વળી પર્સીનું ખૂન તેની આજ્ઞાથી થયું હતું એમ તે માનતો હોવાથી લ્યુક ઓમસ્ટેડનો તે દબાયલો હતો અને તેને નારાજ કરવાની અથવા તેની સાથે કોઇ પણ જાતનું સખત વર્તન ચલાવવાની તે હિમ્મત કરી શકતો ન્હોતો. સર બ્રાન્ડ

પોતાનું ખૂની કૃત્ય લ્યુક પ્રકાશમાં લાવી તેનો કદિ પણ વિશ્વાસઘાત ન કરે તે માટે તેને વારંવાર દ્રવ્યાદિ બક્ષિસ આપી રાજી રાખતો હતો. આ બધાં કારણોને લીધે જ્યારે સર બ્રાન્ડે પર્સીનું હાડપિંજર ત્યાંથી કહાડી ફેંકી દેવાની વાત કરી ત્યારે તેણે તેને ખરી બીનાથી પરિચિત ન કરતાં ગુપચુપ તેની આજ્ઞાનું પાલન કરવામાંજ સાર જોયો.

એ કામ રાત્રીના પરદા પાછળ કરવામાં આવ્યું હતું. સર વિલિયમ અને લ્યુક ગ્રીમસ્ટેડ નીધર હૉલના બંધ વિભાગમાંના જે ઓરડામાં ઍમ્બીઅન પર્સીનું ગણાતું શબ દાટવામાં આવ્યું હતું તે ઓરડામાં ખોદ કામ કરી શેષ હાડકાં આદિ જે કાંઇ બાકી રહ્યું હતું તે એક કોથળામાં ભરી બહાર નીકળ્યા અને બગીચામાં જઇ તે કોઇ જગ્યાએ નાખી આવ્યા. લૉરેન્સ લી તેજ દિવસે ભોંયરામાં લેડી બ્રાન્ડ અચાનક ધસી આવવાથી ભારી અજાયબી પામ્યો હતો અને જો કે તે સત્ય ઘટના કલ્પી શક્યો ન્હોતો છતાં તેના કાકાના જીવનમાં કંઇ ભયંકર ભેદ તો હોવો જોઇએ એટલો તર્ક તો કરી શક્યો હતો. તેજ રાત્રે એ ભેદી બનાવ પર વિચાર કરતો એ પોતાના ઓરડાની બારી આગળ ઉભો હતો ત્યારે તેણે "હૉલ"ના લાંબા વખતથી બંધ રહેલા વિભાગમાં બત્તીનો ક્ષીણ પ્રકાશ જોયો હતો તથા તેમાંથી ગુપચુપ ચોર પેઠે બહાર નીકળતા બે માણસો પણ તેની નજરે પડયા હતા. આ બે માણસોની ભેદી હીલચાલથી તેના મનમાં અનેક શંકાઓ જન્મી હતી છતાં અંધારી રાત્રે તે ઓરડામાં જઇ આવી છૂપી રીતે તેઓ પેલા કોથળામાં શું ભરી લઇ ગયા હશે તે તે જાણી શક્યો ન્હોતો. વાંચનાર પણ એ ભેદ તે વખતે જાણી શક્યા ન હશે. અમે આ સ્થલે એ ભેદી હીલચાલ પર પ્રકાશ નાખીએ છીએ. લ્યુક અને સર વિલિયમ તે રાત્રે બગીચામાં ગયા હતા. તેમનાંજ પગલાંથી પુષ્પો છૂંદાયા હતા અને લ્યુકની બેદરકારીથી અજાણતાં કોથળામાંથી ખોપરી બાગમાં પડી ગઇ હતી. બીજે દિવસે સ્હવારમાંજ લૉરેન્સે માળીની કોઇ ફૂલો છૂંદી જવાની કડવી ફરિયાદ સાંભળી હતી અને અલ્પ સમય પછી વૃદ્ધ માળી કલાર્ક ખોપરી મળી આવવાથી સર બ્રાન્ડ તથા લૉરેન્સને તે બતાવવા આવ્યો હતો અને સર બ્રાન્ડે કંઈ જૂઠી વાત કહી તેને તે ખોપરી નાખી દેવાની આજ્ઞા કરી હતી. આ બધી વાત પ્રથમ ભાગમાં આવી ગઈ હતી અને તેનો ખરો ભેદ આજે ખુલ્લો થઈ જાય છે.

જે ઓરડામાં પર્સીનું શબ દાટવામાં આવ્યું હતું ત્યાંથી હાડકાં આદિ દૂર કર્યા પછી સર બ્રાન્ડને જરા શાન્તિ વળીઃ પણ તે પછી એક અણધાર્યો બનાવ બન્યો અને લેડી બ્રાન્ડ કંગાળ કેદખાનામાંથી મુક્ત થઈ. ફ્રેબીઅન પર્સી ઈંગ્લંડ આવ્યો. પ્રથમ કૅપ્ટન વીલ્ડેર તરિકે હોટલમાં રહ્યો–પછી તે જનરલ ઑલિફન્ટ–અમેરિકાનો સુપ્રસિદ્ધ બળવાખોર હતો એમ જાહેર થયું અને અમેરિકાની હવાથી તેના વદનમાં એટલું બધું પરિવર્તન થઈ ગયું હતું કે ઇંગ્લંડમાં જેમણે એને જોયો હતો તેઓ એને કદિ પણ ઓળખી શકયા નહિ; કારણ કે જ્યારે તે ઈંગ્લંડમાં હતો ત્યારે તેનું વદન એક ખુબસુરત લલના જેવું મોહક હતું.

લૉરેન્સ લીને જનરલ ઑલિફન્ટ પહેલ વહેલો મળ્યો ત્યાં સુધી તેને લેડી બ્રાન્ડના મરણની ખબર મળી ન્હોતી. લૉરેન્સે જ્યારે તેના મરણની વાત જનરલને કહી હતી ત્યારે તેના વદનપર શોકની છાયા આવી હતી કે જેથી લૉરેન્સ ચમકયો હતો પણ તેનું રહસ્ય જાણી શકયો ન્હોતો. જનરલ ઑલિફન્ટે (આપણે એને એજ નામે હવે ઓળખીશું) લેડી બ્રાન્ડ ફ્રેબીઅન પર્સીનું કહેવાતું ખૂન થયા પછી તૂટેલા હૃદયે મરણ પામી હશે અથવા તેના ક્રૂર પતિએ તેનું ખૂન કર્યું હશે એવો તર્ક કર્યો. તેણે તે વિષે "નીધરહૉલ"ની આસપાસ છૂપી તપાસ કરવાની શરૂ કરી અને તેની ખાત્રી થઇ કે તેની માશૂક હૃદયપર વજ્રઘાત થવાથી યમશરણ થઇ હતીઃ છતાં તેને કોઇક કોઇકવાર કંઈ ભયંકર કલ્પના આવતી અને લૉરેન્સ લીને ટાવરમાંથી છોડાવવાનો હૂકમ મેળવવા તે લુઇ દે કેરલ પાસે ગયો હતો ત્યારે લુઇએ નીધરહૉલના ભોંયરામાંથી બહાર નીકળતી વેળા જે ભેદી વ્યક્તિને જોઈ હતી તે વિષે જનરલને વાત કરી. જનરલ તરતજ એ ભેદના મૂલમાં ઉતરી શકયો. તે પછી તે નીધરહૉલ તરફ ગયો–રસ્તામાં તેને રાલ્ફ ગ્રીમસ્ટેડ મળ્યો–અને રૂથ રમ્બોલ્ડના હરણ માટે રાજાની સમ્મતિથી જે કાવત્રું રચાયું હતું તે તેણે રાલ્ફ પાસેથી જાણી લીધું. તે પછી લ્યુક ગ્રીમસ્ટેડને બાજુના પીઠાંમાં બોલાવી તેણે સર વિલિયમ બ્રાન્ડના રૂથ સાથે કરવા ધારેલા લગ્નની બીના જાણી લીધી તથા પેલા બંધ વિભાગમાં લઈ જવાની લ્યુકને તેણે આજ્ઞા કરી કે જે આજ્ઞાને તાબે થયા સિવાય લ્યુકનો છૂટકો ન્હોતો.

લંડન ટાવરમાં જ્યારે જનરલ ઑલિફન્ટને વરજીનીઆનો

બળવાખોર ગણી કેદ કરવામાં આવ્યો ત્યારે ડચેચ ઑફ પોર્ટસ્મથને ચીઠ્ઠી આપી આવવા માટે જ્યારે તેણે રાલ્ફ ગ્રીમસ્ટેડને કહ્યું, ત્યારે રાલ્ફે પ્રથમ સાફ ના પાડી હતીઃ પણ તેણે તેના કાનમાં થોડાક શબ્દો કહેતાં વારમાંજ રાલ્ફ ભયચકિત થઇ ગયો હતો અને તેની ચીઠ્ઠી લઇ જવા તૈયાર થયો હતો. જનરલે તેના કાનમાં નીચેના શબ્દો કહ્યા હતાઃ—

"ફૂબીઅન પર્સીને ગુલામોના વ્યાપારીના પંઝામાં તેં સપડાવ્યો હતો એ વાત મ્હારાથી છૂપી નથી. માટે જો એ વાત છૂપી રાખવા માગતો હોય તો મ્હારી ચીઠ્ઠી ડચેસ પાસે લઇ જા—"

"નીધરહૉલ"માં પોતાને દાખલ કરવાની લ્યુકને આજ્ઞા કરતી વખતે પણ જનરલે એવીજ ધમકી અસ્પષ્ટ શબ્દોમાં આપી હતી. "હૉલ" માં જે અસામાન્ય બનાવો તે રાત્રે બન્યા હતા તે બની ગયા પછી જનરલ અને ચાર્લ્સ વચ્ચે ખાનગી વાતચીત થઇ હતી અને તે સમયે ચાર્લ્સના હેન્રીએટા સાથેના વર્તન પર ટીકા કર્યા પછી જનરલ મનમાં બબડયો હતો કે "નીતિ અને પવિત્રતા પર બોધ આપવાનો મ્હને હક્ક નથી" તે વાંચનાર અત્રે યાદ કરી શકશે. લેડી બ્રાન્ડનું હાડપિંજર જેવું શરીર જોઇ તેની એવી દશા થવા માટે કારણભૂત પોતેજ છે એમ લાગવાથી તે પોતે ભયંકર ભૂતકાલ માટે શોક પામી ઉપલા શબ્દો મનમાં બબડયો હતો.

આ પ્રકરણમાં હવે થોડોજ ખુલાસો કરવાનો બાકી છે. ચાર્લ્સે લૉરેન્સને તેની બાલ્યાવસ્થામાં કદિ પણ જોયો ન્હોતો. ડચેસ ઑફ પોર્ટસ્મથના બીજા મેળાવડામાં ચાર્લ્સે લૉરેન્સને જોયો અને જ્યારે લુઇ દે કેરલે આ યુવાનનું નામ દીધું ત્યારે રાજા તેના તરફ સ્થિર નજરે જોઇ રહ્યો હતો તે વાંચનાર ભૂલી તો નજ ગયા હોય. ચાર્લ્સ પોતાના યુવાન પુત્રની સુન્દરતા તથા ભવ્યતા જોઇ મગરૂર થયો હતો અને જો લૉરેન્સને પોતાના પુત્ર તરિકે જાહેર ન કરવામાં તેને કોઇ જાતનો ભય ન હોત તો તે પોતાના બીજા અનૌરસ પુત્રોને જાહેરમાં પોતાના કહેતો હતો તેમ લૉરેન્સને પણ કહેતઃ પણ તેના હૃદયમાં અનેક ભય હતા. પ્રથમ તો હેન્રીએટા રમ્બોલ્ડ તે વખતે તેનો પ્રેમી કોણ હતો તે જાણતી ન્હોતી. વળી કર્નલ રમ્બોલ્ડ જેવા રિપબ્લીકનની બહેનને તેણે કલંકિત કરી હતી એ વાત જાહેરમાં મૂકી તે રમ્બોલ્ડના ક્રોધનો ભોગ થવાની હિમ્મત કરી શકતો ન્હોતો.

કારણ કે જો એ વાત કર્નલ જાણે તો તે ભયંકર વૈર લેવા તૈયાર થશે એમ તે માનતો હતો. વળી લૉરેન્સ લી તરફ લુઇ દે કેરલ એક બે વાર સ્નેહભરી નજરે જોઇ રહી હતી ત્યારે રાજાએ લુઇને ખાનગીમાં તે તે યુવાન તરફ કૃતજ્ઞતા સિવાય બીજી કોઈ પણ જાતની મીઠી લાગણી ધરાવે છે કે કેમ તે વિનીત સ્વરે પૂછ્યું હતું અને જો કે લુઇ ખરેખર લૉરેન્સ પર પોતાનો પ્રેમ ઢોળી નાખવા તૈયાર થઇ હતી છતાં ચાર્લ્સ આગળ પોતાનો મનોભાવ છૂપાવી, તેણે તેને દક્ષતાથી છેતર્યો હતો. જો લુઇએ લૉરેન્સ માટે તેના દીલમાં કૃતજ્ઞભાવ સિવાય બીજી કોઇપણ જાતની સ્નેહાળ લાગણી નથી એમ રાજાના મનપર ઠસાવવામાં વિજય મેળવ્યો ન હોત તો તે લુઇને લૉરેન્સ ખરેખર કોણ હતો તે કહી દેત ! ચાર્લ્સને લુઇ લૉરેન્સને ચાહે છે એવી ભયંકર શંકા થઇ હતીઃ પણ લુઇએ તે ચાલાકીથી નષ્ટ કરી હતી.

આટલા ખુલાસાની આ પ્રકરણમાં આવશ્યક્તા હતી. હવે અમે અમારી નવલકથા પુનઃ આગળ ચલાવીશું. આ પ્રકરણમાં બધા ભેદો પર પ્રકાશ નાખતી વખતે અમે એક ભેદ ભૂલી ગયા છીએ એમ વાંચનારે માનવાનુ નથી. અમે જાણીએ છીએ કે હજુ એક અગત્યનો ભેદ અંધારામાંજ છે. લુઇના જીવનનો એ અગત્યનો ભેદ આગળ જતાં વાંચનારની જાણમાં આવશે. ફાધર પીએર એ ભેદ જાણે છે અને તેથી લુઇ દે કેરલ તેનાથી હમ્મેશાં ડરતી રહે છે એ વાંચનાર સારી પેઠે જાણે છે. પણ લુઇના ભૂતકાળનો એવો તે શું ભયંકર ભેદ છે કે જે પ્રકાશમાં આવવાના ખ્યાલથી પણ તે થરથરી જાય છે ?

વાંચનાર ! એ ભયંકર ભેદ શું હશે ?

પ્રકરણ ૩૨ મું.

વિશેષ ખુલાસો.

જનરલ ઑલીફન્ટે પોતેજ ફેબીઅન પર્સી છે એવો આશ્ચર્યજનક એકરાર કર્યો તે પછી આપણે રાજા, સર લૉરેન્સ લી અને જનરલને ચાર્લ્સના ખાનગી ઓરડામાં મૂકી આવ્યા હતા. પુનઃ આપણે હવે તેમની મુલાકાત લઇશું. ઘણાં વર્ષો પૂર્વેનો વિલાસી

ફેબીઅન પર્સી હવે જગતનો વીર યોદ્ધો જનરલ ઑલિફન્ટ બન્યો હતો. ભૂતકાલની પોતાની કલંકિત કથાની સ્મૃતિ થતાં તે શોક પામતો પણ આજે તેજ કલંકનો સ્વીકાર કરતાં તેને અનહદ દુઃખ થયું. સર વિલિયમ બ્રાન્ડ સમક્ષ તે પોતેજ તેની પત્નિનો મૃત મનાતો આશક છે એ વાતનો સ્વીકાર કરતાં જનરલને પોતાના ભૂતજીવનપર તિરસ્કાર આવ્યો. તે પૂર્વે નિર્બલ હૃદયનો તથા વિલાસપ્રિય હતો. મન્મથરાજનાં તીવ્ર બાણો તેને વિંધ્યા વિના પાછા જતાં નહિ. હૃદયની વિલાસ પ્રિયતાને લીધે નહિ પણ યુવાન હૃદયમાં વહેતાં પ્રેમના પ્રબલ ઝરણને પ્રતાપે એ લુઈને વશ થયો હતો; પણ લુઇને ધર્મપત્નિ બનાવવામાં તેને અનેક આફતો નડી. લુઈ તેની થઈ શકી નહિ. તેને એકાએક છોડી જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. પછી લેડી બ્રાન્ડ તેને ચાહતાં શીખી. તે લેડી બ્રાન્ડને ચાહતો ન્હોતો. આ તેના નૈતિક પતનનું પ્રથમ પગથિયું હતું. તે પડ્યો: પણ સદ્ભાગ્યે એકજ પગથિયું ગબડ્યો. વિલાસ પ્રિયતા સાથે તેનામાં ન્યાયપ્રિયતા, શૌર્ય અને બીજા અનેક ઉન્નત ગુણોનો પણ નિવાસ હતો. નવજીવનમાં તેણે એ ઉન્નત ગુણોનોજ વિકાસ કર્યો અને તે અમર કીર્તિનો સ્વામી થયો. આવા પુરૂષને જ્યારે ભૂતજીવનના કેટલાંક શોક ભર્યાં સ્મરણ થાય છે ત્યારે શરમ આવે છે. એમ કેમ બન્યું હશે એવો પ્રશ્ન તેમના હૃદયનેજ તેઓ પૂછે છે. જનરલ ઑલિફન્ટ પણ અતિશય દુઃખ પામ્યો અને સર વિલિયમ બ્રાન્ડ પર એ ભેદાસ્ફોટનથી થતી અસર જોવા વિના તે અચાનક એક બારી પાસે ચાલ્યો ગયો અને ત્યાં પોતાના હાથ પર માથું ટેકવી ગમ્ભીર વિચારોમાં ડૂબી ગયો.

બૅરોનેટ સાહેબના મ્હો આગળ જાણે તોપનો ગોળો ફાટ્યો હોયની તેમજ તે ફૅબીઅન પર્સીનું નામ સાંભળી ચમકી ગયો. તેની અજાયબીનો પાર રહ્યો નહિ. અનેક જાતની પ્રબલ લાગણીઓની જાદુઇ અસર તે અનુભવવા લાગ્યો. પ્રથમ તો તેને એ વાત સાચી જણાઈ નહિ—પછી એ શક દૂર થતાં પોતાની કીર્તિને કલંકિત કરનાર પર અસામાન્ય ધિક્કાર વછૂટ્યો—એ ધિક્કારની લાગણીનું પણ પરિવર્તન થયું અને જે ખૂની કૃત્ય માટે તે લાંબા સમયથી કમકમતો હતો, જે પ્રકટ થવાના ભયથી તે વારંવાર થરથરતો હતો, તેણે એક મનુષ્યના જીવનનો ભોગ લીધો હતો એવી સ્મૃતિ થતાંજ ચમ-

રાજા તેને કેવી ભયંકર શિક્ષા કરશે એવો વિચાર કરતો હતો તે ખૂની કૃત્ય ખરૂં જોતાં ન્હોતું થયું અને બિછાનામાં જખમ થયલો મનાતો ફૅબીઅન પર્સી હજુ સુધી જીવતો છે એ વાત જાણી તેના ડંખતા અંતઃકરણને એક જાતનો આરામ મળ્યો. તે વૃદ્ધ થવા આવ્યો હતો અને જો કે તેના હૃદયને સહૃદયતા કે આર્દ્રતા કરતાં નિર્દયતા અને નિષ્ઠુરતા સાથે વધુ ગાઢ મૈત્રિ હતી છતાં મરણને શરણ થતી વખતે તેનું હૃદય એક કરપીણ ગુન્હા માટે તેને ડંખે એવું તે પસંદ કરતો ન્હોતો. અંતઃકરણના એ ભયંકર ડંખને લીધેજ તે કુંજરો અને ગમ્ભીર બની ગયો હતો. જનરલ ઑલિફન્ટના અણધાર્યા એકરારથી તે જે ખૂન તેણે કર્યું હતું એમ માનતો હતો તેમાંથી મુક્ત થયો; પણ ભૂતકાલ પર એક ઝાંખી નજર નાખતાં, નીધર હૉલના દુઃખદ ઇતિહાસનો વિચાર કરતાં ફૅબીઅન પર્સી હજુ શી રીતે જગતમાં જીવતો રહી શકયો હશે તે તે કલ્પી શકયો નહિ. આ ભારી અજાયબી હતી. ન માની શકાય એવો બનાવ હતો. એ એકરાર માનવો કે તે અશકય છે એમ કહી જનરલને ખોટો પાડવો—એ એકરારથી રાજી થવું કે દુઃખી થવું તે તે સ્હમજી શકયો નહિ. તે ખૂનના ગુન્હામાંથી મુક્ત થયો તે માટે પ્રભુનો આભાર માનવો કે પોતાના જીવનને—પોતાની આબરૂને ભ્રષ્ટ કરનાર પોતાની પત્નિના આશકને ભૂતકાલની પેઠે અમાનુષી ધિક્કારથી ધિક્કારવો તેનો પણ તે કંઇ નિર્ણય કરી શકયો નહિ. એ એકરાર એવા અજાયબી ભર્યા સંજોગોમાં થયો હતો કે સર વિલિયમ બ્રાન્ડની બુદ્ધિજ બહેર મારી ગઈ હતી. તે પોતાના હૃદયમાં થતા અનેક લાગણીઓના પ્રબલ યુદ્ધથી એટલો બધો ગભરાઈ ગયો હતો કે તે અવાક્ જેવો બની પૂતળા પેઠે બેસી રહ્યો !

રાજા લૉરેન્સ લી પર પિતૃ પ્રેમ વરસાવી રહ્યો હતો તે અને તેનો પુત્ર જનરલ ઑલિફન્ટે કરેલો એકરાર સાંભળી અવાક્ થઇ ગયા; કારણ કે અલ્પ સમય પૂર્વે તો સર વિલિયમે તેણે વૈરના આવેશમાં ફૅબીઅન પર્સીનું ખૂન કર્યું હતું એમ ચાર્લ્સને એજ ઓરડામાં કહ્યું હતું અને લૉરેન્સ લી પોતે પણ પોતાના બાલપણના સાથી પર્સીને જનરલ ઑલિફન્ટ સમક્ષ યાદ કરતો હતો. ખરેખર, તે એક અજબ દેખાવ હતો. અનેક પ્રકારની લાગણીઓ ચારે જણ અનુભવતા હતા. ત્યાં એક રાજવંશી પિતા પોતાના લાંબા સમયથી તજી દીધેલા

પુત્રનો સ્વીકાર કરતો હતો. એક પિતાથી અપરિચિત પુત્ર પિતૃ પ્રેમનો સ્વાદ ચાખતો હતો. ઉભયના ગાલો હર્ષાશ્રુથી ભીંજાયલા હતા અને લૉરેન્સ હવે તેની લાંબા સમયથી વિખૂટી પડેલી દુઃખી માતા જ્યારે તેને છાતી સરસો ચાંપશે ત્યારે કેવી સુખી થશે તેનો વિચાર કરી આનન્દ પામતો હતો. પોતાની દુઃખી માતાએ સહન કરેલાં દુઃખોથી તેની છાતી ચીરાઇ પણ જતી હતી. ત્યાં એક બૅરોનેટ હતો કે જે લાંબા સમયથી પોતે એક અંધારી રાત્રે ઝનૂનના આવેશમાં એક મનુષ્યનું ખૂન કરાવ્યું છે એમ માની અંતઃકરણના ડંખથી પીડાતો હતો તે તે દુષ્ટ કામ નથી થયું એમ જાણી જીગરનો ભાર હલકો થયેલો જોઈ આરામ પામતો હતો. વળી તે ઓરડામાં એક બહાદૂર યોદ્ધો હતો કે જેણે રણાંગણો ગજાવ્યાં હતાં અને જેની છાતી મૃત્યુ સ્હામે પણ ધડકી ન્હોતી તે હમણાં ભૂતકાલના એક ભયંકર કૃત્યનો સ્વીકાર કરી શોક સાગરમાં ડૂબી ગયો હતો. આ ચાર ચિત્રો ચિત્રકારને અહિં ચીતરવાનાં હતાં. એક વિલાસી રાજવંશી, એક કમનસિબ પુત્ર, એક નિર્દોષ ઠરતો ગુનેહગાર અને એક પસ્તાતો પ્રેમી તે ઓરડામાં વિચિત્ર સંજોગોમાં ભૂતકાલનો સ્વીકાર કરતા હતા! હજારો લાગણીઓના પ્રબલ પ્રવાહ તેમના દીલમાંથી વહી જતા હતા. અનેક જાતની આગ દરેકના દીલમાં સળગતી હતી. ચાર્લ્સ લૉરેન્સને જોઈ મગરૂર થતો તેને સુખી કરવા તૈયાર થયો હતો. લૉરેન્સ પોતાની વ્હાલી માતાને કંઇક દિલાસો મળશે એ ખ્યાલે સંતોષ પામતો હતો અને સર બ્રાન્ડ તથા જનરલ ઉભયની લાગણીઓ જૂદાજ પ્રકારની હતી.

જનરલના એકરારથી ઉપજેલી ભારે અજાયબીની લાગણી શમી જવા પછી રાજા સર વિલિયમ બ્રાન્ડ પાસે જઈ તેજ સાંભળી શકે એવા ધીમા સ્વરે બોલ્યો:

"વૈર અને ઝનૂનનો વખત વહી ગયો છે. તમે તમારૂં વેર વાળ્યું હતું: પણ તમે ડંખતા અંતઃકરણે પ્રભુના દરબારમાં ન જાવ તે માટે જે બન્યું છે તેથી રાજી થાઓ. જે દુષ્ટ કૃત્ય કરવાનું તમે માનતા હતા તે ન્હોતું થયું એ જાણી તમારૂં હૃદય હલકું થશે અને ભવિષ્યમાં તમને તમારૂં અંતર ડંખશે નહિ."

ચાર્લ્સ આજે પોતાની સ્વાભાવિક ટેવ કરતાં વધુ લાગણીથી અને વધુ ડહાપણથી બોલતો હતો: કોઇની લાગણી ન દુઃખાય

ક્રોધને મુઝવણ ન થાય તે માટે તે શાન્ત—મીઠી ભાષા આજે વાપરતો હતો કારણ કે તે પોતે પણ આજે જે નિર્દોષ બાલક તેનો ખરો હક્કદાર વારસ હતો તેને તજી દેવાના ભયંકર ગુન્હાનો સ્વીકાર કરતો હતો. લૉરેન્સ લીના ઉન્નત ચારિત્ર્ય માટે ચાર્લ્સ મગરૂર થતો હતો. વાત્સલ્ય પ્રેમથી આજે તેનું હૃદય ઉભરાઈ જતું હતું. સર વિલિયમે રાજાના તરફ શોક પૂર્ણ નયનોએ જોયું. હવે ભૂતકાલ સદંતર ભૂલી જવાવો જોઇએ એમ તેને લાગ્યું. રાજા ચાર્લ્સ પણ તે ઓરડામાં ભૂતકાલ ભૂલી જઇનેજ બહાર નીકળવા માગતો હતો. સર બ્રાન્ડ જનરલ ઑલિફન્ટ પાસે ગયો અને બોલ્યો:

"જનરલ ઑલિફન્ટ! આજે સર્વ ખરાબ લાગણીઓ આપણા બધાના હૃદયમાંથી નષ્ટ થઇ જવી જોઇએ. તમે જે એકરાર કર્યો છે તેથી હું અજાયબીમાં ડૂબી ગયો છું છતાં તે અસત્ય છે એમ મ્હારાથી કહી શકાતું નથી. મ્હારૂં અંતઃકરણ પણ તમે સાચુંજ કહો છો એમ મને કહે છે—અને ભયંકર ભૂતકાલ હું ભૂલી જઇશ. તમે પણ ભૂલી જાવ..." કહી સર વિલિયમે જનરલ તરફ પોતાનો હસ્ત લંબાવ્યો. જનરલ સર બ્રાન્ડે તેને સંબોધી વાત કરવા માંડી તેજ પલે તેના તરફ જોઇ ઉભો હતો. તે કંઇક શરમાઇ, શોક પામી માનથી સર બ્રાન્ડે લાંબો કરેલો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો:

"સર વિલિયમ! તમે માફી આપનાર છો અને હું તમારી પાસે ક્ષમા યાચનાર તરિકે ઉભો છું. તમે મને માફ કરો છો તે માટે હું આજથી જીવન પર્યંત તમારો ઋણી રહીશ. તમારો આ આભાર હું કદિ પણ ભૂલીશ નહિ. સર બ્રાન્ડ! મ્હારા જીવનની સુખીમાં સુખી ઘડી આજ છે એમ હું માનું છું—"

બન્નેએ એક બીજાનો હાથ લઇ દબાવ્યો અને ભૂત કૃત્યો ભૂલી જવાના નિશ્ચય કર્યા. સર વિલિયમ બ્રાન્ડે પ્રથમ જે છૂટકારાની લાગણી અનુભવી હતી તેથી પણ વધુ આરામ તેને હવે થયો. પર્સીનું ખુન ન્હોતું થયું એ વાત જાણી તેને આનન્દ થયો.

લૉરેન્સ લી હવે આનન્દથી ઉભરાતા હૃદયે જનરલ પાસે ગયો અને તેનો હાથ પકડી બોલ્યો:

"આહ! મ્હારા વ્હાલા મિત્ર! તમેજ મ્હારા બાળ સાથી હતા એ શું ખરી વાત છે?"

"હા. લૉરેન્સ! હવે હું ડૂબીઅન પર્સી છું એમ ધારી તું મ્હારા તરફ પહેલાના જેવીજ લાગણી રાખીશ ખરો?—"

" તમે મ્હારા હિતૈષી છો. અને મ્હારે માટે એટલુંજ જાણવું પૂરતું છે. બીજું કશું જાણવાની મ્હને દરકાર નથી–" તેવાજ આનન્દથી લૉરેન્સ બોલ્યો.

ત્યાર પછી લૉરેન્સ લી બૅરોનેટ તરફ ફર્યો અને તેની સાથે હસ્તધૂનન કરી બોલ્યોઃ

" મ્હારા રાજવંશી પિતાએ મ્હારા જન્મની કથા મ્હને પુત્ર તરિકે સ્વીકારતી વેળા કહી છે કે જે મ્હને જનરલ ઑલિફન્ટે પ્રથમ કહી હતી. આથી આપણી વચ્ચે કોઇ પણ જાતની સગાઇ નથી તે હું જાણી શકયો છું. પણ તમે મ્હારી બાલ્યાવસ્થાથી યુવાની સુધી મ્હારા તરફ જે પ્રેમાળ લાગણી બતાવી હતી અને જે લાડમાં મ્હારૂં તમે લાલનપાલન કર્યું હતું તે માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છુંઃ સર વિલિયમ બ્રાન્ડ ! જો અલ્પ સમય માટે આપણી વચ્ચે કંઇ કડવી લાગણી જન્મી હોય તો તે ભૂલી જવાની હું તમને વિનતી કરૂં છું–"

" હું તે ભૂલી જઇશ–લૉરેન્સ ! આજનો દિવસ પશ્ચાતાપનો–ક્ષમા દાનનો અને સમાધાનીનોજ છે. આપણે બધા ભૂતકાલ ભૂલી જઇશું—"

" આ ઓરડામાં આજે જે ભેદો ફૂટી ગયા છે તે પ્રકટ ન કરવાનાં ઘણાં કારણો છે–" ચાર્લ્સ જે આ બધી વાતચીત લાગણી પૂર્વક સાંભળી રહ્યો હતો તે બોલ્યો.

" મ્હારા વ્હાલા પુત્ર ! હું તને જાહેર રીતે મ્હારા પુત્ર તરિકે સ્વીકારી શકું એમ નથી. અને તેથી દુનિયામાં ત્હારે સર વિલિયમ બ્રાન્ડના ભત્રિજા તરિકેજ ઓળખાવાનું ચાલુ રાખવું પડશે. ત્હારા ભાવી સુખની હું હવેથી ચિન્તા રાખીશ એમ તને કહેવાની જરૂર નથી—સર વિલિયમ ! જરા અહિં આવો તો, તમને એક વાત કહું—"

ચાર્લ્સ સર વિલિયમને એક બીજી બારી પાસે લઇ ગયો અને ત્યાં જઈ તે ધીમા સ્વરે બોલ્યોઃ

" મ્હારા વફાદાર મિત્ર ! તમે પુરાતન બ્રાન્ડન કુટુંબના વંશજ છો એવી વાત કરતાં મ્હેં તમને વારંવાર સાંભળ્યા છે. પણ કેટલાંક કારણો–કે જે શોધી કાઢવાનું આપણે શોધકોનેજ સોંપી દઇશું–તેને લીધે તમારા મૂલ નામનો અપભ્રંશ થઇ બ્રાન્ડન પરથી બ્રાન્ડ થયું

છે. આપણે એ કુટુમ્બનો પુનરૂદ્ધાર કરીશું અને તે માટે હું તમને આજે ઉમરાવપદ આપું છું. તમને મળેલા ઉમરાવપદ માટે હુંજ તમને પહેલવહેલો અભિનન્દન આપું છું, લૉર્ડ બ્રાન્ડન !—"

એક પલમાં રાજાએ પોતાના શબ્દથી સર વિલિયમને ઉમરાવ બનાવી દીધો અને તેની સાથે હસ્તધુનન કર્યું. નવા ઉમરાવે પણ સુન્દર ભાષામાં પોતાના રાજકર્તાની ઉદારતા માટે આભાર માન્યો.

" પણ તમે ભૂતકાલમાં બજાવેલી સેવા માટે તમને એકલું ઉમરાવ પદ આપીનેજ હું સંતોષ માનવાનો નથી. તમારી પાછળ તમારો ભત્રિજો લૉરેન્સ તમારો વારસ થશે. એટલે ઉમરાવપદ સાથે જાગીર અથવા પેન્શન આપવાનું હું પ્રીવી કાઉન્સીલને દબાણ કરીશ અને ગમે તે રીતે કાઉન્સીલને મનાવી હું જાગીર અથવા પેન્શનની બક્ષીસ અપાવીશ કે જેથી તમારી પાછળ લૉરેન્સને તે બધું વારસામાં મળે. વળી આમ કરવાથી તમે તમારી પોતાની મીલકતનો ઇચ્છાનુસાર વ્યવસ્થા કરી શકશો—" ચાર્લ્સ બોલ્યો.

" આપ નામદારની મ્હારા તરફની આટલી બધી પ્રેમાલ લાગણીનો અલ્પસ્વલ્પ બદલો લૉરેન્સને મ્હારા કુલ વારસ તરિકે સ્વીકારીનેજ હું વાળી શકું એમ છું. નામદાર ! લૉરેન્સને મ્હેં પુત્ર પેઠે ઉછેર્યો છે અને તેજ મ્હારો વારસ થશે—"

" શાહબાશ !..." રાજા બોલ્યો.

" આહ ! બ્રાન્ડ ! મ્હારા દીલનો ભાર હમણાં મ્હેં જે કામ કીધાં છે તેથી હલકો થતો હોય એવું મને લાગે છે. પણ હજુ એક વાત બાકી છે—"

" આપ નામદારની આજ્ઞા પાળવા આ સેવક હમ્મેશાં તૈયાર છે."

" અનેક સબલ કારણોને લીધે હું લૉરેન્સની માતાની મુલાકાત લઇ શકતો નથી; અને તેને જે ઘોર અન્યાય થયો છે તે પછી તે પણ મ્હને મળવાની ઇચ્છા રાખતી હોય એમ લાગતું નથી ગમે તેમ હોય પણ હેન્રીએટ્ટા રમ્બોલ્ડ મ્હેં તેના પુત્રના ભાવી માટે જે વ્યવસ્થા કરી છે તેટલાથી સંતુષ્ટ થાય તેવી ગોઠવણ કરવાનું હું તમને અને ઍાલીફન્ટને સોંપું છું અને તેથી જાહેર રીતે તેને મ્હારી પત્નિ તરિકે સ્વીકારવાની અથવા લૉરેન્સને જાહેરમાં મ્હારો પુત્ર કહેવરાવવાની ઇચ્છા જો તે તેના મનમાં રાખતી હોય તો તે કહાડી નખાવવાનો તમારે પ્રયત્ન કરવો—"

"બધું આપ નામદારની ઇચ્છાનુસારજ થશે, મ્હારા નામદાર! કદાચ હું પોતે આપ નામદારની ઇચ્છા પાર પાડવા અશક્ત થઇશ તો—"

"હું સ્હમજી ગયો." ધીમા સ્વરે રાજા બોલ્યો.

"પેલો અસાધારણ શક્તિવાળો ઑલિફન્ટ બધું કરી શકશે. પણ જ્યારે તે આપણી સાથે ફરતો હતો, જ્યારે તે પોતાની કીર્તિ વધારતો હતો ત્યારે તમે પોતે એને મરેલો શી રીતે ધારી શક્યા?"

"નામદાર! મ્હને એ બાબતમાં કંઇજ સુઝતું નથી."

"ઠીક છે. તમારે ને ઑલિફન્ટે પરસ્પર ઘણી વાત કરવાની હશે. તેથી હું તમને બન્નેને એકાદ કલાક એકલા મૂકી લૅરેન્સ સાથે ખાનગી વાતચીત કરવામાં ગાળીશ. મ્હેં તેને માટે જે વ્યવસ્થા કરી છે તેની વાત હું તેને કહીશ અને તમે તેને તમારા વારસ તરિકે સ્વીકારો છો એ બીનાથી પણ તેને પરિચિત કરીશ."

ત્યાર પછી રાજા, લૉર્ડ બ્રાન્ડન પાસેથી જનરલ ઑલીફન્ટ અને સર લૅરેન્સ લી જેઓ એક બારી આગળ ઉભા ઉભા વાત કરતા હતા તેમની પાસે ગયો અને લૅરેન્સને પોતાની પાસે આવવાનું કહ્યું. લૅરેન્સને લઇ ચાર્લ્સ તે ઓરડો છોડી જવા પછી સર વિલિયમ બ્રાન્ડે ઍંબીઅન પર્સી કેવી રીતે "નીધર હૉલ" માંથી છટકી શક્યો તેનો ખુલાસો કરવાની તેને વિનંતી કરી અને જનરલે પોતે લ્યુક ગ્રીમસ્ટેડની સહાયથી તે કેવી રીતે બચી ગયો તે અથથી ઇતિ સુધી કહી બ્રાન્ડની ખાત્રી કરી આપી. ઍંબીઅન પર્સી ખરેખર હજુ જીવતો છે એ વિષે લૉર્ડ બ્રાન્ડનની હવે ખાત્રી થઇ ગઇ અને તેના અંતઃકરણને વિશેષ શાન્તિ મળી. આ ખુલાસો ગયા બે પ્રકરણોમાં અમે લખી ગયા છીએ એટલે તે પુનઃ અત્રે આપવાની જરૂર નથી.

"લ્યુક ગ્રીમસ્ટેડ અને તેના ભાઇના કંઇક આભાર નીચે હું દબાયેલો હોવાથી હું તેમની સાથે ઉદારતાથી વર્તવાની તમને અરજ કરૂં છું. ગુલામોના વ્યાપારીના પંઝામાં સપડાવવાનો જે પ્રપંચ તેમણે રચ્યો હતો તે માટે તેમને હું ક્ષમા આપી શકું છું કારણકે જોકે તેમણે મ્હારી સ્વતંત્રતા લૂટાઇ જાય એવી કપટ જાળ રચી હતી છતાં તેમણે મ્હારી જીંદગી બચાવી હતી—" ઑલીફન્ટે બધો ખુલાસો કર્યા પછી કહ્યું.

" આજનો દિવસ ક્ષમાદાનનો છે, જનરલ ! અને હું તેનો ભંગ કરવા માગતો નથી. હું થ્રીમસ્ટેડ ભાઇઓને માફ કરૂં છું અને હું ધારૂં છું કે હું તેમને બધી વાત જાણું છું એમ કહી દઉં તે સ્હામે તમને કંઇ વાંધો નહિ જ હોય. હું તેમના પંઝામાં છું એમ તેઓ હમણાં સુધી માને છે તેથી જો હું તેમની ખરી વાત જણાવી દઉં તો તેમની સત્તામાંથી હું મુક્ત થઇ શકીશ—" લૉર્ડ બ્રાન્ડન બોલ્યો.

લૉર્ડ બ્રાન્ડનની ઇચ્છા સ્હામે જનરલ ઑલિફન્ટે કાંઇ વાંધો લીધો નહિ. અલ્પ સમયમાં રાજા લૉરેન્સ લી સાથે ત્યાં આવી પહોંચ્યો.

ચાર્લ્સે લૉરેન્સ સાથેની ખાનગી વાતચીત દરમિયાન લૉરેન્સને તે કર્નલની પદ્વી સહિત લશ્કરી નોકરી સ્વીકારવા ઇચ્છે છે કે કેમ તે પૂછી જોયું હતું અને લૉરેન્સે પોતાની વ્હાલી રૂથ સાથે તે હમણાં શાન્તિમાંજ જીવન ગાળવા માગે છે એમ જણાવવાથી ચાર્લ્સે તેને સેનાપતિપદ લેવા માટે વિશેષ દબાણ કર્યું ન્હોતું. વળી લૉરેન્સને રાજ્ય-મહેલમાં પ્રસંગોપાત આવી પોતાને મળી જવાની રાજાએ ઇચ્છા બતાવી હતી અને પોતાની પુત્રવધુ રૂથને પણ કોઇ કોઇ વાર સાથે લાવવા તેણે લૉરેન્સને કહ્યું હતું.

લૉરેન્સ, જનરલ તથા લૉર્ડ બ્રાન્ડને હવે રાજાની રજા લીધી. જનરલ ઑલીફન્ટે નવા ઉમરાવને પોતાને ત્યાં એક બે દિવસ મહેમાન તરિકે રહેવાનું નિમંત્રણ કર્યું અને લૉર્ડ બ્રાન્ડને તે સ્વીકારવાથી ત્રણે જણ જનરલના લીન્કન્સ ઇન ફીલ્ડઝમાંના ભવ્ય મૅનશનમાં આવી પહોંચ્યા. રૂથનું લગ્ન કરાવવાની સર વિલિયમે જે બાજી રચી હતી તેથી રૂથને, જોઇ તેને શરમાવું પડશે એમ કહી તેણે જનરલના આમં-ત્રણનો સ્વીકાર કરવાની પ્રથમ ના પાડી હતી પણ લૉરેન્સે આજે ભૂત કાલની સઘળી બીના ભૂલી જવાની પુનર્સ્મૃતિ કરાવવાથી તે તેમની સાથે આવવા સમ્મત થયો હતો.

રાજમહેલમાં જે બનાવો બન્યા હતા તે સાભળી રૂથને જે લા-ગણી થઈ તે વર્ણવવી અશક્ય છે. તેણે જેને ચાહ્યો હતો અને જે તેનો પ્રિયતમ બન્યો હતો તે તેની ફોઇનોજ પુત્ર છે એ આનન્દ અને અજાયબીની લાગણીથી તે સાંભળી રહી.

બાજે દિવસે કર્નલ રમ્બોલ્ડ મિસીસ રમ્બોલ્ડ તથા હેન્રી એદાને લઇ જનરલ ઑલિફન્ટને ત્યાં આવ્યો. જનરલ ઑલિફન્ટે કર્નલ તથા

તેની પત્નિને રાજ્યમહેલમાં બનેલી બીના ધીમે ધીમે કહી તથા હેન્રી એદ્દાના જખમી જીગરને શાન્ત કરવાની ફરજ રૂચે માથે ઉપાડી લીધી. તેણે પોતાની દુઃખી ફોઈના જખમી અંતરનો ખ્યાલ રાખી મીઠી ભાષામાં બધી બીનાથી તેને પરિચિત કરી. આહ ! તે કમનસીબ માતાએ જ્યારે પોતાના વરસોથી વિખુટા પડેલા પુત્રનો પત્તો મેળવ્યો ત્યારે તેને કેવો આનંદ થયો હશે ? લૉરેન્સ તેને મળ્યો. એક વ્હાલ સોઈ માતાનો પ્યાર લૉરેન્સે જીંદગીમાં પહેલીવાર અનુભવ્યો. તે લૉરેન્સને છાતી સરસો લગાવી તેને ચુમ્બન કરવા લાગી. તેના માથા-પર હાથ ફેરવી તેને આશિષ આપવા લાગી અને લૉરેન્સને પ્રથમ જોઈ જાણે તે પોતાનો પુત્રજ હોય એવી જે લાગણી તેને થઇ હતી તેનું રહસ્ય તે હવે સમજી શકી. કુદરતની અજબ કરામતથી તેનો પોતાનો જ પુત્ર પોતાની ભત્રિજીનો પતિ થયો હતો! હેન્રી-એદ્દા—તે હતભાગી સ્ત્રી માટે આથી વિશેષ આનન્દનો પ્રસંગ શું હોઈ શકે ?

આ પ્રકરણ પૂર્ણ કરવા પહેલાં હવે થોડો જ ખુલાસો કરવાનો બાકી છે. કર્નલ રમ્બોલ્ડ જનરલને મ્હોડે લૉરેન્સ લીના જન્મની હકીકત ભારે અજાયબી વચ્ચે સાંભળી રહ્યો. "રાઇ હાઉસ" નું કાવત્રું રચવામાં તેનો મુખ્ય ઉદ્દેશ તેની બહેનના પુત્રની માહિતિ મેળવવાનો હતો. આ ઉદ્દેશ આજે અણધાર્યો પાર પડયો અને તેનો પોતાનો જ જમાઇ તેનો ભાણેજ હતો એ વાત જ્યારે તેણે જાણી ત્યારે તેની અજાયબીનો પાર રહ્યો નહિ.

હેન્રીએદ્દાએ ખાનગીમાં જનરલ ઑલિફન્ટને તેણે "ન્યુ-માર્કેટ રેસ" માં જવાની તેને વિનંતી કરી હતી એ બીના પોતાના ભાઇને ન કહેવાની પુનઃ અરજ કરી અને જનરલે તેવું વચન આપ્યું. જો એ કાવત્રું અમલમાં મૂકાયું હોત તો કર્નલની બુરી દશા થાત એ ખ્યાલથી જનરલને ઘણું દુઃખ થયું. કર્નલે તેની સલાહપર દુર્લક્ષ આપી એ રાજ્યદ્વારી કાવત્રું રચવાનો પ્રયાસ કર્યો હતો તેથી જન-રલ શોક પામ્યો.

અત્યંત સુખમાં સઘળાંએ જનરલના મહેલમાં થોડાક દિવસ ગાળ્યા. જનરલે હવે અમેરિકા જવાની તૈયારી કરવા માંડી. વિદાય થવાનો દિવસ પણ આવી પહોંચ્યો. પુનઃ તેણે કર્નલ રમ્બોલ્ડને

સબલ દલીલો સહિત કોઈ પણ જાતની ક્રાન્તિકારક હીલચાલ ન ઉપાડવાની સલાહ આપી અને તેણે એટલા બધા મુક્ત દીલે વાત કરી કે કર્નલ રમ્બોલ્ડ જનરલ ઑલિફન્ટ રાઇ હાઉસના છેલ્લાં કાવત્રાંથી પરિચિત છે એવી શંકા પણ તે કરી શકયો નહિ. તેની બહેનેજ તેની હીલચાલ પાછળ જાસુસી કરી હતી અને તેની બહેનના પ્રયાસથી જ તેનો પ્રપંચ ધૂળમાં મળી ગયો હતો એમ કર્નલ જાણે તો હેન્રીએટ્ટા માટે કર્નલના દીલમાં કડવી લાગણી જન્મે એમ હોવાથી જનરલે ઘણી સંભાળપૂર્વક વાત કરી હતી અને એક મિત્ર તરિકેજ અમેરિકા જવા પહેલાં તેને સલાહ આપતો હોય એવીજ રીતે તેણે કર્નલને કોઇ જોખમ ભર્યું સાહસ ન વહોરવાની સલાહ આપી હતી.

સર હેન્રી બીટન તથા બીજા રસાલા સહિત એંગ્લો અમેરિકન સંસ્થાનોનો ગવર્નર જનરલ—ઑલિફન્ટ બ્રિટિશ કિનારો છોડી ગયો. પોતાની અસાધારણ શક્તિથી તેણે જેમને સુખી કર્યાં હતાં તે બધાં તેને વિદાય કરવા કિનારાપર ગયાં હતાં. તેમનાં હૃદયો ઑલિફન્ટથી વિખૂટાં પડતાં રડતાં હતાં. ઑલિફન્ટ દીર્ધાયુષી થઇ કીર્તિવંત સુખી જીવન ગાળે એવી બધાં પ્રાર્થના કરતાં હતાં એમ કહેવાની જરૂર નથી.

વાંચનાર ! જનરલ ઑલિફન્ટ અમેરિકા જવા ઉપડી ગયો. અનેક ભેદો પણ પ્રકાશમાં આવી ગયા; પણ હજુ આપણી કથા પૂર્ણ થઈ નથી. " રાઇ હાઉસ "ના રાજદ્વારી પ્રપંચમાં ભાગ લેનારાઓમાં બધા દેશભકતો ન્હોતા. ત્રણ ચાર સ્વાર્થી પુરૂષો પણ હતા એ વાત તમે જાણો છો. જનરલ ઑલિફન્ટને રાજવંશી ગાડીમાં જોઇ વિદ્રોહીઓની યુક્તિનો અમલ થઇ શકયો નહિ. વિદ્રોહીઓ જાણે કંઈ બન્યુંજ ન હોય એવો દેખાવ કરી વિખૂટા પડયા. પણ એ વાત છેવટ સુધી ગુપ્ત રહી હતી કે કેમ ? જે સ્વાર્થીઓ પોતાનો સ્વાર્થ સાધવા રાજ્ય વિરૂદ્ધ પ્રપંચ રમવા તૈયાર થયા હતા તેમણે પોતાનો સ્વાર્થ સાધવા માટે એ રાજદ્રોહી કાવત્રું રચાયું હતું એ બીના સત્તાવાળાઓને કહી દઇ કેવાં અનર્થો કર્યા હતા તેનો ઇતિહાસ હજુ બાકી છે.

વળી લુઇ દે કેરલનો ભયંકર ઇતિહાસ પણ તમારે જાણવો છેની?

પ્રકરણ ૩૩ મું.

વિશ્વાસઘાત.

ગત પ્રકરણમાં વર્ણવેલ બનાવ પછી બે મહિના વહી ગયા. તેટલામાં ફક્ત એક જ જાણવા જોગ બનાવ બન્યો. સર હેક્ટર ગ્રેહામને ફ્રેડ્રીક સેલ્બીના કબજામાંથી તેના પર હુમલો કરી ન્હાસી જવા માટે છ અઠવાડિયાની કેદની અને ન્યુગેટ કેદખાનામાંથી છૂટ થઈ જવા માટે એક સો પોંડના દંડની સજા થઈ. ડચેસ ઑફ ક્લીવલૅન્ડે સર હેક્ટરની તપાસ શરૂ થઇ તે પહેલાં જો તે તેણીનું નામ કોર્ટમાં જાહેર નહિ કરશે તો તે તેને સહાય કરશે એવું વચન એક ખાનગી કાગળ લખી આપ્યું હતું અને ગ્રેહામ જેવો અથંગ બદમાસ એવી શ્રીમંત ઉમરાવજાદીની મદદ ગૂમાવી દે એવો મૂર્ખ ન્હોતો. તેણે જ્યારે ઓલ્ડ બેલીમાં તેની તપાસ ચાલી ત્યારે ડચેસનું નામ સુદ્ધાં દીધું નહિ. આથી જ્યારે તેની કેદની મુદત ખતમ થઈ ત્યારે બાર્બરા વીલીઅર્સે તેનો દંડ ભર્યો અને તેને મુક્ત કર્યા પછી તેને ખરચવા માટે બીજા પૈસા પણ આપ્યા. કેદખાનામાંથી સર હેક્ટર ગ્રેહામ છૂટો થવા પછી ડચેસ સાથે તેણે ખાનગીમાં લાંબો વખત સુધી મસલત કરી અને તે પછી તે ઇંગ્લાંડમાંથી ગૂમ થઈ ગયો. તે ક્યાં ગયો હતો તે આગળ જતાં વાંચનારને માલૂમ પડશે.

બે મહિના વહી ગયા હતા. હમણાં જુન મહિનો ચાલતો હતો. સાંજ પડવા આવી હતી પણ હજુ અંધારૂં થયું ન્હોતું. સાત આઠ વાગવાનો સુમાર થયો હતો. આ વખતે મધ્યમ કદથી કંઈક ઉંચો અને બેડોળ આકારનો પણ સશક્ત બાંધાનો એક માણસ સેંટ માર્ટીન ફીલ્ડઝના ગીચ અને એકાંત રસ્તાપરથી પસાર થતો હતો. તેના વદન પર શીતળાના થોડા થોડા ડાઘ હતા. પ્રથમ દૃષ્ટિએ તેનો દેખાવ કંઇક નમ્ર અને ગંભીર જણાતો હતો; પણ સૂક્ષ્મ રીતે નિરિક્ષણ કરતાં માનસ શાસ્ત્રનો અભ્યાસી તે અમાનુષી દુષ્ટતા, દુરાગ્રહ, અભિમાન અને ખુનસતાનું મૂર્તિમંત પૂતળું હોવો જોઇએ એમ કહી શકે તેમ હતું. તેનું વય લગભગ પચાસેક વર્ષનું હતું. તેનો પોષાક સાદો હતો અને સુન્દર દેખાવા માટે કૃત્રિમ પ્રયાસો કરવાનો તેને શોખ હોય એવું જણાતું ન્હોતું.

સેંટ માર્ટીન્ટસ ફીલ્ડ્ઝ-તે વખતે તેના નામ પ્રમાણે ખુલ્લાં મેદાનો જેવાં જ હતાં. એ મેદાનોમાંથી તે ઝાડોની ગીચ ઘટા તરફ ગયો કે જે મુખ્ય રસ્તાથી થોડેક દૂર આવેલી હતી. ત્યાં-તે ગીચ ઘટામાં વાંચનારનો પૂર્વપરિચિત કર્નલ રમ્ઝે બેઠો હતો. પેલો માણસ કર્નલની નજીક આવ્યો કે તરત તે ઉભો થયો અને અત્યંત નમ્રતા તથા વિવેકથી તેણે તેને સલામ કરી. કર્નલને મળવા આવનાર માણસ કોઇ જ નહિ પણ ચાર્લ્સ બીજાનો ભાઇ ડયુક ઑફ યૉર્ક અને ઈંગ્લાંડનો ભાવી વિધાતા જેમ્સ બીજો હતો.

"હું તમને અત્રે મળવા આવ્યો છું, કર્નલ રમ્ઝે!—" ડયુક ઑફ યોર્કે કંઈક અતડાઇથી વાતની શરૂઆત કરી.

"કારણકે તમારો પત્ર અત્યંત વિનીત ભાષામાં લખાયલો હતો અને તમે મને મળવાને અત્યંત આતુર છો એમ તમે તેમાં જણાવ્યું હતું. હવે તમે શું કહેવા માગો છો તે જલદી કહી દો. પણ યાદ રાખજો કે તમે જો કંઇ દુષ્ટ જાળમાં મને ફસાવવાની ઇચ્છા રાખતા હશો તો તેમાં તમે નિરાશ થશો કારણકે એક સીટી વગાડતાં જ મ્હારા ચાર વફાદાર માણસો અત્રે હાજર થઇ જશે અને તમને ધુળ ચાટતા કરી નાખશે—"

"આપ આ શું બોલો છો, મ્હારા નામદાર?—" પોતાની માનીતી શૈલીમાં વાત કરવાની શરૂઆત કરતો કર્નલ રમ્ઝે બોલ્યો.

"હું આપની સાથે દગાબાજી કરૂં? નહિ. નહિ. મ્હારા નામદાર! આખા દેશમાં આપના આ નમ્ર સેવક કરતાં આપ નામદારની વફાદારીથી સેવા કરી શકે એવો બીજો કોઇ માણસ નથી. મ્હારા નામદાર! આપ મને અન્યાય કરો છો. આપ નામદારને ઇજા કરવા માટે મ્હારી સમશેરનો ઉપયોગ કરવાને હું તૈયાર થાઉં તે પહેલાં હું તે તલવાર મ્હારા જ પેટમાં ભોંકી દઇ મરણશરણ થવાનું પસંદ કરીશ-સ્હમજ્યા મ્હારા નામદાર?—"

"કર્નલ રમ્ઝે ક્રૉમવેલની સેનાનો સૈનિક-એક ચુસ્ત સ્વરાજ્યવાદી જે હમ્મેશાં રાજ્ય વિરૂદ્ધ દુષ્ટ કાવત્રાં રચવામાં અગ્ર ભાગ લેતો હતો તે અચાનક અમારા પક્ષમાં આવવા માગે છે એમ કેમ માની શકાય?—" ડયુક હજુ પણ સખત સ્વરે જ વાત કરતો હતો.

"આપ નામદાર હજુ મ્હને બરાબર પીછાનતા નથી, મ્હારા નામદાર!—"

"તો મ્હને તમારી બરાબર પીછાન કરાવોની !–" ડ્યુક અભિમાનથી કંઈક કટાક્ષ કરતો બોલ્યો.

"જુઓ મ્હારા નામદાર ! કૃપા કરી મને શાન્તિથી સાંભળો; એટલે તમે મ્હારા હેતુ સમ્પૂર્ણ રીતે સ્હમજી શકશો—"

"વારૂ. તેમ કરો,..." એક ઝાડપર હાથ ટેકવી ઉભો રહેતો ડ્યુક બોલ્યો. તેની ચકોર દૃષ્ટિ કર્નલ તેનાપર અચાનક હુમલો કરવા માગે છે કે કેમ તેની બારીક તપાસ રાખતી હતી.

"સાંભળો યુવરાજ !–" રમ્ઝે બોલ્યો.

"હું કોણ છું તે કંઈ આપનાથી છાનું નથી. બધા સિદ્ધાંતો ને માન્યતાઓને જહન્નમમાં નાખો. મ્હારા નામદાર ! એક તંત્રી શાસન હો કે પ્રજાસત્તાક હો તેની મ્હને પરવા નથી. જે સિદ્ધાંત કે જે વાદથી ગજવું ભરાય નહિ તે વાદ ને તે સિદ્ધાંત આપ નામદારના આ પ્રમાણિક સેવકને માન્ય નથી. સ્હમજ્યા મ્હારા નામદાર ! સેવકનું ગજવું હમણાં તદ્દન ખાલી છે એટલે ગમે તે પક્ષની સેવા બજાવી હું લક્ષ્મી દેવીની કૃપા મેળવવા માગું છું—"

"તમે તમારે મ્હોડે ખુલ્લા દીલે તમારી સ્વાર્થાંધતાનો સ્વીકાર કરો છો તેથી હું ખુશી થાઉં છું કારણ કે સુન્દર ભાષામાં સદ્દગુણી હોવાનો દાવો કરનારા દુષ્ટ દામ્ભિકો કરતાં મુક્ત હૃદયે પોતાની નીચતા સ્વીકારનારા માણસો વધુ સારા હોય છે–" ડ્યુકે ટીકા કરી.

"હવે આપ નામદાર આ દીન સેવકનો ભાવાર્થ જાણે આપ મ્હને જન્મથી પીછાનતા હો તેવી રીતે સ્હમજી શકશો. આહ ! મ્હારા નામદાર ! પ્રમાણિક રમ્ઝે ઘણો કામનો માણસ છે. આપ નામદારને ખબર નથી કે અનેક જાતનાં કાવત્રાંઓ હાલમાં રચાઈ રહ્યાં છે; છૂપી આગ સઘળે સળગી રહી છે અને આપ નામદાર તો જાણે કંઇ જ ન હોય તેમ ટાઢે પેટે ફરતા ફરો છો. ઘણી દિલગીરીની વાત છે. મ્હારા નામદાર !—"

"તમે જે રાજદ્રોહી પ્રપંચોનો ઇસારો કરો છો તેથી મ્હને પરિચિત કરવાનો તમારો ઇરાદો છે ?—"

"પ્રમાણિક રમ્ઝેનો બીજો શું ઇરાદો હોઇ શકે, પ્રિન્સ ?–સાંભળો, મ્હારા નામદાર ! લક્ષપૂર્વક સાંભળો. હું ખુલ્લા દીલથી સાચી વાત કહું છું..."

"બોલો તદ્દન ખુલ્લા દીલે બોલો; અને હું તમારા પર ગુસ્સે નહિ થઇશ એવું તમને વચન આપું છું—"

"ઠીક બોલ્યા, મ્હારા નામદાર! જુઓ સાહેબ! મને ફાંકડી ભાષા આવડતી નથી. હું ગાંડા ઘેલા શબ્દોમાં મ્હારો હેતુ વ્યક્ત કરીશ. નામદાર! આપ જાણો છો કે લોકોને મ્હોડે આપનું જ નામ આજકાલ રમી રહ્યું છે. તેઓ કહે છે કે તમે પોપના ચુસ્ત ભક્ત હોવા ઉપરાંત જ્યારે આપ ગાદિનશીન થશો ત્યારે કૅથોલિક ધર્મનો સમ્પૂર્ણ ઉદ્ધાર કરવા દઢ પ્રતિજ્ઞા કરી બેઠા છો. હવે નામદાર! આપ નામદાર કૅથોલીક હો, પ્રોટેસ્ટંટ હો, મુસલમાન હો, બ્રાહ્મણ હો કે અગ્નિપૂજક પારસી હો તેની સાથે આપના પ્રમાણિક સેવકને કંઇ પણ સ્નાનસૂતક નથી. હું આપ નામદારને લોકો જે કહે છે તે કહું છું. હવે હું કંઈ છૂપાવવા માગતો નથી. નામદાર! લોકો આપનો હક્ક છીનવી લઇ તે ડયુક ઑફ મોનમાઉથને અપાવવાની વાત કરે છે. તેઓ વળી મહારાજા ચાર્લ્સને આપના પ્રતિસ્પર્ધી મોનમાઉથને પોતાના વારસ તરીકે સ્વીકારવાની ફરજ પાડવાની વાત કરવાની ધૃષ્ટતા પણ બતાવે છે—"

"લોકો એવી વાત કરે છે ખરૂં?—" ડયુક જો કે એ વાત સાંભળી મનમાં ખૂબ બળી ગયો હતો છતાં બહારથી બેપરવાઈનો ડોળ કરી બોલ્યો.

"આહ! નામદાર! પ્રમાણિક રમ્ઝે આપને છેતરવા માગતો નથી; પણ મદદ કરવા ચાહે છે—"

"તમે મને શું મદદ કરી શકશો?"

"જુઓ નામદાર! મ્હારા જેવા ઘણા માણસો દેશમાં છે. પૈસાને માટે અમે બધા ગમે તે કરવાને તૈયાર છીએ. નામદાર! હું દીલમાં કંઇ છૂપાવવા માગતો નથી. મ્હારા જેવા માણસોની સમશેરો જે પૈસા આપે તેના દુશ્મનના ધડ ઉડાવી શકે છે. નામદાર! પછી તે ગમે તે મતનો હોય તેની અમને પરવા નથી. પૈસા, પૈસા, પૈસા! નામદાર! આ સેવક પીળી ધાતુ માટે ગમે તે કરવા તૈયાર છે અને આપ નામદારનું બુદ્ધિવાન મગજ હવે મ્હારો હેતુ સ્હમજી ગયું હશે, નામદાર!—"

"હું એટલું સ્હમજું છું કે તમારી પાસે કેટલાક એવા બદ-

માસો છે કે જેઓ પૈસા માટે ગમે તેની સ્હામે લડવા તૈયાર છે. પણ તેમને ભેગા કરી તમે મને કેવી રીતે સહાય કરી શકશો ?"

રમ્ઝે ડયુક તરફ તિક્ષ્ણ દૃષ્ટિએ જરાવાર જોઈ બોલ્યોઃ

"જુઓ ! નામદાર ! વાત એમ છે કે હું જે વાત કરવા માગું છું તે કદાચ આપને ન પણ રૂચે—આપને તેમાં રાજદ્રોહનું તત્વ પણ જણાય તો તેથી આપ નામદાર ક્રોધે ભરાઇ આ ગરિબ માણુસના બાર વગાડી દો તો ? પ્રમાણિક કર્નલ રમ્ઝેની સેવાનો લાભ લેવાને બદલે ભયંકર રાજદ્રોહી વિચારો ધરાવવા માટે આપ નામદાર ફાંસીના લાકડાપર મારૂં માથું લટકાવવા તૈયાર થઇ જાવ તો ?—"

"હું તમને પુનઃ અભય વચન આપું છું. તમારે જે કહેવું હોય તે ખુશીથી નિર્ભય હૃદયે કહો—" ડયુક ઑફ યોર્કે પ્રત્યુત્તર આપ્યો.

"ત્યારે મ્હારા નામદાર ! સાંભળી લો. જો હું આપની જગ્યાએ હોઉં તો મહારાજા ચાર્લ્સ તથા ડયુક ઑફ મોન્માઉથ પણ રાજ્યગાદી પરનો મ્હારો હક્ક ખૂંચવી ન લઇ શકે એવી યુકિત અમલમાં મૂકી દઉં. સ્હમજ્યા મ્હારા યુવરાજ ! શામાટે આપ નામદાર ગાદી મેળવવાનો પ્રયત્ન કરતા નથી ?—"

"કેવી રીતે મ્હને ગાદી મળે ?"

"વળી કેવી રીતે ? આપ તે પર બેસી જાઓ—એટલે થયું, પછી ગાદી તમારી જ. નામદાર ! જમાનો સત્તાનો—બુદ્ધિનો ને દક્ષતાનો છે. દુનિયા ઝૂકતી હૈ—ઝૂકાનેવાલાં ચાહિયે—" કર્નલ રમ્ઝે બોલ્યો.

બન્ને વચ્ચે હવે દીર્ઘ મૌન છવાયું. બન્ને એક બીજા તરફ સ્થિર આંખોએ જોઇ રહ્યા. ડયુક—ચાર્લ્સનો ભાઇ કર્નલ રમ્ઝે પર કેટલો વિશ્વાસ મૂકી શકાય તે તથા તે વિશ્વાસઘાતક વૃદ્ધ સૈનિક પોતાના શબ્દોની રાજાના ભાઇપર કેવી અસર થઇ છે તે જાણુવા માટે એક બીજા તરફ તિક્ષ્ણ નજરે જોઇ પરસ્પર હૃદય ભેદવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

"મ્હારા માનવંતા યુવરાજ !—" કર્નલ મૌન તોડતો બોલ્યોઃ "જો આપ નામદાર આ પ્રમાણિક સેવકની સલાહ નહિ માનશો તો વખત એવો બારીક છે કે ખુદ આપના ભાઇ મહારાજા ચાર્લ્સ

પણ આપની વિરૂદ્ધ થઈ જશે અને ડ્યુક ઑફ મોનમાઉથ—તમારો ખુબસુરત અને પ્રજાપ્રિય ભત્રિજો તમારો હક્ક ખૂંચવી લેશે. આપને ખબર પણ નથી કે બધા પોત પોતાની સ્વાર્થ સિદ્ધિ માટે અનેક જાતના પાસા ફેંકી રહ્યા છે અને આપ જો ગૂપચૂપ બેસી રહેશો તો ચાલાકાથી આપનો રાજ્યગાદીપરનો હક્ક લૂંટી લેવામાં આવશે—સ્હમજ્યા મ્હારા નામદાર ?—"

"સ્હમજ્યો, કર્નલ રમ્ઝે ! હવે મહેરબાની કરી જરા વધુ ખુલાસાથી વાત કરો અને તમે શું કરવા માગો છો તે મને જણાવો—" ડ્યુક ઑફ યોર્ક બહારથી બેદરકાર સ્વરે બોલ્યોઃ પણ તે કર્નલની વાત સાંભળી મનમાં ભય પામ્યો હતો અને રમ્ઝેને પોતાનું હથિયાર બનાવવા રાજી થયો હતો.

"હવે આપ નામદારને સ્હમજ પડી જણાય છે ! જુઓ, મ્હારા નામદાર ! આપનો આ સેવક સેંકડો સશક્ત માણસોને ભેગા કરી શકે એમ છે. તેમને એકવાર આપણા પક્ષમાં લઇ પછી હું ધડાકા કરવા માગું છું. એ સૈનિકોમાંના કેટલાકો અચાનક ડ્યુક ઑફ મોનમાઉથ પર હૂમલો કરી તેને એક સુરક્ષિત જગ્યાએ કેદ કરશે અને તેમ થયા પછી હું પોતે મ્હારા નેતૃત્વ નીચે બીજું મહાન્ કામ પૂરૂં કરી નાખીશ—"

"તે મહાન્ કામ કયું ?—"

"આહ ! નામદાર ! હજી પણ ન સ્હજ્યા ? હું મ્હારા માણસો સાથે એકદમ રાજમહેલમાં ઘૂસી જઈ મહારાજાને રાજગાદી તજી દઇ આપને વારસ તરિકે સ્વીકારવાની જોરજબરીથી ફરજ પાડીશ. અમે એવી વખતે હૂમલો કરીશું કે જ્યારે તેમ થવાનું કોઇને સ્વપ્નું પણ ન આવ્યું હોય. જાણે જ્વાલામુખી ફાટયો હોય એમ બધા ભયભીત થઈ કમ્પી જશે. રાજા પદભ્રષ્ટ થશે. ડ્યુક ઑફ મોનમાઉથની પણ બૂરી દશા થશે અને આપ નામદારના મસ્તક પર ઇંગ્લંડનો રાજમુકૂટ ઝગહળશે. બધા રાજદ્રોહીઓના પાસા ઉંધા પડશે અને તેઓ આમથી તેમ ન્હાસભાગ કરી મૂકશે. રસેલ, ગ્રે, ઇસેક્સ, સીડની, હૅમ્પડન અને તેમના બધા પક્ષકારો—"

"તમે એમ કહેવા માગો છો કે આ બધા ઉમરાવો હમણાં રાજ્ય સ્હામે કાવત્રાંઓ રચી રહ્યાં છે ?" કર્નલને મ્હોડે કાવત્રાંઓની

વાત સાંભળી તેના હૃદયમાં જે ભય ઉત્પન્ન થયો હતો તેની છાયા ડ્યુકના વદન પર પણ આ સમયે સ્પષ્ટ છવાયલી જણાઇ.

"આહ ! ત્યારે આપ નામદારને કંઇજ ખબર નથી. એ લોકો બધા હમ્મેશાં પ્રપંચજાળો ગૂંથતાજ રહે છે." કર્નલ રમ્ઝેએ જવાબ આપ્યો.

"તેમનો મ્હારાપર વિશ્વાસ છે અને તેમના બધા ભેદો હું જાણું છે. એ ભેદો તેમની યોગ્ય કિમ્મતે હું વેચવા નીકળ્યો છું. હું આપ નામદારની સેવા કરવા માટે સૌથી સારો માણુસ છું તેનાં બે કારણો છે. એક તો એ કે પૈસા માટે ગમે તે કામ કરવા તૈયાર થાય એવા દારૂડિયા, જુગારી–મવાલી વિલાસી–વિગેરે અનેક જાતના બદમાસોને કયાંથી શોધી કાઢવા અને તેમને કેમ પક્ષમાં લેવા તે હું બરાબર જાણું છું અને એક પખવાડિયામાં આપ નામદારની રજા મળતાં પાંચસોથી છસો એવા સાહસિક બદમાસો હું આપને શોધી આપીશ કે જેઓ જ્યાં સુધી આપ તેમને ચળકતા સિક્કાઓના દર્શન કરાવતા રહેશો ત્યાં સુધી આપનું ગમે તે કામ કરવાને જરાપણ આનાકાની કરશે નહિ. એ બધા માણસો જેને ધર્મના પૂતળાઓ ઉન્નતતા, મનુષ્યત્વ કે સદ્‌ગુણો કહે છે તેનાથી હમ્મેશાં દૂર રહેવામાં મ્હોટું માન સ્હમજે છે. તેમને હૃદય નથી ને લાગણી પણ નથી. પીળી ધાતુના તેઓ દિવાના આશક છે એટલે આપણે જેમ કહીશું તેમ કરવાને ચમકશે નહિ. વળી ઉમરાવોનો હું વિશ્વાસપાત્ર હોવાથી હું તેમને ખોટી ખબરો આપી કોઇ બીજેજ સ્થળે રોકી રાખીશ અને તે દરમિયાનમાં લંડનમાં આપણે આપણો વિજયડંકા વગાડાવી દઇશું.—"

"અને હવે જો હું તમે જે કરવા માગો છો તેમાં મ્હારી સમ્મતિ આપું તો તમે શું બદલાની આશા રાખો છો ?—" એકાદ મિનિટ ગમ્ભીર વિચાર કરી ડ્યુકે પૂછ્યુ.

"ઓહ નામદાર ! બદલો ! જો હું આપ નામદારને રાજ્યગાદી અપાવવામાં સહાયભૂત થાઉં તો એકાદ ખિતાબ ને સારૂં વર્ષાસન આપજો એટલે બસ ! આપનામદારનો સેવક બહુ લોભી નથી, સ્હમજ્યા મ્હારા નામદાર ?—"

"નહિ. તમે લોભી નથી. તમારી માગણી રીતસરની છે. હવે

બોલો, પ્રારમ્ભના કામ માટે તમને શું જોઇએ છે ?" ડ્યુક ઑફ યોર્ક બોલ્યો.

"પુષ્કળ દ્રવ્ય અને આપ નામદારના સેવક તરિકે કામ કરવાની લેખિત સત્તા !—"

ડ્યુકનું મ્હોં ગમ્ભીર થયું. તે બોલ્યો.

"લેખિત સત્તાની કંઈ જરૂર નથી. એકલા પૈસા આપું તો ન ચાલે ?—"

"નાહ. નામદાર ! લેખિત હૂકમ વિના બધું નકામું—" કર્નલ રમ્ઝે બોલ્યો.

"ત્યારે હું દિલગીર છું. હું તમને લેખિત સત્તા આપી શકતો નથી—"

"અફસોસ ! નામદાર ! હું પણ ઘણોજ દિલગીર છું કે તે વિના હું કંઈ કરી શકતો નથી—"

પુનઃ બન્ને એક બીજા તરફ ટીકી રહ્યા. એક રાજાનો ભાઈ અને બીજો વિશ્વાસઘાતક રાજદ્રોહી ! આ માણસપર ક્યાં સુધી વિશ્વાસ રાખી શકાય તે જાણવા માટે ડ્યુક કર્નલને ટીકી રહ્યો હતો અને કર્નલ તેને વિજય મળશે કે કેમ તે ડ્યુકનું હૃદય ભેદી જાણવા માગતો હતો.

"તમે લેખિત સત્તા શા માટે માગો છો ?" અન્તે ડ્યુક સાહેબ બોલ્યા.

"ઘણાં કારણો માટે, મ્હારા નામદાર !—કર્નલ રમ્ઝેએ જવાબ આપ્યો.

"પ્રથમ તો આપ નામદારના એજંટ તરિકે કામ કરવા માટેજ મને એવા લેખિત કરારની જરૂર છે. બીજું જે બદમાસોને હું આપ નામદારના પક્ષમાં લેવા માગું છું તેઓ મ્હારા જેવો એક ભયંકર સ્વરાજ્યવાદી રાજપક્ષમાં ભળી ગયો હશે એમ એવા લેખિત દસ્તાવેજ વિના માનશેજ નહિ. ત્રીજું, જો તેમને વિજય મળશે તો પુષ્કળ પૈસા મળશે એવી ખાત્રી હોય તો તેઓ ગમે તેવાં સાહસો માથે વહોરવા તૈયાર થશે અને આપ નામદાર સ્હમજી શકશો કે, એકલા મ્હારા બોલો પર વિશ્વાસ રાખી એવા માણસો કામ કરી શકે નહિ. અને ચોથું કારણ એ છે—આપ નામદાર ખોટું ન લગાડતા પણ ધંધો તે ધંધો ! આ એક જાતનું સાટું છે અને તેમાં પ્રથમથીજ સ્પષ્ટ

બોલી દેવાની જરૂર છે. ચોથું કારણ એ છે, નામદાર ! કે ભવિષ્યમાં કદાચ ગાદીપર વિરાજમાન થયા પછી આપ નામદાર આ ગરિબ સેવકની સેવા ભૂલી જાવ તો આપ નામદાર મ્હને હમણાં જે વચન આપો છો તેની હું એ લેખિત હૂકમ બતાવી આપને તે સમયે આપને સ્મૃતિ કરાવી શકું. માઠું ન લગાડશો, નામદાર ! પ્રમાણિક રમ્ઝે હમ્મેશાં ખુલ્લા દિલે વાત કરવાનુંજ શીખ્યો છે—"

"અને તમે મ્હારી લેખિત સત્તાનો દુરૂપયોગ નહિ કરો તે માટે તમે શું જામીનગીરી આપી શકો છો? દારૂની ઝુમમાં કોઈ પીઠામાં તમે આ વાત કોઈ આગળ બકી ન જાવ એમ મારે કેવી રીતે માની લેવું? વળી મ્હારો લેખિત હુકમ લઇ રાજા સ્હામે હું કાવતરૂં રચું છું એમ કહેવા તમે સીધા રાજા પાસે નહિ ચાલ્યા જાવ એમ કેમ માની શકાય? કારણ કે તમે પોતે કબૂલ કરો છો કે પૈસાને માટેજ તમે મ્હારા સહાયક બનો છો અને જો મ્હારો કાગળ તમે રાજાને બતાવો તો જરૂર તમે તેની પાસેથી ઘણા પૈસા મેળવી શકો—"

"અફસોસ! નામદાર આપ મ્હને હજુ બરાબર પીછાનતા નથી. તમારા પ્રશ્નોનો જવાબ મ્હારી પાસે તૈયાર છે—" કર્નલ રમ્ઝે જવાબ આપતો બોલ્યો.

"જ્યારે મ્હારા જેવો એક માણસ એક સારો ખિતાબ અને વર્ષાસન મેળવવાની ઇચ્છા રાખતો હોય ત્યારે જો તે સાવચેતીથી ડહાપણપૂર્વક કામ ન લે તો તે પહેલા નંબરનો ગધેડો હોવો જોઇએ. વળી જો હું કંઈ અવિચારી સાહસ ખેડી બેસું તો તરતજ મ્હારા માથાનો ફાંસીના લાકડાપર ભોગ આપવામાં આવે એ એવો ભય છે કે જે લાકડાની સ્મૃતિજ મને કમ્પાવે છે. રાજા પાસે જઇ આપનો હું વિશ્વાસઘાત ન કરૂં તે માટે ધારો કે હું આપ નામદારને એક ગુપ્ત બીનાથી પરિચિત કરી જાણી જોઇ હું આપની દયાપર મ્હારી જિંદગી છોડી દઉં તો?—"

"કેવી રીતે?—"

"આજથી બે મહિના પૂર્વે આપ નામદારને અને મહારાજાને કેદ કરવા માટે એક સુન્દર કાવત્રું રચાયું હતું તેની સવિસ્તર હકિક્ત આપને કહી દઈ હું આપના પંઝામાં જાણી જોઇ સપડાઉં તો?—"

"શું એ ખરી વાત છે?..." અચાનક જાણે સીટી ફોડવા

માગલો હોય તેમ ડ્યુક બોલી ઉઠયો. પછી પોતે ભય પામ્યો તે માટે શરમાઈ તે શાન્તિથી બોલ્યો:

"તમે જે કાવત્રાંની વાત કરો છો તેની સમ્પૂર્ણ હકિકત મ્હને કહો અને તે સાંભળ્યા પછી તમે મ્હારી સાથે સરલ હૃદયે જ વાત કરો છો એમ હું માનીશ—"

"ઓહ ! એક પલમાં હું આપને બધી વાત કહી દઉં." કર્નલ રમ્સે ડ્યુક તેની સહાય સ્વીકારવા તૈયાર છે એમ લાગવાથી તેને કાવત્રાંની હકિકત કહેવામાં કંઈ ભય નથી એમ માની બોલ્યો.

"આપ નામદારને યાદ હશે કે મહારાજા ચાર્લ્સ સાથે આપ બે મહિના પૂર્વે સરતમાં ગયા હતા ?—"

"હા."

"અને જનરલ ઑલિફન્ટ લંડન પાછા ફરતી વખતે રાજવંશી ગાડીમાં બેઠા હતા—" રમ્સે બોલ્યો.

"જનરલ ઑલિફન્ટ ! શું તે પોતે રાજદ્રોહી પ્રપંચમાં સંડોવાયલો હતો ?—"

"નહિ. નહિ. નામદાર ! ઉલટું તેની હાજરીથી તો આખો પ્રપંચ ધૂળમાં મળી ગયો હતો, સ્હમજ્યા નામદાર ?—"

"નહિ. બરાબર નથી સ્હમજ્યો."

"ત્યારે સાંભળો. લંડન પાછા ફરતી વખતે રાજવંશી ગાડી "રાઇહાઉસ" આગળથી પસાર થઇ હતી—"

"હા—પેલા ભયંકર સ્વાતંત્ર્યવાદી રમ્બોલ્ડના ઘર આગળથી. વારૂ તેથી શું ?—"

"રસ્તામાં આપ નામદારે તે વખતે મ્હોટું માલગાડું જોયું હતું ? તે ખટારો ઘર જેવડો મ્હોટો હતો અને તેને ચાર અશ્વો જોડેલા હતા—"

"હા. તમે વાત કરો છો ત્યારે મને યાદ આવે છે. રાજવંશી ગાડી જોઇ ખટારાવાળાએ માનપૂર્વક તે સાંકડા રસ્તાપરથી પોતાનો ખટારો ખસેડી એક જગ્યાએ બાજુમાં ઉભો રાખ્યો હતો."

"માનપૂર્વક !—" વ્યંગથી હસીને રમ્સે બોલ્યો.

"નહિ નામદાર ! એમ ન્હોતું—"

" ત્યારે ! જલદી ખુલાસો કરો—"

તે પછી કર્નલ રમ્સેએ રાઇહાઉસના રાજદ્રોહી પ્રપંચની સવિસ્તર બીના ડયુક ઑફ યોર્કને કહી દીધી. ડયુક તે સાંભળી આશ્ચર્ય પામ્યો અને તે તથા તેનો ભાઇ ભયંકર કાવત્રાંનો ભોગ થતા બચી ગયા તે માટે મનમાં ખુશી થયો. રમ્સેએ કાવત્રાંમાં પરોક્ષ અથવા અપરોક્ષ રીતે સંડોવાયલા બધા માણસોના નામ ડયુક આગળ જાહેર કર્યાં. લૉર્ડ વિલિયમ રસેલ અને બીજા ઉમરાવોનાં નામો પણ તેણે ડયુકને કહી દીધા. છેવટે તે બોલ્યો.

" ને નામદાર ! આ ભયંકર બાબત દારૂની ઝૂમમાં મ્હેં કોઇ પીઠામાં ઓકી નાખી ન્હોતી તેમ હું તે રાજાને વેચવા પણ ગયો ન્હોતો—"

ડયુક ઑફ યોર્કે થોડીક મિનિટ સુધી ગમ્ભીર વિચાર કર્યો. તેટલા સમયમાં તેણે કર્નલ રમ્સેના હાથમાં લેખિત સત્તા આપવાના જોખમ તથા તેથી થનારા લાભોની ગણત્રી કરી. દીર્ઘ વિચાર કરી તે બોલ્યો.

" હું તમારી યોજના પસંદ કરૂં છું અને તમને લેખિત હુકમ આપવા તૈયાર છું. સદ્દભાગ્યે રાજ્યચિન્હવાળો એક કોરો કાગળ જે એક બીજા કામ માટે હું વાપરવાનો હતો તે મારી પાસે હમણાં છે. હું હમણાં તમને તે પર યોગ્ય કરાર લખી આપું છું. ચાલો, કોઇ નજીકના ઘરમાં ચાલો કે જ્યાં આપણે ખડિયો કલમ મેળવી શકીએ; અથવા તમે અહિં ઉભા રહો. હું હમણાં પાછો આવું છું—"

" હું અહિં જ ઉભો છું, યુવરાજ !—" કર્નલ બોલ્યો. ડયુક ત્વરિત વેગે ત્યાંથી ચાલી ગયો અને કર્નલ વૃક્ષની ઘટા નીચે ઘાસ પર બેસી ગયો.

લગભગ પાએક કલાકમાં ડયુક પાછો ફર્યો. તેણે લેખિત કરારનામું રમ્સેના હાથમાં મૂક્યું. તેમાં તેણે પોતાની તરફથી સૈનિકો રોકવાની કર્નલને સત્તા આપી હતી અને જે સૈનિકો તેની સેવા બજાવશે તેમને વિજય મળ્યા પછી ઉદાર બક્ષીસો આપવાનું વચન આપ્યું હતું. વળી કર્નલ રમ્સેએ જે બદલો માગ્યો હતો તે આપવાનો પણ એ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

દસ્તાવેજ સાથે જ પ્રારંભિક કાર્યો માટે ખર્ચ કરવા ડયુકે કર્નલ

રમ્ઝેને પૈસાની એક થેલી આપી અને ભવિષ્યમાં કેવી રીતે પત્રવ્યવહાર કરવો તથા કર્નલ રમ્ઝેને જોઇતા બીજા પૈસા લેવા તેણે ક્યાં આવવું તે નક્કી કરી બન્ને જણ જૂદા પડયા.

એક વિશ્વાસઘાતક બદમાસ અને બીજો ઇંગ્લંડના મુકુટધરનો ભાઇ આમ પરસ્પર સહાયક બન્યા!

પ્રકરણ ૩૪ મું.

જોસીઆહ કીલીંગ.

અમે જે સમયની નવલકથા લખીએ છીએ તે સમયે હોમ ડીપાર્ટમેન્ટનો સેક્રેટરી સર લીઓલાઇન જેન્કીન્સ હતો. તેની બુદ્ધિ તીવ્ર ન્હોતી. તે ચાર્લ્સ બીજાનો વફાદાર પક્ષકાર હતો. સ્વભાવે ઘણો જ વહેમી હોવાથી હમ્મેશાં તે રાજ્યવિરૂદ્ધ પ્રપંચો અને વિદ્રોહના જ સ્વપ્નાં જોયા કરતો. આ અમલદારની રૂબરૂમાં હમણાં જોસીઆહ કીલીંગ ઉભો હતો અને વાંચનારને યાદ હશે કે કીલીંગ રાઇહાઉસના વિદ્રોહીઓમાંનો એક હતો. અમે અગાઉ લખી ગયા છીએ કે જોસીઆહ કીલીંગ એક અગરીઓ હતો. પ્રથમ તે વ્હીગપક્ષનો હતો અને પાછળથી સ્વરાજ્યવાદીઓના પંથમાં ભળવાથી તેના રાજ્યદ્વારી વિચારોમાં તે એક પગલું ઉંચે ચ્હડયો છે એમ બહુમતવાદીઓમાં મનાયું હતું. ખરૂં જોતાં આ માણસના જીવનમાં સ્વાર્થ સિવાય બીજો કોઇ સિદ્ધાંત હતો જ નહિ. તેનું ધ્યેય ગમે તેમ કરી સ્વાર્થ સાધવાનું જ હતું. પણ તેના બાહ્ય આડમ્બર પરથી જાણે તે જ્વલંત દેશાભિમાની જ હોયની એવું તેના સાથીઓએ માન્યું હતું અને તેથી તેની સ્વાર્થાંધતા અદ્દશ્ય રહી શકી હતી. આ વિશ્વાસઘાતી પુરૂષ હમણાં સર લીઓલાઇન જેન્કીન્સને બે ત્રણ મહિના પૂર્વે રાઇહાઉસમાં રાજા વિરૂદ્ધ જે પ્રપંચ રચાયો હતો અને જેમાં વિદ્રોહીઓને નિષ્ફલતા મળી હતી તેની સઘળી બીના કહી દેવા આવ્યો હતો.

જોસીઆહ કીલીંગે પોતાના દેશાભિમાની મિત્રોનો કેમ વિશ્વાસઘાત કર્યો તે વિષે સર્વાંશ સત્ય હકિકત અમે જાણતા નથી; તે પોતાના મિત્રોને ધિક્કારતો ન્હોતો. તેમજ રાજ્યપક્ષ તરફથી કંઇ બદલાની પણ તેણે આશા રાખી ન્હોતી. છતાં તેણે તાજ તરફના

સાક્ષી બની રાઇહાઉસના રાજદ્રોહી પ્રપંચની સઘળી બીના સર લીઓ-લાઇન જેન્કીન્સને કહી દીધી હતી એ ઐતિહાસિક સત્ય છે. ત્યારે શામાટે ફીલીંગે નાહક વિદ્રોહીઓનો વિશ્વાસઘાત કર્યો ? ફીલીંગનો સ્વભાવ બ્હીકણુ, વહેમી અને ડરપોક હતો. રાજ્યવિરૂદ્ધનો પ્રપંચ નિષ્ફલ જવાથી તેની સ્વાર્થપ્રિય વૃત્તિને કંઈ લાભ થવાનો નથી એમ લાગ્યું અને તે પછી જો એ વિદ્રોહની બીના રાજ્યના ગુપ્તચરો દ્વારા અથવા અન્ય માર્ગે સરકારપક્ષની જાણમાં આવી જશે તો પોતાને ફાંસીના લાકડાને આલિંગન કરવાનો અમંગલ પ્રસંગ આવશે એવો ભય તેના હૃદયમાં ઉત્પન્ન થયો. આ ભયનો જન્મ થવા પછી તેની માનસિક અશાન્તિ ભયંકર રીતે વધી ગઈ. પલે પલે તે ગભરાવા લાગ્યો. ડગલે ડગલે તેને સિપાઇઓના દર્શન થવા લાગ્યા. નિદ્રામાં તે ફાંસીના માચડાપર પોતાનું મસ્તક લટકતું જોઇ થરથરવા લાગ્યો. આવી માનસિક યાતના ક્રમશઃ અસહ્ય થઈ પડી અને તેણે સર જેન્કીન્સ આગળ સઘળી બીનાનો સ્વીકાર કરી પોતાનું ભારી હૃદય હલકું કરવાનો નિશ્ચય કર્યો. અમારી કલ્પનાશક્તિને આધારે ફીલીંગની વિશ્વાસઘાતકતા માટે આ સિવાય અન્ય પ્રમાણુ અમે આપી શકતા નથી. તેનો સત્ય હેતુ ગમે તે હો છતાં એ તો ઐતિહાસિક સત્ય છે કે તેણે જ સર જેન્કીન્સ આગળ રાઇહાઉસના ગુપ્ત ષડ્યંત્રનો સઘળો ભેદ ફોડી દીધો હતો. સર જેન્કીન્સ પોતાના વહેમી અને બ્હીકણુ સ્વભાવને લીધે ફીલીંગે જે વાત કરી તે અક્ષરશઃ સત્ય માની બેઠો અને પોતાના મહારાજાને પરમાત્માએ આવી ભયંકર આફતમાંથી બચાવી લીધા તે માટે તે ઇશ્વરનો મનમાં ને મનમાં આભાર માનવા લાગ્યો. તે પછી તેણે ફીલીંગને સઘળા વિદ્રોહીઓનાં નામની એક ટીપ બનાવવાની આજ્ઞા કરી તથા તે સાથે પ્રપંચવાળી જગ્યાપરના મકાનોનો પ્લાન પણ ચીતરી આપવાનું કહ્યું કે જેથી મહારાજા પાસે જ્યારે તે આ ભયંકર વિદ્રોહનો રિપોર્ટ રજુ કરે ત્યારે તત્સંબંધી સવિસ્તર હકિકત રજુ કરી શકે.

જોસીઆહ ફીલીંગની સ્મરણશક્તિ તદ્દન મંદ ન્હોતી એટલે તેણે ઘેર આવી એકએક વિદ્રોહીના નામની ટીપ ચીતરી કાઢી તથા મકાનોનો પ્લાન પણ એક કાગળપર દોરીને તૈયાર કર્યો. ડ્યુક આફ યોર્ક અને કર્નલ રમ્જે સેંટ માર્ટીન્સ ફીલ્ડઝમાં મળ્યા અને કર્નલે ડ્યુકને ગાદી અપાવવા માટે નવું કાવત્રુ રચવાનું સાહું કર્યું તે પછીના બીજા દિવસે આ બનાવ બન્યો.

બીજે દિવસે બપોરે ફીલીંગ હોમ સેક્રેટરીની ઑફિસમાં પાછો ગયો અને તેણે પુનઃ દીર્ઘ સમય સુધી તે અમલદાર સાથે વાત કરી. આજની વાતચીતમાં તેણે ગઈ કાલે કહેલી સઘળી વાતો પુનઃ કહી સંભળાવી અને અંતે બદલામાં પોતાની જીંદગીની સલામતી માટે યાચના કરી. સર લીઓલાઇને તરતજ તેને અભય વચન આપ્યું અને જ્યાંસુધી એ બાબતમાં મહારાજાનો હૂકમ બહાર નહિ પડે ત્યાંસુધી તદ્દન મૌન ધારણ કરવાની તેને આજ્ઞા કરી. સર લીઓલાઇને ફીલીંગને બે ત્રણ બીજા વિદ્રોહીઓને તેના પક્ષમાં લઇ, તાજના સાક્ષી બનાવવાની સૂચના કરી; પણ તેજ વેળા તેમને બધી વાત સ્પષ્ટ ન કહી દેવાની સંભાળ રાખવાનું પણ તેણે તેને જણાવી દીધું.

કર્નલ રમ્ઝે જ્યારે જોસીઆહ ફીલીંગ હોમ ઑફિસમાં દાખલ થયો ત્યારે વ્હાઇટ હૉલ રાજમહેલ આગળથી પસાર થતો હતો. ફીલીંગ વિશ્વાસઘાત કરવા જતો હતો એવી શંકા એકદમ રમ્ઝેના મગજમાં ઉત્પન્ન થઇ ગઇ; તેથી જ્યાં સુધી પેલો અગરીઓ ઑફિસમાંથી બહાર નીકળ્યો ત્યાં સુધી તે રાજમહેલની બાજુમાં આમ તેમ ફરતો રહ્યો. બે કલાક પસાર થવા છતાં ફીલીંગ બહાર ન નીકળવાથી રમ્ઝેની શંકા વધુ પ્રબલ થઇ. વળી તે પોતે વિશ્વાસઘાતક હતો. એટલે તેની દૃષ્ટિ બધાને પોતાના જેવાજ જોતી હોવાથી ફીલીંગ વિદ્રોહીઓનો વિશ્વાસઘાત કરવા જ હોમ સેક્રેટરીની ઑફિસમાં ગયો હતો એવી તેની ખાત્રી થઇ ગઇ. કર્નલ રમ્ઝેની ચિન્તા વધી પડી. અન્તે ફીલીંગ ઑફિસમાંથી બહાર નીકળ્યો. તરત જ કર્નલ રમ્ઝે તેની નજીક જઇ ઉભો રહ્યો. કર્નલને જોઈ પ્રથમ તો ફીલીંગ ઝંખવાણો પડી ગયો અને તેની ન્હાની ચળકતી આંખો અશાન્તિથી ચમકવા લાગી. પણ બે ત્રણ પલમાં પોતાના હૃદયપર પુનઃ કાબુ લાવી તેણે કર્નલના નમનનો પ્રતિનમનથી સ્વીકાર કર્યો અને શાન્તિથી તથા બેદરકારીથી જાણે કંઈ જ ન હોય તેમ વાત કરવા લાગ્યો.

" સાહેબજી ! મ્હારા મિત્ર ! મને લાગે છે કે તમને હોમ સેક્રેટરી સાથે અગત્યનું કામ હોવું જોઇએ. લગભગ બે કલાકથી તમે સરકારી ઑફિસમાં ગયા હતા. આહ ! ફીલીંગ ! મ્હારા મિત્ર ! શું કંઈ નવાજુની છે ? કંઈ ફરબર છે ? જો એમ હોય તો ત્હમારા

આ જૂના અને વફાદાર મિત્રને વખતસરની ચેતવણી આપવાની કૃપા કરશો, મ્હારા મિત્ર !—"

જોસીઆહ કીલીંગે કર્નલ રમ્ઝેના પ્રશ્નોના સરલ અને સીધા પ્રત્યુત્તર આપવાને બદલે મનુષ્યોના સ્વભાવમાં પ્રસંગવશાત્ થતા પરિવર્તન સંબંધી અર્થહીન લવારો કરવા માંડયો. સ્વરાજ્યવાદીઓની કોઇપણ હીલચાલમાં તેમને વિજય મળવાના સમ્ભવ નથી તથા છેલ્લું રાજ્યદ્વારી કાવત્રું કદાચ રાજ્યના ગુપ્તચરો શોધી કહાડે એ શક્ય છે એવી વાત પણ તેણે કરી નાખી અને તે સાથે દરેક બુદ્ધિવાન માણસે પોતાની જાતની સલામતી માટે પ્રથમ દરકાર રાખવાની જરૂર છે એમ કહી કર્નલની મૂલ વાત ઉડાવવાનો પ્રયાસ કર્યો. રમ્ઝે એ તેના પેટમાંથી વિશેષ વાત ઓકાવવાનો પ્રયત્ન કર્યો પણ કીલીંગ સાવધતાથી કામ લેતો હતો. તેણે ભયંકર તર્કો અને ભેદી કલ્પનાઓની વાતો કરવા માંડી છતાં રમ્ઝે એટલું તો સ્હમજી શક્યો કે તેની શંકામાં સત્યનો ઘણો અંશ છે. કીલીંગની ગાડીમાં બેસી જવામાં જ હમણાં તેને સાર જણાયો એટલે આત્મરક્ષા માટે પ્રત્યેક વ્યક્તિએ ચિન્તા રાખવાની પ્રથમ આવશ્યક્તા છે એ કીલીંગના સુવર્ણજડિત શબ્દોનો સ્વીકાર કરી કર્નલે કીલીંગને " મોટા ભાઈ " બનાવ્યો ! કીલીંગે મનમાં ધારી લીધું કે જ્યારે સર લીઓલાઇન જેન્કીન્સ તેને આજ્ઞા કરશે ત્યારે તાજ તરફના સાક્ષી તરિકે કર્નલ રમ્ઝે સહેલાઇથી ઉભો રહી શકશે, આવો વિચાર કરી તેણે કર્નલને કહ્યું.

" મ્હારા ભલા મિત્ર ! હવે મ્હારે તમારી વિદાય લેવી પડશે. કારણકે મારે ઘણું અગત્યનું કામ છે. પણ જો તમે બે ત્રણ દિવસમાં મને મળી જશો તો હું તમને કેટલીક અગત્યની વાતથી પરિચિત કરવા માગું છું. "

આટલું કહી જોસીઆહ કીલીંગે પોતાના ઓષ્ઠપર આંગળી મૂકી તેમની વચ્ચે જે વાતચીત થઇ તે તદ્દન ગુપ્ત રાખવાની કર્નલ રમ્ઝેને સૂચના કરી અને વિશ્વાસઘાતકતા તથા સ્વાર્થાંધતાના મૂર્તિમંત સ્વરૂપ જેવા કર્નલ રમ્ઝેએ એ સૂચનાનો ભાવાર્થ પોતે સ્હમજી ગયો છે એવું કીલીંગ તરફ એક અર્થપૂર્ણ દૃષ્ટિ ફેંકી જણાવ્યું.

જોસીઆહ કીલીંગ સાથેની બીજી મુલાકાત પછી સર લીઓલાઇન જેન્કીન્સ રાજમહેલમાં ગયો અને તેને તે અમરીઆએ જે

જે ભયંકર ખબર આપી હતી તેથી ઈંગ્લંડના વિધાતા ચાર્લ્સે બીજાને પરિચિત કર્યો. પોતાના મ્હોં આગળ જાણે તોપનો ધડાકો થયો હોય તેમ ચાર્લ્સ આ ભયંકર રાજદ્રોહી ષડયંત્રની બીના સાંભળી ચમક્યો અને પોતે એ કાવત્રામાંથી બચી જવા પામ્યો તે માટે મનમાં ને મનમાં ઇશ્વરનો આભાર માનવા લાગ્યો. આતુરતા, ભય અને ક્રોધની લાગણીઓથી ઉછાળા મારતા હૃદયે તેણે ષડયંત્રકારોની ટીપપર નજર ફેરવી. તે લૉરેન્સ લીનું નામ તેમાં હશે એમ ધારતો હતો કારણ કે જ્યારે રાઇહાઉસનો પ્રપંચ અસ્તિત્વમાં આવ્યો ત્યારે લૉરેન્સ પોતે રાજા ચાર્લ્સનો પુત્ર છે એ વાત જાણતો ન હતો; પણ જ્યારે લૉરેન્સનું નામ તે ટીપમાં ચાર્લ્સે ન જોયું ત્યારે તેને શાન્તિ વળી. જનરલ ઑલિફન્ટ વિષે ફીલીંગે હોમ સેક્રેટરી સર લીઓલાઇનને કહ્યું હતું કે નામદાર ગવર્નર જનરલની અણધારી હાજરીને લીધેજ કાવત્રાંખોરો પોતાની યુક્તિ અમલમાં મૂકી શકયા ન્હોતા એટલે તે પરથી જનરલને ષડયંત્ર સાથે કંઈ સંબંધ ન્હોતો એવી ચાર્લ્સની ખાત્રી થઈ ગઈ. બે ત્રણ દિવસ સુધી આ બાબતમાં કંઇ પણ પગલું ન ભરવાનો તેણે સર જેન્કીન્સને હૂકમ કર્યો અને રાજાજ્ઞાને શીર સાવંઘ કરી હોમ સેક્રેટરી સાહેબ રાજમહેલ તજી ગયા પછી રાજાએ પોતાના પુત્ર સર લૉરેન્સ લીને ત્યાં એક વિશ્વાસપાત્ર દૂત મોકલી જેમબને તેમ જલદી પોતાને મળી જવાની આજ્ઞા કરી.

જ્યારે રાજદૂત લીન્કન્સ ઇન ફીલ્ડઝમાં આવ્યો ત્યારે લૉરેન્સ લી મૅન્શનમાં હોવાથી લેશ માત્ર વિલંબ ન કરતાં તે પોતાના પિતાની આજ્ઞાનુસાર તેને મળવા રાજમહેલમાં જવા તૈયાર થયો. મહેલમાં પહોંચતાં જ તરત તેને બાદશાહી દિવાનખાનામાં લઇ જવામાં આવ્યો. રાજા પોતાના દિવાનખાનામાં જ્યારે લૉરેન્સ આવ્યો ત્યારે આવેશભરી લાગણીને લીધે અશાન્ત થઇ આમથી તેમ આંટા મારતો હતો. છતાં જ્યારે તેણે લૉરેન્સને જોયો ત્યારે તેણે તેને પોતાના પુત્ર તરિકે સ્વીકાર્યા પછી તે તેના તરફ જેવું વ્હાલ બતાવતો હતો તેવા જ વ્હાલથી તેનું સ્વાગત કર્યું. પરસ્પર સુખસમાચાર પૂછાઇ રહ્યા પછી ચાર્લ્સ સ્થિર આંખોએ પોતાના પુત્ર તરફ જોઇ બોલ્યો.

“ રાઇ હાઉસમાં મ્હારી તથા ડ્યુક ઑફ યૉર્કની વિરૂદ્ધ જે નીચ અને ભયંકર કાવત્રું રચાયું હતું તેની તને ખબર છે ?—”

"અફસોસ! પિતાજી! મને એ બાબતની ખબર છે. મ્હારી માતા, તમે જાણો છો કે હમણાં મ્હારી સાથે રહે છે અને તેણે રૂથ-પર વિશ્વાસ રાખી એ વાત તેને જણાવી હતી.—"

"ત્યારે શા માટે તેં મને એ વાત ન કહી?—" રાજાએ સખ્તાઇથી પૂછ્યું.

"મ્હારી પત્નિના વ્હાલા પિતાનું જીવન જેથી ભયમાં આવી પડે એવી બીના હું તમને કહેવા આવું એવો પ્રશ્ન તમે મને પૂછી શકો છો, નામદાર? આપ નામદાર એ ભયમાંથી સલામત બચી ગયા હતા અને કર્નલ રમ્બોલ્ડ ભવિષ્યમાં કદિ પણ એવા કાર્યમાં માથું મારવાના નથી એટલું જાણ્યા પછી મૌન રહેવામાં જ મને સાર જણાયો હતો. મ્હારા શ્વસુર કર્નલ રમ્બોલ્ડ તમે તેની ભગિનિને તથા મને જે ન્યાય આપ્યો છે તેથી સંતોષ પામ્યા છે અને તેમણે જનરલ ઑલિફન્ટ અમેરિકા જવા માટે વિદાય થયા ત્યારે આપ ના-મદાર ગાદીપર છો ત્યાંસૂધી કોઇપણ ક્રાન્તિકારક પ્રયાસમાં ભાગ નહિ લેવાના ગમ્ભીર સોગન ખાધા હતા. આ બધી વાત તેણે પોતાની મરજીથી મ્હારી માતાને કહી દીધી હતી અને તે પછી મ્હારી મા-તાએ પણ એ કાવત્રું કેવી રીતે ધૂળમાં મેળવ્યું હતું તે બીના પોતાના ભાઈને ચરણે પડી કબૂલ કરી હતી—"

"ત્હારી માતાએ એ કાવત્રું ધૂળમાં મેળવ્યું?—કેવી રીતે?" ભારે અજાયબીની લાગણીથી પોતાના પુત્ર તરફ જોઈ ચાર્લ્સ બોલ્યો: કારણ કે એ કાવત્રં કેવી રીતે ધૂળમાં મળ્યું તેની સત્ય હકિકત સર લીઓલાઇનને જોસીઆહ કીલીંગ પણ આપી શકયો ન્હોતો.

લૉરેન્સ લીએ હેન્રીએટ્ટા રમ્બોલ્ડ કેવી રીતે રાઇ હાઉસના પ્રપંચથી પરિચિત થઇ હતી તથા તેણે એ કાવત્રું નિષ્ફલ કરવા માટે જનરલ આલિફન્ટની કેવી રીતે સહાય મેળવી હતી તે વાત ચાર્લ્સને કહી સંભળાવી.

"શાહબાશ! આલિફન્ટ અને ત્હારી માતાએ આ વિષયમાં મ્હારી ઉમદા સેવા બજાવી છે. હું તેમનો ઉપકાર શી રીતે વાળું?"

"જનરલના મિત્ર તથા મ્હારી માતાના ભાઇનું જીવન બચા-વીને—" પોતાના રાજવંશી પિતાને ચરણે પડી અરજ કરતો લૉરેન્સ બોલ્યો.

"પિતાજી ! હું કર્નલ રમ્બોલ્ડના જીવનની તમારી પાસે ભિક્ષા માગું છું:—"

"હત્તારૂં ભલું થાય ! લૉરેન્સ ! તું મ્હારાપર અજબ જેવી અસર કરે છે. ઉભો થા. લૉરેન્સ ! ઉભો થા ! તું જેમ કહે છે તેમ થશે..."

લૉરેન્સે પોતાના પિતાના હસ્તપર ચુમ્બન કર્યું. તે પછી રાજા આગળ બોલ્યોઃ—

"પણ લૉરેન્સ ! એ ભયંકર રાજદ્રોહી કાવત્રાંમાં બીજા જે જે બદમાસો સંડોવાયલા છે તેમને હું જવા દઉં એ અશક્ય છે. આ ટેબલપર કાવત્રાંખોરોની એક ટીપ છે અને રમ્બોલ્ડનું નામ પણ તેમાં છે. હવે તેણે ઈંગ્લંડમાં રહેવું જોઇએ નહિ અને જો તે અહિં જ રહેશે તો તેના સહાયકોની પેઠે તેને પણ એક રાજદ્રોહી તરિકે સજા થશે. વિદ્રોહીઓના પર કામ ચલાવવા માટે એક ઢંઢેરો બહાર પાડવામાં આવશે અને રમ્બોલ્ડનું નામ પણ તેમાં દાખલ કરવામાં આવશે પણ પરમ દિવસ સુધી એ ઢંઢેરો બહાર પાડવાનો નથી. એટલા વખતમાં કર્નલ રમ્બોલ્ડને પરદેશ ન્હસાડી મૂક ! તું જોઇ શકશે, લૉરેન્સ ! કે આ સિવાય મ્હારાથી ત્હારા શ્વસુર માટે બીજું કંઇ પણ થઇ શકે એમ નથી. હવે વિશેષ હઠ કરતો નહિ. એટલાથી જ સંતુષ્ટ થા. હું ત્હારા શ્વસુરની જીંદગી બચાવું છું. જેમ બને તેમ જલદી તેને ઈંગ્લંડની હદમાંથી ન્હસાડી મૂક !—"

પુનઃ લૉરેન્સે પોતાના પિતાનો હસ્ત ચૂમી પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી અને દુઃખ તથા આનન્દની મિશ્રિત લાગણીઓ સાથ રાજમહેલમાંથી પોતાના પિતાની રજા લઈ બહાર નીકળ્યો. તેની વ્હાલી પત્નિનો પ્રિય પિતા—તેની માતાનો સગો ભાઈ—ફાંસીને લાકડે જતો બચી ગયો તે માટે તેને આનન્દ થતો હતો જ્યારે તેને અચાનક સ્વદેશ છોડી જવું પડશે એ બીનાથી તેને દુઃખ થતું હતું. પોતાના બંગલામાં આવ્યા પછી તેણે ધીમે ધીમે પોતાની પત્નિ તથા માતાને રાજમહેલમાં થયલી વાતચીતનો સાર કહી સંભળાવ્યો અને હેન્રીએટા તથા રૂથ, ઉભયને તે સાંભળી લૉરેન્સને જેવી મિશ્રિત લાગણી થઈ હતી તેવી જ લાગણી થઈ. ત્યારપછી એક પલ પણ ગુમાવ્યા વિના એક અનુચર સાથે ઘોડેસ્વાર થઇ તે રાઇહાઉસમાં જવા નીકળ્યો. તેણે કર્નલને પોતાના અચાનક આગમનનો હેતુ જણાવ્યો અને

રમ્બોલ્ડે પોતાની શાન્ત પ્રકૃતિ અનુસાર લૉરેન્સ જે ખબર લાવ્યો હતો તે ગુપચુપ સાંભળી. ત્યાર પછી તે બોલ્યો:

"જો હું આ જગતમાં એકલોજ હોત તો તો ચાર્લ્સ સ્ટુઅર્ટ તરફથી એક રાજકર્તા અથવા મનુષ્ય તરિકે કોઇ પણ ઉપકારનો હું સ્વીકાર કરત નહિ. પણ મ્હારી પત્નિ તથા વ્હાલી પુત્રી માટે, મ્હારી દુઃખી ભગિનિને માટે, તથા તમારે માટે મ્હારા વીર જામાત્ર! હું મ્હારા જીવનને બચાવવાના સાધનનો ઉપયોગ કરીશ. આજે સ્હાંજે હું મ્હારી પત્નિ સાથે મ્હારાં પ્રિયજનો સાથે થોડોક સમય ગાળવા તમારી સાથે લંડન આવીશ અને આવતી કાલે થેમ્સના બારામાંથી કોઇ વહાણમાં બેસી અમે કોઇ વિદેશી બંદર તરફ ઉપડી જઇશું: પણ લૉરેન્સ! એક વાત કહું? જેઓ મ્હારા સાથી હતા તેમના માથા પર જે ભયંકર ભય ઝઝુમી રહ્યો છે તેથી તેમને હું પરિચિત નહિ કરી શકું?—"

"મહારાજાએ એ સંબંધી મ્હારા તથા તમારા પર વિશ્વાસ રાખી મને કંઇ પણ આજ્ઞા કરી નથી. હવે વર્તમાન સંયોગોમાં આપણે અકૃતજ્ઞ તથા વિશ્વાસઘાતી કહેવાઇએ એવું કાર્ય કરવાનું તમે યોગ્ય ધારો છો?" લૉરેન્સે પ્રત્યુત્તર આપ્યો.

"ખરી વાત છે! અફસોસ! અફસોસ!—" શોક પૂર્ણ સ્વરે કર્નલ રમ્બોલ્ડ બોલ્યો: "પણ લૉરેન્સ! હું મ્હારી જીંદગી બચાવું અને મ્હારા સાથીઓને તેમના ભાવી પર છોડી ચાલ્યો જાઉં તે જોઇ મને ઘણું લાગી આવે છે."

"અંતઃકરણ તમને મહારાજાનો વિશ્વાસઘાત કરવાની મના કરે છે. વળી તમે તમારા સાથીઓને ચેતાવવાને માટે વધુ વખત અત્રે રોકાશો તો તેથી તેઓ બચી શકવાના નથી પણ ઉલટું તમે અને તમારાં પ્રિયજનો એવા ભયંકર દુઃખના ભોગ થઇ પડશો કે જે-માંથી કદિપણ મુક્ત થઇ શકાશે નહિ—" લૉરેન્સ લીએ કહ્યું.

કર્નલ રમ્બોલ્ડને જે ભયંકર સંયોગમાંથી તે પસાર થતો હતો તેને શરણ થવાની ફરજ પાડી. લૉરેન્સની દલીલ પણ તે તોડી શક્યો નહિ. અઢળક લક્ષ્મી માટે પણ વિશ્વાસઘાત કરી તે પોતાના ચારિત્ર્યને કલંકિત કરવા માગતો ન્હોતો.

બીજે દિવસે તે અને તેની પત્નિ એક વહાણમાં બેસી હોલેંડ ચાલ્યાં ગયાં!

* * * *

હવે અમે કર્નલ રમ્ઝેની મુલાકાત લેવા માગીએ છીએ. જોસીઆહ ફીલીંગ સાથે વાતચીત થયા પછી તરતજ તેણે ડયુક ઑાફ યોર્કને એક ગુપ્ત સંદેશો મોકલી પોતાને તુરતાતુરત મળી જવાની વિનંતી કરી અને તે વિનંતી અનુસાર ડયુક ઑાફ યોર્ક તેને સેંટ માર્ટીન્સ ફીલ્ડઝમાં જે ગીચ ઝાડીમાં તેઓને આપણે આગલા પ્રકરણમાં જોયા હતા તેમાંજ તે સ્હાંજે મળવા આવ્યો હતો. રમ્ઝેએ મહારાજાના ભાઇને જોસીઆહ ફીલીંગ માટે તેને જે શંકાઓ થઈ હતી અને જેને ફીલીંગની વાતચીત પરથી ન્યુનાધિક અંશે ટેકો મળ્યો હતો તે સર્વ બીનાથી પરિચિત કર્યો.

"જો ફીલીંગે રાઇહાઉસ ષડ્યંત્રની બીના ખરેખર, હોમ સેક્રેટરીને કહી દીધી હોય તો પણ સર લીઓલાઇને હજી સુધી એ વાત મહારાજાને કરી હોય એમ મને લાગતું નથી; કારણ કે મ્હારો ભાઈ મને એ વાત કર્યા વગર રહેજ નહિ—"

"અફસોસ ! નામદાર ! આપ કંઈ સ્હમજતા નથી, મ્હારા સાહેબ ! નામદાર ! બાબત ઘણી ભયંકર અને ગમ્ભીર છે. જો બીજા બધાઓ સાથે મને પણ પકડવામાં આવશે તો બસ ઇતિ શિવમ ! પછી જે જે સુન્દર પ્લાનો મ્હેં તમારે માટે ઘડી રાખ્યા છે તે બધા અપૂર્ણજ રહી જશે, સ્હમજ્યા મ્હારા નામદાર ?—"

"તો કંઈ ફિકર નહિ. જેમ થવાનું હોય તેમ થવા દો—" ડયુક ઑાફ યોર્કે જવાબ આપ્યો. હવે ડયુક રમ્ઝેથી ગભરાયો હતો કારણકે કદાચ તે તેમની વચ્ચે થયલા કરારની બીના ચાર્લ્સને કહી દે અને પુરાવા તરિકે ડયુકના હાથનો લેખિત દસ્તાવેજ રજુ કરે તો તેની સ્થિતિ વિચિત્ર અને દયાજનક થઇ પડે એવો ભય તેના હૃદયમાં જનમ્યો હતો.

"અફસોસ ! સદ્ હજાર અફસોસ ! યુવરાજ ! આમ વાત કરવામાં આપને તો કંઇ મુસ્કેલી પડતી નથી; પણ જો આપ કહો છો તેમ જેમ થવાનું હોય તેમ હું થવા દઉં તો પછી આપને માટે આ પ્રાણ પણ કુરબાન કરવા તૈયાર થયલા આપના આ પ્રમાણિક સેવકનું શું થાય તેનો કંઈ વિચાર કર્યો, નામદાર ?" રમ્ઝે બોલ્યો.

"પરમ દિવસે રાત્રે જે દસ્તાવેજ મેં તમને કરી આપ્યો છે તે મને પાછો આપો અને હું તમને એક હજાર ગીની આપીશ કે

જે લઇ તમે પરદેશ ઉપડી જઇ મોજ કરી શકશો. ..” ડયુક બોલ્યો અને પોતાના ભાષણની કર્નલપર શું અસર થઈ તે માટે તે આતુર આંખોએ તેના તરફ જોઈ રહ્યો.

“ નહિ. નહિ. નામદાર યુવરાજ! આપની માગણી મને રૂચતી નથી...” રમ્બોલ્ડે જવાબ આપ્યો.

“ કારણ કે મને મ્હારી જન્મ ભૂમિ ઈંગ્લંડ પર અત્યંત પ્રેમ છે અને તેથી ગમે તેવા સંયોગોમાં પણ હું તેને ત્યજી જઈ શકીશ નહિ. વ્હાલા સાહેબ! ગમે તેવી પણ મ્હારી માતૃભૂમિ! આપજ કહો કે તેને તજી હું શી રીતે વિદેશમાં મ્હારા દિવસો ગાળી શકું? વળી આપ એક હજાર સુવર્ણ મહોરો મને આપવા ચાહો છો તે શું મને મ્હારા જીવન પર્યંત ચાલવાની છે? ગજવું ખાલી થઇ જવા પછી ફ્રાન્સના મોંસ્યરો, હોલાન્ડના સદ્‌ગૃહસ્થો, જર્મનીના +હેરો અને સ્પેનના શ્રીમાનોના સહવાસમાં હું મ્હારા દિવસો શી રીતે ગાળી શકું તેનો વિચાર કરવાનું આપ નામદાર તદ્દનજ ભૂલી જાવ છો. હું ઈંગ્લંડમાંજ રહીશ, યુવરાજ! કારણ કે મ્હારા જેવા ગૃહસ્થને રહેવા લાયક ફક્ત આજ દેશ છે. અહિંથી વિદેશમાં જવા કરતાં હું ફાંસીને લાકડે લટકવાનું વિશેષ પસંદ કરીશ. એટલે ઈંગ્લંડ છોડાવવાની વાત કૃપા કરી કાઢશો નહિ. બોલો, મ્હારા નામદાર! હવે આપ શું કહેવા માગો છો?—” કર્નલ રમ્બોલ્ડે એક લાંબુ વ્યાખ્યાન આપી પોતાના વિચારો ડયુક ઑફ યૉર્કને જણાવ્યા.

ડયુક કેટલીક મિનિટ સુધી ગમ્ભીર વિચારમાં પડયો. થોડીક વાર પછી તે બોલ્યો.

“ પ્રથમ આપણે મળ્યા ત્યારે મ્હારી વિરૂદ્ધ મોનમાઉથ, રસેલ અને અન્ય ઉમરાવો મને ભવિષ્યમાં ઈંગ્લંડનું સિંહાસન ન મળે તે માટે જે પ્રપંચો રચી રહ્યા છે તે નિષ્ફળ કરવાનું કામ તમે સ્વીકાર્યું હતું—”

“ હાજી; અને તેજ સમયે અલ્પ સમયમાં આપ નામદારને ગાદિનશીન કરવા માટેનો પ્રયત્ન કરવાનું પણ આપણી વચ્ચે નક્કી થયું હતું—” કર્નલ વચ્ચે બોલ્યો.

“ એ ખરૂં, પણ હવે સંયોગોમાં પરિવર્તન થયલું જણાય છે

+ હેરઃ જર્મન શબ્દ છે. હેર એટલે મી૦

અને હવે મ્હારા વડીલ બન્ધુના મૃત્યુ પછી મને કાયદાપૂર્વક ગ મળવાનીજ છે એટલે તેટલા સમય સુધી શાન્તિ ધારણ કરવાનું ય યોગ્ય જણાય છે.” ડ્યુક ઑફ યૉર્ક બોલ્યો.

“સંયોગો બદલાયા છે?—” આશ્ચર્ય પામી કર્નલ રમ્ઝે ઉચ્ચ સ્વરે બોલ્યો: “અફસોસ! આપ આ શું બોલો છો?”

“હું તમને સ્પષ્ટતાથી સહમજાવું છું. સાંભળો. પૂર્વે મને રાઇહાઉસ પ્રપંચની વાત કરી હતી એ વાત તમને છે ને?”

“હાજી.”

“તમે એ રાજદ્રોહી પ્રપંચમાં ભાગ લેનારા સર્વ ગૃહસ્થો નામો પણ મને જણાવ્યા હતા.”

“હા. નામદાર!”

“અને તે સમયે તમે કહ્યું હતું કે ડ્યુક ઑફ મોનમાઉ લૉર્ડ વિલિયમ રસેલ, એ, ઇસેક્સ, હાલર્ડ એ બધા ઉમારાવો તે સંડોવાયલા હતા—”

“હાજી. તેનું શું?—”

“હવે જો તમારા કહેવા પ્રમાણે કિલિંગે એ રાજદ્રો ષડ્યંત્રની હકિકત સરકારને જણાવી દીધી હોય તો મ્હારા વિરોધ એોને સરકાર સખત સજા કરશે, ડ્યુક ઑફ મોનમાઉથ રાજદ્રો પુરવાર થયા પછી ગાદી પર આવી શકશે નહિ, બધા ઉમરાવો કે ખાનાની હવા ખાવા જશે અથવા ફાંસીના લાકડા પર તેમના જી નોનો અન્ત આવી જશે. આમ થવાથી કંઈ પણ પ્રયત્ન કર્યા વિ આપણું કામ પાર પડી જશે—”

“વાહ! આપ વાત તો ઠીક કરો છો!—” સહેજ કટા પૂર્ણ સ્વરે કર્નલ બોલ્યો; કારણ કે ડ્યુકે જે વાત કરી તેથી તે સઘળી આશાઓ અને યુક્તિઓ ધૂળમાં મળી જતી હતી. તે ડ્ કને પોતાના પંઝામાં સપડાવી પોતાની તિજોરી ભરવા માગતો હત એટલે આ વાત સાંભળી તેના સ્વાર્થાંધ હૃદય પર એક રીતે પ્રબ પ્રહાર થયો. તે એક પલ વિચાર કરી બોલ્યો:

“પણ નામદાર! કિલીંગ કંઈ ખાત્રી પૂર્વક બધી વાત જાણ નથી એટલે તે એ ઉમરાવ સાહેબોને ફસાવી શકશે નહિ.”

“કારણ?”

" કારણ કે તેણે તો જે વાત મ્હેં ત્યાં કહી હતી તે ફક્ત સાંભળી હતી અને કાને સાંભળેલી વાત પૂરાવા રૂપે રજુ ન થઇ શકે તે આપ સારી રીતે સ્હમજી શકશો—"

" ઠીક. જરા સબુર કરો. " શાન્ત અને સ્થિર સ્વરે ડ્યુકે કહ્યું.

" જો ફીલીંગ મોનમાઉથ, રસેલ કે અન્ય ઉમરાવોને ન ફસાવી શકે તો કોઇ બીજો ફસાવી શકશે—"

" તે વળી કોણ છે ? "

" તમે પોતે. " ડ્યુક બોલ્યો અને પુનઃ તે કર્નલ તરફ સ્થિર આંખોએ જોઇ રહ્યો.

" અફસોસ ! નામદાર ! પણ મ્હારો એમાં શું શુક્રવાર વળ્યો ? " રમ્ઝેએ કહ્યું.

" તમે મને હમણાંજ કહ્યું કે તમે ઇંગ્લંડ છોડી વિદેશમાં જવા ઇચ્છતા નથી; અને મને લાગે છે કે, તમે તમારા જીવનને ભયમાં નાખી અત્રે નિવાસ કરવા કરતાં અત્રે સુરક્ષિત સ્થિતિમાં રહેવાનું વિશેષ પસંદ કરશો. વળી જો તમે એક વિદ્રોહી તરિકે અહિં કેદ પકડાશો તો પછી તમને મ્હારી સત્તાથી હું પણ બચાવી શકીશ નહિઃ માટે જો ફીલીંગે રાઇહાઉસ ષડ્યંત્રની બીના સરકારને જણાવી દીધી હોય તો તમારે તેને અનુમોદન આપવું અને મ્હારા કટ્ટા શત્રુઓને મૃત્યુને હવાલે કરાવવામાં સહાયભૂત થવું. જો તમે સરકાર પક્ષના સાક્ષી થઇ, ષડ્યંત્રની સઘળી હકિકત પ્રકાશમાં લાવશો તો તમને સરકાર તરફથી ક્ષમાદાન મળશે અને તમે વિના બ્હીકે તમારી પ્રિય માતૃભૂમિમાં રહી શકશો. જ્યારે તમારી સાક્ષીના આધારે મોનમાઉથ, રસેલ, ગ્રે, હાવર્ડ, ઇસિકેસ, સીડની અને હેમ્પ ડનના અભિમાની અને રાજદ્રોહી અમીરોના ધડ જલ્લાદની સમશેરથી ધૂળભેગાં થશે ત્યારે તમે મ્હારા તરફથી સારૂં ઇનામ મેળવી, મ્હારી કૃપા સંપાદન કરી શકશો. પૂર્વે તમને જે બદલો આપવાનું વચન આપવામાં આવ્યું છે તેના કરતાં કદાચ મ્હારૂં ઇનામ તમને ઓછું જણાશે; પણ હમણાં હું એથી વિશેષ તમારે માટે કરી શકતો નથીઃ છતાં જ્યારે હું રાજ્યગાદી પર આવીશ ત્યારે તમને હું ભૂલી જઇશ નહિ એવી ખાત્રી આપું છું—"

" ઠીક, નામદાર ! આપ નામદાર સરલ હૃદયે વાત કરો છો તેથી મને આનન્દ થાય છે. હું આપની ઇચ્છાને શરણ થાઉં છું.

ગમે તેમ કરી આપના બધા દુશ્મનોની કાસળ કાઢી નાખી હું આપનો રસ્તો સાફ કરી નાખીશ."

"ત્યારે તમે કબુલ કરો છો?"

"હા. નામદાર! મ્હારે એ કબુલ છે. કીલીંગે અત્યાર સૂધીમાં શું શું પગલાં લીધાં છે તે જાણવા માટે એક બે દિવસમાં હું તેને મળવા જઇશ; અને જો તેણે આપણે ધારીએ છીએ તેટલુંજ કામ કર્યું હશે તો તરતજ હું તેનો મળતીઓ થઇ જઇશ—"

"ત્યારે હવે જે લેખિત કરાર મ્હેં તમને કરી આપ્યો છે તે મને પાછો આપી દો—"

"અફ્સોસ! અફ્સોસ! પ્રિન્સ! આપની માગણી યોગ્ય નથી." રમ્ઝેએ કહ્યું:

"મને યોગ્ય સમયે જે લેખિત કરાર ઉપયોગી થઇ પડે એવા છે તે આપ નામદારને આપી દેવાની સલાહ મને મ્હારૂં હૃદય આપતું નથી. હું આપ નામદારનો અવિશ્વાસ કરતો નથી છતાં કદાચ આપ આ સેવકને ભૂલી જાવ તો આપનાં વચનોની આપને હું એ દસ્તાવેજ દ્વારા સ્મૃતિ કરાવી શકું. નામદાર! જ્યારે હું તાજનો સાક્ષી થઇશ ત્યારે એ લેખિત કરાર કોઇને બતાવી દઇશ એવો ભય રાખશો નહિ: કારણ કે સેવક એવો મૂર્ખો નથી: વિશ્વાસ રાખો, મ્હારા સાહેબ! હું એ દસ્તાવેજ ઘણી કાળજીથી સાચવી રાખીશ—"

ડયુકે જોયું કે એ બાબત પર વિશેષ દબાણ કરવામાં કંઇ સાર નથી; અને જો તે તે લેખિત કરાર મેળવવા માટે વિશેષ આગ્રહ કરશે તો તેના હૃદયમાં કંઇ દગો છે એવી કર્નલને શંકા ઉત્પન્ન થશે એવું લાગવાથી તે મૌન રહ્યો. ત્યાર પછી બીજી થોડીક વાત ચીત કરી બન્ને પોત પોતાને રસ્તે પડયા.

પ્રકરણ ૩૫ મું.

વિદ્રોહીઓની તપાસ.

કર્નલ રૅમ્બોલ્ડ બ્રિટિશ હદ છોડી સલામત સ્થિતિમાં પરદેશી સરહદમાં ચાલ્યો જાય તે માટે તેને જેટલો સમય લૅારેન્સદ્વારા ચાર્લ્સ સ્ટુઅર્ટે આપ્યો હતો તે વહી ગયો ત્યાં સુધી તેણે રાઇહાઉસ ષડયંત્રને લગતો એક શબ્દ પણ પોતાના ભાઇ ડયુક ઑફ યોર્કને કહ્યો

નહિ. જ્યારે સર લૉરેંસ લીએ કર્નલ રમ્બોલ્ડ અને તેની પત્નિ ઇંગ્લંડ તજી ગયાં છે એવી ખબર તેને આપી ત્યારે ચાર્લ્સને લાગ્યું કે હવે તે કોઇપણ પગલું લેવાને સ્વતંત્ર છે. કર્નલ રમ્બોલ્ડનું જીવન બચાવવાની તેની ઇચ્છા હતી એટલે દરેક ગુપ્ત બીના તેના બન્ધુને કહેવાની તેને ટેવ હતી છતાં તેણે અત્યાર સુધી મૌન ધારણ કર્યું હતું. કર્નલ સુરક્ષિત સ્થળે જઈ પહોંચવાની બાતમી મળ્યા પછી તેણે એક અનુચરને ડયુક ઑફ યોર્કને બોલાવવા મોકલ્યો અને તે આવતાં તેને કીલીંગ દ્વારા હોમ સેક્રેટરીને જે ભયંકર રાજદ્રોહી પ્રપંચની ખબર મળી હતી તેથી તેને પરિચિત કર્યો. સર લીઓલાઇન જેન્કીન્સ દ્વારા તેને એ ખબર હમણાંજ મળી છે એવો ચાર્લ્સે આડમ્બર કર્યો. બીજી બાજુએ તેનો ભાઇ પણ પહેલા નંબરનો દામ્ભિક હતો. તેણે પણ જાણે એ ખબર હમણાં પહેલવહેલીજ સાંભળી હોય અને એ ભયંકર કાવત્રાંની બાતમીથી ભય, અજાયબી તથા ક્રોધની લાગણી તેના હૃદયમાં જન્મી હોય એવો દેખાવ કર્યો.

તરતજ રાજ્યના પ્રધાન મંત્રીઓની એક કાઉન્સીલ બોલાવવામાં આવી અને ગુપ્ત મંત્રણાગૃહમાં જે ષડયંત્રની હકિકત સરકારને મળી હતી તે પર મંત્રીઓએ ખાનગી મસલત ચલાવી. ત્યાર પછી જોસીઆહ કિલીંગને બોલાવવામાં આવ્યો અને તેણે પૂર્વે સર લીઓલાઇન જેન્કીન્સને જેટલી વાત કરી હતી તે બધી એ કાઉન્સીલ સમક્ષ પુનઃ કહી સંભળાવી. ડયુક ઑફ યોર્કનો હેતુ આ કેસને જેમ બને તેમ વિશેષ ભયંકર બનાવવાનો હતો કારણકે ઉક્ત બનાવને અત્યંત ભયાનક ષડયંત્રની ઉપમા આપવાથીજ તેના પ્રબળ શત્રુ જેવા ઉમરાવોને તે પોતાના માર્ગમાંથી હમ્મેશને માટે દૂર કરી શકે તેમ હતું. આથી તે વદનપર સખ્તાઈ લાવી કિલીંગ તરફ ક્રૂર આંખોએ જોઈ બોલ્યો.

"સર લીઓલાઇન જેન્કીન્સે તમે સમ્પૂર્ણ સત્ય વાત કહી દો એ સરતે તમને ક્ષમા અપાવવાની કબૂલાત આપી છે. માટે બોલો, સાચેસાચી હકીકત કહી દો. આ ભયંકર પ્રપંચ રચનારાઓનો હેતુ ફક્ત મને અને મ્હારા બન્ધુ,—ઇંગ્લંડના વર્તમાન મહારાજાને કેદ કરવાનોજ હતો કે અમારા પ્રાણને હાનિ કરવાની દુષ્ટ ઇચ્છા વિદ્રોહીઓએ રાખી હતી?"

"હા—બોલો. સત્ય બોલજો. અને યાદ રાખજો કે તમારી

પોતાની જીંદગીનો આધાર તમારી સત્યતાપર છે–" ચીફ જસ્ટીસ લૉર્ડ પેમ્બરટન બોલ્યો.

કાઉન્સીલના કેટલાક બીજા મેમ્બરોએ પણ કિલીંગને આવોજ પ્રશ્ન ગમ્ભીર અને સપ્ત સ્વરે પૂછયો. ડયુક ઑફ યોર્કનો ગુપ્ત મનોભાવ સ્હમજ્યા વિના ભાવી મહારાજાનું અનુકરણ કરવાથી તેઓ તેની પ્રીતિ અથવા કૃપા સંપાદન કરી શકશે એવા હેતુથીજ એ પ્રશ્ન પૂછવા તેઓ તત્પર થયા હતા. કિલીંગ વિચારમાં પડયો. કંઇક મૂઝાયો–પછી તેને જણાયું કે જો કે તેને એ પ્રશ્ન પ્રશ્ન રૂપે પૂછવામાં આવ્યો હતો છતાં તેમાં કંઇક મર્મ ભેદ હતો. અલ્પ સમય વિચાર કર્યા પછી તેણે જણાવ્યું કે વિદ્રોહીઓનો મહારાજા તથા ડયુક ઑફ યોર્કનું ખૂન કરવાનો દુષ્ટ હેતુ હતો. ચાર્લ્સ લૉરેન્સ લી દ્વારા હેન્રીએટ્રા રમ્બોલ્ડે ગુપ્ત રીતે ષડ્યંત્રકારોના હેતુ વિષે જે વાત સાંભળી હતી તે જાણતો હતો પણ તે આ સમયે સ્પષ્ટ ખુલાસો કરવાની હિમ્મત કરી શકયો નહિ; કારણકે તેમ કરવા જતાં તેને તેણે એ વાત શી રીતે જાણી તે માટે થોડો પણ ખુલાસો કરવો પડે એમ હતું. જ્યારે આ ખાનગી કાઉન્સીલ વિસર્જન થઇ ત્યારે સર લીઓલાઇન જેન્કીન્સે જોસીઆહ કીલીંગને બીજા ત્રણચાર તાજ તરફના સાક્ષીઓ મેળવવાની પુનઃ સૂચના કરી; કારણકે ફક્ત એકજ સાક્ષીની જુબાની પર વિશ્વાસ મૂકી કાવત્રાંખોરોને ભયંકર શિક્ષા કરવાથી ન્યાયનું ખૂન થયું છે અથવા રાજ્યપક્ષે આપખુદીથી પોતાના શત્રુઓને ફાંસીએ લટકાવ્યા છે એવી લાગણી પ્રજામાં ઉત્પન્ન થાય તો તેમાંથી ભયંકર જ્વાલામુખી ફાટી નીકળવાનો સમ્ભવ હતો.

'રાઇરાઉસ'માં ભેગા મળેલા પુરૂષોને પરહેજ કરવા માટે એક બાદશાહી જાહેરનામું હવે બહાર પાડવામાં આવ્યું. એ ઢંઢેરામાં કર્નલ રમ્બોલ્ડનું નામ પણ હતું; પણ તે ઇંગ્લંડ તજી ગયો છે એ બીના રાજા ચાર્લ્સ, કર્નલના નિકટનાં સ્નેહીઓ અને તેના અનુચરો સિવાય બીજું કોઇ જાણતું ન્હોતું. ડયુક ઑફ યોર્કે સદહું વિદ્રોહમાં પરોક્ષ અથવા અપરોક્ષ રીતે ભાગ લેનારા ઉમરાવો અને ડયુક ઑફ મોનમાઉથને કેદ કરવા માટે એક બીજું જાહેરનામું બહાર પડાવવાનો મનમાં નિશ્ચય કર્યો.

જોસીઆહ કિલીંગ મંત્રીઓની સભામાંથી રજા મળ્યા પછી સર લીઓલાઇન જેન્કીન્સની આજ્ઞાનુસાર તાજના સાક્ષીઓ મેળવ-

વાના પ્રયાસમાં ગુંથાઇ ગયો; અને ચાર પાંચ કલાકમાં બાર્બર, વેસ્ટ વકીલ, કિંગ્સ આર્મ્સ પીઠાંવાળો શેપર્ડ, દારૂવાળો ઓર્ન તથા કર્નલ રમ્ઝે નામદાર સરકારને શરણુ થઈ સત્ય બીના પ્રકટ કરવા તૈયાર છે એવી ખબર તેણે હોમ સેક્રેટરીને આપી દીધી. આ સમયે વાંચનાર યાદ કરી શકશે કે રાજા તથા તેના ભાઈને કેદ કરવાના વિષયપર ચર્ચા કરતી વખતે કિલીંગ, બાર્બર, શેપર્ડ અને ઓર્ને તેમનાં ખૂન કરી તેમને ચીર નિદ્રાને સ્વાધીન કરી દેવાનો મત વ્યક્ત કર્યો હતો તથા કર્નલ રમ્ઝે પણ તેમની ખૂની ઇચ્છાને ન્યુનાધિક અંશે પસંદ કરતો હતો. વેસ્ટ વકીલે ધર્મનું બિલકૂલ નામ ન દેવાની સૂચના કરી પોતાની નાસ્તિક માન્યતા પ્રકટ કરી તે કઇ જાતનો વરૂ છે તે જણાવી દીધું હતું. આ મનુષ્યત્વહીન બદમાસોજ પોતાના દેશાભિમાની, ચારિત્ર્યશીલ અને ઉન્નતહૃદયી સાથીઓનો વિશ્વાસઘાત કરી તેમને મૃત્યુની ભયંકર ખીણમાં ધકેલી દેવા પહેલવહેલા તૈયાર થઇ ગયા.

બાર્બર અને વેસ્ટ વકીલ પ્રથમ તાજના સાક્ષી થયા. મહારાજા તથા મંત્રીસભા આગળ તેમની તપાસ ચાલી. તેમને પ્રથમથીજ કિલીંગ દ્વારા યોગ્ય સૂચના મળી ગઇ હતી એટલે રાઈહાઉસના પ્રપંચીઓનો હેતુ ખૂની—રાક્ષસીજ હતો એવું જાહેર કરી તેઓ કેસને અત્યંત ભયંકર સ્વરૂપમાં રજુ કરવાના નિશ્ચય પર આવ્યા હતા. આથી ઉભયે કિલીંગનું અનુકરણ કરી મહારાજા તથા ડયુકનું ખૂન કરવાનોજ વિદ્રોહીઓનો હેતુ હતો એમ મંત્રીસભા સમક્ષ જાહેર કર્યું. વેસ્ટ શિક્ષિત હોવાથી તથા વકીલ તરિકે જૂઠાંનું સાચું અને સાચાનું જૂઠું કરવાની તેને બક્ષીસ મળેલી હોવાથી તેણે પોતાની જુબાની વિશેષ સત્ય તથા વિશ્વાસપાત્ર છે એવું બતાવવા માટે કાઉન્સીલ સમક્ષ અત્યંત અતિશયોક્તિભરી ભાષામાં રાઈહાઉસ વિદ્રોહ સંબંધી એવી હડહડતી જૂઠી હકિકત કહી કે જે તદ્દન અસત્ય હતી તે વિષે જો ખાત્રીપૂર્ણ પુરાવો ન મળત તો અમે પણ તેની આકર્ષક અને આડમ્બરપૂર્ણ ભાષાપરથી તેની જુબાની સત્ય માની લેત; પરન્તુ તે જૂઠો હતો. તેની અસત્ય જુબાનીજ કાઉન્સીલમાં બિરાજેલા ન્યાયાધિશોએ સત્ય માની રાજ્યના દફતરમાં નોંધી હતી એ વાત અમે વિશ્વાસપાત્ર પુરાવાને આધારે અમારાં વાંચકોને જણાવીએ છીએ. વેસ્ટે મહારાજા તથા કાઉન્સીલ સમક્ષ કહ્યું હતું કે ડયુક અને મહારાજાના ખૂનનાજ ,વિદ્રોહીઓ તરસ્યા થયા હોતા;

પણ તેઓ લંડનના લૉર્ડ મેયરનું ખૂન કરવાનો રાક્ષસી ઇરાદો પણ ધરાવતા હતા તથા તેની ત્વચા ઉતારી તે 'ગીલ્ડ હૉલ'માં રાખવા માગતા હતા. વળી તે જૂઠો અને નાસ્તિક વકીલ એમ પણ બોલ્યો હતો કે હાલના સઘળા ન્યાયાધિશોને ફાંસીએ લટકાવવાની વિદ્રોહીઓની ઇચ્છા હતી અને તેમની ચામડી ઉતારી, તેઓ તેને "વેસ્ટમીન્સ્ટર હૉલ" માં સાચવી રાખવા ઇચ્છિતા હતા. આવી આવી અનેક ભયંકર બીનાઓ વેસ્ટે પોતાની આડમ્બરપૂર્ણ ભાષામાં મંત્રીસભાને કહી હતી અને કાઉન્સીલે તે અસત્ય હકીકત સત્ય માની હતી અથવા સત્ય માનવાનો બાહ્ય આડમ્બર કર્યો હતો!

કર્નલ રમ્ઝે પણ જોસીઆહ કિલીંગની સલાહનો સ્વીકાર કરી તાજનો સાક્ષી થવા તૈયાર થયો હતો; તાજના સાક્ષીઓને પણ તપાસનો અંત આવે ત્યાં સુધી કેદખાનામાં રહેવું પડતું હોવાથી ડ્યુક ઑફ યોર્કના સહીસીક્કાવાળા કરારને કોઈ સુરક્ષિત સ્થાને મૂકવાનો તેણે પ્રથમ વિચાર કર્યો. જેઓએ ષડ્યંત્રમાં જરાપણ ભાગ લીધો ન હતો એવા મિત્ર તથા પરિચિત મનુષ્યો વિષે તેણે મનમાં ને મનમાં વિચાર કર્યો અને તે સર્વમાંથી કોણ વિશેષ વિશ્વાસપાત્ર છે તેનો નિર્ણય કરવા માટે તે પોતાનું મગજ કસવા લાગ્યો. અંતે મી. લીયોં નામના એક ગૃહસ્થ પર તેની આંખો ઠરી. મી. લીયોં રાજ્યદ્વારી વિષયમાં બિલકૂલ માથું મારતો નથી એવી તેની ખાત્રી હતી. ઘણાં વર્ષોથી તે તેને ઓળખતો હતો તથા જ્યાં સુધી પોતાના આનન્દમાં વિઘ્ન ન આવે ત્યાં સુધી કોનું રાજ્ય છે તે જાણવાની પણ તે વિશેષ દરકાર ન્હોતો રાખતો એમ કર્નલ તેના સહવાસમાં આવવાથી જાણી શક્યો હતો. આ મિત્રને તે કિમતી દસ્તાવેજ સોંપવાનો કર્નલ રમ્ઝે એ નિશ્ચય કર્યો. તેણે એક પાકીટમાં તે પત્ર મૂકી, તે પર સીલ કર્યું અને ત્યાર પછી તેમાં શું લખેલું છે તે મી. લીયોંને જણાવ્યા વિના અમુક કેસ કે જેમાં તે સંડોવાયલો છે અને જેને લગતી તપાસ અલ્પ સમયમાં શરૂ થશે તે પૂર્ણ થાય ત્યાં સુધી તે સીલબંધ કાગળ પોતાની પાસે સાચવી રાખી તે પાછો આવે ત્યારે તેને આપી દેવાની કર્નલ રમ્ઝેએ પોતાના મિત્ર મી. લીયોંને વિનંતી કરી. કર્નલ રમ્ઝેએ એ ગૃહસ્થને એ કિમતી દસ્તાવેજ દુર્ભાગ્યને વશ થઇનેજ સોંપ્યો હતો તે વાંચનાર આગળ જતાં જાણી શકશે. મી. લીયોં બહારથી રાજદ્વારી પ્રકરણમાં રસ લેતો નથી એવું લાગતું હતું પરંતુ

અંતરમાં તે પ્રજાપક્ષી ગણાતા ઉમરાવોનો પ્રબલ પક્ષકાર હતો. છતાં એ બીના તેણે તદ્દન ગુપ્ત રાખી હતી. ખાનગી રીતે તે ઉમરાવોનો ગાઢ મિત્ર બન્યો હતો અને તેમનાં કાર્યોનો પ્રશંસક હતો. કર્નલ રમ્ઝેની રમુજી ભાષા તથા સૈનિક જેવી કંઇક અવિનયી પણ સરલ વર્તણુકને લીધે તે તેનો સહવાસ પસંદ કરતો હતો, છતાં કર્નલની બુદ્ધિ માટે તેના મનમાં સારો અભિપ્રાય ન્હોતો; કર્નલ વિશ્વાસઘાતી છે એવું માનવાને તેને કંઇપણ કારણ મળ્યું ન હતું; છતાં તેણે પોતાની ગુપ્ત અને આંતરિક બીના તેના પર પૂર્ણ વિશ્વાસ નહિ હોવાથી કદિપણ કહી ન્હોતી. કર્નલ રમ્ઝે તે સીલબંધ પાકીટ જેને સોંપી ગયો તે આવો માણસ હતો. અને તેણે કર્નલ રમ્ઝેનું પાકીટ પોતાનો મનોભાવ છૂપાવી, તેને તે સાથે કંઈ સ્નાન સુતક નહિ હોય એવી રીતે પોતાની પાસે રાખી, તે સાચવવાનું વચન આપ્યું.

મી. લીયોંને તે દસ્તાવેજ સોંપ્યા પછી કર્નલ રમ્ઝે સરકારી અમલદારો પાસે ગયો. તેને તરત સર લીઓલાઇન જેન્કીન્સ પાસે લઇ જવામાં આવ્યો. સર જેન્કીન્સે તેની ઉલટપાલટ તપાસ કરી અને ત્યાર પછી તેને મહારાજા તથા કાઉન્સીલ સમક્ષ હાજર કરવામાં આવ્યો. ડયુક ઑફ્ યોર્ક પણ આ સમયે હાજર હતો પણ તે કર્નલને ઓળખે છે અથવા તેમની ઉભયની વચ્ચે કોઇપણ જાતનો કરાર થયો છે એવી ઝાંખી શંકા પણ કોઇને ન થાય તે માટે ઉભય અત્યંત સાવધતાથી વર્તતા હતા. ડયુક ઑફ યોર્કે સૌથી પહેલો પ્રશ્ન કર્નલ રમ્ઝેને પૂછયો. ભયંકર સખ્તાઇ મ્હો પર લાવી તે કરડા સ્વરે બોલ્યો.

"જે સરતે તમારી જુબાની લેવામાં આવે છે તે તમે જાણો છો? જો તમે રાજદ્રોહને લગતી સત્ય હકીકત વિગતવાર કહેશો તો તમારૂં જીવન બચી શકશે અને સરકાર તમને ક્ષમાદાન આપશે. આ સરત લક્ષમાં રાખીને જે બોલવું તે બોલજો; અને તમે સત્ય બોલશો તો કૃપાળુ નામદાર મહારાજા તમને જે વચન સર લીઓલાઇન તરફથી આપવામાં આવ્યું છે તે પર ધ્યાન આપવાની મહેર બાની કરશે—"

આ શબ્દોથી તેની અને ડયુકની વચ્ચે જે ખાનગી સાટું થયું હતું તેમાં ડયુક તેને દગો દેવા નથી માગતો એવી કર્નલ રમ્ઝેની ખાત્રી થઇ ગઇ. ડયુકના શબ્દોમાં સખ્તાઇ તથા વદન પર કરડાકી

હતી તેનું મૂલ કારણ કર્નેલ જાણતો હતો એટલે તેથી તે ડર્યો નહિ.

ડયુકના શબ્દોથી ઉત્તેજીત તથા આનંદિત થઇ કર્નલ રમ્ઝેએ ગમ્ભીર સ્વરે પોતાની જુબાની શરૂ કરી. પ્રથમ કીલીંગ, બાબર અને વેસ્ટે જે એકરાર કર્યો હતો તેને સમ્મતિ આપી તેણે રાઇહાઉસ ષડ યંત્રનો હેતુ રાજા તથા ડયુકનું ખુન કરવાનો હતો એ બીનાને વિશેષ નિશ્ચિત બનાવી. ત્યાર પછી તેણે લૉર્ડ વિલિયમ રસેલ સાથેના પોતાના સંબંધની વાતચીત કરવા માંડી. તેણે કહ્યું કે લૉર્ડ વિલિયમે પોતાના ઉમરાવ મિત્રોની સમ્મતિથી રાઇહાઉસના ષડયંત્રકારોના ખુની હેતુ તરફ પસંદગી બતાવી હતી અને એ ઉમરાવોએ વર્તમાન રાજ્ય સત્તાનો વિધ્વંસ કર્યા પછી નવીન સત્તા સ્થાપિત કરવા માટે એક ખલિતો તૈયાર કરવાનું માથે રાખ્યું હતું. શેપર્ડ અને બોર્ન તે પછી કાઉન્સીલ સમક્ષ આવ્યા અને તેમણે પણ એવીજ જુબાની આપી. કીલીંગને પણ હવે પોલીસ અમલદારોએ પરહેજ કર્યો કે જેથી બધા તાજના સાક્ષીઓને જે વખતે જે સ્થળે રજુ કરવા હોય તે વખતે અને તે સ્થલે તુરત રજુ કરી શકાય.

કાઉન્સીલે હવે એક બીજું પગલું ભર્યું અને તેથી ડયુક ઑફ યૉર્કની પ્રધાન ઇચ્છા પાર પડી કે જે માટે તેણે આટલો બધો શ્રમ લીધો હતો. આ બીજું પગલું ઉમરાવોને કેદ કરવાને લગતું હતું. ડયુક ઑફ મોન્માઉથ, લૉર્ડ વિલિયમ રસેલ, ગ્રે, ઇસેક્ષ, હાવર્ડ ઑફ એસ્રીક, સીડની, હેમ્પડન, કર્નલ એલ્જરનન અને બીજા કેટલાકોને પરહેજ કરવા માટે બાદશાહી જાહેરનામું બહાર પડયું. આ ઉમરાવો અને સદ્દગૃહસ્થો આવી ગમ્ભીર સ્થિતિમાં તેઓ આવી પડશે એવું આગળથી કલ્પી શક્યા ન્હોતા. પ્રથમ ઢંઢેરો પ્રકટ થવાથી તેઓનાં હૃદય ગમ્ભીર રીતે ધડક્યાં ન્હોતાં કારણ કે "રાઇહાઉસ" માં જાતે ભેગા મળેલા પ્રપંચીઓનેજ પરહેજ કરવાની તેમાં આજ્ઞા કરવામાં આવી હતી. લૉર્ડ વિલિયમ રસેલ દ્વારા અન્ય ઉમરાવોએ રાઇહાઉસ પ્રપંચ તરફ રમ્ઝે અને ફરગ્યુસન આગળજ પોતાની સમ્મતિ દર્શાવી હતી. ફરગ્યુસન વિશ્વાસઘાત કરે એ અશક્ય હતું એમ લૉર્ડ રસેલ દૃઢતાથી માનતો હતો અને રમ્ઝે ચુસ્ત સ્વરાજ્યવાદી હોવાથી કદિ પણ દગો ન દે એવી તેની માન્યતા હતી. મી૦ લીયોં કે જેને રમ્ઝેએ ડ્યુકનો લેખિત કરાર સીલ બંધ

કાગળમાં પૅક કરી સોંપ્યો હતો તેને રમ઼્ે સરકાર પક્ષમાં મળી ગયો છે એવી ખબર મળી ન્હોતી એટલે તેણે જે ઉમરાવો તરફ તેની સહાનુભૂતિ હતી તથા જેની સાથે તેને મિત્રતા હતી તેમને એ સીલબંધ પાકીટવાળી બીના હજુ સુધી જણાવી ન્હોતી.

જે પળે જાહેરનામું બહાર પડ્યું તેજ પળે તેમાં દર્શાવેલા પુરૂષોને કેદ કરવા માટે સત્તાધીશોના હાથમાં વૉરંટો મૂકવામાં આવ્યાં. પણ તેમને કેદ કરવાનો હેતુ શું છે તે તેમાં જણાવવામાં આવ્યું ન્હોતું. લૉર્ડ ગ્રે અને ઇસેક્સ પર પ્રથમ ધાડ ગઈ. લૉર્ડ ગ્રે ગમે તેમ કરી પોલિસના પંઝામાંથી છટકી સ્વદેશ તજી ગયો અને લૉર્ડ ઇસેકસને પરહેજ કરી લંડન ટાવરમાં લઈ જવામાં આવ્યો. સીડની, હેમ્પડન અને બીજા બે ત્રણ ગૃહસ્થોને પણ તેજ પળે પકડવામાં આવ્યા. વૉલ્કોટ, રાઉઝ, હન, અને આમ-સ્ટ્રૉંગનાં નામો પ્રથમ જાહેરનામામાં ન હોવાથી તેમને હમણાં પર-હેજ કરવામાં આવ્યા. ડયુક ઑફ મોન માઉથ ન્હાસી છૂટયો. કદાચ પોલિસ તેને પકડવાને બહુ આતુર ન હોય અથવા ડયુકના પિતા ચાર્લ્સ તરફથી તેને ન્હાસી જવા દેવાની પોલિસ અમલદારને ખાનગી સૂચના મળી હોય તો તે પણ સમ્ભવિત છે. લૉર્ડ હાવર્ડ ઑફ એસ્ટ્રીક એક દામ્ભિક, વિલાસી, સ્વાર્થી અને દુષ્ટ હૃદયનો ઉમરાવ હતો. જ્યારે તેને કેદ કરવા કૉન્સ્ટેબલો તેના ઘરમાં દોડી આવ્યા ત્યારે તે કપડાનાં કબાટમાં સંતાઇ ગયો અને તેને શોધી કહાડવામાં આવ્યો ત્યારે નાદાન બાળક પેઠે રડી પડી જાણે તેને અથાગ દુઃખ થતું હોય તેમ માફી પર માફી માગવા લાગ્યો. તેજ પળે તેણે તાજના સાક્ષી થઈ સામાન્ય સાક્ષીઓએ અત્યાર સુધીમાં જે બીના રજુ કરી હતી તેને એક ઉમરાવ તરિકે ટેકો આપવાની તત્પરતા બતાવી અને તેમ કરી એ સ્વાર્થી તથા હીચકારા ઉમરાવે પોતાનું ક્ષણિક જીવન બચાવવા માટે પોતાના મિત્રો અને સાથીઓને ભયંકર આફતમાં ફેંકી દેવામાં કોઈ જાતનું પાપ જોયું નહિ.

હવે લૉર્ડ વિલિયમ રસેલની ગીરફતારી સંબંધી અમે બે બોલ લખીશું. અત્રે કહેવું જોઇએ કે જે અમલદારને આ ઉમરાવને કેદ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું તે ઉમરાવ સાહેબના રાજકિય વિચારો તથા તેના ઉન્નત ચારિત્ર્યનો પ્રશંશક હતો.

આથી લૉર્ડ વિલિયમ રસેલને ન્હાસી છૂટવાની તક આપવા માટે તેનાથી થઇ શકે તેટલો પ્રયત્ન કરવાની તેની ધારણા હતી અને તેની હિમ્મત ચાલી ત્યાં સુધી બ્લુમ્ઝબરી સ્કવેરમાં આવેલા લૉર્ડ રસેલના સધમ્પટન હાઉસ પાસે જઇ તે શું કરવા આવ્યો છે તે વિષે જોનારાને તરત શંકા આવે એવી રીતે આમથી તેમ આંટા મારવા લાગ્યો. લૉર્ડ વિલિયમે આ માણસને પોતાના ભવ્ય મૅનશનની બારીમાંથી જોયો. તે કાંતો એ માણસ કયા કર્ત્તવ્ય માટે આવ્યો છે તે સ્હમજી શકયો નહિ, કાંતો જીંદગી માટે તે ઉદાસીન બની ગયો અથવા તેની બુદ્ધિ બહેર મારી ગઈ; ગમે તેમ હો પણ તેણે ન્હાસી જવાનો લેશમાત્ર વિચાર કર્યો નહિ. તેની બુદ્ધિ આ સમયે મંદ પડી ગઈ હશે એ ધારણાને ઇતિહાસ અનુમોદન આપે છે કારણકે જ્યારે પોલિસ અમલદાર વૉરંટ બજાવવા માટે ઉમરાવના ગૃહમાં ગયો ત્યારે લૉર્ડ વિલિયમ શાન્તિથી એક પુસ્તક વાંચતો પોતાના પુસ્તકાલયમાં બેઠો હતો એ વાત ઇતિહાસપ્રસિદ્ધ છે. પોલિસ અમલદારે પોતાના આગમનનો હેતુ કહી સંભળાવ્યા પછી કંઇપણ આનાકાની કર્યા વિના તરતજ ઉમરાવ રસેલ તેને શરણ થયો. પછી તેણે પોતાની પ્રિય પત્નિ લેડી રાશેલને બોલાવી, અને જ્યારે તે પ્રેમાલ સ્ત્રી ત્યાં આવી ત્યારે કંઇપણ અમંગલ બન્યું છે એવી શંકાથી તે ભયભીત થઈ. તેના પતિએ મીઠાશથી તેનો હાથ પકડી તેને ભયંકર રાજદ્રોહ માટે પરહેજ કરવામાં આવે છે એ વાતથી તેને પરિચિત કરી. એક પલ—ફક્ત એકજ પલ—ભય-દુ:ખની લાગણી લેડી રાશેલના વદનપર છવાઈ. બીજીજ પલે તેણે પોતાના હૃદયપર કાબુ મેળવ્યો—પોતાની લાગણીઓ દબાવી દીધી—અને પોતાના પતિ તરફ પ્રેમાલ દૃષ્ટિ ફેંકી તેણે તેને હિમ્મત રાખવાની સૂચના કરી તથા પોતાની જરાપણ ચિન્તા ન કરવાની વિનંતી કરી.

લૉર્ડ રસેલને રાજા તથા કાઉન્સીલ સમક્ષ હાજર કરવામાં આવ્યો. કર્નલ રમ઼્ે મુખ્ય સાક્ષી હતો એ જ્યારે તેણે જોયું ત્યારે તેની હિમ્મત ખૂટવા લાગી. રાજા તથા ડ્યુકનું ખૂન કરવાના હેતુ તરફ સહાનુભૂતિ દર્શાવવાના તેનાં પરના આરોપનો તેણે ઇનકાર કર્યો ખરો: પણ માનસિક નિર્બલતાને લીધે તે પોતાની નિર્દોષતા છાતી ઠોકીને વ્યક્ત કરી શકયો નહિ. તેણે જે ખૂની

ધારણાનો તેના પર આરોપ હતો તે ગુસ્સાથી વખોડી કાઢ્યો નહિ તેમજ લાગણી ભર્યાં અને ક્રોધપૂર્ણ શબ્દોમાં તે પોતાનો બચાવ પણ કરી શક્યો નહિ. એક નિર્દોષ મનુષ્યના વદન પર ન્યાયમંદિરમાં પોતાની નિર્દોષતા માટે જેવું અભિમાન હોવું જોઇએ તેવું અભિમાન પણ કોણ જાણે કેમ લૉર્ડ રસેલના વદન પર ન્હોતું. જ્યારે તેને પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે પોતાના મિત્રોમાંથી કોઇને પણ હાનિ થાય એવો એકપણ શબ્દ તે બોલ્યો નહિ. લંબાણ તપાસ લીધા પછી તેને ભયંકર રાજદ્રોહના આરોપ માટે ટાવરમાં કેદ કરવાની આજ્ઞા કરવામાં આવી.

ત્યાર પછી લૉર્ડ હાવર્ડની તપાસ ચાલી અને તેને સરકારપક્ષના સાક્ષી તરિકે સ્વીકારવામાં આવ્યો. તે સરકારી અમલદારોની આજ્ઞાનુસાર ગમે તેવા કસમ ખાઈ, ગમે તેવી જુબાની આપવાને તૈયાર હતો. તેના જીવનમાં કોઇ સિદ્ધાંત ન્હોતો. તેના હૃદયમાં સત્યતા ન્હોતી, વફાદારી ન્હોતી, ન્યાય પ્રિયતા ન્હોતી. ફક્ત ક્ષણિક શરીર પરના અથાગ મોહને લીધે તે અનેક સત્યશીલ, ન્યાયશીલ અને વફાદાર મિત્રોનો ઘાતક બન્યો હતો.

અમે પૂર્વે કહી ગયા છીએ કે કર્નલ વૉલ્કોટને પણ કેદ કરવામાં આવ્યો હતો. તેને પ્રથમ તાજનો સાક્ષી બનાવવાનો સરકારી અમલદારોએ પ્રયત્ન કર્યો અને એકવાર અસત્ય બોલી જીંદગી તથા સ્વતંત્રતા ખરીદવાનો તેને વિચાર આવ્યો પણ તરતજ એ દુષ્ટવાંછનાપર સત્યપ્રિયતાએ વિજય મેળવ્યો અને રાઇહાઉસના ષડ્યંત્રમાં ભાગ લેનારા દેશાભિમાની વીરલાઓનો વિશ્વાસઘાત કરી તેમનાં કિમતી જીવનોનો નાશ કરનાર વિશ્વાસઘાતકોની ટીપમાં પોતાનું નામ ઉમેરાવી ઇતિહાસનું પૃષ્ઠ કલંકિત કરવા કરતાં ફાંસીના લાકડા પર લટકી જીવનનો અંત લાવવાથીજ પોતાનું નામ સુવર્ણાંકિત થશે એવો દૃઢ નિશ્ચય કરી તેણે સરકારપક્ષના સાક્ષી થવાની સ્પષ્ટ ના પાડી.

પ્રકરણ ૩૬ મું.

અર્લ ઑફ઼ ઇસેકસ.

જે કાઉન્સીલ સમક્ષ કેદીઓની તપાસ થઈ તેનું કામ પ્રથમ એટલું બધું ગુપ્ત રીતે ચલાવવામાં આવ્યું હતું કે કેદીઓપર કેવા આરોપ મૂકવામાં આવ્યા છે તથા તાજ તરફના સાક્ષીઓ કોણ કોણ છે તે સંબંધી જાહેર પ્રજામાં અનેક જાતની વિચિત્ર ગપો પ્રસરી રહી હતી. આ ગપોમાં ગપ્પીદાસોએ અનેક જાતનાં મીઠાંમરચાં ભભરાવ્યાં હતાં અને રાઇહાઉસના પ્રપંચીઓની રાજા તથા તેના ભાઈનું ખૂન કરવાની દુષ્ટ વાંછના હતી એવી ગપ લૅારેન્સ, તેની માતા હેન્રીએટા તથા રૂથને કાને પણ અથડાઈ હતી; છતાં તેમણે એ ભયંકર ખબર પર જરા પણ વિશ્વાસ મૂક્યો ન્હોતો. ચાર્લ્સ હમણાં અગત્યના કામોમાં ગૂંથાઇ ગયલો હોવાથી તે લૅારેન્સ લીને મહેલમાં બોલાવતો ન્હાતો અને લૅારેન્સને પોતે જે ભયંકર ગપ સાંભળી હતી તે સત્ય છે કે કેમ તે વિષે ખાત્રી કરવા માટે રાજમહેલમાં જઇ પોતાના પિતાને પ્રશ્ન પૂછી પોતાના હૃદયની શંકા નષ્ટ કરવાનું યોગ્ય લાગ્યું નહિ; કારણકે ચાર્લ્સના નિમંત્રણ સિવાય પોતાની ઈચ્છાથી તે કદિપણ રાજમહેલમાં જતો ન હતો. જૂદી જૂદી વ્યક્તિઓ ગીરફતાર થયા પછી સત્ય હકિકત પ્રકટ નહિ થવાથી જાહેર પ્રજામાં શંકા અને અજાયબી ઉત્પન્ન થઇ હતી તથા આવી વખતે જેમ બને છે તેમ અનેક જાતની કલ્પનાઓ પ્રજાના મનમાં જન્મી હતી જ્યાંસુધી જાહેર રીતે ન્યાય મન્દિરમાં એક કેદીની સત્તાવાર તપાસ ચાલી નહિ ત્યાં સુધી પ્રજામાં તર્કશાસ્ત્રીઓ પોતાની તર્કશક્તિને પ્રતાપે અનેક ગપો ઉડાવતાંજ રહ્યા અને જો કે એ ગપગોળાઓમાં સત્યનો ન્યુન અંશ હતો છતાં સત્ય બીનાથી તો પ્રજા અપરિચિતજ રહી હતી.

ન્યાયમન્દિરમાં પ્રથમ તપાસ કર્નલ વૅાલ્કૅાટ, રાઉઝ અને હનની ચાલી. તેમને પરહેજ કર્યા પછી દસેક દિવસ પછી, તારીખ પહેલી જુલાઈને દિને તેમને ઓલ્ડ બેલીના ન્યાયાલયમાં ખડા કરવામાં આવ્યા. પક્ષપાતી ન્યાયાધિશ ન્યાયાસનપર વિરાજ્યો હતો. *ટોરી જ્યુરી બોલાવવામાં આવી હતી અને જે હતભાગી વિદ્રોહીઓ કેદીના

* ટોરીઃ રાજાના પક્ષકાર.

પીંજરામાં ઉભા હતા તેમના એક વેળાના વિશ્વાસપાત્ર મનાતા સાથીઓજ તેમની સ્હામે જુબાની આપવા તૈયાર થઇ ઉભા હતા. વૉલ્કોટ અને રાઉઝે પોતાનાપર મૂકાયલા સઘળા દોષો માટે પોતાને નિર્દોષ જાહેર કર્યા. ખાસ કરી રાજા તથા ડ્યુકનું ખૂન કરવાની ધારણા રાખવાના આરોપનો અસ્વીકાર કરતી વેળાએ તેમનાં હૃદયમાં ભયંકર ક્રોધ ઉત્પન્ન થયો અને ક્રોધિત સ્વરે આવેશભરી ભાષામાં તેમણે એ દોષ તદ્દન જૂઠી રીતે તેમના પર મૂકવામાં આવ્યો છે એમ કહ્યું; પણ તેમણે રાઇહાઉસમાં કેટલાક ગૃહસ્થો સાથે રાજદ્રોહી મસલત ચલાવી હતી તેનો સ્વીકાર કર્યો. તેમની સ્હામે સાક્ષીઓ તરિકે કર્નલ રમ્ઝે, કીલીંગ, વેસ્ટ, શેપર્ડ અને બોર્ન રજુ થયા; પણ તેમની જુબાનીમાં તેમણે લૉર્ડ વિલિયમ રસેલ વિગેરે ઉમરાવો પણ એ વિદ્રોહમાં સંડોવાયલા હતા તે વિષે એક શબ્દ પણ કહ્યો નહિ. સરકારી કાયદાશાસ્ત્રીઓની ધારણા ઉમરાવો સ્હામે જે રીતે કાયદાસર કામ ચાલવાનું હતું તેથી તેમને અંધકારમાં રાખવાની હતી કે જેથી તેઓ જ્યારે તેમની ન્યાયાલયમાં તપાસ ચાલે ત્યારે પોતાનો બચાવ કરવામાટે ખાનગી કાઉન્સીલ સમક્ષ તાજના સાક્ષીઓએ જે જુબાની આપી હતી તેમાંથીજ કાયદાની દૃષ્ટિએ જે મુદ્દાઓ નીકળી શકે તે સિવાય બચાવનાં અન્ય સાધનો મેળવી ન શકે. વૉલ્કોટ, રાઉઝ અને હનને ન્યાયાધિશે ભયંકર રાજદ્રોહ માટે દોષિત ઠરાવ્યા અને તેમને દેહાંત દંડની સજા થઇ. ટાઇબર્નમાં તેમને થયલી સજાનો અમલ કરવામાં આવ્યો તે સમયે અસંખ્ય મનુષ્યોની મેદની ત્યાં ભેગી મળી હતી કે જેમાંનો મ્હોટો ભાગ હતભાગી કેદીઓ તરફ સહાનુભૂતિ ધરાવતો હતો; અને એ બિચારાઓના થનારા અકાળ મૃત્યુ માટે શોક દર્શાવતો હતો. વૉલ્કોટ અને રાઉઝ અંતિમ પલ સુધી હિમ્મત ટકાવી રહ્યા અને વધસ્થાન પર જતી વખતે પણ રાજા તથા તેના ભાઇનું ખૂન કરવાની તેમની ધારણા ન્હોતી એમ દૃઢતાપૂર્વક જણાવી તેમના ભયંકર ભાવીને શરણે થયા. પણ હનમાં તેવી હિમ્મત ન્હોતી. તે વધસ્થાન તથા જલ્લાદને જોઈ નેજ કમ્પી ઉઠ્યો અને દુઃખદ લવારો કરતો, પોતે પોતાના કૃત્યોનુંજ ફળ મેળવે છે એવું બકતો મૃત્યુવશ થયો. તેના અંતિમ લવારાથી જાણે તે ખરેખર, ગુન્હેગાર હોય એમ ઘણાને લાગ્યા વિના રહ્યું નહિ.

હવે આ વાત સુપ્રસિદ્ધ થઇ ગઈ કે, " રાઇ હાઉસ " ના ષડ

યંત્રકારો સ્હામે રાજવંશી બન્ધુઓનું ખુન કરવાની દુષ્ટ ઇચ્છા રાખવાનો ભયંકર આક્ષેપ મૂકવામાં આવ્યો હતો; અને જો કે કર્નલ રમ્બોલ્ડ સુરક્ષિત છટકી ગયો હતો; છતાં તેનું નામ પણ બીજા આરોપીઓ સાથે પ્રજામાં ચર્ચાતું હતું. સર લૉરેન્સ લી, લેડી લી તથા હેન્રી એટ્ટા રમ્બોલ્ડને પ્રજામાં થતી ચર્ચાથી અસહ્ય દુઃખ થતું હતું એમ કહેવાની લેશ માત્ર આવશ્યકતા નથી. લૉરેન્સ પોતાના શ્વસુર સંબંધી થતી ચર્ચા સહન કરી શક્યો નહિ. તે પોતાની ઇચ્છાથીજ એકદમ પોતાના રાજવંશી પિતાને મળવા રાજ્ય મહેલમાં ગયો અને હેન્રીએટ્ટાએ ફરગ્યુસન, શેપર્ડ, કર્નલ રમ્ઝે તથા રમ્બોલ્ડ વચ્ચે થયલી જે વાત ગુપ્ત રીતે સાંભળી હતી તે પરથી વિદ્રોહીઓની ધારણા કેવી હતી તેની સત્ય વિગત પોતાના પિતાને જણાવી. આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં રાજાએ તેને જણાવ્યું કે "વિદ્રોહીઓના નિશ્ચયમાં પરિવર્તન થતાં સમય લાગતો નથી. ત્હારી માતાએ સાંભળેલી વાત પછી પ્રપંચીઓના વિચાર બદલાયા હોય એમ સાક્ષીઓની જુબાની પરથી સિદ્ધ થાય છે. વળી મ્હેં કર્નલ રમ્બોલ્ડને બચાવવા માટે મ્હારાથી શક્ય પ્રયાસ કર્યો છે એટલે હવે જે બને છે તેમ ગુપચુપ જોયા કરવામા સાર છે." લૉરેન્સે કરૂણ ભાષામાં બાજી કેદીઓની તપાસ ચાલે ત્યારે પોતાની માતાની એક સાક્ષી તરિકે જુબાની લેવડાવવાની અરજ કરીઃ પણ ચાર્લ્સ તે સાંભળી ગુસ્સે થયો અને નિશ્ચિત તથા સખ્ત સ્વરે તેણે તેમ કરવાની સ્પષ્ટ ના પાડી. અત્યંત દુઃખી હૃદયે પોતાની માતા આ રાજદ્રોહી કાવત્રાં પર કેવી રીતે પ્રકાશ નાખી શકે તે વિષે હજારો યુક્તિઓ શોધવા માટે મગજ કસતો લૉરેન્સ ઘેર આવ્યો. વિદ્રોહી કેદીઓ સ્હામેના આરોપો એવી અતિશયોક્તિ ભરી ભાષામા ઘડવામાં આવ્યા હતા કે જાણે તેઓ મનુષ્યના આકારમાં શયતાનોજ હોય એવું બાહ્ય દૃષ્ટિએ જોનારને લાગે. આથી દોષિત પુરૂષોને ભયાનક શિક્ષા થશે એવી લૉરેન્સની ખાત્રી હતી. જો હેન્રીએટ્ટા પ્રપંચીઓની સત્ય ધારણા પ્રકાશમાં લાવે તો હતભાગી આરોપીઓના જીવનો બચાવ ઉપરાંત તેના પોતાના શ્વસુર વિષે 'ખુની,' લોહીના તરસ્યા, 'દુષ્ટ' વિગેરે નીંદ્ય અને તિરસ્કાર જનક વિશેષણોથી લોકો વાત કરતા હતા તેનો અન્ત આવે એવી લૉરેન્સની માન્યતા હતીઃ પણ તે ગમે તેટલો પ્રયાસ કરવા છતાં કંઇ યુક્તિ શોધી શક્યો નહિં કંઇ પણ પગલું લેવુંજ

જોઇએ—તેમ કરવાનું તેનું પવિત્ર કર્તવ્ય છે એવો નિશ્ચય કરી તે ઘેર આવ્યોઃ પણ તેનો એ નિશ્ચય અમલમાં મૂકાય એવી પ્રભુની ઇચ્છા ન્હોતી. લીન્કન્સ ઇન ફીલ્ડઝમાં પોતાના નિવાસ સ્થાનમાં રાજાને મળી તે પાછો આવ્યો ત્યારે તેની માતા તેની ગેરહાજરી દરમિયાન અચાનક માંદી પડી ગઇ હતી અને હેન્રીએટ્ટાની એ માંદગી તેની નિર્બલ માનસિક શક્તિને આભારી હતી. પલે પલે તાવનું જોર વધતું ગયું અને તે જ્વરની ઝૂમમાં લવારો કરવા લાગી. ત્રણથી ચાર અઠવાડિયા સુધી જગતમાં શું થાય છે તેના ભાન વિના હેન્રીએટ્ટા શય્યા પર પડી રહી. આ અણધારી માંદગીથી પોતાના શ્વસુરની રાઇ હાક્સિનો પ્રપંચ રચવામાં સત્ય ધારણા શું હતી તે પ્રકાશમાં લાવવાની અમારા નાયકની ઇચ્છા ધૂળમાં મળી ગઈ. તે પોતે સાક્ષી તરિકે ન્યાયાલયમાં જઇ શકે એમ ન્હોતુંઃ કારણ કે તે જે જાણતો હતો તે તેણે પોતાની માતાને મ્હોડે સાંભળ્યું હતું અને એ બીનાને ન્યાયાધિશ ગપ તરિકે ગણી તેને હસી કહાડે એવી સ્થિતિ હતી.

એ સમય દરમિયાન શું થતું હતું? વૉલ્કોટ, રાક્ઝિ અને હનની તપાસ થઈ ગઇ, તેમની સજા અમલમાં મૂકાઇ ગઈ ત્યાં સુધી મી૦ લીયો જેને ડ્યુકની સહી વાળો દસ્તાવેજ સીલ કરી કર્નલ રમ્ઝેએ સોંપ્યો હતો તેને કર્નલ રમ્ઝે તાજનો સાક્ષી થયો હતો તે વિષે ખબર મળી ન્હોતી. હવે તે તેનો સૈનિક મિત્ર તેની અમુક કેસમાં તપાસ થવાની જે વાત કરતો હતો તે કેસ કયો હતો તે સ્હમજી શક્યો. અત્યંત તિરસ્કારની લાગણી કર્નલ રમ્ઝે માટે મી૦ લીયોના દીલમાં પેદા થઇ; કારણ કે અમે પૂર્વે જણાવી ગયા છીએ તેમ તે ગીરફ્તાર થયલા હતભાગી ઉમરાવોના રાજકિય વિચારો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો હતો. સ્વાભાવિક રીતે તેના હૃદયમાં શંકા ઉત્પન્ન થઈ કે કર્નલ રમ્ઝેએ તેને સોંપેલા સીલબંધ કાગળમાં કોઈ ગમ્ભીર અને અત્યંત અગત્યની બાબતનો ઉલ્લેખ હોવો જોઇએઃ આવી શંકા જનમ્યા પછી સીલ તોડી તે પત્ર વાંચી જોવો કે કેમ તે વિષે તે ગમ્ભીર રીતે વિચાર કરવા લાગ્યો. જો કે તે એક પ્રખર ઉદારમતવાદી હતો છતાં તે અત્યંત દીર્ઘદર્શી અને બુદ્ધિવાન હતો અને જો કે તેનો સ્વભાવ ભીરૂ ન્હોતો છતાં

કોઈ પણ જાતના રાજદ્રોહી કેસમાં તેનું નામ સંડોવાય તે તે પસંદ કરતો ન્હોતો. આથી હવે તે પેલું પાકીટ પોતાના કબજામાં હોવાથી ડરવા લાગ્યો: પણ તેજ સમયે તે સીલ તોડયા વિના અસલ સ્થિતિમાં સત્તાવાળાઓને સોંપી દેવામાં પણ તેને વિશેષ ભય માલૂમ પડયો. કદાચ વર્તમાન રાજદ્રોહી કેસમાં સહાયભૂત થઇ પડે એવી હકિકત પણ તે સીલબંધ કાગળમાં હોય એ સમ્ભવિત છે એમ તેને લાગ્યું. આવા વિચારોમાં વૉલ્કોટ, રાઉઝ અને હનને દેહાંત દંડની સજા થઇ ગયા પછી કેટલાક દિવસો સુધી તે તે પત્ર ફોડી શકયો નહિ. પણ જ્યારે તેને ખબર મળી કે, બીજા કેદીઓની તપાસનો પણ ન્યાયાલયમાં અલ્પ સમયમાં આરંભ થવાનો છે ત્યારે તે સીલ તોડી તે માંહેનો પત્ર વાંચવાના દૃઢ નિશ્ચય પર આવ્યો. તેણે તે પત્ર વાંચ્યો. વાંચતાંજ તેની અજાયબીનો પાર રહ્યો નહિ. ડ્યુક ઑફ યોર્કને વિશ્વાસઘાતી કર્નલે પોતાનું અંતઃ-કરણ વેચવાનું જે સાટું કર્યું હતું તે જાણી કર્નલ માટે મી૦ લીયોના હૃદયમાં અસામાન્ય તિરસ્કાર અને ક્રોધની લાગણી ઉત્પન્ન થઇ. તે કર્નલ રમ્ઝેને નીચમાં નીચ વિશ્વાસઘાતી માનવા લાગ્યો: પણ અલ્પ સમય પછી કર્નલના ભાડુતી હૃદયના કરારનો દસ્તાવેજ પોતાની પાસે છે એ બીનાથી મી૦ લીયોને આનન્દ થયો. તેણે વિચાર કર્યો કે એ દસ્તાવેજની સહાયથી જે કેદીઓની હજુ તપાસ થઇ નથી તેમની સ્હામેના આરોપો સરકાર પક્ષ તરફથી તે પાછા ખેંચી લેવ-ડાવી શકશે અથવા ડ્યુક ઑફ યોર્ક તે દસ્તાવેજ કર્નલ રમ્ઝેને ફરી આપી પોતાના ભાઈ ચાર્લ્સ બીજાને પદભ્રષ્ટ કરી રાજ્યસિંહાસન ખૂંચવી લેવાનું જે નીચ કાવત્રું રચ્યું હતું તે મહારાજા સમક્ષ પ્રકટ કરી દેવાનો ભય બતાવી, આરોપીઓને ન્યાયાધિશ દોષિત ઠરાવી શિક્ષા કરે તે પછી પણ તેમને બચાવી શકશે એવો તે વિચાર કરવા લાગ્યો: થોડીક વાર પછી પુનઃ તેના વિચારોમાં પરિવર્તન થયું. તે પોતે ડ્યુક ઑફ યૉર્કને અમુક કામ કરવાની ફરજ પાડવાની હિમ્મત કરી શકયો નહિ: જાણી જોઇને ડ્યુક જેવા ઝેરી સાપને છેડવામાં સાર નથી એમ તેને લાગ્યું. આથી તે ગીરફતાર થયેલા ઉમરાવો-માંના એકને તે પત્ર આપી તેના તથા તેના અન્ય સહાયકોના સંરક્ષણ માટે ઉપયોગ કરાવરાવવાના ઠરાવ પર આવ્યો. અર્લ ઑફ એસેક્સ સાથે તેને ગાઢ મૈત્રી હતી અને એજ ઉમરાવને તે તેના

પ્રબલ શસ્ત્રરૂપ ડ્યુકના સહી સિક્કા વાળો પત્ર આપવા તત્પર થયો હતો. તારીખ ૧૨ જુલાઈ સુધી તે કોઈ કેદીને મળવાની રજા મેળવી શક્યો નહિ; પણ તા. ૧૨ મી એ ટાવરમાં પ્રવેશી તેના મિત્રને મળવાની પરવાનગી તેને મળી અને તે દિને તેણે પ્રસ્તુત પત્ર અર્લ ઑફ઼ ઇસેક્સના હાથમાં મૂક્યો.

બીજે દિને પ્રાતઃકાલે, તા. ૧૩ મી જુલાઇને દિને લૉર્ડ વિલિયમ રસેલની ઓલ્ડ બેલીના ન્યાય મંદિરમાં તપાસ થવાની હતી. મહારાજા ચાર્લ્સ સાથે કોઈ અગત્યની રાજકિય બાબત સંબંધી વાતચીત કરવાની આવશ્યકતા હોવાથી ડ્યુક ઑફ઼ યૉર્ક પ્રાતઃકાલે રાજાની મુલાકાતે ગયો. બન્ને ભાઇઓની વાત પુરી થઈ રહ્યા પછી ચાર્લ્સે બાકીનો દિવસ મોજમાં ગાળવા માટે કોઈ યુક્તિ ખોળી કાઢવાની ઇચ્છા પ્રકટ કરીઃ પણ ડ્યુક ઑફ઼ ;યોર્કે ટાવરમાં જઈ, બપોરે તે કેદીઓને જોવા માગે છે એમ કહી તેની સાથે કોઈ અન્ય સ્થલે સહેલ કરવા જવાની ના પાડી.

"હત્તારૂં ભલું થાય, જેમ્સ! આ વળી ત્હારા ભેજાંનો વિચિત્ર ધખારો! અથવા તો હું ધારૂં છું તે કરતાં તું વિશેષ ઝનૂની હોવો જોઇએઃ ટાવરની ભયંકર કોટડીઓમાં સબડતા બદમાસોના કરૂણ ડાચાં જોવાની તને કેમ ઇચ્છા થાય છે?—"

"કદાચ એ મ્હારા વિચિત્ર મગજનો ધખારો હોય અથવા હું વૈર ભૂખ્યો હોઉં એ બન્ને બાબતો શક્ય છે. ટૂંકામાં વાત એમ છે કે આપણા—મ્હારા દુશ્મનો પર વિજય મળેલો જોવામાં મને એક જાતનો આનંદ પ્રાપ્ત થાય છે—"

"બરાબર છે. મને પણ એવી લાગણી થાય છે, આપણા શત્રુઓને ધૂળ ચાટતા જોવામાં ખરેખર, મોજ છે. ચાલ ત્યારે, હું પણ ત્હારી સાથે ટાવરમાં આવીશ—" ચાર્લ્સે કહ્યું.

"તું, ચાર્લ્સ!—" આશ્ચર્ય ચકિત થઈ, પોતાના બન્ધુ તરફ દૃષ્ટિ કરી ડ્યુક બોલ્યો. તેના આશ્ચર્યમાં કંઇક નિરાશાનું મીશ્રણ પણ હતું; પણ ડ્યુકના વદન પરની નિરાશાની છાયા ચાર્લ્સ જોઈ શક્યો નહિ.

"અરે! ત્હારૂં ભલું થાય! શા માટે હું ન આવું? આપણે

"શસ્ત્રાગાર." "રત્ન મન્દિર," વિગેરેની તપાસ કરવાના બહાનાથી ત્યાં જઇશું અને—"

"પણ જે કારાગ્રહમાં પેલા રાજદ્રોહી બદમાસોને પૂરેલા છે ત્યાં એક રાજા જાય તે યોગ્ય ગણાશે?—" ડ્યુક ઑફ્ યોર્કે ઠપકા ભર્યા સ્વરે જણાવ્યું.

"જો જેમ્સ! જે નિયમ રાજાને લાગુ પડે તે રાજાના વારસને પણ લાગુ પડે છે! તું ઇંગ્લંડનો ભાવી મુકુટધર છે તો પછી તું કારાગ્રહમાં જાય તે પણ ત્હારા મત પ્રમાણે અયોગ્ય ગણાવું જોઇએ. જવા દે એ વાત. આપણે રાજમહેલમાંથી એક ક્રીડાનૌકામાં બેસી ન્હાના રસાલા સહિત ટાવરમાં જઈ આવીશું. એટલે આપણી ઇચ્છા પણ પાર પડશે અને સહેલ પણ થશે. ખરી વાતને?" ચાર્લ્સે પોતાના ભાઇને કહ્યું.

ડ્યુક પોતાના ભાઇનો તેની સાથે લંડન ટાવરમાં આવવાનો આગ્રહ જોઈ મહા મુશ્કેલીથી પોતાની મુઝવણ છૂપાવી શકયો. તેને ચાર્લ્સની વર્તણુકથી આ પળે કંઇક ભય પણ ઉત્પન્ન થયો; છતાં તે પહેલાં નંબરના આડમ્બરી હતો. તે પોતાના હૃદયના ભાવો નીપુણતાથી છૂપાવી શકયો. તે ચાર્લ્સને ઠપકાનો એક બીજો બોલ કહી શકયો નહિ અને રાજા સાથે ટાવરમાં જવા તૈયાર થયો. ક્રીડા નૌકા તૈયાર કરવાની આજ્ઞા અનુચરોને કરવામાં આવી અને પ્રાતઃકાલે લગભગ દસ વાગ્યાને શુમારે બન્ને રાજવંશી બન્ધુઓ ક્રીડા નૌકામાં બેસી પોતાની સાથે બે અંગરક્ષકો તથા બે નોકરો લઇ સહેલ કરવા નીકળી પડયા.

ક્રીડાનૌકા ટાવર પાસે આવી પહોંચી. રાજા અને ડ્યુક નૌકામાંથી નીચે ઉતર્યો. ટાવરનો લેફ્ટનંટ એકદમ દોડતો દોડતો પોતાના વિધાતાની સેવામાં હાજર થઈ ગયો. બન્ને ભાઇઓ શસ્ત્રાગારમાં જઇ પ્રાચીન શસ્ત્રો જોવા લાગ્યા. ચાર્લ્સ સંગ્રહસ્થાનમાં નવી આવેલી યુદ્ધ સામગ્રી નીહાળવામાં અત્યંત આનન્દ પ્રાપ્ત થવાથી ત્યાંજ ઉભો રહ્યો; પણ ડ્યુક ઑફ્ યૉર્કને શસ્ત્રો જોવામાં કંઈ રસ પડયો નહિ તેથી તે "જેવેલ હાઉસ" માં રાજાને મળવાનું વચન આપી શસ્ત્રાગારમાંથી બહાર નીકળી ગયો. ક્રીડાનૌકામાં તેમની સાથે જે અનુચરો આવ્યા હતા તેમાંના એકે ડ્યુક સાથે આવવાની

વિનંતી કરી; પણ તેણે તેને પોતાની સાથે આવવાની ના પાડી.

શસ્ત્રાગારમાંથી બહાર નીકળતાંજ સહેલ કરવા માટે ધીમે પગલે ચાલવાને બદલે ડ્યુક ઑફ઼ યોર્ક ઉતાવળથી પગલાં ભરવા લાગ્યો અને ટાવરના જે ભાગમાં રાજકિય કેદીઓની કોટડીઓ આવેલી હતી તે તરફ઼ ચાલ્યો ગયો. ડ્યુક તે ભાગમાં દાખલ થયો ત્યારે પ્રહરી એક બેંચ પર ઝોંકા ખાતો હતો; પણ ડ્યુકને જોતાંજ તે સાવધ થઇ ગયો કારણ કે તે પોતાના ભાવી મહારાજાને ઓળખતો હતો. પ્રહરી સાથે વાત કરતાં ડ્યુકને ખબર મળી કે આજે સ્હવારે લૉર્ડ વિલિયમ રસેલને ઓલ્ડ બેલીના ન્યાય મંદિરમાં લઇ જવામાં આવ્યો હતો કે જ્યાં તેની આજે તપાસ ચાલવાની હતી: આરોપી લૉર્ડ વિલિયમ રસેલની સાથે તેની સ્નેહાળ પ્રિયતમા લેડી રાશેલ હતી અને પ્રહરીના કહેવા પ્રમાણે લૉર્ડ રસેલના વદન પર હિમ્મત અને દૃઢતા છવાયલી હતી. પ્રહરીને બેદરકાર પ્રશ્નો પૂછતાં ડ્યુકને એ પણ માલૂમ પડ્યું કે દરેક રાજદ્રોહી કેદીને જૂદી જૂદી કોટડીમાં પૂરવામાં આવ્યા હતા. તેમની ઓરડીને તાળું મારવામાં આવ્યું ન્હોતું: પણ તેઓ ન્હાસી જઈ ન શકે તે માટે તેમની ઓરડીનાં બારણાં બહારથી લોખંડી સાંકળથી બંધ કરવામાં આવ્યાં હતાં.

"મ્હારી એવી ઇચ્છા છે કે એક સાચા ખ્રિસ્તી તરિકે એ રાજદ્રોહી કેદીઓમાંથી એક બેની મુલાકાત લઇ જે રાજાએ તથા તેના ભાઇએ તેમને લેશ માત્ર હાનિ કરી નથી તેમનો પ્રાણ લેવાની તેમની રાક્ષસી ઇચ્છા કેટલી દુષ્ટતા પૂર્ણ હતી તે વિષે તેમને બે બોલ કહી તેમની સદ્બુદ્ધિનો વિકાસ કરવો—" ડ્યુક ઑફ઼ યૉર્ક બોલ્યો.

"જેવી આપની ઇચ્છા, નામદાર! સેવક આપની સેવામાં હાજર રહેશે—" પ્રહરી બોલ્યો.

"ભલે—" ડ્યુક બોલ્યો: પણ બીજી પલે કંઈ બીજો વિચાર સ્ફૂરવાથી તેણે કહ્યું.

"નહિ હું એકલોજ જઇશ. મેં કિલ્લાના ઘણાખરા વિભાગો જોયલા છે અને આ વિભાગમાં પણ સામાન્ય રીતે હું તદ્દન અજાણ્યો નથી. અહિની જૂદી જૂદી કોટડીઓમાં જે જે કેદીઓ હોય

તેમનાં નામ મને જણાવો એટલે મને જેની મુલાકાત લેવાની ઇચ્છા થશે તેને મળી હું એ બોલ કહી પાછો ફરીશ—"

પ્રહરીએ તરત ડ્યુક માગેલો ખુલાસો કર્યો અને એક પાષાણનો દાદર ચ્હડી અર્લ ઑાફ ઇસેક્સને જે ઓરડીમાં પૂરવામાં આવ્યો હતો તે તરફ તે ગયો.

આ ઉમરાવનું વય ૩૯ વર્ષનું હતું. તેનો દેખાવ સુન્દર અને આકર્ષક હતો. તેના વદન પર તેજસ્વિતા હતી. આંખો સુન્દર અને ભુરી હતી તથા તેના માથાના વાળ પ્રકાશિત હતા. તે વિનયી, સુ-શિક્ષિત, અને બહાદૂર પુરૂષ હતો. તેના વિચારો ઉન્નત તથા ઉદાર હતા. જુલમીઓને તે અંતઃકરણથી ધિક્કારતો હતો; અને સમગ્ર દેશનાં ઉમરાવોમાં તેના રાજ્યદ્વારી વિચારો સૌથી ઉદાર હતા. સ્વરાજ્ય-વાદીઓના ક્રાન્તિકારક વિચારોનો તે પોષક ન્હોતો; છતાં બહુમત-વાદનો તે પ્રશંસક હતો. જો રાઇહાઉસના રાજદ્રોહી પ્રપંચમાં વિદ્રો-હીઓને વિજય મળ્યો હોત તો લૉર્ડ વિલિયમ રસેલ કરતાં પ્રજાને વધારે મુક્તતા અપાવવા તે તૈયાર થાત એ નિઃસંદેહ હતું. તેનો શારિ-રીક બાંધો કંઇક નાજુક હતો. અલ્પ સમય પૂર્વે તે માંદો પડ્યો હતો અને હતભાગ્યવશાત્ તેને કેદખાનામાં આવવું પડવાથી તેની તબિયત વિશેષ બગડવાથી તે બિછાનામાં પડ્યો હતો.

તેની ઓરડીના દ્વાર ઘણાં મજબૂત હતાં તથા તેની ન્હાની બારી-ઓને લોખંડી સળીઆથી સુરક્ષિત કરવામાં આવી હતી. ડ્યુક ઑાફ યોર્કે તે હતભાગી ઉમરાવની કોટડીમાં પ્રવેશ કર્યો ત્યારે અર્લ ઑાફ ઇસેક્સ બિછાનામાં પડ્યો પડ્યો એક પુસ્તક વાંચતો હતો. ડ્યુકને જોઇ તર-તજ તેણે હાથમાંનું પુસ્તક બાજુએ મૂક્યું. તેની ઓરડીમાંની વસ્તુઓ અસ્તવ્યસ્ત પડી હતી. બિછાનાના માથા આગળ એક ન્હાના ટેબલપર અર્લનો "ડ્રેસીંગ કેસ" ઉઘાડો પડ્યો હતો કે જેમાં અસ્રા, બ્રશો, સાબુ, તેલ, અત્તર અને બીજી કેટલીક વિલાસી ઉમરાવોને યોગ્ય સામગ્રીઓ પડી હતી.

"મને તમારી ચીઠ્ઠી મળી હતી, મારા લૉર્ડ! અને તમારી વિનંતી અનુસાર હું તમને મળવા આવ્યો છું." ડ્યુક ઑાફ યૉર્ક તે ઓરડીમાં જઈ, દ્વાર બંધ કર્યા પછી બોલ્યો.

"મ્હારી ચીઠ્ઠીથી આપ જાણી શક્યા હશો કે અણુધારી રીતે

મ્હારા હાથમાં અમુક દસ્તાવેજ આવી પડ્યો છે કે જે આપ નામદારના કબજામાં સાચવીને રાખવા જેવો છે—" અર્લ ઑફ઼ ઇસેક્સે જવાબ આપ્યો.

"કયો દસ્તાવેજ? તમારા હાથમાં તે શી રીતે આવ્યો?" ચાર્લ્સનો ભાઇ બોલ્યો.

"મ્હારી પાસે તે કેવી રીતે આવ્યો તે જાણવાની તમારે જરૂર નથી; એટલુંજ જાણવું પૂરતું છે કે મ્હારી પાસે તે છે. લો, આ જુઓ—"

એમ કહી તે ઉમરાવે પોતાના બિછાના નીચે હાથ નાખી એક કાગળ બહાર કહાડ્યો. તે ઉઘાડતાંજ ડ્યુકે તે પત્ર ઓળખી કહાડ્યો. પ્રથમથીજ તેને જે શંકા થઈ હતી તે સત્ય નીવડી. તે પત્ર કર્નલ રમ્ઝેને તેણે કરી આપેલો સત્તાવાર કરાર હતો.

"એ બદમાસ બધાનો વિશ્વાસઘાત કરે છે. કોઇની પણ સેવા તે વફાદારીથી બજાવતો નથી." રમ્ઝેપર ક્રોધિત થતો ડ્યુક મનમાં ગણગણ્યો.

"આપ નામદાર આ દસ્તાવેજ પીછાની શકો છો—" ડ્યુક જોઇ શકે એવી રીતે પોતાના હાથમાં તે પત્ર પકડી અર્લ બોલ્યો. તેની સ્હામે ઉભેલો પુરૂષ તેના હાથમાંથી તે કાગળ ખૂંચવી ન લે તે માટે તેણે તે જોસથી પકડી રાખ્યો હતો અને તેના વદનપર પણ તેણે દૃઢતા છવાવી હતી.

"હું એ દસ્તાવેજને ઓળખી શકું છું" ડ્યુકે પોતાની હમ્મેશની કૃત્રિમ શાન્તિ જાળવી રાખી, કંઇક કટાક્ષથી કહ્યું.

"આ કાગળ તમારા હાથમાં છે તેથી તમારૂં શું વળવાનું છે? તમે મને અત્રે શા માટે બોલાવ્યો હતો?—"

"આ દસ્તાવેજમાં હમણાં જેઓ કેદમાં છે તે બધાને મુક્ત કરાવવાની જાદુઇ શક્તિ છે. ત્રણ ગૃહસ્થોને ફાંસી દેવામાં આવી છે તેમને પુનઃ જીવંત કરી શકાય એમ નથી; પણ જેઓ બાકી રહ્યા છે અને જેમને મૃત્યુના પંઝામાં સપડાવવા સત્તાધિશો તૈયાર થયા છે તે સર્વના બુઝાઇ જતા જીવનદીપકોને આ દસ્તાવેજ પુનઃ તેજસ્વી કરી શકશે. સ્વાર્થપરાયણ થઈ હું આ પગલું ભરૂં છું એમ ન ધારતા કારણ કે જો તમે મારી એકલાની જીંદગી બચાવવાની સરતથી આ

ભયંકર કાગળ તમારા કબજામાં લેવા તૈયાર થશો તો હું એ સરતનો સ્વીકાર કરીશ નહિ. મ્હારી સાથે મ્હારા બધા સાથીઓની સ્વતંત્રતાના બદલામાં આ પત્ર મળી શકશે—" અર્લે પ્રત્યુત્તર આપ્યો.

"ઉન્નત હૃદયી ગણાતા અર્લ ઑફ ઇસેક્સ પોતાનાં દુષ્કૃત્યોના ભાવી પરિણામથી ભય પામી પોતાના ગુનેહગાર સાથીઓનું સંરક્ષણ કરવાના બહાના નીચે પોતાનો ભય છૂપાવે છે તે જોઈ મને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે—" ડયુક ઑફ યૉર્ક કટાક્ષ કરતો બોલ્યો.

"અર્લ ઑફ ઇસેક્સ મૃત્યુથી ડરતો નથી..." તે ઉમરાવ ઉચિત અભિમાનથી, ઉસીકા પર હાથ ટેકાવી બોલ્યો. "પણ જ્યારે મ્હારી પાસે મ્હારી અને મ્હારા અન્ય સાથીઓનાં જીવન બચાવવાની જાદુઈ ચાવી છે તો પછી તેનો ઉપયોગ નહિ કરતાં ભયંકર ભાવીને શરણે થવું એ મૂર્ખતા છે. વળી આપ નામદાર કબૂલ કરશો—નહિ—આપને કબૂલ કરવુંજ પડશે કે જ્યારે જૂઠી અને બાહુતી જુબાનીઓને આધારે દેશાભિમાની પુરૂષો સ્હામે ભયંકર જૂઠા આરોપો મૂકી તેમને ખૂની ઠરાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે તેઓ તેમના બચાવ માટે જે પણ ઉપાયો લે તે બધા કાયદેસર અને યોગ્ય ગણવા જોઈએ."

"તમે એક દૃષ્ટિએ કટાક્ષથી અને બીજી દૃષ્ટિએ અભિમાનથી આ શબ્દો ઉચ્ચારો છો" રાજાના ઉમરાવ બન્ધુએ ટીકા કરી. આ સમયે તે હવે શું માર્ગ લેવો તેનો મનમાં વિચાર કરતો હતો.

ખરેખર, તેની સ્થિતિ અત્યંત ભયભરી હતી. ગીરફતાર થયલા ઉમરાવો તરફ કાઉન્સીલમાં તેણે સૌ કરતાં વિશેષ કરડાકી અને ધિક્કાર વ્યક્ત કર્યા હતાં. હવે તે તેમનો પક્ષ લઈ તેમને શી રીતે બચાવી શકે? બીજા હાથપર તે અર્લ ઑફ ઇસેકસના કબજામાં પેલો ભયંકર પત્ર પણ શી રીતે રહેવા દઈ શકે? જો એ પત્ર અર્લ પાસે રહે તો મહારાજા સામે વિદ્રોહ કરવા માટે—સમ્રાજ્ઞી સ્હામે પ્રપંચ રમવા માટે તે દોષિત ઠરે તેમ હતું. વર્તમાન સમયે તે રાજદ્રોહીઓનો ન્યાયાધિશ હતો! જો પેલો ભયંકર દસ્તાવેજ રાજાના હાથમાં જાય તો તેને ન્યાયાસન પર નહિ. પરંતુ કેદીના પીંજરામાં ઉભા રહેવાની ફરજ પડે તેમ હતું. વળી એજ પત્ર પરથી રુકે તેનો બાહુતી માણસ હતો—તેની સહાયથી તે રાજાને પદભ્યુત કરવા ચાહતો હતો—એ બધું માલૂમ પડી આવે એમ હતું. એજ બાહુતી હૃદયપર વિશ્વાસ

રાખી ત્રણ પુરૂષોને ફાંસીની સજા થઇ હતી અને તેવીજ જુબાનીને આધારે લૉર્ડ વિલિયમ રસેલની આજે ન્યાયાલયમાં તપાસ થતી હતી. ડ્યુક આ પક્ષે શું કરવું તેનો વિચાર કરતાં ગભરાઇ ગયો હોય તો તેમાં આશ્ચર્યજનક કાંઈ નથી, તે જે શબ્દો બોલતો હતો તે હિમ્મતથી નહિ; પણ ચાવી આપેલા યંત્ર પેઠેજ બોલતો હતો.

"હવે—" અર્લ ઑફ઼ ઇસેક્સે પૂછ્યું.

"હવે આપ નામદાર શું નિશ્ચય પર આવ્યા છે ?"

ડ્યુક આ પ્રશ્નનો જવાબ આપવા માટે વિચાર કરતો હતો તેટલામાં તે જ્યારે તે ઓરડામાં આવ્યો ત્યારે અર્લ જે પુસ્તક વાંચતો હતો અને જે તેણે ડ્યુકને જોઈ બિછાનાની પાસેના ટેબલ પર ઉઘાડુંજ મૂકી દીધું હતું તે પર તેની નજર પડી. અચાનકજ ડ્યુકની નજર તે પર ઠરી; પણ મથાળાપરનો એક શબ્દ જોઈ તેનું તેપર વિશેષ લક્ષ ખેંચાયું. તે શબ્દ "આત્મઘાત" હતો.

"તમારી પાસે અહિં એક વિચિત્ર પુસ્તક છે, મ્હારા લૉર્ડ !" તે પુસ્તક હાથમાં લઇ તેણે અર્લને કહ્યું. તે પછી તેણે બેચાર પાનાં પર ઉડતી નજર નાખી તો તેને જણાયું કે આત્મઘાતપર લેખકે એક નિબંધ લખ્યો હતો અને તેમાં તેણે એવું પૂરવાર કરવાનો પ્રયત્ન કર્યો હતો કે કેટલાક સંયોગોમાં આત્મઘાત પણ ન્યાયયુક્ત અને ક્ષન્તવ્ય છે.

"મ્હારી બીજી ચોપડીઓ સાથે આ ચોપડી પણ અત્રે આવી ગઇ છે." તે ઉમરાવ બોલ્યો. ત્યાર પછી તે કટાક્ષ પૂર્ણ સ્વરે બોલ્યો.

"પણ આપ એમ ન ધારતા કે જો કદાચ મને દેહાંતદંડની સજા થશે તો જલ્લાદની તલવારથી ડરી જઈ હું આત્મઘાત કરીશ. હવે હું ફરીથી આપ નામદારને યાદ આપું છું કે આપનો નિશ્ચય શું છે ? સમય પસાર થઈ જાય છે અને આપ આપનો ઠરાવ મને જલદી જણાવી દો તે ઇચ્છવા યોગ્ય છે. બોલો, આપની શી ઇચ્છા છે ?—"

"મને એ કાગળ આપી દો અને હું વચન આપું છું કે તમારે માટે હું શક્ય પ્રયાસ—"

"નહિ—" અર્લ વચ્ચે બોલી પડયો.

"જે પત્ર અમારી સર્વની સુરક્ષિતતાની જાદુઇ ચાવી જેવો અથવા અમારા પ્રબલ શત્રુ પર વેર વાળવાના ભયંકર સાધન જેવો છે તે હું આપને કદિપણ આપી શકીશ નહિ. આપની પાસે મ્હેં જે

માગણી કરી છે તે બધી પૂર્ણ કરો અને ત્યાર પછી હું વચન આપું છું કે એ પત્ર આપને સ્વાધિન કરવામાં આવશે. વિશ્વાસ રાખો, મ્હારા નામદાર! અર્લ ઑફ ઇસેક્સે કદિ વચન ભંગ કર્યો નથી અને કરશે પણ નહિ; પણ ત્યાં સુધી તો આ પત્ર મ્હારી પાસેજ રહેશે—"

આટલું કહી તે ઉમરાવ તે પત્ર પુનઃ પોતાના ઉશીકા નીચે મૂકવા માટે બીછાના તરફ ફર્યો. એક ભયંકર વિચાર ડ્યુકના મગજમાં આ પલે આવ્યો. જે હાથે તેણે પેલું પુસ્તક ટેબલ પર પાછું મૂક્યું હતું તેની પાસેજ અર્લનો "ડ્રેસીંગ કેસ" હતો અને તે કેસમાં અસ્ત્રા પડેલા હતા. ડ્યુકે એક અસ્ત્રો હાથમાં લીધો અને ત્યાર પછી જે બન્યું તે આંખના એક પલકારામાં બની ગયું. અર્લ ઑફ ઇસેક્સ ઉશીકા નીચે પેલો પત્ર મૂકતો હતો ત્યારે થોડીક પલો સુધી તેની પીઠ ડ્યુક તરફ રહી. આ સમયનો ડ્યુકે ભયંકર લાભ લીધો. તેણે પોતાના સઘળા જોરથી જરાપણ લાગણી કે ભય વિના પોતાના હાથમાંનો અસ્ત્રો, અર્લના ગળામાં ઘોંચી દીધો. એક પલ અસહ્ય યાતનાથી અર્લ તરફડ્યો–એક કરૂણ મંદ ચીચીયારી સંભળાઇ અને પછી ખલાસ! તેજ પલે તેનું મૃત્યુ થયું. હતભાગી બિચારો! તે ક્રૂર, મનુષ્યત્વહીન ડ્યુકના ભયંકર વૈરાગ્નિની પ્રબલ લાહ્યમાં બળીને ખાખ થઇ ગયો! ડ્યુકના પ્રચંડ ઘાએ તત્ક્ષણ તે હતભાગીનો પ્રાણ લીધો કારણ કે તે ક્રૂર અને મનુષ્યત્વહીન પુરૂષે તેને એવા પ્રબલ આવેશથી અસ્ત્રો માર્યો હતો કે જેથી શ્વાસોશ્વાસની નળી સહિત તેનું ગળું કપાઇ ગયું હતું.

ડ્યુકના હાથપર લોહીની ધારા આવી; પણ તેના વસ્ત્રોપર રક્ત બિન્દુ પડ્યાં નહિ. તેણે મૃત અર્લનો હાથ ઉંચો કર્યો—બીછાનાપરની ચાદર પર પડતા લોહીમાં તે હાથ બોળ્યો અને ત્યાર પછી તેને ગળા નજીક છાતીપર મૂક્યો. વળી તેણે પેલો અસ્ત્રો બીછાના પર એવી જગ્યાએ મૂક્યો કે જાણે તે અર્લના રક્તથી ભીંજાયલા હાથમાંથીજ ત્યાં પડી ગયો હોય એવું જણાય. ડ્યુકે પોતાના રૂમાલથી પોતાના હાથ પરના લોહીના ડાઘાઓ લૂંછી નાંખ્યા. તે પછી તેણે પોતાના હાથ પર મોજું પહેરી લીધું. બીછાનાના ઉશીકા નીચેથી તેણે પેલો ભયંકર પત્ર ઉપાડી લીધો કે જે મેળવવા માટે તેણે એક નિર્દોષ અને સત્ય-વચની પુરૂષનું ખૂન કર્યું હતું. તે પત્ર લઇ ડ્યુક–ઈંગ્લંડનો ભાવી મુકુટધર અર્લ ઑફ ઇસેક્સનો ખુની તે ઓરડીમાંથી બહાર નીકળ્યો.

દ્વાર બંધ કરી તેણે પોતાના મ્હોપર શાન્તિ છવાવી દીધી અને દાદર ઉતર્યા પછી પ્રહરી સાથે થોડીકવાર વાતચીત કરવા તે ઉભો રહ્યો. જતી વખતે તેણે પ્રહરીને એક સોના મહોર આપી રાજી કર્યો અને કેદીઓપર બારીક નજર રાખવાની તેને સૂચના આપી.

વદન પર કૃત્રિમ શાન્તિ ધારણ કરી તે "જ્વેલ *હાઉસ" માં ગયો જ્યાં તેને તેનો ભાઇ મળ્યો. તેના હૃદયમાં તેને ગમે તેવા ભયાનક વિચારો આવ્યા હોય છતાં આ સમયે તેણે બહારથી જેવો દેખાવ રાખ્યો હતો તે ખરેખર આશ્ચર્યજનક હતો. બન્ને ભાઇઓ તાજ તથા અન્ય મૂલ્યવાન રત્નો જોઇ મહેલ તરફ જવા માટે ક્રીડા-નૌકા તરફ આવ્યા. તેઓ નૌકામાં બેસવાની અણીપર હતા એટલામાં એક દુતે આવી અર્લ ઑફ ઇસેક્સે આત્મઘાત કરવાની ભયંકર વાત સંભળાવી. રાજા આ ખબર સાંભળી ચમકી ગયો. ડયુકે પણ તેવીજ લાગણી અનુભવવાનો આડમ્બર કર્યો. ચાર્લ્સને તે જે સમયે ત્યાં આવ્યો હતો તે સમયેજ આ બનાવ બનવાથી એક પ્રકારનો ભય ઉત્પન્ન થયો. તે બોલ્યોઃ "અરે! ઇશ્વર! જ્યારે આપણે અહિં આવ્યા હતા ત્યારેજ આ બનાવ બન્યો એ ઘણું ખરાબ થયું—"

"ખરી વાત છે. દેશમાં એવા બદમાસો પણ છે કે આ કામ આપણે કર્યું છે એમ કહેતાં પણ અચકાશે નહિ." ડયુક ઑફ યૉર્ક બોલ્યો.

બન્ને રાજવંશી ભાઇઓ ક્રીડાનૌકામાં બેઠા અને થેમ્સ નદિના વક્ષસ્થલપરથી કૂદતી નૌકા રાજમહેલ તરફ ચાલી. જ્યારે રાજવંશી નૌકા રાજમહેલ તરફ જતી હતી ત્યારે ટાવરનો લેફ્ટનંટ અર્લ ઑફ ઇસેક્સના આત્મઘાતનો રિપોર્ટ તૈયાર કરતો હતો. મુરદાની સ્થિતિ, જમણો હાથ ગળું કાપી નાખ્યા પછીજ જાણે છાતીપર પડયો હોય તેમ પડયો હતો તે પરથી અને જે જગ્યાએ અસ્ત્રો પડયો હતો તે જગ્યાએ જાણે ગળું કપાયા પછી તે હાથમાંથી પડી ગયો હોય એવું લાગતું હોવાથી તથા અંતે આપઘાત કરવામાં પાપ નથી એવું પૂરવાર કરનારૂં પુસ્તક ત્યાં ટેબલપર પડેલું મળી આવવાથી

* જ્વેલ હાઉસ–રત્નમંદિર (કિમતી હીરામોતીના અલંકારો તથા રાજવંશી મુકુટો રાખવાનું ઘર).

અર્લ ઑાફ ઇસેકસે નિઃસંદેહ આત્મઘાત કર્યો હતો એમ ટાવરના લેફ્ટનંટે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું.*

---

* Evelyn, who lived in that age and whose interesting Diary is so well-known, records the following observations in respect to the tragic occurence :—" The astonishing news were brought to us of the Earl of Essex having cut his throat, having been but three days a prisnor in the Tower, and this very day and instant that Lord Russel was on his trial and had sentence of death. This accident exceedingly annoyed me, my Lord Essex being so well-known by me to be a peson of such sober and religious deportment so well at his ease, and so much obliged to the King. It is certain the King and Duke were at the Tower, and passed by his window about the same time this morning, when my Lord, asking for a razor, shut himself into a closet and perpetrated the horrid act. Yet it was wondered by some, how it was possible he should do it in the manner he was found ; for the wound was so deep and wide that being cut through the gullet, windpipe and both the jugulars, it reached to the very vertebræ of the neck ; so that the head held to it by a very little skin, as it were. The gaping of the razor and cutting his own fingers was a little strange., but more—that having passed the jugulars, he should have strength to proceed so far that an executioner could hardly have done more with an axe. There were old reflections on it.

Evelyn જે તે સમયે થઈ ગયો હતો તે પોતાની સુપ્રસિદ્ધ નોંધપોથીમાં આ કરૂણ બનાવ સંબંધી નીમ્ન ઉલ્લેખ કરી ગયો છે: "લોર્ડ વિલિયમ રસેલની ન્યાય મંદિરમાં તપાસ થઇ તથા તેને દેહાંતદંડની સજા થઇ તે દિવસે અને તેજ પલે, ટાવરમાં ફક્ત ત્રણ દિવસનું કેદખાનું ભોગવવું પડવાથી અર્લ ઑાફ ઇસેકસે પોતાનું ગળું કાપી નાખી આત્મ હત્યા કરવાના આશ્ચર્યજનક સમાચાર મળવાથી મને અત્યંત દુઃખ થયું હતું. હું નામદાર ઉમરાવસાહેબને સારી રીતે ઓળખતો હતો અને

પ્રકરણ ૩૭ મું.

ન્યાયનું ખૂન.

એ સમયે એ ઇતિહાસ પ્રસિદ્ધ દિને ઓલ્ડબેલીના ન્યાયમન્દિરમાં લૉર્ડ વિલિયમ રસેલ પર મૂકવામાં આવેલા રાજદ્રોહના ભયંકર આરોપની તપાસનો પ્રારમ્ભ થઈ ચૂક્યો હતો. કર્નલ રમ્બોલ્ડની તપાસ ચાલી તે સમયે, અમે ઇંગ્લંડના એ અંધકાર યુગમાં એકતંત્રી શાસનના પૂજારીઓ, રાજાની સત્તા ટકાવી રાખવા માટે અને મુકૂટધરનું દૈવત્વ સ્વીકારાવવા માટે સ્વરાજ્યવાદીઓ તથા ઉદારમતવાદીઓ તેમના પંઝામાં સપડાઇ જતા ત્યારે પોતાના દ્રવ્યનો છૂટે હાથે ઉપયોગ કરી, પ્રજામત આરોપીની વિરૂદ્ધ ઉશ્કેરવા માટે કેવા કેવા પ્રયત્નો કરતા તે અમે વિસ્તારપૂર્વક જણાવી ગયલા હોવાથી અત્રે તે વિષયનો પુનરોલ્લેખ કરવાની આવશ્યકતા નથી. રાજ્યપક્ષ તરફથી પોતાના પક્ષને સબળ બનાવવા માટે શક્ય પ્રયાસ આ સમયે પણ થયા હતા. આ સમયે કહેવાની જરૂર છે, કે ન્યાયમન્દિરમાં ઉચ્ચ કુલીન ઉમરાવો અને ઉમરાવજાદીઓ તથા સામાન્ય વર્ગના નરનારીઓની ભારે ગીરદી

તેમનું હૃદય ગમ્ભીર, ધર્મશીલ તથા રાજા તરફ આભારની લાગણીથી ભરેલું હતું. એ તો નિઃસંદેહ છે કે એ પ્રાતઃકાલે લગભગ એજ સમયે મહારાજા તથા ડચુક ઑફ યૉર્ક ટાવરમાં ગયા હતા અને અર્લની કોટડીની બારી આગળથી પસાર થયા હતા કે જ્યારે નામદાર અર્લે એક અસ્ત્રો માગી, દ્વાર બંધ કરી ભયંકર આત્મ હત્યા કરવાનું કહેવામાં આવ્યું છે. છતાં અજાયબ જેવું છે કે જેવી સ્થિતિમાં તેમનું શબ મળી આવ્યું હતું તેવી સ્થિતિમાં તે હોય એવી રીતે તે એ કૃત્ય કેવી રીતે કરી શક્યા હશે! તેમના ગળામાંનો જખમ એટલો બધો ઉંડો અને પહોળો હતો કે શ્વાસોચ્છવાસની નળી કપાઈ જવા ઉપરાંત આખી ગરદનનો ઘણો ખરો ભાગ જખેહ થઇ ગયો હતો. અને તેમનું માથું થોડીક ચામડીને રહી જવાને લીધેજ શરીરથી જૂદું પડી ગયું નહોતું. અસ્ત્રાથી પડેલા કાપો તથા તેમની પોતાની આંગળીને થયલા જખમો, એ બે બનાવો પણ વિચિત્ર હતા. પણ તેથી પણ વધારે આશ્ચર્યજનક બીના એ હતી કે ગરદનપરનો જખમ એટલો બધો ઉંડો હતો કે એક જલ્લાદ પણ જેવી રીતે ઘા ન કરી શકત તેવો ઘા કરવાની શક્તિ અર્લમાં કેવી રીતે આવી હશે? આ વિષયપર પ્રાચીન કાળથી જૂદાજૂદા તર્કવિતર્ક ચાલ્યા કરે છે.

થઈ હતી. કેટલાકો પોતાની હાજરીથી આરોપીને હિમ્મત તથા પ્રોત્સાહન આપવા આવ્યાં હતાં જ્યારે કેટલાકો તેની પડતી જોઇ મલકાવા તથા આરોપીના બળતા હૃદયને વિશેષ બાળવા માટે ન્યાયાલયમાં આવી બેઠાં હતાં. પ્રેક્ષકોમાં એકતંત્રી શાસનના પુજારીઓ પણ હતા અને સ્વાધીનતાનાં ઉપાસકો પણ અસંખ્ય હતાં. જે જ્યુરી ન્યાયાધિશની સાથે બેઠી હતી તેમાંના ગૃહસ્થો ચૂંટતી વખતે લંડનના ટોરી શેરીફોએ ઘણી ચાલાકી વાપરી હતી અને રાજ્યપક્ષને ચું કે ચાં કર્યા વિના ટેકો આપનારા પૂતળાઓનેજ આજની જ્યુરીમાં સ્થાન મળ્યું હતું. પ્રધાન ન્યાયાધિશ લૉર્ડ પેમ્બરટન ન્યાયાસનપર વિરાજ્યો હતો અને સર રૉબર્ટ સૉયર સરકાર પક્ષનો ધારાશાસ્ત્રી હતો.

મહારાજા તથા કાઉન્સીલ સમક્ષ લૉર્ડ વિલિયમની તપાસ થઇ તે સમયે તેના વદનપર જેવી દૃઢતા તથા શાન્તિ હતી તેથી વિશેષ દૃઢતા તથા શાન્તિ ન્યાયાલયમાં કેદીના પિંજરામાં આવતાં લૉર્ડ વિલિયમના વદનપર આવી. તેનો કેસ નીકળતાંજ એક કરૂણ બનાવ બન્યો. કેદીએ પોતાની સ્હામ જે સાક્ષીઓ જુબાની આપવાના હતા તેમની જુબાનીની નોંધ લેવા માટે પોતાને લેખન સામગ્રી આપવાની તથા પોતાના કોઇ માણસને તે કામમાં મદદ કરવા દેવાની ન્યાયાધિશને વિનંતી કરી.

પ્રધાન ન્યાયાધિશે તેની વિનંતીનો સ્વીકાર કરી કહ્યું:

" આપને ખડીઓ, કાગળ અને કલમ પૂરાં પાડવામાં આવશે, મ્હારા લૉર્ડ! અને આપના મિત્રો અથવા અનુચરોમાંથી જે કોઇ કોર્ટમાં હાજર હોય તેને આપના સેક્રેટરી તરિકે આપને સહાય કરવાની હું રજા આપું છું:—"

" મ્હારા લૉર્ડ! મ્હારી પત્નિ એ કામ બજાવશે." લૉર્ડ રસેલે જવાબ આપ્યો.

ત્યાર પછી કેદીના પીંજરાની નજીક એક ન્હાની નીચી બેંચપરથી લેડી રાશેલ—લૉર્ડ વિલિયમની સ્નેહાળ પત્નિ ઉભી થઇ. તેના વદનપર શાન્તિ, હિંમ્મત, દૃઢતા અને સ્નેહાળતા હતી. પોતાના પ્રિયતમની આફતમાં ભાગ લેવા તે નિરંતર તૈયાર રહેતી. હમણાં પતિની સેવા બજાવવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી તેને આનંદ થયો. તેણે પોતાના ઉમરાવ પતિ તરફ એક પ્રેમાલ નજર ફેંકી અને બીજી પલે બધાં પ્રેક્ષકોની દૃષ્ટિ તેના તરફ ફરવાથી, શરમને લીધે તેણે નીચું જોયું.

તેને જોઈ પ્રેક્ષકોમાંના મોટા ભાગની સહાનુભતિ તેના તરફ ખેંચાઈ. ઘણાં નરનારીઓને આ હતભાગી પણ સ્નેહાળ સુન્દરીની દયા આવી. અનેક સ્ત્રી પુરૂષોના ગાલપરથી લેડી રશેલનું કરૂણ વદન જોઇ અશ્રુ બિન્દુઓ સરી પડયાં. તે ન્યાય મન્દિરમાં અનેક એવાં હૃદયો હતાં કે જે જાડા કપડાંથી ઢંકાયલા હોવા છતાં લેડી રશેલની દશા જોઇ દુ:ખી થયા. લલનાઓનાં કોમલ અન્તરો પર તો એ બિચારીની દુ:ખદ દશાથી પ્રચંડ ઘા થયો એટલુંજ નહિ પણ કોઇ કોઇ પલે તો પ્રેક્ષકો દુ:ખી કેદી તથા તેની સ્નેહાળ પ્રિયતમાને જોઇ ડૂંસકાં ખાઇને રોતાં હતાં. ખરેખર, તે એક અતિ કરૂણ દેખાવ હતો.

પહેલો સાક્ષી કર્નલ રમ્ઝે હતો. તેને શરમ ન્હોતી—લાજ ન્હોતી—લાગણી ન્હોતી. હિમ્મતથી, લાગણીહીન હૃદયે તેણે હતભાગી રસેલની વિરૂદ્ધ જુબાની આપવાની શરૂઆત કરી. રાજા તથા કાઉન્સીલ સમક્ષ તેણે જે વિગત રજુ કરી હતી તેજ વાત તેણે અત્યારે પુન: કહી સંભળાવી. તેની જુબાનીમાં કિંચિત્ત સત્ય ઉપરાંત બાકીનું હડહડતું જૂઠાણું હતું. બીજી જુબાની શેપર્ડ—કિંગ્સ આર્મ્સ પીઠાંવાળાની લેવામાં આવી અને તેણે રાઇહાઉસના પ્રપંચીઓનો ખુની ઇરાદો હતો એવું કસમ પૂર્વક જણાવ્યું. કર્નલ રમ્ઝેએ પ્રથમથીજ તેણે વિદ્રોહીઓની ખૂની ધારણા લૉર્ડ વિલિયમને જણાવી દીધી હતી અને તેણે તથા તેના સાથીઓએ તેને અનુમોદન આપ્યું હતું એમ સોગન પર જણાવી દીધું હતું.

ત્રીજો સાક્ષી લૉર્ડ હાવર્ડ હતો. આ વિશ્વાસઘાતી ઉમરાવ નીચ અને વિષય લંપટ હતો. અયશઆરામ તથા વૈભવ વિલાસમાંજ નહિ પણ ધિક્કારપાત્ર વ્યભિચારમાં તે યુવાનીના આરંભથી આજસૂધી રચીપચી રહ્યો હતો અને તેથી તેનો શારિરિક બાંધો નબળો પડયો હતો—તેની આંખોની આસપાસ તેની વ્યભિચાર તરફની અત્યંત પ્રીતિ વ્યક્ત કરનારા કાળા ડાઘ પડયા હતા તથા હજુ તેની પ્રબલ કામ વાસનાને અંત આવ્યો ન્હોતો. હજુ પણ કામવાસનાનું તેના હૃદયમાં પ્રાબલ્ય હતું, અને જો કે વૃદ્ધાવસ્થાએ તેનાપર હૂમલો કરવા માંડયો હતો છતાં યુવાન—સુન્દર સ્ત્રીઓને જોતાંજ તેની આંખોમાં વીજળી ચમકતી. આ નીચ વિશ્વાસઘાતી—વ્યભિચારી ઉમરાવ જ્યારે સાક્ષીના પીંજરામાં આવી ઉભો રહ્યો ત્યારે અનેક પ્રેક્ષકોના હૃદયમાં તેને માટે અસામાન્ય

ધિક્કાર પેદા થયો. તેણે ન્યાયાલયમાં ચારે તરફ દૃષ્ટિ કરી. સર્વત્ર તેને પોતા તરફ ધિક્કાર જ જણાયો. તેણે પાંપણો નમાવી શરમથી નજર નીચી કરી.

લૉર્ડ હાવર્ડ ઑાફ એસ્રીકને એટર્નીજનરલે મુખ્ય મુખ્ય પ્રશ્નો પૂછવા માંડયા! તેની પ્રશ્નો પૂછવાની રીતિજ એવી હતી કે તે સાક્ષી તરફથી અમુક જવાબજ મળવો જોઈએ એવી સૂચના પણ સાક્ષીને તેમાં મળી જતી. શેપર્ડ તથા કર્નલ રમ્ઝેની જુબાની પેઠે લૉર્ડ હાવર્ડની જુબાની પણ હડહડતા જૂઠાણાથી ભરપૂર હતી. તે વિશ્વાસઘાતક ઉમરાવ લૉર્ડ રસેલનો સાથી હતો એમ કહેવાની તેને ફરજ પાડવામાં આવી અને તે પછી તેણે રાજા તથા ડ્યુકનાં ખૂન કરવાનો હેતુ રાખવામાં આવ્યો હતો એવો એકરાર કર્યો.

લૉર્ડ હાવર્ડ એટર્ની જનરલના કેટલાક મુખ્ય પ્રશ્નોનો હજુ તો જવાબ આપતો હતો એટલામાં એક ભયચકિત માણસ જે હમણાંજ કોર્ટમાં દાખલ થયો હતો તેણે એક બીજા પુરૂષને કહેલા કેટલાક ભયંકર શબ્દો તે દુષ્ટ ઉમરાવને કાને અથડાયા. અર્લ ઑાફ ઇસેક્સે આત્મહત્યા કરી! આ તે ભયંકર શબ્દો હતા. એ ભયજનક ખબર સાંભળતાંજ તે દુષ્ટ ઉમરાવ થરથરી ગયો. તેની સ્હામે, જો તે તાજનો સાક્ષી ન થયો હોત તો ખૂનનોજ આરોપ મૂકવામાં આવ્યો હતો અને તે માટે તેને ફાંસી સિવાય બીજી શિક્ષા થવાની ન્હોતી. અર્લ ઑાફ ઇસેક્સે લૉર્ડ વિલિયમ રસેલની પેઠે કેદીના પીંજરામાં ઉભા રહેવાનો પ્રસંગ ન આવે તે માટે આત્મહત્યા કરી હશે એમ તેને લાગ્યું. તેનું ભીરૂ હૃદય ભયથી કમ્પી ગયું. તેની આંખોએ ચકરી આવી; અને જો તે પીંજરાના કઠેરાને ન પકડી લેત તો તે વ્યભિચારી ચક્કર ખાઈ જમીન પર પડત.

પ્રેક્ષકોમાં અર્લ ઑાફ ઇસેક્સે આત્મઘાત કર્યાની ખબર ભયંકર આગ પેઠે ફેલાઈ ગઈ. કેટલાકો તે સાંભળી ભય પામતા—કેટલાક આશ્ચર્યચકિત થતા—કેટલાક લાગણીને લીધે આંસુની ધારા વહેવડાવતા અને કેટલાંક લાગણીહીન હૃદયો રાજી પણ થતાં. લૉર્ડ વિલિયમ રસેલને એ ખબર સાંભળી અસંત દુઃખ થયું. લેડી રાશેલે કેટલીક પલ સુધી રૂદન કર્યું; પણ તરતજ તેણે પોતાનાં આંસુ લૂછી નાખ્યાં કારણકે તેને થતા દુઃખથી તે પોતાના પતિનું દુઃખ વધારવા માગતી ન્હોતી. ન્યાયાધિશ, સરકારી વકીલ તથા અન્ય રાજકિય પક્ષના

માણસોને આ ખબરથી જરાપણ લાગણી થઇ નહિ. ઉલટું તેઓ એવી ટીકા કરી મૃત મનુષ્યની નીંદા કરવા લાગ્યા કે "અર્લ ઑફ઼ ઇસેક્સ ભયંકર વિદ્રોહીઓમાંનો એક હતો અને એક નીચ રાજદ્રોહી ગુનેહગાર તરિકે કોર્ટમાં કેદીના પીંજરામાં ઉભા રહેવાનાં તથા જાહેર પ્રજાના તિરસ્કારના ભયથી ડરી આત્મહત્યા કરી તે પોતાના પાપોની સજા ભોગવવા પરલોકમાં ચાલ્યો ગયો છે પણ ત્યાં પણ તેને યમરાજા શિક્ષા કરશે."

અર્લ ઑફ઼ ઇસેક્સે આત્મહત્યા ન્હોતી કરી; પણ તેને વર્તમાન રાજાના મનુષ્યત્વહીન ભાઈએ ક્રૂરતાથી, પોતાના સ્વાર્થ માટે મારી નાખ્યો હતો તે વિષે કોઈને શંકા પણ આવી નહિ. કર્નલ રમ્ઝે, જે દસ્તાવેજને લીધે ભવિષ્યમાં મ્હો માગ્યો બદલો મેળવવાનાં સ્વપ્નાં જોતો હતો તેને પણ તે દસ્તાવેજ તે પર સહી—સીક્કા કરનારના હાથમાં પાછો જઇ પડ્યો છે એવો ખ્યાલ આવ્યો નહિ. બધા અર્લે આપઘાત કર્યો છે એવુંજ ખાત્રીપૂર્વક માનતાં હતાં.

થોડીકવાર પછી તપાસ પાછી ચલાવવામાં આવી અને લૉર્ડ હાવર્ડ એસ્ત્રીકે સરકારી ધારાશાસ્ત્રી તરફથી પૂછાતા સવાલોના જવાબમાં નવી નવી બનાવટી વાતો કહી પોતાના પાપનો અધૂરો ઘડો ભરવા માંડ્યો. જ્યારે તેની તપાસ પૂર્ણ થઇ ત્યારે તેણે પ્રેક્ષકોની આંખો આગળથી દૂર ચાલી જવા માટે માંદા હોવાનો ઢોંગ કરી પોતાના પ્રહરીને પોતાને એક ખાનગી ઓરડામાં લઈ જવાની વિનંતી કરી. લૉર્ડ વિલિયમ રસેલને જ્યારે તેનો બચાવ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે ગમ્ભીર સ્વરે કસમપૂર્વક પોતે રાજાનું તથા તેના ભાઈનું ખૂન કરવાની સ્વપ્ને પણ ઇચ્છા રાખી ન્હોતી એમ જણાવ્યું. તેણે જે સાક્ષીઓએ તેની વિરૂદ્ધ જુબાની આપી હતી તે અસત્ય હતી તથા સરકાર પક્ષે તે માનવી જોઇએ નહિ એમ ભાર મૂકીને જણાવ્યું. વળી સાક્ષીઓ પોતાનો પ્રાણ બચાવવાને માટે જૂઠી જુબાની આપતા હતા એમ પણ તે બોલ્યો: અંતમાં તે નીમ્ન લીખિત શબ્દો બોલ્યો હતો કે જે ઇતિહાસનાં પૃષ્ઠોપર ઝગહળી રહ્યા છે:—

"જ્યુરીના ગૃહસ્થો! હવે મ્હારૂં જીવન, મ્હારી કીર્તિ અને સર્વસ્વ તમારા હાથમાં છે અને હું આશા રાખું છું કે ક્રોધ અથવા શત્રુતાની લાગણીને આ સમયે લક્ષમાં રાખી તમે એક નિર્દોષ મનુષ્યને

દોષિત ઠરાવવાનું પાપ કરવા તૈયાર થશો નહિ. હું સર્વ પવિત્ર દેવતાઓના સોગનથી કહું છું કે મહારાજાનું ખૂન કરવાની મ્હારી લેશમાત્ર ઇચ્છા ન્હોતી. હવે ગૃહસ્થો! તમારે જોઇએ તે અભિપ્રાય આપો. પરમાત્મા તમને સત્પથે દોરો—"

પ્રધાન ન્યાયાધિશ લૉર્ડ પેમ્બરટને ભયંકર ક્રોધ પૂર્ણ ભાષામાં કેદીની વિરૂદ્ધ ઉપસંહાર કર્યો. જ્યુરીને મસલત કરતાં વધુવાર લાગી નહિ. પાછલા પહોરે ચારવાગે લૉર્ડ વિલિયમ રસેલને ભયંકર રાજદ્રોહ માટે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો.

"મ્હારી વ્હાલી!—" ધીમા સ્વરે લૉર્ડ રસેલે પોતાની પત્નિને કહ્યું.

"તું ત્હારી દાસીઓ સાથે ઘેર જા—"

લેડી રાશેલ તરત તેના પ્રિય પતિનો મનોભાવ સ્હમજી ગઇ. તેનો પતિ, તેને ફાંસીની ભયંકર સજા થઈ છે એવું ન્યાયાધિશ જાહેર કરે ત્યારે તેની પત્નિ હાજર હોય એવું ઇચ્છતો ન્હોતો. લેડી રાશેલે આ સમયે તેની આંખોમાંથી પ્રબલ વેગથી ધસી આવતા અશ્રુઓના ભયંકર પ્રવાહને જેમ તેમ રોકી રાખ્યો. કોમળ સ્ત્રી હૃદયો આટલી બધી હિમ્મત ભાગ્યેજ રાખી શકે છે. પણ લેડી રાશેલ પોતાના પ્રિયતમને પોતાનાં અશ્રુપ્રવાહથી આઘાત કરવા માગતી ન્હોતી. ગમ્ભીર વદને, પોતાના વ્હાલા પતિ તરફ એક અત્યંત સ્નેહાળ પણ કરૂણ દૃષ્ટિ ફેંકી તે પતિપરાયણા ન્યાયાલયમાંથી દાસીઓ સાથે બહાર નીકળી ગઇ.

લંડનનો દફતરદાર જે આ સમયે પ્રધાન ન્યાયાધિશ સાથે બેઠો હતો તેણે ભયંકર રાજદ્રોહ માટે થતી શિક્ષા જાહેર કરવાની પદ્ધતિ પ્રમાણે લૉર્ડ વિલિયમ રસેલને દેહાંતદંડની સજા થઇ છે એમ પ્રકટ કર્યું. તે સાંભળી લૉર્ડ વિલિયમ રસેલ નમ્યો—એક અક્ષર પણ બોલ્યો નહિ અને અલ્પ સમય પૂર્વે તેની સ્નેહાળ પત્નિ ગઇ હતી તેવીજ ગમ્ભીરતા તથા શાન્તિથી તે ન્યાયમન્દિરમાંથી પ્રહરીઓ સાથે બહાર નીકળ્યો.

પ્રકરણ ૩૮ મું.

લુઈની ક્રૂરતા.

લૉર્ડ વિલિયમ રસેલને ફાંસીની સજા થઇ તેથી રાજ્યપક્ષમાં સૌથી વિશેષ આનન્દ લુઇ દે કેરલને થયો. રાઇહાઉસના વિદ્રોહીઓના હેતુ તરફ પોતાની સહાનુભૂતિ દર્શાવવા પહેલાં લૉર્ડ રસેલ ચાર્લ્સને મળવા રાજમહેલમાં ગયો હતો અને ત્યાં જઇ તેણે વર્ત્તમાન જૂલમો તથા અન્યાયો સંબંધી ફરિયાદ કરી, પ્રજામાં વ્યાપેલો અસંતોષ નષ્ટ કરવાની રાજાને વિનંતી કરી હતી; તથા રાજાએ તેની સલાહનો અપમાનભરી ભાષામાં અસ્વીકાર કર્યા પછી જ તેણે કર્નલ રમ્ઝેને વિદ્રોહીઓને તે સહાય કરશે એવું વચન આપ્યું હતું તે વાંચનારને યાદ હશે. વળી એજ સમયે લુઇએ લૉર્ડ રસેલ તરફ તિરસ્કાર વ્યક્ત કર્યો હતો અને તેણે તેનો કટાક્ષથી જવાબ આપ્યો હતો. લુઇદે કેરલ એ ઉમરાવના કડવા શબ્દો ભૂલી ગઇ ન્હોતી. તે ઉમરાવને લુઇના ચારિત્ર્ય પ્રત્યે લેશ માત્ર માન ન્હોતું એ પણ તે જાણતી હતી. તેનો સ્વભાવ ઝનૂની અને વૈર ભૂખ્યો હતો. વળી લૉર્ડ વિલિયમ તે સમયે રાજાએ તેને એક સન્નારીનું અપમાન કરવા માટે ઠપકો આપતાં તેના પ્રત્યુત્તરમાં બોલ્યો હતો કે "આ સ્ત્રી પોતાંના કૃત્યોથી જાહેર પ્રજાનું જેટલું અપમાન કરી રહી છે તેથી હું તેનું વધારે અપમાન કરી શકૂં એ શકય નથી તથા તે પોતાના કામોથીજ જગતની આંખે એટલી બધી હલકી ગણાઇ ગઇ છે કે મારા શબ્દોથી અથવા કૃત્યોથી તેની વિશેષ નીંદા થઇ શકે એ સર્વથા અસમ્ભવિત છે." આ શબ્દો લુઈની છાતીમાં હજુ પણ ભાલાની પેઠે ખૂંચતા હતા.

લુઇએ આ કટુ શબ્દો પોતાની છાતીમાં સાચવી રાખ્યા હતા. પ્રસંગવશાત્ તેની દયા યાચવામાં આવે તો ઉદારતાથી ક્ષમાપ્રદાન કરવા માટે નહિ; પણ દાવ આવતાંજ વૈર વાળવા માટે તેણે એ શબ્દોને પોતાના સ્મૃતિપટપર અંકિત કરી રાખ્યા હતા. આથીજ લૉર્ડ રસેલને ફાંસીની સજા થતાં તેને સૌથી વિશેષ આનંદ થયો હતો; અને પોતાના કટ્ટા શત્રુની આવી દશા થવાથી તે મનમાં મલકાતી હતી.

ન્યાયાધિશની તપાસ થઈ રહ્યા પછી થોડાક દિવસ વહી ગયા. બપોરનો સમય હતો. લુઈ દે કરેલ પોતાના ભવ્ય અને સુસજ્જિત શયન ગૃહમાં એક આરામાસનપર બેસી પોતાની બે કુલીન સખીઓ સાથે વાત કરી રહી હતી એટલામાં એક દાસીએ અંદર આવી અર્લ ઑફ્ એડ્‌વર્ડ તથા લેડી રાશેલ માનવંતા ડચેસને મળવાની વિનંતી કરે છે એવી ખબર આપી. ડચેસના વદનપર તેના મનોભાવ સ્પષ્ટ થયા નહિ છતાં આ સમયે તેના મુખપર વિજયી હાસ્ય ફરક્યું. કારણ કે તે તેને મળવા આવનારાંઓનો હેતુ સ્હમજી ગઈ. તેને મળવા આવવામાં અર્લ એડ્‌બર્ડ તથા લેડી રાશેલનો હેતુ, રાજાને સ્હમજાવી લૉર્ડ રસેલને બચાવવા માટે ડચેસને વિનંતી કરવા સિવાય બીજો શું હોઈ શકે? ડચેસ ઑફ્ પોર્ટસ્મથનો ધિક્કાર એવા પ્રકારનો હતો કે તેને લીધે તે પોતાના શત્રુને જ ધિક્કારતી નહિ; પણ તેની સાથે તેને જે જે વ્હાલાં હોય તે બધાંને પોતાના શત્રુ માની તે સર્વને પોતાના ક્રોધાગ્નિમાં પ્રજાળી નાખવા ચાહતી. આથી તેણે લૉર્ડ રસેલના પિતા તથા તેની પ્રેમાલ પત્નિને શયનગૃહમાં આવવા દેવાની ના પાડી નહિ: કારણ કે તેમની વિનંતીનો અસ્વીકાર કરી, તેમને ભયંકર દુઃખ પામતાં જોવાથી પોતાના હૃદયમાં સળગતી વૈરની આગ જરા ઠંડી પડશે એમ તે માનતી હતીઃ અર્લ ઑફ્ એડ્‌વર્ડ તથા લેડી રાશેલ મુક્ત હૃદયે વાત કરે—જરા પણ શરમાયા વિના કે સંકોચ પામ્યા વિના પોતાનાં હૃદયો તેની પાસે ખાલી કરે—ખુલ્લા દીલે તેની વિનંતી કરી તેની દયા યાચે તે માટે લુઇએ પોતાની ઉભય સખીઓને ત્યાંથી બીજા દીવાનખાનામાં મોકલી દીધી અને ત્યાર પછી અર્લને તથા લેડી રાશેલને અંદર આવવા દેવાની અનુચરને આજ્ઞા કરી.

અલ્પ સમયમાં વૃદ્ધ અર્લ ઑફ્ એડ્‌વર્ડ પોતાની પુત્રવધુનો હાથ પકડી તે ભવ્ય શયનગૃહમાં દાખલ થયો. અર્લ વૃદ્ધ હતો છતાં અંદર જતાંજ તેણે ડચેસને નમ્રતાથી નીચા વળી નમન કર્યું. આ સમયે તે પોતાનું કુલીન અભિમાન પણ પોતાના પુત્રને થયલી ભયંકર શિક્ષાથી થતા અસામાન્ય દુઃખને લીધે ભૂલી ગયો. ડચેસના હાથમાં તેના પ્રિયપુત્રના ભાવીનો આધાર હતો એમ માનીને તે આજે તેની પાસે પોતાની પુત્ર વધુ સાથે તેને નમ્ર વિનંતી કરી દયા યાચવા આવ્યો હતો. લેડી રાશેલનું વદન શાન્ત હતું પણ તે પર શોકની ગમ્ભીર છાયા હતી. તેના દેખાવમાં તેના કુલીન અભિમાન તથા વિનીતતાનું મીશ્રણ

હતું. રાજાની એક પગારદાર વિલાસસખી સમક્ષ વિનંતી કરવા સ્હામે તેનું પવિત્ર અને સદ્ગુણી હૃદય બળવો ઉઠાવી રહ્યું હતું. પણ તેણે અને તેના સસરાએ જેનું જીવન તેમના ઐહિક સુખનું કેન્દ્ર હતું તેને બચાવવા માટે જે જે અપમાનો સહન કરવાં પડે તે સહી લેવાનો નિશ્ચય કર્યો હતો.

ડચેસ ઑફ પોર્ટસ્મથે તે વૃદ્ધ ઉમરાવને તથા તેની પવિત્ર પુત્રવધુને એક મિનિટ સુધી પોતાની સમક્ષ ઉભાં રહેવાં દીધાં. તે સોફા પર બેસી એક રાણી જેવા અભિમાનથી તેમને જોઇ રહી તથા તેમના આગમનથી જાણે તે આશ્ચર્ય પામી હોય એવો તેણે દેખાવ કર્યો: વળી તેમને શયનગૃહમાં દાખલ થવા દેવામાં જાણે તેણે મહાન્ ઉદારતા બતાવી હોય એવો ભાવ પણ તેણે પ્રકટ કર્યો. અંતે તે બોલી:

"બેસો—"

તે એ શબ્દ બોલી: પણ સોફા પર તેમને માટે તેણે જગ્યા કરી નહિ. તેણે થોડાક અંતર પર બે ખુરશીઓ જેપર તેની સખીઓ બેઠી હતી તે પર બેસવાની તેમને આંગળી વડે ઇસારત કરી.

એક પલ—ફક્ત એકજ પલ—ડચેસ ઑફ પોર્ટસ્મથે કરેલા આ અપમાનથી અર્લ બેડફર્ડ તથા લેડી રાશેલનું લોહી ગરમ થઇ ગયું. પોતાના પુત્રના જીવનનો વિચાર કરી અર્લ તે ખુરશી પર બેઠો અને લેડી રાશેલે તેનું અનુકરણ કર્યું. ત્યાર પછી ડચેસ ઑફ પોર્ટસ્મથ બોલી:

"તમે મને મળવા આવ્યાં છો?"

"હા જી." અર્લ ઑફ બેડફર્ડ બોલ્યો.

"અમે કોણ છીએ તે તમને જણાવવાની જરૂર નથી. તમે તમારી સમક્ષ એક ઉમરાવ કે જેને જૂઠા સાક્ષીઓની બનાવટી જુબાનીથી દોષિત ઠરાવી સજા કરવામાં આવી છે તેના દુઃખી પિતાને તથા શોક મગ્ન પત્નિને જુઓ છો—"

"પણ એજ સમયે તમારે યાદ રાખવું જોઇએ, મ્હારા લૉર્ડ! કે મ્હારૂં શયનગૃહ કંઈ અપીલ કોર્ટ નથી—" લુઇ વચમાં બોલી.

"પણ મૅડમ! જો આ સ્થલ ન્યાયમન્દિર ન હોય તો દયા મન્દિર તો થઇ શકે એમ છે—" અર્લે જવાબ આપ્યો.

"આહા! દયા! મ્હારા લૉર્ડ! જ્યારે ગુન્હેગારો પોતાની દુષ્ટતાની સીમા ઓળંગી જાય છે અને જ્યારે તેમનાં પાપ કૃત્યની શિક્ષા થવાનો સમય આવે છે ત્યારે તેઓ દયા યાચવા તૈયાર થાય છે; પણ ધારો કે, પોતાના વિદ્રોહી પ્રપંચમાં વિજયી થઈ તમારો પુત્ર સત્તાવાન થાત તો તેણે મ્હારા પ્રત્યે કેવી દયા બતાવી હોત ?"

"મ્હારા પતિએ, લેડી! તમારો એક વાળ પણ વાંકો કર્યો ન હોત. તેમને હાથે કોઇ પણ હીચકારૂં કૃત્ય થાય અથવા તેઓ કોઇના તરફ પણ ક્રૂરતા બતાવે એ સર્વથા અશક્ય છે—"

"અને છતાં તેને ખુન કરવાની ધારણા રાખવા માટે મોતની સજા થઈ છે એમ હું જાણું છું—"

"તમે કૃપા કરી મ્હારૂં કહેવું સાંભળી લેશો ?—" લેડી રાશેલ ખુરશી પરથી ઉભી થઇ, લુઇ દે કેરલ તરફ બે ત્રણ ડગલાં ભરી બોલી:

"ધાર્મિક વાતાવરણમાં હું ઉછરી છું. મને પરમાત્મા પર અને પયગમ્બર ઇસુ ખ્રિસ્ત પર સમ્પૂર્ણ વિશ્વાસ છે. મ્હારાં કૃત્યો પ્રમાણે મ્હારા આત્માની દશા થશે એ પણ હું જાણું છું. મૅડમ! જે પ્રભુ પર મને શ્રદ્ધા છે, જે પયગમ્બર મને શાન્તિ બક્ષનાર છે અને જે આત્માનું મ્હારે રક્ષણ કરવાનું છે તે સર્વના કસમથી હું કહું છું કે મ્હારા પતિ પર જે ભયંકર આરોપ મૂકવામાં આવ્યો છે તે તદ્દન ખોટો છે. તેઓ નિર્દોષ છે. દયા કરો—લેડી! દયા કરો. તમારો એકજ શબ્દ તેમને બચાવી શકશે. એટલો એક બોલ બોલો અને અમે તમારા એવા આભાર નીચે દબાઈશું કે જીંદગી સુધી તમારે માટે સ્હવારે ને સ્હાંજે હું પ્રભુની પ્રાર્થના કરી તમારૂં શ્રેય ઇચ્છીશ—"

"પણ જો બેડફર્ડના અભિમાની ઉમરાવ તથા બીજાજી લેડી રસેલને મ્હારી કૃપાની ગરજ ન હોત તો તેઓ કદાપિ પણ મ્હારી પાસે આવવાની તસ્દી ન લેત. જ્યારે જેનું જીવન બચાવવાની વિનંતી કરવા તમે આવ્યાં છો તે સ્વતંત્રતાનો લ્હાવો તમારા મહેલમાં ચાખતા હતા અને જ્યારે તમારા કુટુંબની કોઈ પણ વ્યક્તિને મ્હારી કૃપાની આવશ્યકતા ન્હોતી ત્યારે ડચેસ ઑફ પોર્ટસ્મથને મળવા આવવાની કોઇ દિવસ તમે તસ્દી લીધી હતી ખરી ?—"

"એ વાત સત્ય છે, મૅડમ! પણ તમે હમણાં એક ઉન્નતમાં ઉન્નત અને ઉમદામાં ઉમદા કૃત્ય કરી અમારા સમગ્ર કુટુંબને જીવન પર્યંત આભાર નીચે મૂકવાની સ્થિતિમાં છો. તમે મ્હારી વિનંતીનો અસ્વીકાર કરવા જેટલાં ક્રૂર થશો એમ હું માની શકતી નથી. કદાચ મ્હારા પતિએ કોઇ સમયે તમને ક્રોધિત થવાનું કારણ આપ્યું હશે પણ કૃપા કરી વિચાર કરો કે મ્હેં તમને કદિ પણ કડવો શબ્દ કહ્યો નથી. અત્યારે તમારી સમક્ષ એક દુઃખી સ્ત્રી હાથ જોડી તમારી દયાની યાચના કરે છે. આહ! મૅડમ! મ્હારી વિનંતી વ્યર્થ કરશો નહિ. જો મ્હારા હાથમાં એક મનુષ્યનાં દુઃખો નષ્ટ કરવાની શક્તિ હોત તો એક પલ પણ અચકયા વિના હું તેને સહાય કરવા તૈયાર થાત! શ્રીમતી! હું તમારે ચરણે પડી મ્હારા પતિની જીંદગીની ભીખ માગું છું—"

"અને હું પણ તમારે ચરણે પડું છું, ભદ્રે!—" લૉર્ડ રસેલનો દુઃખી પિતા બોલ્યો અને તે પૂજ્ય વૃદ્ધ ઉમરાવ તથા તેની સ્નેહાળ પુત્રવધુ કાલાવાલા કરતાં લુઇ દે કેરલ આગળ ઘુંટણીએ પડ્યાં.

"જેને તમે આટલા બધા પ્રેમથી ચાહો છો તેને માટે તમે ઘણો મ્હોટો ભોગ આપવા તૈયાર હો એમ લાગે છે, ખરૂં?—"

"આહ! હું મ્હારૂં પોતાનું જીવન મ્હારા પતિની જીંદગીના બદલામાં આપવાને તૈયાર છું." લેડી રાશેલ લુઇ દે કેરલ તેની વિનંતીથી પીગળી હોય એવી આશા જન્મતાં બોલી. તેણે લુઇનો હાથ પોતાના હાથમાં પકડ્યો અને તે પછી તેના વદન તરફ એવી કરૂણ નજરે જોયું કે જે જોઇ રાક્ષસી હૃદય પણ પીગળી જાત!

"તમે પણ તમારા પુત્રની જીંદગી માટે ભોગ આપવા તૈયાર છો?" ડચેસે અર્લ બેડફર્ડ તરફ નજર કરી પૂછ્યું.

"હા જી. મ્હારૂં સર્વસ્વ આપવા હું તૈયાર છું." આશાવંત થઇ ધ્રુજતા સ્વરે અર્લ બોલ્યો.

"પ્રભુને ખાતર અમને એવું વચન આપો કે જેથી અમે તમને જીંદગી સુધી ચાહીએ તથા આશિષ આપીએ, લેડી!—"

"તમારો પ્રેમ અને આશિષ તમારા હૃદયમાં બહુ મોડા જન્મ્યાં છે. અત્યાર સુધી તમે મ્હારા તરફ અસામાન્ય તિરસ્કાર અને નાપસંદગીની લાગણીથી જોતાં હતાં—અને તેની પાછળજ પ્રેમ

અને આશિષની લાગણી દોડતી આવેલી જણાય છે—" ડચેસ ઑફ પોર્ટસ્મથ બોલી.

શોક પામી, ધીમેથી અર્લ તથા લેડી રાશેલ ઉભાં થયાં. બન્નેએ એક બીજા તરફ નજર કરી અને તેમણે વ્યર્થ નમ્રતા બતાવી હતી એવું ઉભય સ્હમજી ગયાં.

"તમે આ દયાળુ કર્તવ્ય બજાવવાની ના પાડો છો, લેડી?" અર્લે પૂછ્યું.

"મ્હારી પાસે દયા માગવાનો તમને કંઇ હક્ક નથી—" લુઇ દે કેરલે જવાબ આપ્યો.

"અફસોસ!—હવે હું જોઉં છું કે તમારી દયાળુ લાગણી પર વિશ્વાસ રાખવામાં અમે ભૂલ કરી હતી: પણ અફસોસ! મૅડમ! જો તમારે નાજ પાડવી હતી તો અમે તમારે ચરણે પડયાં ત્યારે અમારા હૃદયમાં એક પલ આશા શા માટે જન્મવા દીધી? જો તમારે અમારી વિનંતીનો અસ્વીકારજ કરવો હતો તો એક પણ દિલસોજી દર્શાવનારો પ્રશ્ન પૂછવા વિના અમને ના પાડી દેવી હતી. તમે એક પલ અમને દુ:ખ દરિયામાંથી ઉંચકી લઇ પુન: ઉંડી અંધારી ખીણમાં ધકેલી દો છો—"

"શાહબાશ! જ્યારે તમારા હેતુમાં તમને નિષ્ફળતા મળી એટલે તિક્ષ્ણ શબ્દ પ્રહાર કરવા તમે તત્પર થઇ ગયા છો. જો હું 'હા' કહેત તો જે પ્રેમ તથા આશિષની લાગણીથી તમે મ્હારે માટે પ્રભુની પ્રાર્થના કરવાના હતા તે પ્રાર્થના સરલ હૃદયી હોત ખરી?—"

"મને લાગે છે કે, તમે વધુ સારા બદલાની આશા રાખો છો." પોતાનું જાતિ અભિમાન કંઇક અંશે હૃદયમાં લાવી અર્લ બોલ્યો.

"જો તમે અમારા તરફ સહાનુભૂતિ બતાવવા ન માગતા હો અને એક ધંધાર્થી સાટા તરિકે પણ એ કામ કરવા તૈયાર હો તો મ્હારી ના નથી. બોલો, એક લાખ પૌંડ લઈ તમે મ્હારા પુત્ર લૉર્ડ વિલિયમ રસેલનું જીવન બચાવવા તૈયાર થશો?—"

લુઇ દે કેરલ આ શબ્દ સાંભળી ચમકી. તે સારી પેઠે જાણતી હતી કે અર્લ અતિ શ્રીમંત હોવાથી એટલી મ્હોટી રકમ આપી

શકે એવી સ્થિતિમાં છે. લુઇનું દ્રવ્યલોભી હૃદય આ મ્હોટી રકમની લાલચથી પીગળ્યું. તેની તિજોરીમાં જો એક લાખ પૌંડ આવે તો તે ઘણી શ્રીમંત થઇ જાય. પણ બીજીજ મિનિટે તેને વિચાર આવ્યો કે જો તે રાજાને લૉર્ડ રસેલને ક્ષમા પ્રદાન કરવાની વિનંતી કરશે તો તે ઉમરાવ તરફ તેને કેમ સહાનુભૂતિ ઉત્પન્ન થઇ એવો પ્રશ્ન ચાર્લ્સ અવશ્ય પૂછશેઃ અને આવી મ્હોટી રકમની લાંચ મળવાથીજ તે તેને બચાવવા માગે છે એમ સ્પષ્ટ કહેવાની તેને ફરજ પડશે. દ્રવ્યને માટે ચાર્લ્સ ગમે તેવું કૃત્ય કરવા તૈયાર થાય એવો હતોઃ પણ તેને એ રકમની વાત કહેતાં તે તેમાં ભાગ માગશે અને લુઇ કરતાં વિશેષ પૈસા ખાઇ જશે: એટલે વીસ ત્રીસ હજાર પૌંડ જેવી ન્હાની રકમના ફાયદા તરફ જોવા કરતાં પોતાના શત્રુ પર વેર વાળવામાંજ લુઇને વિશેષ આનન્દ જણાયો. તરતજ તેણે અડગ નિશ્ચય કરી નાખ્યો. મુખ પર ક્રોધની લાગણી લાવી, આસન પરથી ઉભી થઇ, બારણા તરફ હાથ લંબાવી તે બોલી:

"અત્યાર સૂધી હું ગુપચુપ તમારી વાત સાંભળી રહીઃ પણ હવે બસ કરો—જાવ—અહિંથી ચાલ્યાં જાવ—"

"જઇશું, અમે જઇશું—" ગુસ્સાથી ટટાર ઉભો રહી અર્લ ઑફ બેડફર્ડ બોલ્યો.

"હમણાંજ અમે ચાલ્યા જઇએ છીએ. અહિં આવવામાંજ અમે ભૂલ કરી હતી. અમે અમારૂં ભાન ભૂલી અત્રે આવ્યા તે માટે તમારા આવા વર્તનરૂપ સજા અમને થઈ ચૂકી છે. મૅડમ ! પણ યાદ રાખજો કે ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે સફેદ વાળ-વાળો એક વૃદ્ધ પુરૂષ પોતાના પ્રિય પુત્રના જીવનની ભીખ માગવા આવ્યો હતો તે તમને યાદ આવશે અને તમે તેની સાથે આવી રીતે વર્ત્યાં હતા તે જાણી તમને શોક ઉત્પન્ન થશે. વળી તમને સમય જતાં, કોઇક વખતે એક શોકગ્રસ્ત વિલાપ કરતી સ્ત્રી પણ તમારા સ્મૃતિ મંદિરમાં ઉભી રહી પોતાના પતિના બુઝાઈ જતા જીવન દીપકને તેલ પૂરવાની તમારે ચરણે પડી વિનંતી કરતી જણાશે અને તેના હૃદયમાં એક પલ આશા ઉત્પન્ન કરી પછી તેને અલ્પ પ્રકાશ બતાવ્યા પછી ઘોર અંધકારમાં ધકેલી દઇ હતાશ તથા નિરાશ કરવા માટે તમને તમારૂં હૃદય ડંખશે—"

પોતાનો શ્વસુર આ શબ્દો બોલતો હતો ત્યારે લેડી રાશેલ

નિરાશ થઇ વિલાપ કરતી હતી. તે પોતાના વૃદ્ધ શ્વસુરના હાથે વળગી પડી. લુઈ પણ તે ગમ્ભીર શબ્દો સાંભળી ડરી. તે એક શબ્દ પણ વચમાં બોલી શકી નહિ. ત્યાર પછી તે ઉમરાવ પોતાની પુત્ર-વધુને લઈ લુઇના શયનગૃહમાંથી બહાર નીકળ્યો. વ્હાઇટ હૉલ પૅલૅસ-માંથી બહાર નીકળ્યા પછી ઉભયે જેમ તેમ પોતાનાં બળતાં હૃદયો શાન્ત કર્યાં.

પતિપરાયણ લેડી રાશેલે પોતાના પતિને ક્ષમા અપાવવા માટે તરતજ બીજા પ્રયત્નો કરવા માંડયા. મહારાજાને વિનંતી કરવામાં આવી—ડયુક ઑફ યૉર્કને પણ અરજ મોકલવામાં આવી—ડચેસ ઑફ યોર્કની પાસે જઈ લેડી રાશેલે કરૂણ ભાષામાં તેની દયા યાચી—પણ બધું વ્યર્થ ! લૉર્ડ રસેલના કેટલાક મિત્રોએ તેને કેદખાનામાંથી ન્હસાડી મૂકવાની યુક્તિઓ સૂચવી. પણ લૉર્ડ રસેલે પોતે એ યુક્તિઓનો લાભ લેવાની સ્પષ્ટ ના પાડી.

અન્તે તે ભયંકર દિવસ આવી પહોંચ્યો. તા. ૨૧ મી જુલાઇ ! લૉર્ડ રસેલે પોતાની વ્હાલી પ્રિયતમાની રજા લીધી. છેલ્લી ઘડીએ તેણે તેને કહ્યું:

" વ્હાલી ! મૃત્યુની યાતના હવે નષ્ટ થઇ ગઈ છે. "

કેટલાક ઇતિહાસકારો કહે છે તેમ ટાવરહીલપર નહિ; પણ લીન્કન્સ ઇનિ ફીલ્ડઝમાં ફાંસીનો માચડો ઉભો કરવામાં આવ્યો હતો. ટાવરહીલપર ફાંસી ન દેવામાં પણ રાજ્યપક્ષની દુષ્ટતા સમાયલી હતી. લીન્કન્સ ઇનિ ફીલ્ડઝમાં લૉર્ડ રસેલને ફાંસી દેવાનું કારણ એ હતું કે ત્યાં લઇ જતી વખતે માર્ગમાં તેને બ્લુમઝબરી સ્કવેરમાંથી પસાર થવું પડે કે જ્યાં તેનું વ્હાલું ઘર જોઇ જ્યાં તેણે અનેક સુખ પૂર્ણ વર્ષો પસાર કર્યા હોય તેની સ્મૃતિ થવાથી તેને વિશેષ કાતિલ દુઃખ થાય ! આવો હેતુ રાખનારા મનુષ્યો ન્હોતા—રાક્ષસો હતા. લૉર્ડ રસેલને ફાંસીના માચડા પર લઇ જવામાં આવ્યો—માર્ગમાં તેણે તેનું પ્રિય નિવાસસ્થાન જોયું. તેની પત્નિ, બાલકો, પિતા—સર્વ તેને હૈયે ચ્હડી આવ્યાં ! ભયંકર વધસ્થાન આવી પહોંચ્યું અને નિયમ પ્રમાણે યોગ્ય ધાર્મિક ક્રિયા થયા પછી લૉર્ડ વિલિયમ રસેલનું જીવન ફાંસીના માચડાપર નષ્ટ થયું !

સપ્ટેમ્બર મહિનામાં એલ્જરન સીડનીની તપાસ થઈ અને

રમ્ઝે, ફીલીંગ, વેસ્ટ તથા શેપર્ડ તથા દુષ્ટ લૉર્ડ હાવર્ડની જુબાનીને આધારે તેને પણ ફાંસીની સજા કરવામાં આવી. પણ તેની સજાનો ડીસેમ્બર મહિના સુધી અમલ કરવામાં આવ્યો નહિ. તેને ટાવર હીલપર ફાંસી દેવામાં આવી. ત્યાર પછી બીજા આરોપીઓની તપાસ ચાલી. હૅમ્પડનને ચાળીસ હજાર પૌંડનો દંડ થયો—હોલોવે તથાં સર થોમસ આર્મસ્ટ્રોંગને ફાંસી દેવામાં આવી—ડયુક ઑાફ મૉનમાઉથે પોતાના પિતા ચાર્લ્સને વીનવી ક્ષમા મેળવી. તેની પાસે સરકારપક્ષની ઇચ્છાનુસાર એક દસ્તાવેજ પર સહી લેવામાં આવી અને તેમાં રાઈહાઉસના ષડ્યંત્રકારોનો ખૂની હેતુ હતો એવું તેની પાસે કબૂલ કરાવવામાં આવ્યું. રાઈહાઉસના રાજદ્રોહીઓ પર આ ડયુકની વિશ્વાસઘાતકતાથી વિશેષ કલંક લાગ્યું !

જ્યારે બધા આરોપીઓની તપાસ પૂર્ણ થઈ ગઇ ત્યારે તાજના સાક્ષીઓ જેમને અત્યાર સુધી નજરકેદ રાખવામાં આવ્યા હતા તે બધાને મુક્ત કરવામાં આવ્યા. કર્નલ રમ્ઝે છૂટો થતાં સીધો મી૰ લીયોંને ત્યાં ગયો અને તેને તેણે સાચવવા આપેલું પેલું સીલબંધ પાકીટ પાછું આપી દેવાની અરજ કરી. તેને જોતાંજ મી૰ લીયોં ક્રોધથી લાલ પીળો થઈ ગયો. તે બોલ્યો:

" એ કાગળ કે જે તમારી વિશ્વાસઘાતકતા તથા નીચતાના એક વધુ પુરાવા રૂપ હતો તે મ્હેં ફાડી નાખ્યો છે—"

આટલું કહી મી૰ લીયોંએ નોકરોને બોલાવી કર્નલ રમ્ઝેને ઘરમાંથી બહાર કહાડી મૂકવાની આજ્ઞા કરી. તરતજ એ આજ્ઞાનો નોકરોએ અમલ કર્યો અને ક્રોધથી દાંત કચકચાવતો કર્નલ મી૰ લીયોંના ઘરમાંથી બહાર નીકળ્યો.

આ સ્થળે કહેવું જોઈએ કે અર્લ ઓફ ઇસેક્સના હાથમાં તે કિમતી પત્ર મૂકવા પછી તેનું શું થયું હતું તે મી૰ લીયોં જાણતો ન્હોતો. પણ તે ઉમરાવે કરેલા કહેવાતા આપઘાત પછી તેની ઓરડીમાંથી ટાવરના સત્તાવાળાઓના હાથમાં તે કાગળ આવેલો હોવો જોઈએ એવી તેણે કલ્પના કરી હતી.

પ્રકરણ ૩૯ મું.

બે વર્ષ પછી.

રાઈહાઉસના રાજનૈતિક ષડ્યંત્રની વાત ઇ૦ સ૦ ૧૬૮૩ ના જૂન મહિનામાં પ્રકાશમાં આવી. ત્યાર પછી બે વર્ષ વહી ગયાં. એ સમય દરમિયાન કોઈ જાણવા જોગ બનાવ બન્યો નહિ.

૧૬૮૫ નો જૂન મહિનો ચાલતો હતો. એ બે વર્ષ દરમિયાન કર્નલ રમ્બોલ્ડ તથા તેની પત્નિ હોલાંડમાં રહ્યાં હતાં અને ઇંગ્લંડમાંના તેમનાં સ્નેહિઓ સાથેનો પત્ર વ્યવહાર ચાલુ રહ્યો હતો. સર લૉરેન્સ લી, તેની પ્રેમાલ પ્રિયતમા રૂથ તથા હેન્રીએટ્ટા સાથે જનરલ ઑલિફન્ટના ભવ્ય મહેલમાંજ રહેતો હતો. બે સુન્દર બાલકોની રૂથ માતા થઈ હતી અને તેથી આ સ્નેહાલ યુગ્મના આનન્દમાં અભિવૃદ્ધિ થઈ હતી. જનરલ ઑલિફન્ટ તરફથી લાંબા સમયથી સર લૉરેન્સને કોઇ પણ જાતની ખબર મળી ન્હોતીઃ છતાં તેને વિષે લોકોમાં અનેક ગપગોળા ચાલતા હતા અને એ ગપગોળામાં અર્ધી વાત પણ સત્ય હશે એવું તેમને લાગતું હતું. જનરલને લગતી એક વાત વિષે તો કંઈ શંકા હતીજ નહિ અને તે તેણે પોતાના વાઇસરૉયને તરિકેના પદનો ત્યાગ કરવાને લગતી હતી. એ પદવીનો સ્વીકાર કર્યા પછી સને ૧૬૮૪ ની અધવચમાં તેણે અમેરિકાના બ્રિટિશ સંસ્થાનોના ગવર્નર જનરલ તરિકેના પોતાના ઓદ્ધાનું રાજીનામું આપ્યું હતું. આ માનવન્તી પદવીનો ત્યાગ કરવાનાં કારણો અમે હવે પછી જણાવીશું.

રાઈહાઉસ પ્રપંચનો સ્ફોટ થઈ જવા પછી અનેક વિદ્રોહીઓને ભયંકર શિક્ષાઓ ન્યાયાલયમાં ન્યાયાસન પર બિરાજેલા પક્ષપાતી ન્યાયાધિશ તરફથી કરવામાં આવી અને તે શિક્ષાઓનો લેશ માત્ર દયા વિના અમલ થયો. કીર્તિવંત અને શ્રીમંત ઉમરાવો પણ ઉદાર મતવાદને અનુમોદન આપવા જતાં, આપખુદ શાસનના પૂજારીઓના ક્રોધનો ભોગ થઇ આ લોકનો પ્રવાસ પૂર્ણ કરી પરલોકમાં ચાલ્યા ગયા. આ બધા દીલ કમકમાવનારા બનાવો બની ગયા પછી ડ્યુક ઑફ યૉર્કે પોતાના ભાઇ ચાર્લ્સ બીજા પર પોતાનું પ્રબલ વર્ચસ્વ સ્થાપિત કર્યું. ચાર્લ્સ તેને ડ્યુક જેટલું પાણી પાય તેટલુંજ પીવા લાગ્યો.

આવી સ્થિતિ કેમ ઉત્પન્ન થઇ તથા ચાર્લ્સ પર ડયુકનું શી રીતે ચલણ થયું તેની વિગત અત્રે આપીને આ પ્રકરણ લંબાવવાની અમારી ઇચ્છા નથી. એટલુંજ કહેવું પૂરતું છે કે પરિસ્થિતિ બદલાઇ હતી અને ડયુક ઑફ યૉર્કની ઇચ્છાનુસારજ ચાર્લ્સ બીજો વર્તતો હતો. ન્યુ માર્કેટ રેસ પ્રસંગે ડયુકે ચાર્લ્સને જે બે ચાર શબ્દો કહ્યા હતા તે પરથી તે જનરલ ઑલિફન્ટને અંતઃકરણથી ધિક્કારતો હતો એવી વાંચનારની ખાત્રી થઇ ગઇ હશે. ચાર્લ્સ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત થતાં ડયુકે પ્રથમ ચાર્લ્સના કાનમાં જનરલ ઑલિફન્ટ વિરૂદ્ધ ઝેર રેડી, તેની અમેરિકન સંસ્થાનોના વાઇસરોયની પદવી ખૂંચવી લેવાની સલાહ આપી. ચાર્લ્સના અંતરમાં ઑલિફન્ટ માટે જરા પણ લાગણી ન્હોતી—તે તો એ અદ્વિતિય વીરની પ્રબલ શક્તિથી ડરતો હતો તેથી જ તે તેની ઇચ્છાને વારંવાર શરણ થયો હતો—વસ્તુતઃ તે અંતઃ-કરણમાં તો જનરલને ધિક્કારતો હતો. તેથી ડયુકની સલાહ તેણે લક્ષપૂર્વક સાંભળી; છતાં તે સલાહ અનુસાર વર્તતા તે ડર્યો. જો જનરલ ઑલિફન્ટ ઇંગ્લંડની ભૂમિ પર પુનઃ પગ મૂકે અને છિન્ન-વિછિન્ન થઇ ગયલા સ્વરાજ્ય વાદીઓનું નેતૃત્વ સ્વીકારી પુનઃ બહુમ-તવાદનો ડંકો બજાવે તો ? જો જનરલ ઇંગ્લંડમાં આવી કોઇ પણ જાતનો ક્રાન્તિકારક પ્રયાસ કરે તો રાજાનું ઇશ્વરત્વ તેજ દિવસથી ડોલવા માંડે એવો ચાર્લ્સના હૃદયમાં પ્રબલ ભય હતો. વળી જો ડયુકની ઇચ્છાનુસાર જનરલનું વાઇસરોયપદ લઇ લેવામાં આવે તો તેણે બ્રિટિશ રાજ્યની સત્તાથી અમેરિકન સંસ્થાનોને સ્વતંત્ર ન કર-વાના આપેલા પવિત્ર વચન છતાં કદાચ તે એ સંસ્થાનો પરનો બ્રિ-ટિશ વાવટો દૂર કરી તેમને પ્રજાસત્તાક સંસ્થાનો જાહેર કરી દે તો ? આવાં કારણોથી ચાર્લ્સ એકદમ તેની ગવર્નર જનરલની પદવી ખુંચવી લઇ શક્યો નહિ. પણ ચાર્લ્સે તથા તેના ભાઇએ એક કાંકરે બે પક્ષી મારવાની એક નવીન યુક્તિ શોધી કહાડી કે જેથી જનરલ ઇંગ્લંડમાં ન આવે અને અમેરિકન સંસ્થાનોને પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરી બ્રિટિશ સત્તા ચૂર્ણ પણ ન કરે. એ યુક્તિ એવી હતી કે ચાર્લ્સે બાર વફાદાર ઉમરાવોની એક કાઉન્સીલ અમેરિકા મોકલવી કે જેની સલાહ અને સમ્મતિ વિના કોઇ પણ રાજદ્વારી પગલું ગવર્નર જન-રલ ભરી શકે નહિ. આ કાઉન્સીલ મોકલવાની યુક્તિથી જનર-લને પોતાનું પદ છોડવાની ફરજ પાડવામાંથી ચાર્લ્સ મુક્ત થયો.

ઑલિફન્ટના હાથમાંની એકહથ્થુ સત્તા ખૂંચવી લેવાનો તેનો હેતુ પણ તેણે કાઉન્સીલ દ્વારા પાર પાર પાડયો.

રાજાએ મોકલેલી નવી કાઉન્સીલ અમેરિકા જઈ પહોંચતાંજ જનરલ ઑલિફન્ટના સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવને પોતાની પદવી તજી દેવાનું યોગ્ય જણાયું. એક વીર સ્વાત્માભિમાની પેઠે તેણે નવી મંત્રીસભાનું વર્ચસ્વ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી. તેણે પોતાની પદવીનું રાજીનામું આપી પોતાની સઘળી સત્તા નવી કાઉન્સીલને સોંપી દીધી અને પુનઃ નવજીવનનો આરંભ કરવા માટે પોતાના વફાદાર અંગરક્ષકો સર હેન્રી બીટન, સર જૉસફ લૅમ્બટન અને બીજા કેટલાક અડગ પક્ષકારોને લઈ બ્રિટિશ હદમાંથી બહાર નીકળી ગયો. તેણે તે ક્યાં જવા માગે છે તે જાહેર કર્યું ન્હોતું. પણ લૉરેન્સ લી પરના એક પત્રમાં તેણે ખાનગી રીતે જણાવ્યું હતું કે તે મેકસીકો જવાનો હતો. મેકસીકોની સરકારે ઑલિફન્ટને ભૂતકાલમાં તેણે ભયંકર યુદ્ધોમાં બતાવેલી વીરતા માટે "જનરલ" ની પદવી એનાયત કરી હતી.

જનરલ ઑલિફન્ટ મૅક્સિકો જવાની બીના જે પત્રમાં જણાવવામાં આવી હતી તે પછી લૉરેન્સ લીને તેના તરફથી બીજો પત્ર મળ્યો ન્હોતોઃ છતાં લોકોમાં અનેક જાતની વિચિત્ર અને અનિશ્ચિત ગપો ચાલતી હતી. દક્ષિણ અમેરિકા પર એક વિશાલ મૅકસીકન સૈન્ય ધસી ગયું છે—મ્હોટાં મ્હોટાં યુદ્ધો થયાં છે—અનેક સંસ્થાનો પાદાંક્રત કરવામાં આવ્યાં છે—એ સેનાએ વીરત્વપૂર્ણ પરાક્રમોથી વિજય પ્રાપ્ત કર્યો છે—આદિ આદિ અનેક પ્રકારની વાતો જાહેર પ્રજામાં ચાલતી હતી. આ ગપ્પીદાસો તે વીર મૅકસીકન સેનાના સેનાનીનું નામ કહેતા ન્હોતા, પણ લૉરેન્સ લીના મનની ખાત્રી થઇ ગઈ હતી કે તે વીર સેનાની કોઇજ નહિ; પણ જનરલ ઑલિફન્ટજ હોવો જોઇએ. વાંચનારની જાણ માટે આ સ્થલે જણાવવાની આવશ્યકતા છે કે વીર મૅકસીકન સેનાએ પોતાના બહાદૂર નાયકના નેતૃત્વ નીચે જે સંસ્થાનો પર પોતાની વિજયધ્વજા ફરકાવી હતી તે બ્રિટિશ સંસ્થાનો ન્હોતાં. એ સંસ્થાનોમાંના કેટલાંક સ્પેનીશ વસાહતીઓનાં હતાં—કેટલાંકમાં બદમાસ ચાંચીયાઓ તથા મુલ રહેવાસીઓ રહેતાં હતાં. આ સંસ્થાનો અમેરિકા ખંડની દક્ષિણે આવેલાં હતાં અને તેમના પરજ મૅકસીકન સેનાએ પોતાની સત્તા જમાવી હતી.

અમે આ પ્રકરણના પ્રારમ્ભમાંજ કહી ગયા છીએ કે, હમણાં ૧૬૮૫ નો જુન મહિનો ચાલતો હતો. ચાર્લ્સ બીજો ચાર મહિના પૂર્વે લોકો જેને 'મૃત્યુ' કહે છે તે ભેદી દેશમાં ચાલ્યો ગયો હતો. મરતી વખતે તેણે એક પોપપંથી પાદરી આગળ પોતાનાં દુષ્કૃત્યોનો એકરાર કરી "રોમન ચર્ચ" ના ધર્મગુરૂદ્વારા પોતાને માટે સ્વર્ગનાં દ્વાર ઉઘડાવ્યાં હતાં. તેના મરણને આગલે દિને તેના પુત્ર લૉરેન્સ લીને તેની શય્યા પાસે જવા દેવામાં આવ્યો હતો; અને ચાર્લ્સને પોતાના પ્રિય પુત્રથી હમ્મેશને માટે વિખૂટા પડતાં અત્યંત લાગણી થઈ હતી. ચાર્લ્સના મૃત્યુ પછી તેનો ભાઇ ડ્યુક ઑફ યૉર્ક જેમ્સ બીજા તરિકે ઇંગ્લંડની ગાદી પર આવ્યો. ગાદીનશીન થતાજ તેણે પોતાના રાજ્યમાં પોપોની સત્તાનો પુનરૂદ્ધાર કરવાના પ્રયત્નો કરવા માંડ્યા. ડચેસ ઑફ પોર્ટસ્મથ પોતાના રાજવંશી પ્રેમી ચાર્લ્સના મરણ પછી રાજમહેલમાંથી ચાલી ગઇ; પણ તે હજી લંડનમાંજ સેંટ જેમ્સ સ્કવેરમાં એક સુન્દર મકાનમાં રહેતી હતી અને ઇંગ્લંડનો નવો મુકૂટધર જેમ્સ તેને વારંવાર ત્યાં મળવા જતો હતો કારણ કે પોતાના ભાઈ ચાર્લ્સના રાજ્ય અમલમાં ફ્રેન્ચ સરકાર સાથે અગત્યના રાજકીય કોલકરારો કરવામાં લુઇની સહાય ઘણી ઉપયોગી થઇ પડી હતી એમ તે જાણતો હોવાથી ફ્રેન્ચ સરકાર સાથે સારો સંબંધ જાળવી રાખવામાં લુઈની સહાયની આવશ્યકતા છે એમ તે માનતો હતો.

જુનના પ્રારંભમાં એક દિવસે જેમ્સ—ઇંગ્લંડનો વર્તમાન મહારાજા—વ્હાઇટ હૉલ પૅલેસમાં "લેવી"* ભરતો હતો. નવા રાજાના સઘળા ઉમરાવ પક્ષકારોથી સભાભવન ચીકાર ભરાઇ ગયું હતું. દરબારી રિવાજ પ્રમાણે નજરાણું અર્પણ થઈ ગયા પછી ચાર્લ્સ પોતાના ખાનગી દિવાનખાનામાં આરામ લેવા ચાલ્યો જતો, પણ જેમ્સ તેમ કરવાને બદલે પોતાની આસપાસના ઉમરાવો સાથે વાતચીત કરવા લાગ્યો.

"આ પ્રસંગે મ્હારી આસપાસ મ્હારા કર્ત્તવ્યપરાયણ તથા વફાદાર પક્ષકારોને જોઇ મ્હને અત્યંત આનન્દ થાય છે—" રાજાએ દરબારીઓને કહ્યું.

"અને—" તેના ગમ્ભીર સ્વરમાં કંઇક સખ્તાઈ પણ આવી.

"મ્હારા ઉમરાવો તથા ગૃહસ્થો! અત્યારે મ્હને વફાદાર તથા

* Levee (લેવી) રાજદ્વારી દરબાર.

કર્ત્તવ્યપરાયણ મિત્રોની સહાયની અત્યંત જરૂર છે—પણ—હમણાં આપણને આ ઉમરાવ સાહેબ સ્કૉટલેંડના નવા સમાચાર સંભળાવશે—"

છેલ્લા શબ્દો તે હોમ સેક્રેટરીને સંબોધીને બોલ્યો; કે જે તેજ પલે દરબારમાં આવી પહોંચ્યો હતો.

"આપ નામદારને જણાવતાં મને આનન્દ થાય છે—" હોમ સૅક્રેટરીએ પ્રત્યુત્તર આપ્યો.

"કે ટવીડ નદિની બીજી બાજુની આપ નામદારની વફાદાર રૈયતની વફાદારીના પ્રતાપે ડ્યુક ઑફ આર્ગાઇલના હતભાગી અને વિપથગામી સહાયકોની લગભગ પૂરતી હાર થઈ છે."

"તેમને વિપથગામી હતભાગી સહાયકો ન કહો." પ્રથમના કરતા વિશેષ ક્રૂરતા પોતાના સ્વરમાં લાવી જેમ્સ બોલ્યો.

"લાંબા વખતથી આપણને ખબર મળી છે કે, અસંતોષી સ્કૉચ રાજદ્રોહીઓ હોલાંડમાં રક્ષણ મેળવી, અત્રેથી દેશપાર થયલા અંગ્રેજ રાજદ્રોહીઓ સાથે મળી રાજ્ય વિરૂદ્ધ કાવત્રાંઓ રચે છે. તેમને ડ્યુક ઑફ આર્ગાઇલ જેવો નેતા મળી ગયો એટલે તેમણે તેનું નેતૃત્વ સ્વીકાર્યું. બદમાસો! દિવાનાઓ! શું એમને અક્કલ નથી કે એ લોકો આંધળા છે? જાણી જોઇને એઓ રાજદ્રોહી બન્યા છે. એ છેતરાયા નથી કે તેમને કોઇએ ભમાવ્યા નથી. સ્કૉટીશ હાઇલૅન્ડઝમાં આવવાથી જાણે આખી પ્રજા આપણી સ્હામે બળવો ઉઠાવશે એવું ધારી તેઓએ એ હૂમલો કર્યો હશે—"

"આપ નામદાર જાણતાજ હશો કે એવો હલ્લો કરવામાં આવ્યો હતો અને તેથી સ્કૉટલેંડના ઉમરાવો તથા શ્રીમાન્ ગૃહસ્થોને તાજ તરફની વફાદારી તથા આપ નામદાર પ્રત્યેની લાગણી વ્યક્ત કરવાની તક મળી હતી—" એક ખુશામદી દરબારી બોલ્યો.

"આર્ગાઇલ અને તેના બળવાખોર રાજ્યદ્રોહી સહાયકો સ્હામે એકદમ જોતજોતામાં વીસથી ત્રીસ હજાર માણસો લડવા નીકળી પડે એ દેખાવ ખરેખર જોવા જેવો હતો. અને મ્હારી તો ખાત્રી છે કે બીજી જગ્યાએ પણ તેઓ એવુંજ પરિણામ લાવશે—" એક બીજો દરબારી બોલ્યો.

"હું તમારો મર્મ સ્હમજી ગયો છું." રાજા તે દરબારી તરફ જોઈ સ્મિત કરતો—પણ અંતરમાં ભયંકર ક્રોધથી બળતો બોલ્યો.

"બદમાસ રાજદ્રોહી મોન્માઉથ તેના મિત્ર અને સહાયક આર્ગાઇલે જેવો પ્રયાસ સ્કૉટલંડમાં કરી જોયો છે તેવો પ્રયાસ કરવા ઈંગ્લંડમાં અલ્પ સમયમાં આવશે એવું ધારવામાં આવે છે. પણ ચિન્તા નહિ. તેનું પરિણામ પણ એવુંજ આવશે. નિરાશા—નામોશી—પરાજય—"

"અને મોત!—" હોમ સેક્રેટરીએ રાજાને આનન્દ થાય એવી રીતે ટીકા કરી.

"આહા! મ્હારા સાહેબ! તમે એમ શી રીતે કહી શકો છો?" જેમ્સ જરા મ્હોટેથી બોલી પડ્યો.

"શું ત્યારે રાજ્યદ્રોહી ડ્યુક ઑફ આર્ગાઇલની કતલ કરવામાં આવી છે?—"

"નહિ. નામદાર! રણક્ષેત્રમાં તે રાજદ્રોહી ડ્યુકનું મરણ થાય તેથી તો તે પોતાની કીર્તિ અમર કરી જાય! હજુ અરધો કલાક પણ એ ખબર મને મળ્યાને થયો નથી કે ડ્યુક ઑફ આર્ગાઇલને તથા તેના એક વિશ્વાસપાત્ર સહાયકને કેદ કરવામાં આવ્યા છે અને એજ આનન્દજનક ખબર હું આપ નામદારને કહેવા આવ્યો છું. તેનો સહાયક ડ્યુકની વિદ્રોહી સેનાનો સેનાપતિ હતો અને આજથી બે વર્ષ પૂર્વે તેનું નામ આપના વફાદાર પક્ષકારોને કાને અથડાતા તેમને તેના પ્રત્યે અત્યંત ધિક્કાર ઉત્પન્ન થતો હતો—"

"આર્ગાઇલ કેદ પકડાયો!—" કેદી તરફના ધિક્કાર તથા વિજયી આનન્દની લાગણીથી મલકાઈ જેમ્સ બોલ્યો.

"વાહ......પણ તેનો વિશ્વાસપાત્ર સહાયક કોણ છે?"

"પેલો નામચીન રાજદ્રોહી રીચર્ડ રમ્બોલ્ડ!—" હોમ સેક્રેટરીએ જવાબ આપ્યો.

"રાઈ હાઉસવાળો રમ્બોલ્ડ!—" જેમ્સ અજાયબીની લાગણીથી બરાડ્યો.

"ઠીક–તમે તેને નામચીન રાજદ્રોહીની ઉપમા આપો છો, ખરૂં! વાહ–વાહ. ચલો હવે ડ્યુક સાહેબ અને તેના સહાયકના કેસનો નીકાલ કરી નાખો!—"

"રાજન્! આપ નામદારના હૃદયમાં અત્યંત દયા છે છતાં આપશ્રી આવા નીચ, દુષ્ટ ગુનેહગારોને શિક્ષા કરવાનું યોગ્ય ધારશોજ એવી માન્યતાથી મને તેઓ કેદ પકડાવાની ખબર મળ્યા પછી હું હોમ ઑફિસમાં તેમના વૉરંટો તૈયાર કરવાને ગયો હતોઃ અને નામદાર! હમણાં મ્હારી પાસે વૉરંટો તૈયાર છે—" રાજાના પ્રધાને જવાબ આપ્યો.

જો ત્યાં કોઈ અપક્ષપાતી મનુષ્ય હાજર હોત તો તે આ હડહડતું જૂઠાણું સાંભળી આશ્ચર્ય પામતઃ કર્નલ રમ્બોલ્ડ તથા ડ્યુક ઑફ આર્ગાઇલને ફાંસીની શિક્ષા કરવાના વૉરંટો પર સહી કરવાની વિનંતી કરતી વખતે જેમ્સના ખુશામદી પ્રધાને તેને "અત્યંત દયાળુ" કહી વાત કરી તે પરથીજ તે સમયના દરબારીઓ તથા રાજાઓ પોતાના વિરોધીઓ તરફ કેવા ભયંકર વેરની લાગણી ધરાવતા હશે તે સ્હમજી શકાય તેવું છે. સહી થયા પછી રાજાએ કલમ બાજુએ મેલી કે તરતજ લૉર્ડ ચેમ્બરલેન જે રિસેપ્શન રૂમમાંથી વીસેક મીનીટથી બહાર ગયો હતો તે પુનઃ ત્યાં આવ્યો અને રાજા સાથે કંઇક વાત કરવાની ઇચ્છાથી તેની નજીક જઇ ઉભો. લૉર્ડ ચેમ્બરલેન તે સમયે આવા દરબારો પ્રસંગે મુખ્ય વ્યવસ્થાપક તરિકે કામ કરતો હતો. ખાસ કરીને વિદેશી એલચીઓ તથા પરદેશી ઉમરાવો તથા શ્રીમંત ગૃહસ્થોનું સ્વાગત કરવાનું તેનું કર્ત્તવ્ય હતું કે જે કામ તે પછી પરદેશ ખાતાના પ્રધાનને સોંપવામાં આવ્યું છે.

"જો આપ નામદારની ઇચ્છા તથા આજ્ઞા હોય તો હમણાં મને એક અજાયબ જેવી ખબર મળી છે તે આપ નામદાર સમક્ષ કહી સંભળાવું—" રાજા તરફથી ઇસારત દ્વારા બોલવાની રજા મળતાં લૉર્ડ ચેમ્બરલેને કહ્યું.

"બોલો—" રાજા બોલ્યો. જે દરબારીઓ તે સમયે ત્યાં હાજર હતા તે બધાના મુખ પર આશ્ચર્યની છાયા છવાઈ ગઇ.

"દક્ષિણ અમેરિકામાં બનતા બનાવોને લગતી જે વિચિત્ર, આશ્ચર્યજનક અને અપૂર્ણ વાતો કેટલાક વખતથી આપણા કાનોએ અથડાયા કરે છે તેને લગતી વિશ્વાસપાત્ર ખબર અંતે પ્રાપ્ત થઇ છે—" લૉર્ડ ચેમ્બરલેને ખુલાસો કરવા માંડ્યો.

"એ વાત સત્ય છે કે કેટલાક બદમાસ ચાંચીઆઓને સજા કરી તેમનાં ટોળાંઓનું જડમૂલ કહાડી નાખવાના હેતુથી એક મૅક્સીકન લશ્કર દક્ષિણ અમેરિકાના ઉત્તર ભાગ પ્રાંતપર ધસી ગયું હતું......"

"આહ ! ઘણુંજ આનન્દજનક અને પ્રશંસાપાત્ર કૃત્ય !—" રાજા બોલ્યોઃ

"કારણ કે એ બદમાસ લુંટારાઓ દરિયા માર્ગે મુસાફરોને ઘણા હેરાન કરતા હતા અને આપણા અમેરિકાના વ્યાપારનું પણ સત્યાનાશ વાળતા હતા—"

"મૅક્સીકન સેના સમ્પૂર્ણ વિજય મેળવવા ભાગ્યશાળી થઇ છે. એ વીર સેનાના બહાદૂર સેનાનીએ ખરેખર, પ્રશંસાપાત્ર રીતે પોતાનું કામ કર્યું છે. મુખ્ય મુખ્ય શહેરોના બંદરોમાં જ્યાં ચાંચી-આઓના વહાણો પડેલાં હતાં, તે પર તેણે એટલી બધી ત્વરાથી હૂમલો કર્યો કે બદમાસો તેને કંઇ પણ કરી શકયા નહિ. તેમનાં વહાણો એ વીર સેનાનીના હાથમાં આવી ગયાં—ત્યાર પછી તેણે એવીજ ઉતાવળથી સ્પેનીઆર્ડો તથા ટાપુમાંના મૂલ રહેવાશીઓ પર હલ્લા કર્યાં. દિન પર દિન તે વિજયી થતો ગયો—તેણે અનેક પરાક્રમોથી દિગંતમાં પોતાની કીર્તિ પ્રસારી દીધી—એ ચાર મહિનામાં તેણે વિશાલ પ્રાન્તો પર પોતાની ધ્વજા ફરકાવી દીધી અને મૅક-સીકન સરકારની સમ્મતિથી તેણે ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપન કર્યું છે—"

"શાહબાશ છે એવા વીર પુરૂષને ! હું ધારૂં છું કે તે ત્યાં રાજા થયો હશે !—" રાજા જેમ્સ બોલ્યો.

"નહિ, નામદાર !—" લૉર્ડ ચેમ્બરલેને કહ્યું.

"હવે જે વાત મ્હારે આપ નામદારને કહેવાની છે તેથી કદાચ આપ નારાજ થશો એવું મ્હને લાગે છે. મૅક્સીકન સેનાના તે વીર સેનાપતિએ પોતે જીતેલા પ્રદેશમાં એક પ્રજાસત્તાક રાજ્ય સ્થાપિત કર્યું છે કે જેનો તે પ્રધાન મંત્રી થયો છેઃ પણ આ સ્થલે મ્હારે કહેવું જોઇએ કે તેણે એ પદ પોતાની જીતાયલી પ્રજા તથા તેની વીર સેનાની સમ્પૂર્ણ સમ્મતિથીજ સ્વીકાર્યું છે અને એ બધું કર્યાં પછી તેણે જરા પણ સમય ગૂમાવ્યા વિના ફ્રાન્સ તથા ઇંગ્લંડ સાથે વ્યાપારી સંધિ કરવાનું યોગ્ય ધાર્યું છે—"

"એટલે તેણે આપણા દરબારમાં પોતાનો એલચી મોકલ્યો છે—એમ?—તમે એ એલચીના આગમનની ખબર આપવા આવ્યા છો, ખરું?" જેમ્સે પૂછ્યું.

"નહિ નામદાર! એ પ્રજાસત્તાક રાજ્યના પ્રેસીડંટ પોતે અત્રે પધાર્યા છે. તેઓ બે કલાક પૂર્વે લંડનમાં આવી પહોંચ્યા છે. તેમના બે અંગ્રેજ અંગરક્ષકો બધી વાતચીત કરવા હમણાંજ મ્હારી પાસે આવ્યા હતા અને જે સમય જાય છે તેમાં આપ નામદાર સમક્ષ નવા પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ સાહેબ હાજર થવા જોઈએ—"

"જો કે "પ્રજાસત્તાક" અને "પ્રજાનો પ્રતિનિધિ" એ શબ્દો મ્હારા કાનોને અત્યંત અપ્રિય લાગે છે છતાં તમે જેની વાત કરો છો તેવા એક મહાન્ સેનાનીને યોગ્ય માન આપવાનું મ્હને યોગ્ય જણાય છે." જેમ્સ રાજા બોલ્યો.

"અમેરિકન સંસ્થાનોના વ્યાપાર સંબંધી તેણે એક પ્રકારે આપણી સારી સેવા બજાવેલી જણાય છે. આપણા સંસ્થાનોના વ્યાપારીઓને હવે ઘણો લાભ થશે...ઠીક...એક પ્રેસીડંટ—તે રાજ્યનો મુખ્ય સત્તાધીશજ ગણાય—એક પ્રધાન ન્યાયાધિશ—નહિ—સત્તાધીશ શાસનકર્ત્તા જેવો—લગભગ રાજા જેવોજ ગણી શકાય: એટલે મ્હારે તેને મ્હારો સમોવડીઓ ગણીનેજ તેનું સ્વાગત કરવું જોઇએ. અજબ જેવું છે કે તે પોતેજ પરરાજ્યમાં પોતાના એલચી તરિકે આવે છે. ઠીક—જેમ હશે તેમ. પણ મ્હારા લૉર્ડ! એ નવા પ્રજાસત્તાક રાજ્યનું નામ શું? વળી જે બહાદૂર યોદ્ધો તેનો પ્રેસીડંટ થયો છે તેનું નામ શું?—"

"એ પ્રજાસત્તાક રાજ્યનું નામ "ઑલિમ્પન્ટા" છે નામદાર!—" લૉર્ડ ચેમ્બર લેને પ્રત્યુત્તર આપ્યો.

"અને તેના પ્રેસીડંટનું નામ?"

"તેના પ્રેસીડંટનું નામ—"

હજુ લૉર્ડ ચેમ્બર લેન પોતાનું વાક્ય પૂર્ણ કરે તે પહેલાં તો રિસેપ્શન રૂમના નાકાપરનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં અને નવા પ્રજાસત્તાક રાજ્યનો મુખી તથા તેનો રસાલો દરબાર ગૃહમાં દાખલ થયા અને હજુરિયાએ તેના આગમનની ખબર આપતાં કહ્યું:—

"નામદાર જનરલ ઑલિફન્ટ!—"

પ્રકરણ ૪૦ મું.

ઍાલિફ્ન્ટાનો પ્રેસિડંટ.

તે સુપ્રસિદ્ધ યોદ્ધાના જગપ્રસિદ્ધ નામનો તે ભવ્ય રાજ ભવનમાં પ્રતિધ્વનિ થતાં રાજા જેમ્સના વદનપર એક પલ અભાવની છાયા આવી; પણ તે ફક્ત એક જ પલ ટકી. એકજ પલમાં અસંખ્ય વિચારો તેના મગજમાંથી પસાર થઇ ગયા. ફક્ત એક દૃષ્ટિ ફેંકતાં જ જનરલ ઍાલિફન્ટ સાથે સારો સંબંધ રાખવામાં તેના કેટલા લાભો સમાયલા હતા તે તેના લક્ષમાં આવી ગયું. અને પોતાના સ્વાર્થની વાત લક્ષમાં આવતાં એક ક્ષણ જે અભાવદર્શક લાગણી તેના મુખપર છવાઇ હતી તે બીજીજ ક્ષણે અદૃસ્ય થઇ ગઇ અને તેની જગ્યા સ્મિત હાસ્યે લીધી. જનરલના દર્શન થવાથી જાણે તેને અનહદ્ આનન્દ થયો હોય તેમ હર્ષની છાયા પોતાના વદનપર લાવી, જેમ્સે ઍાલિફ્ન્ટનું ગરમાગરમ સ્વાગત કરવાનો નિશ્ચય કર્યો. તે યુગનો સર્વ શ્રેષ્ટ યોદ્ધા તેની સમક્ષ ઉભો હતો. રાજાના વર્તનપર તેની મિત્રતા અથવા શત્રુતાનો આધાર હતો. ઍાલિફન્ટ એક સ્વતંત્ર રાજ્યનો પ્રધાન સત્તાધિશ થયો હતો—તે ગમે તેવા વિશાલ લશ્કરનો સેનાની થઇ શકતો અને ગમે તે પ્રદેશમાં તેની સેના વિજયડંકા વગાડી આવતી. ઍાલિફ્ન્ટાનું નવું સ્વતંત્ર રાજ્ય, રાજા જેમ્સના અમેરિકાના સંસ્થાનોથી ઘણું નજીક હતું. અને જો ઍાલિફન્ટ પોતાના દરિયાઇ તથા ખુશકી લશ્કરી સાધનોનો ઉપયોગ કરી બ્રીટીશ સંસ્થાનો પર હુમલો કરે તો જેમ્સને પોતાનાં સંસ્થાનો પરથી હાથ ધોઇ નાખવા પડે એવી સ્થિતિ હોવાથી એ નવા પ્રજાસત્તાક રાજ્ય સાથે યોગ્ય સંધિ કરી ગ્રેટબ્રિટનની સત્તા અમેરિકામાંથી નષ્ટ ન થાય એવી તેની આંતરિક ઇચ્છા હતી. એવી ઇચ્છાને લીધે જ તે જનરલને તેના રસાલા સહિત માન આપવા તૈયાર થયો હતો.

તેના સર્વ દરબારીઓ પણ પોતાના વિધાત્તા તરફ જ જોઇ રહ્યા હતા કે જેથી તેઓ ઍાલિફન્ટાના પ્રેસીડંટ સાથે કેવું વર્તન ચલાવવું તેની સૂચના મેળવી શકે. આ સમયનો દેખાવ વિચિત્ર હતો. જેમ્સના વદનપર જે પલે અભાવદર્શક લાગણીની છાયા જણાઇ તેજપલે તેના સર્વે દરબારીઓનાં વદનો પણ સખત થયાં પણ બીજી

જ પલે રાજાના ભાવમાં પરિવર્તન થયું અને તે જેમ પહેલાં નંબરનો આડમ્બરી હતો તેમ જ તેના દરબારીઓ પણ દમ્ભના મૂર્તિમંત પૂતળાઓ જેવા હોવાથી તેમણે પણ પોતાના સ્વામીની ઇચ્છાનુસાર પોતાના મ્હોપર આનન્દની છાયા છવાવી દીધી. રાજા જેમ્સ સ્વતંત્રતાનો કટ્ટો શત્રુ હતો–સ્વાતંત્ર્ય પ્રિય વીરલાઓ તેની આંખમાં કાંટા જેવા ખૂંચતા. પ્રજાસત્તાક વાદનો તે પ્રબલ વિરોધી હતો; છતાં સંયોગવશાત્ તેને આજે એક રણધીર સ્વરાજ્ય વાદીનું સ્વાગત કરવું પડતું હતું કે જે વીર સેનાનીના વીરત્વ સ્હામે થવાની તેનામાં તાકાત ન્હોતી.

વીર યોધ્ધો ઑલિફન્ટ ભવ્ય–સુશોભિત લશ્કરી પોષાકમાં સજ્જ થયો હતો. તેની છાતીપરનું પોલાદી બખ્તર રૂપાં જેવું ચકચકી રહ્યું હતું–તેના કોટની લાલ બાંયપર સુન્દર લેસ શોભી રહી હતી–તેના મસ્તકપરની હૅટપર શ્વેત તથા રક્તરંગી પીંછાં ફરકતાં હતાં–કૉલર પણ અતિ સુન્દર હતો–તેના બુટ પર પણ કિમતી લેસ શોભી રહી હતી. તેની તલવારની મૂઠ પર સુન્દર અમૂલ્ય રત્નો ચકચકતાં હતાં તથા છાતીપરના બખ્તરપર એક રત્ન જડિત ચાંદ લટકતો હતો કે જે તેના વીરત્વથી પ્રસન્ન થઇ તે ઑલિફન્ટાનો સ્વતંત્ર રાજ્યકર્તા થયો, તે પૂર્વે તેને મૅક્સીકન સરકારે એનાયત કર્યો હતો. બે વર્ષ અમેરિકાની ગરમ હવામાં રહેવાથી તેના વદનપર સહેજ શ્યામતા આવી હતી છતાં જેમ્સે એને રેસમાં પૂર્વે જોયો હતો તે કરતાં તે જરાપણ વૃદ્ધ થયલો જણાતો ન્હોતો. તેના વાળોમાં એક પણ વાળને રૂપેરી રંગ સ્પર્શી શક્યો ન્હોતો તેની આંખોમાં પ્રથમના જેવું જ તેજ અત્યારે પણ હતું; અને તેને રાજાના દરબારીઓએ વિનયપૂર્વક જે માન આપ્યું તેનો તેણે સ્મિતસહ જ્યારે જવાબ આપ્યો ત્યારે તેના સુન્દર–સફેદ દાંતો તદ્દન સુરક્ષિત હતા તે જણાઇ આવતું. સમય તેના પર અસર કરી શક્યો નહોતો. આ સ્થળે એટલું પણ યાદ રાખવાનું છે કે અમારા વીર નાયક ઑલિફન્ટે હજુ ચાળીસ વસન્ત જ જોઇ હતી. તેનો બાંધો જ સુદૃઢ લોખંડી હતો. આફતો સહન કરવાની તેની અસામાન્ય શક્તિ–દુશ્મનોને ધૂળ ચાટતા કરવાની આશ્ચર્યજનક બુદ્ધિ–કોઇપણ કર્ત્તવ્ય આરમ્ભથી અન્તસુધી સમ્પૂર્ણ દક્ષતા સહ પાર પાડવાની ખંત–ગમે તેવા ભયંકર સમયે પણ શાન્તિ જાળવીને કામ કરવાની પદ્ધતિ–ગમે તેવા સંયોગોને પોતાને અનુકુળ કરી લે-

વાની તેની તત્પરતા તથા પરિણામ માટેની બેદરકારી—એ સર્વ ગુણોમાં વિજયની ચાવી હતી. જો તેના જેવા સંયોગોમાં અમેરિકા જેવી ભૂમિમાં કોઇ અન્ય પુરૂષ મૂકાયો હોત તો ભયંકર રીતે કૃશ થઈ જઇ તેનો દેખાવ બીહામણો થઈ જાતઃ પણ ઍાલિફન્ટના દેખાવમાં જરા પણ બગાડો થયો ન્હોતો. ઇંગ્લંડની આબો હવામાં તે જેવો ખુબસુરત લાગતો હતો તેવોજ હમણાંય જણાતો હતો.

ઍાલિફન્ટાના શ્રીમાન્ રાજકર્ત્તાની તહેનાતમાં તેના બે અંગ્રેજ અંગરક્ષકો હતા. એક સર જોસફ લૅમ્બટન અને બીજો સર હેન્રી બીટન. તેના રસાલામાં બીજા છ ગૃહસ્થો પણ હતા. આ છ ગૃહસ્થો તેણે જીતેલાં સ્પેનીશ પ્રદેશના નિવાસી હતા અને તેમને તેણે પોતાના રસાલામાં દાખલ કર્યાં હતા. ઍાલિફન્ટના વર્તન કે દેખાવમાં ખોટો અહંકાર ન્હોતો—આડમ્બર પણ ન્હોતો. તે પોતાની પદવીને યોગ્ય અભિમાન સહિત દરબારમાં દમામ ભર્યાં ડગલાં ભરતો દાખલ થયો. ગ્રેટબ્રિટનના અભિમાની ઉમરાવો આજે તેને ઝુકીઝુકીને સલામ કરતા હતા; છતાં તેથી તે ફુલાયો નહિ. વિનય, શાન્તિ, ઉચિત અભિમાન, નમ્રતા આદિ સર્વ પુરૂષોચિત્ત ભાવો જનરલના વદનપર હતા. રાજા જેમ્સ તેને આવકાર આપવા પોતાના દરબારીઓ સાથે તૈયાર થઇ ઉભો હતો. જનરલ નજીક આવતાં તે તેને આવકાર આપવા બે ત્રણ ડગલા આગળ ગયો. ફક્ત સ્વતંત્ર રાજકર્ત્તાઓને જ આવું માન આપવાનો રિવાજ હોવાથી જ્યારે જેમ્સ જનરલને બે ડગલાં સ્હામો લેવા ગયો ત્યારે તેના દરબારીઓ જનરલ સાથે તે એક સ્વતંત્ર રાજા હોય તેવું જ વર્તન ચલાવવાનું છે એમ સ્હમજી ગયા.

રાજા જેમ્સ તથા પ્રેસીડંટ ઍાલિફન્ટ વચ્ચે જે વાતચીત થઇ તે અત્રે રજુ કરવાની આવશ્યકતા નથીઃ પણ અમારે એટલું જણાવવાની જરૂર છે કે લૅાર્ડ ચેમ્બરલેને દક્ષિણ અમેરિકાનાં યુદ્ધોને લગતી જે વાતચીત અલ્પ સમય પૂર્વે કરી હતી તે વિષે સત્ય ખુલાસો કરવાની રાજાએ જનરલને વિનંતી કરી. અને જનરલે સરલ અન્તઃકરણે પોતે અમેરિકામાં કેવાંકેવાં કામોમાં ગૂંથાઇ ગયો હતો તે વિષે વાત કરવા માંડી. તેણે રાજાને તથા તેના દરબારીઓને જણાવ્યું કે વર્જીનીઆનું વાઇસિરોયપદ ત્યજી દીધા પછી તેણે મૅક્સીકન સેનાનું નેતૃત્વ સ્વીકાર્યું હતું. તેની વાતચીત પરથી બધાની ખાત્રી થઈ ગઈ કે ખરેખર, ભયંકર યુદ્ધો થયાં હતાં—

ચાંચીઆઓનો સમગ્ર દરિયાઇ કાફલો જપ્ત કરવામાં આવ્યો હતો—નગરો અને પ્રાન્તો જીતી લેવામાં આવ્યાં હતાં—એક પછી એક થયલા વિગ્રહમાં અસંખ્ય સંસ્થાનિકો અને મૂલ નિવાસીઓ યમ શરણ થઇ ગયા હતા—બન્ને બાજુએથી મ્હોટાંમ્હોટાં લશ્કરો લડાઇમાં ઉતર્યાં હતાં—અને એ લશ્કરના વીર સેનાપતિએ પોતાના દુશ્મનો પર એવી ત્વરાથી આક્રમણ કર્યું હતું કે જેની સ્હામે ટક્કર ઝીલવાની તેમનામાં શક્તિજ ન્હોતી. એક કિનારેથી પૅસિફીક મહાસાગર અને બીજી બાજુએથી કેરીબીઅન સાગરના પ્રચંડ મોજાઓથી ધોવાતો પ્રદેશ એ યુદ્ધમાં જનરલે હસ્તગત કર્યો હતો. ઑલિફન્ટે પોતાના વીર અંગરક્ષકો સર જૅાસફ લૅમ્બર્ન તથા સર હેન્રી બીટને રણાંગણમાં બતાવેલા વીરત્વ માટે મુક્ત કંઠે તેમની પ્રશંસા કરી. હવે તે બન્ને વીર અંગ્રેજોની રાજા સાથે ઓળખાણ કરાવવામાં આવી: જનરલે યુદ્ધની જે હકિકત દરબારમાં કહી તેમાં તેણે પોતાને વિષે એક શબ્દ પણ કહ્યો નહિ. ભયંકર યુદ્ધક્ષેત્રના મધ્ય ભાગમાં અડગ નીડર ખડક જેવો તે જઇ ઉભો હતો—મૃત્યુના પ્રત્યક્ષ દર્શન કરી, તેને લાત મારી તે વિજયી થઈ પાછો ફર્યો હતો—જે સ્થલે વિષારી બાણોનો વરસાદ વરસતો હતો, જ્યાંથી બંદુકની ગોળીઓ એક પછી એક પસાર થઇ જતી હતી, જ્યાં જંગલી લુંટારાઓ ભાલાઓની અણીપર તેનો પ્રાણ લેવા ભૂખ્યા વાઘની પેઠે દોડી આવતા હતા ત્યાં ઑલિફન્ટ મોતની પરવા કર્યા વિના પોતાની સમશેર ઘૂમાવતો ઉભો હતો. જ્યાં ભયંકર કાપાકાપી થતી હોય. જ્યાં પ્રાણ બચવાનો એક ક્ષણ પણ વિશ્વાસ ન રાખી શકાય ત્યાં જઇને જુઓ તો ત્યાં ઑલિફન્ટ ખરોજ ! મૃત્યુને મુઠ્ઠીમાં લઈ ફરનારો તે અજીત યોદ્ધો હતો. જ્યારે તે યુદ્ધ ભુમિમાં જતો ત્યારે તેની રગેરગમાંથી શૌર્યની ધારા વહી જતી. તે એવો વીર હતો કે મૃત્યુ તેને આલિંગન દેવા આવતું નહિ. ભાલાઓ તેના બખતરને ભેદી શકતા નહિ અને સમશેરો તેની તેજસ્વી અસિ સ્હામે ટકી શકતી નહિ.

વાતમાં ને વાતમાં રાજાએ પ્રેસીડંટને જણાવી દીધું કે નવા પ્રજાસત્તાક રાજ્યનો ગ્રેટબ્રિટન તરફથી એક સ્વતંત્ર રાજ્ય તરિકે સ્વીકાર કરવામાં આવશે અને ઉભય દેશના વ્યાપારી સંબંધ માટે ઘણી ઉદાર સરતો કરવાની તે પોતાના પ્રધાનોને સૂચના કરશે.

ત્યાર પછી તેણે ગ્રેટબ્રિટન વિષે વાત કરવા માંડી. વાતમાં ને વાતમાં તેણે ડ્યુક ઑફ આર્ગાઇલના હૂમલાની તથા સ્કૉટલંડમાં તેના થયેલા પરાજયની બીના પણ જનરલને કહી. ડ્યુક ઑફ મોન્માઉથ અલ્પ સમયમાં હલ્લો કરશે એવું ધારવામાં આવે છે એમ પણ રાજા બોલી ગયો. ત્યાર પછી જાણે કંઇ યાદ આવ્યું હોય તેમ તે બોલ્યો.

"અને હવે નામદાર! મ્હારે તમને એક એવી ખબર આપવાની છે કે જે સાંભળી તમે કદાચ નારાજ થશો. આજથી બે વર્ષ પૂર્વે ઓલ્ડ બેલીના ન્યાય મન્દિરમાં જેને બચાવવા માટે તમે ભગીરથ પ્રયત્ન કર્યો હતો તે માણસ પણ સ્કૉટલંડમાં ડ્યુક ઑફ આર્ગાઇલ સાથે કેદ પકડાયો છે—"

"એમ ?...મને લાગે છે કે આપ કર્નલ રમ્બોલ્ડ વિષે ઇસારો કરો છો જે હર્ટફર્ડશાયરમાં રાઈ હાઉસમાં રહેતા હતા? —" જનરલે બેદરકારીથી કહ્યું.

"હાજી. એજ" રાજા બોલ્યો અને તે પછી વિચાર કરતાં તેને લાગ્યું કે જનરલ ઑલિફન્ટ પોતાના આગલા મિત્રના જીવનની હવે દરકાર કરતો નથી.

"રાજદ્રોહી રીચર્ડ રમ્બોલ્ડ આર્ગાઇલનો સહાયક સેનાની હતો; પણ તેમનાં લશ્કરને સ્કૉટલંડની અમારી રાજ્યભક્ત પ્રજાએ તરત જ વીખેરી નાંખ્યું હતું. ડ્યુક તથા રમ્બોલ્ડ કેદ પકડાવાની ખબર મળ્યાને હજુ એક કલાક ભાગ્યે જ થયો હશે—"

"અને હું ધારૂં છું કે એ રાજદ્રોહીઓને શિક્ષા કરવામાં આપનામદારે જરાપણ વિલંબ નહિ કર્યો હોય—" પ્રથમના જેવા જ બેદરકાર સ્વરે ઑલિફન્ટ બોલ્યો.

"અમારા હોમ સેક્રેટરીને આર્ગાઇલ તથા રમ્બોલ્ડને દેહાંતદંડની સજા કરવાના અમારી સહી સાથના વૉરંટો આપી દેવામાં આવ્યા છે અને તેમણે તે તરત એડીનબર્ગ મોકલી આપ્યા હશે તેમાં કંઇ શક નથી. હવે જનરલ ઑલિફન્ટ! જો તમે કૃપા કરી મ્હારી સાથે ખાનગીમાં પાંચ મીનીટ વાતચીત કરવા પધારશો તો હું ઘણો રાજી થઇશ. કારણ કે જ્યારે તમે પોતે તમારા એલચી તરિકે ગ્રેટબ્રિટન તથા અમારા અમેરિકન સંસ્થાનો અને આપના નવા સ્વતંત્ર રાજ્ય વચ્ચે વ્યાપારી તથા રાજ્યદ્વારી કરારો કરવા પધાર્યા છો ત્યારે

આપણે બન્ને ઉભયને લાભ થાય એવી સરતો નક્કી કરીએ એજ ઇચ્છવા યોગ્ય એમ મ્હને લાગે છે."

આટલું કહી રાજા જેમ્સે પોતામા દરબારીઓ તથા હુઝૂરિયાઓને સાથે નહિ આવવાની સંકેતદ્વારા આજ્ઞા કરી અને એકલા જનરલને લઇ તે પોતાના ખાનગી દિવાનખાનામાં ચાલ્યો ગયો.

"જુઓ ! જનરલ ! મ્હેં સરલ હૃદયે તથા આનન્દ સહિત તમારા નવીન રાજ્યનો સ્વતંત્ર રાજ્ય તરિકે સ્વીકાર કર્યો છે—મ્હેં તમને તે રાજ્યના મુખ્ય મંત્રી તરિકે માન આપ્યું છે અને જ્યાંસુધી તમે ગ્રેટબ્રિટનમાં રહેશો ત્યાં સુધી તમારી પદવી પ્રમાણે તમારૂં માનપૂર્વક સ્વાગત થશે. તમે મ્હારા પ્રધાનો સાથે અન્ય સરતોપર વિચાર ચલાવજો અને યોગ્ય ગોઠવણ કરી લેશો પણ તમે અમારા ઉત્તર અમેરિકાના સંસ્થાનોમાં કદિપણ કોઇ પ્રકારનો ઉપદ્રવ કરશો નહિ એવું ગમ્ભીર વચન આપવામાં તમને કોઈ જાતનો વાંધો હોય એમ મને લાગતું નથી—"

"નામદાર ! જ્યારે યુદ્ધનું આવાહન પણ થયું નથી ત્યારે આવું વચન માગવું વિચિત્ર નહિ ગણાય ?—" ઑલિફન્ટ રાજાના હૃદયમાં પોતાના સંસ્થાનો માટે કેવા પ્રકારનો ભય ઉત્પન્ન થયો હતો તે સ્હમજી ગયો હતોઃ પણ તેણે પોતાના શબ્દો કે દેખાવ પરથી રાજાને જાણવા દીધું નહિ.

"વિચિત્ર ભલે લાગતું હોય—પણ હાલના સંજોગોમાં મને એવું વચન લેવામાંજ સાર જણાય છે—"

"હું આપ નામદારને જણાવવાની રજા લઉં છું કે આપ નામદારના અમેરિકન સંસ્થાનોમાંના લશ્કરથી ઑલીફન્ટાના પ્રજાસત્તાક રાજ્યને ભય પામવાનું જરા પણ કારણ નથી—" ઉચિત અભિમાનથી તે સ્વાતંત્ર્યપ્રિય વીરલો બોલ્યો.

જેમ્સે આ શબ્દો સાંભળી ઓઠ કરડયો—તે જરા સંતપ્ત થયો—પણ બીજીજ પલે તેણે પોતાના ભાવો બદલી* નાખ્યા. પુનઃ તે વિનયી, નમ્ર અને શાન્ત બની ગયો. આવી શાન્તિ કે નમ્રતા તેના હૃદયમાં ન્હોતી રહેતીઃ પણ જગતને છેતરવા માટે તે બહારથી શાન્ત તથા નમ્ર બની શકતો.

"આપ ખોટું ન લગાડશોઃ પણ હું તમને યાદ કરાવું છું કે તમે આ દેશનાજ વતની હોવાથી તમારા રાજ્યને મ્હારા તાબેદાર

રાજ્ય તરિકે ગણવાનો દાવો કરી શકું: પણ નહિ. મ્હેં ઉદારતાથી તમારા શૌર્યની પ્રશંસા કરી છે–તમારી સ્વતંત્રતા સ્વીકારી મ્હેં તમને માન આપ્યું છે–મ્હેં તમને તમારા રાજ્યના સ્વતંત્ર રાજ્યકર્તા તરિકે જાહેર કર્યા છે: આટલું આટલું કરવા છતાં તમે મ્હેં કહેલી સરતનો તમારી પાસે સ્વીકાર કરાવવાનો શું હું દાવો નહિ કરી શકું?—"

"નામદાર!—" પોતાની પદવીનું અભિમાન વ્યક્ત કરતો તે વીર બોલ્યો. હમણાં તેની બેદરકારી તદ્દન લુપ્ત થઇ ગઈ. તે ગમ્ભીર થયો હતો.

"એક શાસક કે જે એક લક્ષ મનુષ્યોનો નાયક થઇ શકે છે, જેના કાફલામાં સાઠ લડાયક વહાણો છે, જેણે એવા ફળદ્રુપ પ્રદેશોપર વિજય મેળવ્યો છે કે જેની રૈયતપર કોઇપણ જાતનો કર નાખ્યા વિના તિજોરીમાં દ્રવ્ય ઉભરાઇ જાય–આવા રાજ્યના નેતાની સ્વતંત્રતા સ્વીકારવી એ કંઈ ઉપકાર નથી. નામદાર મહારાજા! હું એવી સ્થિતિમાં છું કે મ્હારી સ્વતંત્રતાનો આપની પાસે મ્હારા યોગ્ય હક્ક તરિકે સ્વીકાર કરાવી શકું—"

પુનઃ રાજાના વદનપર અપ્રિયતા આવી–તેને પુનઃ ભય ઉપજ્યો. અસંખ્ય સનિકો–દરિયાઇ કાફલો તથા અઢળક લક્ષ્મી–નો ઑલિફન્ટ સ્વામી હતો. એ સાધનોનો તે પોતાની અદ્ભૂત બુદ્ધિ અનુસાર ઉપયોગ કરે તો ભવિષ્યમાં તેના અમેરિકન સંસ્થાનો પર ઑલિફન્ટની ધ્વજા ફરકતી થઇ જાય એમાં કંઈ શક નથી એમ જેમ્સને લાગ્યું.

"હું આપ નામદારને જરા પણ નારાજ કરવાની ઇચ્છાથી એ શબ્દો બોલ્યો ન્હોતો—" એક પલ વિચાર કરી રાજા જેમ્સે કહ્યું: "હું સરલ હૃદયે એક પ્રજાસત્તાક રાજ્યના સ્વતંત્ર શાસક તરિકેના તમારા હક્કનો સ્વીકાર કરૂં છું. આપ કેટલા સમય માટે એ રાજ્યના પ્રમુખ નીમાયા છો તે મને જણાવી શકશો?—"

"હા જી. જીંદગી સુધી મને પ્રજાએ એ પદપર નિયુક્ત કર્યો છે અને મ્હારા મરણ પછી એ રાજ્ય માટે શાસનકર્ત્તા નીમવાનો હક્ક પણ મને જ આપવામાં આવ્યો છે—" જનરલ ઑલિફન્ટે જવાબ આપ્યો.

"ઑલિફન્ટાનું રાજ્યદ્વારી બંધારણ રાષ્ટ્રીય પ્રતિનિધિઓએ ઘડી કહાડ્યું છે, અને એ બંધારણને માન આપી મ્હારે રાજ્ય કરવાનું છે.

આપ નામદારના રાજ્યદ્વારી વિચારો પર પ્રહાર કરવાની લેશ માત્ર ઇચ્છા વિના હું કહેવાની આવશ્યકતા જોઉં છું કે એક રાષ્ટ્રને પોતાની સરકારને પોતાની ઇચ્છા પ્રમાણે રાજ્ય કરવાની ફરજ પાડવાનો હક્ક છે. જો કે એટલી બધી સત્તા મ્હારા હાથમાં સોંપવા સ્હામે મ્હેં વાંધો લીધો હતો છતાં પ્રજાની ઇચ્છાને આધિન થઈ એ અ સામાન્ય સત્તાનો મ્હેં સ્વીકાર કર્યો છે—"

"આપ નામદાર જીંદગી સુધી એ રાજ્યના પ્રમુખ નીમાયા છો અને તેથી આપ જે રાજદ્વારી નીતિ અખ્ત્યાર કરશો તે આપની જીંદગી સુધી આપની પ્રજાને બંધનકર્ત્તા થઇ પડશે—" બહારથી સંતોષ પ્રદર્શીત કરતો જેમ્સ બીજો બોલ્યો.

"આથી મારા સંસ્થાનો સાથે શાન્તિ જાળવી રાખવાનું વચન આપવાની કૃપા કરી આપ મને આભારી કરવાનું યોગ્ય ધારતા નથી? મને ખબર છે કે, હું જે માગું છું તેનો સમાન બદલો કદાચ ઉભય રાજ્ય વચ્ચે થનારા કોલકરારોમાંથી આપને નહિ મળી શકે પણ શું આપની હું કંઇ પણ સેવા બજાવી શકું એમ નથી? આ દેશમાં એવા કોઇ નથી કે જેમના જીવનમાં આપ નામદાર રસ લેતા હો? તેમને લાભ થાય એવું કંઈ પણ કરવા ઇચ્છિતા નથી? આપણા રાજ્ય દ્વારી કરારોમાં ઉભય રાજ્યોમાં શાન્તિ જળવાઇ રહે એવી સરત દાખલ કરાવવાને હું અત્યંત આતુર છું. હવે નામદાર! એ સરતનો તમે સ્વીકાર કરવા તૈયાર થાઓ તો તમારી એ ઉદારતાના બદલામાં શું કંઈપણ આપવાની મ્હારામાં શક્તિ નથી? નહિ. એથી પણ વધારે—ઈંગ્લંડનો રાજા પોતાની ઉદારતા તથા કૃતજ્ઞતાનો સચોટ પૂરાવો આજે આપવા ચાહે છે. જનરલ ઑલિફન્ટ! તમારા ઉન્નત હૃદયપર મ્હને સમ્પૂર્ણ વિશ્વાસ છે. અને મ્હારા શબ્દોમાં કેટલી સત્યતા તથા સરલતા છે તે ત્હમે હમણાંજ જોશો—"

આટલું કહી રાજા જેમ્સે એક "પોર્ટ ફોલીઓ" ઉઘાડી બાદશાહી હૂકમનામા લખવાના કોરા કાગળો બહાર ખેંચી કહાડયા. આ કાગળો રાજદ્વારી નિયમ પ્રમાણે લખાયલાં હતાં અને રાજાની આજ્ઞાની વિગત, જેને હૂકમ કરવાનો હોય તેનું નામ તથા રાજાની સહી એટલુંજ લખવાનું બાકી હતું. હુકમ નામાની બાજુમાં હોમ સૅક્રેટરીની સહી પણ કાયદા પ્રમાણે કરવામાં આવી હતી. તેમાંનો એક દસ્તાવેજ

લઈ તેપર જેમ્સે પોતાની સહી કરી અને તે જનરલ ઑલિફન્ટને આપી તે બોલ્યો "

" આપ નામદાર આનો આપની ઇચ્છાનુસાર ઉપયોગ કરવાને મુખ્ત્યાર છો. આપના પર મ્હને સમ્પૂર્ણ વિશ્વાસ હોવાથી મ્હને નીચું જોવું ન પડે તેની સંભાળ રાખવાની વિનંતી સહ હું આ કિંમતી દસ્તાવેજ કે જેની સત્તાથી આ રાજ્યમાં આપ ગમે તે કાર્ય કરી શકશો તે આપને આધિન કરૂં છું."

" આપ નામદારની ઉદારતા તથા મ્હારા પરના વિશ્વાસના આવા પ્રબલ પૂરાવા પછી આપની વિનન્તીને માન આપવા હું આનાકાની કરી શકતો નથી. મ્હેં પ્રથમથી આપને હા પાડી નહિ તેનું કારણ એટલુંજ હતું કે એવો કરાર કરવાની કંઈ જરૂરજ ન્હોતી. હમણાં હું કોઈ સાથે પણ યુદ્ધ કરવા ચાહતોજ નથી. આપ આવો પત્ર મ્હને સ્વાધિન કરશો એવી ઝાંખી કલ્પના પણ મ્હને ન્હોતી અને એવા પત્રની આશાથી મ્હેં અગાઉ આનાકાની કરી હતી એમ પણ માનશો નહિ કારણ કે હું જે કાંઇ કરૂં છું તે બદલાની આશાથી કરતો નથી. મ્હારી ભાવી ઇચ્છા શાન્તિ સ્થાપિત થયલી જોવાનીજ છે અને તેથી શાન્તિનો ભંગ થઇ, હજારો વીર સૈનિકોના અમૂલ્ય પ્રાણો નષ્ટ થાય એવા ભયંકર યુદ્ધમાં વિના કારણે હું ઝંપલાવવા માગતો નથી. હું ઑલિફન્ટાનો રાજકર્ત્તા છું—પ્રજાએ સર્વ સત્તા મને સોંપી દીધી છે એટલે તેમની સમૃદ્ધતા માટે મ્હારા તન, મન, ધન પટકી નાખવાનું મ્હારૂં પરમ કર્ત્તવ્ય છે. મ્હારી પ્રજાની ઉન્નતિ તે મ્હારીજ ઉન્નતિ છે. પ્રજા માટે રાજા છે. રાજા માટે પ્રજા નથી. વળી હું તો પ્રજાનો સેવક છું—રાજા નથી. મ્હને પ્રજાએ પોતાની ઇચ્છાથી રાજકર્ત્તા બનાવ્યો છે અને મ્હારૂં કર્ત્તવ્ય જો હું ચૂકું તો મને પદભ્રષ્ટ કરવાનો મ્હારી પ્રજાને હક્ક છે. મ્હારા દેશના ન્હાના શિક્ષણ ખાતાંઓ સુધારવાની, વ્યાપારની વૃદ્ધિ કરવાની, આદિ અનેક ફરજો મ્હારે માથે લટકે છે. કોઇ પણ દેશ કે રાજ્યના કારભારમાં હમણાં હું તેથી માથું મારવા ઇચ્છતો નથી. ઑલિફન્ટાની ઉન્નતિ પરજ હું મ્હારૂં સમ્પૂર્ણ લક્ષ આપીશ અને તેજ મ્હારૂં કર્ત્તવ્ય છે. આથી શાન્તિનો જ હું હવે પરમ ભક્ત બનીશ. નામદાર! આપે મ્હારી મિત્રતા પ્રાપ્ત કરવા માટે જે પુરાવો આપ્યો છે તે જોઇ હું આપની ઇચ્છાનુસાર સરત કરવા તૈયાર છું—"

આટલું કહી પેલો દસ્તાવેજ લઈ જનરલે રાજાની રજા લીધી. રાજા જેમ્સને ઑલિફન્ટાના રાજકર્ત્તા સાથે થએલી સરતથી અત્યંત આનન્દ થયો.

રાજમહેલમાંથી બહાર નીકળ્યા પછી જનરલ ઑલિફન્ટ ત્વરિત ગતિએ લીન્કન્સ ઇન ફિલ્ડ્ઝમાં ગયો કે જ્યાં લેડી લી, લૉરેન્સ તથા હેન્રીએટ્ટાને ભયંકર દુઃખાબ્ધિમાં તણાતાં તેણે જોયાં. ડયુક ઑાફ આર્ગાઇલ અને કર્નલ રમ્બોલ્ડ ફક્ત ત્રણ કલાક પૂર્વેજ સ્કૉટલંડમાં કેદ પકડાયા હતા છતાં એ ખબર આખા દેશમાં ભયંકર દાવાનળ પેઠે પ્રસરી ગઈ હતી. એ બન્ને કેદીઓને ફાંસીની સજા કરવાના બાદશાહી હુકમનામાઓ પર સહી થઇ ગઇ હતી અને તે સ્કૉટલંડના સત્તાવાળાઓ પર મોકલી આપવામાં આવ્યા હતા એવી વાત પણ લોકોમાં ફેલાઇ ગઇ હતી. જનરલના મૅનશનમાં રહેતાં રમ્બોલ્ડના પ્રિયજનોને આ વાત સાંભળી ભયંકર તોપ પોતાના શરીર આગળ ફૂટી હોય એવું લાગ્યું. રમ્બોલ્ડે હોલૅંડ છોડયું હતું તેની પણ તેમને ખબર નહતી. વળી તે ડયુક ઑાફ આર્ગાઇલની સેનામાં દાખલ થયો હતો તેથી પણ તેઓ તદ્દન અજ્ઞાત હતાં. પોતાના પતિની ઇચ્છા તથા તેની હીલચાલ પર મીસીસ રમ્બોલ્ડ જરા પણ નજર રાખતી ન્હોતી. તે શાન્ત સ્વભાવની તથા પોતાના પતિની આજ્ઞા માનવાને ટેવાયલી સ્ત્રી હતી તે વાંચનાર સારી રીતે જાણે છે. કર્નલે પોતાની પત્નિથી પોતાની આંતરિક ઇચ્છા ગુપ્ત રાખી હતી અને જ્યારે કંઇ બહાનું કહાડી હેગમાંથી બહાર ગામ જવાની કર્નલે વાત કરી ત્યારે તે ડચ પાટનગર છોડીને સ્કૉટલંડમાં જઇ ડયુક ઑાફ આર્ગાઇલને બળવામાં સહાય કરવા જતો હશે એવી શંકા પણ તે બિચારીને આવી ન્હોતી. તે સમયે ટપાલ ખાતાની વ્યવસ્થા હાલના જેવી નહિ હોવાથી પત્ર વ્યવહારમાં ઘણી ઢીલ થતી હતી. કર્નલ હેગ છોડી ગયા પછી મિસીસ રમ્બોલ્ડે તેના વિદેશ ગમન વિષે એક પત્ર પણ રૂથને લખ્યો ન્હોતો એટલે જ્યારે અચાનક કર્નલ રમ્બોલ્ડ સ્કૉટલંડમાં કેદ પકડાવાની ખબર સર લૉરેન્સ લી તથા રૂથ અને હેન્રીએટ્ટાને મળી ત્યારે તેમના દુઃખનો પાર રહ્યો નહિ. તેમના પર આ અણધારી ભયંકર આફત આવી પડી હતી અને હવે કર્નલ રમ્બોલ્ડ બચે એવી લેશ માત્ર આશા ન્હોતી.

જનરલ ઑલિફન્ટે તેમને પોતાના મહેલમાં ભારે દુઃખમાં જોયાં અને એ દુઃખનું કારણ તો તે ક્યારનો જાણી ગયો હતો. તેજ ક્ષણે તે બહાદુર વીરલાએ તે દુઃખી કુટુંબના હૃદયમાં આશાનું કિરણ પ્રકટાવ્યું: પણ પ્રથમ તે આશા પ્રકટાવીને જ મૌન રહ્યોઃ કારણ કે ખાત્રી પૂર્વક તે કર્નલને બચાવશે એમ કહેવાથી અત્યંત દુઃખ પામતાં હૃદયો અનહદ આનંદને લીધે બેચેન થઈ જાય એ પણ તે જાણતો હતો. ત્યાર પછી ધીમે ધીમે તેણે સર લૉરેન્સ, તેની માતા તથા રૂથને કર્નલ રમ્બોલ્ડના બચાવની ચાવી તેના હાથમાંજ છે એ વાત જણાવીઃ અને આહા! તે પછીનો આનન્દ—દુઃખી પતિ પત્નિ તથા હેન્રીએટ્ટાના કૃતજ્ઞ હૃદયોની સ્થિતિ—શી રીતે વર્ણવી શકાય? ત્રણે જણ જનરલને ચરણે પડયાં—તેનો આભાર માનવા લાગ્યાં. એ આભાર શબ્દોથી મનાતો ન્હોતોઃ પણ તેમના કૃતજ્ઞ હૃદયોનાં અશ્રુથી તેમનો આભાર ભીંજાયલો હતો. જનરલે તેમને ઉભાં કર્યાં અને કર્નલ રમ્બોલ્ડને ખાત્રીપૂર્વક બચાવવાનું વચન આપ્યું.

હવે એક પલ પણ ગૂમાવાય એવી સ્થિતિ ન્હોતી તેથી જનરલ ઑલિફન્ટે સ્કૉટલંડના પ્રવાસ માટે તુરતા તુરત તૈયારી કરવાના પોતાના અનુચરોને હૂકમ કર્યા. આ પ્રવાસ અત્યંત ગુપ્ત રીતે કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો, કારણ કે જો તેની અચાનક ગેરહાજરી વિષે રાજાને ખબર પડે તો શંકાશીલ થઇ તે તેની ઇચ્છાથી વિરૂદ્ધ જાય એવું કોઈ પગલું ભરી બેસે! આથી તે અચાનક બીમાર પડી ગયો છે એવી ખોટી ખબર બહાર ફેલાવવાની તેણે લૉરેન્સને સૂચના કરી; તથા તેના ઓરડામાં કોઇને પણ આવવા ન દેવાની આજ્ઞા કરી. સર લૉરેન્સ લીએ તેની સાથે પ્રવાસે આવવાની ઇચ્છા જાહેર કરી પણ ઑલિફન્ટના વીર રાજકર્તાએ જો તે પણ તેની સાથે બ્રિટિશ પાટનગરમાંથી અદૃશ્ય થઇ જશે તો જાહેરમાં અનેક કલ્પનાઓ અને શંકાઓને જન્મ મળશે એમ કહી તેને લંડનમાંજ રહેવાની આજ્ઞા કરી.

જનરલ ઑલિફન્ટના પ્રવાસની સઘળી તૈયારીઓ અલ્પ સમયમાં થઇ ગઈ. તે પછી તેણે સર હેન્રી બીટનને એક ખાનગી ઓરડામાં બોલાવ્યો અને કહ્યું:—

"એકદમ અહિંથી ડચેસ ઑફ પોર્ટસ્મથને ઘેર જાવ. મ્હારી

જાણ્યું પ્રમાણે તે હમણાં સેંટ જેમ્સ સ્કવેરમાં રહે છે. ડચેસને તમે ખાનગીમાં મળવાની વિનંતી કરજો અને ત્યાં તેમને ફાધર પીએરના મરણની ખબર કહેજો. વળી તેમને એ પણ કહી દેજો કે સર હૅક્ટર ગ્રેહામ તે વૃદ્ધ પાદરીને થોડાક દિવસ પૂર્વે તે જ્યાં રહેતો હતો ત્યાં વેશ બદલી, બીજું નામ ધારણ કરી ઘણી ચાલાકીથી મળ્યો હતો અને તેણે ફાધર પીએર સાથે લાંબા વખત સુધી વાત કરી હતી. ફાધર પીએર થોડાક દિવસ પૂર્વે અચાનક લકવાનો હૂમલો થવાથી મરણ પામ્યો હતો: ડચેસને એમ પણ કહેજો કે જ્યારે સર હૅક્ટર ગ્રેહામ મ્હારા રાજ્યમાં આવવાની મને ખબર મળી ત્યારે મ્હેં તેને પકડવાનો હુકમ કર્યો હતો: પણ વ્યર્થ ! ગ્રેહામ ત્યાંથી ન્હાસી ગયો હતો. વળી એમને એ પણ જણાવી દેજો કે અમને ખાત્રીપૂર્વક ખબર મળી છે કે સર હૅક્ટર ઈંગ્લંડ આવવા ઉપડયો હતો અને આપણે બ્રીસ્ટલમાં કિનારે ઉતર્યા ત્યારે તમે અચાનક તેને જોયો હતો. અન્તે તમે ડચેસને કહેજો કે જો મ્હારી ગેરહાજરીમાં કદાચ સર હૅક્ટર ગ્રેહામ તેમની પાસે આવે તો તેને અનેક ખોટાં બહાનાં બતાવી હું આવું ત્યાં સુધી શાન્ત રાખજો. હું અહિં આવું પછી હું તેને કેમ સીધો કરવો તે સારી રીતે જાણું છું. બસ, તમારે આટલુંજ ડચેસ ઑફ પોર્ટસ્મથને કહેવાનું છે. એ પરથી તે બધું સ્હમજી જશે."

સર હેન્રી બીટન પોતાના નાયકની આ આજ્ઞાનું પાલન કરવા ગયો અને જ્યારે રાત્રીનો કાળો પરદો જગત્ પર પડવા લાગ્યો ત્યારે જનરલ ઑલિફન્ટ સાદા—મુસાફરીના પોષાકમાં સજ્જ થઇ સર જૉસફ લૅમ્બટન તથા એક અનુચરને સાથે લઇ પ્રવાસે નીકળ્યો. ત્રણે જણ સુન્દર—સશક્ત અશ્વો પર સવાર થયા હતા.

વાંચનાર ! તું જાણે છે કે તેઓ સ્કૉટલંડ જતા હતા.

પ્રકરણ ૪૧ મું.

લુઇનો ભયંકર ભેદ.

જનરલ ઑલિફન્ટ સ્કૉટલંડના પ્રવાસે નીકળ્યા પછી બીજે દિને સાંજે લુઇ દે કેરલ સેંટ જેમ્સ સ્કવેરમાંના પોતાના આલી-

શાન મકાનમાં એક સુસજ્જિત દિવાનખાનામાં બેઠેલી દૃષ્ટિએ પડતી હતી. તેણે શોકદર્શક કાળાં વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. આ તેની દામ્ભિકતા હતી. બહારથી તે ચાર્લ્સના મરણથી શોક પામતી હોય તેવો દેખાવ કરતી હતી. હવે તે વિધવા થઈ હોય તેમ વર્તતી હતી; પણ ખરૂં જોતાં રાજાની તે ઉપપત્નિ જ હતી !

સર હેન્રી બીટને તેને જે સંદેશ કહ્યો હતો તે પર વિચાર કરવામાં તે લીન થઈ ગઈ હતી. એ સંદેશથી તેને તેના ભયાનક ભૂતકાલની સ્મૃતિ થઇ હતી—તે એ સ્મરણથી કમ્પી ઉઠતી—વળી હવે તેને માથે નવો ભય ઝઝૂમતો હતો. સર હૅકટર ગ્રેહામ હવે તેનાપર ગમે તેમ કરી વેર વાળી શકશે એવો તેને ભય હતો. એ ભય અસત્ય પણ ન્હોતો. જો લુઇનું ભૂત જીવન પ્રકાશમાં આવે તો ? જો તેનાં દુષ્કૃત્યોની જગતને ખબર પડે તો ? જો તેની તેનાં પાપ માટે ન્યાયમન્દિરમાં તપાસ ચાલે તો ? અફસોસ ! આ ખ્યાલ—આ વિચારજ તેની નાડીઓની ગતિ મંદ પાડવાને પૂરતો હતો. લુઇને કદાચ સર હૅકટર તેની પાસે આવે તો શું થશે ? એવાજ વિચાર આવ્યા કર્યા: તેને અત્યંત દુઃખ થયું: પણ આવા દુઃખી સમયમાં પણ તેને ઑલિફન્ટના વચનથી આશ્વાસન મળ્યું હતું કે જો સર હૅકટર તેની પાસે આવે તો તેને કેમ ઠેકાણે લાવવો તે તે જાણે છે. પણ હમણાં જનરલ ઑલિફન્ટ લુઇનું સંરક્ષણ કરવા તેની પાસે ન્હોતો. જો તેનો દુશ્મન આવે તો જનરલની સહાય તેને મળી શકે તેમ ન્હોતું. તે તેને બહાનાં બતાવી થોડા દિવસ પસાર કરી નાખશે એમ તેણે ધાર્યું. પણ એ અરસામાં જો સર ગ્રેહામ ધારે તો તેને અનેક રીતે સતાવી શકે એમ હતું. જનરલ ઑલિફન્ટ લંડનમાં નથી એ વાત ડચેસ ઑફ પોર્ટસ્મથને કહેવામાં આવી હતી પણ સર હેન્રી બીટને પોતાનો નાયક કયાં ગયો છે તે વાત તેને કહી ન્હોતી. તેજ વેળા જનરલના પ્રવાસની બીના ગુપ્ત રાખવાની સર બીટને લુઇને આજ્ઞા કરી હતી.

લુઇ પોતાના ભૂત જીવનનાં કૃત્યોપર વિચાર કરી પસ્તાતી હતી એટલામાં એક અનુચરે આવી કહ્યું.

" એક માણસ કે જેણે પોતાનું નામ આપવાની ના પાડી છે તે અત્યંત અગત્યના કામ માટે આપની મુલાકાત લેવા ચાહે છે. "

ડચેસ આગળ તોપનો ગોળો આવી પડ્યો. તે તરત સ્હમજી ગઇ કે તે ભયંકર મનુષ્ય આવી પહોંચ્યો છે. તે તેને મળવાની ના પાડી શકી નહિ. તેની ના પાડવાની હિમ્મત પણ ચાલી નહિ. સર ગ્રેહામ ઉપરજ તેની આજ સુધીની કીર્તિનો આધાર હતો. સર ગ્રેહામના હાથમાં તેના જીવનને એક ભયંકર દોષથી કલંકિત કરવાની ચાવી હતી ! તે પોતાનો મનોભાવ આ સમયે પણ ચાલાકીથી છુપાવી શકી; અને નોકરને તે માણસને અંદર મોકલવાની આજ્ઞા કરી.

બે વર્ષના ગાળામાં જનરલ ઍાલિફન્ટના દેખાવમાં કંઇ પરિવર્ત્તન થયું ન્હોતું; પણ સર હૅકટર ગ્રેહામની દશા તેવી ન્હોતી.

ચિન્તાની સ્પષ્ટ છાપ તેના મુખપર પડેલી હતી. એ સમયમાં તેણે અનેક મુસીબતો વેઠી હતી. તેને ભૂખ તરસ વેઠવાં પડયાં હતાં. એક પેની વિના, કંગાળ દશામાં, કોઇના પણ આધાર વિના તેને કેટલોક સમય આમથી તેમ કૂતરાની પેઠે રઝળવું પડયું હતું. તેની ભયંકર અસર તેના શરીર પર થઇ હતી. તે પહેલાં હતો તેવો તો નહિજ; પણ જાણે તે એક જીવતું હાડપિંજર હોય તેવો થઇ ગયો હતો. એક બ્રિટિશ સેનાનો કર્નલ–સૈનિકોનો લહેરી મિત્ર અને યુવતીઓનો કૃપાપાત્ર સાથી સર હૅકકર ગ્રેહામ પોતાનો સુદૃઢ બાંધો, ખુબસુરતી અને દમામ ગૂમાવી બેઠો હતો. તેના કંગાળ દેખાવપર નિરાશા ભરી આંખોએ લુઇએ એકવાર નજર ફેંકી: ડચેસની નજીક જઈ, ઘોઘરા–ફાટેલા અવાજે તે બોલ્યો:

"શ્રીમતી ! તમે કદાચ મને ભૂલી ગયાં હશો એટલે મને જોઈ ભયભીત થયાં હશો; અથવા મને જો તમે પીછાની શકયાં હો તો જે બીમારી, ચિંતા, મુસીબતો અને હાડમારીઓ મ્હેં સહન કરી છે, તેથી મ્હારાપર થયલી ભયંકર અસર જોઈ તમે અજબ થતાં હશો—"

"હું તમને ઓળખું છું. તમે સર હૅકટર ગ્રેહામ છો. બોલો, તમે શા માટે અહિં આવ્યા છો ?— " લુઈ મન્દ સ્વરે બોલી.

"હું તમારી સાથે ઘણુાજ ગમ્ભીર વિષયપર વાત કરવા આવ્યો છું; શ્રીમતી !—" અને એમ બોલી લુઇ જે સોફાપર બેઠી હતી તેની નજીકની એક ખુરશીપર તે બેસી ગયો.

ડચેસ ઑાફ પોર્ટસ્મથ એક અક્ષર પણ બોલી નહિ. જનરલ ઑાલિફન્ટની સલાહ અનુસાર, સર ગ્રેહામની વાત સાંભળી લઈ જેવું યોગ્ય લાગે તેવું બહાનું બતાવી તેને હમણાં ટાઢો રાખવાનો લુઇએ વિચાર કર્યો.

"ન્યાયાલયમાં કેદની સજા થવા પછી, ન્યુગેટ કેદખાનામાંથી છૂટયા પછી લગભગ બે વર્ષ વહી ગયાં છે. મ્હારી એક સત્તાધિશ–શ્રીમન્ત સ્ત્રીમિત્ર–જેનું નામ હું હમણાં તમને જણાવીશ કે નહિ તે સંજોગો પર આધાર રાખે છે–તેણે મ્હને થયલો દંડ ભર્યો અને જેની શોધ કરવાનો મેં નિશ્ચય કર્યો હતો તેને શોધી કાઢવાનો પ્રયત્ન કરવાને મને તેમણે દ્રવ્યની પણ સહાય કરી: હું એક વૃદ્ધ પુરૂષની શોધમાં નીકળ્યો અને તે વૃદ્ધ પુરૂષ કોઇજ નહિ પણ ફાધર પીએર હતો કે જેને તમે સારી પેઠે ઓળખો છો—"

ફાધર પીએરના નામનો ઉચ્ચાર કર્યા પછી સર હૅક્ટર ગ્રેહામે તેની ડચેસપર થયલી અસર જાણવા માટે પોતાની ઊંડી ઉતરી ગયલી આંખો તે સૌન્દર્યાભિમાનીના વદનપર સ્થિર કરી. લુઈ મૌનજ રહી. એક પલ પછી સર હૅક્ટર ગ્રેહામે પોતાની વાત પુનઃ શરૂ કરી:—

"ફાધર પીએરને અમે બેસ્ટાઇલમાંથી ન્હાસીને ઇંગ્લંડ આવ્યા પછી સેવોયના પીઠાંમાંથી મ્હારાથી વિખૂટા પડવાની ફરજ પડી હતી; અને અમને વિખૂટા પાડનાર માણસ જનરલ ઑાલિફન્ટ હતો. આપરથી મ્હેં વિચાર કર્યો કે ફાધર પીએરને પોતાનો કેદી બનાવવામાં જનરલ ઑાલિફન્ટનો કંઈ ગુપ્ત હેતુ હોવો જોઇએ; અને જે થોડાક શબ્દો તે પીઠાંમાં ફાધર પીએરના કાનમાં ગણગણ્યો હતો તે પરથી મ્હેં જાણી લીધું હતું કે તેનામાં જાદુઇ શક્તિ હતી. ઠીક...હવે હું મુખ્ય વાત પરજ આવીશ. કેદખાનામાંથી છૂટો થવા પછી અને મ્હને દ્રવ્ય મળ્યા પછી મ્હેં ફાધર પીએરની શોધ કરવાનો આરમ્ભ કર્યો. આકસ્મિક સંયોગોમાં મ્હને ખબર મળી કે એવા દેખાવનો એક માણસ તેને જે દિને ઑાલિફન્ટને ત્યાં લાવવામાં આવ્યો તેજ દિને તેનું ઘર છોડી ગયો હતો. અખૂટ ખંત અને ધિરજથી મ્હેં તેની તપાસ કરવા માંડી. તેણે જે રસ્તો લીધો હતો તે રસ્તે મ્હેં તેની તપાસ કરી–ભારે જેહમત અને ચાલાકીથી મ્હેં ખબર મેળવી કે તે એક બંદરે ગયો હતો અને ત્યાંથી મને ખાત્રીપૂર્વક જણાવવામાં આવ્યું કે એક પાદરી અમેરિકન સંસ્થા-

નોમાં જવા માટે વહાણુમાં બેસી ગયો હતો. હું પણ ત્યાંથી દરિયાઇ પ્રવાસે નીકળ્યો; પણ દુર્ભાગ્યવશાત્ મ્હારા વહાણને અકસ્માત નડયો અને હું કિનારે નીકળ્યો ત્યારે મ્હારી પાસે જે પૈસા હતા તે બધા પડી ગયા હતા. ત્યાર પછી જે દુઃખો—જે મુસીબતો મ્હારે ભોગવવી પડી તેનું બ્યાન થઇ શકે એમ નથી. મને તેનું હમણાં સ્મરણ થતાં પણ ભય ઉપજે છેઃ પણ આટલી આટલી આફ્તો છતા પણ જનરલ ઍાલિફ્ન્ટના ચાર્લ્સ્ટન નગરમાં જવાનો મ્હેં કૃત નિશ્ચય કર્યો અને હું ત્યાં જઈ પહોંચ્યો. ત્યાં જવા પછી મને ખબર પડી કે તે વૃદ્ધ ધર્મગુરૂને ઍાલિફ્ન્ટના માણસોએ સખતમાં સખત પહેરા નીચે નજરકેદ રાખ્યો હતો. મહિનાઓ વહી ગયા. તેટલો વખત હું શહેરના મહોલ્લાઓમાં ભિખારી પેઠે ભટકયો—એ વખતે હું કેવી રીતે જીવી શકયો તે ફક્ત ઇશ્વરજ જાણે છે. ફાધર પીએર સાથે વાત કરવાનો પ્રસંગ મેળવવાના મ્હેં અનેક વલખાં માર્યાંઃ પણ વ્યર્થ ! તે પછી અચાનક જનરલ ઍાલિફ્ન્ટે વાઇસરોયપદનો ત્યાગ કર્યો; અને તે પોતાના રસાલા સાથે કોઇ અજ્ઞાત સ્થલે ચાલ્યો ગયો. તે પોતાની સાથે ફાધર પીએરને પણ લઈ ગયો હતો એમ કહેવાની જરૂર છે ખરી, શ્રીમતી ?—"

સર હેકટર ગ્રેહામ શ્વાસ લેવા બે ત્રણ પલ અટકયો. લુઇ દે કેરલ હજુ પણ મૌન બેસી રહી. સર હૅકટરે પુનઃ બોલવા માંડ્યુંઃ—

"કમનસિબે એ વખતે હું બીમાર પડી ગયો અને મ્હારી માનસિક તથા શારીરિક સ્થિતિ દયાજનક થઇ પડી. એ વેળાએ જો મને દયાળુ સજ્જનો સહાય ન કરત તો મ્હારૂં મરણ થઇ જાત. મહિના પર મહિના વીતી ગયા—ચાર્લ્સ્ટનમાં દક્ષિણ અમેરિકાના સંસ્થાનોપર કોઇની સેના ધસી આવવાની વાત થવા લાગી. ત્યાર પછી મ્હોટાં મ્હોટાં યુધ્ધો થવાની ગપ આવી અને જો કે તે સેનાના સેનાનીનું નામ કોઇ જણાવતું ન્હોતું; છતાં મ્હારા અંતરાત્માએ મને સૂચન કર્યું કે તે વીર સેનાપતિ જનરલ ઍાલિફ્ન્ટ જ હતો. હું તેને અંતઃકરણથી ધિક્કારતો હતોઃ છતાં હું એટલું કબુલ કરૂં છું કે વીર ઍાલિફ્ન્ટ જ આવા અસામાન્ય પરાક્રમો બતાવી શકે. જે પરમાર્થી ગૃહસ્થોએ મને માંદગીમાં સહાય કરી હતી તેમણે મને થોડાક પૈસા આપ્યા. હું વેસ્ટ ઇન્ડીઆ ટાપુમાં જવા એક વહાણુમાં બેઠો અને ત્યાં મને કેટલીક એવી ખબર મળી કે જેથી જનરલ

ઑલિફ્રન્ટના સ્વતંત્ર રાજ્ય ઑલિફ્રન્ટામાં એકવાર જવાનો મ્હેં દૃઢ નિશ્ચય કર્યો. તેજ તે મહાન્ સેનાનો સેનાપતિ હતો. તેણેજ તે મહાન્ પ્રજાસત્તાક રાજ્ય સ્થાપિત કર્યું હતું. હું ઑલિફ્રન્ટા જઇ પહોંચ્યો. ગુપ્ત વેષમાં હું નગરમાં દાખલ થયો અને ફાધર પીએર એક સ્થલે એક સુઘડ ઘરમાં રહેતો હતો એવી મને ખબર મળી. હું ત્યાં ગયો, અને ત્યાં મ્હારી સઘળી આશાઓ ફલિત થઇ. મ્હારી મુસીબતો અને હાડમારીઓનું શુભ પરિણામ આવ્યું, જે ખબર મેળવવા માટે મ્હારૂં હૃદય તફડી રહ્યું હતું તે ખબર હું પ્રાપ્ત કરી શક્યો. હું ફાધર પીએરની મુલાકાત લેવામાં ફતેહમંદ થયો—"

લુઇ દે કેરલના વદનપર અત્યાર સુધી કોઇ પણ જાતની લાગણીની છાયા જણાતી ન્હોતી; પણ સર હૅક્ટર ગ્રેહામે ફાધર પીએરની મુલાકાત લીધાની વાત સાંભળી તેના હૃદયમાં ભયનો સંચાર થયો.

"હા—" તેણે પુનઃ બોલવાનું શરૂ કર્યું.

"હું તે ધર્મ ગુરૂની મુલાકાત લેવા ગયો અને મ્હારી ખુશાલી વચ્ચે મને જણાયું કે તે જેવું જીવન ગાળતો હતો તેને ધિક્કારતો હતો. પોતાને સ્થલે એકાન્તમાં રહેવાની ફરજ પાડવા માટે તે ઑલિફ્રન્ટને પણ ધિક્કારતો હતો; અને યુરોપ જવા માટે ગમે તેવો ભોગ આપવાને તે તત્પર થયો હતો: તે કંટાળી જાય તેમાં અજાયબ થવા જેવું પણ કાંઇ ન્હોતું: કારણ કે તેને લશ્કરની સાથે તે જ્યાં કુચ કરે ત્યાં જવું પડ્યું હતું—તેને ભૂખ તરસ સહન કરવા પડયાં હતાં તથા લશ્કર સાથે રખડી રખડીને તે થાકી ગયો હતો. ટૂંકામાં લડાઇ દરમિયાન તે એટલો બધો હયરાન થયો હતો કે તે પોતાની કંગાળ દશામાંથી મુક્ત થવા અત્યાતુર થઈ રહ્યો હતો: તેણે મહા મુસીબતે એ દુઃખો સહન કર્યાં. તેના પરનો જાપતો કમી થશે તો તે ઇંગ્લંડ ન્હાસી જઇ શકશે એ આશાપર તે જીવવા લાગ્યો. અંતે તેનાપરનો જાપતો દૂર થયો—તે ઑલિફ્રન્ટા ટાપુમાં એક જૂદું ઘર લઇ રહેવા લાગ્યો અને જ્યારે હું ત્યાં ગયો ત્યારે તે ત્યાંજ રહેતો હતો. જે સ્થિતિમાં મ્હેં તેને જોયો તેથી મ્હારો હેતુ સફલ થવાની મ્હારા અંતરમાં આશા જન્મી. મ્હેં તેને ઇંગ્લંડ લઇ જવાની તથા જે દેશને તે ધિક્કારતો હતો તેમાંથી ન્હાસી છૂટવાની સરલતા કરી આપવાની કબૂલાત આપી અને તે સાંભળી તેના આનન્દનો પાર રહ્યો નહિ. હું તે વિશ્વાસઘાતક, કપટી અને નીતિ-

ભ્રષ્ટ માણુસના ચારિત્ર્યથી સારી રીતે પરિચીત હતો એટલે ઈંગ્લંડ આવી જે ભેદ તે જાણતો હતો તેને લીધે તેનો લાભ તે એકલોજ ખાટી જાય અને હું વા ખાતો પડી રહું એ મને ગમ્યું નહિ. આથી જે ભેદ તે જાણતો હતો તે દ્વારા તેને સાથે લઈ ઈંગ્લંડ જવા જેટલો ખર્ચ નીકળી શકશે કે કેમ તેની ગણત્રી કરવાનું કારણ બતાવીને મ્હેં તેને એ વાત મ્હને સમ્પૂર્ણ કહી દેવાનો દૃઢતાપૂર્વક આગ્રહ કર્યો. આ સમયે ફાધર પીએર હઠ કરી શકયો નહિ. તેણે લાંબા સમયથી પોતાની છાતીમાં છૂપાવી રાખેલી ગુપ્ત હકીકત મ્હને જણાવી દીધી. તેણે પૂર્વે એકવાર જે વાત મને કહેવા માંડી હતી તે પૂરી કરી ...શ્રીમતી ! તેણે મને બધું કહી દીધું......"

સર હૅકટર ગ્રેહામ પુનઃ અટકયો અને પુનઃ તેણે પોતાની ફીક્કી આંખો ડચેસ પર તાકી. ડચેસ તે સમયે ફીક્કી પડી ગઇ હતી; પણ તે હજુ મૌનજ રહી હતી.

" મ્હેં ફાધર પીએરને મ્હારી સાથે ઈંગલંડ લઇ આવવાનો નિશ્ચય કર્યો–" સર હૅકટરે પોતાની કથા પાછી શરૂ કરી.

" અને હું ગુપ્ત રીતે તે સ્વતંત્ર રાજ્યમાંથી બહાર નીકળી જવાની ગોઠવણો કરતો હતો એટલામાં અચાનક તે લકવાનો ભોગ થઈ પડયો અને મરણ પામ્યો. આથી હું એકલો અહિં આવવા નીકળ્યો. મુસાફરીમાં જ મ્હારા બધા પૈસા ખરચાઈ ગયા અને બ્રીસ્ટલમાં હું ઉતર્યો ત્યારે મ્હારી સ્થિતિ પુનઃ રસ્તે રખડતા ભિખારી જેવી થઇ પડી. ત્યાંથી હું પગ રસ્તે દાની સ્ત્રીપુરૂષોના દાનથી પેટ ભરતો ભરતો અહિં આવી પહોંચ્યો અને લંડનમાં મૂકયા પછી હું સીધો તમને મળવા આવ્યો છું—"

" પણ શા માટે તમે મને મળવા આવ્યા છો ? " પોતાના અશાન્ત હૃદયની અશાન્તિ છૂપાવવાનો શક્ય પ્રયાસ કરતી બેદરકાર સ્વરે લુઇ દે કેરલ બોલી.

" જે ભેદ હું જાણું છું તે ઘણો કિમતી છે અને હું તે યોગ્ય કિમતે વેચવા માગું છું. "

" તમે મ્હને એમ કહેવા માગો છો કે તમે એક સત્તાધિકારી તરિકે મ્હારી પાસે આવ્યા છો ?—" ક્રોધિત થવાનો પ્રયત્ન કરતી લુઇ બોલી.

"ઓહ ! મૅડમ ! જો તમે મ્હારી સાથે આવા ક્રોધથી વાત કરવાના હો તો મ્હને તમારી ખાત્રી કરી આપવા દો કે તમારૂં માન, તમારી કીર્તિ, તમારી સત્તા અથવા હમણાં તમારા હાથમાં જે છે તે સર્વસ્વ હવે મ્હારા હાથમાં છે. સને ૧૬૬૪ ના અંતીમ કાલને તમારા સ્મરણમાં તાજો કરવાની કૃપા કરશો કે જ્યારે તમે બ્રિટેનીમાં સેન્ટ મેરીના મઠમાં રહેતાં હતાં અને જ્યારે દરિયાઇ અકસ્માતમાંથી બચી ગયલો એક અંગ્રેજ યુવાન તમારા પિતાની સાથે રહેતો હતો ? આહ ! એ અંગ્રેજ યુવાન તમારો પ્રેમી હતો—તમે ચળિત થયાં હતાં—અને તમે માતા થવાની હાલતમાં હતાં—"

"સર હૅક્ટર ગ્રેહામ ! આ બધું ધિક્કારપાત્ર છે—" એક પલ ગુસ્સાથી લાલ થઈ લુઇ બરાડી. બીજીજ પલે તે નિસ્તેજ થઇ ગઈ.

"તમે શ્રીમન્ત છો અને વીસ હજાર પૌંડ તમારી તિજોરીમાંથી તમે મને કહાડી આપશો તો તેથી તમને કંઇ સહન કરવું પડે તેમ નથી. બસ, એજ કિમ્મતે હું તમારા જીવનનો ભયંકર ભેદ તમને વેચવા માગું છું." ગ્રેહામે કહ્યું.

"મ્હને એ બાબતપર થોડાક દિવસ વિચાર કરવા દો—" ઑલિફન્ટની સૂચના યાદ કરી ડચેસ બોલી.

"એક દિવસ પણ નહિ—એક કલાક પણ નહિ—" સર હૅક્ટર ગ્રેહામ બોલ્યો.

"આવતી કાલે તમે ફ્રાન્સ ચાલ્યા જાવ કે જ્યાં આવવાની હું હિમ્મત કરી શકું એમ નથી એ તમે સારી પેઠે જાણો છો, કારણ કે ફ્રાન્સમાં તમે સહેલાઇથી મ્હારાપર વૉરંટ કહડાવી શકો અને બેસ્ટાઇલમાંથી એકવાર ન્હાસી ગયલો માણસ તેમાંથી બીજીવાર મુક્ત થઇ શકતો નથી—"

"પણ તમે જે રકમ કહો છો તે અત્યંત મ્હોટી છે—" ડચેસ વિશેષ અશાન્ત થઈ બોલી. છતાં હજુ તેના વદનપર તેની ભયંકર અશાન્તિ સ્પષ્ટ રીતે અંકિત થઈ ન્હોતી.

"અને જે ભેદ આ જીગરમાં છૂપાયલો છે તે બહુજ ભયંકર છે..." સર હૅક્ટર ગ્રેહામે જવાબ આપ્યો.

"અહા! મને લાગે છે કે હું તે ભેદ જાણું છું એમ તમે ખાત્રીપૂર્વક જાણવા માગો છો—" તે થોડીવાર પછી બોલ્યો.

"નહિ–" લુઇ બોલી. તેને આ પલે અચાનક એવો વિચાર આવ્યો કે જો ફાધર પીએર મરણ પામ્યો હોય તો સર હેકટર ગ્રેહામને તો તે હરાવી શકશે.

' સર હૅકટર ગ્રેહામ ! –" શાન્તિ ધારણ કરી લુઇ બોલી.

"તમે ભલે અને તમારી નીચ વૃત્તિ પ્રમાણે ગમે તે રીતે કલંકિત કરવાની ધમકી આપોઃ પણ તમને લોકો માનશે નહિ તેનો ખૂબ વિચાર કરજો. "

" એમ ન બોલો—નાહક એવી ભ્રમણામાં ન રહો–" સર હૅક-ટર ગ્રેહામ લુઇનો મનોભાવ સમજી જઈ બોલ્યો. પૂર્વે લુઇની અ-શાન્તિ જોઇ તેની ખાત્રી થઈ હતી કે તેનું અંતઃકરણ તેને ડંખે છે અને તે જે ભેદ જાણે છે તે સત્ય છે.

" નાહક ભ્રમણામાં ન ભરમાવ. સાંભળો તમે ગર્ભવંતાં થયાં હતાંઃ અને છતાં તમે મઠમાં રહેતાં હતાં. શિયાળાની એક રાત્રે જ્યારે ચં-દ્રનો મંદ પ્રકાશ પૃથ્વીપર પડતો હતો ત્યારે તમે ચોરી છૂપીથી મઠમાંથી બહાર નીકળી ગયાં—તમે એવીજ છૂપી રીતે તમારા પિતાના ઘરમાં દાખલ થયાં– તમે પેલા અંગ્રેજ યુવાનના શયનગૃહમાં ગયાં કે જેને તમે પ્રબલ પ્રેમથી ચાહતાં હતાં. એજ યુવાન તમારા ભાવી સંતાનનો પિતા હતો. તમે તેને તમારી સાથે ન્હાસી જવાની વિનંતિ કરી. તમે ઉભય અતિશય દુઃખી થયાં—રડયાં—ખુબ રડયાં તમારા દુઃખનો પાર રહ્યો નહિ. તમારા પ્રેમીએ એક પેનિ વિના—તદ્દન નિર્ધન દશામાં ન્હાસી જવું એ દિવાનાપણું છે એમ જણાવ્યું અને તમારા પિતાના ચરણે પડી—તેમની આગળ બધી વાત પ્રકટ કરી—તમારા ઉભયના લગ્ન કરી આપવાની તેમને વિનવણી કરવાની—કાલાવાલા કરી તેમની ક્ષમા મેળ-વવાની તેણે તમને સલાહ આપીઃ ગમે તે રીતે તમે થોડુંક ઝેર મેળવી શક્યાં હતાં અને ભયંકર નિરાશાના સમયમાં તે પીને જીવન નષ્ટ કર-વાની તમારી ધારણા હતીઃ તેજ પલે તમારા મગજમાં એક ભયંકર વિચારે પ્રવેશ કર્યો. તમે ત્વરિત વેગે તમારા પ્રેમીના ઓરડામાંથી બહાર નીકળી તમારા પિતાના શયનગૃહમાં જઇ પહોંચ્યાં અને જ્યારે તમારા પિતા નિદ્રસ્થ હતા ત્યારે તમારા ખૂની હાથે પેલું ભયંકર ઝેર તેના મ્હોમાં નાંખી દીધું—"

" જૂઠું—" ક્રોધિત સ્વરે બોલવાનો પ્રયત્ન કરતી લુઇ બોલી. પણ તેમાં તેને સફળતા મળી નહિ. તેનો સ્વર મંદ પડી ગયો. તેનું

વદન શબ જેવું નિસ્તેજ થઈ ગયું અને તેનો દેખાવ અત્યંત અશાન્ત થઇ ગયો.

" નહિ. સાચું—એજ સાચું છે. તમારો પોતાનો દેખાવ જ તમારા પાપનો સ્વીકાર કરે છે...." સર હૅક્ટર ગ્રેહામ બોલ્યો:

" સાંભળો ! લક્ષપૂર્વક સાંભળી લો. તમે તમારા પ્રેમીના શયનગૃહમાં પાછાં ગયાં અને કોઇ પિતાને ચરણે પડી માફી માગવાની હવે જરૂર નથી એમ કહી જે પૈસા ઘરમાં હતા તે બધાનો ઉભય માટે ઉપયોગ કરવાનો તમે તેને આગ્રહ કર્યો. પણ એ ભયંકર વાત સાંભળી તે યુવાન પૂર્વે તમને જેવા પ્રબલ પ્રેમથી ચાહતો હતો તેવાજ પ્રબલ તિરસ્કારથી ધિક્કારવા લાગ્યો. દુનિયાના તખ્તો માટે પણ એક ખુની સ્ત્રીના પતિ થવાની તેણે ના પાડી. તમારી નીરાશાનો પાર રહ્યો નહિ—તમે તેને પગે લાગી તેના કાલાવાલા કર્યા—તમે તેને તમારો ગુન્હો ગુપ્ત રાખી ફાંસીએ જતી બચાવવાને વિનવ્યો અને તેણે તમારા ભૂતકાલીન્ પ્રેમ તથા તમારા ગર્ભમાંના બાલકને ખાતર તમારો ગુન્હો ગુપ્ત રાખવાનું કબૂલ કર્યું—"

" સર હૅક્ટર ગ્રેહામ !—" લુઇ લથડતા સ્વરે બોલી: પણ તે વિશેષ બોલી શકી નહિ. તેના મુખપર કદિ પણ તેના મનોભાવની છાપ જણાતી નહિ. પણ આજે તેની સ્થિતિ જૂદીજ હતી. તેના ગુનેહગાર હૃદયના કાતિલ ડંખો તે સહન કરી શકી નહિ. તેનો મનોભાવ સ્પષ્ટ રીતે તેના વદન પર બિંબિત થયો હતો.

" મૅડમ !—" લુઇના કરૂણ વદનથી જરા પણ પીગળ્યા વિના સર હૅક્ટર ગ્રેહામ બોલ્યો.

" હું એ વાત પૂર્ણ કરીશ કે જેથી તમે કેટલી હદ સુધી મ્હારા પંઝામાં છો તે સ્હમજી શકો. સાંભળો, ફરીથી લક્ષ દઇને સાંભળી લો. તમે પુનઃ મઠમાં છૂપી રીતે ચાલ્યાં ગયાં. તે સમયે તમારા મનની સ્થિતિ કેવી હતી તે તમેજ સ્હમજી શકશો. પેલો અંગ્રેજ યુવાન પોતાના સૂવાના ઓરડામાંજ પડી રહ્યો. તેના હૃદયની સ્થિતિની કલ્પના પણ મને આવી શકતી નથી. પ્રાતઃકાલે ઘરની દાસીને મોં. દ કેરલના મરણની ખબર પડી. રાત્રીએ જે નીચ કૃત્ય થયું હતું તે વિષે કોઇને જરા પણ શંકા આવી નહિ. મોં. કેરલ મસ્તકે લોહી ચઢી જવાથી મરણ પામ્યા છે એમ માનવામાં આવ્યું.

પેલો અંગ્રેજ યુવાન મોં. દે કેરલની દફન ક્રિયા થઇ ગઈ ત્યાં સુધી તેજ ઘરમાં જ રહ્યો. તે જો અચાનક ચાલ્યો જાય તો તમારા પિતાના અચાનક મૃત્યુ વિષે કોઇને શક ઉત્પન્ન થાય અને તેથી સરકારી અમલદારો તે સંબંધી તપાસ કરે તે માટે થોડોક વખત રહેવાનું તેણે તમને વચન આપ્યું હતું. તે પ્રમાણે દફન ક્રિયા થઇ જવા સુધી તે ત્યાં રહ્યોઃ અને ત્યાર પછી તેણે તે સ્થલનો ત્યાગ કર્યો. થોડાંક અઠવાડિયાં પછી ફાધર પીએર જે બાજુના ગામડાનો પાદરી હતો તેને સેંટ મેરીના મઠમાં બોલાવવામાં આવ્યો; કારણ કે તમે તે સમયે ભયંકર માંદગી ભોગવતાં હતાં અને મૃત્યુના ગ્રાસ થઈ જશો એવું ધારતાં હતાં. તમે તે પાદરી સમક્ષ તમારા દીલનો એકરાર કર્યો—તમે તેને બધું સ્પષ્ટ રીતે કહી દીધું. તમે કૌમારાવસ્થામાં ગર્ભિવંતાં થયાં હતાં—તમારે પેટે એક મૃત બાલક જનમ્યું હતું—તમે તેને ગુપ્ત રીતે દાટી દીધું હતું. તમારી માંદગીનું ખરૂં કારણ મઠમાં કોઇ જાણતું ન્હોતું અને તમે તે પાદરીને તે ગુપ્ત રાખવાની વિનવણી કરી હતી. વિશેષ નહિ તો તમારા મૃત્યુ સુધી એ બીના ગુપ્ત રાખવા તમે તેને અરજ કરી હતી. તેને તમારી દયા આવી અને તેણે તમને એ બીના ગુપ્ત રાખવાનું વચન આપ્યું; પણ કર્મ સંયોગે તમે સાજાં થયાં—તમે મઠ તજી ગયાં અને એક શ્રીમંત બાઇ સાથે તમારી બહેન રહેતી હતી તેની સાથે રહેવા માટે તમે પૅરિસ ગયાં. ત્યાંથી તરતજ તમે ફ્રાન્સની એક રાજકુમારીના મહેલમાં નોકરી મેળવી શક્યાં. મૅડમ ! આજથી એકવીસ વર્ષ પૂર્વે તમે તમારાં ભયંકર કૃત્યનો જે એકરાર ફાધર પીએર સમક્ષ કર્યો હતો તે તમારી સમક્ષ પુનઃ રજુ કરવામાં મ્હેં કોઈ પણ ભૂલ કરી છે ?—"

લુઈ દે કેરલ નીચું જોઇ પોતાના ધિક્કારપાત્ર ગુન્હાની ભયંકર કથા સાંભળી રહી હતીઃ તેનું શરીર સ્થિર—અચેત મુરદા જેવું થઈ ગયું હતું. તેની છાતી ધડકતી ન્હોતી. તેના અન્ય અવયવો પણ હાલતાં ન્હોતાં; છતાં તેના અંતરમાં આ સમયે ભયંકર તડફડાટ થતો હોવો જોઇએ. કેટલીક મિનિટ સુધી તો ત્યાં ગમ્ભીર મૌન છવાયું. ડચેસ પોતાનો નીચ ગુન્હો પ્રકાશમાં આવવાના ભયથી ડરી જઇ ચૂપ રહી હતી અને સર હૅક્ટર ગ્રેહામ પોતાના પંઝામાં શિકાર આબાદ સપડાયો છે એમ માની વિજયથી પુલકિત થઇ, મનમાં

મલકાતો ગુપચુપ લુઇ તરફ જોઈ રહ્યો હતો. લુઇએ સર હૅક્ટરને હંફાવવાનો એક પ્રબળ પ્રયત્ન કરી જોયો. મ્હોં ઉચ્ચું કરી પોતાની કાળી આંખો સર હૅક્ટર પર સ્થિર કરી તે બોલી:

"અત્યાર સુધી હું તમારા જેવા એક નીચ દગાબાજ ધુતારા સાથે કેવી રીતે વર્તવું તેનો વિચાર કરતી હતી—"

"મ્હારી ધિરજ અને શાન્તિની આવી ક્રૂર પરિક્ષા ન કરો, શ્રીમતી !—મ્હારે તમને કહેવાની જરૂર નથી કે હું સાહસિક માણસ છું. મ્હેં જે જે મુસીબતો ઉઠાવી મ્હારા અયશ આરામનો ભોગ આપ્યો છે તે મ્હેં વગર આશાએ તો નહિ જ આપ્યો હોય—" સર હૅક્ટરે જવાબ આપ્યો.

"અને સર હૅક્ટર! જો હું તમને અત્રેથી ચાલી જવાનો અને તમારાથી થાય તે કરી લેવાની રજા આપું તો તમે શું કરો—?"

"મને જણાય છે કે તમે મ્હારા હૃદયની બધી વાત જાણી લેવા માગો છો. ઠીક છે. મને તે પણ જણાવી દેવામાં વાંધો નથી. જે સ્ત્રીએ મ્હારો દંડ ભર્યો હતો અને ફાધર પીએરની શોધ માટે મને પૈસા પૂરા પાડ્યા હતા તે કોણ છે તે તમે જાણો છો ?"

"નહિ—"

"તે તમારી કટ્ટી દુસ્મન ડચેસ ઑફ ક્લીવલૅન્ડ છે."

"અને ડચેસ ઑફ ક્લીવલૅન્ડે મહારાજા ચાર્લ્સના સમયની મ્હારી સત્તાના વિનાશ માટે એ ભેદ જાણવા માટે તમને દ્રવ્ય આપી ફાધર પીએરની શોધમાં મોકલ્યા હતા, ખરૂં ?—" કઠોર હાસ્ય કરી લુઈ બોલી.

"એમ પણ હોય—નહિ—એમજ હતું. હવે કંઈપણ ગુપ્ત રાખવાની હું જરૂર જોતો નથી. જ્યારે હું બ્રિસ્ટલના કિનારા પર ઉતર્યો ત્યારે મહારાજા ચાર્લ્સના મૃત્યુની મને ખબર મળી. ત્યારે મ્હને પ્રથમ તમારી પાસે જઈ આ ભેદ તમને જ વેચવાનો વિચાર સુઝ્યો—"

"અને હું તે ખરીદવાની ના પાડું તો તમે સીધા ડચેસ ઑફ ક્લીવલેંડ પાસે જઇ તેને એ ભેદ વેચવા માગો છો ?—"

"હા—" સર હૅક્ટરે પ્રત્યુત્તર આપ્યો.

"જો કે હવે તમે તેના પ્રતિસ્પર્ધિની કે શોક્ય નથી: છતાં બાર્બેરા વીલીઅર્સ તમને એક કટ્ટાં દુસ્મન માને છે. જગતની સ્ત્રી-

ઓમાં બાર્બેરા જેવી ઝેરીલી અને વેરની ભૂખી સ્ત્રી મ્હેં હજુ સુધી જોઈ નથી. અને એક વેળાની વિજયી ડચેસ ઑફ પોર્ટસ્મથને–પોતાની પ્રતિસ્પર્ધીનીને કચરી નાખવા માટે, તેના નામને કલંકિત કરવા માટે તે ગમે તેવો ભોગ આપવા તૈયાર થશે એવી મ્હારી ખાત્રી છે—"

"જાવ–ત્યારે સીધા તમારી ડચેસ ઑફ ક્લીવલૅન્ડ પાસે જાવ: પણ સાંભળો ! જો હું તમે જે આરોપ મ્હારી સામે મૂકવા માગો છો તેનો ઇનકાર કરીશ તો તમારા વચન કરતાં મ્હારા વચન પર જગત વિશેષ વિશ્વાસ રાખશે તેનો તમે કંઇ વિચાર કર્યો છે ?—"

"યાદ રાખો, શ્રીમતી ! કે બીજી બાજુએ વૈરભૂખી વાઘણ જેવી બાર્બેરા વીલીઅર્સ છે અને તમારા નામને કલંક લગાડી તમારી કીર્તિ ધૂળમાં મેળવવા માટે આવશ્યક પુરાવા માટે ગમે તેટલો ખર્ચ થશે તો તેની તે પરવા કરે એવી નથી. તમને એમ લાગતું હશે કે મ્હેં એ બધી બાબતો પર વિચાર કર્યો નહિ હોય: પણ સાંભળો ! ફરીથી સાંભળી લો, મૅડમ ! તમે એમ ધારો છો કે જો અહિંથી થોડાક બાહોશ માણસોને જે બનાવ આજથી એકવીસ વર્ષો પૂર્વે બન્યો હતો તેની તપાસ કરવા મોકલવામાં આવે તો સ્થાનિક સત્તાવાળાઓની સહાયથી તેઓ કોઈ પણ પુરાવો ન મેળવી શકે ? તમારા પિતાનું અચાનક મરણ–ઘરમાં પેલા યુવાન અંગ્રેજની હાજરી–તમારી પોતાની ભયંકર માંદગી–તમે જે જગ્યાએ તમારા બાલકને દાટયું હતું ત્યાંથી ખોદકામ કરતાં કદાચ હાડકાં આદિ મળી આવે તો તે......આ બધા પરથી શું કંઇ પણ પૂરવાર થઈ શકે એમ નથી ? વળી વધારે તપાસ કરતાં એ પણ માલૂમ પડી આવશે કે વર્ષો સુધી તમે ફાધર પીએરને તમારાં કાળાં કૃત્યને ગુપ્ત રાખવા માટે વર્ષાસન આપ્યું હતું. શા માટે તમે તેને પ્રતિ વર્ષે પૈસા મોકલતાં હતાં ? તમે આ પ્રશ્નનો જવાબ આપી શકશો ? ટૂંકામાં, મૅડમ ! હું એટલુંજ કહું છું કે તમારી કીર્તિ મ્હારા હાથમાં છે. તમારી હા; અને તમારૂ જીવન સુધી કોઈ નામ પણ લઇ શકશે નહિ. તમારી ના; અને બીજે જ કલાકે તમે એક ખૂની વ્યભિચારી સ્ત્રી તરિકે જગવિખ્યાત થઈ જશો. તમારે જોઇએ તો મ્હેં કહી તે કિમ્મતે એ ભેદ ખરીદી લો અથવા દુનિયાનો

ધિક્કાર સહન કરી કાળે મ્હોડે ફાંસીએ લ્હડવા તૈયાર થઈ જાવ; એ બીના જાહેરમાં આવતાંજ પ્રજા તમને આ દેશમાંથી હાંકી કહાડશે અને ફ્રાન્સમાં પગ મૂકતાં જ તમને ખૂનના આરોપ માટે કેદ પકડવામાં આવશે અને તે પછી તમારાં પર મૂકાયલા ભયંકર આરોપની ન્યાય મંદિરમાં તપાસ થશે—"

"તમે જે રકમ કહી છે તે બહુ મોટી છે. છતાં ધારો કે હું તમારી માગણીનો સ્વીકાર કરૂં તો પણ મ્હારા પૈસા લઈ તમે તરત ડ્યૅસ ઑફ ક્લીવલૅન્ડ પાસે જઇ તેની સાથે પણ એવુંજ સારૂં નહિ કરો તેની સાબીતી શું છે—?" લુઇ દે કેરલે પૂછ્યું.

"તમને ભવિષ્યમાં એ વિષે કદિ પણ હેરાન કરવામાં નહિ આવશે એવું ગમ્ભીર વચન આપ્યા સિવાય બીજી કોઈ પણ જાતની જામીનગીરી હું તમને આપી શકતો નથી, શ્રીમતી !—" ગ્રેહામે જવાબ આપ્યો.

"પણ તમે સ્હમજી શકશો કે એટલી મ્હોટી રકમ મ્હારી પાસે ઘરમાં હોઇ શકે નહિ. ખરેખર, તમારે થોડાક દિવસ ખોટી થવું પડશે." લુઇએ પ્રપંચ બાજી ખેલવા માંડી.

"નહિ શ્રીમતી ! તમે મને એમ બહાનાં બતાવીને ઉડાવી શકશો નહિ. તમે કેટલાં શ્રીમન્ત છો તે મ્હારી જાણ બહાર નથી. તમે તમારા પૈસા કોઈ શરાફને ત્યાં મૂકેલા હશે અને મ્હારી ખાત્રી છે કે જો કે આટલી મોડી રાત્રે પૈસા મગાવવાથી શરાફને કંઇક અજાયબી ઉપજશે છતાં જો તમે ધારો તો એક ચાર શબ્દ લખી મોકલતાં જ તમે ધારો તે રકમ મેળવી શકો એમ છો—"

"આવતી કાલે મ્હારી પાસે આવજો અને—" લુઇ બોલી.

"નહિ, મૅડમ !—" ગ્રેહામ વચ્ચે બોલી પડ્યો.

"હું તમે અચાનક લંડન છોડી ચાલ્યાં જાવ એવી તક્જ આપવા માગતો નથી—"

"પણ તમારી આ ઘરમાંની હાજરીથી ભલભલા તર્ક થઈ શકે એમ છે. હમણાં લગભગ દશ વાગવા આવ્યા છે. જેમની પાસેથી હું પૈસા મેળવી શકું એમ છું તેમની પાસે માણસ મોકલતાં અને તે પાછો આવતા સુધીમાં કંઈ નહિ તો બે કલાક વહી જશે. અને જો તમે એટલો વખત અહિં રહેશો તો તેથી હું ઘણી ગમ્ભીર ચર્ચાનો ભોગ થઇ પડીશ—" લુઈ બોલી.

"હું તમને નાહક હેરાન કરવા નથી માગતો." પોતાના મનમાં વિજયની ખાત્રી થઈ જવાથી ગ્રેહામ બોલ્યો.

"તમે કહો છો કે હમણાં દશ વાગ્યા છે; અને એ વાત ખરી છે." તે ઘડીઆળ તરફ નજર ફેંકી બોલ્યો.

"બોલો ત્યારેઃ હું મધરાતે અહિં પાછો આવું? પણ એટલું યાદ રાખજો કે, હું તમારા ઘરથી દૂર જવાનો નથી. હું આટલામાંજ ગુપ્ત રીતે રખડયા કરીશ અને જો તમે ચોરી છુપીથી ચાલ્યાં જવાનો લેશ માત્ર પ્રયાસ કરશો તો પછી તમારી સાથે જેઓ હશે તે બધાયની હાજરીમાં તમને એક ખૂની તરિકે જાહેર કરીશ—"

આ સાંભળી લુઇ દે કેરલે એક મિનિટ ગંભીર વિચાર કર્યો.

"હા—તમે મધરાતે પાછા આવજો; અને તમે જે રકમની માગણી કરો છો તે તમને સ્વાધીન કરવામાં આવશે. તમે કહો છો કે તમે મ્હારા ઘરની આસપાસ ફર્યા કરશો. પણ તેજ વખતે મ્હારે તમને યાદ આપવાની જરૂર છે કે તમે જે રકમ માગો છો તે મગાવવા માટે મને મ્હારા માણસોને જૂદી જૂદી જગ્યાએ મોકલવાની ફરજ પડશે. તેમને જોઈ હું અહિંથી ગુપ્ત રીતે ન્હાસી જવાનો પ્રયાસ કરૂં છું એવું ધારશો નહિ—"

"ખચિતજ નહિઃ પણ ધારો કે હું હમણાં અહિં હોઉં તે જો શંકા ઉત્પન્ન કરે એવું હોય. અથવા તમને તેથી લૌકિક ચર્ચાના ભોગ થવું પડે એમ હોય તો હું એમ પૂછુંછું કે જો હું મધરાતે અત્રે આવીશ તો તેથી તો ઉલટું તમે વધુ ચર્ચાના ભોગ થઈ પડશો. લોકો જો તે જાણશે તો તમારે માટે વિશેષ ખરાબ નીંદા કરશે—"

"હા. એ વાત ખરી. પણ તમે તદ્દન છૂપી રીતે આવી શકશો. યાદ રાખો કે તમારા અવિશ્વાસને લીધેજ તમને મધરાતે બોલાવવાની મને ફરજ પડે છેઃ પણ ફીકર નહિ. લો. આ મ્હારા બગીચાના પાછલા દરવાજાની તથા તેની પાછળના બારણાની ચાવી છે. આજે મધરાતે એ ચાવીનો ઉપયોગ કરજો. હું તમને મળવા તે વખતે ત્યાં આવીશ. ઘરના નોકર ચાકરો ઉંઘી ગયાં હશે અને એક મીનીટમાં જ હું તમને પૈસા આપી દઇશ તે લઇ તમે પાછા ચાલી જઇ શકશો."

સર હૅકટર ગ્રેહામે ડચેસ પાસેથી ચાવી લીધી; અને ત્યાર પછી તે લુઈ દે કેરલની રજા લઇ ત્યાંથી ચાલી ગયો.

પ્રકરણ ૪૨ મું.

ગ્રેહામનું મૃત્યુ.

સર હૅક્ટર ગ્રેહામ ડચેસ ઑફ પોર્ટસ્મથના મૅનશનમાંથી પાછલા દરવાજાની ચાવી લઇ બહાર નીકળ્યો અને પોતે પ્રાપ્ત કરેલા વિજય માટે મનમાં આનન્દ પામવા લાગ્યોઃ તે પુનઃ શ્રીમન્ત થઇ ગયો હોય એમજ હવે માનવા લાગ્યો. વીસ હજાર પૌંડ હાથમાં આવતાંજ એક સુન્દર કોટ પહેરી તથા થોડીક સોના મ્હોરો ખીસામાં નાખી તે પુનઃ પોતાનાં જૂનાં સ્થલોએ જઇ શકશે કે જ્યાં તેની પાસે પૈસા જોઇ તેના બધાય મિત્રો તેની સેવામાં હાજર થઇ જશે. રસ્તામાં લુઇ દે કેરલ સાથે તેણે જે સરત કરી હતી તે માટે તે મલકાવા લાગ્યો. તેણે લુઈ સાથે જે અડગતાથી વાત કરી હતી તથા પોતે પ્રથમ માગેલી રકમ કરતાં એક પેની પણ ઓછી ન્હોતી કરી તેને પ્રતાપેજ લુઇ ગભરાઇ હતી અને તેની ઇચ્છાને આધિન થઇ હતી એવી તેની માન્યતા હતી.

પણ ફક્ત આટલાજ વિચારો તેના મગજમાં ઘોળાતા ન્હોતા. અત્યાર સુધીના તેના ચારિત્ર્ય પરથી વાંચનારે જોયું હશે કે તેના જીવનમાં કોઇ સિદ્ધાંતજ ન્હોતો. અયશ આરામ, મોજશોખનો તે ગુલામ હતો. સદ્ગુણ સાથે તેને કટ્ટી દુશ્મનાવટ હતી. તે નીતિભ્રષ્ટ હતો; અને કેદખાનામાંથી મુક્ત થવા પછી તેણે અત્યંત દુઃખો સહન કર્યાં હતાં છતાં તેની નીતિ સુધરી ન્હોતી. તેના મલીન અન્તરનો કચરો હજુ સાફ થયો ન્હોતો. સુન્દર લલનાઓની આંખોનું નૃત્ય હજુ તેને અસ્થિર કરતું હતું અને જો તેની પાસે પૈસા હોય તો પુનઃ તે જેવો હતો તેવોજ થઇ જાય તેમાં લેશ માત્ર શંકા ન્હોતી. લુઇ પાસેથી વીસ હજાર પૌંડ પડાવી લીધા પછી તેણે જે ગમ્ભીર વચન તેને આપ્યું હતું તેનો અનાદર કરી એજ ભેદ ડચેસ ઑફ ક્લીવલૅન્ડને જણાવી દઈ તેની પાસેથી પણ પૈસા ઓકાવી એકદમ શ્રીમન્ત થઇ જવાના તે સ્વપ્નાં જોઇ રહ્યો હતો.

"હા—" તે મનમાં બબડયો.

"આ ભેદ ભયંકર છે અને તેનું મૂલ્ય પણ તેવુંજ છે. જો આ તક હું જવા દઉં અને મ્હારી તિજોરી ચીકાર નહિ કરૂં તો

આ દુનિયામાં મ્હારા જેવો દિવાનો કોણ? આજે મધરાતે સેવક ૨૦૦૦૦ પૌંડ ગજવામાં મૂકી ડચેસ ઑફ પોર્ટસ્મથને જીવન પર્યંત જાણે તે કલંકિત થતી બચી ગઇ છે એવી ખાત્રી આપશેઃ લુઇના પૈસા આવી ગયા પછી કાલે સ્હવારના પહોરમાંજ ડચેસ ઑફ ક્લીવર્લેન્ડના દિવાનખાનામાં આ ભેદનું બીજું વેચાણ થશે. લુઇના જેટલાજ પૈસા તેની પાસેથી પણ મળશે. આહા! નસિબ! તેં મને બહુ રંગ બતાવ્યા છે—લોકોમાં મ્હારી ઘણી બદનામી કરી છે. અનેક મુસીબતો સ્હામે મ્હેં ટક્કર ઝીલી છે પણ હવે ખતમ! હવે એ સર્વ મુસીબતો, સર્વ દુઃખો અને દારિદ્રયનો અન્ત આવ્યો છેઃ અને સેવકનો સીતારો એટલો બધો ચમકી રહ્યો છે કે આવતી કાલે તો હું એક શ્રીમન્ત સદ્‌ગૃહસ્થ બની જઇશ...."

આવા આવા વિચારો કરતો નીતિભ્રષ્ટ સર હૅક્ટર ગ્રેહામ સેંટ જેમ્સ સ્કવેરમાં આમથી તેમ આંટા મારવા લાગ્યોઃ પરંતુ તેની આંખો લુઇ દે કેરલના નિવાસસ્થાન પરજ ચ્હોંટી રહી હતીઃ તેજ સમયે તેણે ડચેસના મકાનનો દરવાજો ઉઘડતો જોયોઃ એક નોકર તેમાંથી બહાર નીકળ્યો અને તે સેંટ જેમ્સ સ્કવેરમાંથી, છેક ગ્રેહામની બાજુમાંથી પસાર થઈ ગયો પણ તેણે ગ્રેહામ પર જરા પણ ધ્યાન આપ્યું નહિ. થોડીક પલોમાં તો તે અદૃશ્ય થઇ ગયો અને તે પછી સર હૅક્ટર ગ્રેહામ મનમાં બોલ્યોઃ

"આ નોકરને ડચેસે મ્હારા પૈસા લેવા મોકલ્યો લાગે છે."

પુનઃ તેણે ડચેસના મૅનશન તરફ નજર કરી. એક બીજો અનુચર બહાર નીકળ્યો અને પહેલો નોકર જે દિશાએ ગયો હતો તેની સ્હામી દિશાએ તે ચાલ્યો ગયો. સર હૅક્ટરનો આનન્દ પ્રતિ પલે વધતો ગયો.

"આ પણ સુવર્ણ મહોરોજ લેવા જાય છે કે જે અલ્પ સમયમાં મ્હારા ગજવામાં આવી પડશે." તે મલકાતો મલકાતો બબડયો.

લુઇના નિવાસસ્થાનથી થોડેક દૂર તે આમથી તેમ આંટા મારી રહ્યો હતો. પુનઃ કોઈ નોકર બહાર આવ્યો નહિઃ પણ તેણે તેજ વખતે ઉપરના ઓરડાઓમાં બત્તી થતી જોઇ અને તે સ્હમજી ગયો કે નોકરો હવે બિછાને જવા લાગ્યા છે.

એક કલાક પસાર થઇ ગયો—પુનઃ દ્વાર ઉઘડયાં—અને સર હૅક્ટર ગ્રેહામે જોયું કે પેલા બે નોકરોમાંનો એક પાછો ફર્યો છે.

થોડીક મિનિટમાં જે પહેલો બહાર ગયો હતો તે પાછો આવ્યો અને તે મૅનશનમાં દાખલ થયો ત્યાં સુધી ગ્રેહામ તેને જોઈ રહ્યો: ત્યાર પછી ઉપલા માળો પરની બ્હારીઓમાંથી પ્રકાશ જણાવા લાગ્યો અને નીચેના માળો પરતી બત્તીઓ બુઝાવવામાં આવી.

"લગભગ એક કલાકમાં તો હું શ્રીમંત થઈ જઇશ—હું પૈસાદાર બની જઇશ...આહ! લુઈ હમણાં વૉરંટ કઢડાવી આ દેશમાં મને એસ્ટાઇલમાં કેદ કરાવવાની તેનામાં સત્તા હોત તો કેવું સારૂં એવો વિચાર કરતી હશે! ૨૦૦૦૦ પૌંડ ઓકી કાઢતાં તેના પેટમાં ચૂંક આવતી હશે! પણ નહિ. હવે તેનું કંઇ ચાલવાનું નથી. હવે બાઇ સાહેબના આશકનું રાજ્ય નથી એટલે તે મને હેરાન કરી શકે એમ નથી. વાહ વાહ! બચ્ચા ગ્રેહામ! ત્હારો પણ સિતારો આજકાલ ચમકે છે!—"

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સર હૅક્ટર ગ્રેહામ અનેક તરંગો પર નાચવા લાગ્યો. તેને હવે વૈભવ વિલાસના સ્વપ્નાં આવવા લાગ્યાં. તેનું શરીર કૃશ થઇ ગયું હતું—સૈ ભિખારી જેવો લાગતો હતો—તેનાં વસ્ત્રો મવાલી જેવા હતા—તેની આંખો ઉંડી ઉતરી ગઇ હતી: પણ તેથી શું થયું? પૈસાથી શું થતું નથી? પૈસા દિવાનાને દાના બનાવે છે—પૈસા મૂર્ખને બુદ્ધિવાન કહેવરાવે છે—પૈસાથી જગતમાં અશક્ય મનાતાં કામો પણ થઇ શકે છે: તો પછી જ્યારે પોતાની પાસે ૨૦૦૦૦ પૌંડ આવશે ત્યારે ચૅરીંગ ક્રૉસમાં "એંજલ" હોટલમાં જઇ વિશાલ દિવાનખાનું ભાડે રાખી, લહજ્જતદાર શરાબ અને સ્વાદિષ્ટ ભોજનને ઇનસાફ આપી, કોઈ નખરાંબાજ નાઝનીનના નયન કટાક્ષથી હૃદયને વીંધી નાખી, સ્વર્ગનો લ્હાવો ચાખવાના ખ્યાલમાં તે મસ્ત થઇ ગયો હતો. હોટલમાં જઇ અપ-ટુ-ડેટ પોષાક તથા આવશ્યક અલંકારો ખરીદી, ફાંકડા છેલ બની, પાણીદાર અશ્વપર સવાર થઇ ડચેસ ઑફ કલીવલૅન્ડના બર્કલી હાઉસમાં જઇ જે ભેદ તે અનેક મુસ્કેલીઓ સહન કરીને જાણી શક્યો હતો તેનું બીજું સારૂં ગોઠવવાનો તેનો વિચાર હતો! આવી કંગાળ દશામાં પણ તેના હૃદયમાં સદ્ વિચાર પ્રવેશી શકતો ન્હોતો. એક વાર ઉંચેથી નીચે પડેલી વ્યક્તિ ક્રમશઃ નીચેજ ગબડતી જાય છે એમ કહેવાય છે તે ખોટું નથી. કર્નલ જેવા મનુષ્યોનાં વિપથગામી હૃદયો એક વાર ભ્રષ્ટ થયા પછી દિન પ્રતિ દિન ભ્રષ્ટજ થતાં જાય

છે અને કુદરતની ભયંકર શિક્ષાથી પણ તેમના ચારિત્ર્યમાં વિશેષ સુધારણા થતી નથી.

ડચેસ ઑફ પોર્ટસ્મથના નિવાસ સ્થાનમાંના લગભગ બધા દીવાઓ બૂઝાઇ ગયા ત્યાં સુધી તે આવા વિચારો કરતો મહોલ્લામાં જ ઉભો રહ્યો.

મધરાત થઇ. ડચેસને મળવા જવાનો વખત થયો. કર્નલના આનન્દનો પાર રહ્યો નહિ. દશ મિનિટમાં તે વીસ હજાર પૌંડનો સ્વામી થવાનો હતો. તે મહોલ્લામાંથી બહાર નીકળ્યો અને ડચેસના મકાનના પાછલા ભાગના બગીચાની વાડ આગળ ગયો. વાડ કૂદી તે અંદર દાખલ થયો. નજીકજ બાગમાં દાખલ થવાનું બારણું હતું. તે ઉઘાડી તે બગિચામાં દાખલ થયો. થોડાક તારાઓ આકાશમાં ચમકતા હતા અને તેનું ઝાંખું અજવાળું બાગમાં પડતું હતું. આકાશમાં વાદળાં ઘેરાયલાં હતાં અને તેથી રાત્રીની કાળાશ વધી હતીઃ હવે મકાનના પાછળના ભાગમાં દાખલ થવાનું એક બારણું આવ્યું. ડચેસે આપેલી ચાવીવડે તેણે તે ઉઘાડ્યુંઃ ત્યાંથી અંદર જવાનો એક સાંકડો રસ્તો હતો. તેમાં થોડેક દૂર જતાંજ ઘોર અંધારૂં છવાયલું ગ્રેહામને જણાયું. હજુ ઉંબર ઓળંગીને તે અંદર જતો હતો એટલામાં રાત્રિની ગમ્ભીર શાન્તિનો લોપ થઇ ગયો—એક ભયંકર અવાજ થયો—એક દુઃખની ચીસ વાતાવરણમાં પ્રતિધ્વનિત થઈ લીન થઇ ગઇ. અને કર્નલ ગ્રેહામ રસ્તામાંજ મુરદું થઇ પડયો !

હવે આવી ભયંકર ઘટના કેમ બનવા પામી તે વિષે ખુલાસો કરવાની આવશ્યક્તા જણાય છે.

દશ વાગ્યે લુઇ દે કેરલ સાથે ગત પ્રકરણમાં અમે જણાવી ગયા છીએ તે પ્રમાણે વીસ હજાર પૌંડની કિમ્મતે લુઇનો ભેદ સાચવવાની સરત કરી કર્નલ ગ્રેહામ બહાર નીકળ્યો તે પછી તરત જ ડચેસે ઘરના મુખ્ય દાસ દાસીઓને પોતાની પાસે બોલાવ્યા. તેઓ આવી પહોંચતાંજ લુઇએ ભય તથા અશાન્તિની છાયા વદનપર આણી, કમ્પિત સ્વરે કહ્યુંઃ

" જે માણસ પોતાનું નામ જણાવ્યા વિના અગત્યના કામને બહાને મ્હારી મુલાકાત લેવા આવ્યો હતો તે કોઇજ નહિ પણ આજથી બે વર્ષ પહેલાં એક નીચ બદમાસ તરિકે પૂરવાર થયલો સર હૅકટર ગ્રેહામ હતો. અગાઉની મ્હારી સાથેની પીછાનને લીધે,

તે તદ્દન ભિખારી હાલતમાં છે તથા તેની પાસે ખાવાપીવા માટે એક પેની પણ નથી એમ કહી તે મ્હારી પાસે આર્થીક સહાય યાચવા આવ્યો હતો. મ્હેં તેને થોડીક મદદ કરી, પણ તેથી તેને સંતોષ થયો નહિ. તેના દેખાવપરથી જાણે તે કંઈ ધમકી આપતો હોય તેવો મને જણાયો—ટૂંકામા મને તેનું વર્તન શંકાશીલ જણાયું છે. તમને મ્હારી પાસે બોલાવી હું એમ કહેવા માગું છું કે તમારે કદિ પણ એ માણસને આપણા ઘરમાં દાખલ થવા દેવો નહિ..." ડચેસ જરા વાર અટકી.

"હમણાં મને યાદ આવે છે—તે અહિં હતો ત્યારે મને એ બીના યાદ આવી નહિ તે બહુ ખોટું થયું—ખ્યર—! હમણાં મને યાદ આવે છે કે આ ગ્રેહામ ચોરોનો સાથી છે."

લુઇનાં દાસ દાસીઓ આ અસત્ય વાત સમ્પૂર્ણ લક્ષથી સાંભળી રહ્યાં. પોતાની શ્રીમન્ત શેઠાણીના છેલ્લા શબ્દો સાંભળી તેઓ જરા ભયભિત થયાં અને તે બદમાસ માણસ તરફથી લુઇને કોઇ પણ જાતની શારિરિક ઇજા ન થઇ તે માટે તેને અભિનંદન આપવા લાગ્યાં.

"તમારી મ્હારા પ્રત્યેની લાગણી માટે હું તમારો બધાંનો આભાર માનું છું." ડચેસ અસરકારક સ્વરે બોલી.

"ખરેખર, એ બદમાસે લગભગ એક કલાક સુધી મારૂં માથું ખાધું હતું અને એ સમય દરમિયાન એણે પોતાની દુષ્ટતા બતાવી હોત તો શું થાત તેનો ખ્યાલ આવતાંજ હું કમ્પી જાઉં છું."

"શ્રીમતી ! બદમાસ સર હૅકટર તમારી પાસે પૈસાની મદદ માગવાજ આવ્યો હતો કે આ મકાનમાં આવવાનો તેનો કંઇ બીજો ગુપ્ત હેતુ હતો ?—" ડચેસનો મુખ્ય કારભારી, જે સશક્ત, દૃઢ નિશ્ચયી તથા હિમ્મતવાન પુરૂષ હતો તેણે પૂછ્યું.

"હું તે જાણતી નથી." પ્રથમ કરતાં પણ વિશેષ ભયભિત થવાનો આડમ્બર કરી ડચેસ ઑફ પોર્ટસ્મથ બોલી.

"પણ તમે આવો સવાલ કેમ પૂછોછો ?"

"કારણ કે એવા બદમાસો શ્રીમંતોના નિવાસ સ્થાનોમાં આવાજ બહાના કહાડી દાખલ થાય છે અને તેમ કરી ઘરની

અંદરનો ભાગ જોઈ જાય છે, કે જેથી તેઓ ચોરી કરવા આવે ત્યારે તેમને સુગમતા થાય—"

"અરે! પ્રભુ! આપણા ઘરમાં રાત્રે એ બદમાસો દાખલ દાખલ થશે તો!—" તે એકદમ ભય ચકિત થઇ બોલી. પછી તેણે ટેબલ પર નજર ફેંકી!

"અફસોસ! જુઓ તો ખરા–પાછલા દરવાજાની "પાસ–કી" ગૂમ થઇ છે—"

આ શબ્દોથી દાસ દાસીઓમાં ઘણો ગભરાટ ફેલાઇ ગયોઃ તેઓ એક બીજા સ્હામું જોઈ મુખ્ય કારભારીનો ધારણા સત્ય છે એવો ભાવ વ્યક્ત કરવા લાગ્યા. આજે રાત્રે ચોરોની પધરામણી થશે એવું બધાં ખાત્રી પૂર્વક માનવા લાગ્યાં. હવે શું કરવું તે માટે દરેક જણે પોતપોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માંડયો. એકે એક મેજીસ્ટ્રેટને બોલાવવાનું કહ્યું. બીજાએ કૉન્સ્ટેબલોને બોલાવી લાવવાની સૂચના કરી. ત્રીજાએ ભયદર્શક ઘડિયાળ મૂકવાની સૂચના કરી અને એકે વ્હાઇટ હૉલ રાજમહેલમાંથી અરધો ડઝન સૈનિકો બોલાવવાની જરૂર બતાવીઃ પણ ઘરના મુખ્ય કારભારીએ બધા પુરૂષ નોકરોને નાહિમ્મતવાન કહી કહ્યુંઃ

"તમે બધા હિમ્મત વગરના છો. આપણે શું કમી છીએ કે આપણને બહારથી મદદ બોલાવવાની જરૂર પડે? છટ છટ! હું કસમથી કહું છું કે જે બદમાસ પહેલો દાખલ થશે તેનું માથું હુંજ ફોડી નાખીશ. જોઉંછું તો ખરો કે બદમાસો કેમ ચોરી કરી જાય છે! —"

લુઇ હવે શાન્ત થયલી જણાઇ. તે બોલીઃ

"હા. તમે બદમાસોને પૂરા પડો એવા સશક્ત છો. મ્હારી ખાત્રી છે કે બદમાસો આજે કંઇપણ ધાંધલ મચાવ્યા વિના રહેવાના નથી. માટે આગળથીજ આપણે સાવધ રહેવું જોઇએ. આપણે આપણો પ્લાન નક્કી કરીએ તે પહેલાં બે જણા જાણે કોઇને કંઇ સંદેશો કહેવા જતા હો તેવી રીતે બે જૂદીજૂદી દિશાએ જાવઃ આમ તેમ કોઇ બદમાસ ભમતો હશે તો તે તમે જોઇ શકશો. જો કોઇ બદમાસ તમારી નજરે પડે તો થોડોક વખત સુધી તમે બહાર ભમીને જાણે તમે કોઇને કોઇ પત્ર આપીને આવ્યા હો એવો દેખાવ કરીને ઘેર આવજો. આમ

કરવાથી બદમાસો જાણે આપણને કંઇ શંકાજ નથી થઇ એમ માનશે અને રાત્રે તેમની ધારણા અહિં ધૂળમાં મળશે. સારૂં થયું કે આપણે આગળથી ચેતી ગયા. આજથીજ પૂરતી સાવચેતી રાખવાની જરૂર છે કે જેથી આપણને પાછળથી પસ્તાવું નહિ પડે-”

આવી રીતે તે ચાલાક સ્ત્રીએ પોતાના નોકરોને એક બનાવટી વાત કહી પોતાનો હેતુ પાર પાડવાની યુક્તિ રચી. બે નોકરોને બહાર મોકલવામાં ગ્રેહામને તેણીએ પૈસા લેવા માટે બે નોકરોને મોકલ્યા છે એવું જણાવવાનો તેનો હેતુ હતો તથા જો બન્ને નોકરો બહાર જાય તો કોઇ બદમાસ ઘરની આસપાસ ફરે છે એવી ખબર સહિતજ તેઓ પાછા આવશે એવી તેની ખાત્રી હતીઃ નોકરોને આજે રાત્રે કદાચ ચોરી થશે એમ કહી સાવધ રાખવામાં ડચેસનો કોઈ બીજો આંતરિક હેતુ હોય એવી શંકા કોઇને પણ ન ઉપજે તે માટે લુઇએ અત્યંત નીપુણતાથી પોતાની યુક્તિનો અમલ કર્યો હતો.

બન્ને નોકરો એક બદમાસ મકાનની બાજુમાં ઘૂમ્યા કરે છે એવી ખબર લાવ્યા. આજે રાત્રે ચોરો આવવાનાજ છે એવી હવે નોકરોની ખાત્રી થઈ ગઈ અને તેમણે બચાવની તૈયારી કરવા માંડી. પીસ્તોલોમાં ગોળી ભરવામાં આવી. મકાનમાં જૂદી જૂદી જગ્યાએ ચારથી પાંચ માણસોને ભરેલી પીસ્તોલ સાથે ઉભા રાખવમાં આવ્યા. બધાં માણસો ઉંધી ગયાં છે એવું બતાવવા માટે બધી બત્તીઓ ઓલવી નાંખવામાં આવી.

ગ્રેહામ પેલી ચાવીનો ઉપયોગ કરી ડચેસે જે સ્થલે આવવાનું કહ્યું હતું ત્યાં ગયો! એક બે ડગલાં ચાલ્યો-એટલામાંજ ડચેસના મુખ્ય કારભારીની પીસ્તોલ ફૂટી અને કર્નલ ગ્રેહામના માથામાં ગોળી લાગતાં તે એક ચીસ પાડી અચેત થઈ જમીન પર તૂટી પડયો.

આ રીતે તે નીતિભ્રષ્ટ કંગાળ પુરૂષના પાપી જીવનનો અન્ત આવ્યો.

પ્રકરણ ૪૩ મું.

એડિનબર્ગ કૅસલ.

ઈંગ્લંડની ભુમિ તજી અમે અમારા વાંચનારાઓને સ્કૉટીશ પાટનગરમાં લઇ જવા માગીએ છીએ.

રાત્રીના આઠ વાગવાનો સમય થવા આવ્યો હતો. અને "હોલી રૂડ પૅલેસ"ના એક દિવાનખાનામાં બે પુખ્તવયસ્ક પુરૂષો એકમેક સાથે વાત કરતા બેઠા હતા. તેમની સ્હામેના ટેબલ પર અસંખ્ય દસ્તાવેજો પડેલા હતા અને સીલીંગ પર ટાંગેલા લેમ્પના પ્રકાશમાં એ બે પુરૂષોમાંના એક-ના વદનપર અભિમાન તથા ક્રૂરતા તથા બીજાના મ્હોંપર શઠતા તથા લુચ્ચાઈની છાપ પડેલી જણાઇ આવતી હતી. આ બે પુરૂષો-માંનો એક ડયુક ઑફ ક્વીન્સબરી—રાજા જેમ્સનો સ્કૉટલેંડનો કમી-શનર હતો તથા બીજો અર્લ ઑફ પર્થ—સ્કૉટિશ ચાન્સેલર હતો.

આ બે સરકારી અમલદારો નવા રાજાના વફાદાર પક્ષકારો હતા. તેમને રૂંવે રૂંવે સ્વાર્થ પચી ગયો હતો. મનુષ્યત્વનું તેમનામાં નામ નિશાનજ ન્હોતું. રાજાની ગમે તેવી આજ્ઞા પાળતા તેઓ અચકે તેમ ન્હોતું. પોતાના સ્વાર્થ માટે જો રાજા તેમને ગમે તેવું નીચ કૃત્ય કરવાનું કહે તો તે કરવા પણ તેઓ તૈયાર થાય એવા હતા. સ્કૉટલેંડની પાર્લામેંટના સભાસદોની ચુંટણી તેમણે પોતાની ઇચ્છાનુસારજ કરી હતી એટલે તેમાં જેઓ વિરાજતા હતા તે બધા આ બે અમલદારોના ચાવી આપેલા પૂતળાંઓ જેવાજ હતા. આથી સ્કૉટલંડમાં તેઓ પોતાની ઇચ્છાનુસાર રાજ્ય કરતા હતા અને તેમની આપખુદી સ્હામે થવાની કોઇનામાં હિમ્મત ન્હોતી. બીજા જેમ્સના સમયમાં ઇંગ્લંડે અલ્પ સમય પછી જે જૂલમો સહન કર્યા હતા તેનો અનુભવ ડયુક ઑફ ક્વીન્સબરી, અર્લ ઑફ પર્થ અને પાર્લા-મેંટદ્વારા અત્યારથીજ સ્કૉટલંડને થવા માંડ્યો હતો.

આ સ્થલે જણાવવાની આવશ્યકતા છે કે, ડયુક ઑફ ક્વીન્સ-બરી ડયુક ઑફ આર્ગાઇલનો હડહડતો દુશ્મન હતો. આ દુશ્મનાવટ ઉભયના રાજદ્વારી વિચારોની વિરૂદ્ધતામાંથી જન્મી ન્હોતી પણ કેટલાંક ખાનગી કારણો—કે જે અત્રે જણાવવાની જરૂર નથી—ને લીધે ડયુક ઑફ ક્વીન્સબરી અંતઃકરણથી ડયુક ઑફ આર્ગાઇલને ધિક્કા-રતો હતો અને જો તેનાપર વેર વાળવાની સંધિ મળે તો તેને કચડી નાખવાને આતુર થઇ રહ્યો હતો. આથી જ્યારે ડયુક ઑફ આર્ગા-ઇલ કેદ પકડાયો ત્યારે તેના દુશ્મન—સ્કૉટલંડના કમીશનરના આનં-દનો પાર રહ્યો નહિ. તે પોતાના દુશ્મનને દેહાંત દંડની સજા થશે એમ ખાત્રીપૂર્વક માનતો હતો અને રાજાના મળી જતાં તેને જલ્લા-

દની સમશેરને સ્વાધિન કરવા માટે તલપી રહ્યો હતો. ડ્યુક ઑફ આર્ગાઇલ સ્વદેશાભિમાની હતો. પણ તેની વૃત્તિ ઉચ્છંખલ હતી અને તેથીજ પ્રસંગ જોયા વિના તેણે સ્કૉટલંડમાં બળવો જગાવ્યો હતો. તે પોતાના સાથી કર્નલ રમ્બોલ્ડ સાથે જ્યારે કેદ પકડાયો ત્યારે આ બે રાજ્યદ્રોહી ગુનેહગારોને મોતની સજા કરવામાં એક પલનો પણ વિલંબ કરવો ભયભર્યો છે એમ ડ્યુક ઑફ ક્વીન્સબરીએ હોમ સેક્રેટરી સર લીઓલાઇન જેન્કીન્સન પરના પોતાના રિપોર્ટમાં સ્પષ્ટ લખી જણાવ્યું હતું.

ડ્યુક ઑફ ક્વીન્સબરી અને અર્લ ઑફ પર્થ હોલીરૂડ પૅલૅસના દિવાનખાનામાં બેઠા હતા: રાત્રે આઠ વાગવા આવ્યા હતા. તેઓ સરકારી કાગળીઆઓ તપાસતા હતા અને જરા જરાવારમાં “ અલ્પ સમયમાં વૉરંટો આવી જશે. ” એમ બોલી બન્ને કેદીઓ તરફનો પોતાનો દ્વેષ વ્યક્ત કરતા હતા. ખાસ કરીને ડ્યુક ઑફ ક્વીન્સબરી કેદીઓને મોતની સજા કરનારા રાજવંશી હૂકમનામાની અત્યાતુર હૃદયે રાહ જોઇ બેઠો હતો.

“ જો એમ થશે તો આપ તરતજ રાજાજ્ઞાનો અમલ કરશો—ખરૂંને ? ” અર્લે ડ્યુકે કરેલી અમુક ટીકાના જવાબમાં જણાવ્યું. લગભગ દસબાર વખત કેદીઓને દેહાંત દંડની સજા થશે એમ ડ્યુક સાહેબ બોલી ચૂકયા હતા.

“ એક તિક્ષ્ણ કુહાડી—જલ્લાદને એક હૂકમ—બદમાસ રાજદ્રોહીઓને અંતિમ પ્રાર્થના માટે અલ્પ સમયનું દાન—અને ખેલ ખતમ !” ડ્યુક બોલ્યો. તેની આંખો ડ્યુક ઑફ આર્ગાઇલપર વૈર વાળવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી આનન્દથી ચમકતી હતી. ક્રૂરતા તેની નસે નસે વ્યાપી ગઇ હતી. દયાનો તેનામાં અંશ પણ ન્હોતો.

“ કદાચ વૉરંટો મધરાતે આવે તો ?—” અર્લ ઑફ પર્થ બોલ્યો. તે કેદીઓને અંતઃકરણથી ધિક્કારતો હતો: પણ તેનો ધિક્કાર રાજ્યદ્વારી વિચારોની વિરૂદ્ધતામાંથીજ જનમ્યો હતો.

“ ગમે તે વખતે વૉરંટો આવે તેની મ્હને ચિન્તા નથી. તેને તે સમયે તેનો હું અમલ કરાવીશ. પણ જુઓ ! અશ્વનાં પગલાં સંભળાય છે—” ડ્યુક ઑફ ક્વીન્સબરી બોલ્યો.

“ હા. તે આપણા મહેલ તરફજ આવતો જણાય છે. ” અર્લ ઑફ પર્થ પોતાની બેઠક પરથી ઉભો થઇ બારી પાસે જઇ બોલ્યો.

રાત્રે આઠ વાગ્યા હતા છતાં જુન મહિનો હોવાથી બહાર રસ્તાપર હજુ પ્રકાશ હતો.

"આપણે જે કાસદની રાહ જોઇએ છીએ તેજ આવે છે. તેણે બહુ વેગથી ઘોડાને મારી મૂક્યો હોય એમ લાગે છે—તેના શરીરપર ખૂબ ધૂળ ઉડી છે અને તેનો અશ્વ પણ ઘણો હાંફી ગયો છે—જુઓ, એ આવી પહોંચ્યો. અશ્વપરથી નીચે ઉતરી તે અહિં આવે છે, ખરેખર, એ કાસદજ છે—"

"ત્યારે તો વૉરંટ આવી પહોંચ્યા." અંતરમાં અત્યંત આનંદ પામતો ડ્યુક મનમાં બબડ્યો.

"આહા ! મ્હારા લૉર્ડ ! ડ્યુક ઑફ આર્ગાઇલ ! તમારા દહાડા ભરાઇ ગયા !—"

દિવાનખાનાના દ્વાર આ સમયે ઉઘાડવામાં આવ્યાં અને એક અનુચર અંદર આવી બોલ્યો.

"લંડનથી એક ગ્રહસ્થ આવ્યા છે, મ્હારા લૉર્ડઝ !—"

"તેને અંદર આવવા દો—" ડ્યુક બોલ્યો. જો કે અનુચરે સામાન્ય દરબારી કાસદને બદલે એક ગૃહસ્થ આવ્યા છે એમ કહ્યું હતું છતાં ડ્યુકે કે તેના સાથીએ તે પર વિશેષ ધ્યાન આપવાની જરૂર જોઇ નહિં.

જ્યારે તે ગૃહસ્થ અંદર આવ્યો ત્યારે બન્ને ઉમરાવો સહેલાઇથી સ્હમજી ગયા કે જો કે તેના શરીરપર ધૂળ ઉડી હતી અને તેના વાળ અસ્તવ્યસ્ત થઇ ગયા હતા છતાં તે સામાન્ય સરકારી કાસદ ન હતો. તેથી તેમને એવો વિચાર આવ્યો કે રાજાએ કોઇ ખાસ અમલદારને વૉરંટો લઇ મોકલવાનું પસંદ કર્યું હશે. નવીન પ્રવાસીએ ડ્યુકને તથા અર્લને વિનયથી સલામ કરી; પણ એ સલામ જાણે તે પોતાના સમાન પદના માણસને કરતો હોય તેવી જ અદાથી કરીઃ તે સમયે ઉચ્ચ પદવીધરો, તથા શ્રીમંતો એટલા બધા અભિમાની હતા કે ગરિબો અને સામાન્ય માણસોને તેમને ઝુકીઝુકીને સલામ કરવી પડતી પણ પ્રવાસીને તેમના ઉચ્ચ પદની દરકાર ન્હોતી. તેણે દમામથી પણ વિવેક સહિત ઉભય ઉમરાવોને સલામ કરી

"તમે રાજ્ય દરબારમાંથી આવો છો ?" પ્રવાસથી શ્રાન્ત થયલા મુસાફરને બેસવાને માટે એક ખુરસી તરફ હાથ લંબાવી ડ્યુક ઑફ ક્વીન્સબરી બોલ્યો.

" નહિ, મ્હારા લૉર્ડ ! " પ્રવાસીએ જવાબ આપ્યો.

" હું બ્રિટિશ પાટનગરમાંથી આવું છું: પણ બ્રિટિશ દરબારનો હું સેવક નથી. "

" તમે બાદશાહી વૉરંટ લાવ્યા છો ?–" પોતાની આતુરતા છૂપાવવાનો વ્યર્થ પ્રયત્ન કરતો ડ્યુક ઑફ ક્વીન્સબરી બોલ્યો.

" નહિ, પણ હું બાદશાહી હૂકમનામું લાવ્યો છું. આ જુઓ–"

એમ કહી પ્રવાસીએ એક દસ્તાવેજ બહાર કાઢ્યો અને ડ્યુકે ગમ્ભીર દેખાવ કરી તે હાથમાં લીધો. કાગળ વાંચવાને તે એટલો બધો આતુર થઇ રહ્યો હતો કે જો તે અજ્ઞાત પુરૂષ સાથે સભ્યતા જાળવવાની જરૂર ન હોત તો તે તે દસ્તાવેજ તેના હાથમાંથી એકદમ ઉભો થઇ ઝૂંટવી લેત: તેની તો ખાત્રી હતી કે કેદીઓને મોતની સજા કરવાનુંજ ફરમાન બાદશાહી હૂકમનામામાં હશે. ડ્યુકે તે દસ્તાવેજ ખોલી વાંચવા માંડ્યો કે અર્લે પણ તેના ખભાપરથી કાગળપર નજર ફેંકી: અને એક પલમાં બન્ને ઉમરાવોના મ્હો જોવા જેવા થઇ ગયા. પેલો પ્રવાસી બેદરકાર તથા શાન્ત ઢબે ખુરશીની પીઠપર અઢેલીને બેઠો હતો; તેણે ઉભય ઉમરાવોના દેખાવમાં થયલા પરિવર્તન પર ખાસ લક્ષ આપ્યું નહિ.

" અજબ જેવું–" ડ્યુક બોલ્યો.

" અસમ્ભવિત !–" અર્લ ઑફ પર્થ બોલી પડ્યો.

ઉભય ઉમરાવોને પોતાની આંખો પર અવિશ્વાસ આવતો હતો. તેમની ધારણાથી તદ્દન ઉલટુંજ પરિણામ આવ્યું હતું.

" ખરેખર, મ્હારા લૉર્ડ !–" અર્લ બોલ્યો.

" આ હૂકમનામા પ્રમાણે મહારાજા બન્ને રાજદ્રોહીઓને તેઓ તુરતા તુરત બ્રિટિશ સરહદ છોડી જાય એ સરતે સમ્પૂર્ણ ક્ષમા બક્ષે છે. "

" હાજી, એવોજ આ રાજાજ્ઞાનો ભાવાર્થ છે. " પેલો પ્રવાસી જે હજુ આર્મ ચૅરપર બેસી રહ્યો હતો તે શાન્ત સ્વરે બોલ્યો.

ડ્યુક ઑફ ક્વીન્સબરી અને અર્લ ઑફ પર્થે એક બીજા સ્હામે ભારે મુઝવણ વચ્ચે જોયું. ત્યાર પછી તેમણે સંભાળપૂર્વક રાજાની સહી જોન્ઘ–હોમ સૅક્રેટરીની સહી પણ તપાસી તથા દસ્તાવેજનું રૂપ જોયું. ભારે મુઝવણ અને નિરાશા સહિત પુનઃ તેમણે

એક બીજા સ્હામે જોયું અને તે દસ્તાવેજ બનાવટી નથી પણ ખરો છે એવો ભાવ ઉભયે નેત્રસંકેતદ્વારા વ્યક્ત કર્યો.

" જે ગૃહસ્થ આ હૂકમનામું લઇ આવ્યા છે તેમનું નામ અમે જાણી શકીશું ? વળી સામાન્ય નિયમ પ્રમાણે દરબારી કાસદ સાથે રાજાજ્ઞા આવવાને બદલે તમને શામાટે મોકલવામાં આવ્યા છે તે વિષે કાંઇ ખુલાસો કરવાની કૃપા કરશો ? "

" મ્હારૂં નામ હું ધારૂં છું કે કદાચ આપ નામદારો જાણતા હશો. હું જનરલ ઑલિફન્ટ છું—" તે વીર યોદ્ધાએ કહ્યું.

આ સાંભળી ઉભય ઉમરાવો અત્યંત આશ્ચર્ય પામ્યા. જનરલનો પ્રતિભા સંપન્ન દેખાવજ એવો હતો કે તેનું નામ સાંભળ્યા પછી ઉભય ઉમરાવોને જો કે તેના તરફ તેમના હૃદયમાં અભાવ હતો છતાં નમન કરવાની ફરજ પડી.

" આપ નામદારે મહારાજાના અમેરિકન સંસ્થાનોના ગવર્નર જનરલના પદનો ત્યાગ કર્યો હતોઃ હવે મને લાગે છે કે આપે મહારાજાના રાજ્યમાં બીજી પદવીનો સ્વીકાર કર્યો છે—" ડયુક ઑફ ક્વીન્સબરીએ કહ્યું.

" ઇંગ્લંડના મહારાજાની સેવાનો મ્હેં સ્વીકાર કર્યો નથી—" જનરલ બોલ્યોઃ ત્યાર પછી તેણે કંઇક બેદરકારીથી કહ્યું.

" દક્ષિણ અમેરિકામાં હાલમાં સ્થાપિત થયલા એક સ્વતંત્ર રાજ્યનો હું પ્રધાન સત્તાધિશ છું. બ્રિટિશ દરબારમાં ઑલિફન્ટાના પ્રજાસત્તાક રાજ્યના પ્રેસીડંટ તરિકે મ્હારો સત્કાર કરવામાં આવ્યો હતો. "

પુનઃ ઉભય ઉમરાવો તે વીર યોદ્ધાને નમ્યાઃ અને તે પછી થોડીકવાર મૌન રહી ડયુક ઑફ ક્વીન્સબરી બોલ્યોઃ

" આજે આ હૂકમનામાની હકિકત હું કેદીઓને કહી શકું એમ નથી. કારણકે ઘણું મોડું થઇ ગયું છે. આવતી કાલે સ્હવારના પહોરમાં સરકારી રિવાજ પ્રમાણે કેદીઓને એ હકીકતથી પરિચિત કરવામાં આવશે. "

" સરકારી હૂકમોનો કેમ અમલ કરવો તે તમને કહેવાનું મ્હારૂં કામ નથી પણ જો હું તમારી જગ્યાએ હોત તો દુઃખમાં પડેલા માનવબંધુઓને આનન્દ ઉપજે એવા સમાચારથી તેમને તરતજ વાકેફ કરી તેમના દુઃખી હૃદયો શાન્ત કરત. ભલે તમારી મરજી પ્રમાણે સ્હવારે તેમને એ વાત જણાવજો. આવતી કાલે સ્હવારે

કેદીઓને સ્વતંત્ર થયલા જોવા માટે હું ક્યારે આવું ? તમને કયે સમય અનુકૂળ થઇ પડશે ?"

"સ્હવારે નવ વાગે. આપ નામદાર પધારશો તો અમે આનન્દ પામીશું." ડયુક ઑફ ક્વીન્સબરીએ પ્રત્યુત્તર આપ્યો.

"ઠીક. મ્હને એ હૂકમનામું પાછું આપો."

જનરલે બાદશાહી હૂકમનામું ડયુક પાસેથી લઇ લીધું. તેણે ઉભય ઉમરાવોને નમન કર્યું. અને ત્યાર પછી ત્યાંથી તે વિદાય થઇ ગયો.

કોર્ટયાર્ડમાં આવી મહેલના જે નોકરને પોતાના અશ્વની લગામ આપી ઉભો રાખ્યો હતો તેની પાસેથી અશ્વ લઇ જનરલ તે પર સવાર થયો અને શહેરના સારામાં સારા હોટલનું નામ પૂછી તે તરફ અશ્વ હાંકી ગયો. જે અશ્વપર તે સવાર થયો હતો તે તેને પોતાનો ન્હોતો. લંડનથી એડિનબર્ગ આવતાં માર્ગમાં તેને વારંવાર અશ્વો બદલવા પડયા હતા. તે પૂરવેગે મુસાફરી કરતો એડિનબર્ગ આવી પહોંચ્યો હતો; કારણકે રાજાએ પ્રથમ મોકલેલા વૉરંટો લઇને ગયલો માણસ જો વહેલો પહોંચે અને તે વૉરંટો પ્રમાણે સરકારી અમલદારો બન્ને કેદીઓને થયલી મોતની સજાનો અમલ કરે તો તેના પ્રિય મિત્રનો પ્રાણ જાય એમ હતું. સર જોસફ લૅમ્પટન અને એક અનુચર જનરલની સાથે હતા તેમને તો તેણે ઘણા પાછળ નાખી દીધા હતા. તે વાયુવેગે અશ્વને હાંકતો માર્ગ કાપી આવ્યો હતો અને જો કે સરકારી કાસદ તે નીકળ્યો તે પૂર્વે નીકળ્યો હતો છતાં તેના આગમન પહેલાં જનરલ આવી પહોંચ્યો હતો.

મુસાફરખાના આગળ આવી તે અશ્વપરથી નીચે ઉતર્યો. શૌચ કર્માદિથી નિવૃત્ત થયો. ઉતાવળથી તેણે પોતાના વાળ ઓળ્યા તથા યોગ્ય પોષાક પહેરી લીધો. ત્યાર પછી તેણે દારૂનું એક પ્યાલું પીધું. તેણે આખા દિવસમાં બહુ થોડું ખાધું હતું છતાં હમણાં ભોજન લેવા થોભ્યો નહિ. તે પોતાના વૃદ્ધ મિત્ર કર્નલ રમ્બોલ્ડને તેના જીવનના સંરક્ષણની ખાત્રી આપવાને આતુર થઇ રહ્યો હતો. તેના ઉન્નત હૃદયે બાદશાહી હુકમનામામાં કર્નલ સાથે ડયુકને પણ તરત બ્રિટિશ હદ છોડી જવાની સરતે ક્ષમાદાન આપવાનું ફરમાન કરવાની પ્રેરણા કરી હતી અને એક મનુષ્યના જીવનનો બચાવ કરવાની પોતાનામાં શક્તિ હોવા છતાં તેને જલ્લાદની સમશેરનો ભોગ થવ

દેવાનું તેને યોગ્ય ન લાગવાથી તેણે ડ્યુકનું નામ પણ રાજાના હૂકમનામામાં ઉમેર્યું હતું.

લગભગ નવથી દશ વાગ્યાની વચ્ચે ઑલિફન્ટાનો વીર પ્રેસીડંટ એડિનબર્ગ દુર્ગ તરફ જવા નીકળ્યો કે જેમાં રાજદ્રોહી ગુનેહગારોને સખત ચોકી પહેરા વચ્ચે કેદ કરવામાં આવ્યા હતા. સ્કૉટિશ રાજધાનીમાં તે અજાણ્યો હતો છતાં કિલ્લાનો રસ્તો પૂછવાની કંઇ જરૂર ન્હોતી; કારણ કે ભયંકર રાક્ષસ પેઠે અચલ ઉભેલો કિલ્લો તેના ઉંચા મિનારાઓથી શહેરના અન્ય મકાનોથી તદ્દન જૂદો પડી જતો હતો. બહારના દરવાજા આગળ જ્યારે જનરલ આવી પહોંચ્યો ત્યારે મુખ્ય સત્તાધિશોના ખાસ પરવાના વિના અજાણ્યા સખસો સાથે કેદીઓને મુલાકાત લેવા દેવાનો સમય થઇ ગયો છે એમ તેને જણાવવામાં આવ્યું.

“ તમારા ગવર્નરને જઈને કહો કે જનરલ ઑલિફન્ટ કિલ્લામાં દાખલ થવા માગે છે; અને એક સૈનિક તરિકે મ્હારી ખાત્રી છે કે તમારા ઉપરી મ્હારી વિનંતીનો સ્વીકાર કર્યા વિના રહેશે નહિ. ”

તે જગપ્રસિદ્ધ યોદ્ધાનું નામ સાંભળી તે પ્રહરી તો અવાક જેવો તેના તરફ જોઈ રહ્યો. તે યુગના સૌથી મહાન્ યોદ્ધાના દર્શન કરવા પ્રહરીની નજીકમાં તેના બીજા જે સાથીઓ ભમતા હતા તેઓ પણ આવી પહોંચ્યા. ઑલિફન્ટે તેમને શરાબ પી આનન્દ કરવાને માટે એક સુવર્ણ મહોર આપી એટલે બધાના આનંદનો પાર રહ્યો નહિ અને કેદખાનાના કાનૂનની પરવા કર્યા વિના તેને દાખલ થવા દેવા સ્હામે કોઈને વાંધો જણાયો નહિ. જનરલ કિલ્લામાં દાખલ થયો. કોઈ પણ પ્રહરીએ તેને અટકાવ્યો નહિ.

દુર્ગના મુખ્ય ભાગમાં જઇ જનરલ ઑલિફન્ટ ‘ગાર્ડહાઉસ’માં ગયો. ત્યાં એક સૈનિકને બોલાવી જે ઑફિસર ડ્યુટીપર હોય તેને બોલાવવાની આજ્ઞા કરી.

“ લેફ્ટનંટ ઓર્મસ્લીને તમે મળવા માગો છો ? ” તે સૈનિક બોલ્યો.

“ ઑર્મસ્લી !—” જનરલ બોલ્યો.

“ મને લાગે છે કે એ નામ મ્હેં અગાઉ સાંભળ્યું છે. ” તરતજ તેને એંજલ મુસાફરખાનામાં કૅપ્ટન વીલ્ડેર તરિકે તે પહેલ-

વહેલો આવ્યો અને કર્નલ એહામ સાથે જુગાર રમવા બેઠો હતો ત્યારે ઓર્મસ્લી નામનો એક સૈનિક હાજર હતો એવી સ્મૃતિ થઇ.

લેફ્ટનંટ ઓર્મસ્લી ત્યાં આવ્યો અને લૅમ્પનો પ્રકાશ તેના વદન પર પડતાં તરતજ જનરલ ઑલિફન્ટે તેને ઓળખી કાઢ્યો. તે તેજ પુરૂષ હતો કે જેને ઑલિફન્ટે પૂર્વે 'એંજલ' હોટલમાં જોયો હતો. કેટલાંક કૌટુંબિક કારણોને લીધે આ અંગ્રેજ અમલદારની ઈંગ્લીશ સેનામાંથી સ્કૉટિશ સેનામાં બદલી થઇ હતી. એ કારણો અત્રે જણાવવાની આવશ્યકતા નથી. ઓર્મસ્લીએ પણ પોતાના વીર મિત્રને ઓળખ્યો: અને તેને જોઇ અજાયબી ઉપરાંત તેના હૃદયમાં માનની લાગણી ઉત્પન્ન થઈ કારણ કે જનરલે એટલા સમયમાં તો પોતાનું નામ નવે ખંડમાં સુપ્રસિદ્ધ કરી દીધું હતું.

" તમે ? જનરલ ઑલિફન્ટ ! તમે અહિંયાં ? "

જનરલે તે યુવાન ઑફિસર સાથે હસ્તધુનન કર્યું અને પછી તે બાદશાહી હુકમનામું લઇ આવ્યો છે તે જણાવ્યા વિના ડ્યુક ઑફ આર્ગાઇલ તથા કર્નલ રમ્બોલ્ડને મળવા દેવાની તેણે લેફ્ટનંટને વિનંતી કરી. બાદશાહી હૂકમનામાની વાત લેફ્ટનંટને નહિ જણાવવામાં જનરલનો ખાસ હેતુ ન્હોતો, પણ આવા હૂકમનામાઓ સત્તાધિશ અમલદારો તરફથીજ પહેલવહેલા પ્રકટ કરવાનો સરકારી રિવાજ હોવાથી કમિશનર—ડ્યુક ઓફ ક્વીન્સબરીને જો તે એ હકિકત લેફ્ટનંટને જણાવે તો કદાચ ખોટું લાગે અને તે ગેરકાયદેસર ગણાય એવા વિચારથીજ તે તે વિષે મૌન રહ્યો હતો.

" આપ નામદારની ઇચ્છાનુસાર કેમ વર્તી શકાય તે મને સૂઝતું નથી અને આપને હું ના પણ પાડી શકતો નથી. ગવર્નર હમણાં દુર્ગમાં નથી—તે શહેરમાં કોઈ મિત્રોને ત્યાં ગયા છે અને કાયદા પ્રમાણે—"

" એક સૈનિક તરિકે હું કદિ પણ તમને કાયદાનો ભંગ કરવાની સલાહ આપત નહિ. પણ સંયોગો એવા છે કે મને તમને આગ્રહ કરવાની ફરજ પડે છે. " જનરલ વચ્ચે બોલ્યો.

" હું આપ નામદારની સેવા બજાવવા માટે ગમે તેવું સાહસ ખેડવાને તૈયાર છું; પણ હું આપ નામદારને એક વિનંતી કરવા માગું છું. આપ જે કેદીઓની મુલાકાત લેવા માગો છો તે વાત તદ્દન ગુપ્ત રાખવાની આપ કૃપા કરશો ? વળી તે કેદીઓ પણ એ

વિષયમાં મૌન ધારણ કરે એવી વ્યવસ્થા આપ કરી શકશો ?—" ઓર્મસ્લીએ પૂછ્યું.

ઑલિફન્ટે તરતજ લફ્ટનંટની ઇચ્છાનુસાર વર્તવાનું વચન આપ્યું; અને લફ્ટનંટ ઑર્મસ્લી રક્ષક પાસેથી કંઈ બહાનું કહાડી ચાવી મેળવી તે વીર યોધ્ધાને જે ઓરડાઓમાં બન્ને કેદીઓને કેદ કરવામાં આવ્યા હતા ત્યાં લઇ ગયો. પ્રથમ ઑલિફન્ટ કર્નલ રમ્બોલ્ડની કોટડીમાં દાખલ થયો. આ સમયે લફ્ટનંટ ઑર્મસ્લી બહાર ઉભો રહ્યો.

જે મિત્ર હજારો કોસ દૂર હતો તેને એકદમ પોતાની સ્હામે આવી ઉભેલો જોઇ કર્નલ રમ્બોલ્ડને જે મહાન્ અજાયબી ઉપજી તે શબ્દોથી સ્હમજાવી શકાય એવી ન્હોતી. જે વીર પુરૂષે તેના નામને કલંકિત થતું તથા તેના જીવનને નષ્ટ થતું બચાવ્યું હતું, જેણે તેને અનેક રીતે ઉપકારી કર્યો હતો અને જેને તે અત્યંત ચાહતો હતો તે હમણાં અચાનક—અણધાર્યો તેની સ્હામે આવી ઉભો રહ્યો. બન્ને એક બીજાને વ્હાલથી મળ્યા—ઉભયે પરસ્પર ખબર અંતર પૂછી. અને બીજા ક્રાન્તિકારક પ્રયાસમાં ભાગ લેવા માટે એક પણ ઠપકાભર્યો શબ્દ કહ્યા વિના જનરલ ઑલિફન્ટે કર્નલને બાદશાહી હૂકમનામાની બીનાથી પરિચિત કર્યો. તે વૃધ્ધ સૈનિકની આંખોમાંથી આંસુ સરી પડયાં. તે એક પલ પણ મૃત્યુથી બ્હીધો ન્હોતો. તે પોતાના શરીર પરના મોહને લીધે મૃત્યુથી બચવા ન્હોતો માગતો; પણ જે વ્હાલાંઓ તેના નામનું પ્રતિપલે સ્મરણ કરતાં હતાં અને જેઓ તે પુનઃ કેદ પકડાવાની ખબર સાંભળી ભયંકર યાતના સહન કરતાં હતાં તેમને પુનઃ છાતીએ લગાવવાની તૃષ્ણા હજુ તેના હૃદયમાંથી નષ્ટ થઇ ન્હોતી. ઑલિફન્ટે જે આનન્દજનક ખબર કહી તેથી પોતાના પ્રિયજનોને મળવાની આશા પાર પડશે એમ માની કર્નલ અત્યંત હર્ષ પામ્યો. ત્યાર પછી જ્યાં સુધી સરકારી અમલદાર તરફથી સત્તાવાર રીતે તેને ક્ષમા મળવાની બીના જાહેર થાય નહિ ત્યાં સુધી એ વાત તદ્દન ગુપ્ત રાખવાની કર્નલને સૂચના આપી તે વીર સેનાની તેની કોટડીમાંથી બ્હાર નીકળ્યો.

ઑલિફન્ટને હવે ડયુક ઑફ આર્ગાઇલની કોટડીમાં લઈ જવામાં આવ્યો. ડયુકે યુવાનીના વસન્તકાલમાં પ્રવેશ કર્યો હતો. તેનું વદન સુન્દર હતું તથા બાંધો સુદ્દઢ હતો. કદમાં તે જરા ઉંચો હો-

વાથી તથા સર્વ અવયવો માંસલ હોવાથી વિશેષ ખુબસુરત લાગતો. જે વીર યોધ્ધા વિષે ડ્યુકને તેના સાથીએ અનેક વેળા વાત કરી હતી—જેની વીરગાથાથી કર્નલે ડ્યુકનું મગજ ભરી નાખ્યું હતું તેને પોતાની સમક્ષ આવી ઉભેલો જોઈ ડ્યુકને પણ કેવી અજાયબી ઉપજી હશે તેનો ખ્યાલ વાંચનાર સહેલાઇથી કરી શકશે. વળી જ્યારે તે ઉદાર હૃદયી વીર યોધ્ધો તેને તેના ગુન્હાની માફી આપવામાં આવી છે અને તે પુનઃ સ્વતંત્ર રીતે જગતમાં ફરી શકશે એવી આનન્દજનક ખબર આપવા આવ્યો છે એ બીના ડ્યુકે જાણી ત્યારે જનરલ તરફ તેના હૃદયમાં અત્યંત આભાર અને માનની લાગણી ઉત્પન્ન થઇ અને આવા વીર, ઉન્નત હૃદયી પુરૂષને સમ્પૂર્ણ સુખી કરવાની તે મનમાં પરમાત્માની પ્રાર્થના કરવા લાગ્યો. જો વાતચીત દરમિયાન વધુ વખત થઇ જાય તો એ બીના કોઇની જાણમાં આવી જતાં જે ઉદાર ઑફિસરે તેને કેદીઓની મુલાકાત લેવા દેવાનું સાહસ ખેડયું હતું તેને નાહક દોષિત ઠરવું પડે એવા ભયથી જનરલે વિશેષ વાતચીત ન કરતાં ફક્ત ડ્યુકને રાજા તરફથી ક્ષમા મળી છે એટલીજ વાત જણાવી અને એ બીના સત્તાવાળાઓ તરફથી આવતી કાલે સ્હવારે સત્તાવાર જાહેર થાય ત્યાં સૂધી પોતે કંઇ જાણતોજ નથી એવી રીતે વર્તવાની જનરલે ડ્યુકને ખાસ સૂચના કરી. ડ્યુકે આભાર તથા કૃતજ્ઞતાની લાગણી સહિત તે પ્રમાણે વર્તવાનું વચન આપી કહ્યું.

"મને જીવતદાન મળ્યું છે એ વાત જાહેર કરતાં ડ્યુક ઑફ ક્વીન્સબરીના કંઠે પ્રાણ આવશે. તે મ્હારા તરફ અસામાન્ય વૈરભાવ ધરાવે છે અને મને મરેલો જોવાનેજ આતુર છે."

"છતાં રાજાની આજ્ઞાને માન આપવાની તેને ફરજ પડશે. એમ કર્યા વિના તેનો છૂટકોજ નથી." ઑલિફન્ટ બોલ્યો.

આટલા શબ્દો કહી જનરલ ડ્યુક ઑફ આર્ગાઇલને શેકહેંડ કરી તેની કોટડીમાંથી બહાર નીકળ્યો. અને લફટનંટ ઓર્મસ્લી તેને પુનઃ કોર્ટયાર્ડમાં લઇ ગયો. ત્યાં ગયા પછી લફટનંટ બોલ્યો.

"જો આપ નામદાર કૃપા કરી મ્હારા ઘરમાં પધારશો તો મ્હારી રંક ઝુંપડીમાં મ્હારી શક્તિ અનુસાર આપની મહેમાનગીરી કરી હું મ્હારી જાતને કૃતકૃત્ય થયલી માનીશ."

"તમારા વ્હાલ ભર્યા આમંત્રણનો મ્હારાથી અસ્વીકાર કરી શકાતો નથી. ચાલો, મ્હારા મિત્ર!—" ઑલિફન્ટ બોલ્યો.

આ નિમંત્રણનો સ્વીકાર કરવાનું જનરલને એક બીજું પણ કારણ હતું. તેની ઇચ્છા દુર્ગમાં રહેવાની હતી; કારણકે મોતની સજા કરનારા વૉરંટની રાહ જોનાર ડયુક ઑફ કવીન્સબરી તથા અર્લ ઑફ પર્થને જ્યારે તેણે કેદીઓને ક્ષમા બક્ષનારૂં બાદશાહી ફરમાન હોલીરૂડ હાઉસમાં બતાવ્યું ત્યારે તેમના મ્હોંપર ભારી નિરાશા તથા દીલગીરીની છાયા ફરી વળી હતી. તે જનરલના લક્ષ બહાર ન્હોતું. વળી આર્ગાઇલના છેલ્લા શબ્દોથી પણ તેનો શત્રુ તેનું કાટલું કઢાડવા કેટલો બધો ઉત્સુક હતો તે ઍાલિફન્ટ સ્હમજી ગયો હતો. આથી કેદખાનાના યુવાન ઑફિસરે તેને ભોજન લેવા આવવાનું જે આમંત્રણ કર્યું તેથી તે અંતરમાં આનંદ પામ્યો. વળી તેણે નિમંત્રણનો સ્વીકાર કરવાથી ઓર્મસ્લીને પણ અનહદ હર્ષ થયો.

ઑર્મેસ્લીના ઓરડામાં કેટલાક પત્થરના દાદરો વટાવી ઉભય આવી પહોંચ્યા. ઓરડાની એક બારી કોર્ટયાર્ડમાં પડતી હતી. તેને સગવડભરી રીતે શણગારેલો હતો. એક બારી આગળ પલંગ હતો અને પલંગ આગળજ એક પરદો ટાંગેલો હતો. ઓર્મસ્લીએ ટેબલપર દારૂની પ્યાલીઓ મૂકી—એક બાટલી બહાર કાઢી—સ્વાદિષ્ટ ભોજન પણ તેણે ટેબલ પર રજુ કર્યું અને પોતાના માનવંતા મહેમાનનું અંતઃકરણથી સ્વાગત કરી તેને આનન્દિત કરવા માટે તેણે પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્ન કર્યો. ઑાલિફન્ટે તેને આટલાંટિક મહાસાગરની પેલીપારના પ્રદેશમાં થયલાં અન્તિમ યુદ્ધ વિષે કેટલીક વાતચીત કરી અને જ્યારે એ વાત પૂર્ણ થઇ ત્યારેજ ઓર્મસ્લીએ જાણ્યું કે તેનો મહેમાન અમેરિકન સંસ્થાનોનો ગવર્નર જનરલ નહિ પણ એક સ્વતંત્ર—પ્રજાસત્તાક રાજ્યનો પ્રેસીડંટ હતો. સમય એટલા બધા આનન્દમાં પસાર થઇ ગયો કે લફ્ટનંટ ઓર્મસ્લીને વખતનું બિલકુલ ભાનજ રહ્યું નહિ. મધરાત થઇ ત્યાં સુધી જાણે એકજ કલાક થયો હોય એવું તેને લાગ્યું. હવે તેને ભાન આવ્યું કે કદાચ કૅસલનો ગવર્નર શહેરમાંથી પાછો આવ્યો હશે. પોતાની નોકરીપરથી આટલો બધો વખત ગેરહાજર રહેવા માટે તેને દોષિત ઠરાવી સજા કરવામાં આવે એવી સ્થિતિ તેણે ઉપસ્થિત કરી હતી. તેણે પોતાને લાચારીથી પોતાની નોકરીપર જવાની ફરજ પડે છે એમ કહી જનરલને છોડી જવા માટે ક્ષમા માગી અને જનરલ

લશ્કરી કાયદાની સખ્તાઇ સારી રીતે જાણતો હોવાથી તેણે તેને સ્મિત હાસ્ય સહ ત્યાંથી જવાની રજા આપી.

" મધરાત થવા આવી છે અને આપ નામદારને શહેરમાં જતાં ઘણું મોડું થશે. વળી આપ જ્યાં ઉતર્યા છો તે મુસાફરખાનું પણ બંધ થઇ ગયું હશે. માટે જો આપ નામદાર મ્હારી રંક પર્ણકૂટીમાં આજની રાત્રિ આરામ લેવાનું કબૂલ કરશો તો હું મ્હારાથી બનતી દરેક સગવડ આપને કરી આપીશ. પ્રાતઃકાલે સેવક સાથે નાસ્તો લઇ આપ નામદાર આપને ઉતારે જશો તો તેથી હું મને માન મળેલું માનીશ."

જનરલને તો " ભાવતું હતું અને વૈદ્યે કહ્યું " એવોજ ઘાટ થયો. તે આજની રાત કિલ્લામાંજ રહેવા માગતો હતો અને આ અણધાર્યા નિમંત્રણથી તેની આંતરિક ઇચ્છા પાર પડી. તેણે તરત એ આમંત્રણનો સ્વીકાર કર્યો.

એક પ્રજાસત્તાક રાજ્યના રાજકર્તાએ પોતાના શયનગૃહમાં સૂવાનું કબૂલ કરવાથી લફ્ટનંટ ઓર્મેસ્લી તો અત્યંત આનંદ પામ્યો. ત્યાર પછી જનરલ ઍાલિફન્ટને ઓરડામાં એકલો મૂકી તે ત્યાંથી ચાલ્યો ગયો. દુર્ગમાં આખી રાત્રિ રહેવાનો પ્રસંગ મળવાથી ઍાલિફન્ટનું મન પ્રફૂલ્લ થયું. ડયુક ઑાફ કવીન્સબરીનો વૈરભૂખ્યો સ્વભાવજ હમણાં તેના મનમાં રમી રહ્યો હતો અને વૈરના આવેશમાં પોતાના કટ્ટા દુશ્મનને તે કોઇ પણ પ્રકારના દગાથી મારી નાખે એ સમ્ભવિત હતું. " હોલીરૂડ હાઉસ "માં સ્કૉટલંડના રૉયલ કમિશનર સાથે વાત કરતી વખતે જો કે ઍાલિફન્ટ આર્મચૅર પર બેદરકારીથી બેઠો હોય એવો લાગતો હતો. પણ ખરૂં જોતાં તો તે લક્ષપૂર્વક ઉભય ઉમરાવોના હૃદયનું તારતમ્ય ખેંચી કહાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. માનવશાસ્ત્રનો તે નીપુણ અભ્યાસી હતો અને તેની પ્રતિભાને પ્રતાપે ભલભલાને દબાવી તેમનાં અંતરની વાત જાણી લેતો. તે સારી રીતે જાણતો હતો કે તેના આગમન પછી થોડા વખતમાં દરબારી કાસદ કેદીઓના મોતના વૉરંટો લઈ આવી પહોંચવાનો હતો અને જો ડયુક ઑાફ કવીન્સબરી પોતાના વેરીલા સ્વભાવાનુસાર પોતાના દુશ્મન પર વેર લેવા માટે એ વૉરંટોનો તુરતાતુરત અમલ કરી કેદીઓને ક્ષમાદાન બક્ષનારૂં હુકમનામુ તેને સજાનો અમલ કર્યા પછી મળ્યું હતું એમ જાહેર કરે તો તે બનવાજોગ હતું.

આવો દગો ન થાય તેની સંભાળ રાખવા તે એડિનબર્ગ કૅસલમાં રાત્રિ ગાળવા માગતો હતો. પ્રભુએ બે મનુષ્યોના પ્રાણનો તેને સંરક્ષક બનાવ્યો હતો અને એ પવિત્ર કર્તવ્ય તે સમ્પૂર્ણ રીતે બજાવી શકે તે માટે ઇશ્વરેજ ઑર્મસ્લીને તેને ત્યાં રાત્રિ ગાળવાનું નિમંત્રણ કરવાની પ્રેરણા કરી હતી.

દુઃખો સહન કરવાની અસાધારણ શક્તિ હોવા છતાં જનરલને આજે તે દિવાનખાનામાં ઘણી બેચેની સહન કરવી પડી. લંડનથી એડીનબર્ગ સૂધી જરા પણ વિશ્રાંતી લીધા વિના તે મારતે ઘોડે આવ્યો હતો તેથી મુસાફરીના થાકને લીધે તે જરા કંટાળ્યો હતો અને ડયુક ઑાફ ક્વીન્સબરી દગાથી પોતાના કેદીઓને મારી નાખે તેની ચિંતા તેના દિલમાં ઘોળાતી હોવાથી તે બેચેન થયો હતો. આમ હોવા છતાં તે નિદ્રાદેવીને આધિન થઈ આરામ લેવા માગતો ન્હોતો. તેના અંતરમાં કોઈ અગમ્ય શક્તિ તેને આખી રાત જાગ્રત રહેવાની જાણે પ્રેરણા કરતી હોય એમ તેને લાગ્યું. એક ટેબલ પર લૅમ્પ સળગતો હતો અને ખુરશીની પીઠને અઢેલી ઑાલિફન્ટ વિચારમાં લીન થઇ ગયો હતો. જો કોઇ પણ જાતનો દગો કરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો ફક્ત એક પલમાંજ તે દગાખોરની ધારણા ધૂળમાં મેળવી શકશે એવી તેના હૃદયમાં ખાત્રી હતી. તેની ઇચ્છાશક્તિ પ્રબલ હતી. તે જે ધારે તે કરી શકે એવી શકિતનેજ તેણે વિકસીત કરી હતી. તેનું માનસિક બલ એટલું બધું પ્રબલ હતું કે સામાન્ય વ્યકિત તો તેની સ્હામે ટકી શકતીજ નહિ. એ બલને પ્રતાપે તે શત્રુઓને મહાત કરતો—રણસંગ્રામો ગજાવતો અને હમ્મેશાં વિજયમાલા પહેરી ઘેર આવતો.

એક કલાક પસાર થઇ ગયો. એ અરસામાં આખા કિલ્લામાં સ્મશાન જેવી ઘોર શાન્તિ પથરાઈ ગઇ. પ્રહરીઓનાં પગલાંના અવાજથીજ એ શાન્તિનો ભંગ થતો. એક કલાક પસાર થઇ જવા પછી લૅમ્પમાં તેલ ખૂટવાથી જરાવાર ફડફડ થઇ તે ઓલવાઇ ગયો. ઑાલિફન્ટ જે ઓરડીમાં બેઠો હતો તેમાં ઘોર અંધકાર વ્યાપી ગયો. છતાં તે વીર યોદ્ધો ખુરશીપરજ બેસી રહ્યો. મુસાફરીના થાકને લીધે તેની આંખો મીંચાવા માગતી હતી પણ પોતાની માનસિક શકિતને લીધે તે નિદ્રાદેવીની સત્તાને તાબે થયા વિના જાગતો બેસી રહ્યો.

બીજો અરધો કલાક તો પસાર થયો નહિ હોય તેટલામાં

જનરલ ઑલિફન્ટને પ્રહરીઓના પગલાંના અવાજ કરતાં વિશેષ અવાજ થતો હોય એવું લાગ્યું. કોર્ટયાર્ડમાંથી આવતા અવાજપરથી જાણે કેટલાક માણસોની ટૂકડી ત્યાં આવી હોય એવું તેને લાગ્યું. અલ્પ સમયમાં તેની ખાત્રી થઈ ગઈ કે તેની કલ્પના ખરીજ હતી. આ કલ્પના તેણે ખુરશી પર બેઠા બેઠાજ કરી હતી. અંધારૂં એટલું બધું હતું કે બારી આગળથી પણ કંઇ જોઇ શકાય એમ નહતું.

ધીમે ધીમે અવાજ વધવા લાગ્યો. હવે હથિયારો ખડખડવાનો અવાજ પણ આવવા લાગ્યો. એક પછી એક સૈનિકો પોતાની જગ્યાએ વ્યવસ્થિત રીતે ઉભા રહેતા હોય એમ તેને અવાજપરથી લાગ્યું. છતાં હજુ એક શબ્દ પણ કોઇના મ્હોમાંથી સંભળાતો ન્હોતો. લશ્કરી કાયદા પ્રમાણે તદન ચુપચુપ કોટયાર્ડમાં કંઇક હીલચાલ થતી હતી. સૈનિકો કુચ કરવાનો અવાજ પણ હવે તેને કાને અથડાવા લાગ્યો. એટલામાં અચાનક લશ્કરી અમલદારનો એક હુકમ સંભળાયો.

" સ્હામે ઉભા રહો. "

તે વીર યોદ્ધાની ખાત્રી થઈ ગઈ કે લશ્કર એકઠું થતું હતું. પણ શા માટે ? શા માટે સેના ભેગી કરવામાં આવતી હતી?

હવે તે બ્હારી પાસે જઈ ઉભો રહ્યો. અચાનક તે બારીની સ્હામે મસાલોનો પ્રકાશ જણાયો. તે મશાલચી હમણાંજ મકાનના સ્હામેના ખૂણામાંથી આવ્યો હતો. ત્યાર પછી બીજા મશાલચીઓ આવ્યા. તેમના હાથમાંની મશાલોના પ્રકાશથી કોર્ટયાર્ડનું અંધારૂં ચીરાયું. મશાલનો પ્રકાશ સૈનિકોનાં ચળકતાં શસ્ત્રો પર પડવા લાગ્યો. તે સ્થલે લશ્કરી કુચ થતી હતી અને જનરલ ઑલિફન્ટની જગ્યાએ ભયંકર યુદ્ધભૂમિથી અપરિચિત કોઈ અન્ય માણસ હોત તો તે એ દેખાવ જોઇ કંઇક ભય પામત.

હજુ તે બારી આગળજ ઉભો રહ્યો હતો. તેને અનેક શંકાઓ થઇ. પણ જ્યાં સુધી પોતાની ખાત્રી ન થાય ત્યાં સુધી કંઇ પણ પગલું ન ભરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. રાત્રી એટલી બધી અંધકારમય હતી અને મશાલચીઓ છેટે છેટે ઉભેલા હતા એટલે કોર્ટયાર્ડમાંના સઘળા માણસોપર પ્રકાશ પડતો ન્હોતો. જે ટુકડી પસાર થતી હતી તે અંધકારને લીધે સ્પષ્ટ દેખાતી ન્હોતી. છતાં ઑલિફન્ટ એટલું જોઇ શકયો કે તે ટૂકડીમાં લશ્કરી પોષાકમાં સજ્જ થયલા

સૈનિકો હતા અને સૈનિકો ઉપરાંત કેટલાક સાદા પોશાકમાં સજ્જ થએલા દિવાની અમલદારો પણ હતા. ત્યારપછી જાણે બધા માણસોથી જૂદાજ વર્ગનો હોય તેમ એક માણસ ચાલતો આવતો હતો. મશાલનો પ્રકાશ તેના પર પડતાં જનરલે જોયું કે તેણે પોતાના મ્હોપર કાળો બુરખો નાંખ્યો હતો અને તેના ખભાપર તેણે ચકચકિત કુહાડી મૂકી હતી. તે ક્રૂર જલ્લાદ હતો.

સૈનિકોની બે હારની વચ્ચેથી પસાર થતાં સરઘસમાં હવે કોણ આવતા હતા ?

જનરલ ઑલિફન્ટે હવે બે વીર પુરૂષોને જોયા કે જેમના વદનપર અડગ હિમ્મત અને મૃત્યુ માટેની બેપરવાઈ છવાયાં હતાં. મૃત્યુ સમયે વીર પુરૂષોજ આવો દેખાવ રાખી શકે છે. એ બે પુરૂષોમાંનો એક ડયુક ઑફ આર્ગાઇલ હતો અને બીજો તેનો વીર સહાયક કર્નલ રમ્બોલ્ડ હતો.

સરઘસના અંતમાં ડયુક ઑફ કવીન્સબરી, અર્લ ઑફ પર્થ, એડીનબર્ગ કૅસલનો ગવર્નર અને તેમના અસંખ્ય નોકરો તથા હજુરિયાઓ હતા.

આ બધી ક્રિયાનો હેતુ જાણી જતાં જનરલને વાર લાગી નહિ. જનરલ તરતજ ઓરડામાંથી બહાર નીકળ્યો અને ઉતાવળે દાદર ઉતરી કોર્ટયાર્ડમાં આવી પહોંચ્યો. સૈનિકોની હાર પાછળથી અંધકારમાં કોઈની પણ નજરે પડયા વિના તે એક ખુલ્લી જગ્યાએ જઈ ઉભો રહ્યો. ત્યાં વધસ્થાન તૈયાર કરવામાં આવ્યું હતું અને મશાલચીઓ તે સ્થલની આજુબાજુ ગોળાકારમાં ગોઠવાઈ જતા હતા. એક પ્લૅટફૉર્મ પર ગુનેહગારોનું માથું મૂકવા માટે એક લાકડાનો કટકો મૂકવામાં આવ્યો હતો. પ્લૅટફૉર્મની નજીક કાળા બુરખાવાળો જલ્લાદ ઉભો હતો. તેના હાથમાં કાતિલ કુહાડી હતી. આર્ગાઇલ અને રમ્બોલ્ડ ત્યાં આવી પહોંચ્યા. તેમને વધસ્થાનપર લઈ જવામાં આવ્યા. ઉભયે એકબીજાને અંતીમ પ્રણામ કર્યા. અને ડયુક ઑફ આર્ગાઇલ અભિમાન તથા હિમ્મતથી પેલા લાકડાના કટકા તરફ ગયો. ઘુંટણીએ બેસી તેણે પોતાનું માથું તે પર મૂકયું. જલ્લાદ બન્ને હાથે કુહાડી પકડી તેનું માથું કાપી નાખવા માટે ઘા કરવાની અણી પર હતો એટલામાં એક પ્રચંડ અવાજ સંભળાયો.

" ખબરદાર !—"

જલ્લાદ આ પ્રચંડ અવાજથી ડર્યો. તે પોતાનું ખુની કામ કરી શક્યો નહિ. તેજ પલે એક ઉંચો, કદાવર અને ભવ્ય પુરૂષ મશાલચીઓને આગળ કરી વધસ્થાનપર આવી ઉભો.

તે વીર જનરલ ઑલિફન્ટ હતો !

પ્રકરણ ૪૪ મું.

મુક્તિ.

કારાગ્રહમાંથી વધસ્થાનપર આવતી વખતે આવો કોઈ આશ્ચર્યજનક બનાવ બનવા પામશે એવી ડયુક ઑફ આર્ગાઇલ અને કર્નલ રમ્બોલ્ડની ધારણા હતી. કારણકે જનરલ ઑલિફન્ટે બાદશાહી ક્ષમાદાન વિષે તેમને જે હકિકત કહી હતી તે અસત્ય હોય એવી લેશમાત્ર શંકા તેમને ન્હોતી. તેઓ જનરલને એક સત્યવક્તા વીર તરિકે પીછાનતા હતા અને તે કરશે તે યોગ્યજ કરશે એવી તેમને સમ્પૂર્ણ ખાત્રી હતી. તેણે તેમની કેદખાનામાં મુલાકાત લીધી હતી એ બાબત તદ્દન ગુપ્ત રાખવાની તેમને આજ્ઞા કરી હતી અને તે પ્રમાણે વર્તવાનું તેમણે વચન આપ્યું હતું એટલે ઑલિફન્ટ પર સમ્પૂર્ણ વિશ્વાસ રાખીને ઉભય કેદીઓ અંતિમ પલ સુધી મૌન રહ્યા હતા.

અમારે અત્રે જણાવવું જોઇએ કે હોમ સૅક્રેટરીએ ઉભય કેદીઓના મોતના વૉરંટો લઈ મોકલેલો કાસદ ગત પ્રકરણમાં જે બનાવ બન્યો તેની એક કલાક પૂર્વે એડિનબર્ગમાં આવી પહોંચ્યો હતો અને તે વૉરંટોને આધારે કેદીઓને મોતની સજા કરી પોતાની રાક્ષસી ઇચ્છા તૃપ્ત કરવાનો ડયુક ઑફ ક્વીન્સબરી તથા અર્લ ઑફ પર્થે ઇરાદો રાખ્યો હતો. કેવા સંજોગો વચ્ચે કેદીઓને ક્ષમા આપવાનું હુકમનામું જનરલના હાથમાં આવ્યું હશે તેનો વિચાર કરવાની પણ તેમણે તસ્દી લીધી નહિ. તેમના હાથમાં રાજાની સહી સાથના કાયદાસર વૉરંટો આવી પહોંચ્યાં હતાં તેને આધારે કેદીઓને મોતની સજા કરી નાખવી અને ક્ષમા આપનારી રાજાજ્ઞા પાછળથી આવી હતી અથવા તે વિશેષ વિશ્વાસપાત્ર ન્હોતી એવું ગમે તે બહાનું કહાડી પોતાના દુશ્મનનો જીવ લેવો એવો ડયુકે નિશ્ચય કર્યો. પણ જ્યારે

તેમણે આવો નિશ્ચય કર્યો ત્યારે કેદીઓનો વીર સંરક્ષક જનરલ ઑલિફન્ટ કિલ્લામાં જ હશે એવું તેમને સ્વપ્નું પણ આવી શકયું નહિ. તેમણે જનરલ સાથે જેવી વાત કરી હતી તે પરથી તે તેમનાથી છૂટો પડયા પછી કેદીઓને મળવા કેદખાનામાં ગયો હશે એવો વિચાર પણ તેમના મગજમાં આવ્યો નહિ. આવતી કાલે સ્હવારે નવ વાગેજ તે બાદશાહી હૂકમનામા સહિત તેમની પાસે આવશે-ત્યાં સુધી તે કેદીઓના જીવનની જરા પણ ચિન્તા કર્યા વિના નિરાંતે ઉંઘી રહેશે-એવી ઉભય ઉમરાવોની માન્યતા હતી.

ડયુક અર્લ તથા સેક્રેટરીઓ અને બીજા અમલદારો કે જેમની હાજરીની આ ભયંકર પ્રસંગે જરૂર હતી તેમને સાથે લઇ ત્વરિત કિલ્લામાં આવી પહોંચ્યો. કિલ્લાનો ગવર્નર હમણાંજ શહેરમાંથી પાછો ફર્યો હતો. તરતજ તેને રૉયલ કમીશનરે પોતાના આગમનનું કારણ જણાવ્યું અને નવા રાજાની સત્તા સ્હામે માથું ઉંચકનારા રાજદ્રોહીઓના કેવા ભયંકર હાલ થાય છે તે બતાવવા માટે તેણે સૈનિકોની ટૂકડીઓને પણ ત્યાં હાજર કરવાની આજ્ઞા કરી. ગવર્નરે પ્રથમ લેફ્ટનંટ ઑર્મસ્લીને બોલાવી તેને તેના માણસો સાથે પોતાના નિવાસસ્થાનના મુખ્ય પ્રવેશદ્વાર આગળ હાજર થવાની આજ્ઞા કરી. રૉયલ કમિશનરને માન આપવા માટે લેફ્ટનંટને આવી આજ્ઞા કરવામાં આવી હતી. આમ થવાને લીધે કિલ્લામાં શું થવાનું હતું તે વિષે જનરલ ઑલિફન્ટને ખબર આપવાનો પ્રસંગ ઑર્મસ્લીને મળ્યો નહિ. પોતાની ફરજ તજી એક પલ પણ ઉપર જવાની તે હિમ્મત કરી શકયો નહિ. વળી કેદીઓની મુલાકાત લેવા આવવાના જનરલના હેતુથી તે તદન અપરિચિત હતો. તે તો એમજ સ્હમજતો હતો કે પોતાના મિત્રોને મોતની સજા થાય એવો કટાકટીનો વખત હોવાથી તે તેમને છેલ્લીવાર મળવા આવ્યો હતો. તેના ગજવામાં કેદીઓને માફી આપનારૂં શાહી હુકમનામું છે તેની તેને ખબર ન્હોતી જ્યારે ઑર્મસ્લી પોતાના માણસોને કુચ કરાવતો કોર્ટયાર્ડમાંથી પસાર થઇ ગયો ત્યારે પોતાના ઓરડા તરફ નજર ફેંકતાં તેમાંની બત્તી બુઝાઇ ગયલી જણાવાથી તેનો જગપ્રસિદ્ધ મહેમાન નિદ્રાદેવીની ગોદમાં આરામ લેતો હતો એવી તેની ખાત્રી થઈ ગઇ.

જનરલ ઑલિફન્ટના અચાનક આગમન તથા તેનો ગમ્ભીર

સત્તાદર્શક સ્વર સાંભળી ત્યાં હાજર રહેલા સઘળા ભય તથા આશ્ચર્યની લાગણી અનુભવતા સ્થિર પૂતળાં વત્ ઉભા રહ્યા. ઑલિફન્ટની ભવ્ય કાન્તિ જોઈ કેવી વિચિત્ર અને અવર્ણનીય લાગણી પ્રેક્ષકો—કેદીઓ—જલ્લાદ—તથા સતાધિશોનાં હૃદયોમાં જન્મી હશે તેની કલ્પના વાંચનાર સહેલાઇથી કરી શકશે. આર્ગાઇલ અને કર્નલ રમ્બોલ્ડના હૃદયમાં જલ્લાદે પોતાનું કાતિલ શસ્ત્ર ઉગામ્યું ત્યાં સુધી જે આશા હતી તે પાર પડી. ઓર્મસ્લીને તેનાપર આફત આવે અથવા કેદખાનાના કાનૂનનો ભંગ કરવા માટે તેને દોષિત ઠરાવી સજા કરવામાં આવે એવો એક પણ શબ્દ જનરલ ઑલિફન્ટ બોલશે એવી શંકા પણ ઉત્પન્ન થઇ નહિ. તે વીર યોદ્ધાના ભવ્ય વદનપર મસાલોનો પ્રકાશ પડતાંજ ડયુક ઑફ કવીન્સબરી અને અર્લ ઑફ પર્થનાં હાંજા ગગડી ગયાં અને તેમનાં વદનપર આશ્ચર્ય, ભય તથા નિરાશાનાં કાળાં વાદળાં છવાઈ ગયાં. ત્યાં જેઓ હાજર હતા તેમાંથી ઘણા થોડા—માત્ર ત્રણચાર જણાજ જનરલને ઓળખતા હતા. સૈનિકોની ટૂકડીમાં તેનું નામ વીજળીક વેગે પ્રસરી ગયું. ઓર્મસ્લીએ તે વધ સ્થાનપર આવ્યો તેજ પળે તેના નામનો અચાનક ઉચ્ચાર કર્યો હતો. વળી પ્રવેશ દ્વાર પરના જે પ્રહરીઓને જનરલે દારૂ પીવા માટે પૈસા આપ્યા હતા તેઓ પણ અત્યારે તેને જોઇ તે વીર પુરૂષ કોણ હતો તેથી પોતાના સાથીઓને પરિચિત કરતા હતા. એક કાન પરથી બીજા કાનપર વાત જતાં જરાપણ વાર લાગી નહિ. વિદ્યુત્ વેગે સૈનિકોમાં તે વીર યોધ્ધો સુપ્રસિદ્ધ થઇ ગયો. જનરલને તેઓ નામથી તો પીછાનતાજ હતા. તે યુગનો તે એક અદ્વિતિય વીર હતો અને સ્કૉચ લોકો વીરતાના પ્રશંસક હોવાથી ઑલિફન્ટ માટે તેમના હૃદયમાં માન તથા પ્રશંસાની લાગણી પ્રથમથીજ જન્મેલી હતી. એ વીર—દિગ્વિજયી યોદ્ધાને પોતાની સ્હામે આવી ઉભેલો જોઈ બધા સૈનિકો તેના તરફ વ્હાલથી જોઈ રહ્યા. સૈનિકોના હૃદયમાં એક વીર સેનાની માટે સ્વાભાવિક રીતે અભિમાન તથા પ્રશંસાની ભાવના હોય છે. વળી મૅન ટાપુમાં વીર ઑલિફન્ટે જે પ્રશંસાપાત્ર વિજય મેળવ્યો હતો તથા રૉનાલ્ડ—ડયુક ઑફ એથલની તૂટી જતી સત્તાને તેણે પુનઃ સંસ્થાપિત કરી હતી એ બીનાએ જનરલને આખા સ્કૉટલંડમાં પ્રસિદ્ધ કરી મૂકયો હતો. તેની વીરતાના ઘેરેઘેર ગુણગાન ગવાતાં હતાં. તેનું નામ સર્વ પ્રિય થઇ પડ્યું હતું. હજુએ લાગણી

મંદ થઇ ન્હોતી. એડિનબર્ગ કૅસલના સૈનિકોના કાનમાં હજુ પણ એ કીર્તિગાથા ધ્વનિત થતી હતી. ઑલિફન્ટે મૅનદ્વીપ સિવાય અન્ય સ્થલે વિજય ન મેળવ્યો હોત તોપણ બહાદૂર કેલેડોનીયન સૈનિકો તેને કદી ભૂલી શકત નહિ; કારણકે તેઓ વીરત્વના પ્રશંસક હતા અને વીરપૂજા કેમ કરવી તે જાણુતા હતા. આવા બહાદૂર સેનાનીને પોતાની સમક્ષ જોઇ આનન્દ ગર્જના કર્યા સિવાય ગુપચુપ ઉભા રહેતા તેમને કંઠે પ્રાણ આવ્યો; પણ લશ્કરી કાયદાની ભયંકર ક્રૂરતાથી ડરી તેઓ જેમ તેમ મોન રહ્યા.

મસાલોનો પ્રકાશ સૈનિકોના વદનપર પડતાંજ કિલ્લાના અનુભવી ગવર્નરે જોયું કે એકેએક સૈનિક પ્રશંસાની લાગણીથી જનરલ તરફ ટગર ટગર જોઈ રહ્યો છે. તેમના હૃદયમાં શું વિચાર ઘોળાતો હતો તે ગવર્નર તરતજ સ્હમજી ગયો. અને જેમ બને તેમ સાવચેતીથી આજના બનાવનો અંત લાવવાની તેણે અર્લ ઑફ પર્થને તથા ડ્યુક ઑફ કવીન્સબરીને વિનંતી કરી.

" નામદાર ! જેમ બને તેમ ઉતાવળથી આનો અંત લાવો. જુઓ ! આપ નામદાર પોતે જોઈ શકશો કે મ્હારા માણુસોપર હું વિશ્વાસ રાખી શકું એવી સ્થિતિ નથી. જનરલ ઑલિફન્ટની વિરૂદ્ધ એકપણુ આજ્ઞા જો કરવામાં આવશે તો તે પળાશે કે કેમ તે શંકાસ્પદ છે. "

" ખરીવાત છે. ખરીવાત છે. " ડ્યુક ઑફ કવીન્સબરીએ કહ્યું. પોતાના દુશ્મનપર વેર વાળતી વખતે અચાનક ઑલિફન્ટ આવી પહોંચવાથી ડ્યુકના દીલમાં ભારે ધિક્કારની લાગણી ઉત્પન્ન થઇ હતી. તેનો દેખાવ લોહીના તરસ્યા શયતાન જેવો લાગતો હતો.

" ચાલો, આપણે જનરલ ઑલિફન્ટ સાથે આ વિષયપર વિચાર કરીએ." અર્લ ઑફ પર્થે ઉતાવળથી રોયલ કમીશનરના કાનમાં કહ્યું.

" હા. એ સિવાય બીજો કોઇ રસ્તો નથી. " ડ્યુક ઑફ કવીન્સબરી બોલ્યો. ત્યાર પછી તે વધસ્થાન તરફ જનરલ ઑલિફન્ટ પાસે ગયો. તે વીર યોદ્ધો એ કેદીઓના દૈવી સંરક્ષક જેવો ત્યાં સ્થિર ખડક જેવો ઉભો હતો. તેના તરફ જોઇ ડ્યુક બોલ્યો.

" આપણે આ બાબતનો કેવી રીતે અંત લાવવો તે પર વિચાર કરી શકીએ તે માટે આપ નામદાર અમારી સાથે ગવર્નરના દિવાનખાનામાં પધારવાની કૃપા કરશો ?—"

"હવે વિચાર કરવાનો બાકી રહ્યો નથી. આપ જાણો છો કે કઇ સત્તાને આધારે હું આ કેદીઓને મુક્ત કરવા માગું છું."

"હાજી. પણ સંજોગો બદલાયા છે અને આપ નામદાર—"

"તે પણ હું સ્હમજી શકું છું. આપ એમ કહેવા માગો છો કે કેદીઓને મૃત્યુની સજા કરનારાં બાદશાહી વૉરંટો આવી પહોંચ્યાં છે. પરંતુ જે કાસદ તે લઇ આવ્યો હોય તેને કસમ આપીને પૂછો કે બ્રિટિશ પાટનગરમાં તે વૉરંટો તેના હાથમાં ક્યારે મૂકવામાં આવ્યાં હતાં? અને ત્યાર પછી હું તમારી ખાત્રી કરી આપીશ કે એ મોતના વૉરંટો નીકળ્યા પછીજ મને કેદીઓને ક્ષમા આપનારૂં શાહી હુકમનામું આપવામાં આવ્યું હતું કે જે મ્હેં આપને અત્યાર પહેલાં બતાવ્યું હતું—"

કેવી રીતે કામ કરવું તે થોડીક પલોસુધી ડયુક ઑફ કવીન્સ. બરીને સુઝયું નહિ. થોડીકવાર પછી તે જનરલ પાસે જઇ ધીમા સ્વરે બોલ્યો.

"હું આપ નામદારની ઇચ્છાને માન આપીશ. પણ અમુક ગમ્ભીર કારણોને લીધે અમુક રીતેજ આ ક્રિયાનો અંત આવવો જોઇએ—"

"આપ મ્હારી ઇચ્છાનુસાર વર્તશો? એટલે આપ હું જે હુકમનામું લાવ્યોછું તેમાંની આજ્ઞાનો અમલ કરશો. મ્હારે એટલુંજ જોઇએ છે. જો આપ એટલું કરવા તૈયાર હો તો પછી હું આપની સાથે અનુદાર થવા માગતો નથી. ચાલો, તમારી સાથે મંત્રણા કરવા હું તમારી સાથે આવવાને તૈયાર છું—"

ડયુક ઑફ કવીન્સબરી કેદખાનાના ગવર્નરને આવશ્યક આજ્ઞાઓ કરવા તેની પાસે ગયો. જનરલ ઑલિફન્ટે તે સમયે કેદીઓ તરફ જોઈ કહ્યું.

"નિર્ભય રહો. તમારો વાંકો વાળ પણ કોઈ કરી શકવાનું નથી. જે સમય જાય છે તેમાં તમે તદ્દન સ્વતંત્ર થઇ જશો."

કેદીઓએ કૃતજ્ઞ આંખોએ તેના તરફ જોયું; પણ તે જોવા તે ઉભો રહ્યો નહિ. જનરલ જ્યાં ડયુક ઑફ કવીન્સબરી, અર્લ ઑફ પર્થ, એડિનબર્ગ કૅસલનો ગવર્નર તથા અન્ય સત્તાશીલ અમલદારો વાત કરતા હતા ત્યાં ગયો. સૈનિકોની બે હારો વચ્ચેથી જ્યારે તે વીર યોદ્ધા પસાર થઇ ગયો ત્યારે વીર લડવૈયાઓ તેના તરફ અસા-

ધારણ હર્ષથી જોઇ રહ્યા. તેમનાં હૃદયો આનન્દથી ધડકતાં હતાં—તેમની આંખો જનરલ તરફ માન અને પ્રસંશાની ભાવના વ્યક્ત કરતી હતી—છતાં તેઓ તે વીર માટે હર્ષધ્વનિ કરી શકતા ન્હોતા.

હવે લશ્કરને પુનઃ બરાકમાં લઇ જવાનો ગવર્નરે પોતાના સહાયકોને હુકમ કર્યો—જલ્લાદ પોતાની લોહીની તરસી કુહાડીને નિર્દોષ કેદીઓના રક્ત પાયા વિના અંધકારમાં ગૂમ થઇ ગયો—મસાલચીઓ પોતાના સ્થાને ચાલતા થયા—ગવર્નર રાજ્યના અમલદારો તથા ઑલિફન્ટાના પ્રેસીડંટને પોતાના ખાનગી દિવાનખાનામાં લઇ ગયો. જે સ્થલ થોડીક મિનિટ પહેલા અસંખ્ય સૈનિકોથી ભરેલું હતું ત્યાં હવે એક પણ જીવંત વ્યક્તિ રહી નહિ. જ્યાં મસાલોનો પ્રકાશ સૈનિકોના શસ્ત્રોમાં પ્રતિબિમ્બિત થતો હતો ત્યાં ઘોર—ગંભીર અંધકાર છવાયો. કેદીઓને ઓર્મસ્લીના કબજામાં સોંપવામાં આવ્યા; પણ તેમને પુનઃ કેદખાનાની કોટડીઓમાં લઇ જવામાં આવ્યા નહિ.

ગવર્નરના નિવાસસ્થાનમાંના એક દિવાનખાનામાં હવે ડ્યુક ઑાફ ક્વીન્સબરી, જનરલ ઑલિફન્ટ, ડ્યુક ઑાફ પર્થ અને ગવર્નર ભેગા થઈ વિચાર કરવા બેઠા. આર્ગાઇલ પર વેર વાળવાની ઇચ્છા રાખવામાં હવે પોતાનું કંઇ વળવાનું નથી એવી ડ્યુક ઑાફ ક્વીન્સબરીની ખાત્રી થઇ ગઈ હતી. તેને મોતની સજા કરવામાં આવે તે અશક્ય હતું. હવે તેને એક બીજાજ અગત્યના મુદ્દાપર વિચાર કરવાનો હતો અને એ મુદ્દો શું હતો તે વાંચનાર હમણાંજ તેના ભાષણ પરથી જાણી શકશે.

આ સ્થળે એટલું કહેવાની આવશ્યકતા છે કે રોયલ કમીશનર ડ્યુક ઑાફ ક્વીન્સબરી જો તેની હિમ્મત ચાલી હોત તો જનરલ ઑલિફન્ટને કેદ કરવાની આજ્ઞા કરીને પણ કેદીઓને કતલ કરવાનો જલ્લાદને હુકમ કરતઃ પણ જો જનરલ વિરૂદ્ધ એક પણ આજ્ઞા કરવામાં આવશે તો તેનો અનાદર કરી સૈનિકો સરકારી અમલદારો સ્હામે બળવો જગાવશે એવી પરિસ્થિતિ હોવાની ગવર્નરે આગળથી જ ડ્યુકને ખબર આપી દીધી હતી એટલે તેને એ વિષયમાં મૌન ધારણ કરવાની લાચારીથી ફરજ પડી હતી. જનરલ ઑલિફન્ટ જેવા વીર સેનાનીના સેનાપતિપદ નીચે યુદ્ધભૂમિમાં ઉતરી વિજય પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પોતાને પ્રાપ્ત થાય એવી દરેક સૈનિકની ઇચ્છા હતી.

આવા સૈનિકો વીર ઍાલિફન્ટ સ્હામે હાથ ઉંચકી શકે એ કેવળ અશક્ય હતું અને કિલ્લાના ગવર્નરની વૃદ્ધ આંખો તે જોઈ શકી હતી. આટલા કારણથીજ ડયુક ઑફ ક્વીન્સબરીએ કેદીઓના પ્રાણ લેવાનો ભયંકર વિચાર તજી દીધો હતો અને હવે તે બીજી રીતે કામ લેવા માગતો હતો.

"મ્હેં આપ નામદારને ઉભય રાજદ્રોહીઓના પ્રાણ બચાવવાનું વચન આપ્યું છે—" ડયુક જનરલને સંબોધી બોલ્યો.

"આપ નામદાર એક સ્વતંત્ર રાજ્યના રાજ્યકર્તા છો એટલે જો આવા રાજદ્રોહી ગુનેહગારોને સજા કર્યા વિના ક્ષમા આપવામાં આવે તો તેની સામાન્ય પ્રજા પર કેવી ખરાબ અસર થાય તે આપ સારી રીતે સ્હમજી શકશો. ડયુક ઑફ મોનમાઉથ ઈંગ્લંડમાં પોતાની બળવાખોર સેના સહિત ધસી આવવાનો છે એવો ભય રાખવામાં આવે છે અને સ્કોટલેંડના રાજ્યદ્રોહીઓને સમ્પૂર્ણ ક્ષમા આપવામાં આવી છે એવાત જો સર્વત્ર પ્રસરી જાય તો ઈંગ્લંડની અસંતોષી પ્રજામાં એવી ભયંકર અસર થશે કે જેથી મોનમાઉથ બ્રિટિશ કિનારાપર પગ મૂકતાં વારજ લાખો માણસો તેના વાવટા નીચે જઈ રાજ્ય સ્હામે લડવા તૈયાર થઈ જશે. વળી એક બીજી વાત પણ આપ નામદારને જણાવવા માગું છું. મહારાજા જેમ્સ આ બે રાજદ્રોહીઓનો દેહાંત જોવા ઇચ્છે છે તે વિષે તો મને જરા પણ શંકા નથી; પણ એજ સમયે આપ નામદાર જે હુકમનામું લાવ્યા છો તે સત્ય છે તે વિષે મને જરાપણ શંકા નથી એમ મ્હારે જણાવવું જોઇએ; છતાં એ શાહી હુકમ શી રીતે બહાર પડ્યો હશે તે હું સમજી શકતો નથી. જનરલ ઍાલિફન્ટ! હું આપને કોઈપણ રીતે અપમાન કરવા માગતો નથી; પણ હું જે કહેવા માગું છું તે એ છે કે મહારાજા જેમ્સ કેદીઓને ક્ષમા આપનાર હુકમનામા કરતાં તેમના મોતના વૉરંટોનોજ જો અમલ કરવામાં આવશે તો વધુ આનંદ પામશે એવી મ્હારી ખાત્રી છે."

"હું એ વાત માન્ય કરૂં છું; હાલના સંજોગોમાં આપ જે કહો છો તે સત્ય છે એ હું કબુલ કરૂં છું." જનરલ બોલ્યો.

"અને આપ નામદાર મ્હને વિશેષમાં એટલું કહેવાની રજા આપશો કે આપ આપના રાજ્યમાં સમ્પૂર્ણ સત્તા ભોગવો છો છતાં આપની આણ આ દેશમાં વર્તતી નથી. આવી પરિસ્થિતિમાં

જો હું—અહિંનો રૉયલ કમીશનર આપના પ્રભાવથી દબાઈ, કેદીઓને શિક્ષા કરવામાં મ્હારી સત્તા તથા શક્તિનો ઉપયોગ કરી શકયો નથી એવી જો સ્કૅાટલંડની પ્રજામાં ચર્ચા થાય તો તેના કરતાં બહેતર છે કે મ્હારે મ્હારી પદવીનો ત્યાગ કરી દેવો. આ શબ્દોથી હું આપ નામદારને કિંચિત પણ અપમાન કરવા માગું છું એમ સ્હમજશો નહિ. હું આપને ખરી સ્થિતિનો ખ્યાલ કરાવું છું. મ્હારી પદવીની "પ્રતિષ્ઠા" જો હું કેદીઓને સજા નહિ કરૂં તો નષ્ટ થઇ જશે અને સ્કૅાટલંડના વાઇસિરોય તરિકે મને માન આપવાને બદલે લોકો મ્હારી મશ્કરી કરતાં શીખશે—"

"આ બધી વાતની સત્યતા હું સ્વીકારૂં છું; પણ આ લાંબી પ્રસ્તાવના પછી આપ કહેવા શું માગોછો તે હું જાણવા માગું છું." જનરલ ઑલિફન્ટ બોલ્યો.

"આપ નામદાર જે હુકમનામું લાવ્યા છો તેમાં કેદીઓ મુક્ત થયા પછી તરતજ ચીરકાલને માટે આ દેશનો ત્યાગ કરી જાય એવીજ સરતે કેદીઓને માફી બક્ષવામાં આવી છે—" ડયુક ઑાફ કવીન્સબરીએ ખુલાસો કરવા માંડયો.

"હવે આપ નામદાર એ બન્ને કેદીઓના પ્રાણ બચાવી તેમનું સંરક્ષણ કરવા માગો છો; તો કૃપા કરી તેમને અહિંથી મુક્ત કરી તરતજ આપ આપના રાજ્યમાં લઈ જાઓ કે જ્યાં તેઓ બીજાં નામે પોતાનાં જીવનનો શેષ ભાગ આનંદમાં પસાર કરે—"

"મને એવી ખાત્રી આપવા સ્હામે જરાપણ વાંધો નથી." જનરલે કહ્યું.

"કારણકે તમે કહો છો એવીજ મ્હારી પણ ઇચ્છા છે. હું તેમને મ્હારી સાથે લઇ જવાની પ્રથમથીજ ધારણા રાખતો હતો."

અમારે આ સ્થલે વાંચનારને જણાવવું જોઇએ કે રાજદ્રોહ માટે ક્ષમા મળ્યા પછી હમ્મેશને માટે બ્રિટિશ હદ છોડી જવાની સરત ઑલિફન્ટે જાણી જોઇને શાહી હુકમનામામાં ઉમેરી હતી કે જેથી કર્નલ રમ્બોલ્ડ ભવિષ્યમાં તે પુનઃ બ્રિટિશ રાજ્યમાં કોઇ ક્રાન્તિકારક પ્રયાસ કરી પોતાનું જીવન ભયમાં ન નાખે તે માટે તેને પોતાની સાથે પોતાના રાજ્યમાં આવવાનો, બાદશાહી હુકમને આધારે આગ્રહ કરી શકે. ડયુક ઑાફ આર્ગાઇલને પણ પોતાના રાજ્યમાં લઇ જવાની જનરલની ધારણા હતી કારણકે રાજા જેમ્સે તે વીર યોદ્ધા પર

સમ્પૂર્ણ વિશ્વાસ રાખી પોતાની સહી સાથનું બાદશાહી હુકમનામું તેને સ્વાધીન કર્યું હતું તેના બદલામાં તેને આર્ગાઇલ જેવા ક્રાંતિકારક ઉમરાવથી સુરક્ષિત કરવાની પોતાની ફરજ હતી એમ તે માનતો હતો તથા વર્ત્તમાન સંયોગોમાં સ્વરાજ્યવાદીઓને વિજય મળવાનો સમ્ભવ નહિ હોવાથી ડયુક કદાચ પુનઃ ફાંસીને માંચડે લટકવા જેવી સ્થિતિ ઉત્પન્ન કરે તો તે સમ્ભવિત હોવાથી એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાનો તેને પ્રસંગજ ન મળે એવું જોવાની જનરલની ખાસ ઇચ્છા હતી.

“ આપ નામદાર એ સરત માન્ય કરો છો એટલે મ્હારે હવે એકજ વિનંતી આપને કરવાની બાકી રહી છે—” ડયુક ઑફ ક્વીન્સબરી બોલ્યો.

“ મ્હારી બીજી વિનંતી પહેલીના કરતાં વિશેષ અગત્યની છે અને તે માટેજ મ્હેં પ્રથમ લંબાણ વિવેચન કરી મ્હારા વિચારો આપને સ્પષ્ટ જણાવ્યા હતા. જનરલ ઑલિફન્ટ ! ડયુક ઑફ આર્ગાઇલ તથા તેના સાથીને તદ્દન છૂપાવેશમાં અહિંથી ગુપચુપ લઇને ચાલ્યા જાઓ એવી મ્હારી વિનંતી છે. અહિંથી આપનામદાર તેમને સીધા લીથ લઇ જાઓ અને ત્યાંથી એક વહાણમાં બેસાડી તુરતા તુરત તેમને ફ્રાન્સ મોકલી દો. ત્યાર પછી હું તેમને માટે મહારાજાને તથા જાહેર પ્રજાને મને યોગ્ય લાગશે તેવી ખબર આપીશ. તેમાં આપે કોઈપણ રીતે વચ્ચે પડવું નહિ. ”

ઑલિફન્ટે એકાદ પલ વિચાર કર્યો. ડયુકના પ્રસ્તાવ પરથી તે આવી માગણી કરશે એમ તે સ્હમજી ગયો હતો. રાજા જેમ્સની સત્તાપર તેણે પોતાની સત્તા ચલાવી કર્નલ રમ્બોલ્ડ તથા ડયુક ઑફ આર્ગાઇલની જીંદગી બચાવી હતી એમ તેને લાગ્યું. હજુ જેમ્સ પોતે પણ જાણતો ન્હોતો કે તેની સહીવાળા હુકમનામાનો કેવો ઉપયોગ થતો હતો ! તેના ભયંકર દુશ્મનોને માફી આપવામાં તેના હુકમનામાનો ઉપયોગ થયો હશે એવું તેને સ્વપ્ન પણ ન્હોતું. આવી સ્થિતિમાં જેમ્સ તથા તેના વાઇસરોયની સત્તાને માન આપી ચાલવાનું પોતાનું કર્ત્તવ્ય છે એમ તે વીર યોદ્ધાને લાગ્યું. વળી આર્ગાઇલ તથા રમ્બોલ્ડને જો કોઇ દુષ્ટ કૃત્ય માટે મોતની સજા કરવામાં આવી છે એવું જાહેર થવાનું હોત તો તે તેમનાં નામોને કલંકિત થવા દેત નહિ; પણ વસ્તુસ્થિતિ તેવી ન્હોતી. પોતાના દેશ-

બન્ધુઓને રાજાના એકતંત્રી શાસનમાંથી મુક્ત કરી સ્વતંત્રતાનો લ્હાવો ચખાડવાનો પ્રયત્ન કરવા માટે તે બન્ને વીરોને સરકારપક્ષે દોષિત ઠરાવ્યા હતા અને તેમને મૃત્યુની સજા કરવામાં આવી છે એવું જાહેર થતાંજ તે દેશાભિમાની વીરલાઓ માટે લાખો સ્વરાજ્ય વાદીઓ આંસુ ઢાળી તેમના નામની જીવન પર્યંત માલા જપ્યા કરે એવી તે સમયની સ્થિતિ હતી. આથી દુનિયામાં જીવતા હોવા છતાં મૃત મનાઈ, જૂદાં નામે ઉભય સ્વાતંત્ર્યવાદીઓ પોતાના દેશાભિમાની પ્રયાસના ગુણગાન બીજા દેશમાં સાંભળશે તો તેથી તેમના હૃદયો ને આનંદ થશે—તથા જીવતા હોવા છતાં મૃત જાહેર થવાથી તેમને જે દુઃખ થાય તેનો બદલો મળી રહેશે એમ તે માનતો હતો. ટુંકામાં ઉભય કેદીઓના પ્રાણ બચાવી, તેમનાં નામ ઇતિહાસમાં સ્વાતંત્ર્યવાદી વીરલાઓ તરિકે સુવર્ણાંકિત કરવાની ઑલિફન્ટની ઇચ્છા હતી.

આ બધા વિચારો એક પલકમાં તેના મગજમાંથી પસાર થઈ ગયા. તેણે ડ્યુકને તે પ્રમાણે વર્તવાનું વચન આપ્યું; અને ત્યાર પછી તરતજ ડ્યુક ઑફ આર્ગાઇલ અને કર્નલ રમ્બોલ્ડનો વીર સંરક્ષક રાત્રીના ઘોર અંધકારમાં તેમને એડિનબર્ગ કૅસલમાંથી મુક્ત કરી પોતાની સાથે લઇ ગયો. સત્તાવાળાઓ સિવાય આ વાતની કોઇને પણ ખબર પડી નહિ.

પ્રકરણ ૪૫ મું.

ઉપસંહાર

અમારી નવલકથાની રંગભૂમિપર અમે છેલ્લો પરદો નાંખીએ તે પહેલાં જે પાત્રોએ તે પર મુખ્ય ભાગ ભજવ્યો છે તેમને વિષે થોડોક ખુલાસો કરવાની અમને આવશ્યકતા જણાય છે.

પ્રથમ અમે રાઇહાઉસના દેશાભિમાની રાજદ્રોહીઓના નીચ વિશ્વાસઘાતક કર્નલ રમ્ઝે વિષે બે બોલ બોલીશું; કે જેની વિશ્વાસઘાતકતા તથા દુષ્ટતાને લીધેજ રાઉહાઉસના પ્રપંચીઓની ખૂની ધારણા હતી એવી તદ્દન અસત્ય બીના જાહેરમાં મૂકાઈ હતી અને દરેક ઇતિહાસકારે પણ એ અસત્ય બીનાને સત્ય માની એ રાજદ્રોહી ષડ્યંત્રને જેમ બને તેમ વિશેષ કાળું સ્વરૂપ આપ્યું હતું. વસ્તુતઃ એ પુરાતન દુર્ગમાં ભેગા મળેલા ષડ્યંત્રકારોની ધારણા રાજાને તથા

તેના ભાવી વારસ ડયુક ઑફ યૉર્કને કેદ કરી પ્રજાને લાભ થાય એવો દસ્તાવેજ કરાવી લઇ, રાજાની આપખુદીના કાતિલ ઝેરની અસરથી પીડાતી ઈંગ્લંડની પ્રજાને સુખી કરવાનીજ હતી. પરંતુ દૈવ તેમનાથી પ્રતિકૂલ થયું—રમ્ઝે વિશ્વાસઘાત નીવડયો અને તેની સાથે બીજા બે ચાર દુષ્ટાત્માઓએ પણ પોતાની નીચતા બતાવી, પોતાના સ્વાર્થ માટે, પોતાના નિરૂપયોગી–પાપી જીવનના સંરક્ષણ માટે વીર–ધીર–દેશાભિમાની વીરલાઓના અમૂલ્ય જીવનોનો વધસ્થાનપર નાશ કરાવ્યો.

મી. લીયોંને ડયુક ઑફ યૉર્કની સહીવાળો જે દસ્તાવેજ કર્નલ રમ્ઝેએ સ્વાધિન કર્યો હતો તે પાછો મેળવવામાં નિરાશા મળવાથી તેને અસાધારણ દુઃખ થયું. તે અત્યંત કંગાળ હાલતમાં આવી પડયો–કેટલોક વખત સુધી હલકામાં હલકા પીઠામાં જવાની તેને ફરજ પડી–કૂતરાની પેઠે આમથી તેમ તેને ભટકવું પડયું. રાજ-પક્ષ તેના પર વિશ્વાસ મૂકતો નહિ અને સ્વરાજ્યવાદીઓ તો તેને અંતઃકરણથી ધિક્કારતા એટલે તે વિશ્વાસઘાતીને આરામ લેવાનું એક પણ ઠેકાણું રહ્યું નહિ. ડયુક ઑફ યૉર્કને તેણે અનેક વિનંતી પત્ર લખ્યાઃ પણ ડયુકે મૌન ધારણ કરી તેના પ્રત્યેનો પોતાનો ધિક્કાર વ્યક્ત કર્યોઃ જ્યારે ડયુકના હાથમાં રાજ્યની લગામ આવી ત્યારે રમ્ઝેએ તેની પાસેથી થોડાક પૈસા અથવા રાજ્યમાં એકાદ નોકરી મેળવવાનો એક વધુ પ્રયાસ કર્યો પણ જેમ્સે તેની વિનંતીઓ પર બિલકૂલ લક્ષ આપ્યું નહિ. આ અરસામાં તેને ખબર મળી કે ડયુક ઑફ આર્ગાઇલ અને મોનમાઉથ હોલાંડમાં છે અને તેઓ ત્યાંથી બ્રિટિશ કિનારા પર આવી જેમ્સ સામે માથું ઉંચકવા માગે છે એટલે તે સીધો હોલાંડ જવા ઉપડયોઃ મુસાફરીના ખર્ચ માટે પણ તેની પાસે પૈસા ન્હોતા છતાં મહા મુશ્કેલીએ તે હોલાંડ જઇ પહોંચ્યો. કર્નલ રમ્બોલ્ડે તેની વિશ્વાસઘાતકતા વિષે ડયુક ઑફ આર્ગાઇલને ગુપ્ત રીતે ચેતાવી દીધેલો હોવાથી આર્ગાઇલે રમ્ઝેને પોતાની પાસે રાખ્યો નહિઃ પણ મોનમાઉથ દીર્ઘદર્શી નહિ હોવાથી રમ્ઝેના કસમો સાંભળી પીગળ્યો. રમ્ઝેએ પોતાના ભૂત વર્તન માટે અત્યંત પશ્ચાતાપ વ્યકત કર્યો–રાજા જેમ્સને અત્યંત ગાળો દીધી તથા તેની રાજ્યનીતિ વિરૂદ્ધ પ્રબલ પોકાર કર્યોઃ મોનમાઉથ પોતાના કાકાને અંતઃકરણથી ધિક્કા-

રતો હતો એટલે તેના પર રમ્ઝેના દામ્ભિક શબ્દોની અસર થઈ; અને તેણે તેને જે લશ્કર તે છૂપી રીતે ઈંગ્લંડ પર ચઢાઇ લઇ જવા માટે ભેગું કરતો હતો તેનો સેનાની બનાવ્યો. અન્તે ડ્યુકે ઈંગ્લંડ પર હૂમલો કર્યો અને ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે બીજ વૉટરની નજીક સેજમુરની લડાઇમાં ડ્યુક ઑફ મોનમાઉથની સેનાનો ભયંકર પરાજય થયો. રમ્ઝેએ આ યુદ્ધમાં સંતોષકારક કામ કર્યું હતું એમ કહેવું જોઇએ: ડ્યુકની અયોગ્યતા તથા લૉર્ડ ગ્રેની ભીરૂતાથી એ યુદ્ધમાં ડ્યુકની સેના પરાજિત થઇ હતી. લૉર્ડ ગ્રે રાઇહાઉસના રાજદ્રોહીઓને પકડવાના વારંટો નીકળતાં કૉન્સ્ટેબલના હાથમાંથી ન્હાસી ગયો હતો એ વાતની વાંચનારને અત્રે સ્મૃતિ કરાવવાની જરૂર છે કારણ કે તે પરથી તેનું હીચકારાપણું સ્પષ્ટ જણાઈ આવતું હતું. જ્યારે લડાઇ પૂરી થઇ ત્યારે રમ્ઝે પાછો ફર્યો; અને પુનઃ તે ન્યાયમંદિરમાં હાજર થયોઃ પણ વાંચનાર! એક કેદી તરિકે તે ન્યાય મંદિરમાં આવ્યો હતો એમ તું માને છે? નહિ. તેના નીચ સ્વભાવ પ્રમાણે આ વખતે પણ તે તાજનો સાક્ષી બન્યો હતો અને તેની સાથે રાઇહાઉસનો તેનો બીજો સાથી ગુડીનો હતો તે પણ સરકાર પક્ષને શરણે ગયો હતો. આ બે દુષ્ટાત્માઓએ રાજદ્રોહના આરોપ માટે કેદ પકડાયલા શેરીફ્ કોરનીશ સ્હામે ખોટી જુબાની આપીઃ એ બે બદમાસોની જુબાની સિવાય કોરનીશ સ્હામે તેને દોષિત પુરવાર કરે એવો બીજો કોઈ પણ પુરાવો ન્હોતો. તે નિર્દોષ પુરૂષને આ બદમાસોની જુબાનીના આધારે ગુનેહગાર ઠરાવી દેહાંત દંડની સજા કરવામાં આવી અને તેની મીલકત જપ્ત કરવામાં આવી. અલ્પ સમયમાં તે સમ્પૂર્ણ નિર્દોષ હતો એવી વિશ્વાસપાત્ર ખબર મળી અને એક બાદશાહી ઢંઢેરા મારફતે તેને નિર્દોષ જાહેર કરી તેની મીલકત તેના કુટુંબને પાછી સ્વાધિન કરવામાં આવી. ત્યાર પછી ગુડીનો તથા રમ્ઝેનો કોઇને પત્તો મળ્યો નહિ. પણ એમ ધારવામાં આવે છે કે પરદેશમાં કોઇ સ્થળે અત્યંત કંગાલ હાલતમાં કૂતરાંને મોતે તેઓ મરણ પામેલા હોવા જોઇએ. ડ્યુક ઑફ મોનમાઉથે પોતાના નિર્દય–દયાહીન કાકા જેમ્સની દયા યાચી–ક્ષમા માગીઃ પણ તેમાં તેને નિરાશા મળી. છત્રીસ વર્ષની યુવાન વયે જલ્લાદની કુહાડીએ તેના શરીરનો નાશ કર્યો.

જુલીઆ—કાઉન્ટેસ ઑફ આર્ડને વિધવાજીવનમાં પોતાની યુવાનીના પાપનો પૂરતો પશ્ચાતાપ કર્યો. તે એકાંતવાસમાં દાન ધર્મ-માંજ જીવન ગાળવા લાગી; અને જ્યારે આ જગતનો ત્યાગ કર-વાનો સમય આવ્યો ત્યારે તે શાન્તિથી પ્રભુના દરબારમાં ગઇ: પશ્ચાતાપથી તેનું હૃદય નિર્મલ થયું હતું અને પ્રભુએ તેને માફી આપી હતી.

સ્કૉટલંડમાં જનરલ ઑલિફન્ટે કર્નલ રમ્બોલ્ડ તથા ડ્યુક ઑફ આર્ગાઇલને મુક્ત કર્યા તે પછી થોડાક સમય પછી લૉર્ડ બ્રાન્ડન મરણ પામ્યો; અને જો કે તેણે પોતાના વીલમાં સર લૉરેન્સ લીને પોતાની મીલકત તથા ખિતાબનો વારસ ઠરાવ્યો હતો છતાં અમારી નવલકથાના નાયકે કેટલાંક કારણોસર ઉમરાવ પદનો સ્વીકાર કરવાની ના પાડી: લૉર્ડ બ્રાન્ડનના દ્રવ્યનો તેણે સ્વીકાર કર્યો—સ્થાવર મીલકત તેણે વેચી નાખી—નીધર હૉલ વેચાઇ જવાથી બીજાઓના હાથમાં ગયો. લેડી બ્રાન્ડ—નીધરહૉલના ભયંકર કેદ ખાનામાંથી મુક્ત થયા પછી એક મઠમાં એકાંત જીવન ગાળતી હતી તે પોતાના પતિના મરણની ત્રણ ચાર મહિના પૂર્વે આ દુનિ-યાનો ત્યાગ કરી ગઇ હતી.

બાર્બરા વીલીઅર્સ—ડચેસ ઑફ ક્લીવલૅન્ડે પુનઃ કદિ પણ ઇંગ્લંડના દરબારમાં સત્તા મેળવી નહિ. તેનો પતિ જે એક નીચ સ્વાર્થી હીચકારો હતો તેણે દ્રવ્ય અને ચાંદના લોભે રાજી ખુશીથી પોતાની પત્નિની પવિત્રતા લૂંટાવી હતી. તે ચાર્લ્સના મરણ પછી થોડાંક વર્ષ જીવી મરણ પામ્યો; અને ડચેસે બ્યુ ફીલ્ડીંગ નામના એક નામચીન બદમાસ સાથે પુનર્લગ્ન કર્યાં. બાર્બરાનાં બીજાં લગ્નમાં તેને લેશ માત્ર સુખ મળ્યું નહિ. ઉલટું તેના ભૂત જીવનમાં તેણે જે જે નીચ કૃત્યો કર્યાં હતાં તેની હવે તેને સજા થવા લાગી. તેનો બીજો પતિ દારૂડિયો—જુગારી તથા ઉડાઉ હતો. તેના દિલમાં બાર્બરા માટે જરા પણ લાગણી ન્હોતી. તેણે તે અભિમાની સ્રીને અનેક રીતે દુઃખી કરી. હમ્મેશાં તે તેને ગાળો દેતો—તેનું અપમાન કરતો અને કોઇ કોઇ વાર એક વેળાની ઇંગ્લંડના મુકૂટધરની વિલાસ દાસીને સોટીનો સ્વાદ પણ ચખાડતો. અંતે તેની ક્રૂરતા એટલી બધી વધી પડી કે ડચેસને સત્તાવાળાઓને શરણે જવાની ફરજ પડી. પાછળથી બ્યુ ફીલ્ડીંગની એક પત્નિ જીવતી હોવાની

ભયંકર ખબર મળી એટલે તેની સામે કેસ ચાલ્યો અને ડચેસ ઑફ ક્લીવલૅન્ડ તેના પંઝામાંથી મુક્ત થઇ. ત્યાર પછી તે ચીઝ-વીકમાંના પોતાના બંગલામાં જઇ રહી. ફીલ્ડીંગે તેને જે દુઃખો વેઠાવ્યાં હતાં તેની અસરથી તે સખત માંદી પડી. આ માંદગીના બીછાના પરથી તે પાછી ઉઠી નહિ. ઇ.સ. ૧૭૦૯ માં ચાર્લ્સ બીજાની વિલાસદાસી મરણ પામી. બાર્બેરાએ ડયુક ઑફ ગ્રેફ્ટનની જાગીરની સ્થાપના કરી હતી અને હજુ સુધી ગ્રેફ્ટન કુટુંબને સર-કાર તરફથી વર્ષાસન મળે છે. ચાર્લ્સ બીજાની તે એક વેળા પ્રિય-તમા હતી એટલા માટેજ તેના વારસોને એક્સાઇઝ અને પોસ્ટ ઑફિસની મહેસુલમાંથી દર વર્ષે બાર હજાર પૌંડ હજુ સુધી મળે છે.

હવે ડચેસ ઑફ પોર્ટસ્મથ ! આર્ગાઇલ તથા રમ્બોલ્ડને મુક્ત કરી ઑલિફન્ટ સ્કૉટલંડથી લંડન આવ્યો ત્યારે તેને સર હૅક્ટર ગ્રેહામને લુઇ દે કેરલના ઘરમાં ચોરી કરવાનો પ્રયાસ કરવા જતાં ગોળીથી ઠાર કરવામાં આવવાની ખબર મળી. સર હૅક્ટરની લાશપર જ્યુરી ભરાઇ—લુઇના મુખ્ય કારભારીએ કેવા સંજોગોમાં તેણે તેને ગોળી મારી હતી તે વિષે ખુલાસો કર્યો—બીજા નોકરોએ તેની જુબાનીને ટેકો આપ્યો અને ચાણાક્યનંદિની લુઇની ઇચ્છાનુસાર કેસનું પરિણામ આવ્યું: જે ખબર બહાર આવી હતી તે બધાએ સત્ય માની: પણ જનરલ ઑલિફન્ટના મનમાં જૂદાજ વિચારો આવતા હતા. એક શબ્દ પણ એ વિષે બોલવાનું ઑલિફન્ટને યોગ્ય લાગ્યું નહિ. હવે લુઇને મળવા જવાની આવશ્યક્તા પણ રહી ન્હોતી. તે બે મહિના લંડનમાં રહ્યો છતાં લુઇને એકવાર પણ મળવા ગયો નહિ. જીંદગી સુધી તેઓ પુનઃ મળ્યા ન્હોતા. એક વેળાનો લુઇનો તે પ્રિયતમ હતો—લુઇ તેની પ્રાણાધાર માશૂક હતીઃ પણ હવે એ લાગણી મરી ગઇ હતી. ડચેસ અલ્પ સમય પછી ફ્રાન્સ ગઇ; અને લોભી વૃત્તિને લીધે ધૂમ સટ્ટો ખેલવા લાગી. સટ્ટાના નાદમાં તે પાયમાલ થઇ—વરસો સુધી તેણે ભિખારી હાલતમાં જીવન ગાળ્યું. ઇંગ્લંડમાંના તેના પુત્રે પણ તેને સહાય કરવાની ના પાડી.

વૃદ્ધાવસ્થામાં તેનું વર્તન જાણે તે ભૂતકાલના અપવિત્ર વર્ત-નનો પશ્ચાત્તાપ કરતી હોય એવું લાગતું હતું પણ એ પશ્ચાત્તાપ ખરા હૃદયનો હતો કે કેમ તે અમે જાણતા નથી. અમે ઇચ્છીએ છીએ કે તે ખરા હૃદયથી પસ્તાઇ હોય. યુવાની તથા

સૌન્દર્યને પ્રતાપે બ્રિટિશ રાજકર્ત્તાને હથેલીપર નચાવી અંતે ૮૭ વર્ષની વૃદ્ધ વયે તે અત્યંત કંગાળ હાલતમાં મરણ પામી. જ્યારે તે મરણ પામી ત્યારે તેની પાસે તેની દોલત ન્હોતી—તેનાં દાસ દાસી ન્હોતાં અને તેની યુવાની તથા સૌન્દર્યની ઝલક પણ ન્હોતી. સૌન્દર્યના પ્રતાપેજ તે ચાર્લ્સની પ્રિયતમા બની હતી અને તેનું સૌન્દર્ય વિજયી થવાથીજ તે અસામાન્ય સત્તા તથા લક્ષ્મીની સ્વામિની બની હતી. ડયુક ઑફ રીચમંડના વંશનો તેણે પાયો નાખ્યો હતો. પ્રજાના લાખો રૂપિયા આ વંશનાં વારસોએ ખાધા હતા. પાઇનના બારાંમાંથી થેમ્સમાં દાખલ થતા વહાણોમાંના કોલસા ઉપર દરેક ટને જગાત લઇ પ્રજા પાસેથી દર વરસે વીસ હજાર પૌંડ આ કુટુંબને અનેક વરસો સુધી આપવામાં આવ્યા હતા. પણ પાછળથી લોકોએ તે માટે એટલી બધી ચર્ચા કરી પોતાની નામરજી બતાવી કે સરકારને બીજી જાતની વ્યવસ્થા કરવાની જરૂર પડી. લોકોપર કર નાખીને કોલસાપરની જગાતમાંથી જેટલી આવક ઉત્પન્ન થતી હતી તેટલીજ આવક થાય તેટલી રકમ સરકાર તરફથી એ વંશના વંશજને આપવી એવો ઠરાવ થયો. આ પ્રમાણે જેમ ગરિબ ભિખારીઓ જાહેર પ્રજાને બોજારૂપ થઇ, પ્રજાનો રોટલો ખાઇ જીવે છે તેમ લુઇ તથા બાર્બરાના ઉમરાવ વારસો પણ ગરિબ પ્રજાની ખરી કમાણીમાં ભાગ પડાવી પોતાની જાતને શ્રીમંત કહેવડાવે છે.

જનરલ ઑલિફન્ટ લગભગ બે મહિના સુધી ઇંગ્લંડમાં રહ્યો અને તે દરમિયાન તેણે પોતાના સ્વતંત્ર રાજ્યને લાભ થાય એવા વ્યાપારી તથા રાજ્યદ્વારી કરારો બ્રિટન સાથે કરી જેમ તેણે યુદ્ધ ભૂમિમાં પોતાનું વીરત્વ પ્રકટ કર્યું હતું તેવીજ રીતે રાજ્યદ્વારી ક્ષેત્રમાં તેણે પોતાની નીપુણતા સિદ્ધ કરી બતાવી. એડિન બર્ગમાં તે જે પરાક્રમ કરી આવ્યો હતો તે વિષે રાજાને તથા જાહેર પ્રજાને ઝાંખી શંકા પણ આવી ન્હોતીઃ રાજા એમ સહમજ્યો હતો કે જે સહીવાળો દસ્તાવેજ તેણે જનરલને આપ્યો હતો તેનો તે ઉપયોગ કરવા માગતો ન્હોતો. એ અરસામાં લૉર્ડ બ્રાન્ડન મરણ પામ્યો. સર લૉરેન્સ લી પોતાની તથા જનરલ ઑલિફન્ટની મીલકત વેચી નાખવા માટે ઈંગ્લંડમાં રહ્યો અને જનરલ ફ્રેન્ચ સરકાર સાથે રાજ્યદ્વારી કરાર કરવા માટે ફ્રાન્સ ગયો. ત્યાં તેનો એક રાજા જેવો સત્કાર

થયો. અંતે યુરોપમાંનું તેનું કામ ખતમ થયું અને ઇંગ્લંડ છોડી જવાનો વખત આવી પહોંચ્યો.

તેનું લડાયક વહાણ જેમાં તે ઇંગ્લંડ આવ્યો હતો તે ફ્રેન્ચ કિનારાથી થોડેક દૂર લંગર નાંખી પડેલું હતું. ઑલિફન્ટ સાથે અનેક મિત્રો અમેરિકા જવાના હતા. ડ્યુક ઑફ આર્ગાઇલ, કર્નલ રમ્બોલ્ડ, મિસીસ રમ્બોલ્ડ, સર લૉરેન્સ લી અને લેડી લી—તેમનાં બાલકો અને લેફ્ટનંટ ઓર્મસ્લી નવા પ્રજાસત્તાક રાજ્યના પ્રેસીડંટ સાથે ફ્રેન્ચ કિનારાપરથી અમેરિકા જવા ઉપડી જવાનાં હતાં. લેફ્ટનંટ ઓર્મસ્લી એ જનરલ ઑલિફન્ટની નોકરી કરવા માટે પોતાની વર્તમાન પદવીપરથી પોતાને મુક્ત કરવાની અત્યંત નમ્રતાથી વિનવણી કરવાથી બ્રિટિશ સરકારે તેને જનરલ સાથે જવાની રજા આપી હતી. સર જોસફ લૅમ્બટન તથા સરહેન્રી બીટન પોતાના જગપ્રસિદ્ધ સેનાનીની સેવામાંજ આનંદ માનતા હતા એમ કહેવાની જરૂર નથી.

ડ્યુક ઑફ કવીન્સબરીએ લંડનની સરકારને આર્ગાઇલ તથા રમ્બોલ્ડને બાદશાહી વૉરંટોને આધારે દેહાંતદંડની સજા કરવામાં આવી હતી એવી ખબર આપી હતી અને હજુ સુધી એ વાત ઇતિહાસમાં પણ સત્ય માનવામાં આવી છે. ઑલિફન્ટ વધસ્થાનપર અચાનક આવી પહોંચ્યો તે સમયે એડિનબર્ગ કૅસલમાં જેઓ હાજર હતા તેમણે એ વિષે કંઇ જૂદીજ કથા કહી હોતઃ અને તેમાંના કેટલાકોએ સત્ય હકિકત છુપી રીતે કેટલેક સ્થલે કહેવાની હિમ્મત પણ કરી હતી; પણ તેમને દિવાના ગણી હસી કહાડવામાં આવતા હતા. રજનું ગજ કરનારા અને ખરાનું ખોટું તથા ખોટાનું ખરૂં કરનારા વર્તમાનપત્રો તે સમયે અસ્તિત્વમાં ન્હોતાં. એટલે જે ગપો સૈનિકોએ ઉરાડી હતી તે પર વિશેષ ચર્ચા થવા પામી નહિ. જેમ્સ બીજો ત્યાર પછી પૂર્ણ સત્તાવાન થઇ ગમે તેવી આપખુદી ચલાવવા લાગ્યો અને તેના જૂલમો એટલા બધી વધી ગયા કે પ્રજાને એડિનબર્ગ દુર્ગના બનાવપર વિચાર કરવાનો વખતજ રહ્યો નહિઃ છતાં કોઇ કોઇવાર કોઈ વૃદ્ધ સૈનિક એ અસાધારણ બનાવની વાત બેચાર માણસોની ટોળી સમક્ષ કહી સંભળાવતો ત્યારે કેટલાક ગપ્પીદાસો હામાં હા મેળવતા અને કેટલાકો "ડોસાનું કાતરિયું ગેપ" થઇ ગયું છે એમ કહી તે બિચારાની મશ્કરી કરતા.

આખરે જનરલ ઑલિફ્ન્ટની યુદ્ધનૌકા ઑલિફ્ન્ટાના પાટનગરને કિનારે આવી પહોંચી. તોપોના ધડાકાઓ તથા કિનારા પર ભેગા થયેલા લાખો મનુષ્યોના આનન્દ ધ્વનિથી વાતાવરણ ગુંજી રહ્યું. ઑલિફ્ન્ટ એટલો બધો પ્રજાપ્રિય હતો કે તેની પ્રજા તેનાપર પ્રાણ પાથરતી હતી. તે કિનારે ઉતર્યો ત્યારે પ્રજાએ તેને ફૂલોથી વધાવી લીધો.

ઑલિફ્ન્ટાના પ્રજાસત્તાક રાજ્યમાં કોઇને પણ ઉમરાવ પદ કે એવા પ્રકારના માનવંતા ખિતાબો આપવામાં આવતા ન્હોતા એટલે સર લૉરેન્સ લીએ લૉર્ડ બ્રાન્ડનના મરણથી તેને જે ઉમરાવ પદ મળ્યું હતું તેનો ત્યાગ કર્યો. પોતાના વીરત્વ માટે જનરલ ઑલિફ્ન્ટ પાસેથી જે નાઇટહુડનો ખિતાબ મેળવ્યો હતો તે રાજાની ઇચ્છાથી ગમે તેવા માણસને અપાતા ઉંચામાં ઉંચા ખિતાબથી પણ વિશેષ કિમતી છે એમ તે માનતો હતો અને એ ચાંદ માટે તે મગરૂર થતો. વીર જનરલ ઑલિફ્ન્ટનો તે પ્રધાન મંત્રી થયો અને કર્નલ રમ્બોલ્ડ બીજું નામ ધારણ કરી ઑલિફન્ટાની સેનામાં જનરલની પદવી સહિત એક ઉચ્ચ–લશ્કરી ઓહ્દાપર નિયુક્ત થયો. ડ્યુક ઑફ આર્ગાઇલને પણ લશ્કરમાં પદવી આપવામાં આવી અને ઓર્મસ્લીને પણ જનરલ ઑલિફ્ન્ટ ભૂલી ગયો ન્હોતો. સર જોસફ લૅમ્બટન તથા સર હેન્રી બીટન તો તેના પ્રથમથીજ વફાદાર અંગરક્ષક નીમાયલા હતા. તેમની વફાદારીની કદર કરવામાં તેમનો ઉદાર નાયક ચૂકે એવો ન્હોતો.

ઑલિફન્ટામાં જગપ્રસિદ્ધ વીર જનરલ ઑલિફન્ટ સાથે જેઓ આવ્યા હતા તેમના આનન્દનો અને સુખનો હવે પાર રહ્યો નહિ. આ ફાની અને દુઃખી દુનિયામાં જેટલું સુખ મળી શકે તેટલું તેઓ ભોગવવા લાગ્યાં. હેન્રીએટા રમ્બોલ્ડને ભૂતકાલમાં જગત્માં ઝેરજ જણાયું હતું. પણ તેમાં અમૃત પણ હતું એમ હવે તેને લાગવા માંડ્યું. પ્રભુએ તેની ભયંકર યાતનાનો અંત આણ્યો હતો અને તેને તે મહાન્ પિતાએ અજબ જેવી ઘટનાથી તેના ગૂમ થયલા પુત્રની શિતળ છાયામાં લાવી મૂકી હતી. રૂથ–તેની ભત્રિજી અને પુત્રવધુ-સુન્દર, સ્નેહાળ, નમ્ર અને દયાળુ રૂથ–હવે તેના હૃદયની આરામ કુંજ બની હતી અને રૂથ જ્યાં આરામ વર્ષાવવા માગતી હોય ત્યાં અશાન્તિનું અસ્તિત્વ રહે એ શું સમ્ભવિત છે?

રૂથ ! તે પ્રેમાલ પત્નિ—કર્તવ્યપરાયણ લૉરેન્સની પ્રિયતમા ! તેના આનન્દનો—તેના સુખનો હવે પારજ રહ્યો ન્હોતો. તેણે પોતાનો સઘળો પ્રેમ લૉરેન્સપર પ્રથમથીજ ઢોળી દીધો હતો. જ્યારે તે તેને એક સામાન્ય લશ્કરી અમલદાર તરિકે પીછાનતી હતી ત્યારેજ તેણે તેને પોતાનું હૃદય અર્પણ કર્યું હતું. તે સમયે લૉરેન્સ એક સ્વતંત્ર રાજ્યનો પ્રધાન મંત્રી થશે એવું સ્વપ્નું પણ તેને આવ્યુ ન્હોતું. વફાદાર—સ્નેહાળ—સૌન્દર્ય સંપન્ન રૂથ લૉરેન્સની આંખોના નૂર રૂપ હતી ! તે પોતાના પતિની આરામ કુંજ બની રહેતી ! અશાન્તિનું ત્યાં નામજ ન્હોતું. મનુષ્ય તરિકેનાં પોતાનાં કર્ત્તવ્યોનું યથાર્થ પાલન કરી ઉભય પતિ પત્નિ સ્નેહમય જીવન ગાળતાં હતાં. એમના પર પ્રભુની આંખોમાંથી અમી ઝરતી હતી.

ખરેખર, હવે સર્વના દુઃખોનો અંત આવી ગયો હતો. સર્વ સુખ અને આનન્દનો લ્હાવો ચાખતાં હતાં. વીર જનરલ ઑલિફન્ટ તેમને વારંવાર પોતાને ત્યાં ભોજન લેવા આવવાનું નિમંત્રણ કરતો અને ખાણાના ટેબલપર બિરાજનારાઓના વદનપર હમ્મેશાં સ્મિત હાસ્ય ફરક્યાં કરતાં. તેમની કૃતજ્ઞતા પૂર્ણ આંખો જનરલ તરફ સ્નેહાળ દૃષ્ટિએ જોઈ રહેતી અને જે આનન્દ તેઓ હમણાં ભોગવે છે તે તે વીરની કૃપાને આભારી છે એવો ભાવ તેમનાં નયનોદ્વારા જ વ્યક્ત થતો.

અનેક વર્ષ સુધી સમ્પૂર્ણ સત્તા સહિત જનરલે પોતાના સ્વતંત્ર રાજ્યમાં રાજ્ય કરી પોતાની વ્હાલી પ્રજાને દરેક રીતે સમૃદ્ધ કરી. તેના અવસાન પછી તેણે પોતાને પોતાના મરણ પછી ઑલિફન્ટાનો રાજ્યકર્ત્તા ચૂંટવાની પ્રજા તરફથી મળેલી સત્તા અનુસાર સર લૉરેન્સ લીને ઑલિફન્ટાનો પ્રેસીડંટ નીમ્યો અને લૉરેન્સે એ પ્રજાસત્તાક રાજ્યના આદ્ય સ્થાપકે તેને જે ગમ્ભીર પદ પર નિયુક્ત કર્યો હતો તે પદનાં સઘળાં કર્ત્તવ્યોનું યથાર્થ પાલન કરી, જે પ્રજાની સેવા કરવાનું સદ્ભાગ્ય તેને પ્રાપ્ત થયું હતું તેને અનેક રીતે સુખી અને આબાદ કરવામાં પોતાના જીવનનો શેષ ભાગ પૂર્ણ કરી પોતાનું નામ, જનરલ ઑલિફન્ટની પેઠે સુવર્ણાંકિત કર્યું.

અને વાંચનાર હવે વિદાય ! સત્તરમી સદીમાં ઈંગ્લંડમાં ચાર્લ્સ બીજાના રાજ્યમાં જે અંધાધુંધી ચાલી હતી તેનો ઇતિહાસ હવે

પૂરો થયો છે. ચાર્લ્સ ઇંગ્લંડનો જહાંગીર હતો અને લુઇ દે કેરલ નૂરજહાં હતી એમ કહીશું તો ચાલશે; પરંતુ નુરજહાં અને લુઇના ચારિત્ર્યમાં આસમાન જમીનનું અંતર હતું તે લક્ષમાં રાખવાની ખાસ આવશ્યકતા છે. લુઇએ સૌન્દર્ય વેચ્યું હતું—ચાર્લ્સે તે ખરીદ્યું હતું અને એ સૌન્દર્ય વિજય પ્રાપ્ત કરી શક્યું તેથીજ લુઈ ઇંગ્લંડના રાજ્ય દરબારમાં સત્તાશીલ થઇ શકી હતી. એ પ્રતાપ લુઇના સૌન્દર્યનો હતો અને ચાર્લ્સની વિલાસી આંખોને તેના યૌવન મસ્ત સૌન્દર્યેજ પરાજિત કરી હતી.

ચાર્લ્સ લુઈ પાય તેટલુંજ પાણી પીતો—લુઇ ધારે તેમ તેને નચાવતી અને લુઇએ જે જે કૃત્યો કર્યાં હતાં—તેમાં ચાર્લ્સને પોતે રાજા હોવા છતાં નમવું પડતું હતું: લુઈની એ વિજયી શક્તિ શામાં શમાયલી હતી ?

તેના સૌન્દર્યમાં !

સમાપ્ત.

આજ લેખકની અન્ય નવલકથાઓ.

૧ મધુર-મીલન (પ્રેમકથા) ... રૂ. ૧-૧૨—૦

૨ કલંકિત કાઉન્ટેસ (ડિટેકટિવ) ... રૂ. ૨—૮—૦

૩ આનંદ ઝરણાં (ગલ્પગુચ્છ) ... રૂ. ૨—[illegible]—૦

૪ કમનસિબ લીલા (સામાજિક)

,, ભાગ ૧ ... રૂ. ૧-૧૨—૦

૫ ,, ,, ૨ ... રૂ. ૨—૦—૦

૬ સૌન્દર્યવિજય ભાગ ૧ ... રૂ. ૨—૦—૦

૭ ,, ,, ૨ ... રૂ. ૨—૦—૦

૮ ,, ,, ૩ ... રૂ. ૨—૦—૦

૯ ,, ,, ૪ ... રૂ. ૪—[illegible]—૦

૧૦ બુલબુલ (ઐતિહાસિક) છપાય છે.

૧૧ રસમંદિર (પ્રેમકથા) છપાય છે.

૧૧ ગોરા (ડૉ. ટાગોરની કથા) છપાય છે.

૧૩ કુંજવનમાં (છપાય છે)